(૭)

ભિખારીની શિક્ષા-Instructing beggars

ભિખારીઓ ભીખદ્વારા ઘેર ઘેર ફરતાં ભીખ માગતા નથી પણ શિક્ષાપાઠ આપે છે: 'દરરોજ આપો, આપો; દો, દો. ન દેનારાના ફળ આવા (મારા જેવા) થાય છે.

વહેવારુ ડાહ્યો માણસ ગમે તે બાબતમાંથી સારો અર્થ કાઢે છે, ત્યારે મૂર્ખ માણસ સારામાં સારી હકીકતને વિરૂપ અને બેધારી કે બેસૂર બનાવી દે છે. જેમ દુનિયામાં ધાન્યને ધૂળ કરીને ખાનારા જોવામાં આવે છે તેમ સુઘડ સ્ત્રી ધૂળને ધાન્ય કરી બનવરાવી શકે છે, નદીના પાંચીકાનું શાક બનાવી સ્વાદિષ્ટ વાની પૂરી પાડી શકે છે. એમાં ચતુરાઇ, આવડત અને ઉચ્ચગ્રાહી માનસિક વલણનો મહિમા જરૂર દેખાઇ આવે છે. તેના દૃષ્ટાંતરૂપે એક વાત છે.

આપણી સામે ઊભા રહી, ઘરને આંગણે કકળાટ અને દુઃખની લાગણી બતાવનાર ભિખારીને **ભિખારી** ન માનવો ઘટે. એ તો ખરેખરી રીતે આપણો **ઉપદેશદાતા** છે. ઉપદેશ આપનાર જ્ઞાની આપણને કોઇ વસ્તુ રોકડી કે ઉધાર આપતા નથી, પણ એ પૃથક્કરણદ્વારા આપણને ચોખવટ કરી આપે છે, વસ્તુ કે સંબંધને એના સાદા અને સાચા આકારમાં બતાવે છે, વસ્તુની અંદરના મર્મને આપણી પાસે પ્રકટ કરે છે અને નવાં દૃષ્ટિબિન્દુથી વસ્તુ કે સંબંધને આપણને દેખાડે છે. આપણે મુંઝાયા હોઇએ ત્યાં એ માર્ગદર્શન કરાવે છે, આપણે ઉપર ઉપરના વ્યામોહમાં પડયા હોઇએ ત્યાં એ આપણને અંદર જોતા કરે છે, આપણે સામાને જોતાં હોઇએ ત્યાં એ પોતાને અંદર જોતાં શીખવે છે.

એ રીતે અવલોકતા ભીખ માગનાર પણ યાચક નથી, પણ એ આપણો **શિક્ષાગુરુ** છે, એ આપણો **ઉપદેશક** છે, એ આપણો હિત-માર્ગદર્શક છે. એ કહે છે કે મારા અન્નદાતા! મારા શેઠ! મારા સુરબ્બી! તમને કર્મના પ્રભાવે કે કુદરતની કૃપાએ લક્ષ્મી મળી છે, તમે સાધનવાળા છો, તમારે ત્યાં છપ્પન ઉપર ભેરી વાગે છે, તમારે ત્યાં ક્રોડ ધનની નિશાની બતાવનાર ધજાઓ ઊડે છે, તમે બડેજાઓ કહેવાઓ છો–તો તમે આપો, દો, લક્ષ્મીનો લ્હાવો લઇ લો. તમે શુભ ક્રિયા કરી સારાં કર્મોને પરિણામે સંપત્તિ સાધનવાળા થયા છો તો તેને અંગે મારા જેવાને આપો. દુનિયાનાં દુઃખો દૂર કરો, સાહિત્ય કેળવણીની સંસ્થા કાઢો, ધનનો સારી કમાઇનો લાભ લો, ખરચો, વાવરો, દાનવીર થઇ જાઓ. અને નહિ આપો તો એનાં ફળ કેવાં થશે તે જાણી લેવા મારી સામું જુઓ. નહિ આપો તો મારા જેવા થશો, બીજા પાસે હાથ લંબાવવો પડશે. મેં આપ્યું નથી, તેથી આવો થયો છું. તમારે મારા જેવા થવું હોય તો રાખી મૂકો, ભરી રાખો, સંઘરો કરો, ચોકી કરો. અંતે તમે મારા જેવા (ભિખારી) થશો. ન દેનાર મારા જેવા થાય છે, મુઠ્ઠી વાળી બેસી જનાર અંતે મૂઠીને ચાલ્યા જાય છે અને પછી બે હાથ લાંબા કરી અમારી જેમ ભીખ માંગે છે, પરવશ પરાશ્રયી અવતાર રગીરગીને પૂરો કરે છે. એવા ન થવું હોય તો ઉદાર બનો. આવી શિખામણ આપનાર ભિખારી આપણને ઠેકાણે રાખે છે, દાનનો મહિમા શીખવે છે, વખતસરની ચેતવણી આપે છે અને દાન આપવા પ્રેરણા કરી સાચું **રહસ્ય** શીખવે છે.

बोधयन्ति न याचन्ते, भिक्षाद्वारा गृहे गृहे । दीयतां दीयतां नित्यमदातुः फलमीदृशम् ॥

(૮)

વિરતિઃ—

જ્ઞાનનું ફળ ત્યાગભાવ સ્વીકાર છે.

માત્ર 'જાણવું' એટલે વસ્તુને ઓળખવી. એક ગાયને જાણવા માટે એનાં રંગ, શીંગડાં, પૂંછડા વગેરે જાણવાં જોઈએ અને અમુક આકાર ધારણ કરે તે ગાય કહેવાય. આવા જ્ઞાનમાં પણ ઘણી જાત અને ભાત હોય છે. કોઈનું જ્ઞાન પૃથક્કરણપ્રાધાન્ય હોય છે, કોઈનું સમુચ્ચય પ્રાધાન્ય હોય છે, કોઈનું લાગણીપ્રધાન હોય છે અને કોઈનું આંતરલક્ષ્યવેધી હોય છે. એ ઉપરાંત કોઇને માત્ર વિષય જાણવા પૂરતું જ જ્ઞાન હોય છે, કોઇને એ ગળે ઊતરેલ જ્ઞાન હોય છે અને કોઇએ તેને પચાવેલ જ્ઞાન હોય છે.

માત્ર વિષયપ્રતિભાસ જ્ઞાન હોય તો તેનાથી વસ્તુ ઓળખાય છે, ઓકસીજન, હાઇડ્રોજન વગેરે સમજાય છે, પણ એની અસર અંદર કાંઈ થતી નથી. જે જ્ઞાનને પરિણામે માણસ સરસ વાતો કરી શકે, સુંદર ભાષણ કરી શકે, વસ્તુસ્વરૂપ અન્યને જણાવી શકે તેની અસર જો તેના હૃદયમાં થઇ ન હોય, માત્ર વિનોદ કે વિલાસ પૂરતું જ્ઞાનમાત્ર હોય, સભારંજન કે પરરંજન સુધી જ એની હદ ગયેલી હોય તો તે જ્ઞાન **વિષયપ્રતિભાસ**ની કોટિમા આવે છે. બાકી સ્વપરનું માત્ર જ્ઞાન થાય, પણ તદ્યોગ્ય પ્રવૃત્તિ ન થાય તે જ્ઞાન **આત્મપરિણતિમત્** જ્ઞાન કહેવાય છે. જેવું જાણે તેવી તદ્યોગ્ય સપ્રવૃત્તિ કરે, વિપરીત કાર્યથી નિવૃત્તિ કરે અને સાધ્યને માર્ગે ચલાવે તે જ્ઞાનને 'તત્ત્વસંવેદન' જ્ઞાન કહેવામાં આવે છે.

આવી રીતે જ્ઞાનના અનેક પ્રકાર થાય છે ખરૂં જ્ઞાન **તત્ત્વસંવેદન** જ્ઞાન છે. એમાં જ્ઞાનનું સંવેદન થાય છે, જાણવા પ્રમાણે સાચે માર્ગે પ્રવૃત્તિ થાય છે, રખડપાટી વધારનાર પ્રવૃત્તિનો ત્યાગ થાય છે અને સાચે રસ્તે આગળ વધાય છે. આ સાચું જ્ઞાન છે, જ્ઞાનનું ફળ બતાવનાર વિશિષ્ટ જ્ઞાન છે, ન્યાય માર્ગે પ્રવૃત્તિ કરાવનાર જ્ઞાન છે અને જ્ઞાનનું સાચું ફળ અપાવનાર જ્ઞાન છે.

માત્ર વિષયપ્રતિભાસ જ્ઞાનના કેવાં ફળ બેસે છે તે અણુ બોંબના યુગમાં વર્ણવાની ભાગ્યે જ જરૂર રહે છે એવા જ્ઞાનથી સંહારશક્તિનો વધારો થાય છે, સંસાર સન્મુખ વિશેષ વેગથી પ્રવેશાય છે અને આત્મદર્શનથી પ્રાણી દૂર દૂર થતો જાય છે. **જ્ઞાનનું ફળ વિરતિ** છે વિરતિ એટલે પૌદ્ગલિક ભાવથી દૂર જવું તે. સાચા જ્ઞાનીને વિષય અને કષાયો બરાબર ઓળખાય એટલું જ નહિ, પણ એનો બનતો ત્યાગ કરવાની એની તીવ્ર ભાવના અને પ્રયત્ન ચાલુ રહે. અને જ્ઞાન પામ્યાનું ખરૂં ફળ એ જ છે, જ્ઞાન મળવાનો સાચો ઉપયોગ એ જ છે. જેટલે અંશે વિરતિભાવ આવે તેટલે અંશે સાચું જ્ઞાન થયું છે એમ સમજવું. પચાવેલ **જ્ઞાનની કિંમત ત્યાગ ભાવ** અને **આત્મદર્શન સન્મુખ વૃત્તિ** પર નિર્ભર રહે છે. ત્યાગનો–વિરતિભાવનો સ્વપર વિવેચનનો જેટલો ઉપયોગ તેટલુ સાચું જ્ઞાન સમજવું જ્ઞાનની તેમાં કસોટી છે, જ્ઞાનની તેમાં ઉપયોગિતા છે. બાકી સમજ્યા–પચાવ્યા વગર ગમે તેટલું બોલી કે લખી જવાય તેમાં તેનું ખરું ફળ બેસતું કે મળતું નથી.

મૌક્તિક

આ સભાના માનવંતા પેટ્રન સાહેબ—

જૈન નરરત્ન શેઠ શ્રી ચંદ્રકાન્તભાઈ ઊજમશીભાઈ—

મુંબઈ.

ગેરવી ગુજરાતના પ્રાચીન નગર ખંભાત ભૂતકાળના અનેકરીતે સુપ્રસિદ્ધ હતું. ત્યાં તે વખતે શ્રીમંતો, કુશળ વ્યાપારીઓ, વિદ્વાન મહાન આચાર્યો, ગુજરાતના નૃપતિઓના જૈન દંડનાયકો અને ધર્મીપુરુષો અનેક સત્વશાળી થઇ ગયા છે. પૂર્વે તે મશહુર બંદર હોઇ પરદેશ ખાતે અનેક જાતના વ્યાપારોની આવજા થતી હતી. શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવાનનું મંદિર અને પ્રાચીન જૈન જ્ઞાનભંડાર વગેરેનો પૂર્વકાળનો ઇતિહાસ તેની સાક્ષી પૂરે છે. એક વખત અને આજે પણ શ્રાવકકુળભૂષણ, જૈન નરરત્નો, નિષ્ણાત વ્યાપારીઓ, શ્રીમંતો, ધર્મ શ્રદ્ધાળુ પુરુષો વિદ્યમાન છે. તેવા એક દેવ, ગુરુ, ધર્મના ઉપાસક શેઠશ્રી અમરચંદ પ્રેમચંદના કુટુંબના ગરા શ્રી ચંદ્રકાન્તભાઇ નગીના છે.

રા. શ્રી ચંદ્રકાન્તભાઈ વંશપરંપરાથી ઉતરી આવેલ એક સારા પ્રખ્યાત વેપારી અને કમીશન એજન્ટ છે. શ્રીમંતાઇ, ખાનદાની વગેરે જેમ વારસામાં મળ્યા છે, તેમ દેવ, ગુરુ, ધર્મની ઉપાસના પણ વારસામાં મળી છે. ખંભાતનું આ કુટુંબ પરમ શ્રદ્ધાળુ તરીકે ભારતમાં સુપ્રસિદ્ધ છે. તેઓશ્રીને વડિલ બંધુઓ શ્રીયુત તારાચંદભાઇ તથા શ્રીયુત શાંતિલાલભાઈ છે કે, જેમણે ઉપધાન વહન વગેરે તપશ્ચર્યા કરી હતી અને વર્તમાનમાં આત્મકલ્યાણ સાધે છે. મળેલી સુકૃતલક્ષ્મીનો ધાર્મિક કાર્યોમાં ત્રણે બંધુઓ ઉદારતાપૂર્વક વ્યય કરે છે. આવા ઉદાર, ધર્મનિષ્ઠ પુરુષનું જીવન હંમેશા અનુકરણીય હોય છે, તે માટે તેમનો ટૂંકો મુકી ધાર્મિક જીવન વૃત્તાંત પ્રગટ કરવા અમોએ વિનંતિ કરી છતાં તેમને તે પસંદ નથી. તેઓ આજે ભર યુવાન વયે હોવા છતાં સદાચારી, સુશીલ અને ગોટલા બંધાવ્યા સાદા, નિરાભિમાની અને સ્નેહીજન માટે વાહવાહ કહેવરાવવા નારાજ હોવાથી માત્ર તેમની નજીવી ઓળખ-પરિચય આપવામાં આવ્યો છે.

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૨. | શ્રાવણ. | પુસ્તક ૪૪ મું.
વિક્રમ સં. ૨૦૦૨. | :: ઇ. સ. ૧૯૪૬ ઑગસ્ટ :: | અંક ૧ લો.

श्रीपार्श्व-स्तुतिः ।

રચયિતા-મુનિ પૂર્ણાનન્દવિજય-(કુમારશ્રમણ), શિવપુરી.

वामादेवीप्रसूतं,
विनयनतसुरैः,
पूजितं सेवितञ्च ।
सर्वालङ्कारदृश्यं,
हतमदमदनं,
पार्श्वनाथं न भक्त्या ॥
ये धृष्टा बुद्धिहीनाः,
मदमदनजिताः,
हृद्वने स्थापयन्ति ।
धिक् तान् धिक् तान् धिगेतान्,
कथयति नियतं,
कीर्त्तनस्थो मृदङ्गः ॥ १ ॥

ગુરુ સ્મરણ

અનુષ્ટુપ્

મનોનંદન છે આત્મા આત્મા, વંદન ધામ છે;
આત્મા જ શુદ્ધ આદેય, હેય અન્ય તમામ છે.
સુસ્થિત અમૃત સ્થાને, આત્મારામ અનંત છે;
અક્ષર દેહ અદ્યાપિ, આત્મારામજી જીવંત છે.

ડૉ. ભ. મ.

नूतन वर्षनुं मंगलमय विधान.

જે પવિત્ર માસમાં "खामेमि सव्वजीवे" રૂપ સૂત્રના બીજ તરીકે પર્યુષણ પર્વના પૂર્વાર્ધનો સમાવેશ થાય છે, શ્રવણ (આત્માને હિતકારી વચનો સાંભળવારૂપ) નક્ષત્રના સુંદર ઉપનામથી જે માસનું નામ અંકિત થયેલું છે અને અન્યદર્શનીઓએ પણ જેને પવિત્ર માસ તરીકે ગણ્યો છે તે શ્રાવણ માસના સુરમ્ય મંગલમય પ્રભાતે **શ્રી આત્માનંદ પ્રકાશ** ૪૪ મા વર્ષમાં પ્રવેશ કરે છે. કાળ અનંત હોવા છતાં તેનું સંક્ષિપ્ત માપ વ્યવહારમાં ઉપયોગમાં લેવાને જેમ પૂર્વકાળના મનુષ્યોએ ઘટિકા અને અદ્યતન વિજ્ઞાને ઘડીઆળ (Time-piece) બનાવી છે, પરમાત્માના વિરાટ સ્વરૂપને સમજવા માટે જેમ મૂર્તિની રચના છે, અનંત જ્ઞાનનાં વિશાળ સ્વરૂપની ઝાંખી કરવા માટે ભગવતીસૂત્ર કે તત્ત્વાર્થસૂત્ર જેવા સ્થૂલ ગ્રંથોનો ઉદ્ભવ છે તેમ અનંત આધ્યાત્મિક આનંદની વાનકીનું સ્વરૂપ સમજવા માટે પ્રસ્તુત સ્થૂલ પત્ર **આત્માનંદ પ્રકાશનો** આવિર્ભાવ છે. ગત વર્ષના સરવૈયાં તરફ દૃષ્ટિપાત કરતાં આત્મજાગૃતિમાં સાવધાન રહેનાર પ્રસ્તુત પત્ર પ્રત્યેક વર્ષની શરૂઆતમાં પ્રણાલિકા પ્રમાણે તુરત જ સ્વગત પ્રશ્ન કરે છે કે જે મંગલમય કાર્ય માટે મારું અસ્તિત્વ નિર્માણ થયું છે, તે માટે મારાથી યથાશક્તિ પ્રગતિ ગતવર્ષમાં થઇ છે? આટલા વર્ષોની સમાજસેવા કરતાં કરતાં મારા લેખોના અક્ષરદેહે ભિન્ન-ભિન્ન ભૂમિકાવાળા આત્માઓમાં સંસ્કારબીજો રોપ્યાં છે? તે તે સંસ્કારબીજોથી ભરેલાં અનેક આત્માઓની આંતર જાગૃતિ પ્રોજ્જ્વલ થઇ છે? વયની પ્રૌઢતા સાથે જૈનસૃષ્ટિમાં સ્થિતિસ્થાપક સ્થાન જાળવી રાખ્યું છે? વિતંડાવાદમય દલીલો અને વ્યર્થ શક્તિના વ્યયવાળા ખંડનમંડનમાં નહિ પડતાં રચનાત્મક કાર્યક્રમ (Constructive work) જાળવી રાખ્યો છે? જૈન દર્શનના સિદ્ધાંતો ઉપર નિર્ભર રહી વિશિષ્ટ લેખસામગ્રી અર્પેલી છે? સંસારચક્રમાં જન્મ અને મૃત્યુ અનિવાર્ય અને સહજ છતાં આત્માના અનાદિ અનંતપણા તરફનું ધ્રુવપદ લક્ષ્યમાં રાખી માનવ વાચકોની આત્મ ભૂમિકાને તૈયાર કરી જન્મમૃત્યુની સાંકળને તોડી સ્વાવલંબનપૂર્વક પુરુષાર્થપરાયણ કરવા પ્રેરણા આપી છે?

આંતર વિચાર કરતાં યોગદ્વારા ફલિત થાય છે કે, અવશ્ય સુંદર પરિણામ આવ્યું છે. જો કે, ગીતાના વાક્ય પ્રમાણે "कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन" અર્થાત્ "શુભ કર્મમાં જ તારો અધિકાર છે, ફળની ઇચ્છામાં નહિ"—એ સૂત્રને દૃષ્ટિ સમક્ષ રાખેલું છે; છતાં પ્રત્યેક પરિણામ જૈન દર્શનના સિદ્ધાંત અનુસાર કાળ, સ્વભાવ, નિયતિ, ઉદ્યમ અને કર્મરૂપ પાંચ કારણને અવલંબીને રહેલું છે-એ નિયમને પ્રસ્તુત પત્ર પણ આધીન છે. જગતમાં પ્રત્યેક સ્થૂળ વસ્તુઓ આત્માને જગાડે છે. જો આત્મા ગુણગ્રાહી હોય તો એ દૃષ્ટિએ પ્રભુમૂર્તિ અને શાસ્ત્રો પુષ્ટાવલંબન હોવાથી આત્મ જાગૃતિ અર્પે તેમાં આશ્ચર્ય નથી. લેખો એ શાસ્ત્રનાં નિર્ઝરણાં હોવાથી આત્માને અંતરાવલોકન માટે સહાયભૂત થાય એ સ્વતઃ સિદ્ધ

છે; પરંતુ આ પરિસ્થિતિ વાચકોની આત્મભૂમિકાની તૈયારી ઉપર અવલંબે છે; શ્રેયઃ અને પ્રેયઃ એ ઉભય વસ્તુઓમાં કલ્યાણકારી પ્રવૃત્તિ કરવી એ મારું લક્ષ્યબિંદુ (Point of View) અવિચ્છિન્નપણે ચાલતું આવ્યું છે; પરંતુ પ્રેયઃ વસ્તુ જગતમાં ભિન્ન ભિન્ન રુચિ પ્રમાણે વ્યક્તિ પરત્વેની જુદી જુદી હોય છે; આત્મકલ્યાણકારી માર્ગમાં મારું પ્રેયઃ વસ્તુ જૈન દર્શનના પ્રેરક અને મસ્તકરૂપ શ્રી જિનેશ્વર પ્રભુની શ્રીમદ્ દેવચંદ્રજીએ સ્તવેલી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવરૂપ રાજનીતિને અનુસરવાનું છે. વિચારો માનસિક ભૂમિકાનું ઉત્પાદન છે; માનસિક ભૂમિકા આત્માના ક્ષયોપશમ ઉપર નિર્ભર છે; વિચારો મૂર્તિમન્ત સ્વરૂપે લેખન પદ્ધતિમાં મૂકવા એ મતિ, શ્રુતજ્ઞાનનો વિષય છે; ઉપરોક્ત પ્રશ્નપરંપરાવડે આંતરનિરીક્ષણ કરી જે યથાશક્તિ ગત વર્ષમાં સ્વીકૃત કાર્યની સફળતા મેળવી છે તેથી સંતોષનું આશ્વાસન લઈ, જૈન શૈલીથી સમજફેર કાંઇ લેખનપદ્ધતિ થઇ હોય તે માટે પ્રસ્તુત માસમાં પર્યુષણ પર્વના શુભાગમન પહેલાંજ 'મિથ્યા દુષ્કૃત' દઇ આ પત્ર ૪૪મા વર્ષનો શુભારંભ કરે છે.

સંજ્ઞા-પ્રેરણાબળ—

ચુમ્માળીશની સંજ્ઞા એ જૈન દૃષ્ટિએ પુણ્યતત્વના બેંતાળીશ પ્રકારોને નિશ્ચય અને વ્યવહાર બન્ને દૃષ્ટિબિંદુથી તપાસવારૂપ છે; શુભ અનુષ્ઠાનોથી પુણ્યાનુબંધિ પુણ્ય ઉપાર્જન કરવા ઉમદા (Sublime) પુરુષાર્થ કરવો અને એ પુણ્ય અનુકૂળતાઓ અર્પી પરિણામે નિશ્ચય દૃષ્ટિબિંદુથી આત્માને પુણ્ય અને પાપ બન્નેની નિર્જરા કરાવી સંપૂર્ણ કર્મોથી મુક્તિ સાધ્ય કરવામાં સહાયકારી થાય છે. એ મનુષ્ય જન્મનું ધ્રુવબિંદુ (Standpoint) રાખવાની પ્રેરણા છે; ૪ + ૪ = ૮ એ મુક્તિ માટેના અષ્ટાંગ યોગ માર્ગની સૂચના છે; ૪ – ૪ = ૦ "પૂર્ણાત્પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે" અર્થાત્ "પૂર્ણમાંથી પૂર્ણની બાદબાકી થાય તો પૂર્ણ બાકી રહે છે." એ ઉપનિષદની વિચારણા-सच्चिदानंदपूर्णेन पूर्णं जगदवेक्षते એ જ્ઞાનસારના આદ્ય શ્લોકને અનુસરે છે અથવા સમ્યકત્વ કે સદ્જ્ઞાન વગરની જૈન દર્શનની શુભ ક્રિયાઓ જો કે 'શૂન્યો' તુલ્ય હોય છે પરંતુ જ્યારે સમ્યગ્દર્શન રૂપ 'એકડો' શૂન્યોની આગળ આવી પડે છે ત્યારે અસંખ્યગણી કિંમત વધી જાય છે તે સૂચવે છે; ૪×૪=૧૬ ભાવનાઓની સ્મૃતિ આપે છે; ૪÷૪=૧ શાશ્વત આત્મા સિવાય તમામ વસ્તુઓની "નેતિ નેતિ" જેમ વેદાંત કહે છે તેમ જૈન દર્શન પણ આત્મા સિવાય અન્ય પૌદ્ગલિક પદાર્થોની અનિત્યતા સૂચવે છે. આ રીતે પ્રેરણાબળ (inspiration power) પામીને વિચારવાનું છે કે કાળ અનાદિ અનંત છે; મનુષ્ય જીવન પામી એવંભૂત નયથી દર્શન જ્ઞાન ચારિત્ર ગુણનો વિકાસ થતો જાય અને આત્માનો સંપૂર્ણ આનંદ પ્રકટ થાય એ પ્રસ્તુત જીવનનું લક્ષ્યબિંદુ છે; તે માટે તમામ ઉચિત શુભ સાધનોની આત્માને આવશ્યકતા છે; રત્નત્રયીના સંપૂર્ણ પ્રકટીકરણ (manifestation) માટે જ્ઞાન અને ક્રિયા ઉભય નયોની આવશ્યકતા છે; જે જે નયોદ્વારા આત્મવિકાસ વધતો જાય તે તે નયોનું અનુક્રમે અવલંબન લઈ સાધ્ય સિદ્ધ કરતાં જવાનું હોય છે; જૈન દર્શનનો આ અનેકાંતવાદ છે; અનાદિકાળનું આ છૂપું ધન પ્રકટ કરવા માટે પરમાત્માની મૂર્તિ દ્વારા તથા સદ્ગુરુ અને શાસ્ત્રના વચનામૃતમાંથી જીવન્ત પ્રેરણાઓ (intuitions) પ્રાપ્ત કરવાની છે અને એ રીતે જૈન દર્શનના અનેકાંતવાદને અનુસરતાં કર્મ ઉપર વિજય મેળવવાનું સામર્થ્ય વધારી

દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપ ચતુષ્કમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ ચતુષ્કનો ન્યાસ કરવાની કળા ક્રિયાત્મક થતાં અંતરાત્મ અવસ્થામાંથી પરમાત્મ અવસ્થા પ્રકટ કરવા ૪૪ ની સંજ્ઞા પ્રેરણા આપી રહી છે; શ્રી તીર્થંકરની વાણીનો પણ આ માટે જ પ્રયાસ છે.

સર્વજ્ઞકથિત જૈન દર્શનના તત્ત્વો પ્રમાણે વિજ્ઞાન(science)ની મુખ્યતા માનેલી છે; આત્મા અને પરમાણુવાદ (materialism) ઉપર જૈન દર્શનની કોટિ નિર્ભર છે; શબ્દોનો પરમાણુવાદ રેડીઓ વગેરેથી સિદ્ધ થયેલો છે; મનના વિચારો અને કર્મના અણુઓ તેથી પણ સૂક્ષ્મ છે; પુદ્ગલોની અનંત શક્તિઓમાંથી થતો વ્યાપાર તે વિજ્ઞાન છે; જ્ઞાનની જેમ વિજ્ઞાનનો પણ સદુપયોગ દુરુપયોગ થાય છે; કેમકે તે પણ એક શક્તિ જ છે. લડાઇના છેલ્લા તબક્કા તરીકે અણુબોંબનો ઉપયોગ મનુષ્યોના અને વસ્તુઓના સંહાર માટે થયો હતો.

વિશ્વયુદ્ધની છ વર્ષે સમાપ્તિ થયા છતાં હજી સુધી પ્રાણીઓના પોષણ વગેરે જરૂરીયાતની ચીજોમાં મોંઘવારીવધતી જાય છે. મનુષ્યોની મૂંઝવણો વધતી જાય છે; તેમાં અમદાવાદ જેવા કેટલાક શહેરોમાં કોમી રમખાણોને લઈ જાન-માલ બચાવવાની પણ સલામતી જોખમાઈ છે.

વિજાપુરમાં કોમી રમખાણોથી અનેક મનુષ્યોના જાનમાલની ખુવારી થઇ છે. ત્યાં આપણી જૈન સમાજની પેઢીને લાખોનું નુકશાન થયું છે, પરંતુ વધારે ત્રાસદાયક બીના તો બોરૂ(ગુજરાત)માં જૈન સાધ્વીજી માતા ઉપર ગુજરેલા અત્યાચારે તો હદ કરી છે. હવે જૈનોએ પણ આત્મ અને ધર્મનું સંરક્ષણ કરવા શરીરબળ કેળવવાની જરૂર છે.

જૈન સૃષ્ટિનાં સત્રો અને સંસ્મરણો—

ગત વર્ષમાં આપણા જૈન દાનવીર શેઠ ભોળાનાથ જેસીંગભાઇએ ગુજરાત વર્નાકયુલર સોસાઇટીને જૈન સંસ્કૃતિ-અધ્યયન-સંશોધન માટે બે લાખનું દાન આપ્યું છે. સોસાઇટીએ તેને માટે વિદ્યા ભવનની સ્થાપના કરી છે. ઉપરાંત શા. પોપટલાલ હેમચંદે અધ્યાત્મ વ્યાખ્યાનમાળા ચાલુ કરવા માટે તેમજ તે વ્યાખ્યાનો પુસ્તકાકારે પ્રકટ કરવા માટે એકત્રીશ હજારનું દાન કર્યું છે. અમદાવાદમાં મહાવીર વિદ્યાલયની શાખા તરીકે શરૂ કરવા શેઠ ભોળાનાથ જેસીંગભાઇએ લગભગ બે લાખની કિંમતનું એક સુંદર મકાન વિશાળ જગ્યા સાથે અર્પણ કર્યું છે. શ્રીમદ્ વિજયવલ્લભસૂરિની છત્રછાયામાં આત્માનંદ જૈન મહાસભા, પંજાબનું ૧૬મું અધિવેશન લુધીઆનામાં થયું હતું. રા. બ. શેઠ જીવતલાલ પ્રતાપસી તરફથી સ્વતંત્ર રીતે ચલાવાતી જાસુદ બહેન ધાર્મિક પાઠશાળાનો વાર્ષિક મેળાવડો મુંબઈમાં શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી. ના પ્રમુખપદે ઉત્સાહપૂર્વક થયો હતો; જેમાં વિદ્યાર્થીઓ અને કન્યાઓને લગભગ એક હજાર ઉપરાંત ઇનામોની વહેંચણી કરવામાં આવી હતી. કુંડલાખાતે વિદ્યાર્થીગૃહનું ઉદ્ઘાટન ગતવર્ષમાં ફિલ્મ ઉદ્યોગપતિ શ્રી મોહનલાલ તારાચંદ તરફથી થયું હતું. આવી સંસ્થાનું પ્રાકટ્ય એ આપણો પ્રાણ છે; આમાં જૈન ધર્મ અને વ્યવહારનું જ્ઞાન સાથે મળે છે.

જૈન સોસાયટી અમદાવાદમાં જૈન સાહિત્યનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું જે મુ. શ્રી દર્શનવિજયજી ત્રિપુટીએ ગત વર્ષમાં સ્થાપેલ પ્રાચ્ય વિદ્યાભવનમાં હતું. પ્રાચીન તાડપત્રીને ભોજપત્રીય પ્રતો, કહાનડી ભાષામાં કોતરેલા

તાડપત્રો, મથુરાના કંકાલી ટીલાના પ્રાચીન સ્થાપત્યના ફોટાઓ વિગેરેનો સુંદર સંગ્રહ હતો. આ પ્રસંગે પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી રવિશંકર રાવળે આનંદથી કહેલું કે "જૈન સાધુઓએ ભૂતકાળમાં આવા સાહિત્ય પાછળ કેટકેટલી પ્રવૃત્તિઓ કરી હશે ?"

કરાડા તીર્થમાં રા. સા. શ્રી કાંતિલાલ ઈશ્વરલાલના અધ્યક્ષપણા નીચે જૈન ગુરુકુલનું ઉદ્ઘાટન થયું હતું. સ્વ. નાનાલાલ હરિચંદના ધર્મપત્ની મણિબહેન તરફથી પચાસ હજારની સહાય પાલીતાણા જૈન ગુરુકુળમાં ચાલતી મીડલ સ્કૂલ માટે મળી છે. જૈન ગુરુકુળ પાલીતાણાના વિભાગ તરીકે કૉમર્શ્યલ સ્કૂલ માટે મકાન કરવા દાદરમાં લગભગ સાડાત્રણ લાખની જગ્યા લેવામાં આવી છે તેમજ કૉમર્શ્યલ સ્કૂલ માટેનું ફંડ લગભગ બે લાખનું થયું છે.

આજથી બાર માસ ઉપર શ્રી તળાજા તીર્થમાં ડુંગર પર ચોમુખજીની ટુંકમાં કોઈ હલકા માણસે મૂર્તિઓનું ખંડન કર્યું હતું, જે બનાવ ઘણો જ શરમજનક હતો. લાખા ભુરા પચોળીએ પોતે મૂર્તિઓનું ખંડન કર્યું છે, તેમ એકરાર સ્વેચ્છાએ જાહેર કર્યો હતો અને કોર્ટમાં કામ ચાલતાં તેને ચાર વર્ષની સજા થઇ છે. તળાજા બોર્ડીંગની જમીનનો નિકાલ લાવવો જોઇએ અને તળાજા ટેકરી ઉપરના મંદિરો સુરક્ષિત બને એ માટે રાજ્યને અરજી કરી જરૂરી બાંધકામો કરી લેવાની જરૂર છે.

શ્રી વાડીલાલ મનસુખલાલ પારેખે કપડવંજમાં સાર્વજનિક મહિલા વિદ્યાલય શરુ કરવા માટે પચાસ હજાર અને તેમનાં પત્નીએ પંદર હજારનું દાન જાહેર કર્યું હતું. વળી કપડવંજમાં કેળવણી પ્રચાર માટે પાઠશાળા અને જ્ઞાનમંદિર માટે તેમણે એક લાખ રૂપીઆની રકમ જુદી કાઢી છે. ઉપરાંત ગત વર્ષમાં ખેદજનક બનાવ ચંદ્રોદયસાગરનું પ્રકરણ છે; જે કોર્ટમાં ગયેલ છે. રા. બ. શેઠ જીવતલાલ પ્રતાપસી તથા મુંબઈ સમાચારના તંત્રી ઉપર બદનક્ષીનો દાવો મુંબઇ હાઇકોર્ટમાં એમણે માંડેલ છે, જે સાધુ જીવન માટે અનુચિત છે. આવી હકીકતોનું જૈન સમાજના આચાર્ય મહારાજો અને આગેવાનો ધરગતુ નિરાકરણ કરે તે ઇષ્ટ છે.

ગત યુદ્ધમાં જૈન સમાજનો અમુક વર્ગ ઘણો શ્રીમંત બની ગયેલો છે; જ્યારે મધ્યમ વર્ગની હાલાકી અને હાડમારીનો પાર નથી તેવા સમયે તે દિશામાં પણ જૈન સમાજે પોતાના દાનનો પ્રવાહ વાળવાની આવશ્યકતા છે. અમે જૈન દર્શનના નવા થયેલા શ્રીમંત વર્ગનું ધ્યાન તે તરફ દોરીએ છીએ.

ગત વર્ષમાં જૈન સૃષ્ટિમાં શેઠ અમૃતલાલ કાળીદાસ તથા શેઠ દામજી જેઠાભાઇ રાવબહાદુર થયેલા છે એ જૈન કોમ માટે અભિનંદનનો વિષય છે.

લેખ દર્શન—

ગત વર્ષમાં ૨૬૭ પૃષ્ઠોમાં લગભગ છવીશ પદ્ય લેખો અને ગદ્ય લેખો લગભગ પાંસઠ આવેલા છે. કાવ્ય લેખોમાં મુ. શ્રી લક્ષ્મીસાગરજીના શ્રી શાંતિનાથજી તથા શ્રી પદ્મપ્રભ જિન સ્તવનના બે લેખો, મુ. શ્રી હેમેંદ્રસાગરજીના પર્યુષણારાધના વિગેરે પાંચ લેખો, આ. શ્રી વિજયપદ્મસૂરિના શ્રી શાંતિનાથ સ્તવન વિગેરે બે લેખો, મુ. શ્રી યશોભદ્રવિજયજીનો શ્રી મહાવીર સ્તુતિનો લેખ, રા. ગોવિંદલાલ ક. પરીખના ઉન્નતિના શૃંગે વિગેરે બે કાવ્યો, નવકાર મહામંત્રનો રા. હીરાચંદ ઝવેરચંદનો લેખ, રા. વૈરાટીના ચલે નદી કા વહેણ વિગેરે આઠ કાવ્યો, રા. બબેકાનો

નૂતનવર્ષાભિનંદનનો લેખ, આવેલા છે. ગદ્ય લેખોમાં આ. શ્રી વિજયપદ્મસૂરિના સંક્ષિપ્ત બોધવચનમાળા વિગેરે સાત લેખો, મુ. શ્રી ધુરંધરવિજયજીના કાવ્યથી મળતા મહાન લાભો વિગેરે સાત લેખો, મુ. શ્રી લક્ષ્મીસાગરજીના સિદ્ધચક્રનું અપૂર્વ માહાત્મ્ય વિગેરે ત્રણ લેખો, આ. શ્રી વિજયકસ્તૂરસૂરિના વિચારશ્રેણિ વિગેરે તાત્ત્વિક નવ લેખો, મુ. શ્રી ન્યાયવિજયજી(ત્રિપુટી) ના શ્રી હેમચંદ્રાચાર્યની જીવનઝરમરના છ લેખો, સં. પા. મુ. શ્રી પુણ્યવિજયના વાદ પ્રતિવાદના ભેદો વિગેરે સાત લેખો, રા. ડુંગરસી ધરમશી સંપટના સાહિત્ય સેવા વિગેરે બે લેખો, રા. જીવરાજ ઓધવજીનો પ્રભુ મહાવીરના ધર્મની સર્વદેશીયતાનો લેખ, રા. ચોકસીના પ્રમાદથી સત્યાનાશના ત્રણ લેખો, સ્વ. ભાઇ ચંપતરાય જૈનીના Key of Knowledgeના ભાષાંતરના બે લેખો, રા. ન્યાલચંદ લક્ષ્મીચંદના મરણનો ભય શા માટેના બે લેખો, ડો. ભગવાનદાસના શ્રીમાન્ યશોવિજયજીના ચાર લેખો, રા. અભ્યાસીના આપણું કલ્યાણ અને સામયિક ચેતવણી વિગેરે ત્રણ લેખો, શ્રી ફતેહચંદ ઝવેરભાઇના નૂતનવર્ષનું મંગલમય વિધાન અને પ્રાસંગિક સ્ફુરણના ત્રણ લેખો અને માનદ મંત્રી શ્રી વલ્લભદાસ ત્રિભુવનદાસના વર્તમાન સમાચાર અને સ્વીકાર સમાલોચનાના લેખો—આ સર્વ ગદ્ય પદ્ય લેખક મહાશયોનો અમે સપ્રસંગ આભાર માનીએ છીએ. લેખો સંબંધમાં વિશેષ અતિશયોક્તિ ન કરતાં વાચકોના ઉપાદાન કારણરૂપ આત્મભૂમિકામાં વવાયેલાં સંસ્કારબીજોને તે તે લેખોના પરિણામ-પરિપાકનો ન્યાય સુપ્રત કરીએ છીએ.

અમારી ભાવના અને કાર્યપ્રણાલિ—

જીવન દરમિયાન અનેક વ્યક્તિઓ, સંસ્થાઓ, સંમેલનો અને નાની મોટી વિભૂતિઓના સંબંધમાં આવી માનવી પોતાનાં જીવનનું ઘડતર ઘડયે જાય છે. નિરાશાથી પર થયેલા માનવીઓ જીવનના પ્રત્યેક નાના મોટા પ્રસંગને તેના યથાર્થ સ્વરૂપમાં જોઇ શકે છે. રાત જેમ વધારે અંધારી તેમ સૂર્યોદય વધારે મનોહર; શંકા જેમ વધારે ગાઢ તેમ જ્ઞાનનાં તેજ વધારે ઉજ્જ્વળ, વાદળા જેમ વધારે કાળાં તેમ ચંદ્ર વધારે સ્વરૂપવાન હોય છે તેમ અમારી અપૂર્ણતા વચ્ચે અમો પણ ઘડાતાં ઘડાતાં યથાશક્તિ પ્રગતિ કરીએ છીએ; ઉચ્ચ સંકલ્પના દીપકવડે અમારી અપૂર્ણતાઓ નિરખીએ છીએ અને એ અપૂર્ણતાઓ જેટલે અંશે પૂર્ણ થાય તે રીતે પ્રતિવર્ષ પ્રયાસ કરીએ છીએ.

પ્રસ્તુત નવીન વર્ષમાં જૈન દર્શનના સિદ્ધાંતો સર્વ દર્શનોના સમન્વય રૂપે કેમ બને તેવી રચનાત્મક શૈલીથી સુંદર લેખો આપવા ઇચ્છા રાખેલી છે; દેવ ગુરુ ધર્મની શ્રદ્ધાપૂર્વક જ્ઞાન ક્રિયા ઉભયના રહસ્ય સાથે પરિણામે આત્માનુભવની ઝાંખી કેમ થાય, 'નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી પાળે જે વ્યવહાર' એ ઉક્તિવડે વ્યવહાર અને નિશ્ચયની ઉભય કોટિઓ આત્માને કેમ બંધબેસતી થાય તેવા હેતુપુરઃસર નવિન વર્ષમાં લેખો આવશે. આ અમારી ભાવનાની સફલતા સાક્ષર લેખકોના ઉપર નિર્ભર છે. પ્રસ્તુત પત્ર સાથે સહાનુભૂતિ ધરાવનાર તરીકે પૂજ્ય મુનિશ્રીઓ અને અન્ય સાક્ષર લેખકોનો આભાર માનીએ છીએ તેમજ નવીન વર્ષમાં અમારી ભાવનાને વિશેષ બળ આપી આત્મોન્નતિવાળા અને સમાજોપયોગી લેખો આપવા સાદર નિમંત્રીએ છીએ.

શ્રી ઉદયપ્રભાચાર્યકૃત ધર્માભ્યુદય કાવ્યનું ભાષાંતર '**સંઘપતિ ચરિત્ર**' કે જે

સ. બ. શેઠ જીવતલાલ પ્રતાપસીની સહાયથી તેમની 'સીરીઝ' તરીકે છપાય છે અને શ્રી મહાવીરના વખતની મહાદેવીઓ એ બન્ને પુસ્તકો નૂતન વર્ષમાં પેટ્રનો તથા લાઇફ મેંબરોને ભેટ તરીકે આપવામાં આવશે. ગત વર્ષમાં તપોરત્ન મહોદધિની બીજી આવૃત્તિ છપાઈ ગઈ છે. ભાષાંતર તરીકે છપાતાં ગ્રંથો શ્રી પાર્શ્વનાથ ચરિત્ર, કથારત્ન કોષ અને વસુદેવહિંડી છે; છપાતાં મૂળગ્રંથો બૃહત્કલ્પસૂત્ર છઠ્ઠો વિભાગ અને ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર ૨-૩-૪-૫ પર્વો છે તેમજ છપાવવાના અનુવાદ ગ્રંથો શ્રી શાંતિનાથ ચરિત્ર, શ્રી કથારત્ન કોશ અને શ્રી દમયંતી ચરિત્ર છે. જ્ઞાન કે જે આત્માનો અરૂપી ગુણ છે તેને સંપૂર્ણપણે વિકસાવવામાં યત્કિંચિત્ સાધન તરીકે વ્યવહાર ભૂમિકામાં જે સ્થૂલ પ્રકાશ માટે અમારું અસ્તિત્વ છે તેની યથાશક્તિ સેવા બજાવવા માટે અમારું અંતઃકરણ પ્રશસ્ત આનંદ અનુભવે છે અને એ સેવામાં વિશિષ્ટ સહાયકારી સાહિત્યરત્ન પૂ. મુ. શ્રી પુણ્યવિજયજી મહારાજનો સપ્રસંગ આભાર માનવાની તક લઈએ છીએ.

અંતિમ પ્રાર્થના—

સિદ્ધાત્માઓનાં આત્મ દ્રવ્યો અને જ્ઞાન ગુણ અખંડ (ધ્રુવ) હોવા છતાં ત્રિકાળના જગતના ભાવો પ્રતિબિંબિત થતાં પર્યાય રૂપે ઉત્પાદ વ્યય થઈ રહ્યો છે; આનું કારણ શ્રીમદ્ આનંદઘનજી કહે છે તેમ " અગુરુ લઘુ નિજ ગુણને દેખતાં દ્રવ્ય સકળ દેખત સુજ્ઞાની "—અગુરુલઘુ જે આત્માની Balancing Power 'સમતુલા જાળવવાની આત્મશક્તિ' છે તે છે. ઉપમિતિ ભવપ્રપંચા કથાકાર કહે છે કે કર્મ પરિણામનું સામ્રાજ્ય તો ચૌદ રાજલોકમાં જ છે, પરંતુ તેની પટ્ટરાણી કાલપરિણતિનું સામ્રાજ્ય તો સિદ્ધના જીવોમાં પણ ઉત્પાદ વ્યયરૂપે જ્ઞેયની વર્તનામાં રહેલું છે; આ જૈનદર્શનનું નિત્યાનિત્ય અનેકાંત સ્વરૂપનું ગહન રહસ્ય છે.

શ્રીમાન્ હરિભદ્રસૂરિના અષ્ટકના ટીકાકાર શ્રી જિનેશ્વરસૂરિએ एको भावः सर्वथा येन दृष्टः सर्वे भावाः सर्वथा तेन दृष्टाः " અર્થાત્ જેમણે આત્મ દ્રવ્યને યથાર્થ સ્વરૂપમાં જાણ્યું છે તેણે ઇતર સર્વ પદાર્થોને બરાબર જાણ્યા છે. " તેમજ શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીએ શ્રી વાસુપૂજ્ય પ્રભુના સ્તવનમાં " કલેશે વાસિત મન સંસાર, કલેશ રહિત મન તે ભવપાર " કહેલું છે તેનો સમન્વય થાય છે. જૈન દૃષ્ટિનો આ નયવાદ વિજયવંત છે; કેવલજ્ઞાનરૂપ મહાનલની ચીનગારી "સમ્યકત્વ" પ્રકટ થતાં વધારેમાં વધારે અર્ધપુદ્ગલ પરાવર્ત કાળ સુધીમાં અવશ્ય સંપૂર્ણ મુક્તિ સ્વયમેવ નજીક આવવાની જ; ક્રમે ક્રમે પાંચ કારણો અનુકૂલ થઈ જવાના, એ રીતે આત્માની ઓળખાણ અને સમ્યકત્વના છ સ્થાનકો જડચેતનનો વિવેક નિશ્ચય દૃષ્ટિએ પ્રાપ્ત કર્યા પછી અંતરાત્મ અવસ્થામાં પ્રગતિ કરતા, પરમાત્મપદ પ્રકટવાનું; પરંતુ આ માટે તમામ શુભ સાધનો-જિનપૂજા, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, જીવદયા, દાન, સત્ય, બ્રહ્મચર્ય, ઇંદ્રિયસંયમવ્રત, કષાયત્યાગ, વૈરાગ્યધ્યાન વિગેરેની આત્માની પોતાની ભૂમિકા પ્રમાણે યથાશક્તિ તૈયારીની આવશ્યકતા છે. એ શુભ સાધનોવડે આત્માનો પરિણામ વિશુદ્ધ બનતાં આત્મસામર્થ્ય અને આત્મપ્રતિભાનું અપૂર્વ ભાન થવા માંડે છે. ક્રમે ક્રમે નિશ્ચય સમ્યકત્વ પ્રકટે છે; શ્રદ્ધાભાસન અને રમણતા(દર્શન, જ્ઞાન અને ચારિત્ર)ની સવિશેષતા પ્રકટતાં સંપૂર્ણ આત્માનંદ પ્રકટવાના સંજોગો જન્મ જન્માંતરમાં પ્રાપ્ત થાય છે. આ અભ્યંતર સૃષ્ટિનું ઉચ્ચ સ્વરૂપ અને

વિચારશ્રેણિ

લેખક—આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

સંસારી જીવોએ પરપૌદ્ગલિક વસ્તુના સંયોગથી જે કાંઇ આનંદ-સુખ-શાંતિ આદિ માન્યું છે તે મોહનીય કર્મજન્ય વિકૃતિ-સ્વરૂપ છે પણ આત્માની પ્રકૃતિસ્વરૂપ નથી એટલે તાત્વિક સાચું નથી.

મોહનીય કર્મ ક્ષય થયા પછી જડાત્મક વસ્તુઓના સંયોગ વિયોગથી થવાવાળા અનેક પ્રકારના પરિવર્તનમાં સુખ-દુઃખ-હર્ષ-શોક આદિ આત્માને કુસંપ થતો નથી; કારણ કે વસ્તુ માત્ર પોતપોતાના સ્વભાવ પ્રમાણે વર્તે તેમાં આત્માને વિચિત્ર ભાવમાં વર્તવાને અવકાશ જ નથી. આત્મા પણ તાત્વિક દ્રવ્ય છે તે પોતાના જાણવાના સ્વભાવમાં વર્તતું હોવાથી દ્રષ્ટા તરીકે જ હોઈ શકે છે અને તેથી તે વસ્તુ માત્રનો ભોગ જ્ઞાનદ્વારા જ કરી શકે છે, બાકી જડ વસ્તુના સંયોગથી થવાવાળી વિકૃતિરૂપ ભોગ સંભવી શકે નહિ.

આત્માને સ્વરૂપ ભોક્તાની શ્રદ્ધા ન થાય અને અનાદિ કાળની જડાધીનતાને લઇને થવાવાળી વિકૃતિ સ્વરૂપ વિષયાસક્તિ નષ્ટ ન થાય ત્યાં સુધી ભોગની ભ્રમણાથી તેનું ભવ-ભ્રમણ ટળી શકતું નથી.

સારું અને સાચું સ્વ-પર હિતકારી કાર્ય કરો, જનતાની કદર કે કિંમતની પરવા ન રાખો; કારણ કે તમારું કાર્ય જ તમારી કદર તથા કીંમત કરશે. જો જનતાની કદરની ઇચ્છા રાખશો તો સાચું અને સારું નહિ કરી શકો અથવા તો કાર્ય કરતાં અટકી જશો.

આનંદ લેવા નિકળ્યા છો તો જ્યાંથી મળે ત્યાંથી લઈ લ્યો, પણ ધ્યાન રાખજો કે આનંદની ભ્રાન્તિથી શોક ન આવી જાય માટે સદ્બુદ્ધિથી પરીક્ષા કરીને લેજો.

દુનિયામાં આકૃતિપૂજક ઘણા છે પણ પ્રકૃતિપૂજક કોઇક વિરલ જ છે. સાક્ષાત્ પ્રભુ હોય, પ્રતિમા હોય પણ જ્યાં સુધી પ્રકૃતિ-પૂજક ન બનાય ત્યાં સધી આત્મા પ્રકૃતિ-સ્વરૂપ બની શકતો નથી.

રહસ્ય પ્રાપ્ત કરવાની કળા પ્રત્યેક વાચક પ્રાપ્ત કરે તથા પ્રસ્તુત પત્રના વાચકોમાં જ્ઞાન અને ક્રિયાના રહસ્યોમાંથી આધ્યાત્મિક નવચેતના પ્રકટે એ સદિચ્છા સાથે ઉપસંહારમાં શ્રી કલ્યાણ પાર્શ્વનાથ પ્રભુનું મંગલમય સ્મરણ કરી, વિક્રમ રાજાના પ્રતિબોધક શ્રી સિદ્ધસેન દિવાકરજીએ ઉજ્જયિનીમાં મહાકાલ પ્રાસાદમાં નવમા સ્મરણરૂપે પ્રચલિત થયેલા ૪૪ શ્લોકમય રચિત કલ્યાણમંદિરનો નીચેનો સ્તુતિ-શ્લોક અમારા આત્માના ધ્વનિનો અલ્પ સ્વર પૂરી સાદર કરી વિરમીએ છીએ.

यद्यस्ति नाथ ! भवदंघ्रिसरोरुहाणां ।
भक्तेः फलं किमपि संततसंचितायाः ॥
तन्मे त्वदेकशरणस्य शरण्य भूयाः ।
स्वामी ! त्वमेव भुवनेऽत्र भवांतरेऽपि ॥१॥

" હે વિભો આપના ચરણકમળોને વિશુદ્ધ યોગોથી નિરંતર આરાધ્યાનું યત્કિંચિત્ ફળ મળી શકે તો જન્મ જન્માંતરમાં પણ આપનું જ આલંબન-શરણ મળ્યા કરજો."

ॐ शांतिः शांतिः शांतिः ॥

ફતેહચંદ

ગુણીપણાનું માન જોઇતું હોય તો પોતાના આત્માની પાસેથી મેળવો, બીજાની પાસેથી મેળવવાની ઇચ્છા ન રાખો. જો તમારો આત્મા જ તમારો તિરસ્કાર કરતો હશે તો બીજાઓ તમને ગમે તેવા પ્રકારનું અને ગમે તેટલું માન કેમ ન આપે તો પણ તમે તો તિરસ્કારનું પાત્ર જ રહેવાના.

સાચું અને સારું જોઇયે છે બધાયને, પણ સાચું અને સારું જાણવું અને વર્તવું કોઇને ગમતું નથી,

સેરડી મીઠી લાગતી હોય અને ચૂસવાનું મન થાય તો ચૂસો, પણ પૂંછડે ફિકાશનો ભાગ શરુ થાય ત્યારે ફેંકી દેજો, ચૂસશો નહિં; કારણ કે બાણ-પૂંછડાના ભાગને પશુઓ ખાય છે માટે જો (બાણ)ને પણ ચૂસતા રહેશો તો તમારામાં અને પશુમાં કાંઈ પણ અંતર રહેશે નહિં.

મારે નથી મરવું એમ છાતી ઠોકીને કહેનાર સંસારમાં અત્યાર સુધી કોઇપણ નીકળ્યું નથી, પણ મારે નથી જન્મવું એમ નિશ્ચયપૂર્વક કહેનારા સંસારમાં અનંતા થઈ ગયા છે કે જેઓ પાછા અવતર્યા જ નથી.

જ્યાં સુધી માણસના ખોળિઆમાં જીવનો વાસો હોય છે અર્થાત્ માણસ જીવતો હોય છે ત્યાં સુધી તે ધારણા પ્રમાણે કેટલુંક કામ કરી શકે છે; પણ જ્યારે દેહથી છૂટો પડે છે, મરી જાય છે ત્યારે પોતે સર્વથા પરાધીન હોવાથી કાંઈપણ કરી શકતો નથી; તેને પોતાની હયાતીની પણ હોંશ હોતી નથી. હું કોણ છું? ક્યાં છું? જગત શું છે? તેનું જરાયે ભાન હોતું નથી. ચક્રવર્ત્તી, રાજા-મહારાજા, શ્રીમંત કંગાળ, આદિ બધાયને આ નિયમ સરખી રીતે લાગુ પડે છે. જન્મ્યા પછી મેળવેલી કોઇપણ પ્રકારની સત્તાવાળો આ નિયમનું ઉલ્લંઘન કરી શકતો નથી.

માનવી જીવતો હોય છે ત્યાં સુધી દેહના આશ્રયમાં રહીને ધન, રૂપ, બળ, ઐશ્વર્ય તથા સ્વામીપણાની સત્તાના મદમાં અનેક જીવોને ત્રાસ-ભય-કલેશ-સંતાપ વિગેરે આપતી વખતે જીવનના છેડે દેહ છોડતાં કે દેહ છોડ્યા પછી થવાવાળી પોતાની નબળી અને નિઃસહાય સ્થિતિ સંભારતો નથી.

જીવોને કલેશ-ત્રાસ-ભય આપીને પણ જીવાય છે અને સુખ-શાંતિ તથા સંતોષ આપીને પણ જીવાય છે, છતાં બીજાની અનિચ્છાયે પણ પોતાની શુદ્ર વાસના તથા સ્વાર્થ પોષવા તેને પોતાનો તાબેદાર બનાવવાની ઈચ્છાથી પોતાને મળેલી સત્તા વાપરીને પોતાના વિચાર તથા વર્તનને અનુસરવાની ફરજ પાડે છે પણ સ્વતંત્ર જીવવામાં બીજાને પોતાની સત્તાનો સહયોગ આપતા નથી. તેમને એટલુંયે ભાન હોતું નથી કે મારી પાસે જે કાંઈ સત્તા-સામર્થ્ય કે શક્તિ છે તે ઉછીનાં મળ્યાં છે માટે તે એક દિવસ પાછાં છીનવી લેવામાં આવશે.

ભીંત ઉપર, કપડા ઉપર કે કાગળ ઉપર અથવા તો એવી બીજી કોઇ પણ વસ્તુ ઉપર ચીતરેલાં ચિત્રો કાળાંતરે ભૂંસાઈ જવાની જેમ માનવીઓ દુનિયાનો પ્રલય માને છે. કોઇ કલિયુગના છેડે તો કોઈ પાંચમા આરાને છેડે માને છે. પ્રલય માટે ભિન્ન ભિન્ન અનેક પ્રકારની માન્યતાઓ પ્રચલિત છે. તેના કાળનું અંતર તો બધા પાંચ હજાર વર્ષનું બતાવે છે, પણ વિચાર કરતાં એમ સમજાય છે કે જે દિવસે જીવ માનવીનું ખોળિયું છોડે છે તે દિવસે જ તેના માટે દુનિયાનો પ્રલય થાય છે, દુનિયાનું ચિત્ર તેની દૃષ્ટિમાંથી તથા સ્મરણમાંથી ભૂંસાઇ જાય છે, માટે પ્રલયના સમયમાં હજારો વર્ષનું અંતર નથી પણ જીવોના પરિમિત જીવનના છેડે રહેલા હોવાથી પ્રલયના કાળનું અંતર પણ પરિમિત વર્ષનું છે. તાત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો પ્રત્યેક સમયે દુનિ-

યાનો પ્રલય થાય છે. જૂનાં ચિત્રો ભૂંસાય છે અને નવાં દોરાય છે. એક જ સમયમાં ભૂંસાવું અને દોરાવું થાય છે કે જેનો સર્વજ્ઞો સિવાય કોઇપણ સાક્ષાત્કાર કરવાને સમર્થ નથી. અલ્પજ્ઞો જે જાણે તે સર્વજ્ઞોના વચનોથી જ જાણે છે પણ પોતે સ્વતંત્રપણે જાણી શકતા નથી. આ પ્રમાણે પ્રત્યેક પળે ચીતરાતા અને ભૂંસાતા ક્ષણિક જગતની અસર ખોળિઆમાં વસતા જીવને થતી નથી; કારણ કે ક્ષણિક પરિવર્તનમાં અત્યંત સૂક્ષ્મપણે થવાવાળા ઉત્પત્તિ વિનાશથી દેહનો સર્વથા વિયોગ થતો નથી એટલે જીવને પ્રલય જેવું કાંઇપણ લાગતું નથી; પણ જ્યારે દેહનો આશ્રય છોડીને મોતને તાબે થવું પડે છે ત્યારે તેની દૃષ્ટિમાંથી જગતનું ચિત્ર ભૂંસાવા માંડે છે અને દુનિયાનું સાચું સ્વરૂપ સમજાય છે. દુનિયા શી વસ્તુ છે, મોજશોખ શી વસ્તુ છે, સગા સંબંધી શું છે અને સંપત્તિ-ઐશ્વર્ય-બાગ-બંગલા આદિ શું છે? તે બધુંય જીવને દેહ છોડતી વખતે યથાર્થ જણાય છે.

સંતોષ-શાંતિ-સમતા-દયા-દાન-ક્ષમા અને સરળતા આદિ ઉત્તમ જીવનના સાથીયોની અવગણના કરીને કામ-ક્રોધ-મોહ-નિર્દયતા તથા દંભ આદિનો આદર કરનાર મોતને તાબે થયા પછી બેભાન અવસ્થામાં જીવન-કાળમાં આદર કરાયલાની પ્રકૃતિ પ્રમાણે ભાવી જીવનવ્યવસ્થા મેળવી શકે છે; કારણ કે મૃત્યુ પછી જીવ સ્વતંત્રપણે કાંઇપણ કરી શકતો નથી. દેહ છોડતાની સાથે જ જીવન-કાળમાં માત્ર દેહની સાથે જ સંબંધ ધરાવનારા ધન-સ્વજન આદિ સંયોગ માત્રથી મુકાઇ જઇને ગાઢતમ અંધકારમાં પ્રવેશ કરે છે ત્યારે કર્માધીન જીવની પાસે દેહ-ઇંદ્રિયાદિ જાણવાનું કે સમજવાનું કાંઇપણ સાધન ન હોવાથી મૂર્ચ્છિત થયેલા દેહધારી જીવના જેવી દશાને અનુભવે છે તે વખતે જીવનકાળના સાથીયો નવી દુનિયામાં લઈ જઇને તેની જીવન વ્યવસ્થા ઘડે છે. જો સંતોષ-શાંતિ આદિ સાથીયો હોય તો તેઓ દેવી કે માનવી દુનિયામાં જીવને લઈ જઇને મનગમતી જીવન-વ્યવસ્થા કરે છે. જેથી જીવ પ્રકાશમય દુનિયામાં માનેલાં અથવા તો સાચાં સુખ-શાંતિ તથા આનંદનો ભાગી બને છે, અને કામ-ક્રોધાદિના આશ્રિત આત્માઓને તો મૃત્યુ-કાળ પછી પ્રકાશમય દુનિયામાં પ્રવેશ મળી શકતો નથી. પાશવી કે નારકીની અત્યંત ત્રાસ તથા ભયવાળી અને અંધકારવ્યાપ્ત દુનિયામાં અનંતા કાળ સુધી પણ જન્મમરણ કરવાં પડે છે, તે વખતે માનવ જીવનના મિથ્યા વૈભવોનો આછો પડછાયો પણ હોતો નથી; કારણકે કામ-ક્રોધાદિ જીવના શત્રુ હોવાથી તેને સુખ-શાંતિ તથા સાચું અને સારું મેળવી આપવામાં ઉદાસીન જ હોય છે. અથવા તો વસ્તુ પોતાના સ્વભાવ પ્રમાણે જ પરિણમે છે. સંતોષ-શાંતિ આદિ અમૃત છે અને કામ-ક્રોધાદિ વિષ છે; માટે અમૃત સેવન કરનાર અમર બને છે, ત્યારે વિષનું સેવન કરનારને મૃત્યુને તાબે થવું પડે છે.

કામ-ક્રોધાદિ વિલાસના ઉત્પાદક છે માટે વિલાસિયોને તેનો આદર કરવો પડે છે. વિલાસ વિષ જેવો હોવાથી ભોગવતાં મધુર લાગે છે; પણ પરિણામે તો જીવને અણગમતા સંયોગોમાં લાવી મૂકે છે, છતાં મોહથી મુંઝાયલો જીવ સુખની મિથ્યા ભ્રમણાથી કામ-ક્રોધનો અત્યંત આદર કરે છે; કહેવાતા સમજુ ત્યાગી પણ મોહની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાને અસમર્થ હોવાથી માયાનો આશ્રય લઇને પણ કામ-ક્રોધાદિની સેવા બજાવે છે.

ધર્મ....કૌશલ્ય

(૧)

ધનવાનપણું અને ધર્મ—

પ્રાણી ધર્મને પ્રતાપે ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે, એ જ ઐશ્વર્યથી જો એ ધર્મના ધ્વંસ કરે, તો તો એ સ્વામીદ્રોહ કરવાનું પાતક કરે છે. એવા સ્વામીદ્રોહીને સારા વાનાં કેમ થાય?

અત્યારે જે કાંઈ સારાં વાનાં છે તેનું કારણ શું? અગાઉથી કોઇ કમાણી કરી આવ્યા છીએ, તેથી સુંદર મનખા દેહ, ઇંદ્રિયોની અનુકૂળતા, વ્યાધિ રહિત શરીર, મગજમાં સમજવાની શક્તિ, પરિવારની અનુકૂળતા, સામગ્રીની સહકારિતા વગેરે વગેરે અનેક બાબતો મળી છે. બાજુના પ્રાંતમાં હજારો માણસો ભૂખે ટળવળે અને મરે ત્યારે પેટ ભરીને અનાજ આપણને મળે છે. પોતાને સમાજમાં, સગાંઓમાં, સંબંધીઓમાં કોઇ સ્થાન છે-આવી આવી અનુકૂળતાઓ અનેક છે. એ સર્વની પાછળ ઇતિહાસ છે, એ સર્વની પાછળ પ્રયત્ન છે, એ સર્વની પાછળ ત્યાગ, સંયમ કે અર્પણ છે અને એ સર્વની પાછળ ધર્મનો પ્રભાવ છે. દાન, શીલ, તપ સર્વ પ્રયત્ન માગે છે, ભોગ માગે છે અને આગળ જતાં એનો બદલો આપે છે. એટલે આપણી વર્તમાન અનુકૂળ પરિસ્થિતિનું કારણ પૂર્વકાળમાં આપણે આચરેલ ધર્મ છે. ધર્મ શબ્દ અહીં વિસ્તૃત અર્થમાં સમજવો. આપણા સારા વિચારો, ઉચ્ચ વર્તમાન, પ્રમોદ, સંયમ, ત્યાગ, સત્ય, અહિંસાનું પાલન એ સર્વ વ્યવહારના ધર્મને વિશાળ અર્થમાં સમજી લેવા. એટલે આપણી સારી પરિસ્થિતિ ધર્મને પ્રતાપે થઇ.

હવે એ જ ધર્મનાં પરિણામોથી આપણે ધર્મનો નાશ કરીએ તો આપણા જેવા સ્વામીદ્રોહી બીજા કોણ કહેવાય? ધર્મથી લક્ષ્મી મળે અને એ લક્ષ્મીથી નાચમુજરાં કે રખડાઉપણું પ્રાપ્ત થાય, લક્ષ્મીનો ઉપયોગ જુગાર ખેલવામાં થાય કે આવડતનો ઉપયોગ તકરાર કરવામાં કે અર્થ વગરના ઝગડા કરવામાં કે નાસ્તિકપણાનો પ્રચાર કરવામાં થાય કે બોલવાની ચતુરાઇનો ઉપયોગ વાદવિવાદમાં થાય કે લેખનનો ઉપયોગ ઝગડા જમાવવામાં થાય તો તો આપણે મોટો સ્વામીદ્રોહ કર્યો કહેવાય. ધર્મથી મળેલાં સાધનોનો ઉપયોગ ધર્મનાશ કરવામાં થાય તો બહુ ખોટું કહેવાય. એમાં આપણો શક્કરવાર વળે નહિ અને એ માર્ગે આપણો ઉદય થાય નહિ.

સ્વામીદ્રોહ જેવું દુનિયામાં પાપ નથી અને ધર્મ-દ્રોહ કરીને ઊંચા આવવાની ધારણા જેવી અન્ય મૂર્ખાઇ નથી. ધર્મથી-સદ્વર્તનથી મળેલ અનુકૂળતાનો ઉપયોગ સારો થાય તો જ આપણી પ્રગતિ થાય, નહિ તો તો આપણે ચક્રભ્રમણમાં પડી જઇએ, ખાડામાં ખુંચાઇ જઇએ, અને ઊંડા ઊતરતાં આપણો આરો ન આવે. મળેલ સામગ્રીનો ઊપયોગ જમે પાસું વધારવામાં કરે તે જ ધર્મકુશળ પ્રાણી કહેવાય.

धर्मादधिगतैश्वर्यो धर्ममेव निहन्ति यः। कथं शुभायति भावी स स्वामीद्रोहपातकी॥

(સુભાષિત)

(૨)

હોય ત્યારે આપે જાઓ—

૧. વિપત્તિ વખતે કામ લાગે માટે ધન સાચવવું.

૨. ભાગ્યશાળીને વળી વિપત્તિઓ કેવી ?

૩. કદાચ ભાગ્ય ફરી જાય-દૈવ રૂઠે.

૪. (દૈવ કોપે તો) સંઘરેલ સંપત્તિ પણ નાશ પામે છે.

અસ્તવ્યસ્ત લાગતા આ શ્લોકમાં ભારે વિચાર ગૂંથણી કરી છે. એની પાછળ ભોજ-રાજાની ઉદારતાની ઉદાત્ત કથા છે. ભોજ રાજા સુંદર કાવ્ય કરનારને ભારે રકમ આપતા હતા. એક વખત તો નદીકાંઠે ઊતરતા માણસનો **જાનુદઘ્ન** ગોઠણપ્રમાણ પાણી નદીમાં છે એવો શબ્દનો સુંદર પ્રયોગ સાંભળીને ભોજ રાજાએ એને લાખ સોના મહોર આપી દીધી. કોઇ કવિને શીરપાવ, તો કોઇને વર્ષાસન, કોઇને સભામાં સ્થાન તો કોઇને સોના હાથીનાં દાન. એનો દાનપ્રવાહ ધોધબંધ ચાલ્યા જ કરે. મંત્રીઓ આટલી મોટી ઉદારતા સહન ન કરી શકયા એટલે એક સમયે એમણે રાજાના પ્રવેશ દ્વાર ઉપર પ્રથમનું પદ લખ્યું (નં. ૧). **આપત્તિ વખતે કામ લાગે માટે માણસે ધનને જાળવવું,** એકદું કરવું-એને ઉડાડી ન દેવું, એવો એનો ભાવ હતો.

ભોજ રાજાએ તુરત પોતાને હાથે લખ્યું કે **નસીબદાર શ્રીમાનને આપદા કેવી ?** (નં. ૨). મતલબ એ હતી કે ભાગ્યવાનને આપદા હોય જ નહિ. ભાગ્યવાનને ને આપદાને વિરોધ જ હોય, એને તો પાણી માંગે ત્યાં દૂધ મળે ત્યાં વળી દુઃખની વાત કેવી ?

ભોજ રાજાના અમલદારો પણ ભણેલા હતા. મંત્રીઓએ તેની નીચે ત્રીજું ચરણ ઉમેર્યું. 'ધારો કે દૈવ કોપે તો ? નસીબ ફરી જાય તો ? મોળા દિવસો આવે તો ?' આમાં આડકતરી ચેતવણી અને ગર્ભિત ઠપકા જેવું હતું. સર્વના એકસરખા દિવસો જતા નથી, પણ અંધારી રાતનો હોંકારો થઇ પડે તેવું ધન રક્ષવું-બચાવવું-સંઘરવું ઘટે.

પણ મહારાજા ભોજ પોતે વિદ્વાન, સત્ત્વશાળી અને વિચારક તત્ત્વજ્ઞાની હતા. એમણે એની નીચે ચોથું ચરણ ઉમેર્યું કે— **દૈવ કોપે ત્યારે તો એકઠો કરેલો પૈસો** કે જાળવી રાખેલી સંપત્તિ **પણ નાશ પામી જાય.** જ્યારે દિવસ ઊઠે છે ત્યારે તો મોટા ભૂપ હોય કે રાજા મહારાજા હોય કે મોટા શેઠીઆ હોય એના ઘરમાંથી ધન પગ કરીને ચાલ્યું જાય છે; માટે હોય ત્યાં સુધી વાપરો, દાન કરો અને નામના કરો. શેઠના ઘર-માંથી ધન ચાલવા માંડયું ત્યારે હાથમાં એનો આંકડો રહી ગયો તે પણ બીજે દિવસે બીજાને ઘેર જમવા જતાં તેના થાળમાં ચોંટી ગયો. ધન જવા બેસે ત્યારે તો દોકડા પૈકે ચાલ્યું જાય છે, પણ સારાં કામમાં હોય ત્યાં સુધી ખરચ્યે જ રાખો, **ખાધું ખૂટશે, પણ આપ્યું ખૂટશે નહિ,** અને સારી બાબતના ખર્ચના નસીબ પણ મોટા જ હોય છે, માટે હોય ત્યારે આપો, આપો અને ન આપો તો અમારા જેવા ન આપનારના હાલ જુઓ એમ ભિક્ષુક બોધ આપે છે. તેના જેવા ન થવું હોય તો **રાજા ભોજને અનુસરો.**

आपदर्थे धनं रक्षेत्, भाग्यभाजां क्व चापदः ?। कदाचित् कुप्यते दैवं, सञ्चितार्थोऽपि नश्यति ॥

(૩)

ચિંતવન-Self Examination—

દેશ કયો છે? કોણ મિત્રો છે? સમય કયો વર્તે છે? આવક અને વ્યય કેવા છે? હું કોણ છું? મારી શક્તિ કેવી છે? આ વાતનું **ચિંતવન** વારંવાર કરવું.

પ્રાણીએ જો પોતાનું શ્રેય સાધવું હોય તો **આત્મ ચિંતવન** વારંવાર કરવું જોઇએ. પોતાની શક્તિની ખરી તુલના, પોતાની મર્યાદાનો ખરો કયાસ, પોતાની શક્તિનો થતો હ્રાસ, પોતાની તકોનો થતો વિનાશ, પોતાની આવડતનો નિરર્થક નાશ અને પોતાની ગણતરી કે સ્પષ્ટ ખ્યાલની ગેરહાજરીમાં થતો અલ્પ લાભ જો માણસ વિચારે તો ઘણો ફેરફાર કરી આખા જીવનપ્રવાહમાં મોટો ફેરફાર કરી શકે. હકીકત એવી બને છે કે વિચારણાની કે તપાસની ગેરહાજરીમાં પ્રાણી પવન આવે તેમ દોરવાય છે, ઝપાટા આવે તેમ ઝડપાય છે અને ઘણે ભાગે પાછળથી ધક્કો લાગે અને ગાડી આગળ ચાલે તેવી તેની દશા થાય છે, અને સઢ વગરના વહાણની પેઠે એ ભરદરિયે આમતેમ ફૂટાય છે. પોતાની શક્તિનો, પોતાની તકોનો, પોતાના દેશ કાળનો, પોતાના સંબંધોનો, પોતાની અલ્પતાઓનો, પોતાના ઉત્તેજકોનો, પોતાના નિંદકોનો, પોતાના હિતસ્વીઓનો અને પોતાની ખાસ સગવડો અને અનુકૂળતાઓનો જે પ્રાણી વિચાર કરે છે તે નિરર્થક પ્રયત્નોને તિલાંજલી આપી શકે છે, શક્તિના માપ લઈ તદનુસાર પોતાની બાજી માંડે છે અને પોતાને ઓટે ચઢાવનાર, ખુશામતીઆ કે વિરોધીને બરાબર ઓળખી તેમનું માપ કરી પોતે પોતાના કદ પ્રમાણે કપડું કાપે છે અને ગજ કાતરનો સાચો અને સારો ઉપયોગ કરે છે.

આ **આત્મચિંતવન**ની આખી રીત અતિ ઉપયોગી છે. એમાં માણસને પોતાની શક્તિનું ભાન થાય છે અને સાથે મર્યાદાઓનો પણ ખ્યાલ થાય છે. ધોરણ વગરના ઉપરછલ્લું કામ કરનારા માણસો કોઈ વાર ફાવી જતાં દેખાય તો તે અકસ્માત સમજવો. સમજુ માણસ સામે જોવાને બદલે પગ તરફ જુએ છે, સામાનો ધોખો કરવાને બદલે પોતાની સમજણ કે ગણતરીમાં ક્યાં સ્ખલના થઇ તેની આંકણી કરે છે. એમ કરનાર કદી માર ખાતો નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને વિચારનાર, પોતાને બરાબર પીછાણનાર અને દરેક નાના મોટા બનાવમાં રહેલ રહસ્ય તારવનાર આખરે ફાવે છે, એની પ્રગતિ થાય છે અને એ સાધ્ય સન્મુખ કૂચ કરે છે. જે વ્યાપારમાં થોડી ખોટે સરવાળે વધારે આવક થાય તેવો વેપાર તે કરે, થોડી ખોટ તો દરેક વ્યાપારમાં થાય જ છે એ વાત તે સ્વીકારે અને એકંદરે થતા લાભ તરફ નજર રાખે.

આત્મચિંતવન, સ્વપરીક્ષા, લાભાલાભની ગણતરી અને વિકારોનું તારતમ્ય સમજનાર અંતે આગળ વધે છે અને છેવટે એનું જીવનસાધ્ય સફળ થાય છે. પોતે કોણ છે? પોતાની શક્તિ કેટલી છે? પોતાના સહાયક વ્યક્તિઓ અને ગુણો કેવા છે અને પોતે કયા પ્રદેશમાં અને કયા કાળમાં છે તે ઊંડા ઊતરી વિચારનાર અંતે ફાવે છે. ધર્મકુશળ માણસની એ સર્વસંમત રીત હોય છે.

को देशः कानि मित्राणि कः कालः कौ व्ययागमौ।
कश्चाहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः॥
(સુભાષિત)

(૪)

લોકોત્તર ચિત્ત

વજ્રથી પણ કઠોર અને ફૂલથી પણ પોચાં એવાં અસાધારણ પ્રાણીઓનાં મન જાણવાને કોણ શક્તિમાન થાય છે?

અસાધારણ માણસોના સંબંધમાં આવ્યા વગર આ વાતનો સાચો ખ્યાલ આવે તેમ નથી. પરીક્ષા કે પીછાન માટે પ્રથમ તો સાચા લોકોત્તર પુરુષને ઓળખવા જોઇએ. જે દુનિયાદારીના ચાલુ વ્યવહારથી પર હોય, છતાં હકીકત સમજનાર હોય, જે મારા તારાની મમતાથી મુકાયલા હોવા છતાં શ્રેયને સ્વીકારનાર હોય, જેને જાહેરાતની વૃત્તિ નાશ પામેલી હોવા છતાં પ્રેમીની ભક્તિની પીછાન હોય, જેનાં મનના વિચાર, વચનના ઉચ્ચાર અને ચારિત્રના વર્તનમાં એકતા હોવા છતાં ભીષણ નીતિના માર્ગની બરાબર ખબર હોય, જેનામાં સમતા સાર્વત્રિક હોવા છતાં ખામીનાં સ્થાનો ઓળખવાની અને તેને પ્રેમભાવે બહલાવવાની આવડત હોય, એવા **લોકોત્તર પુરુષોને** જાણવા જોઇએ, ઓળખવા જોઇએ, પીછાનવા જોઇએ, એમાં ઢોંગને સ્થાન નથી, ખોટા દેખાવને સ્થાન નથી, દંભ કે માયાને સ્થાન નથી, પોતાનાં પારકાંને અવકાશ નથી, ગુમતા કે ગોટાળાને સ્થાન નથી. આવા લોકોત્તર પુરુષથી દુનિયા ઊજળી થાય છે, એની ગૂંચવણો ઊકલી જાય છે, એનાં વાણાં-તાણાં સમાન સુયોગ્ય સ્થાને આવી જાય છે અને એની વિજયી જ્વલંત પ્રભા ચારે તરફ વિસ્તરી દિગંતમાં પ્રસરે છે, એમાં સ્નાન કરનારને પવિત્ર કરે છે, એમાં રચનારમાં મહાપરિવર્તન કરે છે, એના વિચારમાં સૌમ્ય પ્રસરાવે છે અને એના સાનિધ્યમાં શાંતિ, વાતાવરણમાં એકરસ, વિચારપ્રદેશમાં સ્થિરતા અને સાર્વત્રિક વિસ્તારમાં અમૃતનું પાન એ સીંચી આપે છે.

આવા લોકોત્તર પુરુષોના આશીર્વાદમાં અનહદ શક્તિ હોય છે, વિચાર-વાતાવરણમાં તથ્યાંશ હોય છે અને વર્તનમાં એકાંત સદ્-ગુણનો વિસ્તાર તરવરી આવે છે. એની સુગંધ ચોતરફ વિસ્તરે ત્યારે જગત શાંત થઇ જાય છે. આવા પુરુષોનાં માનસનો અભ્યાસ કર્યો હોય તો તેમાં અનહદ શાંતિ, અકલ્પ્ય અહિંસા, અસાધારણ ગુણાનુરાગ, અનિર્વચનીય ગુણ-પ્રમોદ અને અનુપમેય માધ્યસ્થ્ય દેખાય છે. આવા મૃદુ માનસવાળા જ્યારે દુર્ગણો સામે સામનો કરે છે; દુરાચાર તરફ નજર કરે છે, પાપ તરફ આલોચના કરે છે, નાની બાબતમાં પણ ચોક્કસ થાય છે ત્યારે તેમનાં મન વજ્રથી પણ વધારે આકરા દેખાય છે, ભારે કઠોર જણાય છે અને પ્રાણાંતે પણ લાલચને વશ ન થવાની તેમની રીત ભારે આકર્ષક બને છે. આવા દૃઢ નિશ્ચયી માણસો જે સૌમ્ય અને કઠોર બની શકે છે તેને જાણવા, શોધવા, ઓળખવા મુશ્કેલ છે, પણ એવા લોકોત્તર પુરુષોને જ **દુનિયા પૂજે છે** અને એમની અસર **યુગો સુધી પહોંચે છે.** જે યુગમાં આવા લોકોત્તર પુરુષો થાય છે તે ધન્ય ગણાય છે અને એ યુગનો મહિમા પણ વર્ષો સુધી ગવાય છે. આવા લોકોત્તર પુરુષને શોધી તેને અનુસરે તે માણસ આંતરદૃષ્ટિએ સાચો **'ધર્મી'** બને છે અને એનું જીવન સફળ થવા ઉપરાંત એ પ્રગતિને પંથે ચડી જઈ સ્વકલ્યાણ સાધવાના માર્ગદ્વારા જનતાનું કલ્યાણ પોતાના જીવતાં દૃષ્ટાંતથી કરે છે. આપણે આવા ધન્ય યુગમાં છીએ તેનું મૂલ્યાં-કન વાતોમાં ન થાય, સક્રિય અનુસરણમાં એની સફળતા છે.

માક્તિક.

वज्रादपि कठोराणि, मृदूनि कुसुमादपि । लोकोत्तराणां चेतांसि, को हि विज्ञातुमर्हति॥

સેવાનું સ્વરૂપ અને મહત્વ

અનુ—'અભ્યાસી'

જેવી રીતે વેપારી, વેપાર તથા ધન છે તેવી રીતે સેવક, સેવા તથા સેવ્ય છે. જેવી રીતે પ્રકાશ સૂર્યનો સ્વભાવ છે, ગન્ધ પુષ્પનો સ્વભાવ છે તેવી રીતે સેવા સેવકનો સ્વભાવ છે. સેવા કરવામાં નથી આવતી, એ તો થવા જ લાગે છે. સેવા તો એનામાં જ ઉત્પન્ન થાય છે જે પોતાની પ્રસન્નતા ખાતર વસ્તુ, અવસ્થા તેમજ પરિસ્થિતિની શોધ નથી કરતાં. વસ્તુ, અવસ્થા વગેરેની ગુલામી સેવક થવા જ નથી દેતી. સેવક સિવાય બીજા કોઇને સંસારનો પ્રેમ મળતો નથી. કર્મવાદી સંસારને ચાહે છે. સેવકને સંસાર ચાહે છે. કર્મવાદી જે સંસારનો પ્રેમ કોઇપણ પ્રકારે મેળવતો નથી તે સેવક વિના મૂલ્યે મેળવે છે. જેવી રીતે બગીચાના ફળ ખરીદ કરવા જનાર વ્યક્તિ, છાયા તથા પવન વિના મૂલ્ય મેળવે છે તેમ સેવકને સંસારનો પ્રેમ મેળવવા માટે લેશ પણ પ્રયત્ન કરવો પડતો નથી. તે પોતાની મેળે આવે છે અને આવીને પણ બિચારા સેવકને ભારરૂપ નથી થઇ પડતો કેમ કે સેવકની વૃત્તિ નિરંતર જળપ્રવાહની માફક સેવ્યની તરફ પ્રયત્ન વગર જ વહ્યા કરે છે. સેવકના સ્વભાવમાં પવિત્રતા નિવાસ કરે છે, અર્થાત્ તેનામાં સ્વાર્થભાવનો બિલકુલ નાશ થઈ જાય છે. સેવકના વ્યવહારમાં કાર્યકુશળતા હોય છે, કેમકે સેવકની પ્રત્યેક પ્રવૃત્તિ સમાન અર્થ રાખે છે. અર્થાત્ તેનામાં ક્રિયાભેદ હોવા છતાં પણ પ્રીતિભેદ નથી થતો અને લક્ષ્યભેદ નથી થતો. સેવકની સામે પ્રત્યેક પરિસ્થિતિ અભિનયના સ્વરૂપમાં આવે છે અને સેવ્યને આપીને ચાલી જાય છે. સેવક ઉપર કોઇપણ પરિસ્થિતિનો લેશ માત્ર પ્રભાવ નથી પડતો. સેવકના અંતઃકરણમાંથી ક્રિયાજન્ય રસની આસક્તિ આપમેળે જ નિવૃત્ત થઈ જાય છે. યોગી પુરુષ જે નિવૃત્તિ યોગથી પ્રાપ્ત કરે છે, વિચારશીલ પુરુષ જે નિવૃત્તિ વિચારથી પ્રાપ્ત કરે છે તે નિવૃત્તિને સેવક વર્તમાન પરિસ્થિતિના સદુપયોગથી પ્રાપ્ત કરે છે, અથવા સેવકને સંસારની સાથે સંઘર્ષ નથી કરવો પડતો; કેમ કે સેવકની દૃષ્ટિમાં (પ્રાકૃતિક વિધાન અનુસાર) આપોઆપ આવેલી પ્રત્યેક પરિસ્થિતિ સમાન અર્થ રાખે છે. બિચારો વિષયી માણસ જે યશ અને કીર્તિની પાછળ દોડતો હોય છે તે યશ અને કીર્તિ સેવકની પાછળ દોડતી આવે છે, પરંતુ તેને પકડી નથી શકતી અર્થાત્ વિષયી પુરુષ જેનો દાસ હોય છે તે સેવકનો દાસ હોય છે, જેવી રીતે સ્વધર્મનિષ્ઠ રાષ્ટ્ર પ્રજા પાસેથી લીધેલા કરને પ્રજાના હિતમાં જ વાપરી નાંખે છે તેવી રીતે સેવક સંસાર તરફથી આવેલી શરીર વગેરે સઘળી વસ્તુઓને સંસારના હિતમાં જ વાપરી નાખે છે. જેવી રીતે વેપારીનો વેપાર ધનમાં વિલીન હોય છે તેવી રીતે સેવકની સેવા સેવ્ય(પ્રેમપાત્ર)માં વિલીન હોય છે. જેવી રીતે અગ્નિ જેમ જેમ પ્રજ્વલિત થાય છે તેમ તેમ લાકડું અગ્નિ બની જાય છે તેવી રીતે જેમ જેમ સેવા પ્રબળ થતી જાય છે તેમ તેમ સેવકની સત્તાનો સેવ્યની સાથે અભેદ થતો જાય છે. સેવકમાં સ્વામી (પ્રેમપાત્ર) નિવાસ કરે છે, કેમકે સ્વામી વગર

સેવા જ નથી થઇ શકતી. ઐશ્વર્ય તથા માધુર્ય હોય છે ત્યારે જ સેવા થઈ શકે છે. ઐશ્વર્ય તથા માધુર્ય સ્વામીનું સ્વરૂપ છે. તેથી એટલું તો નિર્વિવાદ સિદ્ધ થઇ જાય છે કે સેવકમાં સ્વામી નિવાસ કરે છે. સેવકને સેવા કરવાથી કદિપણ થાક લાગતો જ નથી. ઊલટું જેમ જેમ સેવા વધતી જાય છે તેમ તેમ તેની શક્તિ પણ વધતી જાય છે. સેવકના હૃદયમાં હંમેશા વ્યાકુળતા રહે છે અને એ વ્યાકુળતાનો અગ્નિ સેવકનો સેવ્ય સાથે અભેદ કરી દે છે. સેવક બે પ્રકારના હોય છે: એક તો ગંગાની માફક પ્રત્યેક જન સમાજની સાથે જ રહે છે અને બીજા હિમાલયની માફક અચળ રહીને મૂક સેવા કરે છે. સેવા કર્યા વિના સંસારનો રોગ સ્વાભાવિક રીતે નિવૃત્ત નથી થતો. સેવા સિવાયના બધાં સાધન સંસારને મૃતકવત્ જીવતો રાખે છે. સેવા સંસારને ખાઇ જાય છે, મૃતક નથી બનાવતી અથવા સેવકની નિષ્ઠા સમાધિથી અતીત હોય છે. અથવા એમ કહીએ કે પ્રવૃત્તિ તથા નિવૃત્તિ બન્ને અવસ્થાઓ નિવૃત્ત થઇ જાય છે. સઘળા સાધકો સેવ્યને ચાહે છે. સેવકને સેવ્ય ચાહે છે. એટલા માટે પ્રેમપાત્રનો પ્રેમ સંપાદન કરવા માટે સેવા કરવી તે પરમ અનિવાર્ય છે.

સેવા કરવા માટે બાહ્ય વસ્તુઓની આવશ્યકતા નથી. બાહ્ય વસ્તુઓનાં સંગઠનથી તો પુણ્યકર્મ થાય છે. જરા ઊંડો વિચાર કરી જોઇએ તો સેવા એ જ કરી શકે છે કે જેના ઉપર સેવ્ય(પ્રેમ પાત્ર)ની કૃપા હોય છે. અર્થાત્ ભક્તો તથા સંતો સિવાય બીજો કોઇ પણ સેવા કરી શકતો નથી. સાધારણ પ્રાણી વસ્તુઓના સંગઠનથી થનારી પ્રવૃત્તિઓને સેવા માને છે, પરંતુ વિચારદૃષ્ટિએ એ સેવા નથી. સેવા કરવાની શક્તિ તો સ્વામીની કૃપાથી જ આવે છે. જેટલે અંશે પ્રાણી પોતાની સેવા કરી શકે છે તેટલે અંશે પ્રાણી બીજાની સેવા કરી શકે છે. અર્થાત્ જે સાધનવડે પ્રાણી પોતાનું હિત કરે છે તે જ સાધનવડે સેવા કરે છે. બાહ્ય વસ્તુઓના સંગઠનથી કોઇપણ પ્રાણીનું હિત નથી થયું, તો પછી એ વસ્તુઓના સંગઠનથી સેવા કેવી રીતે થઈ શકે? વસ્તુઓનો સંગ્રહ કરવો એ તો વિશ્વના રૂણી થવાનું છે, તેથી વસ્તુઓને વિશ્વના કાર્યમાં વાપરવી એ રૂણથી મુક્ત થવાનું છે, સેવા કરવાનું નથી. જ્યારે પ્રાણી વિશ્વના રૂણથી મુક્ત થઇ જાય છે ત્યારે તેનામાં પ્રેમ પાત્રના જોડે સંબંધ કરવાની શક્તિ આવી જાય છે. પ્રેમ પાત્રની સાથે સંબંધ થતાં જ પ્રેમ પાત્રના ઐશ્વર્ય તથા માધુર્યથી સ્વતઃ સેવા થવા લાગે છે. અર્થાત્ પ્રીતિ એ તો પ્રીતમનો સ્વભાવ છે. સેવક તથા સેવા-પ્રીતિ તથા પ્રીતમ એક જ વસ્તુ છે. સેવા કરવા માટે સેવક બનવાનું અનિવાર્ય છે. સેવક થવા માટે સદ્ભાવપૂર્વક પ્રેમપાત્ર થવું અનિવાર્ય છે. જેવી રીતે યુવાવસ્થા આવતાં જ બાળકને યુવાવસ્થાનું યથાર્થ જ્ઞાન થાય છે, તેવી રીતે સેવક થતાં જ સેવાનું યથાર્થ જ્ઞાન થાય છે. સેવા કરવાનું કોઇને શીખવી શકાતું નથી. એક એક સેવકની પાછળ કરોડો લોકો અનુસરણ કરવા માટે દોડે, પરંતુ તે કરોડો લોકો એક પણ સેવક ઉત્પન્ન નથી કરી શકતા. જેનું હૃદય સાર્વજનિક દુઃખથી દુઃખી થાય છે અને તે જ્યારે સેવ્યનો થઇ જાય છે ત્યારે સેવ્યની કૃપાથી સેવા કરવાની શક્તિ સ્વતઃ આવી જાય છે. પુણ્ય કર્મથી ત્યાગ કરવાની શક્તિ આવે છે અને ત્યાગથી સેવક થવાની શક્તિ આવે છે. સેવક થતાં જ સેવા સ્વતઃ ઉત્પન્ન થાય છે.

સંસાર તથા પ્રેમ પાત્ર બન્નેનો પ્રેમ સંપાદન કરવા માટે સેવા કરવી એ પરમ આવશ્યક છે. જે પ્રાણી સંસારથી વિમુખ

સાપેક્ષ–નિરપેક્ષદૃષ્ટિ

મુનિશ્રી પુણ્યવિજય (સંવિગ્નપાક્ષિક)

એકાન્ત દૃષ્ટિથી કોઈ પણ પદાર્થનું સ્વરૂપ અવલોકવાથી તેની બધી બાજુઓ દેખી શકાતી નથી. કોઇ વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ જોવું હોય તો સર્વ નયોની અપેક્ષાવડે જોવું જોઇએ. નયોની અપેક્ષા વિના કોઇ પણ વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ કથી શકાતું નથી અને સમજી શકાતું પણ નથી. કોઇ પણ લેખક કોઇ ગ્રંથ બનાવે છે તેમાંથી તેનો આશય તો ઘણોખરો તેનાં હૃદયમાં રહે છે, તેમજ તે ગ્રંથોમાં લખવાની ઘણીખરી અપેક્ષાઓ પણ તેના હૃદયમાં રહે છે. અમેરિકા વિગેરેના કેટલાક વિદ્વાનો પણ કથે છે કે–વક્તાનું વા લેખકનું વાકય કોઈ પણ જાતની તેના હૃદયમાં કરેલી અપેક્ષા વિના શૂન્ય હોતું નથી. કોઇ વિદ્વાન્ અન્યને સમજાવતાં કથે છે કે–મારા કહેવાની વા લખવાની આ અપેક્ષા છે, મેં અમુક આશયથી કહ્યું છે વા લખ્યું છે. લેખકના આશય વા વિચારની અપેક્ષા જાણ્યા વિના અભિપ્રાય આપતાં ઘણી વાર ભૂલ થવા સંભવ છે. વિચારોનો મહાસાગર મહાન્ છે. અને તેના તરંગોથી પણ અધિક અપેક્ષાઓ છે. તેઓના સંપૂર્ણ રહસ્યને જાણવાને માટે અને કોઇ પણ વિચારને અન્યાય ન મળે તે માટે નયવાદનું જ્ઞાન આવશ્યક છે. સાત નયોનું પરિપૂર્ણ જ્ઞાન કરવાથી અને સાપેક્ષવાદને સમ્યક્ પ્રકારે જાણવાથી કોઇ પણ વિચારને એકાન્ત અન્યાય મળતો નથી, અને સર્વ પ્રકારના વિચારોને દર્શાવવામાં અન્ય નયોની અપેક્ષાપૂર્વક બોલવાથી કોઇ પણ નયનો તિરસ્કાર થતો નથી. એકાન્ત ભિન્ન ભિન્ન નયોથી ઉત્પન્ન થયેલા પરસ્પર વિરુદ્ધ એવા ધર્મોમાંથી પણ સાત નયોની અપેક્ષાએ સમ્યગ્જ્ઞાનીને સમ્યક્રૂપણે સર્વે જાણતોનું જ્ઞાન થાય છે. એકાન્ત નયથી મિથ્યાત્વ ધર્મનો સ્વીકાર કરી મિથ્યાત્વ મતિના જોરથી એકાન્તવાદીઓ ધર્મયુદ્ધો કરીને કર્મની વૃદ્ધિ કરે છે. સાત નયોની અપેક્ષાએ એકેક નયકથિત સર્વ ધર્મ અંગોનો જેમાં સમાવેશ થાય છે, એવું શ્રી જૈનદર્શન જગતમાં સર્વ ધર્મના અંગોનું સાપેક્ષતાએ પ્રતિપાદન કરતું વિજયવંત વર્તે છે.

બનીને પ્રેમ પાત્રનો બની જાય છે તેનામાં સેવા કરવાની શક્તિ સ્વયં આવી જાય છે. તેથી જ સેવક થવા માટે પ્રત્યેક પ્રાણી હંમેશા સ્વતંત્ર છે. સેવક થવું તે ઉન્નતિનું સાધન છે, પરંતુ સેવક કહેવડાવવું એ અવનતિનું કારણ છે. જેવી રીતે નદીની પ્રગતિ હમેશાં સમુદ્ર તરફ જ રહે છે તે રીતે સેવકની પ્રગતિ હંમેશાં સેવ્ય તરફ જ રહે છે. જેવી રીતે નદીની સામે રુકાવટ આવતાં નદીની ગતિ તીવ્ર થઇ જાય છે, તેવી જ રીતે સેવકની સામે પ્રતિકૂળતા આવતાં સેવાની ગતિ વધારે તીવ્ર થઇ જાય છે. અર્થાત્ પ્રતિકૂળતા સેવકનું ઉત્થાન કરે છે, પણ ખરા સેવકનાં જીવનમાં જ્ઞાનને અનુરૂપ ભાવ તથા ક્રિયા હોય છે. અર્થાત્ સેવકના ક્રિયા તથા ભાવ જ્ઞાનમાં વિલીન થાય છે. સેવા હમેશાં સ્વતંત્રતા તરફ લઈ જાય છે, સેવક સંસારનું ચિંતન નથી કરતો, ઊલટું સંસાર સેવકનું ચિંતન કરે છે. સેવક સંગઠનની પાછળ નથી દોડતો, ઊલટું સંગઠન સેવકની પાછળ દોડે છે. સેવકના જીવનમાં દીનતા તથા અભિમાન માટે કશું સ્થાન નથી રહેતું. इति शम् ॥

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર : અનુવાદ ૨.

પ્રથમ જિનેશ્વર પ્રણમિયે, જાસ સુગંધી કાય—એ દેશી.

વંદન કરું પ્રભુ પાર્શ્વજિન, વંદન કરું જગનાથ;
કર્મ સમૂહ તોડી વર્યા શિવ વરમાળ ને, પ્રણમી થાઉં સનાથ. વંદન કરું૦ ૧

ઉપસર્ગ હરે પાર્શ્વ યક્ષ ને, સેવક છે તુમ પાસ;
નષ્ટ કરે સર્પ ઝેર મંગળકારી પ્રભુ, કલ્યાણ ઘર નમું પાસ. વંદન કરું૦ ૨

વિષધર ફુલ્લિંગ મંત્રને, કંઠ ધરે જે લોક;
તેહના ગ્રહ રોગ તાવ દૂરે હઠે, શાંત થાયે મારિ શોક. વંદન કરું ૩

તુજ દર્શન સ્મરણથકી, દુઃખ દારિદ્ર હોવે દૂર;
મનુજ તિર્યંચ ગતિમાં તે પણ સુખ પામશે, તુજ મંત્ર રહોન કદી દૂર. વંદન કરું૦ ૪

શુદ્ધ ચિંતામણિ રત્ન સમ, સમકિત દર્શને હોય,
જેહ સમકિતથકી અજરામર પદ પામીયે, નિરવિઘ્ન સુખ જ હોય. વંદન કરું૦ ૫

તુમ યશ કીર્તિ અતિ ઘણાં, તુમ પ્રભાવ અપાર;
ભક્તિ ભર્યા હૃદયે કરી પ્રભુ પાર્શ્વજી, સ્તુતિ કરું મન ધાર. વંદન કરું૦ ૬

શુદ્ધ સમકિત રત્ન આપજો, શરણું પ્રભુ જિન પાસ;
ભવો-ભવ આશરો આપી મુજ રક્ષા કરો, સમ્યગ્ શાંતિ સુવાસ. વંદન કરું૦ ૭

વિઘ્ન હરો સવી સંઘનાં, દુઃખ કાપો ભવિ લોક;
માત પદ્માવતી સહ ધરણેન્દ્ર વંદીયે, સ્તુતિ કરું પુન્ય જે લોક. વંદન કરું૦
પ્રભુ પાર્શ્વજિન૦

હીરાચંદ ઝવેરચંદ શાહ—બેંગલોર

યુગપ્રધાન વિજયાનંદસૂરીશ્વરજી

લે૦ મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ–અમદાવાદ

यन्मयोपार्जितं पुण्यं, जिनशासनसेवया ।
जिनशासनसेवैव, ते न मेऽस्तु भवे भवे ॥१॥

અનેક જૈનાચાર્યોએ પ્રોલ્લસિત હૃદયે જિનશાસનની અપૂર્વ બજાવી છે. અનેક શ્રેષ્ઠ કાર્યો કરવા છતાં પુણ્ય કે યશ જિનશાસનને સમર્પણ કરી પોતાના જીવનને ધન્ય માનતા. તે જ માર્ગને અનુસરી આ કાળમાં **યુગશ્રેષ્ઠ સૂરીશ્વર વિજયાનંદ–આત્મારામજી** મહારાજે જૈન ધર્મની શ્રેષ્ઠતા મેળવી, જૈન સમાજની અપૂર્વ સેવા કરી છે. સ્થાનકવાસી દીક્ષામાં જૈનાગમોનો અભ્યાસ કરી સંસ્કારબળે સાચી પરિસ્થિતિનો અનુભવ કરી અનેક ભક્ત જનોની સ્નેહશૃંખલા વિચ્છેદી સત્ય માર્ગને અનુસરવાની જાહેર હિંમત વ્યકત કરી, અનેકોને સન્માર્ગગામી બનાવવાનો લાભ મેળવી શકયા. પોતે જિનશાસનની સેવાથી જે કાંઇ લાભ મેળવતાં તે જિનશાસનની સેવાને સમર્પણ કરતાં. જન્મ જન્મમાં જિનશાસનની પ્રાપ્તિ કરવાનો અભિલાષ સેવતાં. ભક્તજનો બનાવવા કરતાં જિનશાસનનો સાચો ઉપાસક બને, તે જ તેમનું જીવનસૂત્ર હતું. તે યુગમાં સાહિત્ય મળી શકતું નહિ, તેમજ તેના સાચા રહસ્યને પ્રકાશનાર, પ્રચારકો ઘણા જ થોડા હતા, તેથી મિથ્યા ભાવનો પ્રચાર કરનારાઓ લોકોમાં અજ્ઞાન ફેલાવતાં. મૂર્ત્તિપૂજા અને સદ્ અનુષ્ઠાનોથી લોકોને વિમુખ બનાવનાર વર્ગ અધિક હતો. જ્યાં ખૂબ અજ્ઞાનતા હોય ત્યાં અસત્ વધારે ફેલાવા પામે છે. જૈન શાસનને છિન્ન–ભિન્ન કરનાર અજ્ઞાની તેમજ ચારિત્ર્યહીન વર્ગ અધિક હોવાથી લોકો ઊંધા માર્ગે ગમન કરી રહ્યા હતા. હિંસાની પ્રબલતા ધર્મના નામે વધતી જતી હતી. તે વખતે પાંડિત્યપૂર્ણ સદ્બોધ આપનાર પ્રબલ પ્રતાપી મહાત્મા વિજયાનંદસૂરીશ્વરે લેખન અને વાણીદ્વારા ભવ્યજનોને બચાવ્યા, સદ્ધર્મમાં પ્રેર્યા. પંજાબમાં જૈનધર્મનું અસ્તિત્વ કાયમ કરી અનેક જિનમંદિરો સર્જાવી ભવ્ય આત્માઓને સમ્યક્ત્વ પ્રાપ્તિ કરાવવા ભાગ્યશાળી બન્યા. ધર્મ હોય ત્યાં હિંસાને સ્થાન નથી. જે હિંસાને મહત્વ આપે છે, તે ધર્મશીલ બનાવવા પ્રયત્ન કરનાર ધર્મશીલ હોઇ શકતો નથી. પૂજાપાઠમાં અહિંસા વિલસે છે, તે જ વિશ્વધર્મ છે. વૈદિકો તેમજ આર્યસમાજીઓ સાથે નિડરપણે શાસ્ત્રાર્થો યોજ્યા. પ્રબલ ચારિત્ર્યશીલતાને લીધે કોઇ સામા આવવા શક્તિમાન બન્યા નથી. નિરંતર સ્વાધ્યાય, તપ સંયમમાં જીવન વિતાવતા. જૈનો નિર્ભય હોવા જોઇએ. (માયકાંગલા ન હોવા જોઇએ.) અનેક પ્રસંગોમાં મહાત્માશ્રીની નિર્ભયતા દૃષ્ટાંતરૂપ બની છે. લુંટારાઓને પણ પોતાની શક્તિનો પરિચય આપી સાધુતા સર્વશ્રેષ્ઠ સાબિત કરી છે.

પ્રાણીપીડન એ કાયરતા છે, આત્માનો અધઃપાત કરાવનાર છે, એમ સર્વ કોઇને પોતાના પવિત્ર જીવનથી બોધપાઠ આપતા. વિદ્વત્તા હોવા છતાં, તેમજ અનેક શ્રીમંતો અનુયાયી છતાં જૈન શાસ્ત્રોનાં રહસ્યોને પૂર્વ પુરુષોને અનુસરનાર તરીકે ઉપદેશામૃત આપતા. ક્રિયા, અનુષ્ઠાન, પર્વારાધન કરવામાં **વિજયદેવસરીશ્વરજી**ની પદ્ધતિને અનુસરતા. અનેક વિવાદોને સ્થાન મળતાં પૂર્વ પુરુષોનાં વચનને માન્ય રાખતાં. ગીતાર્થના વાકયને આગમ–વાકય તરીકે અનુસરી જૈન શાસનની અપૂર્વ મહાન સેવા મહાત્માશ્રીએ બજાવી છે. અનેક શિષ્યો બનાવી દરેક ગામોમાં વિહાર કરીને જૈન

શાસનની ઉન્નતિ સ્થળે સ્થળે કરાવી છે. તે વખતના ચારિત્ર્યશીલ અન્ય સમુદાયના મુનિ મહાત્માઓ તરફ સદ્ભાવ પ્રેમ કાયમ રાખતાં હતાં. વળી આહારપાણીનો સંબંધ એક સમાચારીવાલા મુનિ મહાત્માઓ સાથે રાખતા. દરેક ચારિત્રધારી જિનશાસનની અડગ શ્રદ્ધા ધરાવનાર જિન શાસનની ઉન્નતિ કરનાર મહાનુભાવ વંદનીય છે, અનુકરણીય છે. જીવનમાં એ જ ભાવ, જીવન પર્યંત વિલસી રહ્યો હતો. જૈન શાસનની સેવા કરનાર કોઇ પણ હોય તે આત્મા તરફ તેમનો સદા આદર હતો, અનુમોદના હતી. વિશ્વ ધર્મમાં જૈન ધર્મ મુખ્ય છે તે સાબિત કરવા સદ્ગત વીરચંદ ગાંધીને અમેરિકા સુધી મોકલ્યા હતા. જૈન ધર્મ યુગ યુગમાં સર્વથી શ્રેષ્ઠ ગણ્યો રહે તેવા પ્રયત્નો યોજવા જોઇએ. દરેકને જૈન ધર્મનાં સાચા તત્વોનું ભાન કરાવવું જોઇએ. જૈનો પોતાની સર્વ કાંઇ શક્તિઓ તે માર્ગે ખરચે તેવા પ્રકારનો ઉપદેશ સાચા હૃદયથી નિરંતર આપ્યા કરતા હતા. આવા સૂરીશ્વર વધારે સમય સુધી જીવ્યા હોત, દીર્ઘાયુષ્ય હોત તો જૈન ધર્મની મહાન સેવા બજાવી હોત. (આજે વર્તમાન કાળમાં વિજય વલ્લભસૂરિજી પણ જૈન શાસનની સુંદર રીતે સેવા બજાવી રહ્યા છે.) તેમજ તેઓ જે સિદ્ધાંતોને માનતા હતા, તે સિદ્ધાંતને અનુસરનાર ત્યાગી વર્ગ પોતાના તપ, ત્યાગ અને પાંડિત્ય, તેમજ શક્તિ સામર્થ્ય જિનશાસનની અવિચ્છિન્ન પ્રભાવનામાં ખરચે તે સૂરીશ્વરજી તરફ સદ્ભાવ સૌ કોઇ ધર્મી આત્માને હોવો જોઇએ. ભાવનગરમાં તેમજ અન્ય સંઘોની ભક્તિભાવથી તેઓશ્રીના નામથી અંકિત થયેલ **શ્રી જૈન આત્માનંદ** સભા તેમજ સદ્બોધને પ્રકાશ કરનાર **જૈન આત્માનંદ પ્રકાશ** ચુમાળીશમા વર્ષમાં પ્રવેશ કરી દિવ્ય પ્રકાશને સદા જૈન સંઘમાં પ્રકાશિત કરે, શ્રેષ્ઠ ભાવનાને સર્વત્ર પ્રસરાવે એવી સૌ કોઇ જૈન તત્વને અનુસરનાર, માનનાર વ્યક્તિ સાથ આપે. પરમ સૂરીશ્વરની સ્મૃતિ તેમજ સેવા એ તીર્થંકરોની સ્મૃતિ તેમજ સેવારૂપ છે.

સ્વીકાર-સમાલોચના.

નીચેના ગ્રન્થો ભેટ મળ્યાં છે જે સાભાર સ્વીકારીએ છીએ.

૧ **નેમ રાજુલ અને બીજાં સ્તવનો**–રચનાર સંગીતશાસ્ત્રના અભ્યાસી અને ધર્મશ્રદ્ધાળુ હોવાથી બહુ જ રસિક અને સુંદર રીતે સંકલના કરી છે. ગ્રંથ ઉપયોગી છે. કર્તા શ્રી શાંતિલાલ બી. શાહ કીંમત રૂા ૧–૪–૦

૨ **શ્રી દાદા પ્રભાવકસૂરિ વિજયાનંદસૂરિ અષ્ટપ્રકારી પૂજા**–રચયિતા શ્રી રિખવચન્દ્ર ડાગા, "ઋષભ" મૂલ્ય સપદુયોગ.

૩ **મહારસ્વામીનો સંયમ ધર્મ**–સંપાદક–ગોપાળદાસ જીવાભાઇ કીંમત રૂા. ૧–૮–૦

૪/૯ પુસ્તકો શ્રી મુક્તિવિજયજી જૈન ગ્રંથમાળાના કાર્યવાહકો શ્રી વિજાપુરથી ભેટ મળ્યાં છે.

૧ **શ્રી જિનગુણમુક્તાવળી.**

૨ **શ્રી જ્ઞાનવિનોદ** પ્રથમભાગ.

૩ **મહાન ક્રિયોદ્ધારક શ્રીમદ્ આનંદવિમલસૂરિજી મહારાજનું વિશિષ્ટ જીવનચરિત્ર.**

૪ **સંસ્કૃત ચૈત્યવંદન સ્તુત્યાદિ સંગ્રહ.**

૫ **સાન્વયતત્ત્વબોધતરંગિણી.**

૬ **પદ્યાત્મકોપદેશપ્રદીપ**

૧૦ **સ્તંભતીર્થ જૈનમંડળ "રજતમહોત્સવ સ્મારક ગ્રન્થ"** પ્રકાશક મોતીલાલ દલસુખભાઇ શાહ.

આ સભાના માનવંતા પેટ્રન સાહેબ—

શ્રીયુત બબલચંદભાઈ કેશવલાલ મોદી-મુંબઈ.

આ સભાના માનવંતા પેટ્રન સાહેબ—

શ્રીયુત બબલચંદભાઈ કેશવલાલ મોદી.

અમદાવાદ શહેર એ ગુજરાતનું પાટનગર છે. જૈનાચાર્યો, સુંદર મંદિરો અને જૈન જાહોજલાલીવડે તે જૈનપુરી પણ ગણાય છે. શ્રીમંતો, સાક્ષરો, સાહિત્યકારો, કેલવણી સંસ્થાઓવડે સરસ્વતી, લક્ષ્મીના નિવાસસ્થાન અને ઉદ્યોગ હુન્નરોવડે તે કેન્દ્ર નગર છે.

અમદાવાદ શહેરના જૈન સમાજમાં પરમ શ્રદ્ધાળુ, સાહિત્યરસિક, પ્રમાણિક અને સુપ્રસિદ્ધ શ્રીયુત કેશવલાલભાઇ પ્રેમચંદ મોદી; બી. એ. એલ.એલ, બી. ના સુપુત્ર **શ્રી બબલચંદભાઇ** છે. તેઓશ્રીનો જન્મ સને ૧૯૦૦ ના ૨૬ મી ઓકટોબરે થયો હતો. સદ્ગત પિતા કેશવલાલની ઈચ્છા બબલચંદભાઇને વકીલ બનાવવાની હતી. પરંતુ કૉલેજનું શિક્ષણ લેતાં શારીરિક સ્થિતિ બરાબર નહિં રહેવાથી અભ્યાસ છોડી દઈ વીશમે વર્ષે વ્યાપારી લાઇનમાં જોડાયા.

મુંબઇમાં પ્રથમ સાઈકલના વ્યાપારથી લાઈન શરૂ કરી. જાપાનથી દેશ પરદેશ માલ મોકલવા ઓફીસ ખોલી સાથે લોખંડનું બીઝનેસ શરૂ કર્યું. ત્યારબાદ રબ્બરનુ કારખાનું કરવા સાથે મલબાર જમીન લઇ તેનું ઉત્પાદનનું કાર્ય હાથમાં ધર્યું અને બીરલા પેઢીના સેલ્સ એડવાઇઝર તરીકે કાર્ય હાથ ધર્યું. ખેતી, વ્યાપાર અને ઉદ્યોગ ત્રણે ધંધાની કુશળતાપૂર્વક પ્રવૃત્તિ કરતા પુણ્યયોગે સંપત્તિ સારી મેળવી.

બાલપણથી પિતાએ પોતાના સહવાસ અને દરેક પ્રવૃત્તિમાં બબલચંદભાઇને સાથે રાખેલ હોવાથી તેમજ શ્રીયુત્ કેશવલાલભાઇ બાહોશ ધારાશાસ્ત્રી હતા, તેમજ સાથે તેમની ધાર્મિક વિદ્વત્તાની ખ્યાતિ લઈને તેમનો પ્રભાવ અને સુવાસ સુપ્રસિદ્ધ હતા, તેથી તેમજ વિદ્વાન મુનિરાજો તથા અન્યોના પરિચય એ વગેરે કારણોથી, બંને પ્રકારનું શિક્ષણ ઉચ્ચ સંસ્કાર, ધર્મ પ્રત્યે પરમ શ્રદ્ધા, બબલચંદભાઇને વારસામાં મળ્યા હતા, તેથી લક્ષ્મી વધતાં જ બબલચંદભાઇએ વીશ વર્ષની ઉમ્મરે પ્રથમ તરંગવતી ગ્રંથનું એડીટ કરી પ્રકાશન કર્યું. જૈનોને નોકરી અપાવવાનું તેમજ આર્થિક મદદ માટે ખાતું ખોલી કેલવણીપ્રિય-સારાભાઇ કાકા સાથે જૈન વિદ્યોત્તેજક મંડળ કે જૈનો તરફથી પોસ્ટ ગ્રેજ્યુએટ (અભ્યાસમાં વધવા માટે નાણા અપાય છે) તેમાં શ્રી બબલચંદભાઇ છેવટે પ્રેસીડન્ટ થયા, શ્રી મહાવીર-વિદ્યાલય, વિદ્યાશાળા, જૈન

એસોસીએશન ઓફ ઇન્ડીયાના સભ્ય, શ્રી મોહનલાલજી લાઇબ્રેરીના તથા શ્રી ગોડીજી મહારાજના દેરાસરના ટ્રસ્ટી, એજ્યુકેશન બોર્ડ(જૈન કોન્ફરન્સ)ના સેક્રેટરી, આનંદીલાલ પોદાર હાઇસ્કુલની કમીટીમાં અને શાન્તાક્રુઝ સંઘના ટ્રસ્ટી તરીકે એ સર્વ સંસ્થાઓમાં સેવાકરી રહ્યા છે; તેમજ જૈન સંઘના ટ્રસ્ટી, વિદ્યાલય, ગુરૂકુળ, આર્ટ સ્કુલ, હાઈ-સ્કુલ, વિદ્યાર્થીઓના અભ્યાસ અને પુસ્તકો પૂરા પાડવામાં, પુસ્તકો પ્રકાશનમાં, ધાર્મિક કેલવણી, કન્યાશાળા, છાત્રાલયો, ધાર્મિક કેલવણીની સંસ્થાઓ વગેરેમાં જ્યાં જ્યાં મદદની જરૂર હોય ત્યાં ત્યાં મદદ આપી રહ્યા છે. પોતાની જ્ઞાતિમાં અમદા-વાદ, મુંબઈ, મારવાડ, મેવાડ વગેરે સ્થળોએ જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં ત્યાં ઉદાર હાથે મળેલી સુકૃતની લક્ષ્મીનો સદ્વ્યય કર્યે જાય છે. આટલી બધી પ્રવૃત્તિઓ હોવા છતાં દેવપૂજા, ક્રિયાકાંડ નિયમો વગેરેનું પણ પાલન કરી સાથે આત્મકલ્યાણ પણ સાધે છે.

સામાજિક સેવામાં શારીરિક સ્વચ્છતા તથા હરિજનવાસની શુદ્ધિનો ઉપયોગ કરી રાહત આપી રહેલ છે. રીલીફ ફંડ, દુષ્કાળ નિવારણ કાર્ય, હોસ્પીટલ જેનોની જરૂરીયાત, તાત્કાલિક મદદ માટે રોકડ રકમ અને લાગવગ વગેરે બાબતોમાં અનેક સ્થળે જાતિભેદ સિવાય આર્થિક મદદ કરવામાં પણ ચૂકતા નથી. ધાર્મિક કાર્યો જિન-મંદિરો, ઉપાશ્રય, ધર્મશાળા, પાંજરાપોળ, આયંબીલ ખાતું, ભોજનશાળા, જાનવરો છોડાવવાના જીવદયાપ્રચાર માટેના ખાતાઓને મદદમાં છૂટે હાથે લક્ષ્મીનો સદ્વ્યય કરે છે. સિવાય બીજી અનેક લોકકલ્યાણની સેવાની પ્રવૃતિમાં તન, મન અને લક્ષ્મીનો ભોગ ઉદારતાપુર્વક આપી રહ્યા છે. તેમની આટલી બધી ઉદારતાની નોંધ તો અમારો આગ્રહ છતાં તેઓની આપવાની ઇચ્છા ન હોવા છતાં માત્ર આટલી સુપ્રવૃત્તિઓ બહુજ સંકુચિતપણે આપેલી છે; પરંતુ તે દરેકેદરેક શુભ પ્રવૃત્તિઓ વિસ્તારપૂર્વક લખતાં એક જીવનચરિત્રનો મ્હોટો ગ્રંથ લખાય. મળેલી ઉપરોક્ત સેવા પ્રવૃત્તિઓ પણ અનુકરણીય હોવાથી અહિં સંક્ષિપ્તમાં આપીએ છીએ. સભા ઇચ્છે છે કે તેઓશ્રીની સેવાની વિસ્તૃત નોંધ જીવનચરિત્રરૂપે એક સાહિત્યના ગ્રંથના પ્રકાશન સાથે સભાને હવે પછી પ્રાપ્ત થાય એમ અંતઃકરણપૂર્વક સભા ઇચ્છે છે. શ્રી બબલચંદભાઇ જેવા ઉદાર, સેવાભાવી, જૈન નરરત્ન આ સભાના પેટ્રન થતાં સભાનો ગૌરવનો તે વિષય હોઈ તેથી સભાની પ્રતિષ્ઠામાં પણ વૃદ્ધિ થાય તે સ્વાભાવિક છે. શ્રી બબલચંદભાઇ દીર્ઘાયુ થઇ, સુખશાંતિ ભોગવે અને ઉદારતાપૂર્વક અને સેવાનાં કાર્યો કરી આત્મકલ્યાણ સાધે તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૨. | ભાદ્રપદ. | પુસ્તક ૪૪ મું.
વિક્રમ સં. ૨૦૦૨. | :: ઇ. સ. ૧૯૪૬ સપ્ટેમ્બર :: | અંક ૨ જો.

पद्मनाथ स्तुतिः ।

रचयिता मुनि पूर्णानन्दविजय (कुमारश्रमण)

पद्मनाथं भूत्यै वन्दे ।
सर्वे देवा युष्मान्पान्तु ॥
सिद्धान्तैस्ते भूयाद्भद्रम् ।
आत्मानन्दं दद्याद् देवि ! ॥ १ ॥

---

[२]जिनवाणी प्रशंसा ।

जैनीवाणी प्रथयतु सुखं मादृशेभ्यो जनेभ्यः,
पूर्णानन्दा जिनवरमुखे शोभमाना सदैव ।
पापासक्तैर्विनयरहितैः क्रोधमायासुबद्धै—
र्सेव्या पूज्या नहि भवति या दुर्जनैः सा सतीव ॥ २ ॥

---

१ वीरं देवं...સ્તુતિના અનુકરણવાલી હોવાથી, ચારે વખતમાં એક જ થુઇ-ચાલશે

२ मन्दाक्रान्ता હોવાથી बोधागाधं...આ રાગમાં બોલવી.

સેવા ધર્મ.

કેતે ગયે હો ખેવનહાર નૈયા ડૂબતી—એ લય.

સેવા ધર્મ છે ખાંડાની ધાર સંભાળી ચાલશો;
નહિ તો ઠોકર ખાશો ગમાર જો ન વિચારશો.—સેવા૦

વિઘ્નો વસમાં આવશે બજાવતાં આ ધર્મ,
શિર સાટે આ ધર્મ છે જાણે વિરલા મર્મ;
યોગીઓ પણ પામે ન પાર તમે કેમ પામશો.—સેવા૦

આરંભ્યું અડધું મૂકે મૂઢ જ તે કહેવાય,
યેન કેન પ્રકારથી પૂરું કરવા ચહાય;
અંતે પામે અમર સુખધામ નક્કી એ ધારશો.—સેવા૦

સેવામાં મેવા મળે દુઃખ ટળી સુખ થાય,
કાંટા મટીને ફૂલડાં ગુલાબનાં વેરાય;
પણ દેવાનાં મોંઘાં મૂલ તમે કેમ આપશો.—સેવા૦

ભારત પુણ્યભૂમિ મહીં સંત મહંત અનંત,
સેવા ધર્મે સુયશને ફેલાવ્યો જ દિગંત;
મહાકષ્ટ વેઠ્યાં છે અપાર તમે કેમ વેઠશો.—સેવા૦

દેવો બોધ અનેક ને કામ સુંદર છે સાર,
પણ આચરણ મહીં મૂકી બતાવવું નિરધાર;
તે તો જીવ સટોસટ થાય નક્કી એ માનશો.—સેવા૦

પૂર્વજન્મનાં પુણ્યથી લીધો આ નર દેહ,
સેવા ધર્મ સુતીર્થમાં પૂત બનાવો તેહ;
તો છોડી આ માયાજાળ પરમ પદ પામશો.—સેવા૦

રચયિતા—ગોવિંદલાલ ક. પરીખ.

'ભયની સીમા'

લેખકઃ—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી.

માનવી જનમે તે પહેલાં તો-મોતનાં તેડાં શરૂ થઈ જાય છે; પણ ગણકારે કોણ? માનવ દેહનું મંડાણ થયું કે તરતજ પોતાના પૂર્વ જન્મના સંસ્કાર પ્રમાણે દુનિયામાં ચાલતી પ્રવૃત્તિઓમાં ભળી જાય છે. ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા જગતની રુચિ પણ ભિન્ન હોવાથી વર્તન તથા વિચાર પણ ભિન્ન જ હોય છે, છતાં વિષયાસક્ત પુદ્ગલાનંદી જગતનું ધ્યેય એકસરખું હોવાથી માનવી પ્રાયઃ તેમાં ઝંપલાય છે. આવી સ્થિતિમાં કોઇને પણ મોતનો ખ્યાલ સરખો ય હોતો નથી; મરવું છે એવું કોઇ પણ સમજતું નથી. અત્યારના જગતમાં કહેવાતા જ્ઞાની, ધ્યાની, જપી, તપી, ત્યાગી, ભોગી, છે કોઇને મોતની પરવા?

જ્યારે માનવી વૈષયિક જગતમાં મન પરોવે છે ત્યારે પોતાની સાચી જાતિને ભૂલી જાય છે એટલે તાત્વિક વસ્તુને ઓળખી શકતો નથી. જન્માંતરમાં મેળવેલી કેટલીક સાચી સંપત્તિને લઇને કેવળ માનવ જીવનમાં જ ઉપયોગી વાંચી શકે, સમજી શકે, ડહાપણવાળી વાતો કરી શકે, ધન મેળવી જાણે, ખરચી જાણે, ભોગવી જાણે, તો પણ મોહના તાબે હોવાથી એક જ ધ્યેય, કષાય-વિષયમાં તલ્લીન થઈને આનંદ માનવો અને નિરંતર પૌદ્ગલિક સુખોમાં અસંતોષી રહીને વધુ ને વધુ અનુકૂળ વૈષયિક સુખો મેળવવા ચિંતાવાળા રહેવું, તેમજ મોતની પણ અવગણના કરીને અનેક જીવોના પ્રાણના ભોગે પણ ક્ષુદ્ર વાસના પોષવી. માનવી આવી જ પ્રવૃત્તિઓમાં આસક્ત બનીને ભાવી ભવમાં થવાવાળી આપત્તિ-વિપત્તિ તથા અધોગતિની જરાયે કાળજી રાખતો નથી અને અધર્મ તથા અનીતિના આશ્રય તળે હોંશથી માનવજીવન વેડફી નાંખીને છેવટે મોતનો આશ્રિત બને છે.

સંસારમાં બે જ વસ્તુઓ એવી છે કે જે ભૂલેલા માનવીની શાન ઠેકાણે લાવે છે. એક તો અસાતા (વ્યાધિ) અને અંતરાય (કંગાળીયત). આ બેમાં કંગાળીયત ધર્મ તથા પ્રભુનું સ્મરણ કરાવે છે ત્યારે વ્યાધિ મોતની યાદ દેવડાવે છે. બાકીના અદૃષ્ટ (કર્મની) શક્તિને તો મોહઘેલો માનવી ઠોકરે ચડાવે છે, પણ આ બેથી તો હતાશ, દુઃખી, દીન-કંગાળ બની જાય છે અને કષાય-વિષયની દિશા જ ભૂલી જાય છે. અંતરાય કરતાં પણ અસાતા માનવીને વધારે ભયંકર લાગે છે; કારણ કે અંતરાયથી મોતના ઓળા દેખાતા નથી. અધર્મ-અનીતિ કરીને પણ કાંઇક અંતરાયને દાબી શકે છે અને મોજશોખનું તથા જીવનનિર્વાહનું સાધન મેળવી શકે છે. પણ અસાતામાં તો આમાંનું કશું ય કામ આવતું નથી. અસાતાનો ઉગ્ર પ્રકોપ થાય છે કે તરત જ તે બધું વિસરાઇ જઇને મોતના પ્રચંડ પડછાયા દેખાવા માંડે છે.

માનવીને જીવવાને માટે તો વ્યવસાયની ખાસ જરૂરત છે. જો સુખથી જીવવાના નિર્વાહનું સાધન મળી જાય તો પછી કામ-ક્રોધ તથા મોહની સલાહ માનવાની જરાય જરૂરત નથી. પણ શાંતિ-સંતોષ તથા સમતાના આ-

શ્રયમાં રહીને માનવ જીવનની સહાયતાથી મોતને જડમૂળથી ઉખેડી નાંખવાને પ્રયત્ન કરવાની અત્યંત આવશ્યકતા છે; પરંતુ ભાગ્યે જ કોઇક જ તેમ કરવા દોરાય છે, ધ્યાન આપે છે. કેટલાકને શાંતિ-સંતોષ આદિના આશ્રયમાં રહેવાની ઇચ્છા થાય છે પણ કામ-ક્રોધાદિનો અનાદિ કાળનો સંબંધ છોડી શકતા નથી. તોયે સાચું સુખ-આનંદ તથા જીવન મેળવવા મહાપુરુષોની જીવનકથા સાંભળીને તેમને પગલે ચાલવા ઘણું ચહાય છે અને તેમણે આદરીને બતાવેલા આચાર-વિચારો પ્રમાણે વર્તવા પ્રેરાય છે છતાં કામ-ક્રોધાદિની શીખવણી ઉપર દૃઢ શ્રદ્ધા હોવાથી અંતરવૃત્તિથી મહાપુરુષોની આચરણાનો આદર કરી શકતા નથી જેથી સાચી વસ્તુથી વંચિત રહીને મોતના ભયથી મુકાતા નથી. મોહનો આશ્રિત વિલાસી માનવી મોતને હસી કાઢીને અનેક પ્રકારના વિલાસમાં મગ્ન રહે છે. ધન, આરોગ્યતા, યુવાવસ્થા અને સ્વચ્છંદતાનો સાથી બિનસંસ્કારી પ્રભુની પ્રભુતાની કદર કરી શકતો નથી, તેના માટે પુન્ય-પાપ જેવી કોઇ વસ્તુ જ હોતી નથી તેમ જ મોતને વિસારે પાડેલું હોવાથી જીવ માત્રને જીવવું ગમે છે તેનું ભાન પણ હોતું નથી. જે પોતાના વિલાસ માટે બીજા જીવોની પીડાને જરાય ગણતો નથી તે પાંચે ઇંદ્રિયોના વિષય પોષી પોતે માનેલો આનંદ તથા સુખ મેળવવાને બીજા અનેક જીવોના પ્રાણ જતા હોય તો તેની લેશ માત્ર પણ પરવા કરતો નથી; પણ જે વખતે વિલાસી મોતને ભૂલાવીને મોજ માણતો હોય છે ત્યારે ક્રૂર દૃષ્ટિથી તેની સામે એકી ટસે જોઇ રહેલું હોય છે છતાં દુઃખ તથા શોકગર્ભિત સુખ અને આનંદમાં મજા-વિલાસથી વિરામ પામીને મોતની ક્રૂર કનડગત માટે કાંઇ પણ ઉપાય કરતો નથી; પણ જ્યારે મોત માથા ઉપર આવીને ઊભું રહે છે ત્યારે વિલાસીની અત્યંત દીન અવસ્થા થઇ જાય છે, તે દયામણે મોઢે જીવનની યાચના કરે છે અને વિલાસને બદલે સર્વ પ્રકારે પોતાનો વિનાશ જ જુએ છે, પરંતુ મોતની અવગણના કરેલી હોવાથી ક્રૂર કૃતાંત આવા વિલાસીયોને અસહ્ય દુઃખ દેખાડીને બળાત્કારે પ્રાણ રહિત કરે છે.

એમ તો સંસારમાં મોતને કોઇ પણ ભૂલ્યું નથી, બધાય જાણે છે કે અમારે ચોક્કસ મરવું છે; મરવાની શંકા થતાં જ તેનાથી બચવાને માટે અનેક પ્રકારના પ્રયાસ કરવામાં આવે છે; છતાં ક્યારે મરવું છે તેની કોઇને પણ ખરી ખાતરી નથી. જગતમાં પોણોસો અને સો સો વરસની ઉંમરના માનવીઓને નાની વયવાળા જ્યારે હયાત-જીવતા જુએ છે ત્યારે તેઓ એમ માને છે કે અમે હજી તો નાની વયના છીએ એટલે હમણાં અમારે મરવું નથી. આ પ્રમાણે તેમની માન્યતા હોવાથી મોતને ભૂલી જઇને તેઓ મોજશોખમાં પડી જાય છે જેથી તેમને બીજા જીવોના મરવાની જરાય કાળજી હોતી નથી, અધર્મ તથા અનીતિના ઉપાસક બની જાય છે; કેટલાક ધન-સંપત્તિથી સુખી મોટી ઉંમરના હોવા છતાં પણ અજ્ઞાનવાસિત વિષયાસક્તિને લઇને માથા ઉપર આવીને ઊભેલા મોતને જોઇ શકતા નથી. પરંતુ આ બધાય ભૂલે છે કારણ કે મોતને ઉંમર કે વખતનો પ્રતિબંધ નથી, ગમે ત્યારે અને ગમે તેવી વયમાં આવી શકે છે. બાળ, યુવા કે વૃદ્ધ હોય, મોતને માટે કોઇ પણ અસ્પૃશ્ય નથી તેમજ રાત્રિદિવસ તથા ઘરમાં હોય કે બહાર હોય કોઇ પણ સમય કે સ્થળના માટે કોચ અથવા તો અનવકાશ નથી. આ વાત સહુ કોઇ જાણે છે અને અનુભવે પણ છે. બાળથી માંડીને વૃદ્ધાવસ્થા સુધીના માનવીયોએ વયના પ્રમાણમાં આવા પ્રસંગો જોયા છે-જાણ્યા છે.

જ્યારે બીજાના મૃત્યુના પ્રસંગો ઉપસ્થિત થાય છે ત્યારે માનવીઓના જીવનપ્રવાહ ઉપર મોતનો આછો પછડાયો પડવાથી તેમના મન ઉપર શોકનું વાદળ ચઢી આવે છે પણ વિષયાસક્તિના ફૂંકાતા ગાઢ પવનથી તે વાદળ વિખરાઇ જાય છે કે તરત જ મોતનું વિસ્મરણ થઇ જાય છે અને નિઃશંકપણે વાસના પોષવામાં લીન બની જાય છે. તેને જ્યારે મોત તેડવા આવે છે ત્યારે થથરી ઉઠે છે અને બેશુદ્ધપણાનો ડોળ કરે છે તોયે મોત તેને ઉપાડીને ચાલતું થાય છે.

મોતને ભૂલ્યા સિવાય માણસ કાંઇ પણ કરી શકે નહિં. ધન કમાવું, સંબંધીઓની સારસંભાળ લેવી, માતા-પિતા-સ્ત્રી-પુત્ર આદિનું પાલન કરવું, વ્યવહાર જાળવવા સમય અને ધનનો ઉપયોગ કરવો, પરોણાઓનું સ્વાગત કરવું, અતિથિસત્કાર કરવો વિગેરે ગૃહસ્થ ધર્મનું પાલન કરવાને માટે મોતને ભૂલવું પડે છે. જો મોતને દૃષ્ટિ સન્મુખ રાખે તો આમાંનું કશુંય બને નહિં, તોયે નીતિપૂર્વક વર્તવાને માટે મોતની કાંઇક પ્રેરણા રહ્યા કરે છે; છતાં વિલાસી માણસો તેનો તિરસ્કાર કરીને અધર્મ તથા અનીતિના આશ્રય નીચે રહીને નિઃશંકપણે નિર્દયતામય જીવન બનાવે છે, તેમની સાથે મોત છેવટમાં ઘણી જ સખતાઇથી વર્તે છે.

સાચી અખંડ જીવન જ્યોતિને ઓળખનાર આત્મશ્રદ્ધાળુને નિરંતર મોતનું સ્મરણ હોય છે તોયે તેને તેનો જરાય ભય હોતો નથી; કારણ કે તે જાણે છે કે મોતથી આત્માના જ્ઞાનાદિ ગુણોનું કાંઈ પણ નુકશાન થતું નથી. અત્યુષ્ય કર્મ ક્ષય થવાથી આત્મા તથા દેહના સંયોગના વિયોગ સિવાય મોત જેવી કોઇ તાત્વિક વસ્તુ નથી. આ પ્રમાણેની તેની દૃઢ શ્રદ્ધા હોવાથી મોત સાંભરવા છતાં પણ તે બ્હીએ નહિં; પરંતુ જન્મ મરણથી આત્મા ઘેરાયલો હોવાથી અનંત જ્ઞાનાદિ પોતાના ગુણોનો શુદ્ધતાપૂર્વક સંપૂર્ણપણે ઉપયોગ કરી શકતો નથી માટે જન્મ-મરણના કારણભૂત કર્મોથી શુદ્ધ થવાને માનવદેહ તથા જીવન અદ્વિતીય સાધન હોવાથી મોતથી તેનો બચાવ કરવાને કાળજી રાખે છે અને આત્મશુદ્ધિ અપૂર્ણ રહી જવાના ભયથી મોતથી શંકિત રહે છે. કદાચ માનવજીવનમાં આત્મવિકાસ સાધતાં અપૂર્ણતા રહી ગઇ હોય અને મૃત્યુ આવીને ઊભું રહે તો પછી તેનો જરાય ભય રાખ્યા વગર દેહ છોડવાને પોતે તૈયાર થઇ જાય છે; કારણ કે તેને પૂર્ણ શ્રદ્ધા હોય છે કે મેં માનવજીવનને આત્મવિકાસ માટે વાપરીને તેની કદર કરી છે એટલે મને માનવજીવન ફરીને ચોક્કસ મળશે જ અને હું વધુ પ્રમાણમાં આત્મવિકાસ કરી શકીશ. આવા જીવનની કદર કરી વિકાસ સાધનારને મોત કોઇ પણ પ્રકારની કનડગત કર્યા સિવાય શાંતિપૂર્વક દેહ છોડવા દે છે; પણ વિષયાસક્ત પામર પ્રાણી કષાય-વિષયમાં જીવનને વેડફી નાંખી ઉત્તમ માનવ જીવનની અવગણના કરનારને તથા મોતનું નામ સાંભળવા માત્રથી પણ અત્યંત ભય, ત્રાસ, દુઃખ અને ઉદ્વેગ અનુભવનારને છેવટે મોત આવીને અનિચ્છાયે પણ તેનો પ્રાણ હરી લે છે.

કેટલાક અણજાણ માનવી માને છે કે, એક દિવસ મોત આવશે; પણ મોત જગતના એક ખૂણે પડેલું નથી. સંસારમાં એવું કોઇ સ્થળ નથી કે જ્યાં મોત નથી. આખાય સંસારમાં વ્યાપ્ત થઇને રહેલું છે, અને તે દરેક વસ્તુના પડછાયાસ્વરૂપ છે. જેનો પડછાયો પડે છે-પછી તે જડ હો કે ચૈતન્ય-તે બધીય વસ્તુ મોતને તાબે છે. જેનો પડછાયો નથી તે મોતને તાબે નથી, અર્થાત્ અરૂપી વસ્તુ મોતથી

મુક્ત છે કારણ કે તેનો ઓળો પડતો નથી. રૂપી વસ્તુનો પડછાયો પડે છે. માટે તે મોત ગ્રસ્ત છે. માનવીનો પડછાયો તેની સાથે જ રહે છે અને તે જ મોત સ્વરૂપ હોવાથી તેને બીજે ક્યાંયથી પણ આવવા જેવું રહેતું નથી અને એટલા માટે જ મોતને સ્થળ કે વયનો નિયમ નથી. ભલે માનવી માની લે કે મોત આવશે ત્યારે જોઇ લઇશું. હાલમાં તો મળેલી ધન સંપત્તિ તથા યુવાવસ્થાને મોજશોખ કરીને સફળ કરી લઇયે. અથવા તો અધર્મ તથા અનીતિ કરીને શ્રીમંતાઈનું માન મેળવી લઇયે. પણ તેમણે વિશ્વાસપૂર્વક સમજી લેવું જોઇયે કે અધર્મ તથા અનીતિ કરીને મોજશોખ માટે તથા શ્રીમંતાઈનું માન મેળવવાને માટે ધન મેળવતી વખતે મોતનો જે તિરસ્કાર કરવામાં આવે છે તેને મોત સાંખી શકવાનું નથી, તે માનવીની પાસે જ રહેલું હોવાથી તેના વિચાર તથા વર્તનને સારી રીતે જાણે છે એટલે માનવી ઉપર કોઇ પણ પ્રકારનું આળ ચઢાવીને કોઈ પણ બહાને તેને તીવ્ર દુઃખદાઇ ગતિમાં ધકેલી દે છે; માટે અધર્મ તથા અનીતિ કરતી વખતે પોતાની સાથેની નિરંતરની મોતની હાજરી ધ્યાનમાં રાખવાની અત્યંત આવશ્યકતા છે. તેમ જ મોજશોખ માટે બીજા જીવોના પ્રાણોથી મોતને પોષવાથી તે સબળ બની છેવટે અસહ્ય પીડા આપે છે અને અનેક જન્મ સુધી પણ પીછો છોડતું નથી; માટે જીવોના પ્રાણ ન આપવાની પ્રતિજ્ઞા કરીને મોતને નિર્બળ બનાવવા ચૂકવું નહિં.

આ પ્રમાણે સંસારમાં જેટલા ભયો છે તેની સીમા મોત છે. એનાથી આગળ વધીને ભયને અવકાશ નથી; કારણ કે મોતથી વધારે ભયાનક સંસારમાં કોઇ વસ્તુ જ નથી. સાધારણ માંદગીને તો માણસો કાંઇ પણ હિસાબમાં ગણતા નથી, પણ જ્યારે મંદવાડ વધી પડે છે ત્યારે ધનના ભોગે પણ રોગ મટાડવા પ્રયાસ કરે છે. તે રોગ મટાડવાના હેતુથી નહિં પણ મરવાના ભયથી કરે છે. જો કોઈ નિષ્ણાત વૈદ્ય ન મરવાની ખરી ખાતરી આપે તો કેટલાક કંજુસ માણસો દવા કરાવતા નથી. બીજા બધા ભયોથી મૂકાવાને માટે તો અનેક પ્રકારના ઉપાયો છે, અને તે દ્વારા ઘણા માણસો ભયથી મુક્ત થાય છે; પણ મોતનો ભય ટાળવાને માટે કોઇ પણ ઉપાય નથી, છતાં જે ઉપાયો છે તેને વિષયાસક્ત કરી શકતા નથી; કારણ કે મોતને જીતનાર મહાપુરુષોના વિચાર તથા વર્તનને આવકાર આપતાં હીન સત્વવાળા અચકાય છે; કારણ કે મોતને જીતવામાં મહાપુરુષોએ ત્યાગને પ્રધાનતા આપી છે, જેને અનાદિ કાળથી ભોગના સંસ્કારવાળા જીવો મોતથી બ્હીવા છતાં પણ ભોગનો ત્યાગ કરીને ત્યાગનો માર્ગ અંગીકાર કરી શકતા નથી જેથી કરીને મોતની ક્રૂર કનડગતથી મૂકાતા નથી.

પરિગ્રહમીમાંસા.

લેખકઃ—મુનિશ્રી ધુરંધરવિજયજી.

(ગત વર્ષના અંક ૧૧ના પૃષ્ઠ ૨૦૧થી ચાલુ.)

('વસ્ત્ર ધારણ કરવું એ પણ પરિગ્રહ છે' એવી દિગમ્બર માન્યતાનો નિરાસ કરતી શ્રી ઉત્તરાધ્યયન-બૃહદ્વૃત્તિને અનુસારી વિશદ વિચારણા.)

[પૂર્વાનુસંધાન—શ્વેતામ્બર-દિગમ્બરની ચાલુ ચર્ચામાં વસ્ત્ર-પાત્ર રાખવાથી શું દોષ છે ? એ પ્રશ્નના ઉત્તરમાં દિગમ્બરે પંચમ વ્રતનો વિનાશ થાય, સંસક્તિ થાય, ને કષાય વધે એમ ત્રણ દોષો દર્શાવ્યા છે. તેમાં પરિગ્રહવિરમણવ્રત કેવી રીતે થાય છે ? તેનો વિચાર ચાલતાં અનેક રીતે તેનું ખંડન-મંડન પૂર્વે થયેલ છે. હવે આગળ તે ચર્ચા નીચે પ્રમાણે ચાલે છે.]

(૩)

શ્વેતામ્બર-વસ્ત્ર-પાત્ર એ પરિગ્રહ નથી. પરિગ્રહ એ મમત્વબુદ્ધિરૂપ છે-મૂર્ચ્છારૂપ છે. જે માટે કહ્યું છે કે—

न सो परिग्गहो वुत्तो, णायपुत्तेण ताइणा।
मुच्छा परिग्गहो वुत्तो, णायपुत्तेण ताइणा॥

માટે એ નિશ્ચિત છે કે, પરિગ્રહ તો મૂર્ચ્છા જ છે. હવે એ મૂર્ચ્છા જો વસ્ત્ર-પાત્ર રાખવા માત્રથી-ધારણ કરવા માત્રથી થઇ જતી હોય તો કંઇ પણ નહિં રાખતા, પ્રતિમા વહન કરતા મુનિના શરીર ઉપર શરદીના સમયમાં, શિયાળામાં કોઇ ભક્ત વસ્ત્ર-કામળ નાખે, તો તે પણ તેમને પરિગ્રહ થઈ જશે. મુનિ પ્રતિમાપન્ન છે એટલે તે દૂર કરી શકે તેમ નથી, માટે કેવળ વસ્ત્ર-પાત્ર ધારણ કરવા એને પરિગ્રહ કહી શકાય નહિં.

દિગમ્બર-કોઇ એમ ને એમ નાખી જાય એને અમે પરિગ્રહ માનતા નથી. અમે તો જાતે ગ્રહણ કરી પોતાના જ ઉપયોગ માટે રાખવામાં આવે છે તેને પરિગ્રહ માનીએ છીએ.

શ્વેતા૦-જો જાતે ગ્રહણ કરી રાખવું એને પરિગ્રહ માનતા હો તો તમે કુંડી-કમણ્ડલુ-મોરપિચ્છ વગેરે એમ ને એમ રાખો છો કે જાતે સ્વીકારીને રાખો છો ?

દિગ૦-તે યતનાના કારણ હોવાથી તેનું અમે સ્વયં ગ્રહણ કરીએ છીએ.

શ્વેતા૦-જો તે સર્વ જાતે ગ્રહણ કરો છો તો તે પણ તમને પરિગ્રહરૂપ થશે.

દિગ૦-અમને તેમાં મૂર્ચ્છા થતી નથી માટે તે પરિગ્રહરૂપ નથી. બીજું તે તે પદાર્થો એટલા સુલભ અને તુચ્છ છે કે તેમાં મૂર્ચ્છા થવા જેવું કાંઇ છે જ નહિં.

શ્વેતા૦-મૂર્ચ્છા એ અભ્યન્તર વસ્તુ છે. તે બહારના પદાર્થની કિંમત ઉપર આધાર રાખે છે એવું નથી. એક દરિદ્ર-મહામોહવાળાને પોતાની ફુટલી હાંડલી ઉપર જે મૂર્ચ્છા હોય છે તેવી મૂર્ચ્છા, મહાઋદ્ધિના સ્વામી નિર્મોહી ચક્રવર્તીને પણ હોતી નથી; માટે જે પ્રમાણે યતના માટે કુંડી-કમણ્ડલુ-મોરપિચ્છ વગેરે રાખો છો ને મૂર્ચ્છા માનતા નથી, તે જ પ્રમાણે

સંયમની રક્ષા માટે મૂર્છા વગર ગ્રહણ કરાતા વસ્ત્ર-પાત્ર વગેરેમાં પણ દોષ નથી, ને તેને પરિગ્રહ માનવામાં કાંઇ પણ પ્રમાણ નથી એમ માનો.

સંયમ અને લજ્જાના રક્ષણ માટે મુનિઓ વસ્ત્ર-પાત્ર-કંબલ-પાદપુંછન વગેરે જે કાંઇ ઉપયોગમાં આવે તેને સ્વીકારે છે ને ન કામ હોય ત્યારે ત્યજી દે છે, તેમાં સહજ પણ મમત્વ-મૂર્છા ધારણ કરતા નથી. જે માટે કહ્યું છે કે—

'जं पि वत्थं व पायं वा, कंबलं पायपुंछणं ।
तं पि संजमलज्जट्ठा, धरंति परिहरंति य ॥'

* * *

દિગ૦-અસ્તુ. વસ્ત્ર-પાત્રમાં મૂર્છા ન હોય તો તેને પરિગ્રહપણું ન હો તોપણ તે રાખવાથી તેમાં સંસક્તિ થાય છે. અર્થાત્ વસ્ત્ર વગેરેમાં કાળક્રમે અનેક નાના-મોટા જીવ-જન્તુઓ જન્મે છે. છેવટ ઉપકરણ એ પણ એક જાતનું અધિકરણ બની જાય છે, ને અનર્થની પરમ્પરાનું કારણ થાય છે. અમે કુંડી, કમણ્ડલુ વગેરે રાખીએ છીએ તેમાં તેમ બનતું નથી.

શ્વેતા૦-વસ્ત્ર વગેરેમાં જીવ-જન્તુઓ ભવિષ્યમાં ઉત્પન્ન થશે એમ ધારી તેનો ત્યાગ કરતા હો તો આહાર આદિમાં તેની સંભાવના વિશેષ છે. સહજ પણ કાળક્રમ થાય કે તરતજ આહાર વગેરેમાં કૃમિ-વગેરે બેઇન્દ્રિય જીવો ઉત્પન્ન થઈ જાય છે, તે પ્રત્યક્ષ સિદ્ધ છે; માટે તેનો પણ ત્યાગ કરવો જોઇએ.

દિગ૦-આહાર જીવનું ઉત્પત્તિસ્થાન બને પણ યતના-ઉપયોગપૂર્વક જરૂર પૂરતો જ ગ્રહણ કરવામાં તેમ બનતું નથી માટે તેમાં દોષ નથી.

શ્વેતા૦-તો તે જ પ્રમાણે ઉપયોગ સાચવવાપૂર્વક યતનાથી ખપપૂરતાં વસ્ત્ર-પાત્ર ગ્રહણ કરવામાં દોષ નથી, એમ માનવું એ જ યુક્ત છે.

(૪)

દિગ૦-વસ્ત્ર-પાત્ર વગેરે જયણાપૂર્વક ધારણ કરવાથી સંસક્તિ ન થાય તોપણ તેથી કષાય-વૃદ્ધિ તો અવશ્ય થાય છે માટે તે ત્યાગ કરવા યોગ્ય છે.

શ્વેતા૦-વસ્ત્ર વગેરે કષાયને વધારે છે એમ માનો છો તો તે કોના કષાયને વધારે છે? ધારણ કરનારના કે ધારણ કરનારને નીરખી અન્યના?

દિગ૦-પ્રથમ તો ધારણ કરનારના જ કષાય વધે છે. વસ્ત્ર રાખતા ધીરે ધીરે સારા-મૂલ્યવાન્ વસ્ત્ર ગ્રહણ કરવાનો લોભ જાગે છે. તે વસ્ત્રાદિ કોઇ બગાડે તો તેના ઉપર ક્રોધ થાય છે. લોભ ને ક્રોધને આશ્રયી માન-માયા પણ જન્મે છે એટલે વસ્ત્રાદિ ચારે કષાયનું કારણ બને છે.

શ્વેતા૦-એ રીતે કષાયનું કારણ માની તેનો ત્યાગ જો કરતા હો તે જ પ્રમાણે શ્રુત-જ્ઞાન-અભ્યાસ-અધ્યયન વગેરે પણ ન કરવા જોઇએ. જ્ઞાનથી પણ કેટલાએકને અહંકાર-માન જન્મે છે. ભણેલાને કોઇ અબહુમાનથી બોલાવે તો તેને માનહાનિ લાગશે ને તે ચીડાઇ જશે-ક્રોધ કરશે. નવા નવાં શાસ્ત્રોનો લોભ તો તેને માટે અનિવાર્ય બનશે. માયા તો તેના જેવી બીજાને આવડે જ નહિં. એ જ પ્રમાણે તપ પણ કષાયમાં નિમિત્ત થશે, માટે તે સર્વનો ત્યાગ કરવો.

દિગ૦-તમારું કહેવું યથાર્થ છે. જ્ઞાન વગેરે કેટલાએકને અભિમાન કરાવતા હશે? પણ વિવેકી આત્માઓને તેમ બનતું નથી.

તેઓનો અહંકાર તો જેમ જેમ તેઓ વિશેષ જાણતા જાય છે તેમ તેમ ઘટતો જાય છે. બીજું 'नाणं पहाणं' 'नाणं पयासगं' 'पढमं नाणं तओ दया' વગેરે વચનો જ્ઞાનના પ્રવર્તક છે. જ્ઞાન વગર ધર્મસાધન યથાર્થ થઇ શકતું નથી. માટે તેનો ત્યાગ કરાય જ નહિં. તે તો સર્વદા સ્વીકાર્ય જ છે. વસ્ત્ર માટે તેમ નથી એટલે તેને તે તે દોષનું નિમિત્ત માની ત્યજવું જોઇએ.

શ્વેતા૦–

यदा किञ्चिज्ज्ञोऽहं द्विप इव मदान्धः समभवं,
तदा सर्वज्ञोऽस्मीत्यभवदवलिप्तं मम मनः॥
यदा किञ्चित् किञ्चिद्बुधजनसकाशादवगतं,
तदा मूर्खोऽस्मीति ज्वर इव मदो मे व्यपगतः॥

(જ્યારે હું અલ્પજ્ઞ હતો–કાંઇક જ જાણતો હતો ત્યારે હાથીની માફક મદાન્ધ હતો, ત્યારે મારું મન 'હું સર્વજ્ઞ છું' એવા અભિમાનથી ભરેલું હતું. (પણ) જ્યારે વિદ્વાનો–જ્ઞાનીઓ પાસેથી કાંઇક કાંઇક જાણ્યું ત્યારે હું મૂર્ખ છું એમ થયું ને તાવની જેમ મારો અહંકાર–મદ ચાલ્યો ગયો.)

એ ભર્તૃહરીના કથન પ્રમાણે જો જ્ઞાન વિવેકીઓને અહંકારનું કારણ ન બનતાં અહંકારને ઓછું કરતું હોય તો વસ્ત્ર વગેરે પણ વિવેકીઓને લોભ-ક્રોધના કારણ બનતા નથી. કેવળ સંયમમાં સહાય કરી ગુણપ્રાપ્તિમાં નિમિત્ત બને છે. મૂર્ખાઓને હિતના સાધનો પણ અહિતને માટે થાય છે, અને વિવેકીઓને અહિતના સાધનો પણ હિતને માટે થાય છે. વસ્ત્ર વગેરે ધર્મમાં ઉપકારી, સંયમ અને લજ્જાના રક્ષક હિતના સાધન છે. કોઇ મૂર્ખાઓને તેથી અહિત થયા હોય ને તે કારણે તે સર્વથા ત્યાજ્ય છે એમ માનવું–ધર્મમાં બાધક માનવું એ મૂર્ખતા છે.

દિગ૦–જ્ઞાન અને વસ્ત્ર બન્નેને તમે સમાન રીતે ધર્મમાં ઉપકારી ગણાવી તે બન્નેમાં સરખી આદરણીયતા જણાવો છો તે યથાર્થ નથી. જ્ઞાન સિવાય ધર્મસાધના થઇ શકતી નથી અને વસ્ત્ર વગર થઇ શકે છે, તે પ્રત્યક્ષ સિદ્ધ છે, માટે વસ્ત્ર ધર્મસાધનમાં ઉપયોગી નથી.

શ્વેતા૦–ધર્મસાધનામાં વસ્ત્ર ઉપકારી નથી, એ તમે શાથી કહો છો ?

દિગ૦–ધર્મના ઉત્કૃષ્ટ સાધક તીર્થંકર ભગવંતો છે. તેઓ ચીવર–વસ્ત્ર ધારણ કરતા નથી. જો વસ્ત્ર ધર્મમાં ઉપકારી હોત તો તેઓશ્રીએ અવશ્ય સ્વીકાર્યું હોત. તેઓએ નથી સ્વીકાર્યું માટે તે ધર્મમાં ઉપયોગી નથી.

શ્વેતા૦–પૂજ્ય તીર્થંકર પરમાત્માઓ વસ્ત્ર ધારણ નથી કરતા તે શાથી કહો છો ?

(ચાલુ)

तत्त्वसार.

મુનિશ્રી પુણ્યવિજયજી (સંવિજ્ઞપાક્ષિક).

(સદરહુ 'तत्त्वसार' નામનો દ્વિતીય પ્રસ્તાવ 'योगसार' નામક ગ્રન્થમાંથી લઈને તથાપ્રકારના ભવ્ય જીવોને સમજવા યોગ્ય ઉપયોગી ધારી આપવામાં આવેલ છે. એમાં યથાનામા તત્ત્વનો સાર શું? એ બહુ વિશદ રીતે નિરૂપણ કરેલું જોઇ શકાય છે.)

सर्वेऽपि सांप्रतं लोकाः प्रायस्तत्त्वपराङ्मुखाः।
क्लिश्यन्ते स्वाग्रहग्रस्ता दृष्टिरागेण मोहिताः॥

આજકાલ સર્વ જીવો પ્રાયઃ તત્ત્વથી પરાઙ્મુખ, કદાગ્રહથી ભરેલા અને દૃષ્ટિરાગ (પોતપોતાના મતની અંધશ્રદ્ધા) થી મોહિત થયેલા જોવામાં આવે છે. ૧.

दृष्टिरागो महामोहो दृष्टिरागो महाभवः।
दृष्टिरागो महामारो दृष्टिरागो महाज्वरः॥ २॥

દૃષ્ટિરાગ એ એક પ્રકારનો મહાન્ મોહ છે, દૃષ્ટિરાગ એ સંસારનું મુખ્ય કારણ છે, દૃષ્ટિરાગ એ એક પ્રકારનો વિષમ જ્વર છે, ટૂંકમાં દૃષ્ટિરાગ એ સત્યાનાશ કરનારી વસ્તુ છે. ૨.

पतितव्यं जनैः सर्वैः प्रायः कालानुभावतः।
पापो मत्सरहेतुस्तद् निर्मितोऽसौ सतामपि॥

કાલના પ્રભાવથી પ્રાયઃ સર્વ જીવોનું-સારા અને ખરાબ દરેકનું પતન થવું જોઇએ, તેથી સજ્જન માણસોના મનમાં પણ માત્સર્ય ઉત્પન્ન કરનાર દુષ્ટ દૃષ્ટિરાગની સૃષ્ટિ થયેલી હોય એમ લાગે છે. ૩.

मोहोपहतचित्तास्ते मैत्र्यादिभिरसंस्कृताः।
स्वयं नष्टा जनं मुग्धं नाशयन्ति च धिग् हहा॥

ધિક્કાર છે તેઓને કે જેઓનું ચિત્ત દૃષ્ટિરાગથી આહત થયેલું હોય છે અને જેઓ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને ઉપેક્ષા એમ ચાર ઉત્તમ ભાવનાના ઉત્તમ સંસ્કારથી વંચિત હોઇને સ્વયં નાશ પામે છે અને બીજા ભોળા માણસોનો પણ નાશ કરે છે. ૪.

परे हितमतिर्मैत्री मुदिता गुणमोदनम्।
उपेक्षा दोषमाध्यस्थ्यं करुणा दुःखमोक्षधीः॥

અન્ય જીવના હિતની ઇચ્છા કરવી તે મૈત્રી, બીજાના ગુણોનું અનુમોદન કરવું તે પ્રમોદ, અન્યનાં દોષો તરફ મધ્યસ્થતા રાખવી તે ઉપેક્ષા અને બીજા જીવોના દુઃખનો છૂટકારો કરવાની બુદ્ધિ તે કરુણા છે. ૫.

मैत्री निखिलसत्त्वेषु प्रमोदो गुणशालिषु।
माध्यस्थमविनयेषु करुणा सर्वदेहिषु॥ ६॥
धर्मकल्पद्रुमस्यैता मूलं मैत्र्यादिभावनाः।
यैर्न ज्ञाता न चाभ्यस्ता स तेषामतिदुर्लभः॥७॥

સર્વ જીવો તરફ મૈત્રી, ગુણીજનો તરફ આનંદ, વિપરીત વૃત્તિ ધારણ કરનાર તરફ ઉપેક્ષા અને સર્વ જીવો ઉપર કરુણા એમ આ ચાર ભાવનાઓ ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂલ છે. જેઓ આ ચાર ભાવનાને જાણતા નથી અને જેઓએ તેનો અભ્યાસ કર્યો નથી તેઓને ધર્મ પ્રાપ્ત થવો તે અત્યન્ત કઠિન છે. ૬-૭.

अहो विचित्रं मोहान्ध्यं तदन्धैरिह यज्जनैः।
दोषा असन्तो वीक्ष्यन्ते परे, सन्तोऽपि नात्मनि॥

ખરેખર મોહરૂપ અંધકાર એવો વિચિત્ર છે કે તેથી અંધ થયેલા માણસો બીજાના અછતા દોષોને જુએ છે અને પોતાના છતા દોષોને પણ જોઇ શકતા નથી. ૮.

સૂક્ત–મુક્તાવલિઃ

સંગ્રાહક–મુનિશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

૧. નિર્દોષ ગોચરી અને નિરન્તર સ્વાધ્યાય એ ચરણ–કરણસિત્તરીનો સાર છે. એમાં કંટાળતો મુનિ મંદ સંવેગી છે અને ઉદ્યમવન્ત તીવ્ર સંવેગી જાણવો.

૨. जे आसवा ते परिसवा—

પાપબંધ કરાવનાર જે કંચન–કામિની તે વિરાગીને વિરાગ પમાડનારરૂપ બની કર્મ નિર્જરા કરાવે છે.

૩. હે સાધુઓ ! જો ગૃહસ્થ એવો કામદેવ પણ ઉપસર્ગો સહી શકે છે તો પછી-જિનાગમ પામેલા એવા મુનિઓને તો તે શક્ય જ છે.

૪. જેણે દીક્ષા લેવી હોય તેને કૃષ્ણ મહારાજા મહોત્સવપૂર્વક દીક્ષા અપાવે છે, અને પાછલની ચિન્તા પણ ઉઠાવી લે છે.

૫. આચારધર્મથી પરવારેલા વેષધારીઓ–ઊગતી પ્રજાના ધર્મસત્તાના મૂળમાં અંગારા મૂકનારા છે.

૬. જયણા જાળવો. જયણા એ ધર્મની જનેતા છે અને ધર્મનું પાલન કરનારી છે. દાન, શિયલ અને તપનો અલંકાર પણ જયણા જ છે.

૭. કુશીલ નામના કુગુરુઓ શરીરના જંઘા આદિ ઘસીને સુંવાળા રાખે છે.

૮. વૈરાગ્યના શત્રુ એ, વીતરાગ દેવના–

मदीयं दर्शनं मुख्यं पाखण्डान्यपराणि तु ।
मदीय आगमः सारः परकीयास्त्वसारकाः ॥९॥
तात्त्विका वयमेवान्ये भ्रान्ताः सर्वेऽप्यतात्त्विकाः।
इति मत्सरिणो दूरोत्सारितास्तत्त्वसारतः ॥१०॥

અમારું દર્શન, અમારો ધર્મ એ જ ખરો છે, બીજાનાં મતો બધાં પાખંડો છે, અમારું શાસ્ત્ર એ જ સાર છે, અને બીજાનાં શાસ્ત્ર નિઃસાર છે, અમો જ ખરા તત્ત્વજ્ઞાની છીએ, બીજા સર્વ અતાત્ત્વિક–ભ્રાન્ત છે; એમ માનનારા કેવલ મત્સરી છે, અને તેઓ તત્ત્વજ્ઞાનથી ઘણા જ દૂર છે. ૯–૧૦.

यथाऽऽहतानि भाण्डानि विनश्यन्ति परस्परम् ।
तथा मत्सरिणोऽन्योन्यं हि दोषग्रहणाद्हताः ॥

જેવી રીતે હાંડાંઓ આપસમાં અથડાવાથી નાશ પામે છે, તેમ મત્સરી જીવો પણ એક બીજાના દોષો ગ્રહણ કરવામાં જ લીન હોવાથી નાશ પામે છે. ૧૧.

परं पतन्तं पश्यन्ति न तु स्वं मोहमोहिताः ।
कुर्वन्तः परदोषाणां ग्रहणं भवकारणम् ॥ १२ ॥

મોહથી અંધ બનેલા જીવો બીજાને પડતા જુએ છે, પણ પોતાના અધઃપતનને જોઇ શકતા નથી. અન્યના દોષો જોવા તે સંસારવૃદ્ધિનું જ કારણ છે. ૧૨.

यथा परस्य पश्यन्ति दोषान् यद्यात्मनस्तथा ।
सैवाजरामरत्वाय रससिद्धिस्तदा नृणाम् ॥१३॥

જેવી રીતે માણસો બીજાના દોષોને જુએ છે તેવી જ રીતે જો પોતાના દોષોને જુએ તો તે અજરામરપણાને માટે રસસિદ્ધિ સમાન નીવડે. અર્થાત્ પોતાના જ દોષોને દેખનારા જીવો જલદી મોક્ષને મેળવે છે. ૧૩.

વીતરાગપ્રણીત ધર્મના અને આખા ય જૈન શાસનના શત્રુ સમજવા.

૯. હે ભગવન્! નાગિલ શ્રાદ્ધ કેમ મુક્તિ પામ્યો? હે ગોયમ! આગમયુક્તિએ કુશીલ એવા સાધુઓને ત્યજી અટવીમાં અનશન કરવાથી.

૧૦. કામવાસના કેવલ સંકલ્પમાંથી જન્મી વિશ્વને વિડંબે છે, તો તેથી બચવા તેના મૂલભૂત સંકલ્પનો જ નાશ કર.

૧૧. **ધુન જગાવ નવકારની!** ફક્ત એક જ નવકારના કાઉસગ્ગમાં લગભગ ૨૦ લાખ પલ્યોપમ પ્રમાણ દેવાયુ બંધાય છે.

૧૨. હે જંબૂ! પૃથ્વીકાયાદિ જીવોના ઘાતક તથા આરંભ સમારંભોથી વિરામ નહિ પામનારા પ્રાણીઓ ચારે ય ગતિમાં સતત ભટકે છે અને પારાવાર વેદના વેદે છે.

૧૩. પ્રમાદીને પૈસા કાંઇ પરલોકમાં જતા બચાવી શકતા નથી.

૧૪. ક્રિયા સહિતનું સદ્જ્ઞાન જ મુક્તિનું સાધન છે.

૧૫. મોહને દળવા સમાન બીજો કોઇ ઉપાય નથી.

૧૬. ચેત!!! ભીષણ મરણ પછી ધર્મ સિવાય અન્ય કોઇ વસ્તુ સહાયક નથી.

૧૭. ઇન્દ્રોને અનાથની જેમ પીડનાર એવો કામ, અધ્યાત્મ ધ્યાનાગ્નિમાં પતંગીયાની જેમ બળી જાય છે, તો વાસનામાં વહ્યા કરતાં અધ્યાત્મમાં ઝીલ!

૧૮. ઋણ, વ્રણ, અગ્નિ અને કષાય જો જરા પણ રહ્યા હોય તો પણ તેનો વિશ્વાસ ન કરો; કેમકે રજમાંથી ગજ થાય છે.

૧૯. વિષયોની ઇચ્છા, જીવને ઇચ્છા વિના પણ દુર્ગતિમાં જ પટકે છે.

૨૦. સેવકને પણ સ્વામી બનાવનાર એવા સ્વામી જિનેશ્વર દેવો જ છે.

૨૧. સૂર્યાસ્ત પછી હૃદય અને નાભિ-પદ્મ સંકોચાય છે અને તે સમયે ભોજનમાં સૂક્ષ્મ અને સંસક્ત જીવો પડે છે; માટે રાત્રિભોજન કદાપિ કરવું નહિં.

૨૨. ચોરી કરનાર પોતાના જ આ લોક-પરલોક-ધર્મ ધૈર્ય તથા સુંદર મતિ વિગેરેને ચોરે છે.

૨૩. **जाए सद्धाए निवसन्तो, तमेव अणुपालिज्जा—**

હે જંબૂ! જે શ્રદ્ધા અને સંવેગથી સંયમ લીધું તે જ શ્રદ્ધા અને સંવેગને કાયમ સાચવવો.

૨૪. માત્ર ઋજુસૂત્ર નયથી, વેદાન્ત બૌદ્ધ સંગ્રહથી તથા સાંખ્ય નૈગમથી ન્યાય વૈશેષિક પ્રગટ્યા પરન્તુ હે વિભો! તેં પ્રકાશેલ **જૈનધર્મ**, તે તો સર્વ નયોથી ગુંફિત હોઇ પ્રત્યક્ષ સારવાળો છે.

શ્રી હેમચંદ્રાચાર્યની જીવન ઝરમર.

(ગતાંક પૃષ્ઠ ૨૨૨ થી શરૂ.)

(લેખકઃ—મુનિ શ્રી ન્યાયવિજયજી.)

એક વાર દેવબોધી નામના સંન્યાસીએ ઇંદ્રજાળ અને મંત્રબળે મહારાજ કુમારપાલને જૈનધર્મમાંથી ડગાવી દેવા, અને પુનઃ પોતાનો ધર્મ સ્વીકારવા પ્રયત્ન કર્યો.

પોતે કમળના તાંતણાથી બનાવેલી સુકોમલ જાળીમય પાલખી ઉપર બેસી, આઠ નાના બાલકો પાસે તે ઉપડાવી નગરમાં ફર્યો. સર્વત્ર એની વાહવાહ થઇ. રાજસભામાં પણ એવી રીતે ગયો. બધાયને આશ્ચર્ય થયું. એક વાર રાજા કુમારપાલના પૂજન સમયે દેવમંદિરમાં ગયો. ત્યાં રાજાને પોતે ભરાવેલી શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમાનું પૂજન કરતો જોઇ દેવબોધીને ગુસ્સો આવ્યો, અને કહ્યું રાજન્! જૈન ધર્મ અમારા વેદવિહિત નથી માટે માનવો ઉચિત નથી.

રાજા-વેદોમાં હિંસાનું વિધાન છે એટલે એ વેદમાન્ય નથી.

પછી દેવબોધીએ રાજાના પૂર્વજોની હાજરીમાં ઇન્દ્રજાળથી બ્રહ્મા, શંકર અને હરિના મુખથી કહેવરાવ્યું કે-વૈદિક આપણો કુલપરંપરાનો ધર્મ છે અને તે જ સત્ય ધર્મ છે. રાજા આ સાંભળી મુંઝાયો.

આ સમાચાર શ્રી હેમચંદ્રાચાર્યને મળ્યા. બીજે દિવસે મહારાજ કુમારપાલ વ્યાખ્યાનમાં આવ્યા છે. સભા ચિકાર ભરાઇ છે. ધર્મોપદેશ ચાલી રહ્યો છે. સૂરિજી મહારાજ સાત પાટ ઉપર બેસી અમૃત વાણી વર્ષાવી રહ્યા છે ત્યાં આચાર્યશ્રીના પૂર્વસૂચન મુજબ એક શિષ્યે આવી એક પછી એક પાટ લઈ લીધી. સૂરિજી મહારાજ ઉપદેશ આપી જ રહ્યા છે. આમ ને આમ અદ્ધર દોઢ પહોર ઉપદેશ આપ્યો. રાજા અને સમસ્ત-પ્રજા આ જોઇ દિગ્મૂઢ બની ગઈ. દેવબોધિને કમળતંતુઓનો પણ આશ્રય હતો, આ આચાર્યશ્રી તો અદ્ધર રહી ધર્મોપદેશ આપી રહ્યા છે. ઉપદેશ પૂર્ણ થયા પછી રાજા આચાર્યશ્રીના કહેવાથી દેવમંદિરમાં ગયો. ત્યાં ચોત્રીશ અતિશયયુક્ત શ્રી ઋષભદેવ પ્રભુજીની પ્રતિમા હતી, આઠ પ્રાતિહાર્યો સેવામાં હતા અને ૬૪ સુરેંદ્રો તેમની પૂજા કરી રહ્યા હતા. કુમારપાલના પૂર્વજો ચૌલુક્યાદિ ૨૧ ત્યાં જિનદેવની સ્તુતિ કરતા હતા શ્રી હેમચંદ્રાચાર્યજીએ ભક્તિપૂર્વક જિનેંદ્રદેવની સ્તુતિ કરી. બધા બેઠા. આખરે કુમારપાલના પૂર્વજોએ કુમારપાલને કહ્યું—

"હે વત્સ! કુમાર્ગને ત્યાગી શ્રી જૈન ધર્મને સેવનાર તારાવડે જ અમે પુત્રવાન થયા છીએ.

હવે પછીથી તું જિનદેવ, સુસાધુ અને દયામય ધર્મ એ ત્રણ તત્વોનું સ્વરૂપ જાણી તેમને ગ્રહણ કરી આચરણ કર."

બસ આ સાંભળી બધા આશ્ચર્યમાં બેઠા છે ત્યાં બધું અદૃશ્ય થયું. રાજા વધુ વિમામણમાં પડ્યો. સૂરિજી મહારાજને પૂછ્યું. ગઇકાલે જે જોયું અને સાંભળ્યું એથી તદ્દન ઊલટું જ અહીં જોયું અને સાંભળ્યું-આમાં સાચું શું છે?

શોક–મોહની નિવૃત્તિનો ઉપાય.

અનુ:—' અભ્યાસી '

શાસ્ત્રોમાં શોક–મોહને જ મુખ્ય સંસાર માનવામાં આવ્યો છે. ' तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः ' એ શ્રુતિમાં એમ બતાવવામાં આવ્યું છે કે એકત્વદર્શી તત્વનિષ્ઠ પુરુષને માટે શોકોપલક્ષિત સંસારનું અસ્તિત્વ જ નથી રહેતું. શોક દૂર કરવા માટે ગીતાશાસ્ત્રની પણ પ્રવૃત્તિ પરિલક્ષિત થયેલી છે. ' अशोच्या नन्वशोचस्त्वम् ' થી શોક કરવાનું અયોગ્ય બતાવવામાં આવ્યું છે: ' मैव शोचितुमर्हसि, तत्र का परिदेवना ' વગેરે વચનોવડે પણ શોકના પરિહારનો જ પ્રયત્ન કરવામાં આવ્યો છે. અર્જુને પોતે પણ શોકસંવિગ્ન બનીને કહ્યું છે કે ' હે ભગવાન! સંસારમાં એવી કોઈપણ સંપત્તિ કે ઉન્નતિ નથી કે જે મારા શોકનું અપાકરણ કરી શકે! ખરેખર શોક ભારે ઉત્તેજક વસ્તુ છે. એનું બીજું નામ છે ચિન્તા. તે તો સર્વત્ર છે. મહાત્મા તુલસીદાસજી તો કહે છે કે એવા પ્રાણી ઘણા થોડા જોવામાં આવશે કે જેને ચિંતારૂપી સાપણે ડંખ ન માર્યો હોય અને જેના ઉપર માયા ન વ્યાપી હોય.

ચિંતા સાપિની કાહિ ન ખાયા;
કો જગ જાહિ ન વ્યાપી માયા.

ચિન્તાથી જર્જરિત થયેલ અંતઃકરણવાળો પ્રાણી કોઈ પુરુષાર્થ માટે લાયક નથી રહેતો, જે વૃક્ષના મૂળમાં અગ્નિ જાજ્વલ્યમાન થઈ રહ્યો હોય છે ત્યાં ખરેખર પલ્લવોની સુખદ, શીતળ વાયુપ્રાપ્તિ દુર્લભ છે. વળી શોક મોહના રહેવાથી અનેક ઉપદ્રવો થવાનો સંભવ છે, કેમકે એ જ સઘળા અનર્થોનું મૂળ છે. શોક મોહને લઈને જેના વિવેકવિજ્ઞાનનો પરિભવ થઈ જાય છે તેનાથી કર્તવ્યાકર્તવ્યનો નિર્ણય નથી થઈ શકતો. પહેલાં તો ત્યાં અકર્તવ્યમાં પ્રવૃત્તિ અને કર્તવ્યની ઉપેક્ષા થાય છે. કોઈ વખત અહંકાર યુક્ત પ્રવૃત્તિ પણ થાય છે. જેટલો તાપ ચિંતા–સંતાપથી થાય છે તેટલો દાવાનલના તાપથી પણ નથી થતો. ખરેખર ચિંતા અત્યંત દારૂણ છે. એનો ઔષધિ કે લંઘનોથી અંત નથી આવતો. એટલું જ નહિ પણ કોઈપણ પ્રકારે તે કાર્ય મુશ્કેલ છે. ચિન્તા જ્વર મનુષ્યોની ક્ષુધા, નિદ્રા, શક્તિ–સર્વનું હરણ કરી લે છે. રૂપ, ઉત્સાહ, બુદ્ધિ, શોભા તેમજ જીવનને પણ સંકટમાં નાખી દે છે. અઠવાડિયું વીત્યા પછી જ્વર જીર્ણ થાય છે, પરંતુ ચિંતા જ્વર હરહમેશ નવીનતા જ પ્રાપ્ત કરે છે. મોટા ધન્વંતરીને પણ તેમાં સફલતા નથી મળતી. ચરકનો સંચાર પણ ત્યાં બેકાર છે. ચિંતાજ્વર દૂર કરવામાં અશ્વિનીકુમાર પણ સફળ નથી થતા.

अहो देवाग्निदवथुस्तथा मां न स बाधते ।
बाधते तु यथा चित्ते चिन्तासंतापसंततिः ॥

युक्तमुक्तं पुराविद्भिश्चिन्ता मूर्तिः सुदारुणा ।
न भेषजैर्लंघनैर्वा न चान्यैर्वा न चान्यैरुपशाम्यति ॥

चिन्ताज्वरो मनुष्याणां क्षुधां निद्रां बलं हरेत् ।
रूपमुत्साहबुद्धिं च जीवितं च न संशयः ॥

ज्वरो व्यतीते षडहे जीर्णज्वर इहोच्यते ।
असौ चिन्ताज्वरस्तीव्रः प्रत्यहं नवतां व्रजेत् ॥

આત્માને સંસારની અસારતાનું તલસ્પર્શી ભાન થાય, એમાં જરૂર પૂર્વભવના સુસંયોગોનો-પ્રાપ્ત કરેલ લગભગ ઉચ્ચ ભૂમિકાનો-નહિં જેવા પ્રમાદના કારણે જ જીતની બાજી હારમાં પરિણમ્યાનો-યોગ અનુમાની શકાય. ઉચ્ચ ભૂમિકાના સાધક વિના એકાદી અટુલી વસ્તુમાત્રના દર્શને આત્મા એકાએક ઉત્કટ ભાવના વાસિત બની જાય અને અલ્પ કાળમાં સાધનાની પ્રબળતાથી આત્મસાક્ષાત્કાર કરે એ સંભવિત ન જ ગણાય પૂર્વભવના સંકેતને જ એમાં કારણભૂત ગણવો પડે. આટલું સમજી આગળ વધીએ કે જેથી પ્રસ્તુત લેખમાં ભાગ ભજવતા આત્માઓના જીવન વિલોકવામાં મુશ્કેલી ન આવે.

સાક્ષી પુષ્પચૂલા—

પ્રજાને પ્રતિજ્ઞામાં બાંધી લઇ રાજવીએ પુષ્પચૂલ અને પુષ્પચૂલા કે જે ભાઇ-બ્હેન થતાં હતાં અને બાલ્યકાળથી જેમનામાં પરસ્પર ગાઢ સ્નેહ પ્રવર્તતો હતો તેમના લગ્ન કર્યાં. આ કાર્યથી નારાજ થઈ રાણીએ સંસાર પરની આસક્તિ છોડી દઇ, તપ સાધનાદ્વારા જીવન વીતાવી વ્યંતરનિકાયમાં દેવપણું મેળવ્યું ! રાજવીના અવસાન પછી ગાદી પર પુષ્પચૂલ આવ્યો અને પુષ્પચૂલા સાથેના વિલાસમાં આકંઠ બૂડ્યો. દંપતી જીવનના વિલાસ માણવામાં આ યુગલે ન તો પાછી પાની કરી કે ન તો ધર્મનીતિ પ્રતિ નજર સરખી ફેરવી ! ઉભયનું જીવન આ રીતે વહી જાય એ વ્યંતર થયેલ માતાના આત્માને ન રુચવાથી અને માઠી ગતિનું ભાજન પોતાના અંગજો ન બને એવી શુભ ભાવનાથી; તેણીએ પુષ્પચૂલાને એક રાત્રિએ સ્વપ્નમાં નર્ક ગતિના દુઃખો દેખાડ્યાં. જ્યાં ભિન્ન ભિન્ન પ્રકારની વેદનાની વરાળોથી હદ બહારની રોકકળ ચાલી રહી છે, પરમાધામીના કોયડા વીંઝાઇ રહ્યા છે, અને પરસ્પર મારપીટ અને દારૂણ હાકોટા તેમજ કરુણ પોકારો પડી રહ્યાં છે એવા દ્રશ્યો જોતાં જ રાણી ઝબકીને જાગી ઊઠી. તેણીના અંતરમાં કોઇ વિલક્ષણ ભીતિએ ઘર કર્યું. સવારે વાત રાજા પુષ્પચૂલના કાને પહોંચતાં જ પ્રેયસીના સાંત્વન અર્થે એણે જુદા જુદા ધર્મના આચાર્યોને તેડાવ્યા અને નર્કના દુઃખો સંબંધી પ્રશ્ન કર્યો. એ સ્થાનનું વાતાવરણ વર્ણવવાની વિનંતી કરી. દરેકે જુદી રીતે એનું સ્વરૂપ વર્ણવ્યું. પણ નિર્ગ્રંથશિરોમણી અર્ણિકાપુત્ર નામના આચાર્યે કેવલીભગવંતે બતાવેલ છે એ મુજબ નરકગતિનું બ્યાન રજૂ કરતાં જ રાણીની આંખો નાચી ઊઠી. તેણીએ સહજ પ્રશ્ન કર્યો કે—

મહારાજ, તમોને પણ મારી માફક રાતના સ્વપ્ન આવ્યું છે ?

માતા, તેમ નથી. મારું વર્ણન તો શાસ્ત્રના અભ્યાસને આભારી છે.

થોડા દિવસ પછી પુનઃ રાણીને સ્વપ્નું આવ્યું એમાં એણીએ સ્વર્ગના વિમાનો અને એમાં પ્રવર્તી રહેલી વિવિધ પ્રકારની સુખલીલા ને કામક્રીડાઓ નીરખી.

એકત્ર કરવામાં આવેલા ધર્મનિષ્ણાતોમાં અક્ષરશઃ મળતે મળતી હકીકત કેવળી આચાર્યશ્રી અર્ણિકાપુત્રના વર્ણનમાં આવી. રાણીને ગુરુ પ્રત્યે બહુમાન પેદા થયું. રાજાને પણ ધર્મ જેવી કોઇ વસ્તુ છે એવો ભાસ થયો. રાણીના પ્રશ્નથી ગુરુદેવે નરકમાં કેવી માઠી કરણીથી જવાય અને કેવા સુકૃત્યો કરવાથી દેવગતિ પ્રાપ્ત થાય એ વિસ્તારથી સમજાવ્યું.

એ સાંભળતાં જ ઉભયના દિલમાં જબરી ચોટ લાગી. રાણી પુષ્પચૂલાને પોતાના ધર્મનીતિના ધોરણે હલકી દશામાં ઊતરી ગયેલા જીવન પર કંટાળો આવ્યો. સંસારના બંધનોને છોડી દઇ આત્મશ્રેય અર્થે સંયમ સ્વી-

શ્રી સંતિકરં સ્તોત્ર અનુવાદ.

સુમતિ ચરણ કજ આતમ અરપણા, દર્પણ જીમ અવિકાર. ॥ સુજ્ઞાની૦ ॥ એ દેશી.

વંદન પૂજન કરું શ્રી શાંતિ જિનેશ્વર,
જગત આધાર સુખકાર. ॥ સુજ્ઞાની૦ ॥
શાંતિ જયલક્ષ્મી આપો પ્રભુ દાસને,
ભક્ત પાલનહાર ॥ સુજ્ઞાની૦ ॥ વંદન ॥ ૧ ॥
દેવી નિર્વાણી ગરુડ યક્ષે કરી,
સેવા શાંતિ જગ તાર ॥ સુજ્ઞાની૦ ॥
વિપ્રુડૌષધિ લબ્ધિ પામીયા,
ૐ શાંતિ ચરણ જયકાર ॥ સુજ્ઞાની૦ ॥ વંદન૦ ॥ ૨ ॥
ૐકાર સાહેબ ઝૌ સ્વાહા મંત્રથી,
નમન કરે મારિ દૂર ॥ સુજ્ઞાની૦ ॥
શ્લેષ્મૌષધિ આદિ લબ્ધે શોભતા,
સર્વૌષધિતણા ભંડાર ॥ સુજ્ઞાની૦ ॥ વંદન૦ ॥ ૩ ॥
દ્રવ્ય ભાવ લક્ષ્મી મુજ આપજો,
મહિમા ગુણ સુખખાણ ॥ સુજ્ઞાની૦ ॥
પાપ આદિ મુજ દોષો ટાળીને,
દેજો કેવળનાણ ॥ સુજ્ઞાની૦ ॥ વંદન૦ ॥ ૪ ॥
ત્રિભુવન સ્વામીની લક્ષ્મી સરસ્વતી,
ગણિ પિટક યક્ષ અધિષ્ઠાત ॥ સુજ્ઞાની૦ ॥
સૂર્યાદિ નવગ્રહ દિગ્પાલક તમે,
ચોસઠ ઇન્દ્ર વિખ્યાત. ॥ સુજ્ઞાની૦ ॥ વંદન૦ ॥ ૫ ॥
રક્ષા કરો સવી જિન ભક્તોતણી,
રક્ષા કરો મુજ સાથ ॥ સુજ્ઞાની૦ ॥
ૐ રોહિણી પ્રજ્ઞપ્તી વજ્રશૃંખલા તમે,
વજ્રાંકુશી સુખ સાથ. ॥ સુજ્ઞાની૦ ॥ વંદન૦ ॥ ૬ ॥
દેવી ચક્રેશ્વરી નરદત્તા કાળી,
મહાકાળી ગૌરી ગાન્ધારી; ॥ સુજ્ઞાની૦ ॥
મહાજ્વાલા માનવી વૈરોટ્યા વંદીયે,
અચ્છુપ્તા માનસિકા ધારી. ॥ સુજ્ઞાની૦ ॥ વંદન૦ ૭ ॥

કરવાનો ભાવ પેદા થયો. પતિ અને ગાઢ સ્નેહી. એવા રાજાની મહામહેનતે અનુમતિ મેળવીને ભાગવતી દીક્ષા સ્વીકારી. આચાર્યશ્રીની શુશ્રૂષા કરતાં કર્મને ખંખેરી નાંખી, પ્રાંતે કૈવલ્ય મેળવ્યું. આમ નર્ક અને સ્વર્ગના દર્શને ચારિત્રગ્રહણનું નિમિત્ત પામી પ્રત્યેકબુદ્ધમાં સ્થાન પ્રાપ્ત કર્યું.

ચોકસી

વર્તમાન સમાચાર

મુનિરાજ શ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાઇબ્રેરીનો—સં. ૧૯૪૦ થી સં. ૧૯૪૫ સુધીનો પાંચ વર્ષનો રિપોર્ટ મળ્યો છે. મુંબઇ શહેરનાં મધ્ય લત્તામાં આવેલી હોવાથી જૈન જૈનેતર સારો લાભ લે છે. કાર્યવાહકોના ઉત્સાહવડે પ્રગતિશીલ થાય છે. તેઓની માંગણી સ્વતંત્ર મકાન માટે છે, જે યોગ્ય છે. જૈન બંધુઓએ તે માટે આર્થિક સહાય આપવાની જરૂર છે. સરવૈયુ આવક જાવક હિસાબ પદ્ધતિસર છે.

શ્રી ખંભાત જૈન મંડલનો રજત મહોત્સવ સ્મારક-ગ્રંથ—પ્રકાશક ઉપરોક્ત મંડળ. સામાજિક ઉપયોગી લેખોવડે ત્રણ ખંડોમાં વાંચવા લાયક આપવા સાથે, કાર્યવાહીની ટૂંક હકીકત આપી છે અને સં. ૧૯૯૮ ના કારતક વદી ૩૦ સુધીનો હિસાબ તથા પછીનો હિસાબ આપેલ છે, જે વ્યવસ્થિત અને ચોખવટવાળું છે અમે તેનો અભ્યુદય ઇચ્છીયે છીયે. આ સ્મારક-ગ્રંથનું સંપાદન કરવામાં મોહનલાલ દીપચંદ ચોકસીનો પ્રયાસ સારો છે.

કાર્તકમાં અખિલહિંદ સમિતિની બેઠક

અખિલ હિંદ જૈન શ્વે. કાન્ફરંસ સમિતિની બેઠક કાર્તક માસમાં બહારગામ અથવા મુંબઇમાં બોલાવવા નિર્ણય કરવામાં આવેલ છે. આ સમિતિની બેઠકમાં સંગીન કાર્યવાહી રજૂ કરવા એક માસમાં સભ્યોના અભિપ્રાયો મંગાવવા ઠરાવવામાં આવ્યું છે.

બોરૂ (મહેસાણા) માં ઠાકરડાએ જૈન સાધ્વીજીને માર માર્યાની જે હકીકત જાહેરમાં આવી છે. તે બદલ વિરોધ દર્શાવનાર અને ગાયકવાડ સરકારને એ માટે તપાસ હાથ ધરી ગુન્હેગારને યોગ્ય નશીયત પહોંચાડવા વિનંતિ કરતો ઠરાવ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત કેટલાક કારોબારી કાર્ય અંગે સમિતિએ નિર્ણયે કર્યા હતા.

તા ૧૦-૮-૪૬ ને શનિવારનાં રોજ શ્રી જૈન આત્માનંદ સભાની જનરલ મીટીંગ ઉપપ્રમુખની તથા એક સેક્રેટરીની ખાલી પડેલી જગ્યાએ નવી નિમણુંક કરવા મળી હતી. ઉપપ્રમુખ બે નિમવામાં આવ્યા હતા, જેમાં એક શેઠ ફત્તેહચંદ ઝવેરભાઇ જેઓ અત્રેના અગ્રગણ્ય જૈનોમાંના એક છે. મુંબઇમાં રેશમી કાપડના વેપારી છે અને જેઓ ધર્મનું સારું જ્ઞાન ધરાવે છે તેમને તથા બીજા શ્રીયુત્ ખીમચંદભાઇ ચાંપશીભાઈ શાહ. એમ. એ. જેઓ શામલદાસ કોલેજમાં પ્રોફેસર છે અને જૈન ધર્મના સારા અભ્યાસી, વિદ્વાન અને સુપ્રસિદ્ધ છે તે બન્ને ગૃહસ્થોને ઉપપ્રમુખો તરીકે, તેમજ એક ખાલી પડેલી સેક્રેટરીની જગ્યાએ શ્રીયુત્ જાદવજી ઝવેરભાઇ, જેઓ અત્રેની જૈન કોમનાં પ્રતિષ્ઠિત ગૃહસ્થ અને અત્રેની જૈન સમાજમાં એક આગેવાન તરીકે સુપ્રસિદ્ધ છે તેમની નીમણુંક સર્વાનુમતે કરવામાં આવી છે.

મહામાણસિકાદિ સોળ દેવીયો,
રક્ષા કરો મુજ નિત્ય ॥ સુજ્ઞાની૦ ॥
સંકટ પાપ હરે સવી શ્રી સંઘના,
વંદન કરું માત નિત્ય ॥ સુજ્ઞાની૦॥ વંદન પૂજન કરું. ॥૮॥
(ચાલુ)

લેખકઃ—**હીરાચંદ ઝવેરચંદ શાહ-બેંગલોર સીટી**

આ સભાના માનવંતા પેટ્રન સાહેબ—

શ્રીમાન્ શેઠશ્રી પુંજાભાઇ દીપચંદભાઇ.

આ સભાના નવા થએલા પેટ્રન સાહેબ—

શ્રીમાન્ શેઠશ્રી પુંજભાઇ દીપચંદભાઇનો જીવનપરિચય.

જૈનપુરી ગણાતું રાજનગર-અમદાવાદ એ ગુજરાતનું પાટનગર. જ્યાં જૈનોની અપૂર્વ જાહોજલાલી છે, જે ભૂમિમાં અનેક જૈન નરરત્નો ઉત્પન્ન થયા છે, મહાન્ વિદ્વાન આચાર્યો અને ધર્મગુરુઓનો ધર્મપ્રવાહ અસ્ખલિત વહે છે, જે વેપાર અને સમૃદ્ધિનું કેન્દ્ર સ્થાન છે તે રાજનગરમાં શ્રી દશાશ્રીમાળી શ્વેતાંબર મૂર્તિપૂજક જ્ઞાતિમાં શેઠશ્રી પુંજભાઇનો જન્મ સંવત ૧૯૪૭નાં પોષ વદી ૯નાં રોજ શાહ દીપચંદ દેવચંદને ત્યાં થયો હતો.

તેઓનો કાપડનો વેપાર હતો જેમાં માત્ર પંદર વર્ષની લઘુ વયે શ્રી પુંજભાઇ જોડાયા. બાલ્યાવસ્થાથી જ તેમનું બુદ્ધિબળ અપૂર્વ હતું. તેમણે પોતાનો કાપડનો વેપાર ખીલવ્યો અને હાલ તેઓશ્રી કાપડનો બહોળો વેપાર ચલાવે છે.

ધર્મશ્રદ્ધા અને પ્રમાણિકપણું તે તેમનો મુદ્રાલેખ હોવાને અંગે દેશવિદેશમાં તેમની ખ્યાતિ વધવા લાગી અને સમસ્ત ગુજરાત-કાઠિયાવાડમાં તેમનો બહોળો વેપાર વધ્યો.

શેઠશ્રી પુંજભાઇ શ્રી પાંચકુવા કાપડ મહાજનના કાયમી પ્રમુખ છે અને તે સંસ્થાદ્વારા તેમની કુશાગ્ર બુદ્ધિ અનેક વેપારી પ્રશ્નોની છણાવટ કરે છે તેમજ વેપારીઓને સહાયરૂપ બને છે. તેઓશ્રી વર્તમાન પરિસ્થિતિમાં મહાજન મારફતે સામાન્ય પ્રજાની અનેકવિધ સેવાઓ બજાવી રહ્યા છે.

તેમનું ધાર્મિક જીવન શ્રદ્ધાળુ હોવાથી તેઓશ્રી શ્રીસમેતશિખરજી, કેસરીયાજી, સિદ્ધગિરિ આદિ તીર્થસ્થળોએ પવિત્ર યાત્રાઓ કરવા સાથે મહાન ગુરુમહારાજોનાં સમાગમમાં નિરંતર રહે છે. વ્રત, પચ્ચખાણ, નિયમાદિ નિયમિત રીતે કરે છે. શ્રીમંત અને લક્ષ્મીનંદન હોવા છતાં પણ તેઓશ્રી નિરભિમાન અને સરળહૃદયી છે.

જીવદયા પ્રત્યે તેમની અપૂર્વ લાગણી છે. મૂંગા જાનવરો અને ખોડા ઢોરની સેવાને તેઓ પોતાનું પરમ કર્તવ્ય સમજે છે. તેઓશ્રી તન, મન અને ધનથી સેવા બજાવે છે અને શ્રી અમદાવાદ પાંજરાપોળના તેઓશ્રી પ્રમુખ છે.

પોતાની કોમની સેવા પ્રત્યે તેમનો તીવ્ર અનુરાગ છે તેમજ કેળવણી પ્રત્યે બહુમાન ધરાવે છે અને કેળવણી માટે અનેક સંસ્થાઓમાં બાળકોને સ્કૉલરશિપરૂપે મદદ આપી પોતાને મળેલ લક્ષ્મીનો સદુપયોગ કરે છે. તેઓશ્રી દશાશ્રીમાળી શ્રાવક મંડળના પ્રમુખ તરીકે પોતાની જ્ઞાતિની પણ સેવા બજાવે છે.

અમદાવાદમાં ચાલતી અનેક સંસ્થાઓ જેવી કે મહાવીર જૈન વિદ્યાલય, કન્યા છાત્રાલય વગેરેમાં તેઓશ્રી ઊંડો રસ લે છે. તેમનો ઉદાર અને માયાળુ સ્વભાવ, ધર્મ પ્રત્યેની અપૂર્વ શ્રદ્ધા, દેવગુરુભક્તિ નિમિત્તે પોતાને મળેલ લક્ષ્મીનો સદ્વ્યય તેમજ સેવા કરવાની તમન્ના આદિ ઉચ્ચ ગુણો તેમનાં જીવનમાંથી અનુકરણીય છે.

તેમનું જીવન ધાર્મિક અને સરળહૃદયી છે. તેઓ વિવિધ રીતે સુપાત્રે દાન દેવામાં મળેલી લક્ષ્મીનો સદુપયોગ કરે છે. ગરીબ બન્ધુઓ પ્રત્યે તેમનું હૃદય હંમેશા દ્રવે છે અને યથાશક્તિ તેમને આર્થિક મદદ પણ કરે છે.

તેઓશ્રી આ સભામાં પેટ્રન તરીકે જોડાતા સભા પોતાનું સદ્ભાગ્ય સમજે છે, અને તેઓશ્રી જૈનસમાજની હજુ પણ વધારે સેવા બજાવી પોતાની સુવાસ ફેલાવે તેવું સભા અંતઃકરણપૂર્વક ઇચ્છે છે.

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૨. | આશ્વિન. | પુસ્તક ૪૪ મું.

વિક્રમ સં. ૨૦૦૨. | :: ઇ. સ. ૧૯૪૬ ઑક્ટોબર :: | અંક ૩ જો.

શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

(શા કહું કથની મારી રાજ—એ રાગ)

વીર પ્રભુ હવે તારો, નાથ! **વીર પ્રભુ હવે તારો**—ટેક
ભ્રમિતપણે ભટકયો ભવવનમાં, સહ્યો! દુઃખ હજારો;
સુખ દુઃખની સઘળી ઘટના, તું પ્રભુ! જાનનહારો-નાથ૦ ૧

દુર્ગુણથી આ પિંડ ભર્યો છે, ગુણગણ આપ વધારો;
કામ ક્રોધ મદ લોભ હઠાવી, વિષયવિકાર નિવારો-નાથ૦ ૨

પરનિંદામાં પ્રીતિ લગાવી, સમજ્યો ન સારા વિચારો;
ગુણીજનના ગુણ નવ લીધા, દીધાં આળ હજારો.-નાથ૦ ૩

નિજ સ્વારથે તન ધન ખરચ્યાં, પરમાર્થે નવ પ્યારો;
દુઃખી જનો સામું ન જોયું, દીધાં કષ્ટ અપારો-નાથ૦ ૪

કપટ ક્રિયાથી જનવંચન કીધું, કર્યા મૂઢ વિચારો;
કામવાસના લાગી પ્યારી, હાર્યો મનુષ્ય જન્મારો-નાથ૦ ૫

વીર પ્રભુની વાણી પ્રતાપે, તરશે ભવ્ય હજારો;
પ્રભુમય જીવન આ બનતા, મળશે મુક્તિ કિનારો-નાથ૦ ૬

સંવત્ બે હજાર બેની સાલે, કાર્તિક સુદી ભોમવારો;
લક્ષ્મીસાગર ભાવથી વંદે, **અજિત** સુખનિધિ તારો-નાથ૦ ૭

રચયિતા—મુનિ મહારાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

મરતાં શીખો

લેખકઃ—આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

સંસારમાં પુરુષોની બહોંતેર કળા અને સ્ત્રીઓની ચોસઠ કળા સંભળાય છે. ભૂતકાળમાં એક યુગ એવો હતો કે સ્ત્રી-પુરુષો આ કળાઓને શીખતા. યુગપરિવર્તન થતાં અન્ય કળાઓનો આવિષ્કાર થયો. એટલે પૂર્વની કળાઓ ભૂલાઈ ગઇ. અત્યારે કાળને અનુસરીને નવીન કળાઓ શીખાય છે. જો કે અત્યારે શીખવામાં આવતી કળાઓ સર્વથા નવી નથી; પૂર્વની જ કેટલીક કળાઓનો સુધારોવધારો કરીને તેને સંસ્કારવાળી બનાવવામાં આવી છે. આ પ્રમાણે પૂર્વની કળાઓમાં અને વર્તમાન કાળની કળાઓમાં ક્યાંય પણ મરવાની કળાનું નામ સંભળાતું નથી, અને વ્યવહારિક કળાવાળાઓએ મરવાને કળા તરીકે માન્યું પણ નથી, તેથી તેને શીખવાનું કોઈપણ જાણતું નથી; પરંતુ અંતર્જગતમાં વિચરનાર મહાપુરુષોનાં વાણી તથા વર્તનનું સૂક્ષ્મદૃષ્ટિથી અવલોકન કરીએ તો સમજાય છે કે તેમણે મરણની કળાને પ્રાધાન્ય આપ્યું છે, બધીયે કળાઓમાં મરણની કળાને જ સર્વોત્કૃષ્ટ માનીને તેનો સાચી રીતે અભ્યાસ કર્યો છે અને શાશ્વત જીવન મેળવ્યું છે. જ્યાં સુધી મરણની કળા ન આવડે ત્યાં સુધી કોઇ પણ અમર બની શકતું નથી, એમ સિદ્ધ કરી બતાવ્યું છે. સંસારમાં કોઇ પણ માનવીને પૂછવામાં આવે કે તમને મરતાં આવડે છે? તો તેને ઘણી જ નવાઈ લાગશે; કારણ કે કોઇને મરવું ગમતું નથી. મૃત્યુનું નામ સાંભળતાં જ બધાયને ઉદ્વેગ થાય છે તો પછી મરતાં શીખવાનું ક્યાંથી રહ્યું? માનવી માત્ર જાણે છે કે કુદરતના નિયમ પ્રમાણે મરણ સ્વાભાવિક છે, મોત આવે છે ત્યારે કોઇ પણ નિમિત્તથી બધાયને મરવું પડે છે એમાં શીખવા જેવું કશું ય નથી. કંગાળ હો કે શ્રીમંત હો, રાજા હો કે રંક હો, પંડિત હો કે મૂર્ખ હો, જ્ઞાની હો કે અજ્ઞાની હો બધાય એક સરખી રીતે જ મરે છે અર્થાત બધાય દેહ છોડીને ચાલતા થાય છે, તે સિવાય તો મરતા શીખેલાની મરવાની કાંઇ જુદી રીત હોતી નથી. વાત સાચી છે, શરીર છોડવાનું નામ મરણ છે અને તે સંસારી પ્રાણીમાત્રના માટે સરખું છે. શરીર છોડવાની દૃષ્ટિથી તો કોઈપણ પ્રકારનો ભેદ નથી છતાં શરીર છોડનાર આત્માની અપેક્ષાથી તો ઘણું જ અંતર છે; માટે જ મૃત્યુમાં ભેદ રહેલો છે. માનવીઓમાં એક જ્ઞાની અને બીજા અજ્ઞાની એમ બે પ્રકાર હોય છે. જ્ઞાનીઓ સંસારના નિયમોના અભ્યાસી હોવાથી કોઇ પણ પ્રસંગે કર્મના કાવત્રામાં ફસાતા નથી, જ્ઞાની પુરુષોની દરેક પ્રવૃત્તિમાં કર્મ ફાવી શકતું નથી. આ પ્રમાણે જ્ઞાની પુરુષોનો જીવનપ્રવાહ આત્મવિકાસની દિશામાં વહેતો હોય છે ત્યારે અજ્ઞાનીઓની વૃત્તિ તથા પ્રવૃત્તિનું વહેણ વિલાસની દિશામાં વળેલું હોય છે એટલે જીવન-મરણ આદિ પ્રવૃત્તિમાં જ્ઞાની તથા અજ્ઞાનીનો બાહ્યથી તો કાંઇ પણ ફેર જણાતો નથી. છતાં તાત્વિક દૃષ્ટિથી જોઇએ છીએ તો બંનેમાં પરિણામમાં ભિન્નતા જ અનુભવાય છે.

માનવ જાતિ જીવનમાં સુખે જીવવા અનેક પ્રકારનો અભ્યાસ કરે છે, અને તે માટે અનેક પ્રકારની શિક્ષણ સંસ્થાઓ પણ હોય છે, પરંતુ જેવી રીતે સુખે જીવવા માનવી કળા

તથા વિજ્ઞાનનો અભ્યાસ કરે છે તેવી રીતે સુખે મરવા અભ્યાસ કરનાર સંસારમાં કોઇ વિરલા જ દૃષ્ટિગોચર થાય છે. ન મરવા અને જીવનમાંથી દુઃખોનો ઉપદ્રવ ટાળવાને માટે તો જ્ઞાની તથા અજ્ઞાની બંને પ્રયાસવાળા હોય છે છતાં અજ્ઞાનીઓનું જીવનમાંથી ઉપદ્રવ ટાળવાનું શિક્ષણ તથા ન મરવા કરવામાં આવતો પ્રયાસ જ્ઞાનીઓ કરતાં ભિન્ન પ્રકારનો હોય છે કારણ કે અજ્ઞાનીઓના શિક્ષણ તથા પ્રયાસથી દુઃખનો ઉપદ્રવ દૂર થવાને બદલે વધારે પુષ્ટ થાય છે અને મૃત્યુઓની સંખ્યા પણ વધે છે ત્યારે જ્ઞાનીઓ સાચી રીતે સુખમય જીવન બનાવી શકે છે. તે ઉપરાંત મરતાં પણ સાચી રીતે શીખેલા હોવાથી સુખે મરે છે અને મૃત્યુ ઉપર વિજય મેળવી અમર બને છે; માટે જ્ઞાની પુરુષો સિવાય સંસારમાં કોઇને પણ મરતાં આવડતું નથી, જેથી કરી મૃત્યુના દાસત્વમાંથી જડાસક્ત જગત મુક્ત થઇ શકતું નથી.

મરણ એટલે આત્મા અને જડાત્મક સંસારનો સંબંધ જોડનાર શરીરનો ત્યાગ. સંસારમાં પૌદ્ગલિક સુખના જડાત્મક સાધનો તથા દેહધારી આત્માઓના અનેક પ્રકારના સગપણો શરીરની સાથે થાય છે. તે શરીરનો ત્યાગ કર્યા પછી જીવને કોઇ પણ પ્રકારનું સગપણ તથા જડાત્મક સંપત્તિનું સ્વામીપણું રહેતું નથી. પણ પાછું નવીન શરીર ધારણ કરે છે. જન્મ લે છે ત્યારે નવીન સગપણ અને ભિન્ન પ્રકારની સંપત્તિનું સ્વામીપણું પ્રાપ્ત થાય છે; માટે જ માનવીને બહારની બધી યે વસ્તુ છોડવી ગમે છે પણ શરીર છોડવું ગમતું નથી છતાં છેવટે બાહ્ય ધન સંપત્તિની જેમ શરીર પણ છોડવું જ પડે છે. આવી રીતે જીવ માત્રને સગપણ તથા જડાત્મક સંપત્તિનું સ્વામીપણું વાસ્તવિક નથી તો યે તેની મમતા છૂટતી નથી. જ્ઞાની પુરુષો વસ્તુને સાચી રીતે સમજેલા હોવાથી તેમને જડસ્વરૂપ દેહ તથા ધન સંપત્તિ ઉપર મમતા હોતી નથી જેથી કરીને તેઓ સુખશાંતિપૂર્વક શરીરનો ત્યાગ કરનારા હોય છે એટલે દેહ ત્યાગરૂપ મરણમાં અજ્ઞાનીઓથી જુદા પાડી શકતા નથી, છતાં ભેદ જ્ઞાનના અભ્યાસી તથા અનુભવી હોવાથી દેહ ઉપર મમતાના અભાવને લઈને અજ્ઞાનીઓની જેમ દેહત્યાગથી થતાં દુઃખની અસર તેમને થતી નથી.

જ્ઞાનીઓ પોતાના જીવનકાળમાં આત્મ-તથા અનાત્મ જગતના ભેદનો સારી રીતે અભ્યાસ કરે છે. અથાત્ જડ અને જીવ ભિન્ન છે એમ બોલવા પૂરતું જ નહી પણ સ્પર્શ બોધથી સાચી રીતે અનુભવ કરીને શ્રદ્ધાપૂર્વક આત્મસ્વરૂપના વિકાસી હોવાથી જડાત્મક વસ્તુઓના સંયોગ-વિયોગથી અજ્ઞાનીઓને અસર કરતા હર્ષ-શોકથી મુકાયલા હોય છે. જેને દેહના વિયોગથી દુઃખ થતું નથી તેને દેહની સાથે જ સંબંધ ધરાવનારા ધન-સંપત્તિ આદિના વિયોગથી દુઃખ થાય જ શાનું?

મરણની વ્યાપક વ્યાખ્યા તો પૌદ્ગલિક વસ્તુ માત્રથી મુકાઈ જવું થાય છે કે જે મરણ પછી જન્મ જેવું કશું ય હોતું નથી. જ્યાં સુધી જન્મ થયા કરે છે ત્યાં સુધી મરણના કારણરૂપ જડ(આયુષ્યકર્મ)નો સર્વથા ત્યાગ થતો નથી. જેમનું મરણ જન્મનું કારણ બને છે તે મરતાં ન શીખેલા આત્માઓનું મરણ કહેવાય છે અર્થાત્ અજ્ઞાની જીવોનું બાળ મરણ અશિક્ષિત મરણ તરીકે ઓળખાય છે. જેઓ મરવાનો સારી રીતે અભ્યાસ કરે છે તેમના માટે પુનર્જન્મ હોતો નથી. કદાચ જોઇતી સાધનસામગ્રીના અભાવે અભ્યાસની અપરિપક્વ દશામાં મરણ થઇ જાય તો અભ્યાસીઓને પણ પુનર્જન્મ ધારણ કરવો પડે છે, છતાં તેમના જન્મ મરણની સંખ્યા વધુ થતી નથી. બે-ત્રણ કે પાંચ-સાત જન્મમાં પોતે મૃત્યુ ઉપર વિજય

મેળવી શકે છે. પછી તેમના માટે જન્મ મરણ હોતાં નથી. એટલે તેઓ સદાસર્વદા મુક્ત જ હોય છે. જ્યાં સુધી જે જીવને જડાત્મક દેહના વિયોગથી અત્યંત દુઃખ થાય છે અને તેના નિત્ય સંયોગની ઇચ્છા રહ્યા કરે છે ત્યાં સુધી દેહાધ્યાસને લઇને તેનો સર્વથા વિયોગ થતો નથી, અને વારંવાર દેહને ધારણ કરવો પડે છે કે જેને જન્મ કહેવામાં આવે છે. જન્મ થવાથી મરણ પણ અવશ્ય થાય જ છે એટલે આત્મા મરણથી મુક્તિ મેળવી શકતો નથી. આ પ્રમાણે દેહાધ્યાસી આયુષ્ય કર્મ (જન્મનું કારણ) ઉપાર્જન કરે છે કે જેને લઇને પાછો જન્મે છે. જન્મ્યા પછી આયુષ્ય કર્મ ભોગવવા-સ્વરૂપ જીવનમાં જડાસક્તિને લઇને અનેક પ્રકારના કર્મ ઉપાર્જન કરે છે જેથી કરી તેના આત્માની શક્તિઓ ઢંકાઇ જાય છે એટલે તેનો આત્મા નિર્બળ બની જાય છે. અજ્ઞાનીઓની આવી જ સ્થિતિ હોય છે; કારણ કે તેમને શરીર ઉપર અત્યંત મમતા હોય છે એટલે તેને પુષ્ટ બનાવવા વિવિધ પ્રકારના આહાર તથા ઔષધિનો ઉપયોગ કરે છે, અનેક જીવના વિનાશથી ઉત્પન્ન થયેલી અભક્ષ્ય વસ્તુઓનો શરીરનો નિરંતર સંયોગ જાળવી રાખવાને નિઃસંકોચ અને નિર્ઘૃણપણે ઉપયોગ કરે છે, દેહના વિયોગની આશંકાથી તપ-જપ-સંયમ આદિનો આદર કરતા નથી.. વિષયપોષક સાધન મળ્યાં હોય તો ઇંદ્રિયોના વિષયોને પોષવામાં ત્રૂટી આવવા દેતા નથી. કર્મજન્ય વ્યાધિથી ઘણા જ ગભરાય છે કારણ કે તેમને શરીરના વિયોગનો મોટો ભય હોય છે. ધર્મના ભોગે શરીર રાખવા તનતોડ પ્રયત્ન કરે છે. ડૉક્ટરો તથા વૈદોની પાસેથી દીનમુખે જીવનની ભીખ માંગે છે છતાં જ્યારે વૈદ્યો શરીર છૂટી જવાનો નિર્ણય બતાવે છે ત્યારે દેહ છોડવાની વૃત્તિ ન હોવા છતાં પણ અત્યંત દુઃખ મનાવી બેભાન બની જાય છે. પ્રભુનું નામ પણ સાંભરતું નથી, કોઇ સંભળાવે તો અત્યંત તિરસ્કાર-પૂર્વક અવગણના કરે છે, મોહના દબાણથી અત્યંત જડાસક્ત થયેલા હોવાથી દેહના વિનાશથી પોતાનો સર્વનાશ સમજે છે. જ્યાં સુધી દેહમાં પ્રાણ હોય છે અને શુદ્ધિમાં હોય છે ત્યાં સુધી જીવવાને માટે બીજાએ બતાવેલા સઘળા ઉપાયો કરે છે. આવી રીતે બિનઆવડતવાળા અજ્ઞાનીઓ મરે છે કે જેને બાળમરણ કહેવામાં આવે છે. ઉપર બતાવ્યા પ્રમાણે દેહ છોડવામાં તો જ્ઞાની તથા અજ્ઞાની સરખા જણાય છે; પરંતુ તાત્વિક દૃષ્ટિથી તો મોટો ભેદ છે.

જ્ઞાની પુરુષો સમ્યગ્ જ્ઞાનદ્વારા વસ્તુતત્વને સાચી રીતે જાણે છે, માને છે અને શ્રદ્ધે છે એટલે જીવ તથા જડના વિયોગની અસર તેમને ન થવાથી અજ્ઞાનીની જેમ દુઃખ થતું નથી, શરીર છોડતી વખતે ત્રાસ કે ભય હોતો નથી; કારણ કે જ્ઞાનીઓએ પોતાના જીવનકાળમાં બહુ જ કાળજીપૂર્વક મરવાનો અભ્યાસ કરેલો હોય છે. સર્વજ્ઞોના વચનો ઉપર સંપૂર્ણ શ્રદ્ધા હોવાથી જીવ તથા જડનો ભેદ સાચી રીતે સમજેલા હોય છે. સાકરમાં મીઠાશની જેમ જીવન જીવનો સ્વભાવ જ છે એટલે જીવને જીવવાને ક્ષણવિનશ્વરરૂપ રસાદિ જડના ધર્મોની જરૂરત નથી; કારણ કે ક્ષણવિનશ્વર વસ્તુ શાશ્વત ધર્મની પોષક બની શકતી નથી. અર્થાત્ જડ ધર્મ ચૈતન્યને ઢાંકી દે છે પણ તેનો વિકાસ કરી શકે નહીં. આયુષ્ય કર્મના ઉદય સ્વરૂપ કૃત્રિમ જડ જીવન આત્મસ્વરૂપ સાચા જીવનને પોષવાને અસમર્થ હોય છે તો પછી કૃત્રિમ જીવનમાં વપરાતી જડ વસ્તુઓ શાશ્વત જીવનનો વિકાસ કેવી રીતે કરી શકે ? મીઠું સાકરની મીઠાશ વધારી શકતું હોય અથવા તો મીઠાથી સોકરની મીઠાશ ટકી શકતી હોય તો જ જડ વસ્તુઓ જીવના શાશ્વત જીવનને વધારી

શકે અથવા તો ટકાવી રાખે; પણ મીઠાથી તો સાકરની મીઠાશ વધવાને બદલે ઢંકાઇ જાય છે અને વિચિત્ર સ્વાદવાળી થાય છે; પરંતુ વધી શકતી નથી તેમજ ટકી શકતી પણ નથી, કારણ કે સાકરની મીઠાશ સ્વરૂપથી જ સાકરમાં શાશ્વતી છે. તેવી જ રીતે જીવન પણ જીવમાં સ્વરૂપથી શાશ્વતું છે. આવું સમ્યગ્ જ્ઞાન જ્ઞાનીઓને હોવાથી તેમની દેહાદિ જડ વસ્તુઓ ઉપર આસક્તિ હોતી નથી. તેમજ તેમને આયુષ્ય ભોગવવારૂપ બનાવટી જીવન ઉપર પણ મમતા હોતી નથી. તેઓ માને છે કે અજ્ઞાનતાથી બાંધેલાં કર્મ ભોગવવાને અથવા તો તેનો ક્ષય કરવાને માટે જ આત્માની સાથે દેહનો સંબંધ થાય છે. જ્યાં સુધી સર્વ કર્મ ક્ષય ન થાય ત્યાં સુધી અનેક દેહના સંયોગ-વિયોગ થવાના જ કે જેને જગત જન્મ-મરણના નામથી ઓળખે છે. જ્ઞાનીઓ દેહને શુભાશુભ કર્મ ભોગવવાનું અને ક્ષય કરવાનું સાધન માનતા હોવાથી તેના વિયોગરૂપ મરણમાં દુઃખ મનાવતા નથી. અને આત્મધર્મની દૃષ્ટિએ વિધર્મી હોવાથી તેના ઉપર મમતા પણ કરતા નથી. એટલા માટે જ જ્ઞાનીઓમાં સમભાવ ઉચ્ચ કોટીનો હોય છે.

દેહમાં પુન્ય તથા પાપસ્વરૂપ શુભાશુભ કર્મ ભોગવાય છે એટલે અજ્ઞાનીઓ કેવળ પુન્ય કર્મ ભોગવવાને જ દેહ છોડવો પસંદ કરતા નથી પણ પુષ્કળ પાપકર્મ દેહમાં ભોગવવાનો વખત આવે છે ત્યારે વિષપાન આદિ અનેક ઉપચાર કરીને દેહનો ત્યાગ કરે છે; છતાં પાપકર્મથી મૂકાતા નથી. બીજું શરીર ધારણ કરીને પણ તેમને પાપકર્મ ભોગવવું પડે છે. જ્ઞાની પુરુષોને ધારણ કરેલા દેહમાં ગમે તેવાં કર્મ ભોગવવાં પડે અથવા તો દેહ છૂટી જાય કે ન છૂટે તો પણ પોતે સમભાવમાં જ રહે છે. અર્થાત્ જીવવા-મરવાની ઇચ્છા રહિત હોય છે. એક વખતના શરીર ધારણ કરવામાં બધા ય કર્મનો ક્ષય થતો નથી અથવા તો બધા ય કર્મ ક્ષય થતાં સુધી એક જ દેહનો સંબંધ કાયમ બન્યો રહેતો નથી; કારણ કે દેહ તો જીવ સાથે સંબંધ જાળવી રાખનાર આયુષ્ય કર્મ છે અને દેહને ઘડનાર નામકર્મ છે. બંનેના કાર્ય જુદાં છે. એટલે દેહ ઘડનાર નામકર્મ જીવ સાથે દેહ સંબંધ જાળવી રાખે નહીં, જો નામકર્મ સંબંધ જાળવી શકતું હોત તો ઘણા કાળ સુધી આત્માની સાથે દેહનો સંબંધ બન્યો રહેત. પણ આયુષ્ય કર્મ સંબંધ જાળવે છે માટે તે પોતાની અલ્પ સ્થિતિ હોવાથી ઘણા કાળ સુધી દેહના સંબંધને ટકાવી શકતું નથી. જીવને ઘણા શરીરો ધારણ કરવાનું કારણ ભવસ્થિતિની અપરિપક્વ દશા અથવા તો અનાદિકાળથી અનેક શરીરદ્વારા બાંધેલાં કર્મ ક્ષય કરવાને અનેક શરીરોની જરૂરત પડે છે. અનંતા શરીરમાં બાંધેલાં કર્મ પરિમિત શરીરમાં જે ક્ષય કરે છે તેનું ખાસ કારણ તો ભવસ્થિતિની પરિપક્વ દશા હોય છે. જ્ઞાની પુરુષો દેહને કર્મ બાંધવાનું નહીં પણ કર્મ ક્ષય કરવાનું સાધન માનતા હોવાથી નવાં કર્મ ન બંધાય એટલા માટે કર્મ બાંધવાના કારણ પૌદ્ગલિક સુખોથી વિરામ પામેલા હોય છે. જેમ બને તેમ પૌદ્ગલિક વસ્તુઓનો ત્યાગ કરે છે-તે ત્યાં સુધી કે આહાર આદિનો પણ ઘણા કાળ સુધી ઉપયોગ કરતા નથી. ઇંદ્રિયોના વિષયોથી તો સદા સર્વદા વિરક્ત જ હોય છે. કર્મ ક્ષયના હેતુથી જ દેહને ટકાવી રાખવા પૂરતો આહાર લે છે અને તે પણ અત્યંત જરૂરત જણાય ત્યારે જ. જડાત્મક કોઈ પણ પ્રકારની ક્ષણિક વસ્તુની ઇચ્છા રહિત હોવાથી કષાયોનો સર્વથા ઉપયોગ કરતા નથી. આત્મા અનંત શક્તિમાન છે એવી સાચી શ્રદ્ધા હોવાથી મહિનાઓ સુધી નિરાહાર રહેવા છતાં પણ અંતરાત્મ દશા પ્રાપ્ત થવાથી નિર્બળ બનતા નથી તેમજ તેમને આહાર

છોડવાનું દુઃખ પણ થતું નથી. કૃત્રિમ જીવન-પોષક આહારના ત્યાગથી તેમનું શરીર કૃશ થઈ જાય છે અને અશકિત વધી જાય છે છતાં આત્મિક શકિતનાં વિકાસી હોવાથી પરિમિત ભવમાં સર્વ કર્મ ક્ષય કરીને આત્મશકિતનો સંપૂર્ણ વિકાસ કરે છે. પછી તેમને શરીર ધારણ કરવારૂપ જન્મ કે તેને ત્યાગવારૂપ મરણ જેવું કાંઇપણ હોતું નથી.

ઉપર કહ્યા પ્રમાણે અજ્ઞાનીઓની જ્ઞાનીઓથી સર્વથા જુદીજ દિશા હોય છે. જ્ઞાનીઓની અંતરાત્મ દશા હોય છે: એટલે તેઓ જીવ તથા જડના ભેદના જ્ઞાનના સાચા અભ્યાસી હોય છે. જેને લઇને જડજગતથી નિરંતર વિમુખ જ રહે છે. જડાત્મક વસ્તુઓનો સંયોગ-વિયોગ તથા ક્ષણિક પરિવર્તનની તેમને અસર થતી નથી અર્થાત્ સંકલ્પ-વિકલ્પ, હર્ષ-શોક, ગ્લાનિ આદિ વિકૃતિઓથી મુક્ત હોય છે અને સમભાવસ્વરૂપ આત્મગુણમાં જ રક્ત રહે છે. ત્યારે અજ્ઞાનીઓ બહિરાત્મ દશાથી લિપ્ત હોવાથી પોતાનું સાચું સ્વરૂપ ભૂલી જાય છે અને દેહને જ સ્વસ્વરૂપ સમજતા હોવાથી દેહના વિયોગસ્વરૂપ મરણના સંકલ્પ માત્રથી અત્યંત દુઃખી થાય છે. જડાત્મક વસ્તુઓ ઉપર અત્યંત મમતા હોવાથી તેમને પોતાના જીવન-કાળમાં જડ વસ્તુઓના સંયોગ-વિયોગથી જડાસકત જીવોએ કલ્પેલાં સુખ-દુઃખ અત્યંત થાય છે. જડ વસ્તુઓમાં ઓતપ્રોત થઇ ગયેલા હોવાથી રાગ દ્વેષના પરિણામની એક ક્ષણ પણ મંદતા હોતી નથી. એટલે તેમને હર્ષ-શોક, ભય, પ્રીતિ, ગ્લાનિ આદિ વિકારો પ્રત્યેક ક્ષણે સતાવ્યા કરે છે. ધનસંપત્તિ આદિ જડ વસ્તુઓ મેળવવા અને મેળવેલાનું રક્ષણ કરવા નિરંતર કિલષ્ટ ચિત્તવાળા રહે છે, હીનભાગ્ય થતા તેનો વિયોગ થાય તો પ્રાણાંત કષ્ટનો અનુભવ કરે છે. ધનસંપત્તિ કરતાં પણ દેહસ્વરૂપ પોતાને માનતો હોવાથી તેના વિયોગની આશંકા માત્રથી પણ અત્યંત ત્રાસ તથા ભયથી અત્યંત દુઃખી થઈને ખૂબ જ મુંઝાય છે અને બેભાન બની જાય છે; કારણ કે જડાસકિત-પણાની અજ્ઞાનતાને લઈને સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર, શાશ્વત સુખ, આનંદ આદિ પોતાની ભોગ્ય વસ્તુઓ કે જેના માટે જડાત્મક દેહની જરૂરત પડતી નથી પણ સર્વથા દેહના ત્યાગથી શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરનાર આત્મા જ ભોગવી શકે છે તેને સર્વથા ભૂલી જઈને મોહના સખત દબાણથી જડાત્મક વસ્તુઓનો જ ભોક્તા હું છું અને તે દેહ વગર ભોગવી શકાતી નથી, આવા ગાઢ સંસ્કારોના બળથી તેને દેહ છોડવો ગમતો નથી. તોયે આયુષ્ય કર્મ ક્ષય થવાથી દેહનો અવશ્ય વિયોગ થાય જ છે. જ્યારે દેહનો વિયોગ થવાનો સમય આવે છે અર્થાત્ મોત આવીને ઊભું રહે છે ત્યારે દેહનો વિયોગ ન થવા દેવા-ન મરવા અનીતિ તથા અધર્મનો આશ્રય લે છે તોયે શરીર છૂટી જાય છે અને મરવું પડે છે. જીવનકાળમાં જીવવા અને ઇંદ્રિયોના વિષયસ્વરૂપ જડાત્મક સુખ તથા આનંદ મેળવવા જડની ઉપાસના કરનારા જડના દાસ અનિચ્છાએ મરે છે તે અશિક્ષિત (બાળ) મરણ કહેવાય છે, જેનું પરિણામ અનંતા જન્મ મરણ કરીને ભોગવેલાં કાલ્પનિક પૌદ્ગલિક સુખો કરતાં અનંતાગણું દુઃખ ભોગવે છે. કિમતી તથા ઉત્તમોત્તમ માનવ જીવનને પાંચ-પચીસ વર્ષમાં અત્યંત ક્ષુદ્ર અને અસાર તથા ક્ષણિક પૌદ્ગલિક સુખો માટે વેડફી નાંખીને અમૂલ્ય આત્મસંપત્તિના વિનાશક બને છે એટલું જ નહિ પણ પૌદ્ગલિક વસ્તુઓ વાપરીને અનંતાનંત કર્મરાશિનો સંચય કરે છે કે જે પારકી સંપત્તિ કહેવાય છે. પોતે સુખ તથા આનંદ ભોગવવા જેટલી જડાત્મક સંપત્તિ વાપરે છે તેટલું જ પોતાના

કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની

જીવન ઝરમર.

લેખકઃ—મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ.

(ગતાંક પૃષ્ઠ ૬૪ થી શરૂ)

સિદ્ધહૈમવ્યાકરણ*–કે જે ગુજરાતનું પ્રધાન વ્યાકરણ કહેવાય છે, તેનાં મૂલ સૂત્રોની સંખ્યા માત્ર અગીયારસો છે. તેનાં પાંચ અંગો છે, સૂત્ર, ગણપાઠ સહિત વૃત્તિ, ધાતુપાઠ, ઉણાદિ અને લિંગાનુશાસન. આ પાંચે ય અંગો પોતે જ રચ્યાં. આ એક વ્યાકરણને લીધે ગુજરાતને બીજા કોઇ પણ દેશમાં માત્ર વ્યાકરણની દૃષ્ટિએ તો શુરુપદ મળી શકે તેમ છે. આ મહાવ્યાકરણમાં શ્રી હેમચંદ્રાચાર્યજીની સૂત્રના ક્રમ રચવાની કુશલતા, વૃત્તિનું પ્રાવીણ્ય, ઉદાહરણ આપવાનું ચાતુર્ય અને તેની ચર્ચા કરવાની વિશદ, ઉદાર, ધીર અને ગંભીર પદ્ધતિ પદે પદે નજરે પડે છે. ભારતમાં આવો સમર્થ વૈયાકરણી બીજો નથી પાકયો. મૂલ સૂત્રો, મૂલ સૂત્રો ઉપરની મહતી અને લઘુ વૃત્તિ, સવિસ્તર વૃત્તિવાળું અને અનેક ધાતુપારાયણના દોહનવાળું ધાતુપારાયણ ઉણાદિ સૂત્રવૃત્તિ, લિંગાનુશાસન પણ મોટી ટીકા સાથેનું આ પાંચે અંગો પૂર્ણ છે.

આના સાત અધ્યાય સંસ્કૃતના છે અને આઠમો અધ્યાય પ્રાકૃત, શૌરસેની, માગધી, પૈશાચી, ચુલીકા પૈશાચી અને અપભ્રંશને માટે છે. આ અધ્યાયને પ્રાકૃત વ્યાકરણ પણ કહે છે. સંસ્કૃત વ્યાકરણની સાથે પ્રાકૃત, શૌરસેની વગેરેનું વ્યાકરણ લખવાની પ્રથાના આદિ આવિર્ભાવક આચાર્યવર્ય શ્રી હેમચંદ્રાચાર્યજી છે. આ સિવાયના બીજા ઘણાનાં બનાવેલાં

* સિદ્ધહૈમ વ્યાકરણના વધુ પરિચય માટે 'ગુજરાતનું પ્રધાન વ્યાકરણ' લેખક પં. બ્હેચરદાસજી દોશીનો લેખ તથા હેમસમીક્ષા જોવા.

માથા ઉપર મોહ રાજાનું દેવું ચડાવે છે. તેને વાળવાને માટે અનંતા ભવ અજ્ઞાની આત્માને અવશ્ય કરવા જ પડે છે. આવા અજ્ઞાન જીવો મરતાં સુધી પણ મોહનું દેવું કરવા ચકતા નથી. જ્યારે તેમને મરવાની ખાતરી થાય છે ત્યારે તેમને એક તો દેહ છોડવાનું અને દેહની સાથે સંબંધ ધરાવનાર બાગબંગલા આદિ બાહ્ય ધન સંપત્તિ છોડવાનું એમ બેવડું દુઃખ થાય છે. જ્ઞાની પુરુષો વસ્તુતત્વના જાણકાર હોવાથી આત્મા તથા દેહનું પૃથક્કરણ કરીને આત્મ સ્વરૂપ શાશ્વત જીવનના વિકાસ માટે કર્મક્ષયના હેતુ સિવાય દેહના વિયોગની પરવા રાખતા નથી. જેથી કરી મૃત્યુસમયે દુઃખ મનાવતા નથી. તેમજ આત્મસ્વરૂપના વિકાસી હોવાથી દેહ છૂટી જવાનો જરાયે ભય રાખતા નથી. એટલા માટે જ તેમનું પંડિત મરણ કહેવાય છે. આવા વિકાસી પુરુષોના પગલે ચાલનારને જ અર્થાત્ પંડિત મરણ કરનારને જ મરતાં આવડે છે એમ કહી શકાય.

પ્રાકૃત વ્યાકરણો છે પણ જેટલું નદી અને સમુદ્રમાં અંતર હોય તેટલો આમાં ફરક છે. બીજાં પ્રાકૃત વ્યાકરણો માત્ર નાટકની ભાષાના પરિચય માટે છે, જ્યારે આ પ્રાકૃત વ્યાકરણમાં વિશિષ્ટતા છે. તેમજ અપભ્રંશ ભાષાની જે વિશદ ચર્ચા આમાં આપી છે તે તો સૌથી પ્રથમ જ છે. તેમજ પાણિનીયે જેમ 'છાંદસમ્' કહી વેદની ભાષાનું વ્યાકરણ લખ્યું છે તેમ આચાર્યશ્રીએ પણ 'આર્ષમ' કહીને જૈન આગમોની ભાષાનું પણ અનુશાસન કર્યું છે. આ વ્યાકરણના પાંચે અંગોના વિસ્તૃત પરિચય જાણવા ઇચ્છનાર મહાનુભાવ **હેમસમીક્ષા** વાંચી લ્યે.

અભિધાનચિંતામણિ, અનેકાર્થસંગ્રહ, નિઘંટુસંગ્રહ, દેશીનામમાલા આ ચાર સુંદર મોટા વિપુલ સામગ્રી-સંગ્રહવાળા સંસ્કૃત, પ્રાકૃત દેશ્ય ભાષાના કોશ બનાવ્યા છે.

અભિધાનચિંતામણી કોશ અમર કોશની પદ્ધતિનો છે; પરંતુ અમર કોશ કરતાં શબ્દસંખ્યા લગભગ દોઢી છે. કોશનું કામ પૂરું થઇ ગયા પછી જે નવા શબ્દો આવ્યાં તેને પણ 'શેષાખ્યા નામમાલા'માં યોજી દીધા છે. અભિધાનચિંતામણીની પુરવણીરૂપ જ આ નામમાલા છે. અભિધાનચિંતામણીમાં છ કાંડ છે. દેવાધિદેવકાંડ, દેવકાંડ, મર્ત્યકાંડ, તિર્યક્કાંડ, નારકકાંડ, સાધારણકાંડ. આ કાંડના નામ ઉપરથી જ વિષય સમજાઇ જાય છે એટલે વિશેષ પરિચય નથી આપતો. આની ઉપર દસ હજાર શ્લોકની વિસ્તૃત ટીકા છે.

અનેકાર્થસંગ્રહ—અભિધાનચિંતામણી પછી આ કોશ બન્યો છે. આમાં પણ સાત કાંડ છે. એકસ્વરકાંડ, દ્વિસ્વરકાંડ, ત્રિસ્વરકાંડ, ચતુઃસ્વરકાંડ, પંચસ્વરકાંડ, ષટ્સ્વરકાંડ, અને અવ્યયકાંડ. અભિધાનચિંતામણીમાં એક અર્થના અનેક શબ્દોનો કોશ આપવામાં આવ્યો છે; જ્યારે અનેકાર્થસંગ્રહમાં એક શબ્દના અનેક અર્થ આપવામાં આવ્યા છે. આના ઉપર છ હજાર શ્લોકની વિસ્તૃત ટીકા પણ છે.

નિઘંટુશેષ—આ વનસ્પતિઓનો કોશ છે. વનસ્પતિ વિષયક શબ્દોના જ્ઞાન માટે આ કોશ મહદ્ ઉપકારી છે. અભિધાનસંગ્રહમાં અમુક શબ્દો આપ્યા છે; પરંતુ આમાં તો એ વિષયના લગભગ બધા જ શબ્દોનો ઉલ્લેખ છે. નિઘંટુશેષ છ કાંડમાં વિભક્ત છે. જેમાં વૃક્ષકાંડ, ગુલ્મકાંડ, લતાકાંડ, શાકકાંડ, તૃણકાંડ અને ધાન્યકાંડ છે.

દેશીનામમાલા—આમાં અનેક દેશી શબ્દોનો વિપુલ સંગ્રહ છે. સામાન્ય રીતે જે સંસ્કૃત નહિં અને તેમાંથી ઉદ્ભવેલ નહિ તે 'દેશી' શબ્દ છે. દેશીનો પરિચય આચાર્યવર્ય સ્વયમેવ પોતાના કોશમાં આ પ્રમાણે આપે છે-

'देसविसेस प्रसिद्धीइ भणणमाणा अणन्तया हुन्ति तम्हा अणाइपाइ अ पयट्टमाला विसेसओ देसी

ટીકામાં પોતે કહે છે—**तस्मादनादिप्रवृत्त-प्राकृतभाषाविशेष एवायं 'देशी' शब्देन उच्यते**

આ કોશ આઠ વર્ગમાં વિભક્ત છે. પહેલા વર્ગમાં સ્વરાદિ શબ્દો અને તેના અનેકાર્થનો પરિચય છે. ત્યારપછી બીજાથી તે આઠમા સુધીમાં 'વ્યંજનાદિ શબ્દો અને તેના અનેકાર્થ શબ્દોનો ઉલ્લેખ છે.

પ્રથમ વર્ગ—સ્વરાદિ શબ્દોનો સંગ્રહ શ્લોક ૧૭૪.

દ્વિતીય વર્ગ—વ્યંજનાદિ શબ્દસંગ્રહ ક થી ઘ સુધી શ્લોક ૧૧૨.

તૃતીય વર્ગ—ચ થી ઝ સુધી શબ્દનો સંગ્રહ શ્લોક ૬૨

. ચતુર્થ વર્ગ—ટ થી ણ સુધીનો શબ્દસંગ્રહ. શ્લોક ૫૧

પંચમ વર્ગ—ત થી ધ સુધીનો શબ્દસંગ્રહ. શ્લોક ૬૩.

ષષ્ઠ વર્ગ—પ થી મ સુધીનો શબ્દસંગ્રહ. શ્લોક ૧૪૮.

સપ્તમ[1] વર્ગ—ર થી વ સુધીનો શબ્દસંગ્રહ. શ્લોક ૯૬.

અષ્ટમ વર્ગ—સાદય સ થી હ સુધી શબ્દસંગ્રહ છે. શ્લોક ૭૭.

(પ્રાકૃતમાં શ, ષ નથી સંભવતા માટે) આના ઉપર ત્રણ હજાર શ્લોકપ્રમાણ ટીકા છે. કાવ્યોમાં દ્વાશ્રય મહાકાવ્ય, ત્રિશષ્ટીશલાકા પુરુષ ચરિત્ર, પરિશિષ્ટ પર્વ વગેરેનું સ્થાન છે.

દ્વાશ્રય મહાકાવ્યના વીસ સર્ગ છે. પહેલેથી પંદરમા સર્ગ સુધીમાં મૂલરાજથી સિદ્ધરાજ જયસિંહ સુધીના ચૌલુક્ય રાજાઓનો ઇતિહાસ છે. સોળમાથી વીસમા સર્ગ સુધીમાં મહારાજા કુમારપાલનો ઇતિહાસ છે. કાવ્યશાસ્ત્રના નિયમોને સંપૂર્ણ રીતે અનુસરતું આ મહાકાવ્ય છે. એક બાજુ સિદ્ધહૈમવ્યાકરણના આઠે અધ્યાયનાં બધાં ઉદાહરણોની સંગતિ કરી છે; બીજી બાજુ મૂલરાજથી કુમારપાલ સુધીના સોલંકી રાજેંદ્રોનો ઇતિહાસ શૃંખલાબદ્ધ આલેખાયો છે, માટે તેનું **દ્વાશ્રય** નામ યથાર્થ ગુણસંપન્ન છે.

આ કાવ્યમાં મહાકાવ્ય લક્ષણ અને શબ્દલક્ષણ એમ બે બાબતો ગ્રથિત કરી દેવામાં આવી છે તેથી તે દ્વાશ્રય કાવ્યના નામથી વિખ્યાત છે.

પ્રથમના પંદર સર્ગ મહારાજ સિદ્ધરાજ જયસિંહના જીવંતકાલમાં લખાયાં છે એટલે ગુજરાતનો પ્રમાણિક, સત્ય અને નિષ્પક્ષ ઇતિહાસ આમાં ઉલ્લિખિત થયો છે એમાં તો સંદેહ નથી જ. ગુજરાતના ઇતિહાસનું આવું પ્રત્યક્ષદર્શી સ્પષ્ટ નિરૂપણ કરનાર આવું એક પણ પુસ્તક નથી. આ[1] કાવ્યમાં કુલ ૨૪૩૫ શ્લોકો છે. અભયતિલકગણીની ટીકા આના ઉપર છે.

સપ્તસંધાન મહાકાવ્ય. એકજ શ્લોકના સાત અર્થ થાય એવું મહાકાવ્ય શ્રી હેમચંદ્રાચાર્યજીએ બનાવ્યું હતું, કિન્તુ અત્યારે એ ઉપલબ્ધ નથી.

કાવ્યાનુશાસન. આ ગ્રંથની રચના સુપ્રસિદ્ધ કાવ્યપ્રકાશના જેવી છે. સાહિત્યશાસ્ત્રના અંગોનું વિશદ, ગંભીર અને માર્મિક વિવેચન આમાં દર્શાવ્યું છે. આના ઉપર અલંકારચૂડામણી નામની અતિ પરિષ્કૃત ટીકા વ્યાખ્યા છે, અને તેના ઉપર સૂક્ષ્મ વિવેચનવાળો વિવેક રચેલ છે.

---

૧ यकारस्य प्राकृतेऽसम्भवात्तत्तोरेफादयः प्रस्तूयन्ते ઉપર સાતમા વિભાગમાં યકારથી શરૂઆત થવી જોઇતી હતી પરંતુ પ્રાકૃતમાં યકાર નથી માટે રેફ (રકારથી) થી શરૂઆત કરી છે. મૂલ આઠે વર્ગમાં "अ क च ट त प य श" નો ક્રમ છે.

૧ પ્રાકૃત દ્વાશ્રય કાવ્ય આનાથી જુદું છે. એમાં સિદ્ધહૈમના આઠમા અધ્યાય-પ્રાકૃત-અપભ્રંશ વગેરેનાં ઉદાહરણોની સંગતિ આ પ્રાકૃત દ્વાશ્રયમાં આપી છે. સાથે જ સંસ્કૃત દ્વાશ્રયમાં મહારાજા કુમારપાલ ગાદીએ બેઠા ત્યાં સુધીનું વર્ણન છે; જ્યારે પ્રાકૃત દ્વાશ્રયમાં એ વર્ણન આગળ વધે છે. પ્રાકૃત દ્વાશ્રયમાં કાવ્યતત્વ બહુ જ સુંદર ખીલ્યું છે. મહાકવિએ પાટણનું, તે વખતના સમાજનું અને ગુર્જર દેશનું જે સુંદર મૌલિક વર્ણન આપ્યું છે તે વાંચવા યોગ્ય છે. આમાં આઠ સર્ગ છે. કુલ ગાથા ૭૪૭ છે અને પૂર્ણકલશ ગણિની ટીકા છે.

ધર્મ....કૌશલ્ય

(૫)

મહાપુરુષ (Superman)—

એ સંપત્તિ આવે ત્યારે ગર્વ કરે નહિ, અને આફતમાં આવી પડે ત્યારે દુઃખ ધરે નહિ. મહાપુરુષનું એ લક્ષણ છે. દ્રવ્યની મેળવણીથી કોઈ મહાપુરુષ થતો નથી.

ચાલુ વ્યવહારથી–દરરોજની ઘરેડથી જે ઉપરવટ જઇ પોતાને માટે ઉચ્ચ માર્ગ સ્વીકારે અને અનુસરે, જે ચાલતે ગાડે બેસી ગમે તેમ જીવન વહન કરવાની રીતથી આગળ વધે, જેના આદર્શ ભવ્ય હોય, જેનો પ્રયાસ એ આદર્શે પહોંચવાનો હોય, જે સારા વખતમાં કમળ જેવા પોચા હૃદયનો હોય, જે આફત વખતે મહાન પર્વતની શિલા જેવા કર્કશ હૃદયનો હોય, જે પૈસા કે સંપત્તિ, વિભૂતિ કે માનકીર્તિ મળે ત્યારે ફૂલાઇ જાય નહિ, જેને માથે દુઃખની નોબતો ગડગડે ત્યારે મનથી જરાપણ હીણો ન થઇ જાય, જેના મન–વચન–ક્રિયામાં એકવાક્યતા હોય, જેને જેમ જેમ ઉશ્કેરવામાં આવે તેમ તેમ એનામાંથી શાંતિ, સુગંધ અને નિર્મળતાના ફુવારા ઊડે–આવા પુરુષ હોય તે **મહાપુરુષ** કહેવાય છે, દુનિયા એને નમે છે, એના નામના ગુણગાન કરે છે, એનાં પ્રભાતમાં નામસ્મરણથી દિવસ સારો જવાની આગાહી કરે છે અને એ જીવતાં માન-પ્રતિષ્ઠા અને નમન પામે છે અને એની હયાતી બાદ **એનાં નામનાં મંદિરો** બંધાય છે, એનાં નામોચ્ચારણમાં જનતા જીવનસાફલ્ય માને છે અને એનું જીવન ભાગ્યશાળી–પુણ્યશાળી થાય છે, સાચા જીવનના નામને યોગ્ય થાય છે અને અંતે એ શ્રેયનો માર્ગ સ્વીકારી શ્રેયને પ્રાપ્ત કરે છે. અને માનસિક કે આર્થિક સંપત્તિ મળે એમાં ખરેખરું રાચવા જેવું છે પણ શું ? એ તો **ચાર દહાડાનું ચાંદરણું** છે અને એની પાછળ ઘોર અંધારી રાત છે. જે સંપત્તિ અહીં રહી જવાની છે, જેને મેળવવામાં અનેક ઉપાધિ થાય છે, જેને જાળવવામાં મહા આર્ત્તધ્યાન થાય છે, જે સગા ભાઇ-ભાઇઓમાં વિરોધ કરાવે છે અને જેના સંસર્ગને પરિણામે સંભાળ ન રાખી હોય તો અનેક દુર્ગુણો ઘર કરી બેસે છે–તેવી સંપત્તિ મળી જાય તો તેમાં હરખ શો કરવો ? એમાં ગર્વ શો કરવો ? એમાં છાતી કાઢીને કેવું ચાલવું ? અને સંચિતનાં ફળ તરીકે આફત આવે, ગરીબાઇ થાય, તંદુરસ્તી ખલાસ થઇ જાય કે યાવત્ એકનો એક પુત્ર ચાલ્યો જાય તો તેમાં દુઃખ શેનું માનવું ? એ તો કર્મ ભોગવી હળવા થવાનો માર્ગ છે અને અનુકૂળતાએ ભોગવાઇ જાય તો તેટલા પૂરતું દેવામાંથી છૂટી જવાય છે.

જેનું મન સારા કે ખરાબ સંયોગોમાં એકસરખું રહે, જે મોટો હોય તો મલકાઇ ન જાય, જેને નસીબે દાસ્યભાવે ઝાડુ કાઢવાનું આવે તો દીન–દુઃખી ન થઇ જાય, જેને દોલત હાથી પર ન ચઢાવે, જેને દીનતા માથકાંગલો ન બનાવે–એ મહાપુરુષ છે, ખરો જાતવાન સજ્જન પુરુષ છે, વ્યવહારમાં વસતો સાચો યોગી છે, દાખલો લેવા લાયક સંત છે અને એવા પુરુષને પગલે ચાલવાથી કે એનો દાખલો લેવાથી જીવન સફળ થાય છે. સાચા મહાપુરુષની બલિહારી છે ! બાકી પૈસા મળવાથી મહાપુરુષ થવાય છે એ ભ્રમ છે. મહત્તા મહાન ગુણ છે અને તેને પ્રાપ્ત કરવાની ચાવી અહીં સાંપડે છે.

सम्पत्तौ विस्मिता नैव, विपत्तौ नैव दुःखिताः । महतां लक्षणं ह्येतन्न तु द्रव्यसमागमात् ॥

તૃષ્ણા-Avidity— (૬)

આશા નામની એક ભારે આશ્ચર્યકારી બેડી છે. એનાથી બંધાયેલા પ્રાણી દોડાદોડ કરે છે અને એનાથી મુક્ત થયેલા માણસો પાંગળાની જેમ સ્થિર થઈ જાય છે.

માણસને સજ્જન થવા માટે, ગૃહસ્થમાં ગણાવા માટે બાર ગુણોનો આશ્રય કરવાની ખાસ જરૂર છે. **પ્રથમ ગુણ** 'તૃષ્ણાછેદ' નો ગણવામાં આવ્યો છે. આખી જિંદગીનો કિસ્સો તૃષ્ણાની ન્યૂનાધિકતા પર રહે છે. એ(તૃષ્ણા)ને વશ પડી જાય તો પછી એના હાથમાં લાખો આવે તો એને કરોડ કરવાની ઇચ્છા થાય છે અને કરોડે છપ્પન ઉપર લેરી વગાડવાના મનોરથ થાય છે. આશાનું માપ નથી, છેડો નથી, અંત નથી. એ તો જેમ ફાવતી જાય તેમ વાધતી જાય છે. આકાશનો છેડો આવે તો એનો છેડો આવે, જે ભિખારીને આજે પચીશ રૂપીઆ મળે તો લીલા લહેર થઇ જાય છે તે એક વાર નવાણુંને ધક્કે ચઢે તો પછી એને હજારે અને લાખે લેખાં કરતાં પણ સમધારણા થતી નથી અને ગમે તેટલો વધારો થાય તો પણ એને હાશ કરીને બેસવાનો વખત આવતો નથી.

ગમે તેટલા પરદેશ વેઠાવે, રાત દહાડો જંપ વાળી બેસવા ન દે, અકાળે સફાળો જગાડે, સ્નેહ સંબંધ કે સગપણને વીસરાવે, એક માના જણ્યા સગા ભાઇઓમાં વેર કરાવે અને નજીવી બાબતમાં ધર્મના સોગન ખવરાવે એવી એ **તૃષ્ણા બાઈ** છે. એમાં આડાં ઊભાં ચક્કરોને આરે ચઢનાર પ્રાણી લખચોરાસીમાં ઘસડાઇ જાય છે અને પોતાની જાતને ભૂલી જાય છે. માણસની વય વધતી જાય, શરીરમાં શિથિલતા આવે, હાથપગ કામ ઓછું આપે ત્યારે તૃષ્ણા જુવાન થતી જાય છે, વધારે મક્કમ બનતી જાય છે, ઘરબાર કરીને પોતાનું સ્થાન પાકું કરી જામતી જાય છે. અભિલાષા, આશા, લાલસા અને તૃષ્ણા વચ્ચે ઘણો ફેર છે. મહત્વાકાંક્ષા અમુક હદ સુધી શ્રેયમાર્ગે પણ લઇ જાય છે પણ **તૃષ્ણા તો એક સરખા ગુણનો નાશ જ** કરે છે. લોભનું એ પર્યાયવાચી નામ છે અને સર્વ વિનાશનું મૂળ એનામાં પ્રચ્છન્ન રીતે રહેલું હોય છે. આખો વખત હાય બળતરા કરાવનાર, કોઇ પણ વખતે શાંતિનો આસ્વાદ પણ ન થવા દેનાર, મધલાળનાં આકર્ષણોને ખડાં કરનાર એ ભૈરવી દેવી પ્રાણીમાં લાભ મળે વલોપાત કરાવે છે, ધારેલ લાભને બદલે હાનિ થયે કકળાટ કરાવે છે અને લાગ આવે ત્યારે પ્રાણીને ઊંધો પાડી એ સર્વસ્વ હરણ કરી જાય છે. એના પાસામાં પડેલા પ્રાણી ઉપદેશને અવગણે છે, હિતશિખામણને હસી કાઢે છે અને પાગલ માણસની જેમ એની પાસે અનેક સારાં માઠાં કાર્યો હારબંધ કરાવે છે.

'સજ્જન' થવાની ઇચ્છાવાળાએ તૃષ્ણાનો ત્યાગ કરવો. વ્યાધિગ્રસ્ત માણસ, છોકરા વગરનો માણસ અને વૃદ્ધ માણસ ઉપર એની અસર ઘણી વધારે થતી હોવાથી એમણે એનાથી ખાસ ચેતવું અને સંતોષીને સાચું સુખ છે અને **તૃષ્ણા દેવીનું ખપ્પર** કદી ભરાતું નથી એ વાત ધ્યાનમાં રાખી એના પર વિજય મેળવવો. સાચે રસ્તે-ધર્મમાર્ગે-સજ્જન પંથે ચઢવાનું આ પહેલું પગથિયું છે.

आशा नाम मनुष्याणां, काचिदाश्चर्यशृंखला । यया बद्धाः प्रधावन्ति,मुक्तास्तिष्ठन्ति पङ्गुवत् ॥

(૭)

ભિખારીની શિક્ષા-Instructing beggars

ભિખારીઓ ભીખદ્વારા ઘેર ઘેર ફરતાં ભીખ માગતા નથી પણ શિક્ષાપાઠ આપે છે: 'દરરોજ આપો, આપો; દો, દો. ન દેનારાના ફળ આવા (મારા જેવા) થાય છે.

વહેવારુ ડાહ્યો માણસ ગમે તે બાબતમાંથી સારો અર્થ કાઢે છે, ત્યારે મૂર્ખ માણસ સારામાં સારી હકીકતને વિરૂપ અને બેધારી કે બેસૂર બનાવી દે છે. જેમ દુનિયામાં ધાન્યને ધૂળ કરીને ખાનારા જોવામાં આવે છે તેમ સુઘડ સ્ત્રી ધૂળને ધાન્ય કરી ખવરાવી શકે છે, નદીના પાંચીકાનું શાક બનાવી સ્વાદિષ્ટ વાની પૂરી પાડી શકે છે. એમાં ચતુરાઇ, આવડત અને ઉચ્ચગ્રાહી માનસિક વલણનો મહિમા જરૂર દેખાઇ આવે છે. તેના દૃષ્ટાંતરૂપે એક વાત છે.

આપણી સામે ઊભા રહી, ઘરને આંગણે કકળાટ અને દુઃખની લાગણી બતાવનાર ભિખારીને **ભિખારી** ન માનવો ઘટે. એ તો ખરેખરી રીતે આપણો **ઉપદેશદાતા** છે. ઉપદેશ આપનાર જ્ઞાની આપણને કોઇ વસ્તુ રોકડી કે ઉધાર આપતા નથી, પણ એ પૃથક્કરણદ્વારા આપણને ચોખવટ કરી આપે છે, વસ્તુ કે સંબંધને એના સાદા અને સાચા આકારમાં બતાવે છે, વસ્તુની અંદરના મર્મને આપણી પાસે પ્રકટ કરે છે અને નવાં દૃષ્ટિબિન્દુથી વસ્તુ કે સંબંધને આપણને દેખાડે છે. આપણે મુંઝાયા હોઇએ ત્યાં એ માર્ગદર્શન કરાવે છે, આપણે ઉપર ઉપરના વ્યામોહમાં પડયા હોઇએ ત્યાં એ આપણને અંદર જોતા કરે છે, આપણે સામાને જોતાં હોઇએ ત્યાં એ પોતાને અંદર જોતાં શીખવે છે.

એ રીતે અવલોકતા ભીખ માગનાર પણ યાચક નથી, પણ એ આપણો **શિક્ષાગુરુ** છે, એ આપણો **ઉપદેશક** છે, એ આપણો હિતમાર્ગદર્શક છે. એ કહે છે કે મારા અન્નદાતા! મારા શેઠ! મારા સુરખ્ખી! તમને કર્મના પ્રભાવે કે કુદરતની કૃપાએ લક્ષ્મી મળી છે, તમે સાધનવાળા છો, તમારે ત્યાં છપ્પન ઉપર ભેરી વાગે છે, તમારે ત્યાં ક્રોડ ધનની નિશાની બતાવનાર ધજાઓ ઊડે છે, તમે બડેજાઓ કહેવાઓ છો–તો તમે આપો, દો, લક્ષ્મીનો ફહાવો લઇ લો. તમે શુભ ક્રિયા કરી સારાં કર્મોને પરિણામે સંપત્તિ સાધનવાળા થયા છો તો તેને અંગે મારા જેવાને આપો. દુનિયાનાં દુઃખો દૂર કરો, સાહિત્ય કેળવણીની સંસ્થા કાઢો, ધનનો સારી કમાઇનો લાભ લો, ખરચો, વાવરો, દાનવીર થઇ જાઓ. અને નહિ આપો તો એનાં ફળ કેવાં થશે તે જાણી લેવા મારી સામું જુઓ. નહિ આપો તો મારા જેવા થશો, બીજા પાસે હાથ લંબાવવો પડશે. મેં આપ્યું નથી, તેથી આવો થયો છું. તમારે મારા જેવા થવું હોય તો રાખી મૂકો, ભરી રાખો, સંઘરો કરો, ચોકી કરો. અંતે તમે મારા જેવા (ભિખારી) થશો. ન દેનાર મારા જેવા થાય છે, મુઠ્ઠી વાળી બેસી જનાર અંતે મૂઠીને ચાલ્યા જાય છે અને પછી બે હાથ લાંબા કરી અમારી જેમ ભીખ માંગે છે, પરવશ પરાશ્રયી અવતાર રગીરગીને પૂરો કરે છે. એવા ન થવું હોય તો ઉદાર બનો. આવી શિખામણ આપનાર ભિખારી આપણને ઠેકાણે રાખે છે, દાનનો મહિમા શીખવે છે, વખતસરની ચેતવણી આપે છે અને દાન આપવા પ્રેરણા કરી સાચું રહસ્ય શીખવે છે.

(૮)

વિરતિઃ—

જ્ઞાનનું ફળ ત્યાગભાવ સ્વીકાર છે.

માત્ર 'જાણવું' એટલે વસ્તુને ઓળખવી. એક ગાયને જાણવા માટે એનાં રંગ, શીંગડાં, પૂંછડા વગેરે જાણવાં જોઈએ અને અમુક આકાર ધારણ કરે તે ગાય કહેવાય. આવા જ્ઞાનમાં પણ ઘણી જાત અને ભાત હોય છે. કોઈનું જ્ઞાન પૃથક્કરણપ્રાધાન્ય હોય છે, કોઈનું સમુચ્ચય પ્રાધાન્ય હોય છે, કોઈનું લાગણીપ્રધાન હોય છે અને કોઈનું આંતરલક્ષ્યવેધી હોય છે. એ ઉપરાંત કોઇને માત્ર વિષય જાણવા પૂરતું જ જ્ઞાન હોય છે, કોઇને એ ગળે ઊતરેલ જ્ઞાન હોય છે અને કોઇએ તેને પચાવેલ જ્ઞાન હોય છે.

માત્ર વિષયપ્રતિભાસ જ્ઞાન હોય તો તેનાથી વસ્તુ ઓળખાય છે, ઓકસીજન, હાઇડ્રોજન વગેરે સમજાય છે, પણ એની અસર અંદર કાંઈ થતી નથી. જે જ્ઞાનને પરિણામે માણસ સરસ વાતો કરી શકે, સુંદર ભાષણ કરી શકે, વસ્તુસ્વરૂપ અન્યને જણાવી શકે તેની અસર જો તેના હૃદયમાં થઇ ન હોય, માત્ર વિનોદ કે વિલાસ પૂરતું જ્ઞાનમાત્ર હોય, સભારંજન કે પરરંજન સુધી જ એની હદ ગયેલી હોય તો તે જ્ઞાન **વિષયપ્રતિભાસ**ની કોટિમાં આવે છે. બાકી સ્વપરનું માત્ર જ્ઞાન થાય, પણ તદ્યોગ્ય પ્રવૃત્તિ ન થાય તે જ્ઞાન **આત્મપરિણતિમત્** જ્ઞાન કહેવાય છે. જેવું જાણે તેવી તદ્યોગ્ય સુપ્રવૃત્તિ કરે, વિપરીત કાર્યથી નિવૃત્તિ કરે અને સાધ્યને માર્ગે ચલાવે તે જ્ઞાનને 'તત્ત્વસંવેદન' જ્ઞાન કહેવામાં આવે છે.

આવી રીતે જ્ઞાનના અનેક પ્રકાર થાય છે. ખરૂં જ્ઞાન **તત્ત્વસંવેદન** જ્ઞાન છે. એમાં જ્ઞાનનું સંવેદન થાય છે, જાણવા પ્રમાણે સાચે માર્ગે પ્રવૃત્તિ થાય છે, રખડપાટી વધારનાર પ્રવૃત્તિનો ત્યાગ થાય છે અને સાચે રસ્તે આગળ વધાય છે. આ સાચું જ્ઞાન છે, જ્ઞાનનું ફળ બતાવનાર વિશિષ્ટ જ્ઞાન છે, ન્યાય માર્ગે પ્રવૃત્તિ કરાવનાર જ્ઞાન છે અને જ્ઞાનનું સાચું ફળ અપાવનાર જ્ઞાન છે.

માત્ર વિષયપ્રતિભાસ જ્ઞાનના કેવાં ફળ બેસે છે તે અણુ બોંબના યુગમાં વર્ણવાની ભાગ્યે જ જરૂર રહે છે. એવા જ્ઞાનથી સંહારશક્તિનો વધારો થાય છે, સંસાર સન્મુખ વિશેષ વેગથી પ્રવેશાય છે અને આત્મદર્શનથી પ્રાણી દૂર દૂર થતો જાય છે. **જ્ઞાનનું ફળ વિરતિ** છે. વિરતિ એટલે પૌદ્ગલિક ભાવથી દૂર જવું તે. સાચા જ્ઞાનીને વિષય અને કષાયો બરાબર ઓળખાય એટલું જ નહિ, પણ એનો બનતો ત્યાગ કરવાની એની તીવ્ર ભાવના અને પ્રયત્ન ચાલુ રહે. અને જ્ઞાન પામ્યાનું ખરૂં ફળ એ જ છે, જ્ઞાન મળવાનો સાચો ઉપયોગ એ જ છે. જેટલે અંશે વિરતિભાવ આવે તેટલે અંશે સાચું જ્ઞાન થયું છે એમ સમજવું. પચાવેલ **જ્ઞાનની કિંમત ત્યાગ ભાવ** અને **આત્મદર્શન સન્મુખ વૃત્તિ** પર નિર્ભર રહે છે. ત્યાગનો–વિરતિભાવનો સ્વપર વિવેચનનો જેટલો ઉપયોગ તેટલું સાચું જ્ઞાન સમજવું. જ્ઞાનની તેમાં કસોટી છે, જ્ઞાનની તેમાં ઉપયોગિતા છે. બાકી સમજ્યા–પચાવ્યા વગર ગમે તેટલું બોલી કે લખી જવાય તેમાં તેનું ખરું ફળ બેસતું કે મળતું નથી.

મૌક્તિક

तत्त्वसार

લે. સં. પા.–મુનિશ્રી પુન્યવિજયજી મહારાજ (સંવિજ્ઞપાક્ષિક)

(ગતાંક પૃષ્ઠ ૩૧ થી શરૂ)

रागद्वेषविनाभूतं साम्यं तत्त्वं यदुच्यते ।
स्वशंसिनां क्व तत् तेषां परदूषणदायिनाम् ?॥१४॥

રાગ અને દ્વેષનો અભાવ તે જ સમભાવ છે અને સમભાવ તે જ તત્ત્વ છે. જેઓ પોતાની શ્લાઘા કરે છે અને બીજાઓનાં દૂષણો જુએ છે તેઓ તે તત્ત્વને કેવી રીતે પ્રાપ્ત કરી શકે ? ૧૪

मानेऽपमाने निन्दायां स्तुतौ वा लेष्टुकाञ्चने ।
जीविते मरणे लाभालाभे रंके महर्द्धिके ॥१५॥
शत्रौ मित्रे सुखे दुःखे हृषीकार्थे शुभाशुभे ।
सर्वत्रापि यदेकत्वं तत्त्वं तद् भेद्यतां परम् ॥१६॥

સન્માનમાં અને અપમાનમાં, નિન્દામાં અને સ્તુતિમાં, રોડામાં અને સોનામાં, જીવનમાં અને મરણમાં, લાભમાં અને નુકસાનમાં, રંકમાં અને રાજામાં, શત્રુમાં અને મિત્રમાં, સુખમાં અને દુઃખમાં, ઇંદ્રિયોના શુભ વિષયમાં અને અશુભ વિષયમાં, દરેક ઠેકાણે ચિત્તની સમાનતા રાખવી, રાગદ્વેષ ન કરવો તે જ તત્ત્વ છે. જ્યારે તેથી ઊલટું તે અતત્ત્વ છે. ૧૫–૧૬

अष्टाङ्गस्यापि योगस्य सारभूतमिदं खलु ।
यतो यमादिव्यासोऽस्मिन् सर्वोऽप्यस्यैव हेतवे ॥१७॥

અષ્ટાંગ યોગનો પણ સાર એ જ છે, કારણ કે યમ, નિયમ વિગેરે યોગનો બધો વિસ્તાર કેવળ એને જ માટે છે. ૧૭

क्रियते दधिसाराय दधिमन्थो यथा किल ।
तथैव साम्यसाराय योगाभ्यासो यमादिकं ॥१८॥

જેમ દહિંના સારને (માખણને) માટે દહિં વલોવવામાં આવે છે, તેમ સામ્યરૂપ સારને માટે જ યમ–નિયમાદિક યોગાભ્યાસ છે. ૧૮

अद्य कल्येऽपि कैवल्यं साम्येनानेन नान्यथा ।
प्रमादः क्षणमप्यत्र ततः कर्तुं न सांप्रतम् ॥१९॥

ચાહે આજે કે કાલે (આ ભવમાં કે પર ભવમાં) પણ કેવળજ્ઞાન આ ઉપર્યુક્ત સામ્યથી જ પ્રાપ્ત થશે, બીજી કોઇ પણ રીતે નહિ. તેથી આ બાબતમાં એક ક્ષણવાર પણ પ્રમાદ કરવો ઉચિત નથી. ૧૯

श्रुतश्रामण्ययोगानां प्रपञ्चः साम्यहेतवे ।
तथापि तत्त्वतस्तस्माज्जनोऽयं प्लवते बहिः ॥१॥
(ક્ષેપક)

ખરી રીતે શાસ્ત્રોનો, મહાવ્રતોનો અને યોગોનો પ્રપંચ–વિસ્તાર કેવળ સામ્ય માટે જ છે, છતાં માણસો તેની (સામ્યની) બહાર વ્યર્થ ડુબકીઓ માર્યા કરે છે.

किं बुद्धेन किमीशेन किं धात्रा किमु विष्णुना ।
किं जिनेन्द्रेण रागाद्यैर्यदि स्वं कलुषं मनः ?॥२०॥

જો આપણું પોતાનું મન રાગ વિગેરેથી કલુષિત છે તો બુદ્ધ ભગવાન, મહાદેવ, બ્રહ્મા, વિષ્ણુ કે સ્વયં જિનેન્દ્ર દેવથી પણ શું ? અર્થાત્ તેમાંથી કોઇ પણ કલુષિત મનવાળાને મુક્તિ આપી શકતા નથી. ૨૦

किं नाग्न्येन सितैः रक्तैः किं पटैः किं जटाभरैः ।
किं मुण्डमुण्डेनापि साम्यं सर्वत्र नो यदि ?॥२१॥

જો દરેક વસ્તુમાં સમભાવ પ્રાપ્ત થયો ન હોય તો નગ્નપણાથી શું ? શ્વેત કે રાતા

જ્ઞાન ગીતા શતક

(મનહર છંદ)

શ્રી વીરજિન વંદન, જે આનંદના કંદન; તે ભવ ભય ફંદન, ટાળવા સમર્થ છે;
વંદી સરસ્વતી માતા, પ્રગટાવું જ્ઞાન ગીતા; દેજો સ્હાય વિદ્યાદાતા, કાર્ય પરમાર્થ છે;
આગમ પ્રકાશનાર, અરિહંત ઉપકાર; ભક્તિ હૃદયે તું ધાર, એજ મોક્ષ પંથ છે;
સિદ્ધતણું લક્ષ રાખ, કરમ કરવા ખાખ; આચાર્યાદિ ગુરુ શાખ, જેહ નિગ્રંથ છે. ૧
ઉપાધ્યાય-સાધુ પદ, પંચ પરમેષ્ઠિ પદ; સેવક થઇને અદ, ગુણને સમરવા;
જ્ઞાન દરિશન શુદ્ધ, આત્મ કરવા વિશુદ્ધ; કરમની સાથે યુદ્ધ, ચારિત્ર સ્વીકારવા;
બાહ્ય અભ્યંતર તપ, શુદ્ધ આતમાનો જપ; સાધનાનો હોય ખપ, સાધકે વિચારવા;
નવ પદ નિસરણી, ગુણસ્થાનકની શ્રેણી; સમ્યક્ પામી ત્રિવેણી, સંસારમાં તરવા. ૨
વિરતિને વશ થઇ, અંતર આતમ જઇ; સંતતણી શાખ લઇ, નિરંજન ખોળીએ;
સંતતણો સંગ કરી, ઇન્દ્રિયોને વશ કરી; પરમાત્મ પ્રીત ધરી, પ્રભુ પંથે વળીએ;
વાદ ને વિવાદ ત્યાગી, આતમાના થઈ રાગી; સાચા થઇ વઇરાગી, સ્યાદ્વાદ સંભાળીએ;
સ્વાધ્યાયથી સાર લઇ, મરમને જાણી જઇ; આતમામાં દૃઢ થઇ, ધરમને પાળીએ. ૩
સર્વ જીવ શુદ્ધ રૂપ, કરમ કલંક ભૂપ; ધ્યાન પ્રગટાવી ધૂપ, આત્મશુદ્ધિ કરીએ;
ચાર છે કરમ ઘાતી, ચાર સમજો અઘાતી; અજ્ઞાનથી આત્મ ભ્રાંતિ, સંસારમાં ફરીએ;

વસ્ત્રો ધારવાથી પણ શું? જટા વધારવાથી કે માથું મૂંડાવવાથી પણ શું? અર્થાત્ તે બધા નિષ્ફલ છે. ૨૧

किं व्रतैः किं व्रताचारैः किं तपोभिर्जपैश्च किम्।
किं ध्यानैः किं तथा ध्येयैर्न चित्तं यदि भास्वरम्? ॥ २२ ॥

જો ચિત્ત નિર્મલ-રાગાદિ મલોથી રહિત ન હોય તો વ્રતો, વ્રતોના આચારો, તપો, જપો, ધ્યાનો અને ધ્યેયોથી પણ શું? અર્થાત્ એકડા વિનાનાં મીંડાની માફક તેની કાંઇ કિંમત નથી. ૨૨

किं क्लिष्टेन्द्रियरोधेन किं सदा पठनादिभिः।
किं सर्वस्वप्रदानेन तत्त्वं नोन्मीलितं यदि?॥२३॥

જો હૃદયમાં સામ્યરૂપ તત્ત્વનો વિકાસ ન થયો હોય તો કલેશકારક ઇંદ્રિયનિગ્રહથી શું? રાત્રિ-દિવસ શાસ્ત્રોના સ્વાધ્યાય-આવર્તન વિગેરેથી શું? અને સર્વસ્વનું દાન કરવાથી પણ શું? ૨૩.

नाञ्चलो मुखवस्त्रं न न राका न चतुर्दशी।
न श्राद्धादिप्रतिष्ठा वा तत्त्वं किन्त्वमलं मनः॥२४॥

વસ્ત્રનો છેડો, મુખવસ્ત્ર(મુહપત્તિ), પૂર્ણિમા, ચતુર્દશી કે શ્રાદ્ધાદિક પ્રતિષ્ઠા, એમાંનું કોઇ પણ તત્ત્વ નથી, કિન્તુ નિર્મલ મન એ જ તત્ત્વ છે. ૨૪

दृष्ट्वा श्रीगौतमं बुद्धैस्त्रिःपञ्चशततापसैः।
भरतप्रमुखैर्वापि क्व कुतो बाह्यकुग्रहः? ॥२५॥

શ્રી ગૌતમસ્વામીને જોઇને બોધ પામેલા પંદર સો તાપસોએ (જેઓને બીજે જ દિવસે કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતું) તથા ભરતચક્રી વિગેરેએ ઉપર્યુક્ત બાહ્ય અનુષ્ઠાનો ક્યાં કર્યા હતા?

(અત્ર સાધ્યના સાધન એવા બાહ્ય-સદનુષ્ઠાનોનો નિષેધ નથી, કિન્તુ સામ્ય વિના અફળ સમાન છે એમ કહેવાનો હેતુ છે. અર્થાત્ સાધ્ય સાપેક્ષ અનુષ્ઠાન જ મોક્ષફળને આપનારું છે.)

આતમ સત્તા અગાધ, કોઈ તેને નહિં બાધ;
નિર્વિકલ્પ નિર્વિકાર, નિરમળ જ્યોતિ ધાર;
આતમાનું શ્રેય થાય, કરવો તેનો ઉપાય;
સાચી સમજણ થાય, અવળી સમજ જાય;
નિત્ય કરવો અભ્યાસ, અને તોડવો અધ્યાસ;
અંતરથી ત્યાગી છળ, કરમનું તોડી બળ;
જ્ઞાન અને દરિશન, ચારિત્ર અમારું વન;
અહિંસા-સંયમ-તપ, સ્તુતિ-પ્રાયશ્ચિત જપ;
સ્વાધ્યાયનો રસ ચાખી, સાધ્ય સિદ્ધ લક્ષ રાખી;
સકલ આગમ સાર, શાંતિ એક ચિત્ત ધાર;
હોય નહિં સત્સંગ, લાગે ઘડી દુઃખ રંગ;
આત્મજ્યોતિ જગમગે, ઉલ્લસિત રગે રગે;
ઇષ્ટાનિષ્ટ જોઈ રૂપ, મૌન ગ્રહી રહો ચૂપ;
પરભાવ દુઃખરૂપ, સ્વભાવ છે સુખરૂપ;
ચિત્તમાંહિ શાંતિ ભરી, વૃત્તિઓનો જય કરી;
ઇન્દ્રિયોને વશ કરી, યોગની સ્થિરતા ધરી;
વૃત્તિઓનો ઉપશમ, ઉપયોગ તીવ્રતમ;
નિઃશંકતા રાખો ભાય, નિશ્ચિત રહો સદાય;
અજ્ઞાન વાદળ ગાઢ, પ્રજ્ઞાથકી ચીરીએ;
નિરંજન નિરાકાર, શુદ્ધતા વિચારીએ. ૪
મિથ્યાત્વ ગ્રંથિ છેદાય, સમકિત પામતાં;
યોગ દૃષ્ટિ આત્મરાય, ગુણસ્થાન ચઢતાં;
થાશે આત્મ પ્રતિભાસ, પુરુષાર્થ કરતાં;
ઉખેડી કરમ વળ, સિદ્ધ પદ પામતાં. ૫
વશ વચ-કાય-મન, શાંતિ પદ પામવા;
સાધનાનો કરો ખપ, સિદ્ધિ પદ પામવાં;
સાધના ભૂમિકા ભાખી, આત્મ મુક્તિ પામવા;
પરભાવને વિસાર, પૂર્ણ રૂપ પામવા. ૬
વિકલ્પો જો કરે તંગ, "ॐ શાંતિઃ" જપીએ;
યોગ નહિં ડગમગે, સમાધિમાં વસીએ;
સમભાવી આત્મભૂપ, સમતાને સેવીએ;
રાગ-દ્વેષ જાણી કૂપ, તેમાં નહિં પડીએ. ૭
આતમ આનંદ ધરી, જ્યોતિ પ્રગટાવીએ;
શાંત સુધારસ ભરી, અમીપાન કરીએ;
ઉદાસીન ભાવ સમ, સંસારમાં તરીએ;
નિર્ભય છે આત્મરાય, નિશ્ચયથી જાણીએ. ૮

(ચાલુ)

અમરચંદ માવજી શાહ

વર્તમાન સમાચાર.

શ્રી કડી, ઝવેરી હાઇસ્કૂલના હેડ માસ્તર શ્રી. વિઠ્ઠલદાસ શાહને વિદાયમાન.

શ્રી કડીની ઝવેરી હાઇસ્કૂલના હેડ માસ્તર, ભાવનગરના વતની અને શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગરના સેક્રેટરી શ્રી. વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ બી. એ. કડી છોડી જતાં હોવાથી તેમને શિક્ષકો અને વિદ્યાર્થીઓ તરફથી તા. ૭-૯-૪૬ના રોજ વિદાયમાન આપવાનો મેળાવડો શ્રી જૈન વિદ્યાર્થી ભવનમાં યોજાયો હતો. તેમજ તા. ૭-૯-૪૬ના રોજ ઝવેરી હાઇસ્કૂલના સઘળા વિદ્યાર્થીઓએ એક ભવ્ય મેળાવડો યોજીને તેમને યાદગિરિમાં એક સુવર્ણ મુદ્રિકા ભેટ કરી હતી. જ્યારે શાળાના આગેવાન વિદ્યાર્થીઓ અને શિક્ષકોના પ્રાસંગિક પ્રવચનો થયા હતા. તા. ૮-૯-૪૬નાં દિવસે શિક્ષકોએ તેમને પ્રતિભોજન આપ્યું હતું.

તા. ૯-૯-૪૬ ના દિવસે તેઓશ્રી ભાવનગર પધારતા તેઓને વિદાયમાન આપવા શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ સારી સંખ્યામાં સ્ટેશન પર હારતોરા એનાયત કરવા માટે આવેલ હતાં. સર્વેએ દર્શાવેલ લાગણી માટે શ્રી. વિઠ્ઠલદાસભાઇએ આભાર માન્યો હતો.

પરિગ્રહ મીમાંસા

લે. મુનિશ્રી ધુરંધરવિજયજી

(ગતાંક પૃષ્ઠ ૨૯ થી ચાલુ.)

દિગ૦–'अचीवरास्तीर्थकृतः' એવું વચન સંભળાય છે તેથી તેઓ પૂજ્યશ્રી વસ્ત્ર રહિત હોય છે તે સિદ્ધ છે.

શ્વેતા૦–તમે જે વચનથી તીર્થંકર ભગવંતોને વસ્ત્રરહિત કહો છો. તેમાં શું તેઓ જન્મે. ત્યારથી વસ્ત્ર નથી રાખતા કે દીક્ષા ગ્રહણ કર્યા પછી નથી રાખતા કે કેવળજ્ઞાન થયા બાદ નથી રાખતા?

દિગ૦–દીક્ષા ગ્રહણ કર્યા બાદ તેઓ સર્વથા વસ્ત્રનો ત્યાગ કરે છે.

શ્વેતા૦–એ અયથાર્થ છે. જ્યારે એ પૂજ્ય પરમેશ્વર પરમાત્માઓ પ્રવ્રજ્યા સ્વીકારે છે ત્યારે ઇન્દ્રમહારાજા તેમના સ્કન્ધ ઉપર એક દેવદૂષ્ય સ્થાપન કરે છે, જે માટે આગમમાં પણ કહ્યું છે કે

'सव्वे वि एगदूसेणं, निग्गया जिणवरा उ चउवीसं'.

દિગ૦–ઇન્દ્ર આવીને તેઓના સ્કન્ધ ઉપર વસ્ત્ર સ્થાપન કરે છે તે સર્વ તમારી માન્યતા છે. એ પ્રમાણે અમે માનતા નથી. આગમવચન પણ તમે કહો છો તે પ્રમાણે નથી પણ 'सव्वेवि एगदोसेणं, निग्गय जिणवरा उ चउवीसं' એ પ્રમાણે છે. અર્થાત સંસારના એક દોષને કારણે ચોવીસે જિનેશ્વરોએ દીક્ષા લીધી માટે શાસ્ત્રમાં જિનેશ્વરો માટે વસ્ત્ર રાખવાની વાત આવતી નથી, વસ્ત્ર નહિં રાખવાનું આવે છે.

શ્વેતા૦–'एगदूसेणं' ને બદલે 'एगदोसेणं' એ પાઠ તમારો કલ્પિત છે એવા કપોલ કલ્પિત વચનો પ્રમાણભૂત માની શકાય નહિ. એવા પાઠો સો બતાવી શકે છે. જો એવું ચાલતું જ હોય તો તમે જે 'अचीवरास्तीर्थकृतः' કહો છો તેને બદલે 'सचीवरास्तीर्थकृतः' એ પણ કહી શકાય. અને એ પ્રમાણે યથામતિ કલ્પિત પાઠોની કલ્પના કરવામાં આવે તો કેવળ વિતંડા વધે. એથી નીવેડો ન આવે.

(૫)

શ્વેતા૦–કદાચ તમારી માન્યતા પ્રમાણે તીર્થંકર પરમાત્માઓ ચીવર ધારણ ન કરતા હોય, પણ તેથી શું? એ મહાસત્વશાળી આત્માઓ જે કરે તે જ પ્રમાણે સર્વ કરવું એવો થોડો નિયમ છે? તેઓને જે સહજ ને શક્ય હોય છે તે અન્યને અસ્વાભાવિક અને અશક્ય હોય છે. તેઓ પૂજ્યશ્રી જે રીતે ધર્મની ઉન્નતિ સાધે છે તે જ રીતે બીજો કરવા બેસે તો હોય તે પણ ગુમાવી બેસે. તીર્થંકરોનો કલ્પ જ જુદો હોય છે. તેમનું અનુકરણ કરી વર્તન કરાય નહિં. જો એમજ કરવામાં આવે તો તેઓ પૂજ્ય અન્યનો ઉપદેશ સાંભળતા નથી. સ્વયંસંબુદ્ધ હોય છે. તે પ્રમાણે બીજાએ પણ અન્ય ઉપદેશ સાંભળવો નહિ. છદ્મસ્થ સ્થિતિમાં તેઓશ્રી કોઇને પણ ધર્મોપદેશ આપતા નથી, માટે બીજાએ પણ ધર્મોપદેશ દેવો નહિં. એ પ્રમાણે કદાગ્રહથી કરવામાં આવે તો તીર્થનો ઉચ્છેદ થાય. તીર્થોચ્છેદમાં નિમિત્ત થવા જેવું અન્ય કોઇ પાતક નથી, માટે તીર્થંકર ભગવંતોએ કર્યું તે કરવાનું નથી, પણ કહ્યું તે કરવાનું છે

સંયમારાધનમાં વસ્ત્ર, પાત્ર વગેરે સહાયક છે તે તેઓશ્રીએ જ ઉપદેશ્યું છે.

દિગ૦–તમારું કથન ઠીક છે. તીર્થંકર પ્રભુએ કર્યું તે કરવાનું નથી પણ કહ્યું તે કરવાનું છે તે અમને પણ માન્ય છે, પરંતુ મુનિઓ

વસ્ત્ર રાખી શકે છે તેવું કથન તેઓશ્રીએ નથી કર્યું. મુનિ વસ્ત્ર વગરના હોય એવું તેઓશ્રીએ ઉપદેશ્યું છે. જિનકલ્પની આચરણા મુનિને કરવાની છે. જિનકલ્પીઓને કંઈપણ ઉપકરણ હોતું નથી. તો વસ્ત્ર જ કેમ હોય? માટે જ વસ્ત્ર હોય તો જ સંયમ ટકે તે તમારું કથન દૂષિત છે.

શ્વેતા૦–જિનકલ્પ એ જ ખરો મુનિધર્મ છે. તેઓ કાંઈપણ ઉપકરણ રાખતા નથી વગેરે તમે શાથી કહો છો? કર્ણોપકર્ણ ચાલતા પ્રવાદથી કે શાસ્ત્રથી? એવી ચાલી આવતી વાતોને પ્રમાણભૂત મનાય નહિં, 'કહેવાય છે કે આ વડ ઉપર યક્ષ રહે છે' એના જેવી એ હકીકતો છે. તર્કવિહીન કિંવદન્તીને આધારે વ્યવહાર ચાલે નહિં. શાસ્ત્રાધારે વાત કરતા હો તો શાસ્ત્રમાં જિનકલ્પી મુનિઓના પણ અનેક પ્રકાર બતાવ્યા છે. તેઓ ઉપકરણ રાખી શકે છે, પુરુષભેદે તેઓના ઉપકરણોની સંખ્યા ઓછીવત્તી હોય છે. જે માટે કહ્યું છે કે

'जिणकप्पिया दओ पुण, सोवहओ सव्वकालमेगंतो। उवगरणमाणमेसिं, पुरिसावेक्खाए बहुमेयं ॥

* * *

દિગ–આગમથી તમે વાત કરો છો તે બરોબર છે, પણ જ્યાં સુધી તમે જે વચનો કહો છો તે વચનો તીર્થંકરપ્રણીત આગમના જ છે, નવીન નથી એવી ખાત્રી-નિર્ણય ન થાય ત્યાં સુધી તેને પ્રમાણ માનીને ચાલી શકાય નહિં. એટલે અમે કહીએ છીએ કે જિનકલ્પીઓને ઉપકરણ હોતા જ નથી એ પણ અમારું કથન શાસ્ત્રીય જ છે.

શ્વેતા૦–તુષ્યતુ-ખુશ થાઓ! તમારો એવો જ આગ્રહ છે કે જિનકલ્પીઓને સર્વથા ઉપકરણ નથી હોતા તો તેમ હો. પણ જિનકલ્પનું આચરણ કોણ કરી શકે? તેનું તો કાંઈક વિધાન હશે ને? તેવા પ્રકારના વિશિષ્ટ ધૈર્ય-શક્તિ-સંઘયણ-શરીર-જ્ઞાનની અતિશયતા વગેરે જેનામાં હોય તેઓ જિનકલ્પને અનુસરે કે હાલતાચાલતા ગમે તે માણસો? કે વિશિષ્ટ શક્તિસમ્પન્ન આત્માઓ જ જિનકલ્પને સેવી શકે એમ માનતા હો તો અત્યારે તેવા શક્તિસંમ્પન્ન જીવો છે કે નહિ? જો છે તો ક્યાં છે? બતાવો. નથી તો જ્યારે તેવા આત્માઓ થશે ત્યારે જિનકલ્પને આચરશે, માટે જ પ્રામાણિક મહાપુરુષોએ કહ્યું છે કે શ્રી જમ્બુસ્વામીજી સાથે ૧ મનઃપર્યવજ્ઞાન, ૨ પરમાવધિ જ્ઞાન, ૩ પુલાક લબ્ધિ, ૪ આહારક લબ્ધિ, ૫ ક્ષપકશ્રેણિ, ૬ ઉપશમશ્રેણિ, ૭ જિનકલ્પ, ૮-૯-૧૦ છેલ્લાં ત્રણ ચારિત્ર, ૧૧ કેવળીપણું, ને ૧૨ સિદ્ધિ-મુક્તિ. એટલા વાના ભરતક્ષેત્રમાં બંધ થયા તે સ્વીકારવું જોઈએ.

દિગ૦–વિશિષ્ટ શક્તિવાળા આત્માઓ જ જિનકલ્પને અનુસરે એવું કંઈ નથી. ગમે તે આચરી શકે છે. ફક્ત તે મુનિ હોવો જોઈએ. મુનિમાત્રે તે આચરવો જોઈએ. તેમાં જ સાચું મુનિપણું છે.

શ્વેતા૦–જો ગમે તે જિનકલ્પને આચરી શકતા હોય ને મુનિ માત્રે તે આચરવો જોઈએ એમ હોય તો મુનિ માત્રના સર્વ અનુષ્ઠાનો સમાન જ થયાં, તેમાં કંઈ પણ ભેદ રહ્યો નહિ એટલે શાસ્ત્રોમાં જે મુનિઓના જુદા જુદા આચારોનું વર્ણન આવે છે તે પણ અયથાર્થ ઠરશે. બીજું જે આચરણા એક મુનિએ કરી હોય તે શક્તિ હોય વા ન હોય તો પણ સૌને કરવી પડશે. એટલે કોઈ વિશિષ્ટ સામર્થ્યવાળા સાધુએ છ માસની તપશ્ચર્યા કરી એટલે બધાએ દીક્ષા લઈને તુરત છમાસના ઉપવાસ કરવા. માટે એવો કદાગ્રહ ન રાખતા સંયમ વિવિધ અનુષ્ઠાનો વ્યક્તિવિશેષને અનુસરી હોય છે જિનકલ્પ તે પણ મહાસામર્થ્યવાળા આત્માઓ માટે છે. ચાલુ કાળમાં તેવા વિશિષ્ટ પુરુષો નથી. અત્યારે તે કલ્પ લેવા જાય તો મૂળ કલ્પ પણ ગુમાવી બેસે. એટલે યુક્તિ અને આગમથી વસ્ત્ર, પાત્ર એ પરિગ્રહ છે તે તમારું કથન મિથ્યા છે. —ચાલુ

શ્રી સંતિકરં સ્તોત્ર. (અનુવાદ)

(એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે, એ વ્રત જગમાં દીવો—એ દેશી)

શ્રી શાંતિ જિનેશ્વર સેવો મેરે પ્યારે, શ્રી શાંતિ જિનેશ્વર સેવો.
ઉત્તમ સુખકર જગત દયાનિધિ,
પ્રણમી પામો શિવપુર મેવો મેરે પ્યારે, શ્રી શાંતિ જિનેશ્વર સેવો. ૧
ગોમુખ યક્ષ મહાયક્ષ જ જાણો, ત્રિમુખ યક્ષેશ સાર,
તુંબરૂ કુસુમ માતંગ વખાણો,
વિજય અજિત સુખકાર, મેરે પ્યારે. શ્રી. શાંતિ૦ ૨
બ્રહ્મ મનુજ સુર કુમારને વંદું, ષણ્મુખ પાતાળ વખાણું,
કિન્નર ગરૂડ ગંધર્વને જાણો,
યક્ષેન્દ્ર કુબેર મન આણું, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૩
વરૂણ ભૃકુટી ગોમેધ યક્ષ, પાર્શ્વ અને માતંગ,
રક્ષા કરો જિન શાસનકેરી,
પ્રમોદ પામું અતિ અંગ, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૪
દેવી ચક્રેશ્વરી અજિતા માતા, દુરિતારિ ને કાળી,
મહાકાળી અચ્યુતા શાંતા,
જ્વાળા ભય સવિ ટાળી, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૫
સુતારિકા અશોકા શ્રીવત્સા, ચંડા વિજયા અંકુશા,
પન્નગા નિર્વાણી અચ્યુતા ધારિણી,
પ્રણમું ધરી મન આશા, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૬
વૈરૂટયા દત્તા ને ગન્ધારી, અંબા માતાને પ્રણમો,
માત પદ્માવતી તુમે રખવાળી,
સિદ્ધાયિકા નિત્ય નમો, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૭
ચતુર્વિધ સંઘની રક્ષા કરજો, યક્ષિણી યક્ષ દેવો,
ચાર પ્રકારના દેવ દેવીયો,
યોગિની વ્યંતર દેવો, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૮
સ્મરણ કરે જે શાંતિ સ્તવને, મુનિ પ્રવર પ્રધાન,
અમ રક્ષા સવી તીર્થની રક્ષા,
હોજો મંગળનિધાન, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૯
વંદન પૂજન કરે ભવી પ્રાણી, ઉપદ્રવ હોવે ન લગાર,
ઉત્કૃષ્ટ સુખસંપદા ભવી પામે,
પામે ભવજળ પાર, મેરે પ્યારે. શ્રી શાંતિ૦ ૧૦
તપગચ્છાકાશે સૂર્યસમા દિસે, યુગપ્રધાન મન ધ્યાવો,
શ્રી સોમસુંદર સૂરિ પ્રસાદે રચિયું,
મુનિસુંદર સૂરિ ગાવો, મેરે પ્યારે, શ્રી શાંતિ જિનેશ્વર સેવો. ૧૧

હીરાચંદ ઝવેરચંદ શાહ-બેંગલોર સીટી

માસ્તર મોતીચંદ ઝવેરચંદનો સ્વર્ગવાસ.

ગયા ભાદરવા શુદ ૧૨ રવિવાર તા. ૮-૯-૪૬ ના રોજ ભાવનગર શ્રી જૈન સંઘના ઉપપ્રમુખ શ્રીયુત મોતીચંદ ઝવેરચંદ માસ્તરનું ૮૪ વરસની વયે અવસાન થતાં ભાવનગર શ્રી સંઘને એક અનુભવી વૃદ્ધ આગેવાનની ખોટ પડી છે.

સ્પષ્ટ, નીડર વકતવ્ય અને ગુણ પરીક્ષા તેમજ રાજ્યકુટુમ્બ તથા શેઠ જમશેદજી જીજીભાઇ, શેઠ પ્રેમચંદ રાયચંદ આદિ નામાંકિત વ્યક્તિઓ સાથે કૌટુમ્બિક સંબંધ જાળવી રાખવાની વ્યવહાર-કુશળતા એ એમનું જીવન-ધન હતું.

મેટ્રિકની પ્રથમ શિષ્યવૃત્તિ મેળવી એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે બહાર આવ્યા પછી વધુ અભ્યાસ માટે ઇંગ્લંડ જવાની હોંશ છતાં કેટલીક પ્રતિકૂળતા વચ્ચે તેઓ બી. એ. પૂર્ણ કરી શકયા ન હતા. છતાં પણ પૂજ્ય મહારાજશ્રી ન્યાયવિજયજી મહારાજના "અધ્યાત્મતત્ત્વાવલોક" નું તેઓશ્રીએ અંગ્રેજી ભાષાંતર તૈયાર કરી અંગ્રેજી ભાષા પરનું પોતાનું પ્રભુત્વ સિદ્ધ કરી આપેલ, જે જોઇને પ્રોફેસર ભીડે જેવાએ પણ તેઓશ્રીને એમ. એ. ના અભ્યાસક કલ્પી લીધા હતા. તેમની સ્વતંત્ર કૃતિ "એન્ટિકિવટી ઓફ જૈનીઝમ", હૃદય પ્રદીપ અને પોતાના કેટલાક અંગત પત્ર-વ્યવહારમાં તેમના જ્ઞાનવૈભવની ઝાંખી થઈ આવે છે.

માસ્તર મોતીચંદ ઝવેરચંદ

શિક્ષણ પ્રાપ્તિ એ એમના જીવનનો રસ હતો. પોતાના એકના એક પુત્ર લલ્લુભાઇમાં પણ આ સંસ્કાર ઊતર્યા હતા. તેઓ બી. એ. એલ. એલ. બી. થયા હતા પણ જીવનની યશસ્વી યાત્રા શરૂ કરે તે પહેલાં સં. ૧૯૧૨ માં એકાએક ગુજરી ગયા અને એકનો એક પૌત્ર બાબુભાઇ પણ ૧૨ વરસની લઘુ વયે ગુજરી જતાં આ દુઃખદ ઘટનાની અસર સ્વ. મોતીચંદભાઇના હૃદય પર વધારે થવા પામી અને આલ્ફ્રેડ હાઇ-સ્કૂલના આગેવાન શિક્ષક તરીકેનું કાર્ય બંધ કરી પોતાનો જીવન-પ્રવાહ લોકસેવા અને જ્ઞાનોપાસના તરફ વાળ્યો. શ્રી ભાવનગર જૈન બૉ ગના ચણતરમાં તેમજ ભાવનગર પાંજરાપોળના સેક્રેટરી તરીકેની, મ્યુનિસિપાલિટીના સભ્ય તેમજ શ્રી જૈન સંઘના ઉપપ્રમુખ તરીકેની તેઓશ્રીની સેવા ન ભૂલાય તેવી તેમજ નોંધપાત્ર ગણાય.

તેમના કુટુમ્બને મહારાજા વખતસિંહજી ઘેટીથી ત્રણ પેઢીથી ભાવનગર લાવ્યા હતા. શ્રીયુત મોતીચંદભાઇએ સ્વ. મહારાજા ભાવસિંહજી, સ્વ. સર પ્રભાશંકર પટ્ટણી સાહેબ, શ્રી લલ્લુભાઇ શામળદાસ, શ્રીયુત નટવરલાલભાઇ સુરતી સાહેબ આદિ સાથે પોતાનો કૌટુમ્બિક સંબંધ જાળવી રાખ્યો હતો. આજે એકની એક પૌત્રીને પોતાના કુટુમ્બના એક સ્મરણચિહ્ન તરીકે મૂકી તેઓ ચાલ્યા ગયા છે.

જ્ઞાનોપાસના અને શિક્ષણ-પ્રચાર એ એમનું ધ્યેયબિન્દુ હતું. આ સાધનામાં તેઓશ્રીનું સ્મારક તેઓ માનતા હતા. તેઓશ્રીની અંતિમ ભાવના સિદ્ધ થાય તેવી આશા સાથે અમો સદ્ગતના આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ.

સદ્ગતના માનમાં ભા. શુ. ૧૩ના રોજ ભાવનગરના શ્રી સંઘે તથા ભાવનગરના મહાજને તેમજ ભા. શુ. ૧૪ના રોજ આ સભાએ સદ્ગતની સેવાની નોંધ લઇ શોક પ્રદર્શિત કરતા ઠરાવો કર્યા છે. સ્વર્ગસ્થના માનમાં ભાદરવા શુદ ૧૪ના રોજ અત્રેની આલ્ફ્રેડ હાઇસ્કૂલ બંધ રાખવામાં આવી હતી.

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૩. | કાર્તિક. | પુસ્તક ૪૪ મું.
વિક્રમ સં. ૨૦૦૩. | :: ઇ. સ. ૧૯૪૬ નવેમ્બર :: | અંક ૪ થો.

નૂતન વર્ષાભિનંદન.

(મંદાક્રાન્તા)

આત્માનંદે જગત વિલસો, આત્મકેરા પ્રકાશે,
સંસ્કારોથી વિમલ ગતિ હો, સર્વ હૈયાં સુહાસે;
સાચી સિદ્ધિ પ્રગટ અરપો, દીપમાલા મહાન,
લબ્ધિ સ્વામી શુભકર બને, **ગૌતમ** જ્ઞાનવાન. ૧

જેવી પ્રીતિ પ્રબળ ધરતી, વલ્લભે રમ્ય નારી,
દીપે નાખે સરવ નિજનું, જેમ ખદ્યોત વારી;
એવી પામો જિનવર વિષે, ભાવના પ્રેમભક્તિ,
સર્વે અર્પો જિનવર પદે, પ્રાપ્ત હો દિવ્ય શક્તિ. ૨

સત્પાત્રોને મદદરૂપ હો, ધર્મસેવા બજાવો,
સન્માર્ગી હો, સમરૂપ બની, ધર્મગીતો ગજાવો;
દીપે દીપે, નવલ વરસે, દિવ્ય સંદેશ પામો,
ગ્રન્થો અર્પો, વિવિધ રસના, પ્રાપ્ત હો ભવ્ય કામો. ૩

(અનુષ્ટુપ)

'આત્માનંદ-પ્રકાશે' થી, હઠાવો અંધકારને;
જ્ઞાનની ભવ્ય લ્હાણીથી, ફેલાવો શ્રેષ્ઠ સારને. ૪

દિવ્ય શક્તિ મહા અર્પો, ઉષા નૂતન વર્ષની;
હેમેન્દ્રે જાગતી ભવ્ય, આશા શુભ ઉત્કર્ષની. ૫

મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી

ગુજરાત ... ૭૧૬૫ મુંબઈ

श्राद्धभावना.

मुनि पूर्णानन्दविजय (कुमारश्रमण)

विद्यायाः विजयं नत्वा, आत्मानन्दं च शोभनां ।
कारकप्रचुरां कुर्वे, जैनभक्तस्य भावनाम् ॥ १ ॥

चन्द्रेण सदृशो जैनः तमोघं हन्ति साधवे ।
ददाति क्रुध्यति द्रुह्यतीर्ष्यति नैव शत्रवे ॥ २ ॥

गृहान्निर्गत्य मित्रेण सार्धं याति जिनालयं ।
जिनेन्द्राय नमः स्वस्ति भूयात् प्रासादकारिणे ॥ ३ ॥

मुदा सह कथित्वैतत् मन्दिराद्बहिरागतः ।
क्षणं कृत्वा मनःशुद्धं ध्यानेन भावनामिमाम् ॥ ४ ॥

ध्यायति मुक्तिदां चारुं, सर्वेषां पुरतः पुनः ।
नास्ति सुखं विना धर्मं, समाधिर्न सुखादृते ॥ ५ ॥ (युग्मम्)

जाड्याद्बद्धोऽस्मि पापोऽस्मि स्पृहयामि जिनाय न ।
पुरुषेषु गुरुः श्रेष्ठः तं नापश्यं कदापि च ॥ ६ ॥

(अपूर्णा)

વિષયસુખ ઘણું જ મોંઘું છે

લેખક–આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

માનવી માને છે તેટલું વિષયસુખ સસ્તું નથી. પાંચ પચીસ હજાર, પાંચ લાખ કે પાંચ ક્રોડની ઈચ્છાથી પણ અધિક વિષયસુખ ખરીદી શકાય છે એમ માનનારા ભૂલે છે; કારણ કે વિષયસુખ ભોગવવા બાગ, બંગલા, અનેક પ્રકારના ખાદ્ય તથા પેય પદાર્થો, વસ્ત્ર, ઘરેણાં, નાટક, સિનેમા આદિ અનેક વસ્તુઓની જરૂરત પડે છે, અને તે ધનવાન ધનથી ખરીદી શકે છે પણ સુખ ખરીદી શકતો નથી, છતાં તેને પોતાની ઇચ્છા પ્રમાણે વાપરીને પોતે સુખ માને છે અને હું સુખી છું એમ જાણીને ઘણો જ આનંદ અનુભવે છે, કે જે સુખ તથા આનંદ માણસને મિથ્યાભિમાનના પ્રમાણમાં હોય છે. તે માને છે કે મને મળેલી વસ્તુઓ બીજાની પાસે નથી એટલે તે દુઃખ ભોગવે છે અને મને મળી છે એટલે હું સુખ ભોગવું છું, આ બિચારો ગરીબ છે અને હું શ્રીમંત છું—આવા મિથ્યાભિમાનજન્ય સુખ તથા આનંદ માનવીને વધારે મત્ત બનાવે છે એટલે તેને સાચી વસ્તુ સમજાતી નથી, માનવી પૈસાથી માત્ર સુખના સાધન જ ખરીદી શકે છે, પણ સુખ ખરીદી શકતો નથી. સંસારમાં એવા ઘણા પ્રસંગો જોવામાં આવે છે કે, બંગલો બંધાવીને કે ખરીદીને, સ્ત્રી પરણીને, વસ્ત્ર–ઘરેણાં તૈયાર કરાવીને તેને ભોગવવા ક્ષણ પણ રહેતા નથી અને પરલોકમાં સિધાવી જાય છે, નાટક સિનેમા જોવા ગયા હોય ત્યાં જ આંખ મીંચાઇ જાય છે, ઈત્યાદિ અનેક બનાવોથી સ્પષ્ટ સમજાય છે કે પૈસાથી કેવળ સુખનાં સાધન ખરીદી શકાય છે; પણ સુખ નહિં.

વસ્તુસ્થિતિ એવી છે કે વૈષયિક સુખનાં સાધન ખરીદવાને માટે કિંમત પહેલી આપવી પડે છે અને વૈષયિક સુખ ખરીદવાને કિંમત પાછળથી સુખ ભોગવ્યા પછી આપવી પડે છે. અને વૈષયિક સુખ ભોગવનાર જીવોના પરિણામની વિચિત્રતાને લઇને કેટલાકની પાસે સાધન વધારે હોય છે અને સુખ થોડું ભોગવે છે, ત્યારે કેટલાકની પાસે સાધન થોડું હોય તોયે સુખ વધારે ભોગવે છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને પુન્ય કર્મના બળથી બહુ જ સારા પ્રમાણમાં સાધનો મળ્યાં હોય છે, છતાં તે વસ્તુઓનો અનાસક્તિ ભાવે જરૂરતના પ્રમાણમાં ઉપયોગ કરે છે એટલે તે અત્યાનંદ માનતો નથી, તેમજ સુખ સમજીને સાચા સુખ માટે ઉપેક્ષા કરતો નથી; માટે જ તે અલ્પ સુખ ભોગવે છે; કારણ કે તેની મનોવૃત્તિ વૈષયિક સુખથી વિરામ પામેલી હોય છે. ત્યારે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીને વૈષયિક સુખનાં સાધનો થોડાં મળ્યાં હોય તો પણ અત્યંત આસક્તિ ભાવથી તેનો ઉપયોગ કરીને પોતે અત્યંત આનંદ તથા સુખ અનુભવે છે. જે જીવ જેટલા પ્રમાણમાં પૌદ્ગલિક વસ્તુઓ વાપરતાં આનંદ તથા સુખ અનુભવે છે તેટલા પ્રમાણમાં જીવનના છેડે બધો હિસાબ કરીને તેની પાસેથી કિંમત લેવામાં આવે છે.

જેમ કોઈ માણસ રેસ્ટોરાં અથવા તો હોટલમાં જઇને ખુરશી પર પોતાના પાંચ સાત ગોઠીઆઓને લઇને બેસી જાય અને રેસ્ટોરાંના માલિકને હુકમ કર્યે જાય કે–સાત કપ દૂધ લાવો, દશ કપ ચા, ચાર શેર શીખંડ, ત્રણ શેર પૂરી, બશેર ચેવડો લાવો વિગેરે વિગેરે. આ પ્રમાણે બે ચાર કલાક સુધી ગોઠીઆઓ સાથે મોજ માણીને વિદાય થતી વખતે દુકાનદાર જ્યારે બીલ કરીને તેના હાથમાં મૂકે છે ત્યારે કિંમત આપવાને અશક્ત હોવાથી

આશ્ચર્ય દર્શાવતી ફાટેલી આંખોથી તેના સામે જોઇને ધડકતે હૃદયે બોલી ઊઠે છે કે આટલા પૈસા ? તેવી જ રીતે વિષયાનંદી જીવ ઇચ્છા પ્રમાણે અત્યંત આસક્તિથી સુખ ભોગવીને માનવદેહરૂપ રેસ્ટોરાંમાંથી વિદાય થાય છે ત્યારે વૈષયિક સુખના મૂલ્યમાં બધી સંપત્તિ આપી દઈને ભાવી ભવની વિપત્તિના આશ્રિત થવું પડે છે, તેથી તે ભોગવેલા સુખ કરતાં અનંતગણું દુઃખ અનુભવે છે.

રેસ્ટોરાંમાં બધી જાતના માણસો આવે છે. કેટલાક સમજુ-ડાહ્યા ઉચ્ચ કુળના માણસો કોઇક પ્રસંગે બીજે જમવાની સગવડ ન હોવાથી આવા સ્થળોમાં જમવાનો પ્રબંધ કરે છે. તેઓ પોતાના નિત્યના રિવાજ પ્રમાણે જમીને ચાલતા થાય છે. તેઓ મોજશોખ કે આનંદની ખાતર જમવા આવતા નથી પણ જીવન-વ્યવહાર જાળવવા પૂરતા જ આવે છે, ત્યારે કેટલાક ઓછી બુદ્ધિના પોતાને ત્યાં જમવાની સગવડ હોવા છતાં પણ કેવળ મોજશોખની ખાતર ભેગા થાય છે. તેમનું ભાન ઠેકાણે ન હોવાથી સ્વચ્છંદીપણે પરિણામ વિચાર્યા વગર વસ્તુઓનો ઉપયોગ કરે છે જેથી છેવટે ધન અને સ્વાસ્થ્ય બગાડીને માઠી દશા ભોગવે છે. આવી જ રીતે માનવ દેહમાં સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જીવ પણ આવે છે અને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની પણ આવે છે. સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની વાસ્તવિક તથા અવાસ્તવિક સુખ તથા આનંદને સાચી રીતે જાણે છે. તેઓ સુખ તથા આનંદને આત્માના સ્વભાવ-ગુણ તરીકે માને છે, પણ જડાત્મક વૈષયિક વસ્તુઓના ભોગોપભોગથી ઉત્પન્ન થાય છે અને તેના વિયોગથી નષ્ટ થાય છે એમ માનતા નથી, એટલા જ માટે તેઓ જીવવાને ઉપયોગી જડાત્મક વસ્તુઓનો અનાસક્તિભાવે ઉપયોગ કરે છે, કારણ કે તેમનું ધ્યેય જીવવા પૂરતું જ હોય છે પણ તેમને મોજશોખનો સંકલ્પ સરખોયે હોતો નથી, જેથી તેઓ આત્મિક સ્વાસ્થ્ય બગાડનારી મોંઘી વસ્તુઓ વાપરતા નથી. ત્યારે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીઓનું ધ્યેય તદ્દન જુદા જ પ્રકારનું હોય છે. તેઓ જડાત્મક-મનગમતી સુંદર વસ્તુઓના ઉપભોગ સિવાય આત્મસ્વરૂપ સુખને માનતા જ નથી. તેમને વૈષયિક વૃત્તિઓ પોષવારૂપ મોજશોખ સિવાય આનંદ કે સુખશાંતિ બીજે ક્યાંય પણ જણાતા નથી, માટે જ તેઓ નિરંતર વિષયેચ્છાથી રંગાયલા જ રહે છે અને અજ્ઞાનતાથી સ્વચ્છંદીપણે ન આપી શકાય તેવી પરિણામે અનંત દુઃખસ્વરૂપ મોંઘા મૂલ્યની, આત્મિક સ્વાસ્થ્ય બગાડનારી વસ્તુઓનો ઉપયોગ કરે છે, જેથી છેવટે અધોગતિમાં જઇને ભોગવેલા પૌદ્ગલિક સુખોનું મૂલ્ય ચુકવવારૂપ અનંત દુઃખ સહન કરે છે અને જેટલા રસ તથા આસક્તિથી વૈષયિક સુખ ભોગવ્યું હોય છે તેનાથી અનંતગણું અનંતા કાળ સુધી વૈષયિક દુઃખ ભોગવીને કિંમતનો બદલો વાળે છે.

વ્યવહારમાં વિષય શબ્દથી કેવળ સ્પર્શેંદ્રિયના વિષયરૂપ કે જેને મૈથુન-સંભોગ કહેવામાં આવે છે તે પ્રસિદ્ધ છે, પરંતુ એમ નથી. અહિં પાંચે ઇંદ્રિયોના વિષયોને વિષય તરીકે વર્ણવ્યા છે. વિષયાસક્તિ એટલે પાંચે ઇંદ્રિયોના વિષયોના ભોગોપભોગમાં તલ્લીનતા. શબ્દ-વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ આ બધાનો વિષયમાં સમાવેશ થાય છે, છતાં સ્પર્શેંદ્રિયના વિષયરૂપ મૈથુનને-સંભોગને પ્રધાનતા આપવામાં આવી છે, કારણ કે બીજા વિષયો મૈથુન સેવનારને અત્યંત પ્રિય હોય છે અને તેનો સંભોગની આસક્તિ વધારવામાં છૂટથી ઉપયોગ કરવામાં આવે છે. અર્થાત્ મૈથુન માટે તેનો ઉપયોગ કરાય છે. તે સિવાય તો બીજા વિષયોમાં પુદ્ગલાનંદી જીવોને આનંદ કે સુખ-

શાંતિ મળી શકતા નથી. મૈથુનના ત્યાગી બ્રહ્મચારીને પ્રથમ તો બીજા વિષયોની રુચિ જ હોતી નથી અને કદાચિત્ કોઇને હોય છે, તો તે ઘણા જ થોડા પ્રમાણમાં હોય છે. છતાં જ્યાં કાન તથા જીભના વિષયોમાં અત્યંત આસક્તિ જણાય છે ત્યાં નૈશ્ચયિક બ્રહ્મચર્ય તો હોતું જ નથી અને નૈષ્ઠિક બ્રહ્મચર્યની પણ સંભાવના ઓછી જ રહે છે. સંસાર સમૃદ્ધિનું અદ્વિતીય કારણ, બીજા વિષયોનું સંરક્ષક અને પ્રાયઃ સંસારપ્રિય હોવાથી વિષયાસક્તિ શબ્દથી સંસારમાં સંભોગસ્વરૂપ મૈથુનને જ ઓળખવામાં આવે છે. બાકીની ઇંદ્રિયોના વિષયોને દુનિયાનો મોટો ભાગ વિષય તરીકે માનતો જ નથી અને એટલા માટે જ આંખ-કાન-જીભ આદિના વિષયોમાં આસક્તઃ રહેનારને પુન્યશાળી માને છે. આવી માન્યતાવાળી દુનિયા પણ વ્યભિચારીને તો પાપી-અધર્મી તરીકે જ ઓળખવાની. ગમે તેટલો શ્રીમંત તથા બીજા વિષયોના સાધનવાળો કેમ ન હોય તોયે વ્યભિચારીને તો તિરસ્કારની દૃષ્ટિથી જ જોવાની; માટે જ બીજા વિષયો કરતાં મૈથુનરૂપ વિષયની કિંમત વધારે હોવાથી બધા કરતાં તે ઘણું જ મોંઘું છે.

કાન તથા જીભનો વિષય પણ બીજા વિષયો કરતાં સસ્તો નથી. મૈથુનથી વિરામ પામેલાઓ માટે પણ આ બે વિષયોથી વિરામ પામવું સહેલું નથી. ત્યાગી હોય કે ભોગી હોય, પ્રાયઃ બધાયને આ બે વિષયોમાં અત્યંત આસક્તિ હોય છે. અને એટલા માટે જ બીજા વિષયો કરતાં આમાં વધારે રસ પડવાથી આનંદ તથા સુખનો અનુભવ પણ વધારે થાય છે; કારણ કે મૈથુન-વિષય દુનિયાની દૃષ્ટિમાં પાપકૃત્ય ગણાતું હોવાથી, વ્યભિચાર સેવતાં માનવીને ભય તથા સંકોચ રહે છે, પણ કાન તથા જીભનો વિષય દુનિયામાં આવકારદાયક હોવાથી માનવી નિર્ભય તથા નિઃસંકોચપણે તેને પોષવા પોતાનાથી બનતું બધું કરે છે. અને જો દુર્જન તથા વ્યાધિ અંતરાય ન કરે તો નિરંતર સ્વચ્છંદપણે અદ્વિતીય આનંદ તથા સુખ ભોગવે છે. આ વિષયાસક્તિમાં ધર્મના બહાને ત્યાગ પણ જાળવી શકાય છે એટલે ત્યાગી પણ કાન તથા જીભના વિષયસુખને ભોગવી કૃતકૃત્યપણે આનંદ મનાવી શકે છે, માટે આ વિષયસુખની કિંમત બીજા વિષયો કરતાં કાંઇ ઓછી આપવી પડતી નથી, એટલે આ વિષયસુખ પણ કાંઇ સસ્તું નથી. જેઓ જીભના વિષયથી વિરક્ત જણાય છે તેઓ પણ મોટે ભાગે તો કાનની વિષયાસક્તિવાળા તો હોય જ છે. જીભના વિષયથી વિરક્ત જણાનારાઓમાં ઘણાખરા કાનની વિષયાસક્તિની તૃપ્તિ માટે કાંઇક જીભ ઉપર કાબૂ રાખતા જણાય છે, તે તેમના કષાયના આવેશથી કળી શકાય છે. અને જનતામાં એવી ઉક્તિ સંભળાય પણ છે કે-તપસ્વીને ક્રોધ ઘણો હોય છે. આ પ્રમાણે વિચાર કરતાં કાનનો વિષય પણ ઘણો જ મોંઘો છે. કૃષ્ણ લેશ્યાવાળા પ્રદેશમાં ઘણા કાળ સુધી પરાધીનપણે અસહ્ય વેદનાઓ સહન કરવા છતાં પણ માથે ચઢેલું કાન તથા જીભના વિષયસુખનું દેવું પૂરું વાળીઃશકાતું નથી.

વિષયાસક્તિ હોય છે ત્યાં કષાય (રાગ-દ્વેષ)ની તીવ્રતા અવશ્ય હોય જ છે. કષાયની ઉદ્દીપક વિષયાસક્તિ છે. જેટલા પ્રમાણમાં કષાય હોય છે તેટલા જ પ્રમાણમાં વિષયાસક્તિ પાંચે ઇંદ્રિયમાંથી કોઇપણ હોય છે. જેટલે અંશે કષાય ઓછા હોય છે તેટલે અંશે વિષયાસક્તિ પણ ઓછી જ હોય છે. અને એટલા માટે આનંદ તથા સુખનો અનુભવ પણ ઓછાવત્તા પ્રમાણમાં થાય છે. તેથી તેના મૂલ્યમાં પણ ફેર પડે છે. કષાયના ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમવાળાને અનાસક્તિભાવ પ્રગટ થાય છે. એટલે તેમને

વિષયોમાં આનંદ કે સુખ જેવું કાંઇ હોતું નથી. જો કે કષાય તથા વિષય એક બીજાના આશ્રિત છે, પરસ્પર ગાઢ સંબંધ ધરાવે છે છતાં કષાય આધીન વિષય છે પણ વિષય આધીન કષાય નથી; કારણ કે કષાય (રાગ-દ્વેષ) સિવાય તો વિષયોમાં આસક્તિભાવ ઉત્પન્ન થાય નહિ, અને આસક્તિ સિવાય તો સુખનો પણ અનુભવ થાય નહિં. પાંચે ઇંદ્રિયો પોતપોતાના વિષયોને ગ્રહણ કરે છે, છતાં જ્યાં સુધી કષાય ન ભળે ત્યાં સુધી આસક્તિના અભાવથી તે વિષય સંબંધી આનંદ કે સુખનો અનુભવ થતો નથી; કારણ કે પૌદ્ગલિક સુખ એટલે પુદ્ગલોના સંબંધથી થવાવાળી રાગપરિણતિ સ્વરૂપ આસક્તિ, રાગપરિણતિ આસક્તિ અને સુખ આ ત્રણેમાં નામનો જ ભેદ છે, બાકી એક જ વસ્તુ છે. ત્રણે માનસિક ક્રિયા છે, માટે જ પૌદ્ગલિક સુખનો આસક્તિ ઉપર આધાર છે અને આસક્તિના પ્રમાણમાં સુખ વેદાય છે તે આસક્તિ રાગપરિણતિના પ્રમાણમાં થાય છે. અર્થાત્ અનુકૂળ મનગમતી વસ્તુમાં રાગ થાય છે ત્યાં આસક્તિ ભાવે સુખ વેદાય છે અને પ્રતિકૂળ અણગમતી વસ્તુમાં દ્વેષ થવાથી ખિન્ન ભાવે દુઃખ વેદાય છે.

વૈષયિક સુખમાં આસક્ત રહી આનંદ માનનારને આસક્તિના પ્રમાણમાં વૈષયિક સુખોનું મૂલ્ય આપવું પડે છે. પછી ભલે તે સુખ અનાસક્તિવાળાની દૃષ્ટિમાં તુચ્છ કેમ ન હોય. ક્ષીણ કષાયવાળો અનાસક્ત પૌદ્ગલિક વસ્તુમાં સુખ માનતો નથી એટલે તેને મેળવવાને પ્રયાસ પણ કરતો નથી. તેને તો સાચા સુખની અભિલાષા હોય છે કે જે સુખ પોતાનું હોવાથી તેની કાંઇપણ કિંમત આપવી પડતી નથી. જે સુખ તથા આનંદના માટે પારકી-જડ વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવે તેની કિંમત જરૂર આપવી પડે છે. અને એટલા માટે જ પુદ્ગલાનંદી વિષયાસક્ત જીવો તિર્યંચની તથા નારકીની ગતિમાં જઇને પરાધીનપણે પૌદ્ગલિક સુખનું દેવું ચૂકવી રહ્યા છે. પૌદ્ગલિક સુખ ભોગવતી વખતે આનંદ તથા સુખ માટે વાપરેલા પુદ્ગલોનું કર્મના ચોપડામાં ખાતું પાડી આપેલું હોય છે તે પ્રમાણે જીવનના છેડે સંખ્યાત, અસંખ્યાત તથા અનંત કાળ સુધી પરાધીનપણે દેવું વાળવા તિર્યંચની ગતિમાં અથવા તો સાગરોપમો સુધી નારકીની ગતિમાં રહીને પણ ભોગવેલા સુખની કિંમત ભરી આપવી પડે છે. તે સુખના પ્રમાણ કરતાં સરખામણીમાં સંખ્યાત, અસંખ્યાત તથા અનંતગણી વધી જાય છે. તો પણ વિષયાસક્ત પુદ્ગલાનંદી જીવો અનાદિ કાળના અભ્યાસથી અનંતા કાળ સુધી અનંતું દુઃખ સહન કરવા છતાં પણ વિષયસુખથી વિરામ પામતા નથી અને અનાસક્તિભાવે આત્મિક સુખ મેળવી સુખની દરિદ્રતા દૂર કરી શકતા નથી.

ધર્મ....કૌશલ્ય

(૯)

સંતોષ–Contentment.

શાંત ચિત્તવાળા સંતોષ અમૃતથી ધરાયલા પ્રાણીને જે સુખ છે તે અહીંતહીં દોડાદોડ કરતાં ધનના લોભીને ક્યાંથી હોય?

જીવન યાત્રામાં સંતોષીને જે સુખ છે તે ધનની વાંછાવાળાને, કીર્તિની પાછળ દોડવાવાળાને, અહીંથી લઉં કે પણેથી લઉં, આની પાસેથી લઉં કે પેલાની પાસેથી પડાવી લઉં એવી ઇચ્છાવાળાને મળતું નથી. બાજરાનો રોટલો ખાઇ પાણીથી પેટ ભરનારને જે સુખે ઊંઘ આવે છે તે લક્ષ્મીની સેવા કરનાર અને તેની પાછળ દોડનાર લાખોની ઊથલ-પાથલ કરનારને કલ્પનામાં પણ આવતી નથી. ધનની ઇચ્છાવાળા અને લાખોની હેરવણીફેરવણી કરનારને **શાંત** મળતી નથી, હાશ કરીને બેસવા વારો આવતો નથી અને આશા તૃષ્ણાના દાસભાવમાંથી એનો છૂટકારો નથી.

અને **સંતોષની વાતો** વિચારતાં પણ શાંતિ થઇ જાય છે. ગરીબાઇને ખાદીની સાડી મળે અને જે સંતોષ થાય તે કપાટમાંથી એક પછી એક સેંકડો સાડીમાંથી એક પહેરવા માટે શોધનારને થતો નથી અને પાડોશીની નવી સાડી તરફ લલના લાગે તે વખતે કપાટમાંની સો પચાસ સાડીઓ નકામી થઇ પડે છે. મનમાં સંતોષ થઇ જાય તો પછી ખાદીની સાડી કે બનારસી સોનેરી સાડીમાં કે વાયલમાં કાંઇ ફેર પડતો નથી. એ તો મનના વાંધાઓ છે અને કલ્પનાના તરંગો છે. સંતોષ ખરેખર **અમૃત** છે, બત્રીશ કોઠે દીવા કરનાર અમી છે, આનંદ રસમાં ઝબોળી દેનાર અમોઘ વીર્ય છે અને આખી જિંદગીમાં તાજગી લાવનાર વિશુદ્ધ રસરાજ છે. જેને એ રસમાં આનંદ આવે છે તે જીવનની લ્હાણ પેટ ભરી ભરીને પીએ છે.

આવા સંતોષીના મનોરાજ્યો જોવાં જેવા હોય છે, એને અન્ય પાસે પૈસો જોઇ પોતાની સ્થિતિ પર ખેદ થતો નથી, સામા તરફ ખાર થતો નથી, કોઇની અદેખાઇ આવતી નથી અને એનાં મુખ પર અને હૃદયમાં એક એવી આનંદ લહરી નિરંતર પ્રસરતી રહે છે કે તેના વાયરામાં એ હિલોળા લીધા કરે છે. ધનલોભી કે કીર્તિલોભી જ્યારે જ્યાં ત્યાં માથાં માર્યાં કરે છે, અનેક કોલાંડો રચ્યા કરે છે, સામસામી સોગઠીઓ ગોઠવ્યા કરે છે અને કયા ત્રણ ભરીને કઇ કુકરીને ઝરું, કોની કુકરીને ઘર ભેગી કરું એવા ખ્યાલ કર્યા કરે છે અને તે ખાતર અનેક દેખાવો, ખુશામતો અને કારસ્થાનો કરે છે, ત્યારે સંતોષી જીવ **આનંદમાં** મગ્ન રહે છે, હોય તેમાં રાજી રહે છે અને પ્રેમસમુદ્રમાં શાંત ડુબકી મારે છે શ્રીપાળનો સંતોષ અને ધવળ શેઠનો લોભ જ્યારે વિચારીએ છીએ ત્યારે શેઠના જીવના વલોપાતો, ઊકળાટો અને હાયવરાળો શ્રોતાને મારે ખેદકારક નીવડે છે. સંતોષીને સમાજમાં **માન** છે, જિંદગીમાં **ચમન** છે, સ્વાસ્થ્યમાં **નિરાંત** છે અને પ્રેમમાં **મસ્તી** છે. સંતોષીના મનનો મહિમા વર્ણવવો મુશ્કેલ છે. મન સંતોષ પામે પછી કોણ દરિદ્રી અને કોણ ધનવાન? જ્યાં ધનવાન અને ગરીબનો ફેર જ રહેતો નથી ત્યાં પછી અંતરભાવનાં ચિત્રો શા વર્ણવવાં બાકી રહે? સજ્જન તૃષ્ણાનો ત્યાગ કરે, સંતોષમાં મહાલે, અને હોય તેમાં રાજી થાય. પ્રગતિનું આ પહેલું સોપાન છે.

संतोषामृततृप्तानां यत्सुखं शान्तचेतसाम्। कुतस्तद्धनलुब्धानामितश्चेतश्च धावताम् ॥

(૧૦)

તારું ખરું ધન—Your real wealth.

જે પૈસાને તું યોગ્ય સત્પાત્રને દાનમાં આપે, અથવા જે પૈસાનો તું દિવસાનુદિવસ ખાવા દ્વારા ઉપભોગ કરે—

તે પૈસા તારા છે એમ હું માનું છું.

બાકીના પારકા છે અને પારકા માટે તું તેની ચોકી કરે છે.

પૈસાનો એક આ ખ્યાલ ખાસ ધ્યાનમાં રાખવા જેવો છે. એનો યોગ્ય પાત્રને દાન આપવામાં ઉપયોગ થાય, જરૂરિઆતવાળાને આફતમાંથી મુકત કરવામાં વ્યય થાય, દીન દુઃખીનો ઉદ્ધાર કરવામાં વપરાશ થાય, દુકાળ રેલસંકટના કાર્યમાં કામમાં લગાડાય, અથવા કેળવણી, ઈસ્પીતાલ, નિરાશ્રિત આશ્રય, વિધવા સંકટ નિવારણ જેવી સંસ્થાઓને દાનમાં અપાય, અથવા કળાકેન્દ્રો, પુસ્તકાલયો વિદ્યાલયો, અભ્યાસગૃહોનાં સ્થાપન કે સંચાલનમાં વ્યય થાય **તે તારા પોતાના** પૈસા છે એમ ગણજે. બાકી તારે દરરોજ નિયમિત ખાવા માટે જરૂરી ખરચ કરવો પડે તેને પણ કદાચ તું તારા પોતાના પૈસા ગણજે.

એટલે **વિવેકપૂર્વકનાં દાન અને જરૂર જોગાં પોતાના ખર્ચને** અંગે વપરાતાં પૈસા તો પોતાના ગણી શકાય. એમાં દાન આપવામાં વિવેકની ખાસ જરૂર છે. એક રૂપીયો વાવીને સોનો લાભ અપાવી શકાય, ખાસ જરૂરિઆત હોય તેને દુઃખમાંથી તારતાં–ઊંચા લઈ આવતાં તેનો હજાર લાખોગણો લાભ થાય, સામાની આંતરડી કળકળતી બચે તેના ખ્યાલથી સ્વાત્મસંતોષ થાય અથવા વિદ્યાધામોમાં વ્યય થાય તે તારા પોતાના પૈસા ગણાય. **ચિત્ત વિત્ત ને પાત્ર** ત્રણેનો યોગ મળે તે સદ્દદાન કહેવાય અને તેમાં ધનનો વ્યય થાય તે તારા પોતાના પૈસા થયા, કારણ કે પૈસાનો દાન કે ભોગમાં ઉપયોગ ન થાય તો કાં તો તેનો ત્રીજો માર્ગ નાશમાં પર્યવસાન આવે છે, અથવા તો એના ઉપર-ચોકી કરીને આખી જિંદગી એની તાપણી તાપ્યા કરે, ભૈયાની જેમ એની ચોકી કર્યા કરે અને મોત આવે ત્યારે કોઈ પારકાને આપી ઉઘાડે હાથે ચાલ્યા જવાનું થાય. આ પૈસા પારકાના થયા અને પારકાના રહ્યા. ખાધું કે ખવરાવ્યું નહિ, પેટ બાળ્યું, છોકરાઓને દુહવ્યા અને અંતે આખી રાજધાની કે સંઘરો અહીં મૂકી ચાલ્યા જવું એ **પારકાના દોરડા-જોતરા ખેંચવાનું** જ કાર્ય છે.

અને ખરી વાત તો એ છે કે માણસને ખાધે ખૂટતું નથી, અને દે તેના કરતાં વધારે તુરતમાં મળે છે. પણ મુંજી સ્વભાવના માણસો લાંબી નજરે જોઇ શકતા નથી. આપવાની વખતે 'શકિત નથી.' એવા બ્હાના કાઢે છે, મન નથી, ભાવ નથી, ઇચ્છા નથી—એ વાત ગોપવે છે અને કાકાનો સપાટો લાગે ત્યારે વાંદરાના હાથમાંથી ગાગરમાંનાં બોર છૂટી જાય તેમ સર્વ છોડી દેવું પડે છે. આવા પારકા પૈસા પર માણસ શા માટે ગાંડોઘેલો થઇ જતો હશે? હોય ત્યારે લ્હાવો શા માટે નહિ લેતો હોય? પારકાને માટે વલખાં શું કામ મારતો હશે? આ સર્વ કોયડા છે. પૈસાનું આખું તત્ત્વજ્ઞાન ઊંધી ખોપરી પર-વિચારશૂન્યતા પર-દીર્ઘદૃષ્ટિના અલ્પભાવ પર રચાયલું છે. તે જે જાણે, વિચારે, વિસ્તારે, તે અંતે ફાવે.

यद्दासि विशिष्टेभ्यो यच्चाश्नासि दिने दिने। तत्ते वित्तमहं मन्ये शेषमन्यस्य रक्षसि ॥

भगवान् व्यास

(૧૧)

સંઘરો-Hoarding.

વૈભવ હોય તો દેવું. ભોગવવું, સંઘરો ન કરવો. જુઓને! મધમાખીઓનો કરેલો સંચય અંતે બીજા હરણ કરી લઈ જાય છે.

પૈસા ભેગા કરવાનો ખરી રીતે કાંઇ અર્થ નથી. હોય ત્યારે ભોગવવું અને દેવું, પોતાનો હાથ ઠારવો અને અન્યને ઉપકાર નીચે રાખવા. એક પ્રસંગે જણાવ્યું છે કે ખવરાવ્યું તે ખરૂં ખાધું અને ખાધું તે ખોયું. બીજે દિવસે સવારે જંગલ જાય ત્યારે ખાધેલ તો ખલાસ થઇ જાય છે, પણ આપેલ દાન વાવણીની પેઠે એક દાણામાંથી સેંકડો ઉપજાવે છે અને તેની પરંપરા ચાલતાં ઉત્તરોત્તર વધારો જ થતો જાય છે. અને સંઘરો કરી કરીને કેટલો કરો, ક્યાં સુધી ચાલે અને જ્યારે એ સંઘરો જવા બેસે છે ત્યારે પગ કરી ચાલ્યો જાય છે અને એની આડા ગમે તેટલા હાથ દેવામાં પણ એ જરૂર રસ્તે પડી જાય છે. અને પરાધીનતા થયા પછી ડહાપણ આવે તેની કાંઇ કિંમત નથી. માખીઓ ફૂલે ફૂલે બેસી મધ એકઠું કરે છે, પોતે ખાતી નથી, કોઇને ખવરાવતી નથી, પોતાનાં બચ્ચાંને પણ ટટળાવે છે, પણ એક દિવસ મધપુડા નીચે ધુમાડો થાય, ત્યારે સર્વ મૂકીને હારેલા જુગારીની માફક હાલી નીકળવું પડે છે. વેપારમાં ગમે તેમ એકઠાં કરેલા નાણાં એક ખોટો વેપાર થતાં વેરણછેરણ થઇ જાય છે અને બીજો તમાચો લાગતાં માણસ કડબર થઈ જાય છે. એટલા માટે સંઘરવાનો કાંઈ અર્થ નથી, સંઘરો કરનાર તો **ચોકીદાર** **ભૈયો** છે, તિજોરીનો રક્ષક **પહેરેગીર** છે, પારકા માટે એકઠું કરનાર કરવૈયો કે. ટ્રસ્ટી છે.

એટલા માટે વૈભવ હોય તો આપો, ખૂબ દાન કરો, યોગ્ય પાત્રને શોધી તેમાં ઠાલવતા જાઓ, વ્યવસ્થિત સંસ્થાને પલ્લવિત કરો, વિવેકપૂર્વક તપાસ કરી ધનનો ઉપયોગ કરો, યોગ્ય માર્ગે ખરચેલ કદી ખૂટવાનું નથી, સુપાત્રે કરેલ દાન કદી નિરર્થક થયું નથી, યોગ્ય પાત્રને જરૂરને વખતે કરેલ મદદ કદી ઊગી સર્યા વગર રહી નથી, માટે હોય ત્યારે ખૂબ આપો, દુકાળનો કે દારિદ્રનો ભય માથા પર ન રાખો, છોકરાં નમાલાં ગરીબડાં પરાધીન અને વ્યાજવડીએ જીવવાના છે એમ ન ધારો. આપો, વાવરો, ખરચો અને ઘણું મળશે અને નહિ મળે તો મનમાં ઓરતો તો નહિ જ રહી જાય. માત્ર વાપરવામાં કે દેવામાં વિવેકની પૂરી જરૂર છે. ઉકરડામાં દિવેલ કે ઘી નાખવાથી ઊગે નહિ, પણ લોટ સાથે મળે તો જરૂર પુષ્ટિ કરે. બાકી એને ડબામાં પૂરી રાખવામાં આવે તો બે ચાર માસમાં એ ખોરું થઇ જાય અને અંતે એને રેતીમાં રગદોળવું પડે કે ઉકરડે નાખી દેવું પડે. આવેલ વખતને ઓળખે એ જાણકાર, છતે પૈસે હાથને ઠારે તે જ્ઞાની, ગરીબ ગરણાની હાય સમજે તે અક્કલવાન અને આવતા દિવસને ઓળખે તે સમજુ; બાકી તો કઇક આવ્યા ને કઇક ગયા, નંદરાજાની સોનાની ડુંગરીઓ પણ અંતે અહીં રહી ગઇ અને એ પોતાને રસ્તે ઉઘાડે હાથે પડી ગયા. ધનનું ફળ દાન છે. ત્યાગમાર્ગની એ શરુઆત છે અને મહાત્યાગની આદિ રચના છે.

दातव्यं भोक्तव्यं सति विभवे सञ्चयो न कर्तव्यः । पश्येह मधुकरीणां सञ्चितमर्थं हरन्त्यन्ये ॥

સુભાષિત.

(૧૨)

ધન-અપેક્ષિત વસ્તુ-Wealth's relativeness

અંતે તો પૈસા એ પણ અપેક્ષિત વસ્તુ છે, કારણ કે જેની પાસે થોડાં હોય અને થોડાંની જ એની ઇચ્છા હોય તે વધારે ધનવાન છે, જ્યારે જેની પાસે ઘણાં હોય અને છતાં વધારેની ઈચ્છા કરે તે પેલાના પ્રમાણમાં ઓછો ધનવાન છે.

એક સુંદર સુભાષિતમાં ભર્તૃહરિએ ભાખ્યું કે 'અમે વલ્કલ વસ્ત્રોથી સંતોષ પામી જઈએ છીએ, તમે રેશમી ભારે વસ્ત્રોથી સંતોષ પામો છો. આમાં સંતોષ તો બન્નેની બાજુએ સરખો છે અને બન્ને વચ્ચેનો તફાવત સુદ્ધા વગરનો છે. બાકી જેનાં હૃદયમાં તૃષ્ણા ચાલી આવતી હોય અને પ્રસાર પામતી હોય તે ખરેખર ગરીબ છે. એક વાર મનમાં સંતોષ થઇ ગયો, પછી કોણ દરિદ્રી અને કોણ તાલેવંત!' આવી સુંદર ભાષામાં એક ત્યાગીના મુખમાં અત્યંત વિશિષ્ટ વિચારો મૂકીને મહાન સત્ય જગત સન્મુખ રજૂ કર્યું છે. વૈરાગી ત્યાગી મોટા કરોડાધિપતિ ચમરબંધીને કહે છે કે જો તમારા મનમાં હજુ પણ વધારે ઘર ભેગું કરવાની વૃત્તિ હોય તો તમે **આશાદાસીના બાળક** છો, **ભિખારી** છો, **પરાધીન** છો, દાસીપુત્ર છો. મારે તો મહેલ અને ઝૂંપડું સરખાં છે, મારે શાલદુશાલા કે ઝાડની છાલનાં વસ્ત્ર સરખાં છે. મારે દૂધપાક, ફૂરકપૂર કે હલવા મેવા મીઠાઈ અથવા કુશકા કે ઘેંસ સરખાં છે, મારે નોબત, બીન, તંબુરો કે એકતારો સરખાં છે. આવી રીતે મન પર સંતોષની છાયા ફરી વળી એટલે પછી ધનવાન કે ગરીબનો, શેઠ કે નોકરનો, સેવ્ય કે સેવકનો, ઉપરી કે તાબાના માણસોનો તફાવત રહેતો નથી.

અને **આશા** તૃષ્ણા એ તો એવી ચીજ છે કે એને વધારવા માંડી તો પછી તે **પાઘડીપને** લાંબી ને લાંબી થતી જ જાય છે અને આકાશનો છેડો આવે તો જ તેનો છેડો આવે છે. ધનનું પણ એવું જ છે. હજારે ન ઠરે, તેને લાખ થયે ધરવ થતો નથી અને લાખવાળાને દશ લાખે મન ભરાતું નથી. એટલે ધનવાન કોણ અને ગરીબ કોણ એનો નિર્ણય કરવાનો જ હોય તો તેનું **મૂલ્યાંકન** તેની પાસે કેટલું છે તેનાથી થતું નથી, પણ એના મનની **આશા ઇચ્છાઓ ક્યાં સુધી** પહોંચી છે અને એને હજુ કેટલું ડોળાણ બાકી છે તે પર એનો નિર્ણય થાય છે.

આશા તૃષ્ણાની તરતમતા અથવા કમી જાસ્તીપણા પર ધનવાન ગરીબના વર્તુલનો નિર્ણય થતો હોવાથી જેની પાસે વધારે મોટી ઇચ્છા તેને ગમે તેટલું હોય તો પણ એ હજુ ઘસડાયા જ કરે છે, અંધારી રાત્રે બાર વાગે પણ એ એની પાસે નદીમાંથી લાકડાં ખેંચાવે છે અને માથે એક બાલ કાળો ન રહ્યો હોય તેવાને પણ જૈફ વયે સરવૈયા કઢાવે છે. એટલે ગરીબાઇ કે તાલેવંતપણું એ પણ **અપેક્ષિત** બાબત છે. અભ્યાસ ઘટે, આશા હઠી જાય, મનમાં તોષ થઈ જાય તો તે રાજા મહારાજા છે અને નહિ તો સોનાનો હીરા જડિત બળદનો શેઠ હોવા છતાં એ મમ્મણ શેઠ છે. આ દૃષ્ટિએ સંતોષીને સાચું સુખ છે. એ મહારાજા તાલેવંત છે, એ એનાં રાજ્યમાં મહાલે છે, જ્યારે તૃષ્ણાવાન પારકી આશાના દાસ બને છે.

Wealth, after all, is a relative thing, since he that has little, and wants less is richer than he that has much but wants more. 26-2-45. COLTON.

તત્વસાર.

લેખકઃ—મુનિ પુણ્યવિજયજી મહારાજ (સંવિજ્ઞપાક્ષિક)

(ગતાંક પૃષ્ઠ ૫૫ થી શરૂ)

दृढप्रहारिवीरेण चिलातीपुत्रयोगिना ।
चित्तं चन्द्रोज्ज्वलं कार्यं किमतो योग उत्तमः ।२६।

દૃઢપ્રહારી જેવા વીરપુરુષે તથા ચિલાતીપુત્ર જેવા યોગીની જેમ ચંદ્રના જેવું વિશદ મન કરવું જોઇએ. આથી બીજો કયો ઉત્તમ યોગ છે? ૨૬

येन येन प्रकारेण देवताराधनादिना ।
चित्तं चन्द्रोवज्ज्वलं कार्यं किमन्यैर्ग्रहकुग्रहैः ॥२७॥

પરમાત્માની ભક્તિ વિગેરે જે કોઇ પણ પ્રકારથી ચિત્તને ચંદ્રના જેવું નિર્મલ કરવું જોઇએ. તે સિવાય બીજા બાહ્ય અનુષ્ઠાનોથી શું? ૨૭

तथा चिन्त्यं तथा वाच्यं चेष्टितव्यं तथा तथा ।
मलीमसं मनोऽत्यर्थं यथा निर्मलतां व्रजेत् ॥२८॥

મલિન મન જેમ ખૂબ નિર્મળ થાય તેમ ચિંતવવું, તેમજ બોલવું અને શરીરની ચેષ્ટા પણ તેવી જ કરવી જોઇએ ૨૮

चञ्चलस्यास्य चित्तस्य सदैवोत्पथचारिणः ।
उपयोगपरैः स्थेयं योगिभिर्योगकांक्षिभिः ॥२९॥

હંમેશા ઉત્પથે (ખરાબ માર્ગે) ગમન કરનાર ચંચલ ચિત્ત માટે યોગેચ્છુક પુરુષોએ ઉપયોગમાં તત્પર રહેવું જોઇએ. ૨૯

सुकरं मलधारित्वं सुकरं दुस्तपं तपः ।
सुकरोऽक्षनिरोधश्च दुष्करं चित्तशोधनम् ॥३०॥

મલિન વસ્ત્રો ધારણ કરવા, દુસ્તર તપ કરવું અને ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો એ બધું સુકર છે, ફક્ત મનને કાબૂમાં રાખવું એ જ માત્ર દુષ્કર છે. ૩૦

पापबुद्ध्या भवेत् पापं को मुग्धोऽपि न वेत्स्यदः ।
धर्मबुद्ध्या तु यत् पापं तच्चिन्त्यं निपुणैर्बुधैः॥३१।

પાપબુદ્ધિથી કરેલા પાપને પાપરૂપે કોણ મૂર્ખ માણસ પણ નથી સ્વીકારતો? પણ ધર્મબુદ્ધિથી પાપ ન થવા પામે એ વાત નિપુણ વિદ્વાનોએ ખાસ લક્ષમાં રાખવાની છે. ૩૧

अणुमात्रा अपि गुणा दृश्यन्ते स्वधियाऽऽत्मनि ।
दोषास्तु पर्वतस्थूला अपि नैव कथंचन ॥३२॥

त एव वैपरीत्येन विज्ञातव्याः परं वचः ।
दिग्मोह इव कोऽप्येष महामोहो महाबलः ॥३३॥

માણસોને પોતામાં રહેલા નહિ જેવા સૂક્ષ્મ ગુણો પણ પોતાની બુદ્ધિથી દેખાય છે. જ્યારે પર્વત જેવા મોટા દોષો પણ બિલકુલ દેખાતાં નથી. એ દિશા-ભ્રમની માફક એક પ્રકારનો મોહ છે. પણ આ જ બાબતને ઉલટી રીતે જાણવી-પોતાના સૂક્ષ્મ દોષોને પણ પર્વતની જેમ જોવા અને પોતાના મહાન્ ગુણોને પણ ન જોવા એ જ સાર છે. ૩૨-૩૩

धर्मस्य बहुधाऽध्वानो लोके विभ्रमहेतवः ।
तेषु बाह्यफटाटोपा तत्त्वविभ्रान्तदृष्टयः ॥ ३४ ॥

स्वस्वदर्शनरागेण विवदन्तो मिथो जनाः ।
सर्वथैवात्मनो धर्मं मन्यन्ते न परस्य तु ॥ ३५ ॥

જગતમાં ધર્મના માર્ગો પ્રાયઃ ભ્રમમાં

કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની

જીવન ઝરમર.

લેખકઃ—મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ. (ત્રિપુટી)

(ગતાંક પૃષ્ઠ ૪૯ થી શરૂ)

છંદોનુશાસન—છંદરચના માટે આ સુંદર ગ્રંથ છે. આના જેવો કોઇ બીજો ગ્રંથ આ વિષયનો નથી. આ ગ્રંથ પણ આઠ અધ્યાયમાં વિભક્ત છે. એના ઉપર સ્વોપજ્ઞ ટીકા લખી છે. દરેક પ્રકારના છંદનું ઉત્તમ જ્ઞાન મેળવવાનું આ ગ્રંથ પરમ સાધન છે. સંસ્કૃત અને પ્રાકૃતના અનેક છંદોનું વર્ણન કરવા સાથે જુદા જુદા અનેક ગ્રંથોનાં અવતરણો આપી ગ્રંથને વધુ શોભાવ્યો છે. આના આઠ અધ્યાયમાં ૭૬૪ સૂત્રો છે.

આવી રીતે શબ્દાનુશાસન, લિંગાનુશાસન, કાવ્યાનુશાસન અને છંદોનુશાસન—આ ચારે અનુશાસન સ્વોપજ્ઞ પોતે જ રચ્યા છે. ભારતીય સાહિત્યમાં સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યમાં આવી રીતે ચારે (પાંચ) અનુશાસનોના રચયિતાનું અપૂર્વ માન પ્રાપ્ત કરનાર આચાર્યવર્ય [1]જ છે.

આ સિવાય ન્યાયશાસ્ત્રનો **પ્રમાણમીમાંસા** સુંદર સૂત્રબદ્ધ ગ્રંથ છે. આ ગ્રંથ અત્યારે અપૂર્ણ ઉપલબ્ધ છે. થોડી મહેનતે વધારે જ્ઞાન આપનાર સુંદર જૈન ન્યાયનો ગ્રંથ છે. અન્યદર્શનોનું યુક્તિથી ખંડન કરી જૈન દર્શનનું મંતવ્ય સુંદર રીતે વર્ણવ્યું છે. તેમજ અન્યયોગવ્યવચ્છેદ અને અયોગવ્યવચ્છેદ નામે બે બત્રીસીઓ પણ ન્યાયથી પરિપૂર્ણ છે. યોગ

---

૧ પાંચમું અનુશાસન છે તેનું નામ **વાદાનુશાસન** છે, જેમાં વાદની સુંદર ચર્ચાપદ્ધતિ આપી છે. આ ગ્રંથ અત્યારે અનુપલબ્ધ છે.

નાંખનારા થઈ પડેલા છે, તે માર્ગોમાં રહેલા, બાહ્ય આડંબર કરનારા અને તત્વમાં ભ્રાન્ત દૃષ્ટિવાળા માણસો પોતપોતાના દર્શનના રાગથી માંહોમાંહે વિવાદ કરતાં પોતાના જ ધર્મને દરેક રીતે માને છે; બીજાના ધર્મને નહિ. ૩૪

यत्र साम्यं स तत्रैव क्रिमात्मपरचिन्तया।
जानीत तद्विना हंहो! नात्मनो न परस्य च॥३६॥

ખરી વાત તો એ છે કે જે માર્ગમાં સમભાવ છે ત્યાં જ ધર્મ છે, અને તેથી આ મારો અને આ પારકો એવી ચિંતા કરવાનું કાંઇ કારણ જ નથી, કારણ કે સમભાવ વિનાનો જે ધર્મ, તે પોતાનો કે પારકો કોઇ પણ જાતનો ધર્મ જ હોઈ શકતો નથી ૩૬.

क्षान्त्यादिर्दशधा धर्मः सर्वधर्मशिरोमणिः।
सोऽपि साम्यवतामेव मैत्र्यादिकृतकर्मणाम्॥३७॥

સર્વ ધર્મમાં શિરોમણી સમાન સર્વજ્ઞપ્રણીત જે ક્ષમા વિગેરે દશ પ્રકારનો ધર્મ છે તે પણ મૈત્રી વિગેરે ભાવનાઓથી વાસિત હૃદયવાળા અને સમભાવવાળા જીવોને જ માટે છે. ૩૭

साम्यं समस्तधर्माणां सारं ज्ञात्वा ततो बुधाः।
बाह्यं दृष्टिग्रहं मुक्त्वा चित्तं कुरुत निर्मलम्॥३८॥

હે વિદ્વાનો! તેથી સર્વ ધર્મનો સાર સામ્ય છે, એમ જાણી, બાહ્ય દૃષ્ટિરાગનો ત્યાગ કરીને ચિત્તને નિર્મલ કરો!

વિષયમાં મહારાજા કુમારપાલની વિનંતિની યોગશાસ્ત્ર જેનું બીજું નામ અધ્યાત્મોપનિષદ્ છે, સ્વોપજ્ઞ બનાવ્યો છે, બાર હજાર શ્લોકની જેની ટીકા છે, આમાં યોગનું સુંદર વિવેચન છે. તેમજ પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીત ધ્યાનાવસ્થાનું વર્ણન છે જે ખાસ વાંચવા યોગ્ય છે.

ભક્તિ માટે વીતરાગ સ્તોત્ર વીશ પ્રકાશમાં બનાવ્યું છે. જેમાં વીતરાગ કેવા હોય ? તેના ગુણો, અતિશયો અને ભક્તિપ્રધાન સ્તુતિઓ, દાર્શનિક મંડન વગેરે વાંચવા યોગ્ય છે. તેમ જ **મહાદેવ સ્તોત્ર** રચી સાચા મહાદેવ કેવા હોય તેનો અચ્છો ખ્યાલ આપ્યો છે.

ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર, અને પરિશિષ્ટ પર્વ આ બન્ને જૈનધર્મના ઈતિહાસ માટે મુખ્ય છે. આમાં શ્રી હેમચંદ્રાચાર્યજીની કાવ્યપ્રતિભા શરદ્પૂર્ણિમાના ચંદ્રની માફક ખીલી ઊઠી છે. ભાગીરથીના મંદ મંદ પ્રવાહ સમાન વહેતો સુંદર ભાષાપ્રવાહ, પદલાલિત્ય, માધુર્ય અને અલંકારોથી સુશોભિત આ ગ્રંથ ધર્મોપદેશ, તત્ત્વજ્ઞાન, ચારિત્રવર્ણન અને ભક્તિના ખજાનાથી ભરેલો છે. આમાં ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તિ, ૯ બલદેવ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ, એમ ૬૩ ઉત્તમ પુરુષોનાં ચરિત્રો છે, દશ પર્વ છે અને ૩૬૦૦૦ શ્લોકપ્રમાણ છે.

પરિશિષ્ટપર્વમાં જંબૂસ્વામીથી વજ્રસ્વામી સુધીના જૈનધર્મના પ્રભાવિક પુરુષોનાં ચરિત્ર છે તેમાંયે જંબૂસ્વામીના જીવનચરિત્રમાંની અદ્ભુત ઉપદેશક કથાઓ તો ખૂબ રસપ્રદ અને જીવનદાયક છે.

આચાર્યપુંગવના ગ્રંથોની વિસ્તૃત સમાલોચનાનો આ સમય કે સ્થાન ન હોવાથી આ વિષયનો ઉપસંહાર કરી શ્રી હેમચંદ્રાચાર્યશ્રીની પ્રતિભાનું એક જ શ્લોકમાં શ્રી સોમપ્રભસૂરિજીએ જે વર્ણન આપ્યું છે તે મૂકી આગળ વધીશ.

कलसं व्याकरणं नवचिरचितं छंदो नवं द्वाश्रयालंकारौ प्रथितौ नवौ प्रकटितं श्रीयोगशास्त्रं नवम्।
तर्कः संजनितो नवो जिनवरादीनां चरित्रनवं बद्धं येन न केन केन विधिना मोहः कृतो दूरतः॥

(જેમણે) "નવું વ્યાકરણ બનાવ્યું, નવું છંદશાસ્ત્ર રચ્યું, દ્વાશ્રયમહાકાવ્ય અને અલંકારશાસ્ત્રને વિસ્તાર્યાં, અને નવાં જ પ્રકટ કર્યાં, યોગશાસ્ત્ર પણ નવું રચ્યું, નવા તર્કશાસ્ત્રને જન્મ આપ્યો, જિનવરોનાં ચરિત્રોનો નવો ગ્રંથ રચ્યો, કઈ કઈ રીતે (તેમણે) શ્રીહેમચંદ્રાચાર્યે અજ્ઞાનને દૂર નથી કર્યું ?"

નિષ્પક્ષતા અને ભક્તિ–હવે સૂરિજી મહારાજની નિષ્પક્ષતા અને ભક્તિની વાનકી આપી આ લેખ સમાપ્ત કરીશ. પ્રથમ શ્રી હેમચંદ્રાચાર્યજીકૃત થોડી ભક્તિ સ્તુતિઓ જોઇએ.

तव चेतसि वर्तेहमिति वार्तापि दुर्लभा।
मच्चित्ते वर्तसे चेत्त्वमलमन्येन केनचित्॥ १॥

હે પ્રભુ ! હું આપના દિલમાં વસું એ વાત પણ દુર્લભ છે, પરંતુ આપ મારા દિલમાં વસો, મારા અંતરમાં સ્થિર થાઓ એટલે બસ છે. મારે બીજા કશાની જરૂર નથી.

त्वद्वक्त्रकान्तिज्योत्स्नासु निपीतासु सुधास्विव
मदीयैर्लोचनाम्भोजैः प्राप्यतां निर्निमेषता॥

હે પ્રભુજી ! આપના મુખચંદ્રની કાંતિની અમૃત જેવી જ્યોત્સ્નાનું પાન કરવાથી–કર્યે છતે મારાં નેત્રકમલ સ્થિર થાઓ (અર્થાત આપના દર્શનમાં જ નેત્રકમલો લાગી જાઓ.)

त्वदास्यलालिनी नेत्रे त्वदुपास्ति करौ करौ।
त्वद्गुणश्रोत्रिणी श्रोत्रे भूयास्तां सर्वदा मम॥

હે વીતરાગ પ્રભુ ! મારા નેત્રો આપના મુખકમલના દર્શનમાં રમો, ઉલ્લાસ પામો, મારા બન્ને હાથ આપની સેવામાં તત્પર રહો, મારા બન્ને કાન આપના ગુણશ્રવણમાં તત્પર થાઓ.

× × ×

तव प्रेष्योऽस्मि दासोऽस्मि सेवकोऽस्म्यस्मि किंकरः
ओमिति प्रतिपद्यस्व, नाथ नातः परं ब्रुवे ॥

હે પ્રભુ! હું આપનો આધીન વર્તનારો પ્રેષ્ય છું, આપની સેવામાં દાસ છું, અને આપનો આજ્ઞાધીન કિંકર છું; માટે હે પ્રભુ! ઓમ એમ કહીને અર્થાત્ તમારો સેવક છું એમ સ્વીકારો, હે નાથ! હું આથી વધારે યાચવા નથી ઇચ્છતો.

भुवे तस्यै नमो तस्यां तव पादनखांशवः ।
चिरं चूडामणीयन्ते ब्रूमहे किमतः परम् ॥१॥
जन्मवानस्मि कृतकृत्योऽस्मि यन्मुहुः ।
जातोऽस्मि तव गुणग्रामरामणीयकलम्पटः ॥

હે પ્રભુ! જે ભૂમિમાં આપના ચરણકમળના નખના કિરણો ચિરકાળ ચૂડામણિની આચરણા કરે છે તે ભૂમિને અમારા નમસ્કાર થાઓ. આથી વધારે શું કહીયે? (અર્થાત્ જ્યાં આપ વિચરો છો તે ભૂમિને પણ અમારા નમસ્કાર છે.)

હે પ્રભો! આપના ગુણસમુદાયની રમણીયતામાં હું લમ્પટ થયો છું એથી મારો જન્મ સફળ છે; એથી જ હું મને વારંવાર કૃતકૃત્ય ને ધન્ય માનું છું.

क्वाहं पशोरपि पशुर्वीतरागस्तवः क्व च ।
उत्तितीर्षुररण्यानि पद्भ्यां पंगुरिवास्म्यतः ॥
तथापि श्रद्धामुग्धोऽहं नोपालंभ्यः स्खलन्नपि ।
विश्रृङ्खलापि वाग्वृत्तिः श्रद्धधानस्य शोभते ॥

પશુથી પણ પશુ એવો હું ક્યાં અને (બૃહસ્પતિને પણ અશક્ય) વીતરાગની સ્તુતિ ક્યાં? તેથી પગવડે મહાઅટવીનું ઉલ્લંઘન કરવા ઇચ્છતા પાંગળા જેવું આ મારું સાહસ છે.

તો પણ શ્રદ્ધાથી પ્રેરિત હૃદયવાળો હું આપની સ્તુતિ કરવામાં સ્ખલના પામું-આપના અનંત ગુણો પ્રગટ ન કરી શકું, તો તેથી મને ઉપાલંભ આપવો યોગ્ય નથી, કારણ કે ભક્તિસંપન્ન ભક્ત-શ્રદ્ધાળુની સંબંધ વગરની વાણી પણ શોભા પામે છે.

હવે નિષ્પક્ષવૃત્તિ જુઓ—

न श्रद्धयैव त्वयि पक्षपातो न द्वेषमात्रादरुचिःपरेषु
यथावदाप्तत्वपरीक्षया तु त्वामेव वीरप्रभुश्रिताःस्मः

હે ભગવાન્! કાંઇ એકલી શ્રદ્ધાથી જ આપનામાં અમારો પક્ષપાત નથી તેમ દ્વેષથી જ બીજા દેવો ઉપર અરુચિ નથી, પરંતુ યથાર્થ રીતે આપ્તત્વની પરીક્ષા કર્યા પછી, હે વીરપ્રભુ! અમે આપને શરણે આવ્યા છીએ.

यत्र तत्र समये भववीजांकुरजननां વગેરે શ્લોકો પણ આપણે જોઇ ગયા છીયે. **यत्र तत्र समये** શ્લોક અયોગદ્વાત્રિંશિકાનો ૩૧મો શ્લોક છે.

इमां समक्षप्रतिपक्षसाक्षिणा-
मुदारघोषामवघोषणां ब्रुवे ।
न वीतरागात् परमस्ति दैवतं,
न चाप्यनेकान्तमृते नयस्थितिः ॥

પ્રતિપક્ષીઓની સમક્ષ હું મોટી ઘોષણાપૂર્વક કહું છું કે આ સંસારમાં વીતરાગ સમાન બીજા કોઇમાં દેવત્વ નથી-અર્થાત્ વીતરાગ સમાન બીજા દેવ નથી અને અનેકાન્ત-સ્યાદ્વાદ (અપેક્ષાવાદ) સમાન કોઇ તત્વજ્ઞાન નથી.

આવા મહાજ્ઞાની-જ્ઞાનસમુદ્ર જૈન શાસનની અપૂર્વ પ્રભાવના કરી સંસ્કૃત-પ્રાકૃત વગેરે સાહિત્યની-ભારતીય સાહિત્યના સમસ્ત અંગોની સુંદર સેવા કરી "કલિકાલસર્વજ્ઞ" મહાયુગપ્રધાન બની ૮૪ વર્ષની વૃદ્ધ ઉમ્મરે ૧૨૨૬ માં અણસણ કરી સ્વર્ગવાસ પામ્યા.

હેમયુગના પ્રતાપી સ્રષ્ટા, ગુજરાતની અસ્મિતાના મહાન જ્યોતિર્ધર, પ્રબલ પુરુષાર્થી, આબાલબ્રહ્મચારી, ગુજરાતના બે સમર્થ સમ્રાટોની રાજસભા દીપાવનાર, તેમના પ્રતિબોધક ધર્મગુરુ, પરમમિત્ર, મહારાજા કુમારપાલને

પ્રત્યેક બુદ્ધ.

લેખક.—ચોકસી

૨. સાગરદત્ત—

પ્રત્યેકબુદ્ધની સંખ્યામાં નંબર નોંધાવનાર સાધ્વી પુષ્પચૂલાના જીવનની જે ઝરમર આપણે જોઇ ગયા એ એક ભવ પૂરતી જ હતી. અહીં તેમ નથી. વાર્તાનાયક સાગરદત્તનું જમેપાસું સંગીન છે. જંબૂસ્વામીના પૂર્વભવમાં ડાકિયું કરનાર એમને (સાગરદત્તને) આલેખ્યા વિના ન જ રહી શકે. ભવદત્ત અને ભવદેવની બંધવ-બેલડીથી જ એ ભવોની શરૂઆત. એમાંના નાના ભાઇ ભવદેવ, એનો નાગિલા સાથેનો પ્રેમ-પ્રસંગ, જીવનમાં ભરતી-ઓટ અને આખરી અંજામ કેવા પ્રકારે જંબૂકુમારના ભવમાં આવ્યો એ વાત અહીં અપ્રસ્તુત હોવાથી બાજુ પર રાખી, મૂળ વાતના પ્રવાહમાં આગળ વહેતાં જણાવીએ કે વડિલ ભાઇ એવાં ભવદત્તે બાળપણમાં જ નિર્ગ્રંથ પ્રવચન શ્રવણ કરી ભાગવતી દીક્ષામાં પગલા માંડ્યા હતા. એ પવિત્ર માર્ગમાં ઓતપ્રોત બની પોતાના જીવનનાવને હંકાર્યું હતું. પંચત્વ પામ્યા પછી સુધર્મ-કલ્પ નામના પ્રથમ વૈમાનિક દેવલોકમાં રિદ્ધિ-સંપન્ન દેવ તરીકે જન્મ મેળવ્યો હતો. સ્વર્ગીય સુખોની વિપુલતા એ જન્માંતરની સુકરણીના ફળસ્વરૂપે લેખાય, છતાં પ્રગતિવાંછુ આત્મા એમાં લીન ન જ બને. એને માટે આ પ્રકારનો યોગ લાંબી મુસાફરીમાં થાક ઉતારવા સારુ આવતા વિસામારૂપ લેખાય. પરિશ્રમ હળવો થતાં જ જેમ પથિક પોતાની કૂચ આગળ લંબાવે તેમ જેના હૃદયમાં જીવનધ્યેયની ઝાંખીનો પ્રકાશ પથરાય છે એ આત્મા પ્રાપ્ત થયેલ વિલાસોમાં આકંઠ ન ડૂબે, પુષ્પનો રસ માણી ઊડી જતાં ભ્રમર જેવું એનું જીવન હોય, એના અંતરની ઘડિઆળનો કાંટો ઉત્તરધ્રુવ સમ નિશ્ચિત દિશા બતાવતો હોય. આવા ઉન્નત પંથના પથિક માટે દેવભવના છેલ્લા દિવસો દુઃખકર ન હોય. યમરાજની હાકલની રાહ એ હસતે મુખડે જોઈ રહ્યો હોય.

આયુષ્યનો દોર તૂટ્યો અને દેવ થયેલ ભવદત્તનો હંસલો દેવભવનમાંથી ઊડ્યો. માનવ-લોકમાં સારી પ્રસિદ્ધિને પામેલ વિદેહ પ્રદેશ-નામીચી પુંડરિકીણી નગરીમાં પહોંચી ગયો. પુષ્કળાવતી વિજયના આ પાટનગરમાં સમ્રાટ વાઘદત્ત-ની આણ પ્રવર્તતી હતી. પટરાણીનું નામ હતું યશોધરાદેવી. ઉભયના ગૃહસ્થ જીવનમાં ભવદત્તના જીવનું પુત્રપણે ઉપજવું એ મોટામાં મોટા આનંદના પ્રસંગરૂપ લેખાયું. રાજાધિરાજને ઘેર જન્મ થવો એટલે 'Born with a

---

પરમાર્હતોપાસક બનાવી જૈન શાસનના દિવાકરરૂપ અને સાધુતાની જીવતીજાગતી પ્રતિમા સરીખા સૂરિપુંગવને નમી આ લેખ પૂર્ણ કરું છું. સાથે જ સોમપ્રભસૂરિજીના શબ્દોમા ત્રિકાલવંદના પણ કરું છું.

स्तुमस्त्रिसन्ध्य प्रमुहेमसूरेरनन्य-
तुल्यामुपदेशशक्तिम् ।
अतीन्द्रियज्ञानविवर्जितोऽपि,
यः क्षोणिभर्तुर्व्यधितप्रबोधं ॥

(ચાલુ)

silver spoon' જેવું અર્થાત્ લાલનપાલનમાં સર્વ પ્રકારની અનુકૂળતા, પાણી માંગતાં દૂધ મળે તેવું માનવજીવનમાં ઉત્કૃષ્ટ સુખની ઝાંખી ! આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રિપ્રકારની જે આપદા આ મનુષ્ય લોકમાં દૃષ્ટિગોચર થાય છે એમાંની એકનો પણ અનુભવ કર્યા વિના ભવદત્તનો જીવ, સાગરદત્તનું હુલામણું નામ પામી દ્વિતીયાના ચંદ્ર માફક વૃદ્ધિ પામવા લાગ્યો અને જોતજોતામાં યૌવનના આંગણે આવી ખડો થયો.

'Time and Tide wait for no man' કાળ અને ભરતી કોઈની રાહ જોતાં નથી' અર્થાત્ 'સમયનું ચક્ર અસ્ખલિતપણે ગતિ કર્યા કરે છે' એ નિયમ અનુસાર સાગરદત્ત કુમારને ભોગને યોગ્ય જાણી રાજવી વાદ્યદત્તે ખાનદાન કુટુંબની આઠ સ્ત્રીયો પરણાવી. રૂપવતી રમણીઓ સાથે ક્રીડાકેલિ કરતાં સંસારજન્ય ભોગવિલાસને માણતાં કુંવર સાગરદત્તનો કેટલોક કાળ વ્યતીત થઈ ગયો.

રાજગાદીના વારસ એવા આ પાટવી કુંવરમાં બોતેર કળાનો વાસ હતો. ખરું ખોટું સમજવાની શક્તિ હતી અને ન્યાયભરી રીતે રાજ્ય ચલાવવાની દક્ષતા પણ હતી. આમ છતા પિતાશ્રી રાજ્યની ધુરા વહન કરી રહેલ હોવાથી પોતે કેવળ મનમાન્યા સંસારી સુખમાં જ રચ્યોપચ્યો રહેતો હતો.

કુદરતે કોઇ જુદો જ રાહ નિયત કર્યો હતો. માણસની બધી જ ધારણાઓ પાર પડતી હોય તો આ વિશ્વ કોઈ જુદી જ દશામાં જોવાય. પણ એમ બનતું ન હોવાથી અને જે વાત મનમાં કે ધારણામાં રાખી સરખી નથી હોતી એવી અકસ્માત્ બની જતી જોતાં જ આશ્ચર્ય ઊપજે છે; છતાં વિધિની નોંધપોથીમાં એના રેખાંકન તો થયેલાં જ હોય છે. મોટું સ્વરૂપ પકડ્યા પછી જ એ જગતની આંખે ચઢે છે. પૂર્વભવની કિમતી મૂડીના વારસદાર સાગરદત્તને, વિલાસી જીવન જીવતો જોનાર જનતાને એના અંતરના મંથનો નજરે ન ચઢે, એનો અર્થ એ ન કરાય કે એને આ જીવન સંબંધી, આત્માના અંતિમ હેતુ સંબંધી કે માનવભવ સાર્થક કરવા સંબંધી વિચાર જ નહીં ઉદ્ભવતા હોય ! પૂર્વ અભ્યાસના બળે એ આંદોલનો સાગરના મોતી માફક ઊછળે છે અને વિલય પામે છે. ફક્ત એના દર્શન અમુક યોગ સાંપડ્યા વિના થઈ શકતા નથી. આવા કથાનકોના વાંચનદ્વારા બોધ એક જ તારવવાનો છે કે પ્રત્યેક આત્માએ, આત્મકલ્યાણના રાહનો અભ્યાસ ચાલુ રાખવો અને એમાં પ્રગતિ કરવાની તમન્નાને જરા પણ ઢીલી પડવા ન દેવી. આ જાતનો દૃઢતા ધારણ કરનારના પાસા પોબાર થાય છે જ.

મહેલની અગાશીમાં યુવરાજ સાગરદત્ત પોતાની પ્રેયસીઓ સહ સંધ્યાકાળે આકાશ દર્શન કરતા ઊભા છે. વાદળાંઓ જાતજાતના આકારોમાં પલટા ખાતાં—નવનવા રૂપો રચતાં—આવેજ કરી રહ્યાં છે. કુદરતના અભ્યાસીને આનંદ પમાડે તેવું દૃશ્ય સર્જાયું છે. એક વાદળ તો જાણે મેરુપર્વત સામે ખડો ન થયો હોય એવું દેખાયું, એકાદ ભાગ પાંડુક શિલા જેવો જણાયો. એ જોતાં જ સાગરદત્તના હૃદયમાં તીર્થંકરના જન્મમહોત્સવનો પ્રસંગ તાજો થયો, પુનઃ જ્યાં એ તરફ દૃષ્ટિ ફેંકે છે ત્યાં તો વાદળું વિખરાઇ ગયેલું અને કેવળ આસમાની રંગની છાંટ દૃષ્ટિગોચર થઇ ! આ પરિવર્તને સાગરદત્તના વિચારવહેણની દિશા બદલી નાખી ! અનિત્યતા—નશ્વરતા એ ચિંતનનો વિષય થઇ પડ્યો ! સંસારના સર્વ પદાર્થો કારમા સમજાયા ! આ જ્ઞાન એટલું ઝંડપથી થયું અને એમાં એવી તો સંગીનતા આવી કે એની સામે રંગીલી રમાઓની એક પણ દલીલ ટકી શકી નહીં. રાજવીના હાથ હેઠા પડ્યા, તે પ્રત્યેક બુદ્ધ થઈ ચાલી નીકળ્યા. ઉત્કૃષ્ટ સંયમ પાળી કેવળી બન્યા.

શ્રીમાન્ યશોવિજયજી.

(૪)

(ગતવર્ષ પૃષ્ઠ ૨૨૭ થી શરૂ)

લે.-ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S.

સમાજસુધારક તરીકે—

શ્રીમાન્ યશોવિજયજી એક પ્રખર આદર્શ સમાજ-સુધારક તરીકે સુપ્રસિદ્ધ છે. એ ખાસ નોંધવા જેવું છે કે તેમનો સુધારો આધુનિકોની જેમ યદ્વાતદ્વા સ્વચ્છંદાનુયાયી નથી, પણ નિર્મલ શાસ્ત્રમાર્ગાનુયાયી ને શુદ્ધ આદર્શવાદી છે. ભગવાને પ્રણીત કરેલા મૂળ આદર્શ માર્ગથી સમાજને ભ્રષ્ટ થયેલો દેખી, ગૃહસ્થોને તેમજ સાધુઓને તેથી વિપરીતપણે-વિમુખપણે વર્તતા નિહાળી, ક્ષુદ્ર નિર્માલ્ય મતમતાંતરોથી અખંડ જૈન સમાજને ખંડખંડ-છિન્નભિન્ન થયેલો ભાળી, તેમનું ભાવનાશીલ સાચી અંતર દાઝવાળું હૃદય અત્યંત દ્રવીભૂત થયું હતું-કકળી ઊઠયું હતું. એટલે જ તે સમાજનો સડો દૂર કરવાના એકાંત નિર્મલ ઉદ્દેશથી તેઓશ્રીએ ભગવાન્ સીમંધર પાસે 'સાડી ત્રણસો' અને 'સવાસો ગાથાના' સ્તવનાદિના વ્યાજથી કરુણ પોકાર પાડયો છે કે-હે ભગવન્! આ જિનશાસનની શી દશા? અને તેના બ્હાને કેવળ નિષ્કારણ કરુણાથી પ્રેરિત થઇ સુષુપ્ત સમાજને કેટલીક વાર સખ્ત શબ્દપ્રહારના 'ચાબખા' મારી ઢંઢોળ્યો છે-જાગ્રત કર્યો છે; તથા ગૃહસ્થનો ને સાધુનો ઉચિત આદર્શ ધર્મ સ્પષ્ટપણે સર્વત્ર શાસ્ત્રાધારપૂર્વક મીઠાશથી રજૂ કરી, સમાજને ઘેરી વળેલા કુસાધુઓ ને કુગુરુઓની નીડરપણે સખ્ત ઝાટકણી કાઢી છે. આ ઘણો મોટો વિષય છે અને તે સંપૂર્ણ ઉલ્લેખવા જેટલો અત્રે સમય કે અવકાશ નથી. અત્રે તો માત્ર તેના નમૂનારૂપ ઉદાહરણો આપી સંતોષ માનીશું.

તેઓશ્રી શ્રી સીમંધરસ્વામીજીને સ્તવતાં વિનંતિ કરે છે કે-હે ભગવન્! કૃપા કરીને મને શુદ્ધ માર્ગ બતાવો! આ ભરતક્ષેત્રના લોકોએ ભગવાન જિનના અનુપમ શાસનના જે હાલહવાલ કર્યાં છે, તે જોઇને મારું હૃદય ચીરાઇ જાય છે, એટલે આપની પાસે પોકાર પાડું છું. આ વર્તમાન દુઃષમ કાલના અંધશ્રદ્ધાળુ, ગાડરીઆ પ્રવાહ જેવા, મતાગ્રહી, વક્ર-જડ લોકો કોઇ સાચી વાત કહે તો તે સાંભળવાને પણ તૈયાર નથી! તેને કંઈ કહેવું તે અરણ્યમાં પોક મૂકવા જેવું છે! એટલે મારી શાસનદાઝની વરાળ હું આપની પાસે ઠાલવું છું.

જુઓ! કોઇ લોકો સૂત્ર વિરુદ્ધ આચારે ચાલી રહ્યા છે, ને સૂત્ર વિરુદ્ધ બોલી રહ્યા છે. આવા કોઈ જનો એમ કહે છે કે 'અમે ભગવાનનો માર્ગ રાખીએ છીએ-અમે છીએ તો માર્ગ ચાલે છે!' આ તે હું કેમ શુદ્ધ માનું? આ લોકો ખોટા-કૂડ-કપટવાળા આલંબન દેખાડી મુગ્ધ-ભોળા લોકને પાડે છે, ને આજ્ઞાભંગરૂપ કાળું તિલક પોતાના કપાળે ચોડે છે!

"ચાલે સૂત્રવિરુદ્ધાચારે,
ભાખે સૂત્ર વિરુદ્ધ;
એક કહે અમે મારગ રાખું,
તે કેમ માનું શુદ્ધ રે.
જિનજી! વિનતડી અવધારો.

આલંબન કૂડાં દેખાડી,
મુગધ લોકને પાડે;
આણાભંગ તિલક તે કાળું.
થાપે આપ નિલાડે રે-જિનજી!"

વળી બીજા કોઇ એમ કહે છે કે-"જેમ ઘણા લોક કરતા હોય તેમ કર્યે જવું, એમાં શી ચર્ચા કરવી? 'મહાજન ચાલે તે માર્ગ' કહ્યો છે, ને તેમાં જ આપણને અર્ચા-પૂજા પ્રાપ્ત થાય છે." ત્યારે શ્રી યશોવિજયજી તેનો સણસણતો જવાબ આપે છે કે—

આ જગતમાં અનાર્યોની વસ્તી કરતાં આર્ય લોકની વસ્તી ઘણી ઓછી છે. આર્યમાં પણ જૈન થોડા છે, તે જૈનમાં પણ પરિણત જન-આત્મપરિણામી, સાચા જૈનત્વથી ભાવિતાત્મા એવા જનો થોડા છે, અને તેમાં પણ શ્રમણ અર્થાત્ સાચા સાધુગુણથી સંપન્ન એવા સંતજનો થોડા છે, બાકી માથું મુંડાવ્યું છે એવા વેષધારી દ્રવ્યલિંગી સાધુઓ તો ઘણા છે.

"આર્ય થોડા અનારજ જનથી,
જૈન આર્યમાં થોડા;
તેમાં પણ પરિણત જન થોડા,
શ્રમણ અલપ-બહુ મોડા રે-જિનજી!"

અને તમે જે મહાજન-મહાજન કહો છો, તે તો જિનાજ્ઞા-જિનશાસન પાળતા હોય તે 'મહાજન' છે, બાકી માત્ર મુખે શાસન-શાસનની બાંગ મારતા હોય તે મહાજન નથી. જેની પુંઠે ટોળું ચાલતું હોય એવો અજ્ઞાની ભલે ગચ્છને ચલાવનારો-આચાર્ય કહેવાતો હોય, તો પણ તે મહાજન નથી, એવું ધર્મદાસ ગણીનું વચન વિચારી, મનને લોળું મ કરો!

"અજ્ઞાની નવિ હોવે મહાજન.
જો પણ ચલવે ટોળું;
ધર્મદાસ ગણી વચન વિચારી,
મન નવિ કીજે ભોળું રે-જિનજી."

ભગવાનની આજ્ઞાએ યથાતથ્યપણે ચાલતો એવો ભલે એક જ સાધુ હોય, એક જ સાધ્વી હોય, એક જ શ્રાવક હોય, એક જ શ્રાવિકા હોય, તો પણ તે આજ્ઞાયુક્તને '**સંઘ**' નામ ઘટે છે, બાકી તો અસ્થિસંઘાત છે, એમ શ્રી **ભદ્રબાહુસ્વામીજીએ આવશ્યકસૂત્રમાં** કહ્યું છે; માટે નિજ છંદે-સ્વચ્છંદે ચાલતો હોય તે અજ્ઞાની છે, ને તેની નિશ્રાએ ચાલનારા પણ અજ્ઞાની છે. આવો અજ્ઞાની જો ગચ્છનો ધણીરણી થઈ પડી ગચ્છને ચલાવે તો તે અનંત સંસારી છે. જે ખંડખંડ પંડિત હોય-'ઇધર ઉધર કંઇ જાણવાવાળો'-તે કાંઇ જ્ઞાની નથી, જ્ઞાની તો જે નિશ્ચિત સમય જાણે તે છે, એમ **સંમતિસૂત્રમાં** સ્પષ્ટ કહ્યું છે. બાકી જો સમયનો-સિદ્ધાંતરૂપ અખંડ વસ્તુનો વિનિશ્ચય ન હોય, તો જેમ જેમ બહુશ્રુત ને બહુજનને સંમત-માનીતો હોય, અને જેમ જેમ ઝાઝા શિષ્યપરિવારથી પરિવરેલો હોય, તેમ તેમ તો તે જિનશાસનનો વૈરી છે-દુશ્મન છે.

"અજ્ઞાની નિજ છંદે ચાલે,
તસ નિશ્ચયે વિહારી;
અજ્ઞાની જો ગચ્છને ચલવે,
તે તો અનંત સંસારી રે-જિનજી!
"ખંડખંડ પંડિત જે હોવે,
તે નવિ કહિયે નાણી;
નિશ્ચિત સમય લહે તે નાણી,
સંમતિની સહિનાણી રે-જિનજી!
જિમ જિમ બહુશ્રુત બહુજનસંમત,
બહુ શિષ્યે પરવરિઓ;
તિમ તિમ જિનશાસનનો વયરી,
જો નવિ નિશ્ચય દરિઓ રે-જિનજી.

ઇત્યાદિ વચનોથી તેઓશ્રીએ લોકોની અંધશ્રદ્ધા પર સખત કુઠારપ્રહાર કર્યો છે, અને પોતાની પાછળ મોટું ટોળું ચલાવનારા અજ્ઞાની ગચ્છાધિપતિઓને મહાજન માનનારાઓની તથા ખંડખંડ પંડિતને જ્ઞાની માનનારાઓની ભ્રાંતિ ભાંગી નાંખી છે; તેમજ નિશ્ચય જ્ઞાનથી રહિત-અખંડ વસ્તુતત્ત્વના જ્ઞાનથી રહિત એવા બહુશ્રુત-ઘણા વિદ્વાન્ તથા ઘણા લોકપ્રિય તથા સેકડો શિષ્યોના પરિવારથી પરિવરેલા કહેવાતા ગુરુઓના બાહ્ય ઠાઠમાઠથી ને વાગાડંબરથી અંજાઈ જનારા મુગ્ધજનોને તેવા અજ્ઞાનીઓથી ભોળવાઇ ન જવાની સ્પષ્ટ ચેતવણી આપી છે.

કોઇ લોકો એમ કહે છે કે-' લોચાદિક કષ્ટે કરી અમે ભિક્ષાવૃત્તિ કરીએ છીએ તે મુનિમાર્ગ છે ' તેનો શ્રી યશોવિજયજી જવાબ આપે છે કે તે માનવું મિથ્યા છે, કારણ કે સાચા મુમુક્ષુપણા વિના-આત્માર્થીપણા વિના જનમનની અનુવૃત્તિએ ચાલવું, જનમનરંજન કરવું, લોકને રૂડું દેખાડવા પ્રવર્તવું, તે માર્ગ હોય નહિં. વળી જો માત્ર કષ્ટે કરીને જ મુનિમાર્ગ પ્રાપ્ત થઇ જતો હોય, તો બળદ પણ સારો ગણાવો જોઇએ, કારણ કે તે બાપડો ભાર વહે છે, તડકામાં ભમે છે, ને ગાઢ પ્રહાર ખમે છે! માટે માત્ર બાહ્ય કાયકલેશાદિકથી કાઇ મુનિપણું આવતું નથી, અને તેવા પુરુષની જે ભિક્ષા છે તે બલહરણી-પૌરુષઘ્ની ભિક્ષા છે.

" જો કષ્ટે મુનિ મારગ પાવે.
બળદ થાયે તો સારો;
ભાર વહે જે તાવડે ભમતો.
ખમતો ગાઢ પ્રહારો રે...જિનજી!
લહે પાપ અનુબંધી પાપે,
બલહરણી જન ભિક્ષા;
પૂરવ ભવ મત ખંડન ફલ એ,
પંચ વસ્તુની શિક્ષા રે...જિનજી!

વળી કોઇ એમ કહે છે કે-" અમે લિંગથી તરશું, મુનિનો-સાધુનો વેષ, દ્રવ્યલિંગ અમે ધારણ કર્યું છે તેથી તરશું; અને જૈન લિંગ એ સુંદર છે. " તો તે વાત મિથ્યા છે-ખોટી છે, કારણ કે ગુણ વિના તરાય નહિં, તથારૂપ મુનિપણાના-સાધુપણાના-નિર્ગ્રંથપણાના-શ્રમણપણાના ગુણ વિના તરાય નહિં-જેમ ભુજા વિના તારુ ન તરી શકે તેમ.

" કોઈ કહે અમે લિંગે તરશું,
જૈન લિંગ છે વારુ;
તે મિથ્યા-નવિ ગુણ વિણ તરિયે,
ભુજ વિણ ન તરે તારુ રે.

તેમજ કોઇ નાટકીઓ-વેષવિડંબક ખોટો સાધુનો વેષ પહેરીને આવે, તો તેને નમતાં જેમ દોષ છે, તેમ સાધુગુણ રહિત એવા વેષવિડંબકને-સાધુવેષની વિડંબના કરનારને જાણીને નમીએ તો દોષનો પોષ જ છે.

કૂટ લિંગ જિમ પ્રગટ વિડંબક,
જાણી નમતાં દોષ;
નિદ્વંદસા જાણીને નમતાં,
તિમજ કહ્યો તસ પોષ રે.

ઇત્યાદિ અનેક પ્રકારે તેઓશ્રીએ સમાજનો સડો સાફ કર્યો છે, લોકોની અંધશ્રદ્ધા ઉડાડી છે અને તેઓને સત્ય શ્રદ્ધા પ્રત્યે દોર્યા છે.

સાથે સાથે તેઓએ સુસાધુઓના-નિર્ગ્રંથ વીતરાગ મુનીશ્વરોના લક્ષણ સ્પષ્ટપણે બતાવી આદર્શ મુનિપણાની-નિર્ગ્રંથપણાની ભારોભાર પ્રશંસા કરી છે.

(અપૂર્ણ.)

વર્તમાન સમાચાર.

ગુજરાંવાલામાં ૭૭મો જન્મ દિવસ મહોત્સવ

પંજાબકેસરી આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો ૭૭મો જન્મ દિવસ મહોત્સવ ગુજરાંવાલા (પંજાબ)માં ભારે ધામધૂમથી ઉજવાયો.

આ પ્રસંગે ખાસ તૈયાર કરેલ મંડપમાં કવિ તેજપાલજી, જહેમલના શાયર રહીમદીન, દેવરાજજી, અમીચંદજી, મગનબાબા અને શ્રી જૈન ગુરૂકુળની અને અમૃતસરની ભજન મંડળી આદિના ગુરૂસ્તુતિના ભાવવાહી મનોહર ભજનો અને વિવેચનો થયાં. મુનિશ્રી જનકવિજયજી, પંન્યાસ વિકાસવિજયજી, પંડિત હંસરાજજી, શાસ્ત્રી પંડિત બિહારીલાલ બીગ્ધા, પંડિત રામાવધજી પંન્યાસ સમુદ્રવિજયજી આદિના આચાર્યશ્રીજીના જીવન વિષય રોચક-મનોહર ભાષણો થયા. શ્રી જૈન ગુરૂકુળના વિદ્યાર્થીઓના પણ સુંદર ભાષણો થયાં.

વિહાર

સીયાલકોટ શહેરમાં શ્રી ચાર શાશ્વતા જિનેશ્વર દેવોનું ગગનચુંબી મંદિર તૈયાર થઇ ગયું છે, તેની પ્રતિષ્ઠા માગસર શુદિ પાંચમ શુક્રવારની હોવાથી આચાર્યશ્રી ગુજરાંવાલાથી કા. વ. બીજે વિહાર કરી સીયાલકોટ પધારશે.

આચાર્ય મહારાજશ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગવાસતિથિ

આપણી સભા તરફથી પ્રતિ વર્ષની માફક આ વર્ષે આસો શુદિ ૧૦ ને શનિવારના રોજ આ. મહારાજશ્રી વિજયકમલસૂરીશ્વરજીની સ્વર્ગવાસતિથિ નિમિત્તે અત્રેના મોટા જિનાલયમાં શ્રી નવપદજીની પૂજા રાગ-રાગિણી સાથે ભણાવવામાં આવી હતી, જે સમયે જનતાએ સારી સંખ્યામાં લાભ લીધો હતો.

સંઘવી જેચંદભાઇ દલીચંદનો સ્વર્ગવાસ

થોડા દિવસની બિમારી ભોગવી સિત્તોતેર વર્ષની વૃદ્ધવયે કારતક શુદ ૧ના રોજ શ્રી જેચંદભાઇ પંચત્વ પામ્યા છે. ઘણા વર્ષોથી તેઓ કાપડના કુશળ વ્યાપારી હતા. તેમજ શ્રી ગોધા શહેરના શ્રી પાર્શ્વનાથ ભગવાનના મંદિરનો વહીવટ પણ તેઓ પ્રમાણિકપણે કરતા હતા. ધર્મશ્રદ્ધાળુ અને મિલનસાર હતા. આ સભાના તેઓ લાઇફ મેમ્બર હતા. તેમના સ્વર્ગવાસથી એક શ્રદ્ધાળુ સભ્યની ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

સંઘવી અમરચંદ ધનજીનો સ્વર્ગવાસ.

થોડા વખતની માંદગી ભોગવી ભાઇ અમરચંદ સંઘવી તા. ૩૧-૧૦-૪૬ ગુરૂવારના રોજ પંચત્વ પામ્યા છે. તેઓ આ સભાના ઘણા વર્ષથી લાઇફ-મેમ્બર હતા. અને આ સભા ઉપર તેઓ ખાસ પ્રેમ ધરાવતા હતા. તેઓના સ્વર્ગવાસથી એક ધર્મપ્રેમી સભ્યના ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

શેઠ દુર્લભદાસ મૂળચંદનો સ્વર્ગવાસ.

ભાઇ દુર્લભદાસ થોડા દિવસની માંદગી ભોગવી આસો વદ સાતમના રોજ પંચત્વ પામ્યા છે. તેઓશ્રી રેશમી કાપડના નિષ્ણાત વ્યાપારી હતા. તેઓએ મુંબઇમાં ઘણા વર્ષોથી ઉપરોક્ત વ્યાપાર શરૂ કરી આર્થિક સંપત્તિ સારી ઉપાર્જન કરી હતી. મુંબઇ ગોધારી દવાખાના, શ્રી ગોડીજીપાર્શ્વનાથ જૈન મંદિરની કમીટીના એક સભ્ય હોવા સાથે શ્રી ગોહીલવાડ વીશાશ્રીમાળી જ્ઞાતિના અગ્રેસર પણ હતા. તેઓ મિલનસાર અને ધર્મપ્રેમી હતા. કેટલાક વર્ષોથી તેઓશ્રી આ સભાના લાઇફ મેમ્બર હતા. તેઓના સ્વર્ગવાસથી એક વ્યવહારકુશળ બંધુની ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

આ સભાના માનવંતા પેટ્રન સાહેબ—

શાહ લક્ષ્મીચંદ દુર્લભદાસ.

શ્રી મહોદય પ્રેસ—ભાવનગર.

આ સભાના માનવંતા પેટ્રન

શાહ લક્ષ્મીચંદ દુર્લભદાસનો જીવનપરિચય

卐

કાઠિયાવાડમાં ભાવનગર શહેર એ જૈનોની વસ્તીથી ભરોભરાવી ભોગવે છે. ધર્મનો ઉત્સાહ સારો છે. ભાવનગરના વતની અને મુંબઈ જેવા પ્રખ્યાત વેપારી સ્થળમાં ભુજબળથી ભાગ્ય અજમાવવા તેમના પિતાશ્રી દુર્લભદાસ મુંબઇ ગયા. અને ત્યાં રેશમી કાપડનો મોટા પાયા પર વિશાળ વ્યાપાર શરુ કર્યો. સાથે સાથે તેઓએ પાયધુની ઉપર આવેલા શ્રી ગોડીજી જિનાલયનાં ટ્રસ્ટી તરીકે વર્ષો સુધી જૈન કોમની સેવા બજાવી તેમજ મુંબઇ ખાતે ગોઘારી જ્ઞાતિમાં તેઓ અગ્રગણ્ય વહીવટકર્ત્તા હતા અને જેનો આજે હજારો લોકો લાભ લઇ રહ્યા છે તે "ગોઘારી દવાખાના" નાં સ્થાપકોમાંના તેઓ એક હતા. તેઓશ્રી થોડા સમય પહેલાંજ ૭૩ વર્ષની વયે સ્વર્ગવાસ થયા છે.

તેમના પિતાના સેવાભાવનાના સંસ્કારો ભાઇશ્રી લક્ષ્મીચંદમાં ઊતરી આવ્યા છે અને તેઓશ્રી શાહ મણીલાલ દુર્લભજીની પેઢીનો વહીવટ કુશળતાથી ચલાવે છે.

જીવનસંગ્રામના આ વિષમ સમયમાં મીઝાતા સ્વધર્મી બંધુઓ જો હુન્નર ઉદ્યોગનાં પંથે વળે તો સમાજની એક ઉપયોગી આવશ્યકતા પૂરી પાડી શકે તેવા આશયથી તેમનાં સુપુત્રો ભાઈશ્રી લક્ષ્મીચંદ તથા ભાઇશ્રી મણીલાલે પોતાના પિતાનાં શ્રેયાર્થે રૂ. ૧૦૦૦૧) દશ હજાર ને એક રૂપીઆ "શ્રી જૈન ઉદ્યોગ મંદિર"ની સ્થાપના ભાવનગરખાતે કરવા માટે આપ્યા છે.

તેઓમાં સામાજિક અને ધાર્મિક લાગણી સારી છે. તેમજ તેઓશ્રીએ હિંદુસ્તાનનાં વિવિધ તીર્થોની યાત્રા સાથે શ્રી સમેતશિખરજીની યાત્રાનો અપૂર્વ લાભ લીધો છે.

આ સભાની કાર્યવાહીથી આકર્ષાઇ તેમણે આ સભાના પેટ્રન પદનો સ્વીકાર કર્યો છે તે સભા માટે ગૌરવનો વિષય છે. તેઓ દિનપ્રતિદિન સેવાના કાર્યોમાં વધારે રસ ધરાવે અને તેમના હસ્તે અનેક શુભ કાર્યો થાય એવી ભાવના સાથે પરમાત્મા તેમને દીર્ઘાયુષ્ય બક્ષે તેવું આ સભા ઇચ્છે છે.

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૩. | માર્ગશીર્ષ—પોષ. | પુસ્તક ૪૪ મું.

વિક્રમ સં. ૨૦૦૩ | :: ઇ. સ. ૧૯૪૬ ડીસેમ્બર—જાનુઆરી ૧૯૪૭ :: | અંક ૫-૬ મો.

પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય શ્રી શ્રી ૧૦૦૮ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ સાહેબને ૭૭ મી જન્મ જયંતિના સ્મરણરૂપ

વર્ષાભિનંદન સ્તુતિ

દોહરો

સંવત ભૂજ સહસ્ર ત્રણ (૨૦૦૩), મંગલ નવલ પ્રભાત;
કુમકુમવર્ણી ખીલતી, પ્રભા ભાનુ ઉપાત્ત

મંદાક્રાંતા

ખીલે ભાનુ નવલ વર્ષે, શાન્તિ સામ્રાજ્ય સ્થાપે;
ફૂલેફાલે કુસુમ કળિયો, દિવ્ય સુગંધ આપે;
કોકિલાના મધુર ટહુકે, ગુંજતી આમ્ર વાટી;
આશ્રિતોને શિતલ બનવે, ઉદ્યાનને નવાટી.

અનુષ્ટુપ

શાન્તિ ને સુરભિ નિત્યે, ગૌરવે ગૂંજતા રહે
નિવારી દુઃખ, દુઃખીના, આશિષો દિલની લહે.

દોહરો

વર્ષાભિનંદન સુભગ, સ્વીકારો ધરી સ્નેહ;
વિનય ઇંદ્ર તો વિનવે, વરસો અમીરસ મેહ.

રચયિતા

મુનિશ્રી વિનયવિજયજી-પાલીતાણા.

શ્રી પદ્મપ્રભુ સ્તવન

(જાઓ જાઓ અય મેરે સાધુ...એ રાગ)

પ્રેમે ગાઓ સૌ ભવિજન ! હોંશે પદ્મપ્રભુ ભગવાન–ટેક
અલખ નિરંજન, ભવભીડભંજન, દિવ્ય રૂપ, સુખકાર,
પરમાત્મા ભવતારક પ્રભુજી, સઘળે જય જયકાર—પ્રેમે ૧
ત્રણ જ્ઞાનેથી યુક્ત જિનેશ્વર, અવ્યા સ્વર્ગથી આપ,
મહા વદી છઠ્ઠના દિને, ટાળ્યા જગના તાપ—પ્રેમે ૨
માત સુસીમા કુખથી જનમ્યા, શ્રીધર તાત પવિત્ર,
કોસંબી નગરે પુરજન સૌ, ગાયે દિવ્ય ચરિત્ર—પ્રેમે ૩
કાર્તિક વદ બારસ દિન રૂડો, જન્મ મહોત્સવ થાય,
હર્ષ છવાયો ભૂમંડળમાં, ભવિજન ઉર ઉભરાય—પ્રેમ ૪
અભિષેક ઉત્સવ દેવેન્દ્રો, મેરુશિખરે ઉજવે,
સુર નર કિન્નર નિજ નિજ સ્થાને, પ્રભુગુણ ગાનો ગજવે—પ્રેમે ૫
રક્ત કમળ સમ રંગે સુંદર, પ્રભુની કાયા શોભે,
અમૃતમય વાણી અતિ મીઠી, માનવચિત્ત પ્રલોભે—પ્રેમે ૬
વર્ષીદાનો દીધાં પ્રભુએ, દીક્ષા ઉત્સવ થાયે,
મહોત્સવે સુર નર કિન્નર તો, કોઈ સ્થળે ન સમાયે !—પ્રેમે ૭
ષડ્ઋતુઓ સમકાળે ખીલી, વૃક્ષો પ્રણમે ચરણે,
વેલડીઓ સૌ પુષ્પ સમર્પે, જાયે સૌ પ્રભુ શરણે—પ્રેમે ૮
માલતી, ચંપો, કુંદ પુષ્પથી, પ્રભુને સર્વ વધાવે,
સમવસરણ, દેવો સૌ રચતા, દેશના પ્રભુજી ગજાવે—પ્રેમે ૯
નય, ગમ, ભંગની રચનાવાળી, વાણી સુખ કરનારી,
જન્મ જન્મનાં પાપો ટાળે, સુણતાં સુર નરનારી—પ્રેમે ૧૦
ચૈત્રીપુનમ દિન કેવળ પામ્યા, ચોત્રીસ અતિશયવંત,
માર્ગશીર્ષ વદ એકાદશીએ, મોક્ષે ગયા ભગવંત—પ્રેમે ૧૧
દ્રવ્ય, ભાવ, દર્શનથી આત્મા, નિર્મળતાને ધારે,
શિવસુખદાતા જિનવર ભવિને, ભવસાગરથી તારે—પ્રેમે ૧૨
કલ્પવૃક્ષ સમ જિનચરણો એ, **અજિતપદ**ના દાતા,
મુનિ **હેમેન્દ્ર** નમે ભાવેથી, **પદ્મપ્રભુ** ભવત્રાતા—પ્રેમે ૧૩

રચયિતા:—

મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી.

'સાચી ઓળખાણ'

લે૦—આચાર્યશ્રી કસ્તૂરસૂરિજી.

માનવી જ્યાં સુધી અણજાણ હોય છે ત્યાં સુધી તેને ઓળખાણની જરૂરત રહે છે, ઓળખાણ સિવાય સંસારનો વ્યવહાર ચાલી શકતો નથી. જીવ માનવ દેહે અવતર્યા પછી તરત જ સંકુચિત સંસ્કારની અવસ્થામાં પણ દૃશ્ય જગતને ઓળખવા મથે છે પણ અવિકસિત બુદ્ધિને લઈને ઓળખી શકતો નથી. તે જ્યારે વરસેકનો થાય છે ત્યારે માતાપિતા આદિ સ્વજન વર્ગ સચેતન તથા અચેતન વસ્તુની ઓળખાણ કરાવે છે. વસ્તુ દેખાડી તેનું નામ વારંવાર સંભળાવે છે એટલે બાળક તે નામવાળી વસ્તુને ઓળખતું થાય છે. પછી કોઈપણ વખતે તે નામ સાંભળવા માત્રથી તે વસ્તુને ઓળખી શકે છે, અથવા તો તે વસ્તુ જુએ છે કે તરત જ તેનું નામ ઉચ્ચારણ કરી તે જાણપણું બતાવે છે. જેમ જેમ વય વધતી જાય છે તેમ તેમ બુદ્ધિ તથા સંસ્કારનો વિકાસ થતો જાય છે અને અનેક માણસોના સહવાસમાં આવવાથી તેમજ અનેક સ્થળોમાં ફરવાથી પોતાની બુદ્ધિના પ્રમાણમાં પોતાની મેળે અથવા તો માણસો દ્વારા અનેક વસ્તુઓને ઓળખતો થાય છે. પોતાના જીવનવ્યવસાયના ક્ષેત્રના સંબંધમાં આવતી તથા વપરાતી વસ્તુઓને સારી રીતે ઓળખી શકે છે. અર્થાત પોતાના ધંધાના અંગે સહવાસમાં આવતા માણસોને, ફરવામાં આવતી પ્રવૃત્તિઓને અને વ્યાપારને લગતી વસ્તુઓને સારી રીતે ઓળખે છે. જીવનમાં નિરુપયોગી અને સ્વપ્નમાં પણ ન મળનારી વસ્તુઓને પણ તે વસ્તુઓના જાણ દ્વારા ઓળખે છે અને હું પણ અમુક વસ્તુઓનો જાણ છું એવું મિથ્યાભિમાન ધારણ કરે છે,

અનેક પ્રકારના સ્વાર્થને લક્ષમાં રાખીને માણસો એક બીજાની સાથે ઓળખાણ કરવાને હંમેશા આતુર રહે છે; કારણ કે તેઓ ઓળખાણને એક પ્રકારની ખાણ માને છે. ધન, રૂપ, બળ અને સત્તાથી સમૃદ્ધ માણસોની ઓળખાણ ઘણી જ મહત્વની ગણાય છે, છતાં ધનવાનની ઓળખાણને પ્રધાનતા આપવામાં આવે છે. ત્યાગી હોય કે ભોગી હોય, બધાયને બીજી ઓળખાણ ન હોય તો ચાલે પણ ધનવાનની ઓળખાણ વગર તો જીવન નિરસ ગણે છે, કારણ કે વૈષયિક કામનાઓ ધનવાન વગર સફળ થતી નથી, માટે ધન વગરનાને ધનવાનની ખુશામત કરીને પણ તેની ઓળખાણ કરવી પડે છે અને અનેક પ્રકારની તાબેદારી ઉઠાવીને તેને ટકાવી રાખવી પડે છે. ધનસમૃદ્ધ માણસો ધનવાનની ઓળખાણની ઓછી પરવા રાખે છે, કારણ કે તેમની પાસે ધન હોવાથી ધાર્યા પ્રમાણે કામના સફળ કરી શકે છે. વાસનાપૂર્ણ ધનહીન ભોગી હોય છે તેમ કહેવાતા ત્યાગી પણ હોય છે. ત્યાગીમાં પણ કળાવાન આવડતવાળા ત્યાગી કાવાદાવાની કુશળતાથી જાડી બુદ્ધિના ધનવાનને વશ કરીને તેમના ધન તથા વૈષયિક વસ્તુઓથી વાસના પોષીને પોતાને કૃતકૃત્ય માને છે, ત્યારે આવડત વગરના ખુશામત કરીને પણ ધનવાનની ઓળખાણથી પોતાની ઇચ્છા પૂર્ણ કરે છે. ધનહીન ભોગી પણ ખુશામતથી અથવા તો કોઈપણ પ્રકારની કળાથી ધનવાનની ઓળખાણદ્વારા જીવનનિર્વાહના સાધનો મેળવે છે તેમજ વૈષયિક ઇચ્છાઓ પૂર્ણ કરે છે. ધનવાનની ઓળખાણની જેમ રૂપ, બળ તથા સત્તા સમૃદ્ધની ઓળ-

ખાણો પણ ક્ષુદ્ર સ્વાર્થ સાધવાને માણસો કરે છે.

સકર્મક સંસારી જીવોને વૈષયિક સંસ્કારો અનાદિ કાળથી હોય છે. નિગોદની અવસ્થામાં પણ તિરોભાવે રહેલા હોય છે તેનો ઇંદ્રિયો તથા મનની સામગ્રી મળવાથી આવિર્ભાવ થાય છે. આહાર તથા વિષયોને માટે જોઇતી પૌદ્ગલિક વસ્તુઓની ઓળખાણ જીવને દરેક જીવનમાં કરાવવી પડતી નથી, પૂર્વના સંસ્કારોને લઇને પોતાની મેળે જ કરી લે છે, ફક્ત સાધારણ નિમિત્તની જરૂરત પડે છે. વૈષયિક પ્રવૃત્તિ જોઇને કે સાંભળીને જીવની વિષયવાસનાઓ જાગૃત થઇ જાય છે. વિષયાસક્ત બનવા ઉપદેશની કે અભ્યાસ કરવાની જરૂરત રહેતી નથી, તોયે વિષયને વધારે રસવાળો બનાવી આનંદ તથા સુખ વધારનાર પૌદ્ગલિક વસ્તુઓને ઓળખવાને નિરંતર કામાસક્ત વિષયના અનુભવી માણસોના સહવાસમાં રહીને અજ્ઞાત વૈષયિક વસ્તુઓને ઓળખે છે અને તેને મેળવવાને જોઇતાં સાધનો માટે કાળજીપૂર્વક પરિશ્રમ કરે છે.

માનવી માત્ર સ્વાર્થ પૂરતી ઓળખાણ કરવાને વધારે કાળજી રાખે છે. જે વસ્તુથી અથવા માણસથી પોતાનો કાંઇપણ સ્વાર્થ ન સધાતો હોય તેની ઉપેક્ષા કરે છે, સાધારણ જાણવા પૂરતું જ તે તરફ લક્ષ આપે છે. તોયે સંસારમાં પ્રધાન ગણાતી વિશિષ્ટ વ્યક્તિઓ તથા વિશિષ્ટ વસ્તુઓની ઓળખાણ કરવામાં કેટલાક માનવીઓ પોતાની મહત્તા સમજે છે. એટલે આવી ઓળખાણ કરવા જીવન તથા ધનનો વ્યય કરવામાં પણ સંકોચ રાખતા નથી. અને ઓળખાણ કરીને ઘણો જ સંતોષ માને છે. વિશિષ્ટ વસ્તુઓની ઓળખાણ કરીને જનતા પાસેથી બુદ્ધિશાળી તથા વિદ્વત્તાનું માન મેળવે છે, અને વિશિષ્ટ ગણાતી વ્યક્તિઓની ઓળખાણથી જીવનની સફળતા સમજે છે. ધનથી અથવા તો કોઇપણ પ્રકારના સન્માનથી જગતમાં મોટા ગણાતાની અંદર પ્રાયઃ ગર્વની ગરમી રહે છે એટલે તેમનામાં સુધરેલી ઢબની નમ્રતા તથા સભ્યતા હોય છે તેથી તેઓ સાધારણ માણસોની ઓળખાણ રાખતાં સંકોચાય છે, છતાં તદ્દન સુધરેલી ઢબની વિશિષ્ટ વ્યક્તિઓ સાધારણ અને ગરીબમાં ગરીબની પણ ઘણા જ ચાહથી નિઃસંકોચપણે ઓળખાણ રાખવામાં પોતાની મહત્તા સમજે છે, પણ તે સર્વ સાધારણ સેવાના રૂપમાં હોવાથી તેવી ઓળખાણ જનતાનું માન પ્રાપ્ત કરાવી શકતી નથી એટલે આવી ઓળખાણથી માનવીને સંતોષ થતો નથી, કારણ કે સેવા નિમિત્તે ઓળખાણ રાખનારાઓનો આશય પ્રાયઃ જનતામાં બહુમાન તથા પ્રસિદ્ધિનો હોવાથી માનગર્ભિત લાગણી સિવાયની ઓળખાણ હોય છે અને તેમાં દયાની પ્રધાનતા હોય છે એટલે આવી ઓળખાણથી જનતામાં મહત્તા મળી શકતી નથી, તેથી સંતોષ પણ મળતો નથી.

જાણવામાં અને ઓળખવામાં કાંઇક તફાવત રહે છે. ઉપયોગી તથા નિરુપયોગી પ્રસંગો, વસ્તુઓ તથા વ્યક્તિઓને સામાન્યપણે જાણવું તે જાણવું કહેવાય છે. જાણવામાં વધારે ઊંડા ઊતરવાનું હોતું નથી તેમજ જાણેલાની મન ઉપર રાગ-દ્વેષ સંબંધી કાંઇપણ અસર થતી નથી. જાણેલાનું સ્મરણ ઓછું થતું જાય છે અને કાળાંતરે સ્મરણમાંથી ભુંસાઇ જાય છે. ત્યારે ઓળખવામાં કાંઇક વિશિષ્ટતા રહેલી હોય છે. જો કે ઓળખવું પણ જાણવાને જ કહેવામાં આવે છે; ફરક માત્ર એટલો જ છે કે ગમે તેવા પ્રસંગને, વસ્તુને કે વ્યક્તિને લક્ષપૂર્વક જાણવી, ઊંડા ઊતરીને તેના રહસ્યને, ગુણ-ધર્મને સાચી રીતે સમજી લેવું અને

તેનાથી મન ઉપર રાગ અથવા તો દ્વેષની અસર થવી તે ઓળખવું કહેવાય છે. સામાન્ય જાણવામાં ઉપેક્ષા થાય છે, પણ વિશેષ જાણવા રૂપ ઓળખવામાં પ્રાયઃ ઉપેક્ષા હોતી નથી. એટલા માટે જ ઓળખાણની વિસ્મૃતિ નથી અને તે જીવન પર્યંત પણ રહેવાવાળી હોય છે. ઓળખાણથી જીવન ઉપયોગી સાધન અલ્પ પ્રયાસે મેળવી શકાય છે; લાગણી અને સ્નેહ જન્મે છે તથા પ્રીતિ અને મૈત્રી વધે છે. કેવળ જાણવા માત્રમાં આવી વિશિષ્ટતા હોતી નથી. જાણેલું ભૂલાય છે પણ ઓળખેલું ભૂલાતું નથી. જાણવાને ઘણી વખત અનિચ્છા દેખાડવામાં આવે છે; પણ ઓળખાણ માટે તો ઉત્સુકતા અને રુચિ જણાવાય છે. સ્વાર્થ સાધવા માટે તો ઓળખાણને અત્યંત આવકાર અપાય છે, અને જનતામાં ખાસ કરીને માણસની ઓળખાણ તો અત્યંત ઉપયોગી મનાય છે.

આ પ્રમાણે મોહની શિખવણીથી દેહાધ્યાસી માનવી સ્વાર્થ માટે એટલે કે જીવનનિર્વાહના સાધન મેળવવાને અથવા તો વૈષયિક તૃષ્ણા શાંત કરવાને સચેતન તથા અચેતન વસ્તુઓની ઓળખાણ કરે છે. આખોય સંસાર ચર્મચક્ષુની ઓળખાણના પ્રવાહમાં તણાઈ રહ્યો છે, વૈષયિક વાસનાના દૃઢ સંસ્કારને લઈને કેવળ વાસનાપોષક જ વસ્તુઓને ઓળખવા પ્રયાસ કરી રહ્યો છે. જે ઓળખાણ વાસના શાંત કરવા પૂરતી કરવામાં આવે છે, તે વાસનાની ક્ષણિક શાંતિ થયા પછી ભૂંસાઇ જાય છે, કારણ કે જગત પરિવર્તનશીલ છે. જે ક્ષુદ્ર વાસના પોષવાને જેની ઓળખાણ કરવામાં આવી હોય તેમાં પરિવર્તન થવાથી તે વાસના પોષવામાં અસમર્થ થઈ જાય છે એટલે માનવી તેની ઓળખાણ રાખતો નથી. જેમકે–ધનની વાસનાથી ધનવાનની ઓળખાણ કરવામાં આવે છે અને તેના ધનથી પોતાની વાસનાઓ પોષે છે; પણ તે ધનવાન ધનહીન થઇ જાય તો પછી તેની ઓળખાણ કોઇ પણ રાખતું નથી. કદાચ તે ધનહીન દશામાં ઓળખાણના અંગે કોઇપણ પ્રકારની સહાયતા માંગે તો જાણે તેને ઓળખતા જ ન હોય તેમ તેની સાથે વર્તવા તૈયાર થઇ જાય છે. કોઈનું સુંદર રૂપ તથા આકૃતિનો ઉપયોગ કરવાને ઓળખાણ કરાય છે અને ઇચ્છા પ્રમાણે વર્તાય છે, પણ જ્યારે રૂપ તથા આકૃતિમાં પરિવર્તન થવાથી અણગમતાં થાય છે ત્યારે ઉપેક્ષા કરાય છે, આવી જ રીતે તાત્વિક વસ્તુથી અજ્ઞાત જગત વૈષયિક વૃત્તિપોષક ઓળખાણને લઇને સંસારચક્રમાં ભ્રમણ કરી રહ્યું છે તે અંતર્દૃષ્ટિથી વસ્તુને ઓળખ્યા સિવાય સુખ–શાંતિની દરિદ્રતા દૂર કરી શકશે નહિં.

જ્ઞાન–ચક્ષુહીન અજ્ઞાની જીવો ક્ષણિક માટે જ કૃત્રિમ વસ્તુઓને ઓળખતા આવ્યા છે, અને તેથી પોતાની સર્વ સિદ્ધિ માની બેઠા છે એટલે જ સાચી વસ્તુ મેળવી શકયા નથી. અને આત્માને શાશ્વતી સુખસંપત્તિવાળો બનાવી શકયા નથી. માનવીને પ્રથમ તો પોતાની જ ઓળખાણ નથી. જે પોતાને સાચી રીતે ઓળખે છે તે જગતને સાચી રીતે ઓળખે છે અને જે જગતને સાચી રીતે ઓળખે છે તે જ પોતાને સાચી રીતે ઓળખી શકે છે; માટે જ સમ્યગ્જ્ઞાની સત્પુરુષો સ્વ–પરના આત્માનો વિકાસ કરી શાશ્વત સુખ–શાંતિ તથા આનંદના ઉત્પાદક હોય છે. વીતરાગ, સર્વજ્ઞ દેવના સિદ્ધાંતોની દિશામાં નિરંતર ગમન કર્યા વગર પોતાને તથા જગતને સારી રીતે ઓળખી શકાય નહીં. ક્ષણિક જગતની વૈભાવિક વસ્તુને પ્રધાનતા આપી પ્રકૃતિ સ્વરૂપ સાચી સ્વાભાવિક વસ્તુને ઓળખી આદર ન કરનાર વીતરાગના સિદ્ધાંતની દિશાથી વિમુખ હોય છે માટે તેવાની વાચાળતાથી કોઈ પણ આત્માનું હિત થઇ શકતું નથી. પાંચે ઇંદ્રિયોના વિષયમાં આસક્ત રહીને આડકતરી રીતે

વિષયોને પોષીને સંતોષ તથા સુખ અનુભવનાર સુખ-શાંતિ આનંદસ્વરૂપ અમર આત્માને ઓળખી શકયા નથી. મનુષ્ય દેહ તથા મનુષ્ય જીવન સકર્મક આત્માનો વિભાવ પર્યાય છે અને તે દેહ તથા જીવન બંને કર્મસ્વરૂપ હોવાથી જડાત્મક છે માટે તે ક્ષણવિનશ્વર વસ્તુઓ સાથે સંબંધ ધરાવે છે. અર્થાત્ ક્ષણિક વસ્તુઓના સંબંધથી ઉત્પત્તિ વિનાશવાળો છે, છતાં દેહાધ્યાસીપણે સતસ્વરૂપ આત્માને સાચી રીતે ન ઓળખીને દેહને જ પ્રધાનતા આપવી અને કૃત્રિમ નામ, સુખ-આનંદ તથા શાંતિ આદિના માટે કષાય તથા વિષયનો આશ્રય લેવો તે વસ્તુસ્થિતિનું અણજાણપણું સૂચવે છે, માટે જ તે વીતરાગના સિદ્ધાંત પ્રમાણે પોતાને સાચી રીતે ઓળખી શકયો નથી. જે વસ્તુ ત્રણે કાળમાં વિદ્યમાન રહે તે સત્-સાચી કહેવાય છે, અને જે પ્રત્યેક ક્ષણે બદલાય છે તે તાત્વિક દૃષ્ટિથી સાચી ન કહેવાય. જે સાચી વસ્તુ છે તે ઉત્પન્ન થતી નથી માટે તે વિનાશ પણ પામતી નથી. જે સુખ-શાંતિ, આનંદ, જીવન આદિ ઉત્પન્ન થતાં નથી તે વિનાશ પણ પામતાં નથી, માટે તે જ સાચાં છે અને તે જ આત્મસ્વરૂપ છે. જે ઉત્પત્તિ વિનાશવાળું છે અને જેની ઉત્પત્તિ વિનાશમાં વિજાતીય દ્રવ્યની અપેક્ષા રહે છે તે સત્-સાચું નથી. અર્થાત આત્મસ્વરૂપ સુખાદિ સાચાં છે અને પૌદ્ગલિક વસ્તુઓથી ઉત્પન્ન થવાવાળાં બનાવટી છે; કારણ કે તે જડ વસ્તુઓના સંયોગથી ઉત્પન્ન થાય છે અને વિયોગથી વિનાશ પામે છે. અથવા તો સંયોગ દેખાવા છતાં પણ જડાત્મક વસ્તુઓમાં પ્રત્યેક ક્ષણે પરિવર્તન થવાથી સુખાદિમાં હ્રાસ થતો જણાય છે અને છેવટે નષ્ટ થાય છે માટે તે અસત્ છે.

સચેતન તથા અચેતન વસ્તુઓને સર્વજ્ઞદેવે જેવી રીતે ઓળખાવી છે તેવી જ રીતે ઓળખાણ થાય નહિં ત્યાં સુધી સાચી ઓળખાણ કહેવાય નહિં. અને તે સાચી ઓળખાણ મોહના ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય સિવાય થઇ શકતી નથી. મોહની ઓળખાવેલી બધી વસ્તુ જૂઠી છે, માટે મોહનો દાસ વિષયાસક્ત માનવી સાચું ઓળખી શકે નહિં તેમજ ઓળખાવી પણ શકે નહિં. સારી રીતે જાણી શકે, જણાવી શકે ખરો પણ સાચી ઓળખાણના અભાવે સાચું ફળ મેળવી શકે નહિં. અનેક પ્રકારના દેહ ધારણ કરવારૂપ વિભાવ પર્યાયોમાં મોહની પ્રબળ સત્તા હોવાથી તે વિભાવ પર્યાયોને આત્મા પોતાના સ્વરૂપે ઓળખે છે જેથી દેહનાં કૃત્રિમ નામની પ્રસિદ્ધિ માટે કષાયનો આશ્રય લે છે, અને દેહની સુખ-શાંતિ માટે જડ ધર્મ સ્વરૂપ વિષયોમાં આસક્ત રહે છે. આત્માને (પોતાને) સાચી રીતે ઓળખ્યા સિવાય કેવળ ઇંદ્રિયોની કરવામાં આવતી ઓળખાણથી આત્માની શક્તિ તથા સ્વરૂપનો હ્રાસ થાય છે. એટલે જ્ઞાનશક્તિથી નિર્બળ થયેલો આત્મા વસ્તુ માત્રને અવળી જાણે છે અને અસત્‌ને પ્રધાનતા આપે છે. વીતરાગ દેવે સત્ વસ્તુને પ્રધાનતા આપી છે માટે જે સત્ છે તે જ સત્ય છે, જે ક્ષણિક વસ્તુઓ દૃષ્ટિગોચર થાય છે તે સતનું પરિણામ છે પણ અસ્થિર છે માટે ખોટી છે. જ્ઞાન-દર્શન-જીવન-સુખ-આનંદ આદિ સત્ છે અને તે આત્માના ધર્મ છે માટે તે ક્ષણિક નથી કારણ કે તે ઉત્પત્તિ-વિનાશવાળા નથી. પણ પરિણમન સ્વભાવવાળા છે છતાં શાશ્વતા છે-નિત્ય છે માટે જ તે સત છે અને તે જ આત્મા છે. તે સિવાય પોદ્ગલિક વસ્તુઓ પ્રત્યેક ક્ષણે પુરાય છે અને ગળે છે માટે ક્ષણિક છે તેથી તે અસત્ છે-અનિત્ય છે; માટે સતનો સત્‌પણે સ્વીકાર અને અસત્‌નો અસત્‌પણે બહિષ્કાર કરનાર આત્મા સ્વરૂપનો સંપૂર્ણ વિકાસ સાધી અમર પદ પ્રાપ્ત કરે છે.

ક્ષમા–Forbearance

અશક્ત માણસનું બળ **ક્ષમા** છે. શક્તિશાળી માણસનું ભૂષણ **ક્ષમા** છે. **ક્ષમા** લોકમાં **વશીકરણ** છે. **ક્ષમાથી** શું સાધી શકાતું નથી ?

સજ્જનપણાનું, ગૃહસ્થાઈનું **બીજું** લક્ષણ ક્ષમા છે. એટલે કે જે પ્રાણીને પોતાની ગણના ગૃહસ્થમાં કરાવવી હોય અથવા જેની ભાવના કે જેનો આદર્શ ગૃહસ્થ (gentleman) થવાનો કે રહેવાનો હોય તેણે ક્ષમા રાખી જીવનનો આખો ઝોક ઘડવો જોઇએ. જે માણસ જરા પોતાની ઇચ્છા વિરુદ્ધ કોઇ વર્તન કરે, કોઈ જરા પોતાનાં અવર્ણવાદ બોલે, જરા ઘસાતું બોલે, જરા વેપારમાં નુકશાન કરે કે તેના ઉપર ગુસ્સે થઇ જાય તે માણસ ફાવે નહિ, તે માણસમાં ચારિત્ર રમણ કરે નહિ, તે માણસ પ્રગતિ માર્ગમાં આગળ પગલાં ભરી શકે નહિ, તેનું પ્રયાણ સાધ્યને માર્ગે આગળ ધપે નહિ.

માનસવિદ્યાની નજરે જોઇએ તો **ક્ષમા** મન ઉપર ભારે અંકુશ બતાવે છે, મનોવિકાર પર વિજય સૂચવે છે અને અશક્તને પણ બળ આપે છે. એક વાત ખૂબ ચોવટથી સમજવા જેવી છે. **નબળા કાચાપોચા માણસો ક્ષમાવાન હોતા નથી,** થઇ શકતા નથી અને ઢોંગ કર્યે ક્ષમા પોતાને વરી શકતી નથી. અશક્તિમાન સાધુપણાના સ્વાંગ ધારી લે તો થોડા વખતમાં એ અણીને ટાંકણે પોતાના મૂળ સ્વરૂપમાં પ્રકટ થયા વગર રહી શકતો નથી. ખરો **સશક્ત** માણસ હોય તે જ ગમે તેવા સાદા કે આકરા પ્રસંગમાં પોતાના મન પર કાબૂ રાખી શકે છે અને એ વાતની ટેવ પડ્યા પછી તો ગમે તેવા ઉત્તેજક પ્રસંગો આવે ત્યારે પણ એ પોતાની જાત પર અંકુશ મૂકી શકે છે. **ગજસુકુમાળ**ના માથા પર ખેરના અંગારા એનો સગો સાસરો મૂકે ત્યારે પણ ક્ષમા રાખે તે તો અતિ ઉચ્ચ કક્ષાનો દાખલો ગણાય, પણ દરરોજના પ્રસંગોમાં સામો ધમધમાટ કરતો આવે ત્યારે મગજનો કાબૂ ન ગુમાવનાર તો ઘણા જોઇએ છીએ અને તેમાં એની નિર્બળતા કે અશક્તિ ગણાતા નથી. એની શક્તિ સામા પર અને જોનાર પર જરૂર છાપ પાડે છે અને તેટલા માટે ક્ષમાને **બહાદુર માણસનું ભૂષણ** ગણવામાં આવી છે.

સામો ઘા કરે, તમે ગુસ્સે ન થાઓ, સામાનો ઘા ખાલી જાય અને તમે મ્હોં બગાડવા કે દાંતિયાં કાઢવાને બદલે હસી પડો કે ઉપેક્ષા કરો ત્યારે તેની અસર સામા ઉપર વશીકરણ જેવી થાય છે અને તે જો જરા પણ વિચારક કે કુશળ માણસ હોય તો તમને નમી પડે છે, તમારાં ચરણને ભેટી પડે અને તમારો અને એનો સંબંધ જીવતો થઇ જાય છે, જામી જાય છે, તમારા જીવનનો ભાગ બની જાય છે; માટે આવા વશીકરણને યાદ રાખજો, એને પોતાનું બનાવજો, એનાથી રાચજો અને એના પડખાં સેવવામાં તમારો અહીં અને સર્વત્ર વિજય છે, તમને એમાં અખૂટ આનંદ છે અને તમારી સાચી શક્તિનાં એમાં મૂલ્ય છે એમ સમજજો. ક્ષમાથી સંબંધ મળે છે, ક્ષમાથી ગયેલ સંપત્તિ મળે છે, ક્ષમાથી ચારિત્રનું સામ્રાજ્ય મળે છે અને ક્ષમાથી સર્વ મળે છે; માટે એ મહાદેવીને પોતાની બનાવશો તો સિદ્ધિ લક્ષ્મી ચેર ચાલી આવશે.

क्षमा बलमशक्तानां, शक्तानां भूषणं क्षमा । क्षमा वशीकृतिर्लोके, क्षमया किं न सिद्ध्यति ॥ सुभाषित.

(૧૪)

ક્રોધ–Anger

અનર્થોનું મૂળ ક્રોધ છે; સંસારમાં બંધન કરાવનાર ક્રોધ છે; ધર્મને ક્ષય કરનાર ક્રોધ છે. તેટલા માટે ક્રોધનો ત્યાગ કરવો.

સંસારનું મૂળ કષાયો છે. ક્રોધ, માન, માયા અને લોભ એ એનાં નામો છે. એમાં તરતમતા ઓછી વધતી હોય છે, પણ એ ચારેની જડ જ ઘણી આકરી હોય છે. એને ઓળખવાની બહુ જરૂર છે, કારણ કે કષાયથી મુક્તિ મેળવવી એ સાચી મુક્તિ છે. બાહ્ય સૃષ્ટિમાં ઇંદ્રિયોના વિષયોનો ત્યાગ થાય અને આંતરસૃષ્ટિમાં કષાય–મનોવિકારો પર વિજય થાય તો વસ્તુતઃ મુક્તિ જ છે, એટલે સંસાર વૃક્ષનું મૂળ કષાય છે એમ વારંવાર કહેવામાં આવ્યું છે. ક્રોધ અને લોભ ઉઘાડા દોષો છે અને પરીક્ષા કરતાં પકડી પાડી શકાય તેવા છે.

ઉપદેશતરંગિણીમાં તેના ગ્રંથકારે બરાબર કહ્યું છે કે 'શ્વેતાંબરપણામાં કે દિગંબરપણામાં, તત્ત્વવાદમાં કે તર્કવાદમાં અથવા તો એક પક્ષ-(ગચ્છ–સંઘાડો)નો આશ્રય લેવામાં મુક્તિ નથી, કષાયથી મુક્તિ એ જ ખરી મુક્તિ છે.' એટલે ગચ્છના પાસામાં કે તર્કજાળમાં કે મોટી મોટી તત્ત્વની વાતો કરવામાં કોઈ છૂટકારો માનતો હોય તો તેમાં તેની ભૂલ થાય છે. કષાયને ઓળખી તેના પર વિજય કરવામાં સંસારનો અંત છે. 'કષ' એટલે સંસારનો તેમાં 'આયઃ' એટલે લાભ થાય છે. આ ચાર કષાયો પૈકી ક્રોધને ઓળખવો એ એક જરૂરી બાબત છે.

આંખ લાલ થવી, જાત પરનો કાબૂ ખોઇ દેવો, એફફેફ બોલવું, ગમે તેને મારવા મંડી જવું, પોતાની જાતને પથ્થર સાથે અફળાવવી એ ક્રોધના વ્યક્ત **સ્વરૂપો** છે. રીસ કરવી, અબોલાં લેવાં, ઉગ્ર સ્વરૂપ ધારણ કરવું કે બકબકાટ કરવો એ એના **આવિર્ભાવો** છે.

આવી જાતના ક્રોધથી પોતાની જાત પર અંકુશ ચાલ્યો જાય છે, વિવેકને તિલાંજલિ મળે છે, યદ્વાતદ્વા વચન અને વર્તન થઇ જાય છે અને સંયમનો નાશ થઇ જાય છે અને સંયમ ગયો એટલે ધર્મનું એક આખું મુખ્ય અંગ નાશ પામી ગયું. અહિંસા, સંયમ અને તપ પર ધર્મની રચના છે, તેમાં ક્રોધને અને સંયમને વિરોધ છે અને પરિણામે અહિંસાનો પણ નાશ થઇ જાય છે. તપ કરનાર ક્રોધ કરે તો અજીર્ણ થઇ જાય છે અને ધર્મશરીર માંદું પડી જાય છે. એટલે સંસારના બંધનને પાકું કરાવનાર ક્રોધ છે અને આખા ધર્મનો જ જે ક્ષય કરી નાખે તે પછી કાંઇ રાખી શકતો નથી. ક્રોધી રાજાઓ પતિત થઇ જાય છે, ક્રોધી સુતસદ્દી ન કરવાનું કરી બેસે છે, ક્રોધી સેવક સેવાભાવ વિસારી આળપંપાળમાં પડી જાય છે અને ક્રોધી માણસને ઘરનાં સગાંસ્નેહી કે મિત્રો સાથે ચાલુ કલેશ થાય છે. તેટલા માટે ધર્મરત્નને મેળવવાની ઇચ્છાવાળાએ પોતાના સ્વભાવ પર કાબૂ પ્રાપ્ત કરવો ઘટે અને ક્રોધનો સર્વથા ત્યાગ કરી ક્ષમાગુણ વિકસાવવો ઘટે. એ રીતે સજ્જન–ગૃહસ્થ થઇ શકાય.

क्रोधो मूलमनर्थानां, क्रोधः संसारबन्धनम् । धर्मक्षयकरः क्रोधस्तस्मात्क्रोधं विवर्जयेत् ॥

સુભાષિત

(૧૫)

Analysis of Anger–ગુસ્સાનું પૃથક્કરણ

કોઈપણ માણસ ગુસ્સે થઈ શકે છે એ સહેલી વાત છે. પણ તદ્યોગ્ય માણસ પર ગુસ્સે થવું, ગુસ્સે થવામાં પારો કેટલો ચડાવવો, કયા વખતે ગુસ્સે થવું, ખરા કારણ-પ્રસંગે થવું અને બરાબર રીતે ગુસ્સે થવું, એ એટલી સહેલી વાત નથી.

ગુસ્સે થવું એ તો બહુ સહેલી વાત છે. જેના ખ્યાલમાં ક્રોધનું સ્વરૂપ ન આવ્યું હોય, જે ક્રોધને બોધના અટકાવનાર તરીકે કે સંયમના ઘાતક તરીકે ન ઓળખતા હોય તે જરા ઉત્તેજક પ્રસંગ મળે કે ક્રોધ કષાયને વશ પડી જાય છે. વહેવારમાં ક્રોધ કરવાના પ્રસંગો કોઇ કોઇવાર આવી જાય છે, તેવે સમયે ક્ષમાગુણ કેળવવો એ તો બહુ સારી વાત છે, પણ જેનાથી તે ન બને તેણે ક્રોધ કરવામાં પણ અક્કલ રાખવી પડે છે, નહિ તો ઓડનું ચોડ વેતરાઇ જાય, સામો માર ખાઇ જાય, તેના પર નાલેશીની ફોજદારી થાય, મોટી રકમ દંડ કે નુકશાનીની આપવી પડે અને દુનિયામાં અપયશ ફેલાઇ જાય. માટે ક્રોધ કરનારે પણ ઘણો વિવેક રાખવા જેવો છે. તેમાં રાખવાની સંભાળ પર વિચાર કરતાં ક્ષમાગુણને વગર વિરોધે નીચેની બાબત વિચારવા જેવી થઈ પડે છે.

(૧) ગમે તેના પર ગુસ્સે ન થવાય. નોકર શેઠ પર ગુસ્સે થાય તે પાલવે નહિ, તેમાં તે ફાવે નહિ. કાં તો નોકરી જાય અથવા માર ખાઇ બેસે. સામો ગુન્હેગાર હોય, મોટો ગુન્હો કરતાં પકડાઇ ગયો હોય તો તેના પર ગુસ્સે થવું એ સમજી શકાય તેવી વાત છે. બાકી જ્યાં ત્યાં દુર્વાસાની જેમ ફુંફાડા મારવા નહિ. (૨) આટલી જ મહત્વની વાત ગુસ્સો કેટલો ચઢાવવો તેની વિચારણામાં આવે છે. ચાળો કરનારને ધોલ મરાય નહિ, રૂની પુણી ચોરનારને લાફો મરાય નહિ અને છોકરાને સોળ ઊઠે તેટલો મરાય નહિ. ક્રોધનો પારો વખત, પાત્ર અને પ્રસંગને અનુરૂપ હોવો જોઇએ (૩) અને ગુસ્સો ગુસ્સાને વખતે શોભે. પંગતમાં જમવા બેઠા હોઈએ અને પીરસનાર જરા ભૂલ કરે ત્યાં ઊઠીને તમાચો મારનારના ગૌરવની હાનિ થાય અને નીચ હલકા ગોલાના મ્હોંમાંથી ગાળ નીકળે તેને ઉત્તર દેતાં દશ વધારે ગાળ સાંભળવી પડે. (૪) અને ગુસ્સાની બાબત કે ઉદ્દેશ ગુસ્સાને યોગ્ય હોવો જોઇએ. સામાની સુધારણા કરવાની પોતામાં તાકાત હોય, સામો માણસ સારા અર્થમાં સમજે તેવો હોય ત્યાં ગુસ્સો કદાચ શોભે, બાકી ઉદ્દેશ વગરનો ગુસ્સો કરવાથી ઘા ખાલી જાય અને પોતાનો હાથ લચી પડે. (૫) અને ગુસ્સો બરાબર યોગ્ય રીતે કરવો ઘટે. જ્યાં માત્ર ભવાં ચઢાવવાથી ચાલે તેવું હોય ત્યાં તમાચો લગાવવા હાથ ન ઉઠાવાય અને જ્યાં હુંકાર કરવાથી પતે તેવું હોય ત્યાં નિર્ભર્ત્સનાનું વચન બોલવું ન ઘટે.

આ પ્રમાણે ગુસ્સે થવામાં પણ વિવેક વાપરવાની જરૂર છે. તુલના કરવાની આવશ્યકતા છે અને સમજણ રાખવાની જરૂર છે. ક્ષમાની મોટી વાત છે. તે બને તેણે પોતાની મર્યાદામાં રહેવા ખાતર અને સ્વમાનની જાળવણી ખાતર મન પર કાબૂ તો જરૂર રાખવો ઘટે. સજ્જનને ક્રોધ હોય નહિ, હોય તો ઝાઝો વખત ટકે નહિ અને ટકે તો તેને તેનાં વિરૂપ ફળો સુધી ખેંચી જાય નહિ.

Anybody can become angry– that is easy; but to be angry with the right person, and to the right degree, and at the right time, and for a right purpose and in the right way–that is not so easy.
—Aristotle. (20-12-45)

(૧૬)

ધર્મબાંધવ.

નિત્ય મિત્ર સમાન શરીર છે, પર્વ મિત્ર સમાન સ્વજનો છે અને પ્રણામ મિત્ર સમાન ધર્મ છે અને તે ખરો બાંધવ છે.

મિત્રો–સ્નેહીઓ અનેક પ્રકારના હોય છે: નિત્ય મિત્ર, પર્વ મિત્ર, તાળી મિત્ર વગેરે. જેનો દરરોજ પરિચય થતો હોય તે નિત્ય મિત્ર, જે વાર તહેવારે કે રજાને દિવસે મળે તે પર્વ મિત્ર, જે વગર ગોઠવણે અનાયાસે મળી જાય તે તાળી મિત્ર. શરીર આખા જીવન સુધી સાથે રહે છે તેથી તે નિત્ય મિત્રની કક્ષામાં આવે, સંગાંસંબંધી કોઇ કોઈ વાર મળે તે પર્વ મિત્રની કક્ષામાં આવે અને વહેવારમાં જેને મિત્ર ગણવામાં આવે છે તે સર્વ તાળી મિત્રની કોટિમાં આવે. આવા તો બીજા મુસાફરીના મિત્રો, તાળી મિત્રો વગેરે ઘણા હોય, પણ વ્યવહારમાં કહેવાય છે 'સગપણ તે સોનું, પ્રેમ તે પિત્તળ' આ કહેવત પણ વિચારવા જેવી છે. અમુક અડીભડીને વખતે મિત્રો દૂર રહે છે, ખરાં અંતરનાં સગાં હોય તે જ તેવે વખતે કામ આવે છે. એવા સગાંને 'બાંધવ' કહેવામાં આવે છે. જ્યારે ઘોર વાદળાં વિંટાઇ પડયા હોય તેવે વખતે ખરો સગો ભાઇ બાહુએ આવી બાંહ્ય પકડી ઊભો રહે છે અને તેને 'બંધુ' કહેવામાં આવે છે. આવો બંધુ જો કોઇ હોય, જે ખરી આફત વખતે પડખે ઊભો રહે અને જેના પર પાટી ગણતરી કરી શકાય તો તે ધર્મ છે. એ ભયંકર તોફાન વખતે, આખા ભવમાં રાત્રે અને દિવસે, આ ભવમાં અને પરભવમાં બરાબર પડખે આવીને ઊભો રહે છે. ભલે એ મિત્રની જેમ ટોળટપ્પાં ન હાંકતો હોય, એ સારે અવસરે સાથે મ્હાલતો ન હોય પણ ચારે તરફ આફત વરસતી હોય ત્યારે એ બરાબર પડખે આવી ઊભો રહે છે. એની સાથે લટકે સલામનો સંબંધ હોય, એની સાથે ઘરોબો ન રાખ્યો હોય, એના સાથે મીઠાં વચનોની આપ-લે ન કરી હોય તો પણ તે અણીને વખતે બરાબર કામ આવે છે અને તેથી તેને ખરો બંધુ 'ગણવામાં' આવે છે અને ધર્મનું બંધુત્વ તો ખરેખર આશ્ચર્ય કરે તેવું છે. એમાં ઢોંગ ન હોય, એમાં ગોટાળા ન હોય, એમાં દેખાવ ન હોય, એમાં દોરદમામ ન હોય, એમાં ધાંધલ ન હોય, એમાં ખાલી ઠઠારો ન હોય. એ તો ખરો સગો ભાઇ થઇને બરાબર ટેકો આપે છે અને જરૂરી અવસરે ખાસ કામ આપી આખા જીવનપંથને અને જીવન પછીના ભવિષ્યના પંથને ઉજાળે છે, મહિમાવંતો કરે છે, માર્ગદર્શન કરાવે છે અને પ્રગતિને પોષે છે.

બીજા કોઇની ઉપેક્ષા પાલવે, ધર્મની ઉપેક્ષા ન પાલવે. એને વિસરવાથી કે એને ઉવેખવાથી માર્ગ બગડી જાય, મતિ બગડી જાય, પરભવ બગડી જાય અને ખાનાખરાબી થઇ જાય. આ ધર્મને-આત્મધર્મને ઓળખી જે એને અપનાવે તે જન્મ-જન્માંતરમાં તેનો ટેકો મેળવે અને એ ટેકાથી પોતાનો રસ્તો સરળ અને સાધ્ય સન્મુખ કરે. આવા પ્રણામ મિત્ર સરખા બાંધવને કેમ તરછોડાય ?.

नित्यमित्रसमो देहः, स्वजनः पर्वसन्निभः। प्रणाममित्रसमो ज्ञेयो धर्मः परमबान्धवः ॥

સુભાષિત.

કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની

જીવન-ઝરમર.

લેખકઃ—મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ. (ત્રિપુટી)

(ગતાંક પૃષ્ઠ ૭૪ થી શરૂ)

આપણે ક. કા. સ. શ્રી હેમચંદ્રાચાર્યજીની ઉદારતા, મહાનુભાવતા અને પરધર્મમત-સહિષ્ણુતા જોઇ એમાં નીચેના બે પ્રસંગો-બે ઘટનાઓ પણ એમની ઉદારતા, સાધુચરિતતાનું જ ઉદ્બોધન કરે છે.

૧-ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહના સમયનો આ પ્રસંગ છે.

બન્યું છે એવું કે શ્રી હેમચંદ્રાચાર્યજીના ઉપદેશની અસર રાજા ઉપર થઇ ત્યારે બ્રાહ્મણોએ સૂરિજીની વિરુદ્ધ રાજાના કાન ભંભેર્યા અને કહ્યું મહારાજ **स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः** (ગીતાજી) માટે આપણે તો આપણો જ ધર્મ પાળ્યે છૂટકો છે. વળી શ્રી હેમચંદ્રાચાર્યજી પણ પોતાના ધર્મ સિવાયના બીજા બધા ધર્મોને મિથ્યા-અસત્ય માને છે.

રાજા—તમે બધા ભૂલો છો. સૂરિજીમાં જે સત્યપ્રિયતા, જે ઉદારતા, મહાનુભાવતા છે તે મેં અન્યત્ર હજી સુધી જોઇ નથી. તમે બધા તમારું જ બધું સાચું અને બીજાનું બધું જ ખોટું આવું માની અને મનાવી રહ્યા છો જ્યારે સૂરિજી મહારાજ તો સાચું એ જ મારું ઉપદેશી રહ્યા છે.

બ્રાહ્મણ પંડિતોથી રાજાએ કરેલો શ્રી હેમચંદ્રાચાર્યજીનો ઉત્કર્ષ સહન ન થયો અને તેમને ગર્વપૂર્વક કહ્યું-મહારાજ, અમારું જ સાચું છે, સૂરિજીનું સાચું નથીજ-ન જ હોઇ શકે.

રાજા—એમ કરો, એક વાર તમે બધા પંડિતો વાદવિવાદ કરી તમારામાં ચાલતા મતભેદો, સિદ્ધાન્તભેદો, ક્રિયાભેદો, દાર્શનિક ભેદો મિટાવી દો, પછી આપણે સૂરિજી પાસે કયો ધર્મ સત્ય, એનો નિર્ણય કરી લઇશું.

જુદા જુદા મતસિદ્ધાન્તવાદી બ્રાહ્મણ પંડિતોનો વાદવિવાદ શરૂ થઇ ગયો. આગળ આગળ ઉપર તો કલહ અને ઇર્ષ્યા પણ આવ્યાં. ધર્મવાદ-ધર્મતત્ત્વ બાજુ પર રહી ગયું અને માત્ર વાગાડમ્બર-વાણીવિલાસ જ રહ્યો. રાજાએ એમને સીધા કરવા પકડી બાંધીને એક ઓરડામાં પૂર્યા ત્યાં તો યથાસમયે સૂરિજી મહારાજ પણ પધાર્યા. આજે રાજા ઉદાસ અને ખિન્ન હતા. એને એમ ચોક્કસ થઇ ગયું કે આ પંડિતો જ ધર્મને નામે ઝગડા-કલેશ અને કલહ કરાવે છે. નથી તો તેઓ એક થઇ શકતા અને નથી તો એક થઇને રહી શકતા એટલે જ પોતાના અનુયાયી ભક્તગણને પણ નથી એક થવા દેતા કે નથી એકતાથી રહેવા દેતા.

સૂરિજી મહારાજાએ રાજાને ઉદાસીનતાનું કારણ પૂછ્યું તેમજ સામેના ઓરડામાં બંધનથી બાંધેલા પંડિતો પણ જોયા અને પૂછ્યું-રાજન્! આ શું છે?

રાજા—ગુરુદેવ, મારી એક વિનતિ સાંભળો. આ સંસારમાં અનેક મતો-ધર્મો પ્રચલિત છે. કયો ધર્મ સાચો? આ પંડિતો તો માને છે

કે પોતે જ સાચા અને બીજા બધા ખોટા, તદ્દન ખોટા જ છે; માટે આજ તો કૃપા કરીને આપ જ્ઞાની પુરુષ મને આ બધાયને માન્ય થાય એવો સત્ય ધર્મ સમજાવો.

સૂરિજી—રાજન્! જૈન ધર્મથી આત્માનું કલ્યાણ થાય. જે ધર્મબોધથી આત્મા કષાય-મુક્ત બને, રાગ દ્વેષથી રહિત બને, અજ્ઞાન અને મિથ્યાત્વ માયાનો ત્યાગ કરી, આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજે તે **સત્ય ધર્મ છે.**

રાજા—આચાર્યદેવ, યદિ ધર્મનું સ્વરૂપ આવું છે તો તે ધર્મ મનુષ્યને લડતાં-ઝગડતાં, કષાય અને કલેશ કરતાં, આપસમાં માથાં ફોડતાં, માયા અને કપટ કરતાં શીખવી જ કેમ શકે ?

સૂરિજી—રાજન્! હું એ જ કહેવાનો હતો. સાંભળો ત્યારે. ધર્મ કદી પણ કલેશ, ઝઘડા, ઈર્ષ્યા, માયા, કપટ કે માથા ફોડવાનું શીખવતો જ નથી. **ધર્મ તો શીખવે છે પ્રેમ, મૈત્રી, સહકાર, સહયોગ** અને **સમસ્ત જીવો સાથે બંધુભાવ.** સાચો ધર્મદ્રષ્ટા એ જ હોઈ શકે, સાચો ધર્મપ્રચારક એ જ થઈ શકે જેના જીવનમાં શત્રુ કે મિત્ર પ્રતિ સમભાવ છે. શત્રુ પ્રતિ પણ જેના રૂવાંડામાંયે દ્વેષ નથી. અરે! એ સાચો ધર્મનિષ્ઠ તો દયા અને પ્રેમ-ભર્યો હોય છે.

રાજન્! સત્ય ધર્મ તો આત્મધર્મ છે. જ્યાં જ્યાં આત્મા છે, આત્માના ગુણો છે ત્યાં ત્યાં આત્માને આત્મા પ્રતિ પ્રેમ, સ્નેહ, આર્દ્રતા, દયા હોવાં જ જોઈએ. જેઓ ધર્મના નામે ઝઘડા, કલેશ, કલહ, ઈર્ષ્યા, અસૂયા, રાગ, દ્વેષ, પક્ષપાત, માયા અને કપટ-રાગ અને દ્વેષ રાખે, બીજાઓને એવું શીખવે છે તેઓ વાસ્તવિક આત્મધર્મનું સ્વરૂપ હજી સમજ્યા નથી. એમને એ સમજતાં હજી વાર થશે. વાસ્તવિક ધર્મ તો એ પ્રબોધે છે કે—

" कषायमुक्तिः किल मुक्तिरेव "
"समभावभाविअप्पा लहइ मोक्खं न संदेहो"

ધર્મ એ તો આત્માનો ગુણ છે. કોઈ એમ કહે કે ધર્મ અમારાં માનેલાં ધર્મસ્થાનોમાં જ રહે છે, ધર્મ અમારી પાસે જ રહે છે તેઓ ભૂલે છે. ધર્મ વિના કોઈ જીવ રહી શકતો નથી. દરેક આત્મામાં ધર્મ રહેલો જ છે. માત્ર પૂર્ણ જ્ઞાની પુરુષોનો એ ગુણ પ્રગટ રૂપે દેખાય છે અને અપૂર્ણ જીવોનો એ ગુણ પ્રચ્છન્ન રહેલો હોય છે.

જેઓ આત્માના આ મહાન્ ગુણને પિછાનતા નથી એમને હજી ધર્મની પિછાન થવાની વાર છે. ધર્મતત્ત્વ સમજ્યો હોય એનાં લક્ષણો આવા હોવાં જોઈએ.

૧ સત્યનો અર્થી—સત્ય ધર્મનો ગ્રાહક.

૨ જ્યાં જ્યાં સાચું હોય, સાચું જુએ એને સ્વીકારતાં કદીયે અચકાય નહિં એટલું જ નહિ પણ સાચું એ જ મારું માને અને મારું જ સાચું એવો દુરાગ્રહ ન રાખે.

૩ નિષ્પક્ષપાતી બની—પૂર્વગ્રહથી રહિત બની બધા ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરી સત્ય ધર્મને સ્વીકારી જીવનમાં ઉતારે.

૪ દરેક (પછી તે શત્રુ હોય કે મિત્ર હોય)ની સાથે પ્રેમ, દયા, સ્નેહ અને ભ્રાતૃભાવના રાખે.

૫ અન્યધર્મી ઉપર તિરસ્કાર, અનાદર, દ્વેષ અને તુચ્છકાર ન રાખે.

૬ સત્ય ધર્મ કે જેને એ માનતા કરતાં પણ વધુ પ્યારો ગણતો હોય એના પ્રચાર માટે દબાણ, જોરજુલમ, અત્યાચાર ન કરે. સત્ય ધર્મનો પ્રચાર નિષ્પક્ષ બની યુક્તિ-તર્ક-દલીલો—સમજાવટ અને પ્રેમથી કરે. ધર્મપ્રચાર પ્રેમથી, દલીલોથી, સત્ય આચરણથી થાય છે.

૭ સત્ય ધર્મની દલીલો-સમજાવટ અને પ્રેમ દાખવવા છતાં યે સામો માણસ સત્ય ધર્મ ન સ્વીકારે તો પણ એના ઉપર ક્રોધ, દ્વેષ કે અસૂયા ન રાખે. બસ એવા જીવો ઉપર દયા, કરુણા, માધ્યસ્થ્ય અને ઉપેક્ષા રાખે. સત્ય ધર્મના પ્રચાર માટે માયા, કપટ અને શઠ પ્રતિ શાઠ્યનો ઉપયોગ ન કરે, કિન્તુ '**शठं प्रति सत्यमाचरेत्**' ની નીતિ રાખે.

૮ સદાચારી, પવિત્ર હૃદયી, સરલ, અલ્પકષાયી, ઉદાર, સહૃદયી, ધર્માનુરાગી, અહિંસા, સંયમ, તપ અને ત્યાગની મૂર્તિ, દાન, શિયલ તપ અને ભાવના, જ્ઞાન, દર્શન અને ચારિત્ર વિગેરે ધર્મયુક્ત હોય.

રાજા—બસ સ્વામિન્! આપે કહ્યો એવો જ ધર્મ મને ગમે છે. પણ ધર્મશાસ્ત્રો ઘણાં છે, ધર્મપ્રચારકો ઘણા છે, ધર્મો-મતો-દર્શનો ઘણા છે, આમાંથી સત્ય ધર્મ કઇ રીતે પ્રાપ્ત થાય?

સૂરિજી—રાજન્! યદિ ઉપર કહેલ **ધર્મતત્ત્વ** સ્વીકારવાની-શોધવાની ઇચ્છા હોય તે મુમુક્ષુ આત્માઓ એ સત્ય-શાશ્વત-પરમશાંતિપ્રદ ધર્મની ખોજ કરી આત્મકલ્યાણ સાધે છે* આ સંબંધી હું વિસ્તાર તો નથી કરતો પરંતુ પુરાણમાં **શંખાખ્યાન** અધિકારમાં **ચારિસંજીવનીન્યાય** જણાવ્યો છે તે પ્રમાણે મુમુક્ષુ જીવ સત્ય ધર્મ શોધી શકે છે, પામી શકે છે. જુઓ, તે શ્લોક—

"तिरोधीयते दर्भाद्यैर्यथा दिव्यं तदौषधम् ।
तथाऽमुष्मिन् युगे सत्यो धर्मो धर्मान्तरैर्नृप !॥
परं समग्रधर्माणां सेवनात् कस्यचित् क्वचित् ।
जायते शुद्धधर्माप्तिर्दर्भच्छन्नौषधाप्तिवत् "॥

હે રાજન્! દર્ભાદિ સાથે મળી જવાથી જેમ દિવ્ય ઔષધિની પિછાન થતી નથી તેમ આ યુગમાં કેટલાક ધર્માન્તરો-બીજા બીજા ધર્મોથી સત્ય ધર્મ આચ્છાદિત થઇ રહ્યો છે, થઇ ગયો છે; પરન્તુ સમગ્ર ધર્મોના સેવનથી દર્ભમિશ્રિત દિવ્ય ઔષધીની પ્રાપ્તિની જેમ કોઈને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થઇ જાય છે.

અંતમાં—

રાજન્! ધર્મ તો મનુષ્યને આત્મિક શાંતિ, સમભાવ અને જીવનની સાચી અસ્મિતાનો આનંદ લૂંટતાં શીખવે છે: ધર્મશુષ્કતા, રૂક્ષતા કે હૃદયહીનતા નથી શીખવતો. જે ધર્મ અહિંસા, સત્ય, પ્રેમ, મૈત્રી, કરુણા અને માધ્યસ્થવૃત્તિ શીખવે છે તે ધર્મ સત્ય ધર્મ કહેવડાવવાને યોગ્ય છે. આ સિવાયનાને ધર્મ કહેવા કરતાં **ધર્માભાસ** કહેવા યોગ્ય છે.

અર્થાત્ મુમુક્ષુ જીવને એ ધર્મોથી સત્ય ધર્મની પ્રાપ્તિ થઇ જાય છે.

આ વસ્તુ પ્રબન્ધચિન્તામણીમાં આપી છે. જે રીતે આપી છે તે પ્રમાણે અહીં આપું તો સ્થાને જ લેખાશે.

એક વાર સંસારસાગરને તરવાની ઇચ્છાથી શ્રી સિદ્ધરાજે સર્વ દેશના સર્વ દર્શનોના માણસોને દેવ તત્ત્વ, ધર્મ તત્ત્વ અને પાત્ર તત્ત્વ જાણવા માટે જુદું જુદું પૂછી જોયું તો દરેકે પોતાના મતની સ્તુતિ કરી અને પારકાના મતની નિંદા કરી. આથી રાજાનું મન શંકાને ચકડોળે ચડ્યું અને તેણે હેમાચાર્યને બોલાવી પોતાની ગૂંચ પૂછી પણ હેમાચાર્યે ચૌદ વિદ્યાસ્થાનોનાં રહસ્યનો વિચાર કરીને નીચેનો પૌરાણિક નિર્ણય કહેવા માંડયો. 'પૂર્વે એક વેપારીએ પહેલાં પરણેલી પોતાની સ્ત્રીને તજી દઈને બધું પોતાની રાખેલી સ્ત્રીને આપી દીધું. આથી પહેલાં પરણેલી સ્ત્રી હમેશાં પતિને વશ કરવાનું કામણ જાદુકારોને પૂછ્યા કરતી. એક

* આટલો ભાગ સામાન્ય જીવોના ધર્મબોધ માટે જ અહીં મેં રજુ કર્યો છે-લખ્યો છે.

વખત કોઇ ગૌડ (બંગાળી) દેશના માણસે 'તારા વરને તું દોરડાથી બાંધીને દોરે એવો કરી દઉં' એમ કહીને કાંઇક અચિન્ત્ય શકિતવાળું ઔષધ લઇ આવીને 'આ ખાવામાં આપી દેજે' એમ કહીને ચાલ્યો ગયો. અમુક દિવસ પછી ક્ષય તિથિને દિવસે તે બાઇએ તે પ્રમાણે કર્યું તો તેનો વર સાક્ષાત્ બળદ થઇ ગયો. હવે તે બાઇ આનું વારણ શું કરવું તે જાણતી નહોતી, એટલે બધા લોકોની નિંદા સહન કરતી, પોતાના ખોટા કામનો શોક કરતી એક દિવસ બપોરને વખતે સૂર્યના પ્રખર તાપમાં તડકો વેઠીને પણ લીલાં ખડવાળી જમીનમાં પોતાના બળદરૂપ પતિને ચરાવતી હતી, અને એકાદ ઝાડનાં મૂળ પાસે બેસીને થાક ખાતી તે રોતી હતી, ત્યાં આકાશમાં થતી વાતચીત તેણે સાંભળી—

આ વખતે (આકાશમાર્ગે જતાં) વિમાનમાં બેઠેલા શંકર(મહાદેવજી)ને પાર્વતીએ આ બાઇના દુઃખનું કારણ પૂછ્યું એટલે મહાદેવજીએ જે બન્યું હતું તે કહી બતાવ્યું. ત્યારે પાર્વતીજીએ પૂછ્યું—શું આ બાઇનું દુઃખ નિવારણ કરવાનો કોઇ ઇલાજ છે ખરો ?

મહાદેવજી—ઇલાજ છે તો ખરો.

પાર્વતીજી—ત્યારે બિચારી બાઇ ઉપર દયા લાવી એ ઇલાજ બતાવો.

મહાદેવજી—જે ઝાડ નીચે એ બાઇ બેઠી છે એ ઝાડની છાયામાં બળદ પાછો મનુષ્ય બની જાય એવી ઔષધિ છે. આટલું કહી શંકર ને પાર્વતી અંતર્ધાન થઇ ગયા.

બાઇએ આ સંવાદ સાંભળ્યો. બાઇએ ઊભા થઇ ઝાડની છાયાની ચારે બાજુ દોરો બાંધી લઇ મર્યાદા-માપ કર્યું. પછી એની અંદર રહેલી વનસ્પતિમાત્રના અંકુરો કાપીને બળદના મોઢામાં આપવા માંડયા. આ પ્રમાણે તેને ન ઓળખાયેલા, પણ બળદના મોઢામાં પડેલા ઔષધાંકુરથી તે બળદ **મનુષ્યરૂપ** પામ્યો. જેમ તેણે ઔષધનું સ્વરૂપ ઓળખ્યું નહોતું છતાં ય તેનું ધારેલું કામ સિદ્ધ થયું તેમ કળિયુગમાં મોહથી પાત્રજ્ઞાન ઢંકાઇ ગયું છે માટે સર્વ દર્શનો(ધર્મો)નું ભકિતથી કરેલું આરાધન અજાણતાં પણ મુકિત આપનાર થાય છે, એમ મારો નિર્ણય છે—મત છે.

સૂરિજીમહારાજે સિદ્ધરાજને ચારિસંજીવની ન્યાયથી ધર્મસ્વરૂપ સમજાવી ધર્મની આરાધના કરવાનું જણાવ્યું, જે સાંભળી રાજા અને અન્ય સર્વદર્શનીયો સૂરિજીની સમભાવના, ઉદારતા, મહાનુભાવતા, પરધર્મમતસહિષ્ણુતાની ભૂરિ ભૂરિ પ્રશંસા કરવા લાગ્યા. સૂરિજીનો સાધુવાદ ગાવા લાગ્યા.

卐

પરિગ્રહમીમાંસા

લેખક-મુનિમહારાજ શ્રી ધુરંધરવિજયજી

અંક પૃષ્ઠ ૫૮ થી શરૂ.

(૫)

દિગ૦—શાસ્ત્રમાં જ્યાં મુનિનું વર્ણન આવે છે ત્યાં જણાવેલ છે કે 'जिताचेलपरीषहो मुनिः' (જેણે અચેલ પરીસહ જીત્યો છે તે મુનિ કહેવાય છે.) જો મુનિઓ વસ્ત્ર રાખતા હોય તો તેને અચેલ પરીસહ જીતવાનું જ ક્યાં રહ્યું ? માટે મુનિએ વસ્ત્ર ન જ રાખવા જોઇએ.

શ્વેતા૦—શાસ્ત્રમાં મુનિને માટે આ એક જ પરીસહ જીતવાની વાત નથી. તેને તો બાવીસ પરીસહ જીતવાના છે. પરીસહ જીતવા એટલે શું ? તે તે વસ્તુઓનો સર્વથા ત્યાગ કરવો કે એષણા આદિથી વિશુદ્ધ વસ્તુને મેળવીને ઉપયોગ કરવો ? જો તે તે વસ્તુઓ સર્વથા છોડી દેવાથી જ પરીસહ સહન કર્યા કહેવાતા હોય તો દીક્ષા લે ત્યારથી મુનિએ અનશન કરવું જોઇએ, કારણ કે તેને ક્ષુધા પરીસહ સૌથી પ્રથમ સહન કરવાનો છે અને જો શુદ્ધ વસ્તુઓના ઉપભોગપૂર્વક પણ પરીસહ જીત્યો ગણાતો હોય તો વસ્ત્ર પણ વિશુદ્ધ ગ્રહણ કરવામાં અચેલ પરીસહ સહન કરવામાં બાધા આવતી નથી.

દિગ૦—આહાર સિવાય ધર્માધાર શરીર ટકી શકતું નથી ને વસ્ત્ર વગર ટકી શકે છે, માટે ભિક્ષાની શુદ્ધિથી પણ ક્ષુધા પરીસહ જીતાય છે ને વસ્ત્રવિશુદ્ધિથી અચેલ પરીસહ જીતાતો નથી. બીજું વસ્ત્ર રાખવાથી મુનિને જોઇ અનેકને રાગદ્વેષાદિ થાય. જો મલિન વસ્ત્ર રાખે તો તેના પ્રત્યે જનતા દ્વેષ કરે, ક્રોધ કરે, મુનિની નિન્દા કરે, ને સારા-સ્વચ્છ વસ્ત્ર રાખે તો મુનિ પ્રત્યે રાગ કરે—એ બન્ને ઉચિત નથી. વસ્ત્ર હોય તો મુનિ જનતાના સંસર્ગમાં વધારે આવે એટલે અનેક દોષો તેમાંથી જન્મે માટે વસ્ત્ર ન રાખવું જોઇએ.

શ્વેતા૦—બરોબર ! તમારું અપૂર્વ યુક્તિ-કૌશલ્ય છે ! ધર્માધાર શરીરમાં આહાર નિમિત્તભૂત છે ને વસ્ત્ર નથી ! એ નવીન જ છે. તમને અનેક વખત સમજાવ્યું છે કે તેવા પ્રકારના વિશિષ્ટ સામર્થ્યવાળા આત્માઓને માટે વસ્ત્ર કદાચ શરીરરક્ષણમાં કારણ ન પણ હોય, પરંતુ અલ્પ બળવાળા, હીન સંઘયણવાળા આ કાળના આત્માઓના શરીર તો વસ્ત્ર વગર ટકી શકતા નથી. શીતાતપવર્ષાના સમયમાં વસ્ત્ર ન હોય તો આ શરીરને સાચવવા આત્મા અનેક સદોષ બીજા ઉપાયો કરે તે માટે વસ્ત્ર એ જ વિશુદ્ધ અને નિર્દોષ સંયમાધાર શરીરના રક્ષણમાં સાધન છે.

વસ્ત્ર પહેરવાથી બીજાને રાગદ્વેષ થાય તે તો વિચિત્ર જ છે. ઉચિત વસ્ત્ર વાપરવાથી જ જનતા મુનિને જોઇ મુનિ પ્રત્યે શ્રદ્ધાવાળી થાય. મુનિ પ્રત્યે અનુરાગ થાય એ તો પ્રશસ્ત છે, આદરણીય છે. મુનિ તરફના સ્નેહથી જ સંસારના સ્નેહબન્ધનો તૂટે છે. જો બીજાના કષાયમાં કારણભૂત થાય તે સર્વનો ત્યાગ કરવો એવો તમારો આગ્રહ હોય તો ધર્મનો પણ ત્યાગ

કરવો જોઇએ. સત્યધર્મને અનુસરતાં બીજાને જોઈને પણ મિથ્યાત્વીઓના મન સંકિલષ્ટ બને છે.

ગોશાલક, સંગમક વગેરેને બુદ્ધ જિનેશ્વર પ્રભુ પણ કષાયનું કારણ બન્યા હતા. તેથી શું?

શું કોઇ દુષ્ટોના દિલ દુભાય–તેને ખરાબ લાગે તેથી સજ્જનોએ પોતાના સદાચરણો છોડી દેવા? ના એમ કરાય જ નહિ. વિશુદ્ધ-ભાવે પોતાના કર્તવ્યમાં અચલ રહેવું એ જ ઉચિત છે.

બીજુ જો એમ જ હોય તો તમારી નગ્નતા તો વધારેમાં વધારે સ્વપરના કષાયનું કારણ છે; કારણ કે આહારાદિના પ્રયોજને તમારે પણ જનતાના સંસર્ગમાં તો આવવું જ પડે! લજ્જા-પ્રધાન જનતા તમારી નગ્નતા નિહાળી લજ્જા-પામે, વિકારવશ બને; કોઇને ચીડ ચડે, તમને તેઓને તેમ કરતાં જોઈ ખેદ થાય. માટે વસ્ત્ર અને પાત્ર કે જે સંયમમાં ઉપકારી છે તેમાં પરિગ્રહ બુદ્ધિના કદાગ્રહને છોડી શાસ્ત્રીય પથને અનુસરો તેમાં જ શ્રેય છે.

વાચક સિદ્ધસેને પણ કહ્યું છે કે—

'મોક્ષને માટે ધર્મસાધન અર્થે જે પ્રમાણે શરીર સાચવવામાં આવે છે, અને જે પ્રમાણે શરીર ધારણ કરવા માટે ભિક્ષા લેવામાં આવે છે તે જ પ્રમાણે પાત્ર અને વસ્ત્ર પણ ગ્રહણ કરવા જોઈએ.

જિનવરોએ સંયમસાધનામાં સહાયક વસ્ત્ર-પાત્રને ઉપગ્રહ કહ્યા છે; પરિગ્રહ કહ્યા નથી; માટે વસ્ત્ર–પાત્ર રાખવામાં કોઇ પણ પ્રકારે દૂષણ નથી.

૧. પરિગ્રહ એ મૂર્છા છે. પદાર્થ પ્રત્યે જે મમત્વ તે પરિગ્રહ છે. વસ્તુ એ પરિગ્રહ નથી. વસ્તુને ન રાખવી એ જ જો પરિગ્રહવિરમણ મહાવ્રત હોય તો ચોટામાં ફરતા કૂતરાને તે મહાવ્રત સારી રીતે સંભવે;

૨. સંયમને ઉપયોગી ઉપકરણો ગ્રહણ કરતાં સંયમની સંરક્ષણ ભાવના પ્રધાન રહે છે. તે ઉપકરણો એવા હોય છે કે તેમાં મૂર્છા થવાનો પ્રાયઃ સંભવ નથી.

૩. વસ્ત્રથી શીતનું કષ્ટ દૂર થાય છે. જો કે સાધુઓને શીત પરીસહ સહન કરવાનો છે પણ તે કેવી રીતે? આત્મપરિણતિ સ્થિર રહે તેવી રીતે. જો દુર્ધ્યાન કરવાનો પ્રસંગ આવે તો તે પરીસહ સહન કરતા પણ આત્માનું અધઃપતન જ થાય. વસ્ત્ર વગરના અસહિષ્ણુ આત્માઓ શીતના સમયમાં ઘાસ અને અગ્નિનો ઉપયોગ કરે છે તે પ્રસિદ્ધ છે. ઘાસ અને અગ્નિના ઉપયોગમાં જીવ વિરાધના બહુ થાય છે.

૪. વસ્ત્રથી એકેન્દ્રિય–બેઇન્દ્રિય વગેરે સૂક્ષ્મ જીવોની પ્રમાર્જના–રક્ષણ થાય છે.

૫. મૃતકને આચ્છાદન કરવા માટે શ્વેત વસ્ત્રને અત્યાવશ્યક ગણ્યું છે.

૬. રોગી માણસના પ્રાણ વસ્ત્ર વગર શીઘ્ર ક્ષીણ થાય છે.

૭. જનતાના સંસર્ગમાં આવતા સ્ત્રી–પશુ-પંડકાદિના દર્શનથી વિકારોદય ન થાય તે માટે વસ્ત્રની ખાસ અગત્ય છે.

ઇત્યાદિ અનેક હિતકર પ્રયોજનો હોવાથી સંયમરક્ષા અર્થે જરૂર પૂરતા વસ્ત્ર સ્વીકારી શિવસાધનામાં ઊજમાળ બનવું એ જ શ્રેયસ્કર છે.

શ્રીમાન્ યશોવિજયજી.

(૫)

(ગતાંક પૃષ્ઠ ૭૯ થી શરૂ)

લે.–ડૉ. ભગવાનદાસ મન.સુખભાઈ મહેતા M. B B. S.

ધન્ય તે મુનિવરા રે.
જે ચાલે સમભાવે;
ભવસાયર લીલાએ ઉતરે,
સંયમ ક્રિયા નાવે ધન્ય૦
ભોગ પંક તજી ઉપર બેઠા,
પંકજ પરે જે ન્યારા;
સિંહ પરે નિજ વિક્રમશૂરા,
ત્રિભુવન જન આધારા. ધન્ય૦
જ્ઞાનવંત જ્ઞાની શુ મળતા,
તન મન વચને સાચા;
દ્રવ્ય ભાવ સુધા જે ભાખે,
સાચી જિનની વાચા. ધન્ય૦

તે મુનિવરો ધન્ય છે કે જે સમભાવે–રાગ દ્વેષ રહિતપણે ચાલી રહ્યા છે! જે આત્મસંયમરૂપ આત્મપરિણતિમય શુદ્ધ ક્રિયારૂપ નૌકાવડે આ ભવસમુદ્રને લીલામા–રમત માત્રમા પાર ઊતરી જાય છે! ભોગ–પંક છોડી દઇ, જે તે ઉપર ઉદાસીન થઇને પંકજ–કમલની જેમ ન્યારા થઇને બેઠા છે, સિંહની જેમ જે આત્મપરાક્રમી શૂરવીર છે–પોતાના આતરશત્રુઓને હણવામા વીર છે, ને જે ત્રિભુવન જનના આધારરૂપ છે જે પોતે જ્ઞાનવંત–આત્મજ્ઞાની છે ને જ્ઞાની પુરુષો સાથે હળીમળીને રહે છે. જે તન–મન–વચને સાચા છે, અને જે દ્રવ્ય–ભાવથી શુદ્ધ એવી સાચી–જિનની વાચા વદે છે, વાચા વીતરાગપ્રણીત માર્ગનો ઉપદેશ આપે એવા. તે નિર્ગ્રંથ મુનિવરોને–શ્રમણોને છે!

તથારૂપ મુનિગુણ ધારવા જે અસમર્થ હોય, પણ જે શુદ્ધપ્રરૂપક હોય, તે સંવિગ્ન પાક્ષિક પણ જિનશાસનને શોભાવે છે, કારણ કે તે સરળપરિણામી, નિર્દંભી હોઈ, પોતાના સાધુપણાનો દાવો કે ડોળ કરતો નથી, પણ સંવિગ્નપાક્ષિક છીએ, એમ સરળતાથી કહે છે ઇત્યાદિ વાત પણ ત્યાં વિસ્તારીને ચર્ચી છે

પણ જેનામા સાચું આદર્શ મુનિપણું પણ નથી, ને જે નિર્દંભ સંવિગ્નપાક્ષિક પણ નથી, ને પોતે સાધુ છે, મુનિ છે, આચાર્ય છે, એમ મોટાઇમા માચે છે, અને બાહ્ય ક્રિયાનો ડોળ–ડમાક ને આડંબર કરે છે, તેની ભવ–અરઘટ્ટમાલા ઘટે નહિં.

"માચે મોટાઇમાં જે મુનિ,
ચલવે ડાકડમાલા;
શુદ્ધ પ્રરૂપણ ગુણ વિણ ન ઘટે,
તસ ભવ અરહટમાલા. ધન્ય૦"

એવા કહેવાતા દ્રવ્ય સાધુઓ કે દ્રવ્ય આચાર્યો પોતાનો શિષ્ય સમુદાય સાચે છે, પણ મનને ખેંચતા નથી! અને ગ્રંથ ભણી લોકને વંચે છે–ઠેતરે છે! તેઓ કેશ લુંચે છે, પણ માયા–કપટ મુંચતા નથી! આવાં જે હોય તેના પાંચ વ્રતમાંથી એકે વ્રતનું ઠેકાણું રહેતું નથી!

"નિજ ગુણ સંચે, મન નવિ ખંચે;
ગ્રંથ ભણી જન વંચે;
લુંચે કેશ ન મુંચે માયા,
તે ન રહે વ્રત પંચે. ધન્ય૦"

જે યોગ–ગ્રંથના ભાવ જાણતા નથી અને જાણે તો પ્રકાશતા નથી, અને ફોકટ મોટાઈ મનમા રાખે છે, તેનાથી ગુણ દૂર નાશે છે!

કરવો જોઇએ. સત્યધર્મને અનુસરતાં બીજાને જોઈને પણ મિથ્યાત્વીઓના મન સંકિલષ્ટ બને છે.

ગોશાલક, સંગમક વગેરેને ખૂદ જિનેશ્વર પ્રભુ પણ કષાયનું કારણ બન્યા હતા. તેથી શું?

શું કોઇ દુષ્ટોના દિલ દુભાય–તેને ખરાબ લાગે તેથી સજ્જનોએ પોતાના સદાચરણો છોડી દેવા? ના એમ કરાય જ નહિ. વિશુદ્ધ-ભાવે પોતાના કર્તવ્યમાં અચલ રહેવું એ જ ઉચિત છે.

બીજુ જો એમ જ હોય તો તમારી નગ્નતા તો વધારેમાં વધારે સ્વપરના કષાયનું કારણ છે; કારણ કે આહારાદિના પ્રયોજને તમારે પણ જનતાના સંસર્ગમાં તો આવવું જ પડે! લજ્જા-પ્રધાન જનતા તમારી નગ્નતા નિહાળી લજ્જા-પામે, વિકારવશ બને; કોઇને ચીડ ચડે, તમને તેઓને તેમ કરતાં જોઈ ખેદ થાય. માટે વસ્ત્ર અને પાત્ર કે જે સંયમમાં ઉપકારી છે તેમાં પરિગ્રહ બુદ્ધિના કદાગ્રહને છોડી શાસ્ત્રીય પથને અનુસરો તેમાં જ શ્રેય છે.

વાચક સિદ્ધસેને પણ કહ્યું છે કે—

'મોક્ષને માટે ધર્મસાધન અર્થે જે પ્રમાણે શરીર સાચવવામાં આવે છે, અને જે પ્રમાણે શરીર ધારણ કરવા માટે ભિક્ષા લેવામાં આવે છે તે જ પ્રમાણે પાત્ર અને વસ્ત્ર પણ ગ્રહણ કરવા જોઈએ.

જિનવરોએ સંયમસાધનામાં સહાયક વસ્ત્ર-પાત્રને ઉપગ્રહ કહ્યા છે; પરિગ્રહ કહ્યા નથી; માટે વસ્ત્ર–પાત્ર રાખવામાં કોઇ પણ પ્રકારે દૂષણ નથી.

૧. પરિગ્રહ એ મૂર્છા છે. પદાર્થ પ્રત્યે જે મમત્વ તે પરિગ્રહ છે. વસ્તુ એ પરિગ્રહ નથી. વસ્તુને ન રાખવી એ જ જો પરિગ્રહવિરમણ મહાવ્રત હોય તો ચોટામાં ફરતા કૂતરાને તે મહાવ્રત સારી રીતે સંભવે;

૨. સંયમને ઉપયોગી ઉપકરણો ગ્રહણ કરતાં સંયમની સંરક્ષણ ભાવના પ્રધાન રહે છે. તે ઉપકરણો એવા હોય છે કે તેમાં મૂર્છા થવાનો પ્રાયઃ સંભવ નથી.

૩. વસ્ત્રથી શીતનું કષ્ટ દૂર થાય છે. જો કે સાધુઓને શીત પરીસહ સહન કરવાનો છે પણ તે કેવી રીતે? આત્મપરિણતિ સ્થિર રહે તેવી રીતે. જો દુર્ધ્યાન કરવાનો પ્રસંગ આવે તો તે પરીસહ સહન કરતા પણ આત્માનું અધઃપતન જ થાય. વસ્ત્ર વગરના અસહિષ્ણુ આત્માઓ શીતના સમયમાં ઘાસ અને અગ્નિનો ઉપયોગ કરે છે તે પ્રસિદ્ધ છે. ઘાસ અને અગ્નિના ઉપયોગમાં જીવ વિરાધના બહુ થાય છે.

૪. વસ્ત્રથી એકેન્દ્રિય–બેઇન્દ્રિય વગેરે સૂક્ષ્મ જીવોની પ્રમાર્જના–રક્ષણ થાય છે.

૫. મૃતકને આચ્છાદન કરવા માટે શ્વેત વસ્ત્રને અત્યાવશ્યક ગણ્યું છે.

૬. રોગી માણસના પ્રાણ વસ્ત્ર વગર શીઘ્ર ક્ષીણ થાય છે.

૭. જનતાના સંસર્ગમાં આવતા સ્ત્રી–પશુ-પંડકાદિના દર્શનથી વિકારોદય ન થાય તે માટે વસ્ત્રની ખાસ અગત્ય છે.

ઇત્યાદિ અનેક હિતકર પ્રયોજનો હોવાથી સંયમરક્ષા અર્થે જરૂર પૂરતા વસ્ત્ર સ્વીકારી શિવસાધનામાં ઊજમાળ બનવું એ જ શ્રેયસ્કર છે.

શ્રીમાન્ યશોવિજયજી.

(૫)

(ગતાંક પૃષ્ઠ ૭૬ થી શરૂ)

લે.-ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા M. B. B. S.

ધન્ય તે મુનિવરા રે.
જે ચાલે સમભાવે;
ભવસાયર લીલાએ ઉતરે,
સંયમ ક્રિયા નાવે ધન્ય૦
ભોગ પંક તજી ઉપર બેઠા,
પંકજ પરે જે ન્યારા;
સિંહ પરે નિજ વિક્રમશૂરા,
ત્રિભુવન જન આધારા. ધન્ય૦
જ્ઞાનવંત જ્ઞાની શું મળતા,
તન મન વચને સાચા;
દ્રવ્ય ભાવ સુધા જે ભાખે,
સાચી જિનની વાચા. ધન્ય૦

તે મુનિવરો ધન્ય છે કે જે સમભાવે-રાગ દ્વેષ રહિતપણે ચાલી રહ્યા છે! જે આત્મસંયમરૂપ આત્મપરિણતિમય શુદ્ધ ક્રિયારૂપ નૌકાવડે આ ભવસમુદ્રને લીલામાં-રમત માત્રમાં પાર ઊતરી જાય છે! ભોગ-પંક છોડી દઇ, જે તે ઉપર ઉદાસીન થઇને પંકજ-કમલની જેમ ન્યારા થઇને બેઠા છે, સિંહની જેમ જે આત્મપરાક્રમી શૂરવીર છે-પોતાના આંતરશત્રુઓને હણવામાં વીર છે, ને જે ત્રિભુવન જનના આધારરૂપ છે. જે પોતે જ્ઞાનવંત-આત્મજ્ઞાની છે ને જ્ઞાની પુરુષો સાથે હળીમળીને રહે છે. જે તન-મન-વચને સાચા છે, અને જે દ્રવ્યભાવથી શુદ્ધ એવી સાચી-જિનની વાચા વદે છે, સાચા વીતરાગપ્રણીત માર્ગનો ઉપદેશ આપે છે, એવા. તે નિર્ગ્રંથ મુનિવરોને-શ્રમણોને ધન્ય છે!

તથારૂપ મુનિગુણ ધારવા જે અસમર્થ હોય, પણ જે શુદ્ધપ્રરૂપક હોય, તે સંવિગ્નપાક્ષિક પણ જિનશાસનને શોભાવે છે; કારણ કે તે સરળપરિણામી, નિર્દંભી હોઇ, પોતાના સાધુપણાનો દાવો કે ડોળ કરતો નથી, પણ સંવિગ્નપાક્ષિક છીએ, એમ સરળતાથી કહે છે. ઇત્યાદિ વાત પણ ત્યાં વિસ્તારીને ચર્ચી છે.

પણ જેનામાં સાચું આદર્શ મુનિપણું પણ નથી, ને જે નિર્દંભ સંવિગ્નપાક્ષિક પણ નથી, ને પોતે સાધુ છે, મુનિ છે, આચાર્ય છે, એમ મોટાઇમાં માચે છે, અને બાહ્ય ક્રિયાનો ડોળ-ડમાક ને આડંબર કરે છે, તેની ભવ-અરઘટ્ટમાલા ઘટે નહિં.

"માચે મોટાઇમાં જે મુનિ,
ચલવે ડાકડમાલા;
શુદ્ધ પ્રરૂપણ ગુણ વિણ ન ઘટે,
તસ ભવ અરહટમાલા. ધન્ય૦"

એવા કહેવાતા દ્રવ્ય સાધુઓ કે દ્રવ્ય આચાર્યો પોતાનો શિષ્ય સમુદાય સંચે છે, પણ મનને ખેંચતા નથી! અને ગ્રંથ ભણી લોકને વંચે છે-છેતરે છે! તેઓ કેશ લુંચે છે, પણ માયા-કપટ મુંચતા નથી! આવા જે હોય તેના પાંચ વ્રતમાંથી એકે વ્રતનું ઠેકાણું રહેતું નથી!

"નિજ ગણ સંચે, મન નવિ ખેંચે;
ગ્રંથ ભણી જન વંચે;
લુંચે કેશ ન મુંચે માયા,
તે ન રહે વ્રત પંચે. ધન્ય૦"

જે યોગ-ગ્રંથના ભાવ જાણતા નથી અને જાણે તો પ્રકાશતા નથી, અને ફોકટ મોટાઇ મનમાં રાખે છે, તેનાથી ગુણ-દૂર નાશે છે!

જે પરપરિણતિને પોતાની માને છે ને આર્ત્ત-ધ્યાનમાં વર્તે છે, અને જે બંધ-મોક્ષના કારણ જાણતા નથી, તે **પાપશ્રમણ** તો પહેલે ગુણઠાણે છે, તે અજ્ઞાની દંભી-સાધુઓ પોતાને ભલે છઠ્ઠે ગુણઠાણે માનતા હોય કે મનાવતા હોય, પણ તે તો પહેલા ગુણઠાણે જ વર્તે છે.

"યોગ ગ્રંથના ભાવ ન જાણે,
જાણે તો ન પ્રકાશે;
ફોકટ મોટાઈ મન રાખે,
તસ ગુણ દૂરે નાશે. ધન્ય૦
પર-પરિણતિ પોતાની માને.
વરતે આરત ધ્યાને;
બંધ મોક્ષ કારણ ન પિછાને,
તે પહિલે ગુણઠાણે. ધન્ય૦"

ઇત્યાદિ પ્રકારે કુસાધુઓની સબત ઝાટકણી કાઢી નિર્મલ મુનિપણાના આદર્શની ત્યાં સુપ્રતિષ્ઠા કરી છે.

તે જ પ્રકારે **સવાસો ગાથાના** સ્તવનમાં પણ તેમણે પોતાની શાસન પ્રત્યેની અંતરદાઝ વેધક શબ્દોમાં વ્યક્ત કરી છે તેઓ કહે છે કે-

"કુગુરુનિવાસના પાશમાં,
હરિણ પરે જે પડયા લોક રે;
તેહને શરણ તુજ વિણ નહિ,
ટળવળે બાપડા ફોક રે;
જ્ઞાન દર્શન ચરણ ગુણ વિના,
જે કરાવે કુલાચાર રે;
લુંટીઆ તેણે જન દેખતાં,
કિહાં કરે લોક પોકાર રે?
કામકુંભાદિક અધિકનું,
ધર્મનું કો નવિ મૂલ રે;
દોકડે કુગુરુ તે દાખવે,
શું થયું એહ જગ શૂલ રે?
કલહકારી કદાગ્રહભર્યા,
થાપતા આપણા બોલ રે,
જિનવચન અન્યથા દાખવે,
આજ તો વાજતે ઢોલ રે;
સ્વામી સીમંધર વિનતિ."

ઇત્યાદિ પ્રકારે કુગુરુઓ સંબંધી તીવ્ર પોકાર તેમણે પાડ્યો છે, ને સદ્‌ગુરુનો જ આશ્રય કરવાની ત્યાં ભલામણ કરી છે. પછી ત્યાં જ તેઓએ ધર્મનો મર્મ પ્રકાશ્યો છે કે-અહો! તમે પારકે ઘેર ધર્મ જોતાં શું ફરો છો? નિજ ઘરમાં જે ધર્મ છે તે કેમ જોતા નથી? કસ્તૂરી મૃગ જેમ કસ્તૂરીના પરિમલનો મર્મ જાણતો નથી, ને બહાર શોધવા ફરે છે, તેમ તમે મિથ્યાદૃષ્ટિ અંધ બનીને બહાર ધર્મને શોધવા શું ફરો છો? આ ધર્મ તમારા પોતાના આત્મામાં જ છે, બહાર નથી, માટે ત્યાંથી જ શોધો.

"પરઘર જોતાં રે ધર્મ તુમે ફરો,
નિજ ઘર ન લહો રે ધર્મ;
જેમ નાવિ જાણે રે મૃગ કસ્તુરીઓ,
મૃગમદ પરિમલ મર્મ-શ્રીસીમંધર"

જેમ સ્ફટિક રત્નની નિર્મલતા એ જ એનો **સ્વભાવ-ધર્મ** છે, તેમજ જીવનો **સ્વભાવ** એ જ એનો ધર્મ છે. અને તે કષાય અભાવરૂપ નિર્મળ ધર્મ **વીર** ભગવાને પ્રકાશ્યો છે. જે જે અંશે નિરુપાધિકપણું, રાગ-દ્વેષ, મોહ-વિષય-કષાય આદિ ઉપાધિથી રહિતપણું, તે તે અંશે ધર્મ છે એમ તમે જાણો. અને તે ધર્મ સમ્યગ્‌દૃષ્ટિ ગુણસ્થાનથી માંડીને શિવસુખની પ્રાપ્તિ પર્યંત ઉત્તરોત્તર પ્રગટતા પામતો જાય છે.

"જેમ નિર્મલતા રે રત્ન સ્ફટિકતણી,
તેમ જ જીવ સ્વભાવ;

જ્ઞાન ગીતા શતક.

(ગતાંક પૃષ્ઠ ૫૬ થી ચાલુ)

(મનહર છંદ.)

અવિરતિપણું ત્યાગી, અંતર થઇ વૈરાગી; સમતા સુખનાં રાગી, આતમાર્થી થઇએ;
આતમામાં ચિત્ત જોડી, મૂકી મન દોડાદોડી; કરમ બંધન તોડી, મુક્તિ પદ પામીએ;
કરમ વિપાક જેમ, ઉદયમાં આવે તેમ; વેદી એ સકામ ક્ષેમ, નિરજરા કરીએ;
જગત જંજાળ જોઇ, આતમાનું ભાન ખોઇ; રાગ દ્વેષ કરી કોઇ, આશ્રવ ન ગ્રહીએ. ૯
કરે ન કંઈ ઉપાધિ, અંતર રાખે સમાધિ; રહીને નિરપરાધી, પ્રવૃત્તિનાં યોગમાં;
સરખા નહિ સંજોગ, આવે વળી કદી રોગ; નિશ્ચલતા રાખી યોગ, લીન નહિં ભોગમાં;
કુટુંબ પાલન કરે, ભોગમાં ન ચિત્ત ધરે; અનાસક્ત ભાવે ફરે, જ્ઞાની જન લોકમાં;
ધર્મ અર્થ અને કામ, જાવા મુક્તિપુરી ધામ; ક્રિયા કરતાં તમામ, ધ્યેય રાખી લક્ષમાં. ૧૦
નિર્વિકલ્પ મૌન ગ્રહી, સમતા ભાવમાં રહી; ચિત્તમાંહી શાંતિ વહી, વિકલ્પોને વાળવા;
સંકલ્પવિકલ્પ પાણી, કરમોને લાવે તાણી; વીરની આગમ વાણી, વિકલ્પોને ટાળવા;
એકની તો એક વાત, વાણી પાડે જુદી ભાત; વીરવાણી સુણી ભ્રાત, વિકલ્પોને ખાળવા;
આગમનાં શિખરેથી, જ્ઞાન સરિતા વહેતી; ગુરુમુખ શ્રવણથી, સંયમને પાળવા. ૧૧
વીરતણી વાણી સુણી, લાગણીઓ થાય કુણી; આતમા અનંત ગુણા, પ્રગટ જણાય છે;
ગુરુ વિના જ્ઞાન નહિં, ગુરુ વિના ભાન નહિં; સદ્ગુરુ સંગ ગ્રહી, આગમ ભણાય છે;
નહિ નય ન્યાય જ્ઞાન, નહિં ગુણસ્થાન ભાન; ક્યાંથી થાય આત્મધ્યાન ? સ્હેજે સમજાય છે;
કર્યું હોય પુન્ય પૂરું, મળે આતમાર્થી ગુરુ; જ્ઞાન પ્રાપ્ત થાય ખરું, તત્વને પમાય છે. ૧૨
જડ જાણો જડ રૂપ, આતમા ચેતન ભૂપ; આતમ દ્રવ્ય અરૂપ, પ્રજ્ઞાથી પિછાણીએ;
ધરમ અધર્મ દ્રવ્ય, આકાશ ને કાળ દ્રવ્ય; ગુણ પરયાય દ્રવ્ય, શ્રુતથકી જાણીએ;
શબ્દ-રૂપ-રસ-ગંધ, સ્પર્શ જડનો સંબંધ; નિશ્ચયે આત્મા અબંધ, નય જ્ઞાન વાણીએ;
ચલન સ્થિરતા ગુણ, ધરમ અધર્મ સુણ; સ્હાયકારી બન્ને ગુણ, અરૂપી જ જાણીએ. ૧૩
જેહ આપે અવકાશ, તેહ અરૂપી આકાશ; પરિવર્તનાદિ કાળ, દ્રવ્ય એ છ માનીએ;
પટ્ દ્રવ્ય નિત્ય જાણો, સ્યાત્ પદથી પિછાણો; અનેકાંતને વખાણો, પ્રરૂપ્યું જે જ્ઞાનીએ;
નામ અને સ્થાપના, દ્રવ્ય-ભાવ નિક્ષેપના; નય નિક્ષેપ રચના, ગુરુગમે પામીએ;
જીવાજીવ પુન્ય પાપ, આશ્રવ સંવર બંધ; નિરજરા અને મોક્ષ, નવતત્વ જાણીએ. ૧૪

તે જિન વીરે રે ધર્મ પ્રકાશિઓ,
પ્રબળ કષાય અભાવ...શ્રી સીમંધર.
જે જે અંશે રે નિરુપાધિકપણું,
તે તે જાણો રે ધર્મ;
સમ્યગ્દૃષ્ટિ રે ગુણઠાણાથકી,
જાવ લહે શિવશર્મ...શ્રી સીમંધર."

ઇત્યાદિ ઇત્યાદિ પ્રકારે શુદ્ધ ધર્મનો ઉદ્યોત કરી પ્રખર સમાજસુધારક તરીકે અને આદર્શ ધર્મઉદ્ધારક તરીકે આ પુરુષરત્ને સમાજની ને ધર્મની અનુપમ સેવા બજાવી છે. તેમના આ વચનો વર્તમાન જૈન સમાજને તો વિશેષે કરીને લાગુ પડે છે, ને તેને તે ઉપરથી ઘણો ધડો લેવા જેવું છે. (અપૂર્ણ)

(૩૨) જેટલું પ્રમાણિકપણું આપણે રાજ્ય-દંડ કે દુનિયાની બીકે સાચવીએ છીએ તેના કરતાં પાપની બીકે વધારે સાચવવાનું મન થાય તેમ ટેવ પાડવી.

(૩૩) આપણે મરવું છે ચોક્કસ અને મરીને કયાંય પણ જવાનું તો છે જ, તો કયાં જશું તેનો વિચાર કરવો.

(૩૪) બીજાઓનાં દૂષણો જોવા કરતાં પહેલાં આપણાં દૂષણો જોવાં.

(૩૫) અનીતિનું કામ કરવાથી ગમે તેટલો ફાયદો થતો હોય તો તે દેખીને રાજી ન થવું.

(૩૬) ધર્મનાં અનેક કામ છતાં જેમાં આપણું ચિત્ત વધારે ચોંટતું હોય તે કાર્ય વિશેષ કરવું.

(૩૭) જે હેતુથી જે ધર્મનું કામ કરવા ફરમાવેલ છે તે હેતુ જો ન સચવાતો હોય તો તે કામ ન કરવું.

(૩૮) ટૂંકી દૃષ્ટિ રાખવાથી ઈર્ષાળુ થવાય છે.

(૩૯) જે પોતામાં ન હોય તે પોતામાં મનાઈ જવાથી જ અહંકાર પેદા થાય છે.

(૪૦) મરજી વિરુદ્ધ જોવાથી કે સાંભળવાથી ક્રોધ ઉત્પન્ન થાય છે.

(૪૧) દરેકની ઇચ્છા જુદી જુદી હોય છે. બીજાની ઇચ્છા ઉપર આપણે દ્વેષ કરીએ તો આપણી ઇચ્છાને માટે પણ તેમજ બને.

(૪૨) જે કુળમાં અને જે ધર્મમાં ઉત્પન્ન થયા હોઈએ તેની નામનિશાની પોતાના કુળમાંથી બીલકુલ નાશ કરવી નહીં. નહીં તો ઈતિહાસમાં ગોટાળો વળે.

(૪૩) આપણાં બાળકને આપણા અનુભવની કેળવણી જરૂર આપી જવી. તે જેટલી ઉપયોગી છે, તેટલી બીજી કેળવણી નથી.

(૪૪) માણસની જિંદગીનો અમુક ભાગ પરલોકનાં સાધનને વાસ્તે અવશ્ય રાખવો જોઇએ.

(૪૫) જ્ઞાનીના વચન ઉપર શ્રદ્ધા અને વિશ્વાસ રાખવો જોઇએ.

(૪૬) આપણી રીતિ અજ્ઞાનીઓની રીતિથી જુદી પડતી જાય અને જ્ઞાનીઓની રીતિ સાથે મળતી જાય તેમ ધ્યાન રાખવું.

(૪૭) આપણા વિચારોમાં કેટલો ફેર પડ્યો? વિચારોમાં વધારો થયો કે ઘટાડો? તેની વર્ષ આખરે તપાસ કરવી જોઇએ.

(૪૮) આપણા હૃદયને જે કાર્ય શુદ્ધ લાગતું હોય તે ન કરવાને માટે કોઇની શીફારસ માનવી નહીં.

(૪૯) જે પરમેશ્વરનું નામ આપણે લઇએ છીએ તે એક દિવસે આપણી જેવા હતા, તો આપણે તેમના જેવા શું કામ ન થઇ શકીએ?

(૫૦) શાસ્ત્રો વાંચવાં કે સાંભળવાં, તેમાં આપણે આપણને જેટલું અનુકૂળ હોય તેટલું ગ્રહણ કરી લેવું.

(૫૧) પાપનું કામ જાણ્યા પછી જો આપણે તે કરીએ તો વધારે નિર્દયતા ગણાય.

(૫૨) પુન્ય બંધ કરતાં કર્મ ક્ષયને વધારે ઇચ્છવો.

(૫૩) એક આંખમાં પ્રીતિ અને એક આંખમાં ભીતિ, એક આંખમાં અમી અને એક આંખમાં ઉગ્રતા, ધર્મી પાસે ધર્મીને જતાં આનંદ થાય. પણ ધર્મના વિરોધીને તો પોતાનાં ધર્મ વિશેષરૂપ પાપનો ભય રહેવો જ જોઇએ.

(૫૪) વિષયવિકાર, એ એવી લોભાવનારી વસ્તુ છે કે જેમ બને તેમ વિષય વૃત્તિને તાજી કરનારાં નિમિત્તોથી પણ માણસે દૂર રહેવાના જ પ્રયત્નમાં રહેવું જોઇએ.

.....વર્તમાન સમાચાર.....

ગુજરાંવાલા (પંજાબ.)

કાર્તિકી પુનમ શ્રી સિદ્ધાચળજીના પટ્ટનો દર્શન મહોત્સવ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીની જન્મજયંતિ.

પૂજ્યપાદ આચાર્યશ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી શ્રી સંઘની સાથે શ્રી આત્માનંદ જૈન ભુવનમાં શ્રી સિદ્ધાચળજી તીર્થનાં પટના દર્શનાર્થે પધાર્યા હતા અને વંદના વિધિવિધાનપૂર્વક કરી હતી.

શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ(પંજાબ)નાં પ્રીન્સીપાલ પંડિત રામરૂપામલજીની અધ્યક્ષતામાં કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવાનની જન્મજયંતિ સમારોહપૂર્વક ઉજવવામાં આવી હતી.

આચાર્યશ્રીજી અને પંન્યાસ શ્રી વિકાસવિજયજીએ શ્રી હેમચંદ્રાચાર્ય અને પરમાર્હત્ મહારાજા કુમારપાળનાં વિષયમાં સુંદર પ્રકાશ પાડ્યો હતો.

પંન્યાસ સમુદ્રવિજયજીએ આજકાલની પરિસ્થિતિ વિષે વિવેચન કરતાં જણાવ્યું હતું કે શ્રી હેમચંદ્રાચાર્ય ભગવાન જેવા ગુરૂદેવ અને પરમાર્હત્ મહારાજા કુમારપાળ જેવા રાજા હોત તો આજે જે પરિસ્થિતિ બંગાલાદિની થઇ રહી છે તે કદાપિ ન થાત. જેઓ આવા ભયંકર સંકટમાં સપડાઇ ગયા છે તેવાઓને તન, મન, ધનથી મદદ આપી ઉગારી લેવાનું દરેક દરેક મનુષ્યનું કર્તવ્ય છે.

જે જે જાતિનાં હિન્દુઓને બળાત્કારે મુસલમાન બનાવવામાં આવ્યા છે તે તે જાતિનાં આગેવાનો, નેતાઓ અને ગુરૂઓને તેમજ લાગતાવળગતાઓને મારી ભારપૂર્વક જબરદસ્ત ભલામણ છે કે તેઓને સમજાવી, મદદ આપી પાછાં પોતપોતાની જાતિમાં ભેળવી લેવા જોઇએ. જો આમ કરવામાં તેઓ પાછા પડશે તો પાછળથી પસ્તાશે કેમકે જેઓ ગાયરક્ષક હતા તેઓ ગાયભક્ષક અને હિન્દુત્વના નાશક બનશે.

પંડિત રામાલાલાજી અને ગુરૂકુળના વિદ્યાર્થીઓ અને અધ્યક્ષ-મહાશયનાં સુંદર પ્રસંગોચિત વિવેચનો થયા હતા.

સીઆલકોટમાં પ્રતિષ્ઠા અને દીક્ષા.

પંજાબના પ્રસિદ્ધ ઔદ્યોગિક નગર સીઆલકોટમાં પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનું સં. ૧૯૯૭ નું એક ઐતિહાસિક ચોમાસું થએલ કે જેમાં આચાર્યમહારાજના સદુપદેશથી જૈનો સિવાય અનેક જૈનેતર ભાઇઓ પણ જૈનધર્મના પરમ અનુરાગી થયાં. આવા મોટા શહેરમાં શ્રાવકો માટે પ્રભુપૂજનનું કાંઇ પણ સાધન નહીં હોવાથી આચાર્યદેવના સદુપદેશથી શ્રીજિનમંદિરની નીંવ નાંખવામાં આવી અને પાંચ છ વર્ષમાં સકલશ્રીસંઘના સહકારથી બે માળનું ગગનચુમ્બી એક ચોમુખ ભવ્ય દેરાસર તૈયાર થયું, જે જમીનની તેહથી શિખર સુધી ૧૦૨ ફીટ ઊંચું છે. તેની પ્રતિષ્ઠા આચાર્યશ્રીજીના વરદ હસ્તે વિ. સં. ૨૦૦૩ ના માગસર સુદિ ૫ શુક્રવાર તા. ૨૯-૧૧-૪૬ ના રોજ છાયા લગ્નના શુભ મુહૂર્તમાં મોટા સમારોહપૂર્વક કરવામાં આવી છે. પહેલા મંજીલમાં ચાર શાશ્વતી જિનપ્રતિમાઓ ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાનસ્વામી ભગવાનની અને બીજા મંજીલમાં શ્રીશાંતિનાથસ્વામિની ચોમુખી પ્રતિમા તખ્તનશીન કરવામાં આવી છે. તેમજ પૂજ્યપાદ બુટેરાયજી મહારાજ તથા શ્રી મૂલચંદજી મહારાજ અને શ્રી આત્મારામજી મહારાજની ધાતુમયી પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી છે.

જો કે આજકાલની આવી કટોકટીની પરિસ્થિતિમાં વરઘોડો કાઢવામાં અનેક વિઘ્નો ઉપસ્થિત થયા હતા, પરંતુ પૂજ્ય આચાર્યદેવના પ્રતાપથી તથા અત્રેના હિન્દુ તેમજ મુસલમાન-ભાઇઓ અને ખાસ કરીને ખત્રી મદનલાલજીના પરિશ્રમથી એવં રા. રા. અંગ્રેજ બહાદુર પોલિસ કપ્તાન સાહેબ અને શ્રીમાન્

પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ સાહેબની મહેરબાનીથી પ્રભુને ચાંદીના રથમાં બિરાજમાન કરી શ્રીજિનમંદિરજીથી બપોરના બાર વાગે રથયાત્રાનો શાનદાર વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો.

ચૌમુખ બજારમાં અત્રેના રહીશ રાવસાહેબ લાલા કરમચંદજી અગ્રવાલ ઑનરરી મેજીસ્ટ્રેટ તરફથી સહુને ચાપાર્ટી અને પંચમેવાની પ્રભાવના આપવામાં આવી હતી.

છઠ્ઠના રોજ શાંતિસ્નાત્ર પૂજા અને સાતમના બૃહદ્સ્નાત્ર પૂજા ભણાવવામાં આવી હતી. પ્રતિષ્ઠાદિની સર્વ ક્રિયા શેઠ ફુલચંદભાઇ વળાદવાળાએ કરાવી હતી.

આ પ્રસંગે દેશદેશાંતરથી હજારો ભાઇ બ્હેનો આવ્યા હતા. આ મંદિરના નિર્માણમાં અને પ્રતિષ્ઠાના કાર્યમાં સ્થાનિક શ્રીસંઘને ગુજરાંવાલા નિવાસી લાલા કપૂરચંદજીએ બહુ પરિશ્રમ વેઠી અપૂર્વ સેવા આપી છે તેમજ અત્રેના હિન્દુ અને મુસલમાનભાઇઓએ પણ બહુ સહકાર આપ્યો છે. અને પ્રતિષ્ઠાના દિવસોમાં સર્વ વ્યવસ્થા ગુજરાંવાળાના શ્રીસંઘે જાળવી હતી. તે બદલ તેઓ સહુ ધન્યવાદને પાત્ર છે.

દીક્ષા મહોત્સવ.

લુધીઆનાનિવાસી મર્હુમ લાલા પન્નાલાલજીના ધર્મપત્ની અને ગુજરાંવાલાનિવાસી લાલા મોતીલાલજીની સુપુત્રી પ્રકાશવંતી બ્હેનને મોટા સમારોહપૂર્વક પૂજ્યપાદ આચાર્યદેવના વરદ હસ્તે સુદિ ૭ રવિવારના રોજ દીક્ષા આપવામાં આવી છે. સાધ્વીજી શ્રી દમયંતીશ્રીજીની શિષ્યા કરવામાં આવેલ છે અને નામ પ્રકાશશ્રીજી રાખવામાં આવેલ છે. દીક્ષા લેનાર બ્હેને પોતાના દાગીના જે લગભગ આઠ દસ હજારની કીંમતના હતા તેમાંથી અડધી રકમ પોતાના સંસારી જેઠને આપેલ અને અડધી રકમ જુદા જુદા ધાર્મિક ખાતાઓમાં વાપરી છે.

પ્રતિષ્ઠાના રોજ મુંબઇનિવાસી શેઠ ફુલચંદ શામજી તરફથી અને દીક્ષાના રોજ દીક્ષા લેનાર બાઇ તરફથી તેમજ બાકીના દિવસોમાં સ્થાનિક સંઘ તરફથી સ્વધર્મીભક્તિ કરવામાં આવી હતી.

મહોત્સવની પૂર્ણાહૂતિમાં જીવદયા ખાતે (રૂ. ૧૭૦૦) થયા જેમાંથી અત્રેની ગૌશાળામાં આપવામાં આવેલ છે અને દીનદુખીઓને મદદ આપવામાં આવેલ છે. (મળેલું)

શ્રી જૈન આત્માનંદ સભા તરફથી પૂજ્ય મહાત્માશ્રી મૂળચંદજી મહારાજની સ્વર્ગવાસ તિથિ અંગે માગશર વદ ૬ ના રોજ દાદા સાહેબ જીનાલયમાં સવારે પૂજા ભણાવી જયંતિ અંગે યોગ્ય પ્રવચનો શ્રીયુત વલ્લભદાસભાઇ ત્રીભોવનદાસ ગાંધી વિગેરેના થયા હતા. રાત્રિના આંગી રચના કરાવવામાં આવેલ. જયંતિ ઊજવવા તળાજા જવાનો ઠરાવ છે. પરતુ મોંઘવારી તેમજ કેટલાક કારણોસર આ વર્ષે તળાજા જવાનું બંધ રાખવામાં આવ્યું હતું.

સાભાર સ્વીકાર.

૧ **શ્રી સ્તવન સઝઝાય સંગ્રહ:** મૂલ્ય ૦–૨–૬ સંગ્રાહક, શ્રીમદ્ વિજય લલિતસૂરિજી મહારાજ તરફથી ભેટ મળેલ છે.

૨ **શ્રી સુભાષચન્દ્ર બોઝ:** કીં. રૂ. ૨–૯૦

૩ **ઝાંસીની રાણી ઝીન્દાબાદ** કીં. રૂ. ૨–૮–૦

૪ **પારકા ઘરની લક્ષ્મી:** કીં. રૂ. ૩–૮–૦ ઉપરના ૨ થી ૪ ત્રણ પુસ્તકો પ્રકાશક શ્રી ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ, તરફથી ભેટ મળ્યાં છે. ગ્રંથો પઠનપાઠન કરવા લાયક છે.

૫ **રત્ન જ્યોતિ:** લેખક અને પ્રકાશક, પ્રભુદાસ બેચરદાસ પારેખ. કિમત અમૂલ્ય.

૬ **જૈન શાસ્ત્રોં કી અસંગત બાતેં:** લેખક વચ્છરાજ સિંઘી પ્રકાશક બાલચન્દ નાહટા, કલકત્તા કીંમત ૧–૪–૦ પ્રકાશક તરફથી ભેટ મળી છે.

૭ **આળાં હૈયાં:** પ્રકાશક, હરગોવનદાસ રામજી તરફથી ભેટ મળી છે.

૮–૧૦ **અચલગઢ, હમ્મીરગઢ, રાજા શ્રીપાળ** કીંમત ૧–૪–૦, ૦–૬–૦ અને ૦–૮–૦ **શ્રી યશોવિજયજી જૈન ગ્રન્થમાળા તરફથી ભેટ મળી છે.**

સન્માન સમારંભ

અમારી સભાના પેટ્રન સાહેબ અમદાવાદનિવાસી (હાલ મુંબઇ) શેઠશ્રી બબલચંદ કેશવલાલ મોદી અત્રે પધારતા તેમને માનપત્ર આપવાનો મેળાવડો માગશર વદિ ૦)) ના રોજ બપોરના ચાર કલાકે શ્રી. ભોગીલાલ લેકચર હૉલમાં શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો. જે સમયે સભાના સભાસદો ઉપરાંત આમંત્રિત ગૃહસ્થો સારા પ્રમાણમાં હાજર રહ્યા હતા.

શરૂઆતમાં સભાના સેક્રેટરી શ્રી જાદવજીભાઇ ઝવેરભાઇએ આમંત્રણ પત્રિકા વાંચ્યા બાદ સભાના પ્રમુખ શ્રી. ગુલાબચંદભાઇ આણંદજીએ શેઠશ્રી ભોગીલાલભાઇનો ટૂંકે પરિચય આપી પ્રમુખ તરીકેની દરખાસ્ત મૂકી હતી જેને સભાના ટ્રેઝરર શેઠ અમૃતલાલભાઇ છગનલાલે ટેકો આપ્યો હતો.

ત્યારબાદ સભાના સેક્રેટરી શ્રી. વલ્લભદાસભાઇ ત્રિભુવનદાસ ગાંધીએ જણાવ્યું કે મેળાવડાના પ્રમુખ શેઠશ્રી ભોગીલાલભાઇનો પરિચય આપવો તે સોનાને ઢોળ ચઢાવવા જેવું છે; કારણકે તેઓશ્રી ગુજરાતના વતની હોવા છતાં આપણામાં એવા ઓતપ્રોત થઇ ગયા છે કે તેઓ જાણે કે ભાવનગરી જેવાજ થઈ ગયા છે. તેમની ઉદારતા સંબંધી વિવેચન કરતાં જણાવ્યું કે તેઓએ પ્રજાહિતનાં અનેક કાર્યો કરવા ઉપરાંત રાજ્યનો પણ તેટલોજ ચાહ મેળવ્યો છે. ભાવનગરની કોઇપણ જાહેર સંસ્થા તેમના સહકાર વગરની નહિ હોય. આ રીતે આજના મેળાવડાના આપણને યોગ્ય પ્રમુખ મળ્યા છે તે સુયોગ્ય જ થયું છે.

ત્યારપછી તેઓએ શેઠ શ્રી બબલચંદભાઇનો પરિચય આપતાં જણાવ્યું કે તેઓ કૃષિકાર, ઉદ્યોગપતિ અને સાક્ષર પણ છે. તેમના પિતા અમદાવાદના બાહોશ ધારાશાસ્ત્રી હતા અને આપણા પવિત્ર તીર્થ શ્રી સમેતશિખરજીની લડત માટે વિલાયત પણ ગયા હતા જેમાં તેમણે સફળતા મેળવી હતી. આ રીતે બાહોશ ધારાશાસ્ત્રીના તેઓ એક વાણિજ્યશાસ્ત્રી પુત્ર છે. શ્રી બબલચંદભાઇએ માત્ર વીશ વર્ષની વયે 'તરંગવતી' જેવા ગ્રંથનું સંપાદન કાર્ય કરેલ, જે તેમની સાહિત્યભક્તિ અને વિદ્વત્તા સાબિત કરે છે. માત્ર તેઓ એક કુશળ વેપારી છે એટલું જ નહિ પણ રાષ્ટ્રિય હિત તથા હરિજન પ્રવૃત્તિમાં પણ સારો રસ ધરાવે છે. તે ઉપરાંત સભાના સાહિત્ય પ્રકાશન સંબંધી વિસ્તારથી સુંદર ભાષામાં પરિચય આપ્યો હતો.

ત્યારબાદ સેક્રેટરી શ્રી. વિઠ્ઠલદાસ મૂળચંદ શાહે માનપત્ર વાંચી સંભળાવ્યું હતું. જે શ્રી. ભોગીલાલભાઇના સુધારક હસ્તે શેઠશ્રી બબલચંદભાઇને ચાંદીના કારકેટમાં એનાયત કરવામાં આવ્યું હતું. બાદ શ્રી ભોગીલાલભાઇએ પોતાનું પ્રમુખ તરીકેનું વક્તવ્ય રજૂ કર્યું હતું. જેમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે લાયક ગૃહસ્થને લાયક માન અપાય તે ઉચિત જ છે. શ્રી. બબલચંદભાઇમાં વિદ્વત્તા તથા સંપત્તિનો સુયોગ છે અને તેઓશ્રી અનેક સંસ્થાઓમાં હોદ્દો ધરાવી સેવા આપી રહ્યા છે.

બાદ શ્રી. બબલચંદભાઇએ જવાબમાં જણાવ્યું કે—

મેં ઘણા ગૃહસ્થોને માનપત્રો આપ્યા છે; માનપત્ર લેવાનો મારા જીવનમાં આ પહેલો જ પ્રસંગ છે. માનપત્ર સ્વીકારવું એ ઘણીજ જવાબદારીનું કાર્ય છે. જેને કાર્ય કરવું છે, મૂકભાવે સેવા જ કરવી છે,

અને પ્રગતિના પંથે આગેકૂચ કરવી છે તેને માટે માનપત્ર એક આડખીલીરૂપ છે, તેનાથી તેનો વિકાસ રૂંધાય છે. પ્રશંસાને પચાવવી એ ખરેખર દુષ્કર છે. હું તો અહિં આપ સર્વની સમક્ષ એ માટે ઊભો થયો છું કે મેં હિંદુસ્તાનમાં પરિભ્રમણ કર્યું છે તેના અનુભવોના વિચારોની આપ સજ્જનોની સમક્ષ આપલે કરૂં.

સભાનું કાર્ય સારું છે, પ્રશંસનીય છે, પણ હું એક દિશાસૂચન કર્યા વગર નહિ રહી શકું. ફક્ત સારાં પ્રકાશનો કરવાથી સંતોષ ન માનશો. પ્રાચીન પુસ્તકો મોટા પ્રમાણમાં પ્રકાશમાં આવ્યા છે અને આવી રહ્યા છે, પરંતુ ૧૩૦૦ થી ૧૭૦૦ ના ગાળાના પુસ્તકો પોતાનો ઉદ્ધાર માગી રહ્યા છે. તેને પ્રકાશમાં લાવવા સૂચન કર્યું હતું.

'વસુદેવ હિંડી' એક એવો અપૂર્વ ગ્રંથ છે કે જેનાં વર્ણન માટે મારી પાસે શબ્દો નથી. તે એક એવી ઉચ્ચ કોટિનો ગ્રંથ છે કે જેને ફક્ત જૈન સમાજ જ નહિ, પણ ઇતર સમાજ પણ પોતાના તરીકે અપનાવી શકે. આ યુગમાં પુસ્તકોને પ્રકાશમાં લાવવા તે ઉચિત તો છે જ. પણ આપણે પોતે આપણી જાતને પણ પ્રકાશમાં લાવવાની ખરી અગત્ય છે. છેલ્લા સેન્સસ રિપોર્ટમાં પાંત્રીશ હજારની જૈન વસ્તીવાળું ફક્ત એકજ શહેર છે, એક હજારની સંખ્યાવાળા ફક્ત ચૌદજ શહેર છે, જ્યારે બાકીના શહેરો તેનાથી ઓછી વસ્તીવાળા છે. અને આપણી સંખ્યા ફક્ત પંદર લાખની છે. આ સ્થિતિ કોઇપણ રીતે નભી શકે તેવી નથી.

કોઇપણ કાર્ય પૈસા વગર અટકતું નથી ને પૈસા મેળવવા માત્રથી પૂરું થતું નથી. કોઈપણ સંસ્થાના કાર્યને દીપાવવા માટે ઉત્સાહી કાર્યકરોની જ જરૂર છે. એક ગૃહસ્થ પાસે પચાશ લાખ રૂપિઆ હોય તે એક મીલ કરી શકશે, પણ ચલાવી નહિ શકે. કારણ કે જો તે તેનો આત્મા બનશે એટલે કે કાર્યકર બનશે તો જ મીલનું ભૂંગળું વાગી શકશે.

દુનિયાભરના કોઇપણ ધર્મ કરતાં જૈન ધર્મ વિશિષ્ટ છે, કારણ કે તે બુદ્ધિઆલ્ય છે. બુદ્ધિના પાયા પર તેની રચના થઇ છે. બાળજીવ પણ સમજી શકે તેવી ભાષામાં તેના આગમોની રચના થઇ છે તેમાં આપણને એમ ફરમાવવામાં નથી આવ્યું કે ભગવંતોએ કહ્યું છે માટે સ્વીકારી લ્યો, ગણધરોએ પ્રરૂપ્યું છે માટે માથે ચઢાવી લ્યો. પૂર્વપુરુષોએ તો શંકાઓનું સમાધાન કર્યું છે અને એ રીતે બુદ્ધિની એરણ પર કસાઇને જૈનધર્મ શુદ્ધ કાંચનસમ બનેલો છે. આવા ધર્મના અનુયાયી હોવું એ ખરેખર જીવનનો અમૂલ્ય લહાવો છે.

છેવટે પરસ્પર આભાર માની હારતોરા એનાયત થયા પછી દુગ્ધપાનને ઇન્સાફ આપી મેળાવડો વિસર્જન થયો હતો.

આ પ્રસંગે અ. સૌ. ચંચળબેન ભોગીલાલભાઇ, અ. સૌ. વસુમતી જયલચંદભાઈ તથા અ. સૌ. મધુમતી રમણીકલાલભાઇના નામો સભાના પહેલા વર્ગના લાઇફ મેમ્બર તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

મેનેજીંગ કમીટી.

બેઠલાઓમાં ડાબી બાજુથી—૧ શ્રી. વિઠ્ઠલદાસ મૂળચંદ, ૨ શ્રી. વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી, ૩ પ્રો. ખીમચંદભાઇ ચાંપશી શાહ, એમ. એ. ૪ શેઠ શ્રી. ગુલાબચંદ આણંદજી, ૫ શેઠશ્રી. અમૃતલાલ છગનલાલ, ૬ શાહ જાદવજી ગવેરભાઇ, ૭ શ્રી. સવાઇલાલ અમૃતલાલ.

ઉભેલાઓમાં ડાબી બાજુથી—૮ શાહ દેવચંદ દુલભજી, ૯ શ્રી રમણીકલાલ માણેકચંદ નાગાવટી, ૧૦ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ, ૧૧વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ, ૧૨ શ્રી. નગીનદાસ હરજીવનદાસ.

॥ श्री चिंतामणि पार्श्वनाथाय नमः ॥

શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગરનો

૫૦ મા વર્ષનો—

રિપોર્ટ.

(સંવત ૨૦૦૨ ના કારતક શુદ ૧ થી આશો વદિ ૦)) સુધી.)

શુભ બંધુઓ અને બહેનો !

આ સભાનો આ ૫૦ પચાસમા વર્ષનો રિપોર્ટ, આવક, જાવક, હિસાબ સર્વ કાર્યવાહી સાથે આપની સમક્ષ રજુ કરતાં અમો સેક્રેટરીઓને આનંદ થાય છે. ગુરૂદેવની કૃપા, અનેક બંધુઓના સહકાર અને સહાયવડે દિવસાનુદિવસ દરેક કાર્યમાં આ સભા પ્રગતિ કરી રહી છે. આ સંસ્થાથી વય વધતા તેનું ગૌરવ, પ્રતિષ્ઠા વધતી જાય છે, તેમ તેમ સાહિત્ય, દેવગુરૂભક્તિ, બંને પ્રકારથી કેળવણીને ઉત્તેજન વગેરે આત્મ કલ્યાણના કાર્યો અને તેમને માટે નવા નવા મનોરથો પણ વધતા અને તે પુર્ણ થતાં જાય છે. હવે તે એકાવનમા વર્ષમાં પ્રવેશ કરી ચૂકી છે, વગેરે હકીકતો આપ સમક્ષ નિવેદન રજુ કરતાં હર્ષ પામીયે છીએ.

સ્થાપના:—સં. ૧૯૫૨ નાં દ્વિતીય જેઠ સુદી ૨ ના રોજ પ્રાતઃસ્મરણીય શ્રી આત્મારામજી મહારાજની ગુરૂભક્તિ અને સ્મરણ નિમિત્તે (ગુરૂદેવના સ્વર્ગવાસ પછી પચ્ચીશમે દિવસે) આ સભાનું *સ્થાપન કરવામાં આવ્યું છે.*

ઉદ્દેશ—જૈન બંધુઓ અને બહેનો ધર્મ સંબંધી ઉચ્ચજ્ઞાન પ્રાપ્ત કરે તેવા ઉપાયો યોજવા, બંને પ્રકારની કેળવણીની વૃદ્ધિને માટે સ્કોલરશીપ વગેરેથી યથાશક્તિ સહાય કરવા, પૂર્વાચાર્ય મહારાજ-કૃત પ્રાકૃત, સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં ઉચ્ચ કક્ષાના સાહિત્ય પ્રકાશન અને બને તેટલી ઉદારતાથી તેનો બહોળો પ્રચાર કરવા અને ભેટ આપવા, વિવિધ સાહિત્યના ગ્રંથોનો સંગ્રહ કરી એક જ્ઞાન-મંદિર કરવા અને ફ્રી લાયબ્રેરી મફત વાંચન પૂરૂં પાડવા, પુણ્ય પ્રભાવક, દાનવીર, વગેરે જૈન બંધુઓનો યોગ્ય સત્કાર કરવા, વગેરેથી સ્વપર આત્મકલ્યાણ કરવાનો છે.

બંધારણ—૧ પેટ્રન સાહેબો, ૨-૩-પહેલા અને બીજા વર્ગના લાઇફ મેમ્બરો અને ૪ વાર્ષિક સભાસદો મળી ચાર પ્રકારે છે.

ગયા વર્ષની આખર સુધીમાં ૨૭ પેટ્રન સાહેબો થયેલા છે તેઓશ્રીની નામાવળી.

૧ શેઠ સાહેબ ચન્દુલાલ સારાભાઇ મોદી બી. એ.
૨ રાવસાહેબ શેઠશ્રી કાન્તીલાલ ઈશ્વરલાલ જે. પી.
૩ શેઠ સાહેબ માણેકચંદ જેચંદભાઇ
૪ ,, નાગરદાસ પુરૂષોત્તમદાસ
૫ ,, રતિલાલ વાડીલાલ
૬ ,, માણેકલાલ ચુનીલાલ જે. પી.
૭ ,, કાન્તીલાલ બકોરદાસ
૮ રાવબહાદુર શેઠશ્રી નાનજીભાઇ લવાભાઈ
૯ શેઠ સાહેબ ભોગીલાલભાઇ મગનલાલ
૧૦ ,, શ્રી રતિલાલભાઈ વર્ધમાન
૧૧ ,, શ્રી પદ્મશીભાઇ પ્રેમજી
૧૨ ,, શ્રી રમણિકલાલ ભોગીલાલભાઇ
૧૩ ,, શ્રી મોહનલાલ તારાચંદ
૧૪ શેઠ શ્રી જાદવજી નરસીદાસ
૧૫ ,, શ્રી ત્રિભુવનદાસ દુર્લભદાસ
૧૬ ,, શ્રી ચંદુલાલ ટી. શાહ
૧૭ ,, શેઠ સાહેબ શ્રી રમણિકલાલ નાનચંદ
૧૮ ,, શ્રી દુર્લભદાસ ઝવેરચંદ
૧૯ ,, શ્રી દલીચંદ પુરૂષોત્તમદાસ
૨૦ ,, શ્રી ખાંતિલાલ અમરચંદભાઇ
૨૧ રાવબહાદુર શ્રી જીવતલાલભાઇ પ્રતાપસી
૨૨ શેઠ સાહેબ શ્રી અમૃતલાલભાઇ કાલીદાસ
૨૩ ,, શ્રી ખુશાલભાઈ ખેંગારભાઇ
૨૪ ,, શ્રી કાન્તીલાલ જેશીંગલાલ
૨૫ ,, શ્રી બબલચંદભાઈ કેશવલાલ મોદી
૨૬ ,, શ્રી ચંદ્રકાન્તભાઈ ઉજમસી
૨૭ ,, શ્રી પુંજાભાઇ દીપચંદ

૧ **પેટ્રન સાહેબો**—આ સભાની ઉત્તમ અને પ્રમાણિક કાર્યવાહીની નોંધ, વહીવટ વગેરે દર વર્ષેજ રિપોર્ટદ્વારા સર્વ પ્રગટ કરવામાં આવતું હોવાથી, ભંડોળ નાણાં જામીનગીરીમાં રહેતાં હોવાથી, જૈન શ્રીમંત અને વિદ્વાન બંધુઓ, ધર્મવીરો, જૈન નરરત્નો, પ્રતિષ્ઠિત પુણ્ય પ્રભાવક પુરૂષો, આ સભાનું પેટ્રન (મુરબ્બી પદ) હોંશે હોંશે સ્વીકારે છે. તેઓશ્રીને કેટલાક આગલા ગ્રંથો સિલીકમાં હોય તે પણ ભેટ અપાય છે. અને તેઓશ્રીને હવે પછી પ્રકટ થતાં નવા સાહિત્યના ઉંચા પ્રકારનાં અનેક ગ્રંથો ભેટ પણ સભા આપે છે આત્માનંદ પ્રકાશમાં ફોટા સાથે જીવનવૃત્તાંત તે જ વખતે આપવામાં આવે છે. ધારા પ્રમાણે ઓઇલ પેઇન્ટીંગ ફોટો સભાના વિશાળ મકાનમાં સ્થાપિત કરવામાં આવે છે. વગેરે કારણોથી આ બે વર્ષમાં પેટ્રન સાહેબોની સંખ્યામાં વૃદ્ધિ થઇ છે.

---

૨ **પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરો ૧૯૯–અને બીજા વર્ગના લાઇફ મેમ્બરો ૩૩૦ છે.** અને આ બે વર્ગોના સભ્યોને ઉદારતાથી પ્રકાશન ગ્રંથો ભેટ બીજા આત્મિક લાભ સાથે પણ આર્થિક લાભ સુંદર વાંચન સાથે આપવામાં આવે છે. તે સમજી, જાણી, વાંચી દર વર્ષે અનેક જૈન બંધુઓની તે બંને વર્ગોમાં વૃદ્ધિ થતી જાય છે. અત્યારે છાપકામના તમામ સાધનોની મોંઘવારી વધતી જતી હોવા છતાં મ્હોટો ખર્ચ થતાં નીચે જણાવ્યા પ્રમાણે તેમાં જતી ખોટને લઇને અત્યારે મુશ્કેલી હોવા છતાં તે બંને પ્રકારના સભાસદોને ધારા પ્રમાણે આગલી છપાયેલ કેટલીક અને સભાસદ થયાં પછીના સર્વ નવા નવા સુંદર ગ્રથો ભેટ અપાયે જાય છે. લાઇફ મેમ્બરોના આ બે વર્ગો ભેટના ધારવા પ્રમાણે બીજા કોઇ સંસ્થામાં નથી તેમ તે તે વર્ગોના સભાસદોને ભેટો આ સભાની જેમ કોઇ આપી શકતું નથી.

હકીકત એ છે કે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોનું (રૂ. ૧૦૧) નું વ્યાજ વર્ષે બેજ રૂપીયા

આવતું હોવા છતાં હાલ વિશેષ મોંઘવારી છાપવાનાં કામમાં વધેલી હોવાથી સભા તરફથી છપાતાં સીરીઝનાં ગ્રંથોની લડાઇ પહેલાં અને દરમ્યાન લેવાયેલી એક હજારની રકમના હાલ ત્રણ હજાર, બે હજારની રકમનાં છ હજાર, ત્રણ હજારની લેવાયેલ રકમનાં નવ હજાર તે તે ગ્રંથોમાં ખર્ચ થતો હોવાથી (વિશેષ રકમ સભાને ઉમેરવી પડે છે છતાં) ધારા પ્રમાણે પ્રથમ વર્ગનાં લાઇફ મેમ્બરોને ગમે તેટલી કિંમતના ગ્રંથો ફ્રી અને બીજા વર્ગના લાઇફ મેમ્બરને બે રૂપીયા સુધીના કોઇપણ ગ્રંથ ભેટ અને વધારાની કિંમતના ગ્રંથની કિંમતમાંથી બે રૂપીયા ભેટના બાદ કરી બાકીની કિંમત લઇ ભેટ અપાય છે. વાંચકો જોઇ શકશે કે તેવી ઉદારતા (મુશ્કેલી હોવા છતાં) ભેટના ગ્રંથો માટે આ સભા ધરાવે છે. હાલમાં થોડા વખતમા પ્રસિદ્ધ થતાં શ્રી વીર પ્રભુના સમયની મહાદેવીઓ, શ્રી સંઘપતિ ચરિત્ર સુમારે બંનેની કિંમત રૂ. ૯॥)ના ધારામુજબના ગ્રંથો ભેટ સભાસદોને મળશે. આ સભામાં લાઇફ મેમ્બરોની જે વૃદ્ધિ થઇ રહી છે તે તેના કારણો ઉપર બતાવ્યા પ્રમાણે ભેટનો સારો લાભ મળે છે તે પણ છે.

*ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરોનો વર્ગ ઘણા વર્ષો પહેલાં હતો તે કમી કરવામાં આવેલ છે, તેમાં સાત સભ્યો છે.

૪ **વાર્ષિક સભ્યો,** ૪૦ ચાલીશ છે. તેમને આત્માનંદ પ્રકાશ માસિક તેના અંગેની ભેટની બુક સાથે અપાય છે અને આત્માનંદ પ્રકાશ સર્વ સભાસદોને પણ ભેટ અપાય છે. જેથી ગયા વર્ષ સુધી ઉપરના સર્વ વર્ગોમાં મળી કુલ ૫૪૩ સભ્યો, અત્રે તેમજ બહાર ગામના જૈન બંધુઓ જૈન સંઘો, સંસ્થાઓ, લાઇબ્રેરીઓ, અને જૈન બ્હેનો મળીને છે. ઉત્તરોત્તર વૃદ્ધિ થતી જાય છે. અત્યાર સુધીમાં થયેલા સભ્યો ભેટના ગ્રંથોની એક સારી લાઇબ્રેરી કરી શકયા છે. નવા થતાં સભાસદોના નામો તે વખતે જ માસિકમાં પ્રગટ કરવામાં આવે છે.

શ્રી આત્મારામજી જૈન ફ્રી લાયબ્રેરી—જેમાં આખર સાલ સુધીમાં નવ વર્ગોમાં તેની સંખ્યા અને કિંમત સાથે નીચે મુજબ આપવામાં આવેલ છે. નવા ગ્રંથો ખરીદી લાઇબ્રેરીમાં દાખલ કરવામાં આવે છે. પેપરો કુલ ૫૦ નીયમિત આવે છે. જૈન જૈનેતર બંધુ ફ્રી લાભ સારી સંખ્યામાં લે છે.

વર્ગ ૧ લો	જૈન ધર્મના છાપેલા ગ્રંથો	૨૭૧૧	કિં.	રૂ. ૩૭૮૮)
વર્ગ ૧ લો અ	,, પ્રતાકારે	૭૦૬	,,	૧૧૯૭)
વર્ગ ૨ જો	,, આગમો	૨૯૭	,,	૧૬૩૬॥≈
વર્ગ ૩ જો	હસ્તલિખિત પ્રતો	૧૭૩૬	,,	રૂ. સુમારે પચાસ હજાર ઉપરાંતની કિંમતનાં
વર્ગ ૪ થો	સંસ્કૃત ગ્રંથો	૪૭૬	,,	૧૫૨૭॥
વર્ગ ૫ મો	નીતિ નોવેલ–વિવિધ સાહિત્યનાં ગ્રંથો	૩૬૩૫	,,	૫૫૪૪॥≈
વર્ગ ૬ ઠ્ઠો	અંગ્રેજી બુકો	૨૧૬	,,	૬૧૪॥≈
વર્ગ ૭ મો	માસિકની ફાઇલો વગેરે	૭૨૬	,,	૨૨૮૮॥
વર્ગ ૮ મો	હિંદી સાહિત્યના ગ્રંથો	૩૧૯	,,	૬૬૨)
વર્ગ ૯ મો	બાળ વિભાગ ગ્રંથો	૨૯૮	,,	૧૬૩॥
	કુલ ગ્રંથો	૧૧૧૨૦		રૂ. ૧૭૪૨૩≈

હસ્તલિખિત પ્રતોની કિંમત સુમારે રૂપિયા પચાસ હજાર ઉપરાંતની છે, તેની કિંમતનો સમાવેશ ઉપરમાં થતો નથી.

શ્રી આત્માનંદ પ્રકાશઃ—ચુમાલીશ વર્ષથી પ્રગટ થાય છે. તેની હજાર ઉપરાંત કોપી છપાય છે. લડાઇ દરમ્યાન અને પછી વધતી જતી છાપકામની તમામ પ્રકારની સખ્ત મોંઘવારીને લઇને માસિકનો બાર અંકનો શુમારે ત્રણ રૂપીયા ખર્ચ આવે છે. વાર્ષિક લવાજમ વધારેલ નહિ હોવાથી શુમારે એક અંકના બાર માસના રૂ ૧-૪-૦ નો તોટો પડે છે, છતાં તે મોંઘવારી પહેલાના ૩૮ વર્ષ દરમ્યાન તેટલુંજ લવાજમ માસિકનું હતું, તેમાં સહજ નફો રહેતો તે આવકનો હિસાબ ગણી હાલમાં માસિક ખાતે થતી મોટી ખોટની મુંઝવણનો ઊકેલ તે અને બીજી રીતે કરી, આત્માનંદ પ્રકાશ માસિક માટે ફંડ, ઉઘરાણું કરી સભ્યો કે ગ્રાહકો પાસે મદદ માટે યાચના કરી નથી, કારણ કે ધારવા પ્રમાણે આવી સખ્ત મોંઘવારી પણ બે ત્રણ વર્ષથી વધારે રહેવા સંભવ નથી. તેમ માની તે માટેની ભેટની બુક પણ મુદતસર જુદી જુદી સાહિત્યની આપવાનો ક્રમ ચાલુ જ રાખ્યો છે તેથી જ આત્માનંદ પ્રકાશના ગ્રાહકો નવા નવા વધતાં જાય છે.

જ્ઞાનમંદિર—ઉદ્દેશ પ્રમાણે **જ્ઞાનમંદિરની** કરવાની તૈયારી ચાલે છે. હસ્તલિખિત પ્રતો તથા છાપેલી પ્રતો મળી કુલ ૨૦૩૩ ની સંખ્યા સભા પાસે છે. તે માટે જુદું સભાના મકાનની પડખે લેવાયેલ મકાનને તે જ્ઞાનમંદિરનું સંરક્ષણ થાય તે રીતે તૈયાર કરવાનું ચાલુ છે. પ્રાતઃસ્મરણીય પ્રવર્તકજી **કાન્તિવિજયજી** મહારાજશ્રીનો પરમ-મહદ્ ઉપકાર આ સભા ઉપર હતો, જેથી તેઓ સાહેબના સ્મરણાર્થે તે મહાપુરૂષનું નામ જોડવાનો આ સભાએ ઠરાવ કરેલો છે. તે જ્ઞાનમંદિરના સુંદર મકાનના ખર્ચ માટે કોઇ ઉદારદીલ, દાનવીર **જૈન** બંધુ ઉદારતા બતાવે તો તે જ્ઞાનમંદિરના મકાનને તેમનું આરસની તકતી વડે નામ જોડવાનો સભા વિચાર કરે છે, તેમજ તૈયાર થયે તેની મંગળમય ઊદ્ઘાટન ક્રિયા પણ કોઇ પુણ્યપ્રભાવક, જ્ઞાન, ગુરૂભક્તિના ઉપાસક જૈનબંધુના મુબારક હસ્તે કરાવવા પણ સભા ઇચ્છા ધરાવે છે.

---

૧ અમારૂં સાહિત્ય પ્રકાશન, પ્રચાર અને તેનું ઉદારતાપૂર્વક ભેટ ખાતું—અત્યાર સુધીમાં વિવિધ સાહિત્યોના (પુર્વાચાર્યકૃત) જેવાકે આગમો, મહાપુરુષોના સુંદર ચરિત્રો, તત્વજ્ઞાન, ગણીત, નાટકો, ઐતિહાસિક, કાવ્યો, સંસ્મરણો વગેરેના મૂળ અને કેટલાકના અનુવાદ ગ્રંથો મળી કુલ ગ્રંથો બસેંહની સંખ્યામાં પ્રગટ થયા છે જેનું લીસ્ટ પાછળ આપવામાં આવ્યું છે તે સભાની માલેકીના શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા, શ્રી આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા, શ્રી આત્માનંદ શતાબ્દિ જૈન સીરીઝ, પ્રવર્તકજી શ્રી કાન્તિવિજય ઐતિહાસિક ગ્રંથમાળા, અને જુદા જુદા જૈન બંધુઓની ગુજરાતી (સીરીઝ) જેમાં કેટલાક ગ્રંથમાળાના (ખાતા) વહીવટ કરવાના પણ ઉપર બતાવેલ સાથે છે.

આ સર્વ પ્રકાશનો માટે વિદ્વાન મુનિરાજો, જૈન અને જૈનેતર સાક્ષરો, સાહિત્યકારો, પરદેશી દર્શનશાસ્ત્રીઓએ ઉચ્ચ સાહિત્યના માટે મુલાકાત લઇ તપાસી આનંદ વ્યકત કર્યો છે અને કરે છે. વળી પરમ ઉપકારી મુનિમહારાજો તથા જૈન જૈનેતર વિદ્વાનોને ઉદારતાપૂર્વક ગયા વર્ષ સુધીમાં રૂા. ૨૫૭૫૭) ના મૂળ તથા અનુવાદોના ગ્રંથો (વગર મૂલ્યે) ભેટ આપ્યા છે. જે આવું ઉચ્ચ કોટીનું સુંદર સાહિત્ય પ્રકાશન અને આટલી મ્હોટી રકમની ભેટ જે ઉદારતાપૂર્વક આ સભા કરી

રહેલ તથા કોઈ સંસ્થા કરી શકેલ નથી તે માટે સભા ગૌરવ લે છે અને તેથી સભાની પ્રતિષ્ઠામાં ઓર વધારો થયેલો છે. અને તે-સુંદર પ્રકાશનો માટે જૈન જૈનેતર વિદ્વાનોના સુંદર અભિપ્રાયો મળેલા છે.

પ્રથમથી અત્યાર સુધીમાં થયેલ પેટ્રન અને લાઇફ મેમ્બરોનો ધારા પ્રમાણે આપેલા ભેટના ગ્રંથોની કિંમત પણ હજારો રૂપીયાની થાય છે તે રકમ ઉપરની ભેટની રકમથી જુદી છે.

આ વર્ષમાં શ્રી મહાવીરસ્વામીના યુગની મહાદેવીઓ સચિત્ર રૂ. ૩-૮-૦ તથા સંઘપતિ ચરિત્ર રૂ. ૬-૦-૦ શુમારે ૯-૮-૦ ની કિંમતના એ બે ગ્રંથો એકાદ મહિના પછી અને શ્રી વસુદેવ હિંદી ગુજરાતી ભાષાંતર તૈયાર થયેથી તે પણ તેઓ સાહેબને ભેટ અપાશે.

છપાતાં અનુવાદો શ્રીપાર્શ્વનાથ ચરિત્ર, શ્રીશાંતિનાથ ચરિત્ર (સચિત્ર) અને કથારત્નકોષ જે દરેકની કિંમત શુમારે રૂ. ૫) કે વધારે (મધ્યત મોંઘવારીને લક્ષને ઓછી નહિં તે) સર્વ થયો તૈયાર થયે અમારા સભાસદોને ધારા પ્રમાણે ભેટ અપાશે માટે કોઇ પણ જૈન બંધુઓએ આ સભામાં પેટ્રન અને લાઇફ મેમ્બર થઇ વેળાસર લાભ લેવા જેવું છે.

શ્રી નેમનાથ-ચરિત્ર, શ્રી સુમતિનાથ ચરિત્ર અનુવાદ તૈયાર કરી આર્થિક સહાય માટે છપાવવા વિચાર સભા ધરાવે છે. અમારા સાહિત્ય પ્રકાશન માટે કોઇ પણ બંધુ બહેન ધારા પ્રમાણે એક સારી રકમ આપેથી તેમના નામથી ગ્રંથમાળા પ્રગટ કરવામાં આવે છે ને જ્ઞાનભક્તિ થવા સાથે નામ અમર રહી જાય તેવું છે. જ્ઞાન-સાહિત્ય ઉદ્ધાર માટેના અમારા પ્રકાશનમાં સુકૃતની મળેલ લક્ષ્મીનો આ રીતે જ્ઞાનભક્તિ કેટલાક શ્રીમંત બંધુઓએ લાભ લીધો છે જેના નામો પાછલ આપવામાં આવ્યા છે. આ લાભ અન્ય શ્રીમંત જૈન બંધુઓ અને બહેનોએ ખાસ લેવા જેવું છે.

મૂળ સંસ્કૃત ગ્રંથોમાં શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર છપાય છે અને અન્ય ગ્રંથોનું સંશોધન કાર્ય ચાલે છે શ્રી બૃહત્કલ્પ છઠ્ઠો ભાગ (મૂળ) હવે પછી પ્રગટ થશે.

પ્રાતઃસ્મરણીય પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી મહારાજ તથા સાહિત્યરસિક સહકૃત મુનિરાજશ્રી ચતુરવિજયજી મહારાજશ્રીનો તે માટે સભા ઉપકાર અતહદ ઉપકાર હતો, અને હાલમાં વિદ્યમાન સાક્ષરવર્ય, સાહિત્યરસિક મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ પણ આ સભા ઉપરની પૂર્ણ કૃપાને લક્ષને પ્રાચીન સાહિત્યના નવા નવા ગ્રંથોની યોજના તથા સંશોધન કાર્ય અતિ પરિશ્રમપૂર્વક કરી જૈન સમાજ અને આ સભા ઉપર ખાસ ઉપકાર કરી રહ્યા છે, જેથી તેઓ સાહેબનો આ સભા અંતઃકરણપૂર્વક આભાર માને છે. અને તેઓ કૃપાળુશ્રીની આવી કૃપાવડેજ આવા સુંદર પ્રકાશનોનો આ સભા પ્રચાર કરી રહેલ છે.

આચાર્ય મહારાજશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પણ આ સભા ઉપર કૃપા છે.

મળેલા ફંડો—શ્રી મૂળચંદભાઇ સ્મારક કેળવણી ફંડ, બાબુ પ્રતાપચંદજી ગુલાબચંદજી કેળવણી ફંડ, અને આ સભાએ સભાસદો વગેરે વડે કરેલું પ્રાતઃસ્મરણીય શ્રી કાન્તિવિજયજી મહારાજના સ્મારક કેળવણી ફંડ (જેમાં હજી કેટલાક સભ્યોની રકમ ભરાવવાની છે) તેમાંથી બંને પ્રકારની કેળવણીના ઉત્તેજન અર્થે તેના વ્યાજમાંથી સ્કોલરશીપો, બુકો, જૈન વિદ્યાર્થીઓનો રૂ. ૧૫૦) શ્રી વૃદ્ધિચંદજી સામાયક શાળાને રૂ. ૨૦) અને ઉજમબાઇ જૈન કન્યાશાળા જે તેનો વહીવટ કરવા સાથે રૂ. ૧૨૫) મળી રૂ. ત્રણસો ઉત્તેજન અર્થે અપાય છે. ખોડીદાસ નિરાશ્રિત ફંડનો ઠરાવ મુજબ જૈન ભાઇઓને રાહત અપાય છે.

મહોત્સવો—સભાની વર્ષગાંઠ જેઠ શુદ ૭ ના રોજ દેવભક્તિ-પૂજા આંગી વગેરેથી કરવામાં આવે છે. શેઠ હઠીસીંગભાઇ ઝવેરચંદના તરફથી સભાને તેઓશ્રીએ પોતાની હૈયાતીમાં એક રકમ આપેલી છે તેના વ્યાજમાંથી, તેમજ વધારાના રૂ. ૧૫૦૦) આપવા કહેલ તે રકમનું વ્યાજ રૂ. ૬૦) તેઓશ્રીના ધર્મપત્ની શ્રીમતી હેમકુંવર બ્હેન તરફથી આવતું હોવાથી તેનાથી પ્રીતિભોજન પણ સાથે દરવર્ષે કરવામાં આવે છે. કારતક શુદ પાંચમના રોજ જ્ઞાન પધરાવી પૂજન કરી ભક્તિ કરવામાં આવે છે.

આનંદ મેળાપ—દર બેસતે વર્ષે આ સભાના પ્રમુખ શેઠ શ્રી ગુલાબચંદ આણંદજીએ આપેલી રકમના વ્યાજમાંથી સભાસદોને દુધપાર્ટી અપાય છે અને મેમ્બરો તરફથી પ્રથમ જ્ઞાનપૂજન પણ થાય છે.

દેવભક્તિ અને ગુરૂજયંતિઓ—પ્રાતઃસ્મરણીય શ્રી **આત્મારામજી મહારાજ**ની જન્મ તિથિ ચૈત્ર શુદ ૧ ના રોજ હોવાથી શ્રી ગુરૂદેવની જયંતિ દર વર્ષે સભાસદો **શ્રી પવિત્ર શત્રુંજય તીર્થે** જઇ વિવિધ પૂજા તથા શ્રી આદિનાથ પ્રભુ શ્રી પુંડરીકજી તથા ગુરૂશ્રીની આંગી રચવા સાથે સભાસદોનું સ્વામીવાત્સલ્ય દર વર્ષે ત્યાં કરવામાં આવે છે. સભા માટે આ એક અપૂર્વ ભક્તિદિન છે અને સર્વ સભાસદોને યાત્રાના લાભ મળે જાય છે. આ ગુરૂભક્તિના ઉત્તમ કાર્ય માટે ગુરૂભકત ઉદારદીલ શેઠ સકરચંદભાઇ મોતીલાલ મુળજીએ એક રકમ સભાને સુપ્રત કરી છે, જેના વ્યાજમાંથી ખર્ચ થાય છે.

દર વર્ષે માગશર વદિ ૬ ના રોજ પ્રાતઃસ્મરણીય **મૂળચંદજી મહારાજ**ની શ્રીતાલધ્વજગિરિ તીર્થે ઉજવવાનો ઠરાવ થયેલો છે તેથી દરવર્ષે હવેથી ત્યાં આસો શુદિ ૧૦ના રોજ તેઓશ્રીના સુશિષ્ય શાંતમૂર્ત્તિ પરમકૃપાળુ **શ્રી વિજયકમળસૂરીશ્વરજી** મહારાજની જયંતિઓ માટે થયેલા ફંડોના વ્યાજમાંથી ઉપરોકત રીતે દેવગુરૂભકિત વગેરેથી અત્રે જયંતિ ઉજવાય છે. આ સભાનું ધન્ય ભાગ્ય છે કે ગુરૂભકિતના આવા પ્રસંગો સાંપડ્યા છે,

---

ઉપરોકત કાર્યવાહી જોઇ જાણી સભાના કોઇપણ કાર્યમાં-જ્ઞાનોદ્ધાર-સાહિત્ય પ્રકાશન, પ્રચાર, ગુરૂભકિત-કેળવણી ઉત્તેજન તેવા સઘળા કાર્યોમાં આર્થિક સહાય આપનાર તેમજ આ સભાના સભ્યો અને હવે પછી થનારા પેટ્રન સાહેબો તથા સભાસદબંધુઓ પણ આવા આત્મકલ્યાણ સાધવામાં ઉત્તમ કાર્યોના ભાગીદાર બને છે. આ ઉપરથી આ સભા વ્યાપારી રીતને બદલે ઉદારતાપૂર્વક સભાની સર્વ કાર્યવાહી જ્ઞાનભકિત વગેરે કરે છે તે સહજ સમજી શકાય તેવું છે.

"મીટિંગોનો અહેવાલ."

(સં. ૨૦૦૨)

મેનેજીંગ કમિટી (૧) ૨૦૦૨ ના કારતક શુદ ૧૩ શનીવાર તા. ૧૭-૧૧-૪૫.

(૧) ૨૦૦૧ સરવૈયુ પસાર અને બજેટ મંજુર તથા પસાર કરવામાં આવ્યું (૨) જયુબીલી કમીટીનો રીપોર્ટ મંજુર કર્યો અને કામ આગળ વધારવા સોંપવામાં આવ્યું. (૩) જયન્તીના ખાતાઓનું વ્યાજ ટકા ૩ લેખે હવેથી આપવું. (૪) જૂના ઠરાવ મુજબ જેને તેવા ખાતાનું વ્યાજ અપાય છે તે કાયમ રાખવું (૫) જે સંસ્થાએ પ્રકાશન બંધ કર્યું હોય તેને આપણે હવેથી પ્રસિદ્ધ થતાં પુસ્તકો ભેટ ન આપવા.

નોકરના પગારનો પ્રશ્ન આવતી મીટીંગ ઉપર મુલતવી રાખવામાં આવ્યો.

(૨) ૨૦૦૨ના પોસ વદ ૯ તા. ૨૭-૨-૧૯૪૬ રવિવાર.

(૧) બેન્કોના ખાતા પ્રમુખ સેક્રેટરી ટ્રેઝરરના નામથી ખોલવા. (૨) વાર્ષિક મેમ્બરની નવી અરજી પસાર કરવામાં આવી. (૩) નગીનદાસ હરજીવનદાસ લાઇબ્રેરીયન હતા તેનું રાજીનામું આવવાથી મંજુર કર્યું. (૪) સવાઇલાલ અમૃતલાલને લાયબ્રેરીયન નીમવામાં આવ્યા. (૫) ટ્રસ્ટડીડ માટે મીટીંગ હવે પછી બોલાવવી. (૬) જ્યુબીલી કમીટીમાં વિઠ્ઠલદાસ મૂળચંદ શાહને ઉમેર્યા.

(૩) સં ૨૦૦૨ પોસ વદ ૩૦ તા. ૨-૨-૪૬ દીને મેનેજીંગ કમીટી મુલતવી રહી.

(૪) સં. ૨૦૦૨ ના ચૈત્ર વદ ૪ તા. ૨૦-૪-૪૬ શનિવાર નોકર કમી થતા મા. જેચંદભાઈ ધ્રુવને રાખવામાં આવ્યા.

(૫) સં. ૨૦૦૨ ના ભાદરવા વદ ૯ મંગળ તા. ૧૯-૯-૪૬ ગુરૂવાર માસ્તર મોતીચંદ ઝવેરચંદના સ્વર્ગવાસની નોંધ લેવા ઠરાવ્યું.

જનરલ મીટીંગો (૧) સં. ૨૦૦૨ ના કારતક વદી ૧૦ ગુરૂવાર તા. ૨૦-૧૧-૪૫

(૧) પ્રાતઃસ્મરણીય શ્રી મૂળચંદજી મહારાજની માગશર વદી ૬ ની જયંતી આવતા વર્ષથી દરવર્ષે તાલધ્વજ ગિરિએ ઉજવવી.

(૨) ૨૦૦૧ નું સરવૈયું પસાર કર્યું અને આવતા વર્ષનું બજેટ મંજુર કરવામાં આવ્યું

(૩) રિપોર્ટ છપાવવાની સેક્રેટરીઓને મંજુરી આપવામાં આવી.

(૨) સં. ૨૦૦૨ ના શ્રાવણ શુદ ૧૩ તા. ૧૦-૮-૪૬ શનીવાર.

(૧) ઉપ. પ્રમુખની ખાલી પડેલી જગ્યાએ નવા શેઠ ફતેહચંદ ઝવેરચંદ તથા શાહ ખીમચંદ ચાંપશીભાઇ શાહ એમ. એ. પ્રોફેસર શામળદાસ કોલેજને ઉપપ્રમુખ નિમવામાં આવ્યા.

(૨) સેક્રેટરી ડો. જસવંતરાય મૂળચંદ શાહનું રાજીનામું મંજુર કરવામાં આવ્યું અને તે જગ્યાએ શેઠ જાદવજી ઝવેરભાઇને સેક્રેટરી નીમવામાં આવ્યા.

(૩) સવાઇલાલ અમૃતલાલ લાઇબ્રેરીયનને મેનેજીંગ કમીટીમાં લેવામાં આવ્યા.

આભાર—આ વર્ષમાં સભાના ચાલતા કોઇપણ કાર્યમાં આર્થિક તેમજ શ્રી આત્માનંદ પ્રકાશ માસિકને માટે લેખો વગેરેથી સહાય આપનાર મુનિ મહારાજાઓ તથા જૈન બંધુઓનો આભાર માનવામાં આવે છે અને કૃપા કરી તેવોજ સહકાર ચાલુ રાખવા નમ્ર વિનતિ કરીયે છીયે, આ સભાના અનેક ઉત્તમ ભાવિ મનોરથો ગુરૂકૃપાથી શ્રી અધિષ્ઠાયક દેવો સફળ બનાવે તેવી પરમાત્માની પ્રાર્થના કરી આ રિપોર્ટ પૂર્ણ કરીયે છીયે.

છેવટે પરમકૃપાળુ પરમાત્મા અને ગુરૂદેવની પ્રાર્થના કરીએ છીએ કે, દિવસાનુદિવસ દેવ, ગુરુ, ધર્મ, જ્ઞાન વગેરેની સેવા વિશેષ વિશેષ થતી જાય અને આ સભાના સર્વ સભ્યો તે રીતે આત્મકલ્યાણ સાધે અને શાંતિ, આબાદિ દીર્ઘાયુ યશ ભોગવે, તેમ પરમાત્માની પ્રાર્થના કરી આ રિપોર્ટ પૂર્ણ કરવામાં આવે છે.

સંવત ૨૦૦૧ ના આસો વદિ ૦)) સુધીનું સરવૈયું.

જ

૧૫૭૮૯॥।૦॥	જ્ઞાન ખાતે દેવા છપાતી બુકો તથા છપાવવાને આવેલી મદદના
૨૬૯૫૨)	ગુજરાતી સીરીઝનાં મદદના આવ્યા તે
૨૯૭૦।=॥	છાપખાના વિગેરેના દેવા
૫૭૬૪૦)	પેટ્રન તથા લાઇફ મેમ્બરોના ફી તથા સભા નીભાવ ફંડ વિગેરે સાધારણ ખાતાના
૧૯૩૪૧॥।	જયન્તી, સ્કોલરશીપ વગેરે વ્યાજુ ખાતાના દેવા
૭૦૧૫॥।૦	શરાફી દેવું તથા ઉબળેક દેવું તથા લાઇબ્રેરીના ડીપોઝીટ ખાતે ખાતે વિગેરેના દેવા
	૧૨૯૭૦૯।=॥

ઉ

૩૦૫૦૩॥।૮	જ્ઞાન ખાતે વેચાણના તથા સીરીઝના પુસ્તકો તથા અન્ય પુસ્તકો છપાય છે તે ખાતે તથા લાઇબ્રેરીના પુસ્તકો તથા ડેડસ્ટોક વગેરે બાબતોના ખાતાના
૭૯૬૧)૮	છાપખાના તથા બુકસેલરો વગેરે ખાતા
૩૧૯૫૪॥=॥	આત્માનંદ ભવન (મકાન) તથા બીજું ઉતરાદું મકાન જે પ્રવર્તકશ્રી કાન્તિવિજયજી મહારાજના નામનું જ્ઞાનમંદિર બનાવવાનું છે તે બે મકાન ખાતે લેણા.
૫૮૧૨૫॥।૦	શરાફી તથા બેન્કો વિગેરેમાં લેણા છે તે બોન્ડ વિગેરે.
૯૪૯)=॥।	મેમ્બરો પાસે ઉઘરાણી.
૨૧૫)	પરાંત ૨૦૦૨ આસો વદ ૩૦
	૧૨૯૭૦૯।=॥



તમારું નામ અમર કરવું હોય તો નીચેનું નિવેદન વાંચી નિર્ણય કરો.

સિરીઝ–ગ્રંથમાળાના નિયમો.

આ જગતમાં જન્મ ને મરણ પ્રત્યેક પ્રાણીને માટે સર્જાયેલ છે, જેથી મનુષ્ય જ્ઞાન અને જ્ઞાન દાનવડે પોતાના આત્મકલ્યાણનો માર્ગ સાધી શકે છે. જેથી તમારે આ જીવનમાં તમારું નામ અમર રાખવું હોય, જ્ઞાનભક્તિ કરવી હોય, જૈન સાહિત્યસેવા કરી જ્ઞાન ઉપાર્જન કરવું હોય, તો તે આત્મકલ્યાણ માટે નીચેની યોજના વાંચી–વિચારી આજે જ આપ નિર્ણય કરો અને આપના નામની ગ્રંથમાલા પ્રસિદ્ધ કરાવી અમૂલ્ય લાભ મેળવો.

યોજના—

૧. જે ગૃહસ્થ ઓછામાં ઓછા રૂ. ૨૦૦૦) દ્વન્દર અથવા જે ગ્રંથ તેમના તરફથી છપાય તેના ખર્ચના પૂરતાં નાણા આ સભાને આપે તેના નામથી ગ્રંથમાળા (સિરિઝના ગ્રંથો) આ સભાએ દરેક વખતે નીચેની શરતે પ્રકટ કરવા.

૨. સિરિઝનો પ્રથમ ગ્રંથ છપાવવાને માટે જે બંધુએ જેટલા રૂપિયા આપ્યા હોય તે પ્રમાણેની રકમનો પ્રથમ ગ્રંથ માટે ખર્ચ કરવો.

૩. જાહેર લાઇબ્રેરી કે ભંડાર તેમજ સાધુ-સાધ્વી મહારાજ વગેરેને ધારા પ્રમાણે અમુક સંખ્યામાં ગ્રંથો સિરિઝના નિયમ મુજબ જે જે ભેટ અપાય તે તે 'સિરિઝવાળાની વતી સભા મારફત ભેટ' મોકલવામાં આવશે.

૪. સિરિઝની છપાતી દરેક બુકની પચ્ચીશ કોપી જે ગૃહસ્થના તરફથી તે ગ્રંથમાળા છપાશે તેમને ભેટ આપવામાં આવશે.

૫. તે સિરીઝનાં ગ્રંથમાં ઓછામાં ઓછા અડધા ગ્રંથ ખપી ગયા હોય તેની ઉપજેલી કિંમતથી જ બીજો ગ્રંથ છપાવી શકાશે, પરંતુ કોઈ સંયોગમાં ગ્રંથમાળાના તે તે ધણીના છપાતાં ગ્રંથોમાં અસાધારણ પ્રસંગે તેમની આવેલી ધારા પ્રમાણેની રકમ કરતાં ગ્રંથ સુંદર બનાવતાં વધારે પૈસા સભાને ખરચવા પડ્યા હોય, તેવા કોઇ પ્રસંગે, પ્રથમ સભાએ ખરચેલા વધારેના નાણા વેચાણમાંથી પ્રથમ વસુલ કરી, ધારા પ્રમાણે પછીના ગ્રંથો છપાશે. તે સમયે ઉપજેલી તે રકમના પ્રમાણમાં તે ગૃહસ્થના નામથી બીજો ગ્રંથ (સિરિઝનો) સભા છપાવવો શરૂ કરશે.

૬. ગ્રંથમાળાના પ્રથમના એકજ ગ્રંથમાં સિરિઝવાળા ગૃહસ્થનું જીવનચરિત્ર, અને ફોટોગ્રાફ તેમની ઇચ્છાનુસાર આપવામાં આવશે.

ઉપરની યોજનાનુસાર અનેક જુદા જુદા ગૃહસ્થો અને બ્હેનોએ આર્થિક સહાય આપી પોતાની અને પોતાના વડીલોના નામથી સિરિઝનાં પુસ્તકો સભા તરફથી પ્રગટ કરાવેલ છે, તેના નામોનું લીસ્ટ પાછળ પરિશિષ્ટમાં આપવામાં આવેલ છે. ને અમારા માનવંતા સભ્યો તે માટે સંતોષ જાહેર કર્યો છે; જેથી આપ પણ આ યોજનાનો લાભ લેશો એવી આશા રાખીએ છીએ. અમારા તરફથી છપાતા ગ્રંથમાળાના સુંદર ગ્રંથો જૈન સમાજમાં પ્રતિષ્ઠા પામેલ છે. ગ્રંથમાળાના ધારાધોરણમાં ફેરફાર કરવાનો સભાને હક રહેશે.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

परिशिष्ट ख.

જે જે સીરીઝના ગ્રંથોમાં જે જે બંધુઓએ સહાય આપેલી છે તેઓશ્રીના તરફથી જે જે ગ્રંથો પ્રસિદ્ધ થયા છે તેનું લીસ્ટ.

૧ વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ	...શ્રાદ્ધગુણવિવરણ શ્રી નેમનાથ ચરિત્ર
૨ શેઠ આણંદજી પુરૂષોત્તમ	...૧ તપાવલી ૨ શ્રી શત્રુંજય સ્તવનાવલીની ,, (આવૃતિ બે)
૩ વકીલ હરીચંદ નથુભાઇ...	...દાનપ્રદીપ ગ્રંથ.
૪ શેઠ નાગરદાસ પુરૂષોત્તમદાસ	...કુમારપાળ પ્રતિબોધ
૫ શ્રી સુખસાગરજી મહારાજ તથા આચાર્ય બુદ્ધિસાગરજીની	...સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો ,, ભાગ ૨ જો (કાવ્ય સુધાકર)
૬ શેઠ ઝવેરભાઇ ભાઇચંદ	...શ્રી નવ પદ પૂજા (સાર્થ) આત્મવિશુદ્ધિ વીશસ્થાનક પૂજા (સાર્થ)
૭ શેઠ મગનલાલ ઓધવજી	...ધર્મબિન્દુ
૮ શેઠ દીપચંદ ગાંડાભાઇ...	...૧ નરરત્ન ભામાશાહ ૨ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર
૯ શેઠ અમરચંદ હરજીવન તથા કસ્તુરબ્હેન	...શ્રી વિમળનાથ ચરિત્ર સતી સુરસુંદરી ચરિત્ર
૧૦ સલોત ફુલચંદ ત્રીકમજી	...પંચ પ્રતિક્રમણસૂત્ર (સાર્થ)
૧૧. વારૈયા ધરમશી હરજીભાઇ	...શ્રીપાળ રાસ
૧૨ શેઠ માણેકચંદ જેચંદભાઇ (જાપાન)	...શ્રી મહાવીર ચરિત્ર
૧૩ શેઠ માણેકલાલ ચુનીલાલ તથા કમળાબેન... ...	...શ્રી વાસુપૂજ્ય ચરિત્ર
૧૪ રાવસાહેબ શેઠ કાન્તિલાલ ઇશ્વરલાલ તથા શકુન્તલા બેન	...શ્રી આદિનાથ ચરિત્ર
૧૫ રાવબહાદૂર જીવતલાલ પ્રતાપસી	...સંઘપતિ ચરિત્ર (છપાય છે)
૧૬ શેઠ ત્રિભોવનદાસ મંગળજીભાઇ હ. ચંદુલાલભાઇ ...	...શ્રી પાર્શ્વનાથ ચરિત્ર (છપાય છે.)

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૩. | મહા | પુસ્તક ૪૪ મું.
વિક્રમ સં. ૨૦૦૩. | :: ઇ. સ. ૧૯૪૭ ફેબ્રુઆરી :: | અંક ૭ મો.

श्राद्ध-भावना ।

[सिद्धान्तरत्निकास्थकारकप्रकरणस्योदाहरणयुक्ता]

रचयिता-मुनि पूर्णानन्दविजय (कुमारश्रमण)

सुखसंपत्तिषु स्वामी, प्रकृत्यैव सुशोभनः ।
यस्य प्रोक्तिः सदा श्रेष्ठा, स जिनः पातु नित्यशः ॥ ७ ॥

कर्माणि हतवानर्हन् !, तेन दोषास्तिरस्कृताः ।
देवानां पूजितो क्लेशं, सहमानो न संशयः ॥ ८ ॥

शासने तव हे स्वामिन् !, दन्तयोर्हन्ति कुञ्जरम् ।
निंद्यत्वात् सो भवेत्त्याज्यः, भव्या हि शासने रताः ॥ ९ ॥

भवन्तं याचमानः शं, प्राणानां मोषिता परान् ।
त्वदन्यं न भजिष्यामि, शिलायैकस्त्यजेत् मणिं ॥१०॥

यदि चेत्त्वां भजे मासं, क्लेशे आयति सत्यपि ।
तदा योग्योऽस्मि मोक्षाय, प्रभावं ते ब्रवीमि किम् ?॥११॥

इतस्त्वं वर्तसे दूरं, मया दृष्टः कदापि न ।
आगच्छेश्चेत् मम स्वान्ते, सुन्दरमतिसुन्दरम् ॥ १२ ॥

निर्मलं शासनं शुद्धं, निष्पक्षं दोषभागहम् ।
भवान्तरेऽपि वाञ्छामि, विस्मार्यो न त्वया प्रभो ! ॥ १३ ॥

तव भक्तिभृता नाम्ना, पूर्णानन्देन विष्टरात् ।
रचिता जैनभक्ताय, भावना दुःखछेदिका ॥ १४ ॥

ઔપદેશિક

સામાન્ય જિન સ્તવન

(રાગ–ઘરઘરમેં દિવાલી હૈ, મેરે ઘરમેં અંધેરા).

આ દુનિયા તણી જીવડા! જવાનું છે રે તારે,
જિનવરને ભજી લેને, શાને મમતાને ધારે? (ટેક).

તન ધન ધામો ધરા સંધ્યા, વાદળ સમા ખરે,
ભગિની વળી ભાઇ કોઇ, સાથ ન ચલે અરે;
સ્વજન સૌ સ્વાર્થઘેલા, જૂઠા પ્રેમ વિસ્તારે
જિનવરને ભજી લેને, શાને મમતાને ધારે? (૧)

છે જિનજી તારનારા, ભવસિંધુથી આ વિશ્વના,
બેલી ખરા ગરીબના, નાયક સૌ દેવના;
પામીને આવા નાથ, પીલે સેવા–સુધા રે,
જિનવરને ભજી લેને, શાને મમતાને ધારે? (૨)

મમતા માનમાં મોંઘી, ગુમાવી જિંદગાની,
છેવટની સુધારી લે, શાણો બની હે ગુમાની;
નેમ–લાવણ્યસૂરિનો, દક્ષ કહે છે રે,
જિનવરને ભજી લેને, શાને મમતાને ધારે? (૩)

મુનિરાજશ્રી દક્ષવિજયજી મહારાજ

શ્રી નેમિ જિન સ્તવન

(જબ તુમહી ચલે પરદેશ—એ દેશી)

સુણ સ્વામી તું મારી વાત, ભમ્યો ભવ રાત;
મનમોહન પાયો, જિનવર તુજ ચરણે આયો. ૧

જ્યાં ચાર ચોરની ચોટ પડી, બાજી સઘળી મારી બગડી;
નહિ હાથ ચડે કોઇ પાથ હવે પસ્તાયો જિનવર૦ ૨

જ્યાં મોહ તિમિરનું જોર ઘણું, ત્યાં ભ્રમણ કરી બહુ દુઃખ સહ્યું;
એ વાત કહું કોની પાસ હવે અકળાયો જિનવર૦ ૩

શ્રી નેમિજિન અન્ધાર હરો, મુજ અન્તર પૂર્ણ પ્રકાશ ભરો;
તુમ દર્શન જય–આનંદ કરી હરખાયો જિનવર૦ ૪

મુનિ જયાનંદવિજયજી

શ્રમણોપાસક ધર્મભાવના

લેખક—આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ

(અનુસંધાન ગતવર્ષના પૃ. ૨૧૯ થી શરૂ)

" છઠ્ઠું દિશિપરિમાણ વ્રત "

(ગુણવ્રત પહેલું)

આ વ્રતમાં પૂર્વાદિ ચાર દિશામાં અને ઉપર નીચે અમુક યોજન વિગેરે સુધી જવા આવવાનો દેશથી નિયમ કરવો. જે દિશામાં જવા-આવવાની જરૂરિયાત ન જણાય તેનો સર્વથા ત્યાગ કરવો. આ નિયમ આખી જિંદગી સુધીનો કરવો. દરરોજ કરવાનો નિયમ દશમા વ્રતમાં જણાવીશ. પહાડ વિગેરેની ઉપર ચઢવા ઊતરવાની બીના ઊર્ધ્વદિશાના નિયમમાં આવે છે, અને અધો દિશાના નિયમમાં નીચાણવાળી જમીન(ભોંયરૂં વિગેરે)માં ઊતરવાની બીના સમજવી. યાત્રા નિમિત્તે કે ધાર્મિક કાર્ય નિમિત્તે તથા પરવશતાદિ કારણે નિયમ ઉપરાંત જવાય, અવાય, તેની જયણા. કાગળ, તાર, છાપાં વાંચવાની, નિયમ ઉપરના દેશમાં પત્ર વિગેરે લખવાની કે માણસ મોકલવાની બાબતમાં જરૂરી જયણા રખાય.

" આ વ્રતના અતિચાર તજવાની બીના. "

૧ વિસ્મરણાદિ કારણે ઊર્ધ્વદિશાના પ્રમાણથી અધિક જવું આવવું નહિ. ૨ અધો દિશાના પ્રમાણથી વધારે જવું આવવું નહિ. ૩ તિર્ચ્છા દિશાના (પૂર્વાદિ ચાર દિશાના) કરેલા પ્રમાણથી વધારે જવું આવવું નહિ. ૪ જે દિશામાં ધારેલા યોજનાદિથી વધારે યોજનાદિ પ્રમાણ જવું આવવું હોય, તેમાં બીજી દિશાના ધારેલ (પણ હાલ બીનજરૂરી જણાતા) યોજનાદિ નાંખીને ઇચ્છા મુજબ જવાય નહિ તેમ અવાય નહિ. ૫ વ્યાકુળતા વિગેરે કારણથી ધારેલું પ્રમાણ ભૂલી જાય, ને તેથી વધારે યોજનાદિ પ્રમાણ જવું આવવું કરાય નહિ. વિશેષ બીના શ્રી દેશવિરતિ જીવનમાંથી જાણવી.

" ૭ ભોગોપભોગ વિરમણવ્રત "

જે પદાર્થો એક વાર વપરાય તે ફૂલ વગેરે ભોગ શબ્દથી લેવા અને વારંવાર વપરાય, તે પદાર્થો ઉપભોગ તરીકે ગણાય છે. આવા પદાર્થો મારે અમુક પ્રમાણમાં વાપરવા આવી ધારણા (નિર્ણય) અહીં કરવી જોઇએ. જે પદાર્થો ન જ વપરાય, તેનો સર્વથા ત્યાગ કરવો, અને વાપરવાની ચીજોનું પ્રમાણ નક્કી કરવું. તેમાં ખાવાની ચીજોનો અને વ્યાપારમાં જરૂરી ચીજોનો પણ વિચાર કરીને યથાશક્તિ નિયમ કરી વિરતિનો લાભ લેવો.

આ વ્રતને અંગે ૧ સચિત્ત વસ્તુ ખાવાનો, ૨ માંસ-મદિરા-મધ-માખણ વગેરેનો, ૩ બાવીશ અભક્ષ્યનો, ૪ અનંતકાય કર્માદાન રાત્રિભોજન વગેરેનો ધારણા પ્રમાણે ત્યાગ કરવો, બરફથી બનેલા દૂધના આઇસક્રીમ વિગેરેનો પણ જરૂર ત્યાગ કરવો. આથી જીવદયા, આરોગ્યાદિ ઘણાં લાભ થાય છે. બની શકે ત્યાં સુધી સંથારે સૂવું, તેનો અભ્યાસ ચાલુ રાખવો, તેમાં ઘર, દુકાન વિગે-

રેમાં ગાદી પથારી પાથરણાં પાટ પાટલા ખાટલા વિગેરે તથા ખુરશી કોચ વિગેરે જ્યાં જે સાધન બેસવા વિગેરેમાં વપરાતું હોય, તેના પર બેસવા વિગેરેની જરૂરી જયણા રખાય. તથા પરવશતાદિ કારણે પણ જયણા રાખી શકાય.

અનાજની બાબતમાં-ઘઉં, બાજરી, ડાંગરની જાત, કોદરા, જુવાર, મકાઇ, તુવેર, મઠ, મગ, ચણા, વાલ, ચોળા, વટાણા, અડદ, તલ, મેથી, જવ, મસુર, લાંગ.

લીલોતરી—ભીંડા, કારેલાંની જાત, ટીંડોરા, ચોળાની સીંગની જાત, ગલકાં, મોઘરી, કોળું, પાપડી, તુવેર, સાંગરીયો, કંકોડાં, લીલાં મરચાં, પપઇયાં, કેળાંની જાત, નાળીએર, કોઠ, કેરીની જાત, સકરટેટી, તરબુચની જાત, મેથીની ભાજી, તાંદળજો, ધાણાની ભાજી, લીંબુની જાત વિગેરેમાં જરૂરી ચીજો છૂટી રાખી બાકીની ચીજોમાં નિયમ અને જયણા નક્કી કરવા. બાર વ્રતને ધારણ કરવાની ઇચ્છાવાળા ભવ્ય જીવોએ એક માસની પાંચ કે દશ પર્વતિથિ (૨-૫-૮-૧૧-૧૪) માં તથા વરસની છ અઠ્ઠાઇના દિવસોમાં લીલોતરીનો ત્યાગ જરૂર કરવો જોઇએ. પર્વતિથિના દિવસે પાકાં કેળાં, કેરી, પોપૈયું વગેરેની બાબતમાં જરૂરિઆતનો વિચાર કરી જયણા રખાય. જીવાતવાળી સુકવણી ન જ વાપરવી.

દરરોજ ચૌદ નિયમ ધારવાનો ખપ કરૂં, ભૂલી જવાય તેની જયણા. ચૌદ નિયમનું સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રમાણે :-

૧ સચિત્ત—જરૂરિઆત પ્રમાણે વપરાશમાં આવતાં સચિત્ત પદાર્થોની સંખ્યા ધારવી.

૨ દ્રવ્ય—દરરોજ જરૂરિઆત પ્રમાણે અમુક સંખ્યામાં અચિત્ત દ્રવ્યો વાપરૂં. અહીં દ્રવ્યની સંખ્યા નક્કી કરવી.

૩ વિગય—છમાંથી દરરોજ એક કમી કરવી.

૪ જોડા વિગેરે—જોડા, મોજાં વગેરે અમુક સંખ્યા પ્રમાણે જોડ વાપરવાની છૂટી. નવા જોડા લેતી વખતે પહેરી જોવાની જયણા.

૫ તંબોલ—નાગરવેલના પાન વગેરેનું દરરોજ પ્રમાણ (૦। શેર વિગેરે) કરવું.

૬ વસ્ત્ર—પહેરવાનાં ધોતીયાં, પંચીયાં, કોટ, કબજા, ખેસ, પાઘડી તથા ઓઢવા લાયક શાલ વિગેરે મળી અમુક નંગ (૫-૧૦ વિગેરે) દીન એકમાં વાપરવાં. પૂજાનાં ઉપકરણો, કપડાંની જયણા તથા જે દિવસે કપડાં બદલવાનાં હોય તે દિવસે બદલવાથી વધુ થાય તેની જયણા તથા પથારી, પાથરણામાં વપરાતાં કપડાંની જયણા, રોગાદિ કારણે અધિક વપરાય તેની જયણા.

૭ ફૂલ—ભોગાર્થે નિષેધ, ધર્માર્થે લાવવા આપવા તથા રોગાદિ કારણે કે સળેખમાદિમાં છીંકણી વગેરે સુંઘવાની જયણા તથા પરીક્ષાર્થે સુંઘવાની જયણા.

૮ વાહન—પરદેશ જતાં ગાડી, ઘોડા, વહાણ, આગબોટ, વિગેરેનો વિચાર કરીને નિર્ણય કરવો. સ્વઉપયોગે ઘેર રાખવાની જયણા તથા ભાડે કરવા કે સગાંસંબંધીના માગી લાવવવાની જરૂર પ્રસંગે જયણા.

૯ સયણ—ગાદી, પથારી વિગેરે સૂવા બેસવાના સાધનો અમુક સંખ્યામાં વાપરવાનો નિર્ણય કરવો. તે ફાટે તૂટે ત્યારે નવા લાવવા કે સ્થાનાંતર જતાં નવી પથારી વિગેરે વાપરવાની જયણા. રોગાદિ કારણે વધારે પથારીઓ, વધુ પાથરણાવાળી વાપરવાની જયણા તથા પાટ, પાટલા, ખાટલા, ગાદી, પાથરણા, ઓટલા, ખુરશી વિગેરે બેસવાના સાધનો કારણે વધારે વાપરવાની જયણા.

૧૦ વિલેપન—અહીં ચોળવાની, ચોપડવાની ચીજોનું પરિમાણ નક્કી કરી બાકીની

વસ્તુઓનો ત્યાગ કરવો. રોગાદિ કારણે કે ખાસ વ્યવહારની ખાતર કોઇ જાતનું વિલેપન વિગેરે કરવું પડે તેની જયણા.

૧૧ બ્રહ્મચર્ય—પોતાની સ્ત્રીની બાબતમાં પર્વદિનાદિ તરફ લક્ષ્ય રાખીને કાયાથી અબ્રહ્મનો ધારણા મુજબ ત્યાગ કરવો. મન, વચન, સ્વભાવસ્થાની જયણા.

૧૨ દિશિપ્રમાણ—છઠ્ઠા વ્રતમાં આખી જિંદગીને અંગે જે દિશા વિગેરેમાં પણ જવા આવવાની મર્યાદા બાંધી છે, તેમાં સંકોચ કરીને અહીં દરરોજ છ દિશામાં અમુક યોજન, ગાઉ પ્રમાણ (૧૦-૧૫ યોજન-ગાઉ વિગેરે) જવા આવવાની છૂટ રાખવી. તે ઉપરાંત જવા આવવાનો ત્યાગ કરવો. આમ કરવાથી આરંભાદિનું પાપ ઓછું લાગે છે. સંતોષમય જીવન બને છે. નિરાંત ધર્મારાધન કરી આત્મહિત સાધી શકાય છે.

૧૩ સ્નાન—એક દિવસમાં અમુક (એક, બે વાર વિગેરે) વખત સ્નાનાદિની છૂટી. ખાસ કારણે હાથ, પગ, માથું વિગેરે શરીરનો કોઇ પણ ભાગ ધોવો પડે તેની જયણા. લોકાચારે કે ધર્માર્થે નિયમ ઉપરાંત સ્નાનાદિની જયણા.

૧૪ ભક્ત—અહીં ખાવાના તથા પીવાના પદાર્થોનો વિચાર કરીને તે બંનેનું વજન નક્કી કરવું.

૧૫ પૃથ્વીકાય—એટલે પૃથ્વીરૂપ શરીરવાળા જીવો. અહીં તેના નિર્જીવ શરીરો પણ લેવા. તે માટી, મીઠું, સુરમો, ચુનો, ક્ષાર વિગેરે ખાવાની અને વાપરવાની અપેક્ષાએ અમુક વજન પ્રમાણ પૃથ્વીકાય વાપરું એમ નિર્ણય કરવો. તથા રોગાદિ ખાસ કારણે દવારૂપે વાપરવાની જરૂરી જયણા રખાય તથા લીંપવા વિગેરે ઘર કામ માટે કે નવા ઘર બાંધતા પૃથ્વીકાયાદિ લાવવા વાપરવાની જરૂરી જયણા રખાય.

૧૬ અપ્કાય—એટલે પાણીરૂપ શરીરવાળા જીવો. અહીં તેના નિર્જીવ શરીર પણ સમજવા. આમાં પાણી, બરફ વિગેરે પણ આવી જાય. એક મણ, બે મણ વિગેરે પ્રકારે વાપરવાના પાણીનું પ્રમાણ નક્કી કરવું. આમાં પીવાના પાણીનું પણ વજન લેવું ગણવું. નિયમ, ધારનાર ભવ્ય જીવોએ પાણીની ચકલી તળે બેસી ન્હાવું નહિ. તેમજ ખોળા પાણીમાં (નદી વગેરે જલાશય) પડીને પણ ન્હાવું નહિ. વળી વાસણમાં પડીને ન્હાવું નહિ. પરંતુ વાસણમાં થોડું પાણી લઇને પરનાળવાળા બાજોઠ ઉપર બેસીને સ્નાનનું પાણી પરનાળની આગળ ગોઠવી રાખેલ ડોલ વિગેરેમાં પડે, તે રીતે સ્નાન કરવું. અને ન્હાયા પછી સ્નાનનું પાણી તડકે નિર્જીવ સ્થલે છૂટું છૂટું નાંખે એમાં જયણા જળવાય. પોતાના જમણવારાદિ પ્રસંગે તથા ઘર બાંધવામાં, આગ વિગેરે જરૂરી પ્રસંગે વધુ પાણી વાપરવાની જયણા.

૧૭ તેઉકાય—અહીં ચુલા, સગડી, લાકડાં, કોલસા કે ગ્યાસલેટ વિગેરેથી સળગતા ચૂલા ભઠ્ઠી વિગેરે અમુક સંખ્યામાં ધારવા. એટલે આજે એક બે પાંચ વિગેરે ચુલાની રસોઇ ખપે તથા જે રસોડે એટલે જેના ઘેર જમીએ તેના ઘરનો ધારણા પ્રમાણે એક જ ચુલો ગણવો.

૧૮ વાયુકાય—અહીં હિંચોલો, પંખા વિગેરે અમુક સંખ્યામાં ધારવા.

૧૯ વનસ્પતિકાય—એટલે લીલોતરી, શાકભાજી વિગેરે અમુક સંખ્યામાં આજે વાપરું એમ ધારવું. માંદગી વિગેરે કારણે વિલેપનાદિમાં વનસ્પતિ વાપરવાની જરૂરિયાત જણાય તેની જયણા.

૨૦ ત્રસકાય—જાણીબૂજીને બીનગુનેગાર કોઇ પણ ત્રસ જીવને મારું નહિ. રોગાદિ પ્રસંગે દવા કરતાં ત્રસ જીવોના આરંભાદિ થાય, તેની જયણા.

૨૧ અસિ—કોશ, કોદાળા, પાવડા, કુહાડી, છરી, ચપ્પુ, કાતર, ઘંટી, ખાંડણી, ખાંડણીયા,

સુડી તથા સુતાર, કડીયાં, લુહારાદિ કારીગરનાં ઓજારો તથા હથિયારમાં જરૂરિયાત પ્રમાણે અમુક સંખ્યામાં વાપરવાનો નિર્ણય કરવો. ભાંગ્યાતૂટ્યાં હથિયારો કે જે કામમાં આવે તેવા ન હોય, તે ઘરમાં પડ્યાં હોય તેની જયણા. ઘરમાં વપરાતાં હથિયાર, ઓજારો સગાં સ્નેહી કુટુંબીજનોને આપવાં પડે તેની જયણા. તેમજ જરૂરી પ્રસંગે વધુ માગી લાવવાં કે ભાડે લાવવાની તથા જૂના ચપ્પા વગેરે વેચી દેવાની જયણા.

ભાડે આપવા માટે કે વેચવા માટે વધુ બનાવવાં નહિ, તેમજ રાખવાં પણ નહિ.

૨૨ મસી—અહીં પેન્સીલ, કલમ વિગેરે આટલા (બે-પાંચ વિગેરે) વાપરવાનો નિર્ણય કરવો.

૨૩ કૃષિ—ખેતી કરીને આજીવિકા ચલાવવાનો ધંધો. અહીં ખેતીના કામમાં વપરાતાં હળ, કોશ, કોદાળી, પાવડા વિગેરેનો સંખ્યાથી નિયમ કરવો.

ઘર નવું બંધાવતાં પાયા વિગેરે ખોદાવવાં પડે તે તથા ભોંયરૂં ટાંકું કુવો દુરસ્ત કરાવતાં ખોદાવવું પડે તેની જયણા. તથા ખેતરમાં ફૂલફલાદિના ઝાડ છોડ રોપાવવા માટે ખોદાવવું પડે કે ઘર બાંધવા માટે જરૂરી માટી વિગેરે માટે ખોદાવવું પડે એ રીતે પોતાને માટે કે કુટુંબ વગેરેને માટે ખાસ જરૂરી કામ કરવાની જયણા. બનતાં સુધી ખાણો, કુવા વિગેરે ખોદાવવાનો વ્યાપાર કરવો નહિ પણ અનુકંપાએ, ધર્માર્થે કે નોકરીની પરાધીનતાને લઇને ખોદાવવા પડે કે મહાજન વિગેરે સમુદાયની ટીપમાં કાંઇ રકમ આપવી પડે, તેની જયણા રખાય. આ પ્રમાણે ચૌદ નિયમ ધારવાથી છકાયાદિનો નિયમ કરવાથી અવિરતિ દોષ ઓછો લાગે છે. શાંતિમય જીવન બને છે, ધર્મારાધન નિરાંતે થાય છે. આની વધુ બીના દેશવિરતિ જીવનમાંથી જાણવી.

ચાર જાતના આહારની જરૂરી ટૂંક બીના

૧ અશન—અહીં સંપૂર્ણ તૃપ્તિના સાધનભૂત આહાર સમજવો. જેની વિગત ઉપર જણાવી છે તે અનાજ તથા મીઠાઇ વિગેરે ભક્ષ્ય પદાર્થોને હું દરરોજ ચૌદ નિયમ ધારતી વખતે જે પ્રમાણે અશનનો નિયમ લઉં, તે તે પ્રમાણે વાપરું એમ ધારી લેવું. વાશી, વિદળ-બોળો, કંદમૂળાદિ અભક્ષ્ય અને અનંતકાયાદિનો ત્યાગ કરવો.

૨ પાન—એટલે જે પીવાય, તે પ્રવાહી પદાર્થો લેવા. વ્રતધારી ભવ્ય શ્રાવકોએ પીવામાં ઉકાળેલું પાણી વાપરવું જોઇએ, તેથી ધાર્મિક, વ્યાવહારિક અને શારીરિક દૃષ્ટિએ બહુ જ લાભ થાય છે. અહીં શ્રાવકે ધારી લેવું કે ચૌદ નિયમ ધારતી વખતે ધારેલા નિયમ પ્રમાણે પ્રવાહી પદાર્થો વાપરું. તે સિવાય કૂવા, ટાંકાં, તળાવ, વાવ, કુંડ, નદી વિગેરે જળાશયો તથા વરસાદ તેમજ નળનું પાણી તથા દરિયાનું પાણી એ રીતે ખારૂં મીઠું પાણી ન્હાવા, લુગડાં ધોવાં વિગેરે માટે વાપરવાની જરૂરિયાત પ્રમાણે જયણા રખાય.

૩ ખાદિમ—અહીં શેકેલું અનાજ તથા ફળ, સુકો મેવો, બદામ, ખારેક, કાજુ, દ્રાક્ષ વિગેરે ગણાય. આ બાબતમાં શ્રાવકે નિર્ણય કરી લેવો કે ચૌદ નિયમ ધારતી વેળાએ ધાર્યા પ્રમાણે ખાદિમ વાપરૂં.

કાર્તિક ચોમાસાની શરૂઆતથી માંડીને ફાગણ ચોમાસાના અંત સુધી મેવો વપરાય અને આર્દ્રા નક્ષત્ર બેઠા પછી કેરી વપરાય નહીં.

૪ સ્વાદિમ—જાયફળ, એલચી, તજ, લવંગ, મરી વિગેરે દરરોજ અમુક વજન પ્રમાણ વાપરૂં. એમ ધારી લેવું. વિશેષ બીના દેશવિરતિ જીવનમાં જણાવી છે.

શ્રાવકે પંદર કર્માદાનના મહાઆરંભવાળા વેપાર ન કરવા જોઇએ. તેમાં આજીવિકાદિ કારણે ન છૂટકે કરવાની જરૂર જણાય, તો તેનો વિચાર કરી બીનજરૂરી વ્યાપારનો સર્વથા ત્યાગ કરવો અને બાકીના જરૂરી વ્યાપારને અંગે મર્યાદા બાંધવી.

ન્યાયરત્નાવલિ

લેખક–મુનિમહારાજ શ્રી ધુરંધરવિજયજી

(ગત વર્ષ પૃષ્ઠ ૧૫૫ થી શરૂ)

(૨)

अजाव्याघ्रन्यायः ॥ २ ॥

અજા–એટલે બકરી ને વ્યાઘ્ર એટલે વાઘ, એ બેથી સમજાતો જે ન્યાય તે 'અજાવ્યાઘ્રન્યાય' કહેવાય છે. માણસ એક તરફથી કમાતો હોય ને બીજી બાજુ ગુમાવતો હોય ત્યારે આ ન્યાય લાગુ પડે છે. લોકમાં પણ કહેવાય છે આ તો વાઘ બકરી જેવું થયું.

આ ન્યાયને લગતી જ પ્રસિદ્ધ પણ ચતુરાઇભરેલી એક નાની કથા છે, તે આ પ્રમાણે—

એક રાજા હતો. રાજા બુદ્ધિમાન્ હતો. રાજ્ય ઘણું મોટું હતું. તેની વ્યવસ્થા કરવા-રાજ્યની સંભાળ રાખવા માટે ત્યાં ૫૦૦–૫૦૦ મન્ત્રીઓ હતા, પણ પૂરા ચાલાક ને ચતુર એકે મન્ત્રી ન હતો. રાજા તેવા બુદ્ધિમાન્ મન્ત્રીને શોધતો હતો.

એક સમય તે ગામ બહારથી નગરમાં આવતો હતો. નગરને પાદર સુન્દર બારીક રેતીવાળી નદી હતી. તે નદીમાં એક દસ બાર વર્ષનો બાળક લાકડાની સળીથી કાંઇક ચીતરતો હતો.

બાળક નજીકના નાના ગામડામાં રહેતો હતો. આજે પહેલવહેલો તે તેના પિતા સાથે શહેરમાં આવ્યો હતો. સાંજે પોતાના ગામ તરફ પાછા ફરતા ભૂલી ગયેલ વસ્તુ માટે ફરી તેના પિતા ગામમાં ગયા હતા. આ બાળકે આ નદીની રેતીમાં બેઠા બેઠા સંપૂર્ણ જોયેલા શહેરનો ચિતાર ચીતર્યો હતો, નકશો દોર્યો હતો.

થોડે ઘડીને તે સ્થળેથી જ પસાર થતાં રાજાને તે બાળકે વાર્યા ને કહ્યું કે—

"મહેરબાની કરીને બાજુમાં થઇને પધારો. અહિં મારું ચીતરેલું નગર છે. આપ અહિંથી જશો તો બધું બગડી જશે.'

રાજા અશ્વ ઉપરથી નીચે ઊતર્યો ને બાળકનું ચિત્રામણ બારીકીથી નારખ્યું. ખુશ થયો.

રાજાએ બાળકને તેનું ગામ–ઠામ–નામ વગેરે પૂછ્યું. બાળકે નિર્ભીકપણે જણાવ્યું.

રાજા સ્વસ્થાને ગયો ને બાળક પણ પોતાના બાપ સાથે પોતાને ગામ ગયો.

× × ×

આ બાળક ઉપર તેના પિતાને પૂર્ણ પ્રેમ હતો. બાળકની માતા તેની બાલ્યવયમાં જ મરી ગઇ હતી. તેનો પિતા પુનઃ–ફરીથી પરણ્યો હતો. ઘરમાં વિમાતા–ઓરમાન માના તાબામાં તેને રહેવું પડતું હતું. પણ તેણે પોતાના બુદ્ધિબળથી–ચાલાકીથી બીજી માને પણ વશ કરી લીધી હતી. વિમાતા કંઇપણ કરી બેસે નહિં એટલે તે પોતાના બાપ સાથે બેસીને જ ભોજન કરતો.

એકદા રાત્રિએ તે ઊંઘમાંથી ઝબકીને–જાગીને બૂમ પાડવા લાગ્યો કે—

'જાગો! જાગો! કોઇ ભાગી જાય છે.

પકડો !' તેનો બાપ ઊઠ્યો. તપાસ કરી. કાંઇ દેખાયું નહિં. તેને પોતાની પત્ની પર વહેમ આવ્યો. તેના ઉપરથી પ્રીતિ ઓછી થઇ ગઇ. સ્ત્રીએ બાળકને સમજાવ્યો. બાળકે કહ્યું-તું મારા ઉપર પ્રેમ રાખ. મને સાચવ તો હું ફરીથી હતું તેવું કરી દઉં. સ્ત્રી સાચવવા લાગી. ને કેટલાએક દિવસો બાદ બાળકે ફરી બૂમ મારી. બાપ જાગીને પૂછવા લાગ્યો કે શું છે? એટલે તેણે પડછાયો બતાવીને કહ્યું. 'જુઓ આ માણસ ભાગી જાય છે.' બાપનો વહેમ નીકળી ગયો ને પહેલાંની માફક સર્વ ચાલવા લાગ્યું.

× × ×

અહિં રાજાએ એકદા જે ગામનો તે બાળક હતો, તે ગામના મુખી ઉપર એક બકરી મોકલીને કહેવરાવ્યું કે 'આ બકરીને સારી રીતે સાચવજો. સારું સારું ખવરાવજો ને છ મહિને પાછી મોકલજો પણ છ મહિનામાં એનું વજન વધવું ન જોઇએ ને ઘટવું ય ન જોઇએ.' બકરી ને રાજાજ્ઞા-ફરમાન મુખીને મળ્યા. તે વિચારમાં પડી ગયો. વિષમતા દૂર કરવા તેણે ગામલોકની સલાહ લીધી. કોઇ નીકાલ કરી શકયું નહિં.

પેલા બાળકે ઉપાય બતાવ્યો કે—

બે પાંજરા કરો. એક પાંજરામાં વાઘ રાખો ને એક પાંજરામાં બકરી બાંધો. સારી રીતે સાચવવાથી બકરી દુબળી નહિં પડે ને વાઘની ભીતિથી વધશે નહિં. હશે તેવી ને તેવી રહેશે. બાળકની બુદ્ધિ પ્રમાણે કર્યું ને સફળ થયા. છ મહિને બકરીને મોકલાવી તો પહેલાના જેટલા જ વજનવાળી ને હતી તેવી જ હતી. અહિં આ અજાવ્યાઘ્રનો પ્રયોગ કરવામાં આવ્યો.

બીજી પણ અનેક બુદ્ધિ-પરીક્ષામાંથી પસાર થઇને બાળક મહાન બન્યો. તેનું નામ 'રોહક' છે.

એકન્દર જીવનમાં અજાવ્યાઘ્ર ન્યાય હોય છે. વર્ષો વીતે છતાં હતા ત્યાં ને ત્યાં રહેવાથી શું વળે? માટે અજાવ્યાઘ્ર જેવું જીવન જીવવું નહિં પણ જીવનમાં વિકાસ સાધવો-આગળ વધવું.

(૩)

अजाकेसरिन्यायः ।

બકરીના સમૂહમાં સિંહનું બચ્ચું-તેનાથી થયેલ આ ન્યાય છે. વાત એમ છે કે-

એક ભરવાડ હતો. વનમાં બકરીનાં ટોળાંને લઇને દૂર દૂર ચરાવા જતો હતો. એકદા એક નાનું-તદ્દન નાનું સિંહનું બચ્ચું, તેની માતાથી વિખૂટું પડી ગયેલું તે આ બકરીનાં ટોળામાં આવી ગયું. બકરીઓ સાથે સાથે ગામમાં જવા લાગ્યું. દૂધ પીવા લાગ્યું ને ધીરે ધીરે તે મોટું થયા છતાં પોતાને 'હું પણ એક બકરું જ છું' એમ સમજવા લાગ્યું. અરે સહવાસનો મહિમા જ એવો છે કે તે પોતાપણું ભુલાવી દે છે.

એ પ્રમાણે દિવસો ને વર્ષો વીત્યાં.

એક વખત વનમાં બકરીનાં ટોળાં ઉપર એક સિંહ ત્રાટક્યો. બેં બેં કરતા બકરાઓ ભાગવા લાગ્યા. સિંહનું બચ્ચું પણ તેઓની સાથે ભાગ્યું, પણ તેનો કુદરતી સ્વભાવ હોય છે કે તે થોડું ગયા પછી પાછું વાળીને જુએ છે. સિંહશિશુએ પણ પાછું જોયું. એક બે બકરાને પોતાના ઝપાટામાં લઇને સિંહ શાન્તિથી જતો હતો, તેને આ સિંહ બાળકે નિહાળ્યો. તેને તેની ને પોતાની આકૃતિ-પ્રકૃતિ મળતી લાગી. નિજ સ્વરૂપનું તેને ભાન આવ્યું. બકરીના ટોળામાંથી કૂદીને તે સિંહનાં ટોળાં સાથે મળી ગયો, ભળી ગયો. તેમાંથી જન્મેલો ન્યાય તે '**अजाकेसरिन्यायः**'

× × ×

આ ન્યાય ઘણો જ ઊંચો છે. આત્મોન્નતિમાં ખૂબ પ્રેરણા આપે છે. મરી ગયેલા પ્રાણને જાગૃત કરે છે. આત્મા સિંહશિશુ છે. તેનો સ્વભાવ ઓર છે. તેના કર્તવ્યો જુદા છે. પુદ્ગલના-જડના સંગથી તે પોતાને નિર્માલ્ય-જડ-પરાધીન સમજી બેઠો છે. બકરાની માફક નીચું મોં રાખીને રખડ્યા કરે છે. તે કોઈ આત્મવિકાસવાળા મહાપુરુષને નિહાળી પોતાની પરિસ્થિતિ સમજે. આ બકરા જેવા જડ ટોળાને ત્યજીને આત્મપન્થે પળે ત્યારે વિકાસ-સાધે.

આ ન્યાયને સમજીને જીવો જડતા દૂર કરે ને ચૈતન્ય વિકસાવે તો જ આ ન્યાયની સાર્થકતા છે.

(૪)

अजाक्रमेलकन्यायः ॥ ४ ॥

ક્રમેલક-ઊંટ. બકરી ને ઊંટનો આ ન્યાય છે. ભાષામાં પણ કહેવાય છે કે 'બકરી કાઢતાં ઊંટ પેસી ગયું.' એ આ ન્યાયનો જ ભાવ છે, અર્થ છે:

એક ખેતર હતું. પાક સારો પાકયો હતો. પાકને સાચવતો ખેડૂત પણ ચારે તરફ નજર ફેરવતો હતો. રક્ષણ માટે ખેતરની ચારે તરફ વાડ હતી. એકદા વાડમાં એક છીંડું પડ્યું. છીંડામાં થઈને એક બકરી ખેતરમાં પેઠી. પાકને ખાવા લાગી. ખેડૂતે જોયું. લાકડી લઈને તે બકરી પાછળ પડ્યો. ગભરાયેલી બકરીને છીંડું હાથમાં ન આવ્યું. તે ખેતરમાં ફરવા લાગી. ફરતી ફરતી ખેતરના ઝાંપા આગળ આવી. તેને બહાર કાઢવા ખેડૂતે ઝાંપો ઉઘાડ્યો. ઝાંપે એક ઊંટ ઊભું હતું. ઝાંપો ઊઘડ્યો એટલે ત્યાં થઈને ઊંટ ખેતરમાં પેસી ગયું. તેણે ઘણું નુકશાન પહોંચાડ્યું. આ એક કાલ્પનિક કથા છે. અજાક્રમેલક ન્યાયનો તેમાં સારો ખ્યાલ છે.

આ ન્યાયને મળતો જ ન્યાય 'वृश्चिकभिया पलायितस्यार्शीविषमुखे पातः' એ ન્યાય છે. તેમાં કોઈ વીંછીના ભયથી ભાગતાં ભાગતાં સાપના સપાટામાં જઈ પડ્યો તેનું સૂચન છે. 'ઓલામાંથી ચૂલામાં' એ ભાષા-કહેવત પણ એ જ સૂચવે છે.

વ્યવહાર કરતા શાસ્ત્રોમાં બતાવેલ ન્યાયનો ઉપયોગ ઘણ આવે છે. શાસ્ત્રમાં કોઈ પોતાના કથનમાં આવતા દૂષણનો ઉદ્ધાર કરવા પ્રયત્ન કરે-કાંઇક નવું કહે તેમાં એક નવીન મોટો દોષ લાગુ પડે ત્યારે ઉપર બતાવેલ ન્યાયના જેવું થાય છે.

શાસ્ત્રોમાં કોઈપણ પદાર્થનું સ્વરૂપ કે લક્ષણ યથાર્થ ન થયું હોય તો ત્રણ દોષ આવે છે. અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ ને અસંભવ. તેમાં અતિવ્યાપ્તિ નાનો દોષ છે, તેના કરતા અવ્યાપ્તિ ને અસંભવ ક્રમસર મોટા દોષો છે.

અતિવ્યાપ્તિ એટલે જેનું લક્ષણ કરવામાં આવ્યું હોય તેમાં તો તે લક્ષણ રહે પણ જેનું તે ન હોય તેમાં પણ રહે.

અવ્યાપ્તિ એટલે જેનું લક્ષણ હોય તે બધામાં ન રહેતાં અમુકમાં જ સંભવે.

અસંભવ એટલે જેનું લક્ષણ હોય તેમાંથી કોઈમાં તે લક્ષણ ઘટે જ નહિં.

દાખલા તરીકે કોઇએ આત્માનું લક્ષણ કર્યું કે 'ગતિ કરતો હોય તે આત્મા કહેવાય' આ લક્ષણ અતિવ્યાપ્તિ-દોષવાળું છે, કારણ કે આત્મા સિવાય જડ પણ ગતિ કરે છે તેમાં પણ ઉપરોક્ત લક્ષણ લાગુ પડી જાય છે. આ અતિવ્યાપ્તિના ઉદ્ધારને માટે લક્ષણને ફેરવે કે 'કર્મને વેદતો હોય તે આત્મા કહેવાય' અથવા 'રૂપ-રસ-ગન્ધ-સ્પર્શવાળો હોય તે આત્મા કહેવાય' તો બન્ને લક્ષણો અનુક્રમે અવ્યાપ્તિ ને અસંભવ દોષદૂષિત છે; કારણ કે આત્માઓ કર્મને વેદે છે પણ સર્વે આત્માઓ વેદતા નથી. સિદ્ધાત્માઓ કર્મવેદનથી વિમુક્ત છે. તેમાં આ લક્ષણ નથી ઘટતું, માટે અવ્યાપ્ત છે, ને રૂપ-રસ-ગન્ધ-સ્પર્શ તો કોઇપણ આત્મામાં હોતા જ નથી, તે જડમાં જ હોય છે એટલે અસંભવ છે. પહેલા લક્ષણને છોડી બીજા બે લક્ષણ બતાવનારને

કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યજીની

જીવન-ઝરમર.

લેખકઃ—મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ. (ત્રિપુટી)

(ગતાંક પૃષ્ઠ ૯૪ થી શરૂ)

૨. પ્રસંગ બીજો—

એક વાર પાટણમાં શ્રી નેમિનાથ પ્રભુના ચરિત્રમાં પ્રસંગે આવેલું પાંડવ ચરિત્ર વંચાતું અને એમાં પાંડવોએ જૈન ધર્મની દીક્ષા લીધી અને છેલ્લે સિદ્ધગિરિમાં જઇ અણસણ કરી મોક્ષે પધાર્યા. આ વસ્તુ કહેવાઇ. આ સાંભળતાં જ બ્રાહ્મણો છેડાયા અને જૈનાચાર્યોએ અમારા ધર્મમાન્ય પાંડવોને હિમાલયમાં ગયા હોવા છતાં પાંડવોને જૈન ધર્મની દીક્ષા અપાવી, સિદ્ધગિરિ ઉપર મોક્ષે જવાનું જણાવ્યું એ તદ્દન અનુચિત અને અપ્રમાણિક છે. આ સંબંધી સિદ્ધરાજ જયસિંહ પાસે જઇ ફરિયાદ કરી. રાજાએ કહ્યું—જૈનાચાર્યજી ઉપર મને પૂર્ણ વિશ્વાસ છે. તેઓ કદી પણ અનુચિત કે અપ્રમાણિત બોલે જ નહિં, છતાં યે પંડિતોના આગ્રહથી સૂરિજી પાસે આવી ખુલાસો પૂછયો. સૂરિજીએ કહ્યું—રાજન્! આ તો સિદ્ધ અને સરલ વસ્તુ છે. જુઓ—

મહાભારતમાં **ગાંગેય**ના પ્રકરણમાં વ્યાસ ઋષિ—મહાભારતકાર પોતે જ કહેવરાવે છે કે—ગાંગેય ઋષિએ પોતાના પરિવારને કહ્યું કે મારા શબને એવે સ્થાને લઇ જઇને, એવે ઠેકાણે એને અગ્નિસંસ્કાર કરજો કે જ્યાં બીજા કોઇનો અગ્નિસંસ્કાર ન થયો હોય. ગાંગેયના મૃત્યુ પછી એમના શબને પર્વતના એક એવા ઊંચા શિખર ઉપર લઇ ગયા કે જ્યાં કોઇ માનવીનો પગસંચાર પણ ન થયો હોય. પરિવારના લોકોએ વિચાર્યું કે અહીં કોઇ માનવીનો પગસંચાર સુલભ નથી તો અગ્નિસંસ્કારની વાત જ ક્યાંથી બને? ત્યાં શબ નીચે મૂકયું કે આકાશમાંથી વાણી થઇ-

अत्र भीष्मशतं दग्धं पाण्डवानां शतत्रयम्।
द्रोणाचार्यसहस्रं तु कर्णसंख्या न विद्यते॥

"અહીં સો ભીષ્મોનો, ત્રણસો પાંડવોનો, સહસ્ર દ્રોણાચાર્યનો અને અસંખ્ય કર્ણનો અગ્નિસંસ્કાર થયો છે."

હવે મહાભારતકાર જ્યારે એમ કહે છે કે સો ભીષ્મ, ત્રણસો પાંડવો, અને હજાર દ્રોણાચાર્ય થયા—અને કર્ણની સંખ્યાની ગણતરી જ નથી એટલા થયા છે, તો પછી જૈન શાસ્ત્રકારોએ જે પાંડવોની જૈની દીક્ષા અને સિદ્ધગિરિ ઉપર અનશન કરી મુક્તિ ગયાનું લખ્યું છે એમાં ખોટું કેમ હોઇ શકે?

તેમજ પાંડવોની મૂર્તિઓ કેદારનાથ મહાતીર્થમાં છે એવી જ રીતે જૈનોના પ્રસિદ્ધ તીર્થ સિદ્ધગિરિમાં પણ પાંડવોની મૂર્તિઓ છે અને નાશિકના ચંદ્રપ્રભુ જિનમંદિરમાં પણ પાંડવોની [1]મૂર્તિઓ છે..

૧. આ ઉપરથી એટલું તો ચોક્કસ સિદ્ધ થાય જ છે કે ચૌદમી સદી સુધી નાશિક જૈનતીર્થરૂપ મનાતું હતું. ત્યાં ચંદ્રપ્રભુ જિનનું પ્રસિદ્ધ મંદિર હતું.

અન્નકમેલક ન્યાય લાગુ પડે છે. તેના લક્ષણો બકરી કાઢતાં ઊંટના પેસવા જેવા છે. આત્માનું શુદ્ધ લક્ષણ તો 'જ્ઞાનાદિ ગુણવાળો જે હોય તે આત્મા કહેવાય છે' એ છે.

વ્યવહારમાં માણસ એક પાપ કરે તેને છુપાવવા બીજું ભયંકર પાપ કરે ત્યારે આ ન્યાય લાગે છે.

એક જૂઠાને સાબીત કરવા હજાર જૂઠાનો આશ્રય લે- તે પણ એના જેવું જ છે.

આ ન્યાયને શાસ્ત્રમાં કે વ્યવહારમાં નહિં અનુસરનાર જ ઉન્નતિ સાધે છે.

વિજય અને વિકાસ સાધવા માટે દરેક જૈને આ ન્યાયના ભોગ ન બનવા ખાસ ખ્યાલ રાખવો ને આગળ વધવું. (ચાલુ).

બસ, પોતાના મહાભારતના શ્લોકનું પ્રમાણ સાંભળી બ્રાહ્મણો મૌન ધારીને ચાલ્યા ગયા. રાજા પણ આ પ્રમાણથી પ્રસન્ન થયા.

સૂરિજી મહારાજના ગંભીર અથાગ જ્ઞાન-રાશિનો, તત્કાળ જવાબ આપવાની બુદ્ધિનો, અને સ્મૃતિનો ઉપરના બન્ને પ્રસંગો સચોટ પ્રમાણરૂપ છે. આવું જ બ્રહ્મચર્યના રક્ષણ માટે આક્ષેપ કરનાર આભિગ પુરોહિતને જે જવાબ આપ્યો હતો તે પણ કેટલો સમયોચિત, પ્રમાણ-પુરસ્સર અને યુક્તિ-બુદ્ધિગમ્ય હતો તે સમજવા માટે કાશી છે.

આભિગ બ્રાહ્મણ રાજાનો પુરોહિત હતો. આખી રાજસભા ઉપર શ્રી હેમચંદ્રાચાર્યની વિદ્વત્તા, ચારિત્ર, અપૂર્વ જ્ઞાન અને બુદ્ધિ-પ્રભાનું વર્ચસ્વ જામેલું જોઇ સૂરિજી ઉપર આ પુરોહિત રોજ રોષે ભરાયેલો રહેતો. એણે એક વાર રાજસભા વચ્ચે સૂરિજી ઉપર મર્મ કટાક્ષ કરતાં કહ્યું-મહારાજ ! તમારો ધર્મ શમ અને કારુણ્યથી શોભિત છે પણ તેમાં એક ન્યૂનતા છે કે વ્યાખ્યાનમાં સદા સ્ત્રીઓ શૃંગાર સજીને આવે છે, વળી તે તમારા નિમિત્તે અકૃત અને પ્રાસુક આહાર આપે છે તે વિકાર-જનક આહાર હોવાથી તમારું બ્રહ્મચર્ય શી રીતે ટકી શકે ? કારણ કે—

" विश्वामित्रपराशर-
प्रभृतयो ये चांबुपत्राशना-
स्तेऽपि स्त्रीमुखपंकजं
सललितं दृष्ट्वैव मोहंगताः ।
आहारं सुदृढं (सुघृतं)
पयोदधियुतं ये भुंजते मानवा-
स्तेषामिन्द्रियनिग्रहो यदि
भवेद् विन्ध्यः प्लवेत् सागरे ॥ "

ભાવાર્થ—વિશ્વામિત્ર અને પરાશર જેવા મોટા મોટા ઋષિયો કે જેઓ માત્ર જળ અને પાંદડાંનું ભોજન કરતા, તેઓ પણ સ્ત્રીના વિલાસયુક્ત મુખને જોતાં જ મોહમૂઢ બની ગયા, તો જે મનુષ્યો ઘૃત, દૂધ, દહીં સહિત સ્નિગ્ધ ભોજન કરતા હોય, તેઓ જો ઇન્દ્રિય-નિગ્રહ કરી શકતા હોય તો સમુદ્રમાં વિંધ્યા-ચલને ડૂબ્યા જેવું થાય.

સૂરિજીએ એનો એવો સચોટ-બુદ્ધિગમ્ય પ્રમાણિક જવાબ આપ્યો કે જે સાંભળતાં રાજા અને સભાજનો રાજી રાજી થયા. અને પેલા પુરોહિત મહાશય તો નીચું મોઢું કરી ઘર ભેગા જ થઇ ગયા. તેનો જવાબ નીચે પ્રમાણે છે.

" सिंहो बली हरिणशूकरमांसभोजी ।
संवत्सरेण रतिमेति किलैकवारम् ॥
पारापतः खरशिलाकणभोजनोऽपि ।
कामी भवत्यनुदिनं वत कोऽत्र हेतुः ?॥"

બલિષ્ઠ સિંહ, હરિણ અને ડુક્કરનું માંસ ખાનારો હોવા છતાં વરસમાં એક વાર રતિસુખ ભોગવે અને કબુતર શુષ્ક ધાન્ય ખાનાર છતાં (કાંકરા વગેરે ઉપણ) પ્રતિદિન કામી બને છે એમાં શું કારણ હશે ?

માટે મહાનુભાવ, જગતમાં પ્રાણીઓની પ્રકૃતિ વિચિત્ર હોય છે, એ જ મુખ્ય કારણ છે. તમે કહેલી વસ્તુઓ કરતાંયે પ્રકૃતિ ઘણું કામ કરે છે. બસ, આખરે રાજાએ પણ પેલા પુરો-હિતને કહ્યું-ભાઇ, સભામાં ઉત્તર આપવાની શક્તિ ન હોય તેવા માણસે બોલવું જ ન જોઇયે અને બોલવા જાય તો તે અતિ સાહસ જ કહેવાય.

સૂરિજીના જીવનના આવા ઘણા ઘણા પ્રસંગો જ્ઞાન સાથે આનંદ ઉપજાવે તેવા છે, જે માટે પ્રબન્ધચિન્તામણિ, પ્રભાવક ચરિત્ર, કુમારપાલ-પ્રબન્ધ વગેરે વાંચવા જોઇએ. લંબાણના ભયથી તે બધા મેં અહીં નથી ઉતાર્યા. હવે આપણે આગળ વધીએ. (ચાલુ)

ધર્મ....કૌશલ્ય

(૧૭)

ઉતરી જવું તે–Going down.

સોનામાં જડવાને યોગ્ય હીરો કદી લોઢામાં જડવામાં આવે તો તે હીરો કાંઇ રડી ઊઠતો નથી તેમજ શોભતો પણ નથી, માત્ર એના યોજકને ઠપકો ઘટે છે.

દશ પંદર હજાર ખરચીને એક મોટા ધનવાને હીરો લીધો. અત્યંત ચળકાટ મારનાર મૂલ્યવાન બ્રીલીઅન્ટ (brilliant) હીરાને એણે કાળા લોઢાની વીંટીમાં મઢાવ્યો. આમાં મૂલ્ય કોનું થાય? હીરો પોતે તો બોલતો નથી, કકળાટ કરતો નથી, ફરિયાદ પણ કરતો નથી, પણ આંખ ઉઘાડી જોનાર માણસ તુરત કહી દે છે કે એનો **માલીક ગાંડો** હોવો જોઇએ, મૂર્ખ હોવો જોઇએ કે અક્કલનો ઓથમીર હોવો જોઇએ. કિંમતી હીરાને કોઇ લોઢામાં જડે? એને તો પ્લેટીનમ કે સોનાની અંદર સુંદર નખીઆંની અંદર જડાય. ત્યાં એના તેજમાં વધારો થાય, ત્યાં એ સોનાનું મૂલ્ય વધારે, ત્યાં એ દીપી–ઓપી નીકળી શકે.

એવી જ રીતે દેશની ગુંચવણ કાઢનાર કે મહામુત્સદ્દીગીરી કરનાર અસાધારણ વિદ્વાન નેતાને તમે શાક મોળવા બેસાડી દો, બે હજારના માસિક પગારવાળા પ્રાધ્યાપકને 'સારી ચોપડીઓ શોભાય'ની કવિતા શીખવવાનું કામ આપો, કે હજાર માણસની રસોઇ તૈયાર કરી શકનાર મોટા રસોયાને ભજીયાં તળવાં બેસાડો, તો એ કામ તો એ કરી આપે અને એના મુખ પર ખેદ કે વિષાદ પણ ન બતાવે, પણ એવી ગોઠવણ કરનાર તમારી કિંમત થઈ જાય. તમે ગ્રામ્ય છો, આવડત વગરના છો, 'બુંહાં' છો, એમ ચોખ્ખું દેખાઇ આવે.

આટલે સુધી વાત બેસી જાય તેવી છે. હવે જરા આગળ વધીએ. અનંત જ્ઞાન દર્શનનો ધણી, મહાન્ શક્તિમાન, તેજસ્વી ઉદાત્ત આત્મા જ્યારે વિષયકષાયમાં પડી જાય છે, જ્યારે ક્રોધથી લાલચોળ થતો દેખાય છે, જ્યારે કપટ-જાળની ગૂંચમાં અટવાઇ જાય છે, જ્યારે સ્ત્રી સાથે વિષયસેવન કરે છે, ટૂંકામાં સંસારના કામમાં ઓતપ્રોત થતો દેખાય છે, ત્યારે કનક ભૂષણમાં જડવા યોગ્ય હીરાને લોઢામાં જડ્યા જેવો એ દેખાય છે. આ ભારે ખેદનો વિષય છે, જોતાં ગ્લાનિ ઉપજાવે તેવા તેના ભવાડા કરાવે તેવી બાબત છે. એમાં પડનાર અને યોજનાર એ પોતે જ છે. માત્ર એને ચેતવનાર પાકો કોઇ મળતો નથી. નહિ તો **અનંત વીર્યના ધણીના આવા હાલહવાલ હોય?** મહાન્ તેજસ્વી સૂર્યની આગળ આવાં અંધારાં હોય? ભવ્ય વ્યોમમાં ઉડ્ડયન કરનાર આવી ભૂમિમાં લુંઠતા હોય? આ અતિ ખેદ કરાવે તેવી બાબત છે; અયોગ્ય મેળથી દિલ ઉશ્કેરે તેવી બાબત છે અને જરા વિચારવાથી કે આંતરચક્ષુ ખોલવાથી દેખાઇ આવે તેવી હકીકત છે; માટે વિચારો. સોનામાં બેસવા યોગ્ય ને સોનામાં બેસાડો, કનક ભૂષણને યોગ્યને મૂલ્યવાન ધાતુમાં મૂકો. એમ કરવામાં તમારી અલ્પ આવડત અને અણઘડપણામાં કિંમત થાય છે. હાથી તો રાજદરબારે શોભે, એને ઉકરડે ગંધાય નહિ અને એવી કોઈ ભૂલ કરે તો ભૂલ કરનારમાં મીઠાની ખામી છે એમ વાત થાય.

कनकभूषणसङ्ग्रहणोचितो, यदि मणिस्त्रपुणि परिधीयते ।
न स विरौति न चापि हि शोभते, भवति योजयितुर्वचनीयता ॥

પંચતંત્ર.

(૧૮)

અહીં શા માટે ? Why here ?

જીવનમાંથી આપણે માટે જેટલું બધું મળી શકે તે લેવા માટે આપણે અહીં આવ્યા નથી, પણ બીજાનાં જીવનને વધારે સુખી કરવા માટે બનતો પ્રયાસ કરવા અહીં આવ્યા છીએ.

આપણે અહીં શા માટે આવ્યા છીએ ? બને તેટલો પૈસો એકઠો કરવા, કે બેન્ક ખાતામાં મોટી પુરાંત (બેલેંસ) બતાવવા કે રાત્રે સ્વચ્છંદે રખડવા કે પરિણામની વિચારણા કર્યા વગર અકરાંતીઆ થઈ માલમિષ્ટાન્ન ખાવા કે ન પીવા યોગ્ય પીણાં પી જાત પરનો કાબૂ ખોઈ બેસવા ? અથવા તો આપણો ઉદ્દેશ અહીં ગાયનો સંગીત સાંભળવા માટેનો છે કે આખો દિવસ અકળાઈ કૂટાઈ વેપારધંધાના એકદેશીય ચકરાવામાં કચરાઈ મરવાનો છે ? કે શો હેતુ છે ? કે નામના કરવા માટે છાપામાં કોઈ રીતે નામ પ્રકટ કરાવવાનો કે માનપત્રો મેળવવાનો કે કોઈ અજાણ્યા ખૂણે પડેલા કોઈ સંસ્થાના પ્રમુખ કે હોદ્દેદારનો બિરૂદ મેળવવાનો છે કે સરકાર પાસેથી ખાનબહાદુર, રાવસાહેબ કે રાયબહાદુરનો ઈલકાબ મેળવવાનો છે ? કે તદ્દન નાના વર્તુળનાં શેઠીઆ ગણાવાનો કે મોટા સટ્ટા રેસ કે જુગારમાં હજારોને પાયમાલ કરી અંતે પોતાને પાયમાલ કરવાનો છે ? કે આપણો ઇરાદો શું છે ? કેટલા મળે તો મોક્ષ થયો ગણાય ? કેટલા ડુંગરા ખડકાય તો જીવન સફળ ગણાય ? બધી રીતે આ સર્વમાં આપણો સ્વાર્થ છે, આપણી માન્યતા પ્રમાણે આપણી નામના છે અને આપણી મહત્તામાં માનેલું સાચું ખોટું ગૌરવ છે. આ સર્વમાં મધ્યસ્થાને 'હું' અને 'મારું' છે, એમાં મમતા અને માયા છે, એમાં ચોખ્ખા સ્વપણાનો આગ્રહ છે, એમાં નિર્બળ અલ્પ સત્ત્વનું પ્રદર્શન છે.

જીવન જીવવું હોય તો પરાર્થે જીવો, બને તેટલી બીજાને સગવડ કરી કરાવી આપો; બને તેટલા જનહિતનાં કામોને અમલમાં મૂકો, અન્યને તેમ કરવા પ્રેરણા આપો, ઉપદેશ કરો અને પારકાને કરી કરાવી આપેલી સગવડોમાં સુખ માનો. ખાવું પીવું, એશઆરામ ચમન કરવો એ તો માત્ર ટૂંકી બુદ્ધિ છે, અલ્પ નજર છે, સ્વાર્થની અંધેરપીછોડી છે. બીજાના જીવનને સેવાથી, સલાહથી, મદદથી સુખી કરવાના પ્રયાસમાં પણ સાચો આનંદ છે. બાકી નંદરાજાએ સોનાની ડુંગરીઓ બનાવી તે સર્વે અંતે અહીં રહી ગઈ અને પાંચસો વહાણનો માલેક ધવલ શેઠ એક પણ વહાણને સાથે ન લઇ ગયો ! બીજાને ખવરાવ્યું તે ખરૂં ખાધું, બાકી ખાધું તે તો ખોયું. એ વાતને સમજે તે પરોપકારી જીવનમાં જ રસ લે અને સમાજ ખાતર અનુકૂળતા પ્રમાણે ભોગ આપવામાં, યાતના સહન કરવામાં, ભૂખ તરસ વેઠવામાં કે જેલનાં દુઃખો ખમવામાં જે મોજ લે તેનું જીવન એ સાચું જીવન છે અને માત્ર બેન્કમાં કરોડો કે લાખોની લેવડદેવડમાં જ રાજી થઇ જનાર માટે તો આ માત્ર એક ફેરો છે, આંટો છે, ખેપ છે. બને તેટલું પારકા માટે જીવવામાં રસ લો, પારકી સેવા એ ખરેખરી પોતાની સેવા છે એ સૂત્ર બરાબર સમજો અને બને તેટલું પરાર્થે જીવન જીવવામાં રસ જમાવો. બાકી તો કાગડો પણ જીવે છે, ખાય છે અને મોત આવે ત્યારે મરી જાય છે. એવા જીવન માટે આપણે અહીં આવ્યા નથી. આપણે તો અહીં પોતાનો વિકાસ સાધવો છે અને પોતાને ભૂલી પરને માટે જીવન વહન એ એનો રાજમાર્ગ છે.

We are not here to get all we can out of life for ourselves, but to try to make the lives of others happier.

—Sir William Osler (24-4-46)

(૧૯)

વસીયતની સખાવતનું મૂલ્ય–Values of testamentary charities.

કોઈ કોઈ માણસો મરણના ઘરા સુધી પોતાની સખાવતો મુલતવી રાખે છે. આવા માણસો માટે બરાબર વિચાર કર્યો હોય તો જણાશે કે તેઓ પોતાના ધન કરતાં પારકાના પૈસા પર ઉદારતા દાખવી રહેલ છે.

'ચમડી તૂટે પણ દમડી ન છૂટે' અને 'લોભે લક્ષણ સઘળાં જાય' એ સર્વ જાણીતી કહેવતો એક બાબત જરૂર બતાવે છે કે માખી આખો દિવસ મહેનત કરી મહિનાઓ સુધી ફૂલે ફૂલે બેસી મધ એકઠું કરે, પોતે ખાય નહિ, બચ્ચાંને ખાવા ન દે–આ સર્વ જાણીતી વાત છે, ત્યારે **એ મધ કોનું** ?

અને આખો દિવસ રાત મજૂરી કરી પૈસા એકઠા કરે અને પોતે સુખે ખાય નહિ, ખાવામાં તેલ ને ચોળાં આરોગે અને મરતી વખતે મારી પાછળ ચોરાસી જમાડજો કે ગામમાં એક ચબૂતરો કરી પારેવાંને જાર નાખજો કે કૂતરાંને રોટલા ખવડાવજો–**એ ધન કોનું** ? એ તો જાણે છે કે અહીં બધું મૂકીને જવાનું છે અને પછી તો કોરટ, દરબાર, વકીલ, પ્રોબેટ ડયુટિ, ડેથ ડયુટિ–એમાં ઘસડાઇ જવાનું છે.

આવી સ્થિતિ નજીક દેખાય ત્યારે વકીલને બોલાવે, મારા ફલાણા સગાને ૫૦૦ આપજો, મારા નામનું સદાવ્રત થાપજો, વગેરે ખરચો કરવા ફરમાવે–એ પૈસા કોના ? એના તો ન જ કહી શકાય. મરી ગયા પછી એ ઘેર આવે તો તેને કોઇ ઘરમાં પેસવા પણ ન દે, અને જૂના જમાનાના હોય તો પાણી મંત્રીને છાંટે, કે ઘરના બહારના ગોખલામાં ખીલા ઠોકે, કે ભૂલભૂલમાં પણ ઘરમાં બાપાનું ભૂત રાત વખતમાં પણ આવી ન જાય.

ત્યારે આ તો પારકાના પૈસા થયા. એ તો કોઈ રીતે પોતાને એક રૂપિયાના ચાર આના પરભવમાં મળે તો **સગા છોકરાને પણ રખડાવે**, પણ જ્યારે ઉપાય ન હોય ત્યારે કાંઇ નહિ તો થોડું ઘણું આવતા ભવમાં મળશે, એવી માન્યતાને આધારે એ થોડા ઘરમાદો કરે છે. પણ આવી રીતે કરેલ ઘરમાદો એ ખરી રીતે પારકા પૈસાનો ઘરમાદો છે, હક્ક ઊઠી ગયા પછી હક્ક સ્થાપવાનો વ્યામોહ છે, બળતું ઘર કૃષ્ણાર્પણ કરવાના અખાડા છે, મળે તેટલું પચાવી પાડવાનો ધનનો મોહ છે. ધનની અસ્થિરતા સમજનાર, **ખરચ્યું તે સાથે** આવશે એ પાઠનો સંવ્યવહાર કરનાર આ રીતે છેલ્લી ઘડી સુધી પૈસા ખરચવાની વાત મુલતવી રાખે નહિ અને રાખે તો તેને પૂરું ફળ મળે નહિ.

'હાથે તે સાથે' છે એ વાત સમજવા જેવી છે, **વાવવાથી લણાય છે** એ વાત ધ્યાનમાં લેવા જેવી છે, પોતે કરેલ સખાવતના લાભ નજરે જોવાથી અનુમોદનનો લાભ પણ થાય છે અને કરેલ કાર્યનો બદલો હજારોગણો અહીં ને અહીં મળે છે.

માટે જે કરવું હોય તે આજ કરો. નાણાં વેડફાઇ જતાં વાર લાગતી નથી. પુત્ર કુપુત્ર થાય તો કઈક વસીયતનામા તિજોરીમાં સડી ગયા છે અને વકીલોની નજર મોટા એસ્ટેટ પર હોય છે. આ સર્વમાંથી બચવું હોય, પરસેવાના પૈસાનો લાભ લેવા પાકી ઇચ્છા થઇ હોય તો જે કરવું હોય તે તુરત કરો, પછવાડે વાળા કરશે એ વ્યામોહ છે, મૂળથી જ ખોટો ખ્યાલ છે અને અનુભવથી કષ્ટસાધ્ય છે. ખરચ્યું તે તમારું છે, બાકી બધા ભામા છે.

He that defers his charity till he is dead, is, if a man weighs it rightly, rather more liberal of another man's foods than his own. —BACON. (7-4-45)

(૨૦)

મટક વૈરાગ્ય–Fleeting aloofness.

ધર્મનું વ્યાખ્યાન ચાલતું હોય તે વખતે જે બુદ્ધિ થાય, સ્મશાનમાં બળતી ચિતાની છાયા વખતે જે વૈરાગ્ય બુદ્ધિ પોષાય, વ્યાધિવાળા રોગીને મંદવાડ દરમ્યાન ત્યાગની જે બુદ્ધિ થાય, તે જો નિશ્ચલ હોય–પાકી હોય તો બંધનથી મુક્ત કોણ ન થઇ જાય?

શુદ્ધ ત્યાગી, હૃદયથી બોલનાર, ખરેખરા અભ્યાસી અને જેના વચન, વ્યવહાર અને વર્તનમાં ત્યાગ ભાવ રમી રહેલ હોય તેવા વક્તા સંતપુરુષ સાદી મીઠી ભાષામાં ધર્મનું રહસ્ય સમજાવતા હોય, પ્રભાતનો જાગતો પહોર હોય, ગજસુકુમાળ અને કરકંડુ જેવાના દાખલા આપે જતા હોય અને શ્રોતા વૈરાગ્યના રસમાં લદબદતા હોય ત્યારે કેવી બુદ્ધિ થાય? એ નંદરાજાની સોનાની ડુંગરીની વાત કરે, એ મુંજ જેવા મોટા રાજાને ભીખ માગતો બનાવે, એ દ્વીપાયન ઋષિએ કરેલ દ્વારકાદહનની વાત કરે કે એ સ્થૂલિભદ્રનો ત્યાગ વર્ણવે ત્યારે કેવી બુદ્ધિ થાય? વિષયસુખો કેવા લાગે? કષાયપરિણતિ પર કેવી ચીઢ ચડે? સ્વપરની કેવી ઓળખાણ થાય?

અથવા **સ્મશાનમાં** ભાઇની, પુત્રની, સ્ત્રીની, મિત્રની કે સંબંધીની 'ચે' બળતી હોય, સાચા સંવેગી લૌકિકે આવનાર વધારે દુઃખીના દાખલા આપી ધીરજ આપતા હોય, અંતે સર્વને મરવું ચોક્કસ છે અને આ જમાવેલ સૃષ્ટિ આખી અહીં ને અહીં રહી જવાની છે અને સાથે એક નાળિયેર કે એક સુતરનો દોરો કે સોનાનો વીંટી પણ આવનાર નથી એવી વાતનું વાતાવરણ જામ્યું હોય ત્યારે પોતાના મનમાં કેવી બુદ્ધિ થાય? કેવો વિચાર ઘોળાય? ૧૦૪-૧૦૪॥ તાવ આવ્યો હોય, ઉધરસ આવ્યા કરતી હોય, વૈદ્ય દાક્તર હિંમત આપે તેમાં આશા નિરાશા વચ્ચે ઝોકાં ખવાતાં હોય, ગળે પાણી ઉતારવામાં પણ શ્રમ પડતો હોય, ત્યારે મનમાં વિચાર આવે કે આ વ્યાધિમાંથી છૂટું તો આ ચોતરફથી દાવાનળ લાગેલાં સંસારમાંથી નાસી છૂટું! તે વખતે જમાવેલ રચાસત, એકઠી કરેલ પૂંજી, ગોઠવેલ સગપણ, સર્વ તરફ કેવી બુદ્ધિ થાય? પોતાનો તેમની સાથેનો સંબંધ કેવા પ્રકારનો, કેટલા વખત માટેનો અને કેવાં પરિણામ લાવનારો છે તેને અંગે મનમાં કેવા કેવા વિચારો આવે? શા શા નિર્ણયો સૂજે?

આ મટક વૈરાગ્ય, ક્ષણિક ત્યાગબુદ્ધિ, કામચલાઉ વિચારણા જો સ્થાયી **સ્વરૂપ લે તો તો કામ થઇ જાય,** સર્વ બંધન ખલાસ જાય, પ્રાણી પોતાના અખંડ સ્થાને પહોંચી જાય. પણ ઘણાખરા તો વ્યાખ્યાનગૃહમાંથી નીકળતી વખતે જ સાહુકાર બની જાય. સ્મશાનમાંથી પાછા ફરતાં યુરોપ અમેરિકાની વાતે ચઢી જાય, રોગ પૂરા થાય ન થાય ત્યાં તો વેપાર ધંધાના ઓરડરો આવવા લાગી જાય, અને અંતે ઘર દી અને ઘર દહાડા થાય. તેમાં શું રજ્યા? તેથી શું વળે? એમાં કઇ જાતના સ્થાયી લાભ થાય? માટે આવા ટૂંક વખતના વિચારને સ્થાયી રૂપ આપતાં આવડે, આત્મવંચના અને દંભને તિલાંજલી અપાય અને તેમાંથી સ્થાયી લાભ મેળવાય તો ત્યાં સાચો ધર્મ આવીને વસે; બાકી ઉપરચોટિયા રતલામની ભાવનાનો કાંઈ અર્થ નથી. સ્થાયી લાભ નથી તેમ તેથી પૂર્ણ પ્રગતિ નથી.

મૌક્તિક

धर्मस्थाने स्मशाने च, रोगिनां या प्रतिर्भवेत्। यदि सा निश्चला बुद्धिः को न मुच्येत बन्धनात्॥

પ્રત્યેકબુદ્ધ.

લેખકઃ—રા. ચોકસી.

(ગતાંક પૃષ્ઠ ૭૬ થી શરૂ.)

૩ વલ્કલચીરી—

અરણ્યવાસમાં અથવા તો નગર બહાર વસ્તીથી સામાન્ય રીતે અલગતા ધરાવતા ઉદ્યાન વા આશ્રમમાં જ ધ્યાનની ખરી રમઝટ જાગે છે. જો કે આ નિયમ એકાંત ગ્રહણ કરવાનો નથી. મોટા ભાગે આમ બનતું હોવાથી જ સાધુસંતો કિંવા તાપસો ઘણું ખરૂં કુદરતના આંગણે આવેલા વિવિધ પ્રકારની વનસ્પતિની લીલાશથી, ભરચક બનેલાં રંગબેરંગી પુષ્પો તેમજ મનોહર ફળોથી ભરેલાં વૃક્ષોથી શોભાયમાન થયેલાં, અને એ ઉપર ભિન્ન ભિન્ન પ્રદેશોમાંથી આવતાં અને જતાં જુદા જુદા પક્ષીગણના કલરવોથી સદા ગુંજાયમાન રહેતાં સ્થાનોમાં વસવાનું પસંદ કરે છે. આ ઉપરાંત મોટો લાભ તો અહીં વસનારને એ થાય છે કે એમના આત્મચિંતનમાં અથવા તો અધ્યયન મનનમાં કોઇ પણ જાતના અવરોધ ઉપસ્થિત થવાનો પ્રસંગ બનતો જ નથી. એમને અહીં ધારી એકાંત દશા અને મોટા પ્રમાણમાં નિરવતા પ્રાપ્ત થાય છે. જેમ તેઓ માત્ર ગોચરી નિમિત્તે જ સમિપવર્તી શહેરમાં જવાનું પસંદ કરે છે તેમ શહેરની જનતાને પણ સામાન્યતઃ ઉપદેશ પ્રાપ્ત કરવાની અભિલાષા વર્તે છે ત્યારે અગર તો કોઇ ખાસ પર્વ હોય છે એ દિને મોટા પ્રમાણમાં આ સ્થાન પ્રતિ પગલાં માંડે છે.

ઉપર વર્ણવ્યા પ્રમાણેના આ **પોતનપુર** નગરની બહાર આવેલા ઉદ્યાનમાં જે એક આશ્ચર્ય ઉદ્ભવ્યું તે તરફ ડગ ભરતાં જ આપણી નજરે મહારાજા પ્રસન્નચંદ્ર અને તેમના બંધવ યુવરાજ વલ્કલચીરી ચઢે છે. તેઓ વાતો કરતા ઉદ્યાનની દિશામાં જ આગળ વધી રહ્યા છે.

ભાઇ વલ્કલ ! પિતાશ્રીને સુખ-શાતા પૂછી, થોડો સમય શુશ્રૂષા કરી આપણે તરતજ પાછા ફરવાનું છે. તાપસો કે મહંતોના સ્થાનમાં સંસારી મનુષ્યોએ કામપૂરતા જ બેસવું જોઇએ. રાગીનો વધુ સહવાસ ત્યાગીના જીવનમાં હાનિકારક થઇ પડે છે. પ્રસન્નચંદ્રે આ સૂચના હેતુપૂર્વક કરી.

વડિલ ભ્રાતાની ઉપલી સૂચના પર વલ્કલે ખાસ ધ્યાન ન દીધું. જેમ જેમ આશ્રમ નજીક આવતો ગયો તેમ તેમ એની સ્મૃતિમાં પોતાનો ભૂતકાળ વધુ ને વધુ પ્રમાણમાં તાજો થતો ગયો. પોતાનું બાળપણ અહીં વીતેલું હોવાથી નાના મોટા દરેક બનાવો મનોપ્રદેશમાં ઉભરાવા માંડ્યા. ઘડીભર પોતે અહીંથી નીકળી જઇ નગરમાં પહોંચી સંસારી બન્યો એ વાત ભૂલી ગયો ! ગાયો ચારતા ગોવાળ, વનમાં દોડતાં મૃગો, ટોળામાં ફરતાં સસલાઓ, વૃક્ષો પર કલરવ કરતાં પક્ષીવૃંદોએ, બાળપણની નિર્દોષતા એટલી હદે યાદ કરાવી કે વલ્કલચીરી રાજ્યમહેલ અને એમાં વસતી રૂપવંતી રામાઓ અને એમની મનોહર ક્રીડાઓ, મોહક હાવભાવ અને કામોદ્દીપક વિલાસો વિસરી ગયો.

આ વિચારમાળામાં મોટા ભાઇનો મોઢેથી કરાયેલો સાદ કર્ણપટ પર અથડાયો.

અરે વલ્કલ! શું વિચારે છે? નજર સામે બાપુજી, અરે સોમચંદ્ર ઋષિ વિરાજમાન છે તેમને પ્રણામ કર.

તરંગશ્રેણિમાં ભંગાણ પડ્યું. ઊંઘમાંથી એકાએક જાગ્રત થતાં માનવી માફક વલ્કલચીરીએ સોમચંદ્ર ઋષિના ચરણમાં દંડવત્ પ્રણામ કર્યા.

વૃદ્ધાવસ્થા જેમના પ્રત્યેક અંગ પર કાબૂ જમાવી બેઠી છે એવા તપોધને ઉભય પુત્રોને આશીર્વાદ આપ્યા. સુખશાતા પૂછવાનો પ્રારંભ રાજવી પ્રસન્નચંદ્રે કર્યો.

વલ્કલચીરી મૂકપણે એ સાંભળી રહ્યો છતાં એનું મન તો એ કમરામાં અસ્તવ્યસ્ત પડેલી વસ્તુઓ પ્રતિ હતું. આ તે જ સ્થાન છે કે જ્યાં પોતે સમજ પ્રાપ્ત કર્યા પછી સાફસુફી કરતો, નાની મોટી દરેક ચીજ એના સ્થાનકે મૂકતો, એ ઉપરની રજ ખંખેરી નાંખતો અને પિતાશ્રીના ઉપયોગની દરેક સામગ્રી એ માગે તે પૂર્વે હાજર રાખતો. જન્મ આપીને તરતમાં જ પરલોકના પંથે પળેલી માતુશ્રીની યાદ તો નહોતી પણ ન્હાનેથી મોટો કરનાર પિતા તો જીવનના પ્રત્યેક બનાવ સાથે તાણાવાણાની માફક વણાયા હતા. આકસ્મિક બનાવે એમનો સંહવાસ છોડાવ્યો હતો અને આવા ઉપકારીનો સંગ છોડી પોતે નગુણો બની ખબર આપ્યા વિના પોતનપુર ભાગી ગયો હતો. એટલું જ નહીં પણ તાપસ જીવનની વાતને સાવ ભૂલી જઈ ગૃહસ્થ જીવનના રંગરાગમાં એટલી હદે ડૂબી ગયો હતો કે આ વૃદ્ધ પિતાને પોતાના ચાલી આવવાથી કેવું દુઃખ થયું હશે એ જાણવાની તક સરખી પણ લીધી નહોતી! જેમ જેમ આ સ્મરણ તાજું થતું ગયું તેમ તેમ પોતાની જાતને નીચી પાયરીએ ગયેલી જોઈ વલ્કલચીરીને હૃદયમાં સખત દુઃખ થયું, જબરું મંથન શરૂ થયું ભૂતકાળના નિર્દોષ જીવનની સુવાસ આગળ ચાલુ સમયનું સંસારી જીવન કાદવ-કીચડમયું લાગ્યું! મનમાં અવાજ ઊઠયો કે માન સરોવરનો હંસ ક્યાં ઉકરડા નજીકના મેલા પાણીના ખાબોચીઆ પર જઇ બેઠો! ભૂલ્યો! ઘણું ભૂલ્યો!! પાછો ફર, હજી બાજી હાથમાંથી સરી નથી ગઇ.

એકાએક વલ્કલચીરી ભાઇની પાસેથી ઊઠી, તાપસ જીવનમાં આહાર ગ્રહણ કરવામાં ખાસ ઉપયોગમાં આવે તેવાં લાકડાના પાત્રો પડયા હતાં એ ખૂણામાં પહોંચ્યો. એમાંનાં એકાદ સિવાય બાકીના પર ધૂળના થર જામ્યા હતા. એક પછી એક લઇ એ પોતાના વસ્ત્રવડે પ્રમાર્જવા મંડી પડયો. એના આ કાર્ય પ્રતિ વાતમાં એકતાર બનેલા ઋષિ કે રાજા ઉભયમાંથી કોઇનું પણ ધ્યાન ગયું નહીં.

જેમ જેમ વલ્કલચીરી પાત્રોનો કચરો સાફ કરતો ગયો તેમ મનોપ્રદેશમાં ઇહા-અપોહના રણકાર થતાં ગયાં. બાલ્યકાળમાં અહીં જેમ આવી પલેવણા કરતો તેમ પૂર્વે પણ મેં આવી ક્રિયા કરી છે? ક્યાં કરી છે? ક્યારે કરી છે? એની ધારણા કરવાના પ્રયાસ આરંભાયા. અ પર-સ્મૃતિના ઘા પડયાં અને એકાએક જાતિસ્મરણ જ્ઞાન થયું. ઓહ! હું તો સાધુ હતો. આ જાતની પાંચ પલેવણા અહર્નિશ કરતો. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દશ પ્રકારના યતિધર્મનું પાલન, બાવીશ પરિષહોનું સહન તેમજ બાર ભાવનાનું ચિંતન એ તો મારો રોજનો વ્યવસાય હતો. સાધુના આચારમાં વસ્ત્ર પાત્રાદિની પડિલેહણા અગ્રભાગ ભજવે છે. જીવરક્ષાના હેતુને ધ્યાનમાં રાખી એ દરેકની તપાસ કરવાનું ખાસ ફરમાન છે. આમ ચિંતવન આગળ વધતું ગયું. પૂર્વ ભવમાં પાળેલા ચારિત્રની સ્મૃતિના ઊડાણ ઘેરા બનતા ગયાં. એ પવિત્ર જીવન જીવતાં રહી ગયેલી ક્ષતિઓ દૃષ્ટિગોચર થઇ, લાગેલ અતિચાર નેત્ર સામે

શ્રી આત્માનંદ નિર્વાણ અને અર્ધ શતાબ્દિ મહોત્સવ
અખિલ ભારતવર્ષીય ગુરૂભક્તગણ જોગ-શાંતમૂર્તિ પૂજ્ય.
જ્યોતિર્મય-ન્યાયાબ્ધિનિધિ-દાદા ગુરૂદેવ.

શ્રી વિજયાનંદ સૂરીશ્વર (આત્મારામ)જી મહારાજ પ્રતિ ગુરૂભક્તોનું-કર્તવ્ય.

वह कौन था ? क्या था दिवाकर ? या सुधाका धाम था ?
सुनिए, विनय विद्या दया का धाम आत्माराम था ॥

પંજાબદેશોદ્ધારક સર્વશાસ્ત્રનિષ્ણાત સત્યવક્તા ન્યાયાબ્ધિનિધિ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજના જન્મ શતાબ્દિ શુભ પ્રસંગે તેઓના પટ્ટધર પંજાબકેસરી અજ્ઞાનતિમિરતરણિ કલિકાલકલ્પતરૂ જૈનાચાર્ય શ્રી ૧૦૮ શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ- દ્વારા ઉચ્ચારેલ સોનેરી વાક્યો આજે પણ કાનોમાં ગૂંજી રહ્યા છે કે-" **जन्म शताब्दि महोत्सव की तरह वि. सं २००३ में आपके स्वर्गारोहण को पूरे पचास वर्ष होवेंगे; इस बात को लक्ष में लेकर आपका स्वर्गारोहण अर्द्ध शताब्दि महोत्सव मनाया जायगा। इसलिये आप अभी से ही अर्द्ध शताब्दि तैयारियें करें। दश वर्ष के लम्बे समय में आप जो कुछ करना चाहें कर सकते है! जिन्दगी होनी चाहिये। वह तो निर्विवाद बात है कि जो जीवा रहेगा वह समय का अनुभव कर ही लेगा। तो भी यदि अभीसे ही उस समय के लिए यथाशक्ति कर्त्तव्य परायण हो लिया जाय तो संभव है, कुछ न कुछ उस समय के उचित बन शक्ता है।** " મહાનુભાવો!

આપણો મહાન પુણ્યોદય છે કે જે મહાપુરુષના મુખારવિંદથી ઉપરોક્ત દેવવાણી પ્રગટ થઇ હતી. આજ તેઓશ્રીજીની જ છત્રછાયામાં તે મહોત્સવ ઊજવવા ભાગ્યશાળી થઇ રહ્યા છીએ.

મને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે પરમો-

તરવા લાગ્યાં. અંતરના ઊંડાણમાંથી એક જ નાદ ઊઠી આવ્યો.

હંસલા, ભૂલ્યો ત્યાંથી ફરીથી ગણવા માંડ. પવિત્ર એવા શ્રમણજીવનના શુદ્ધ પાલન વિના આત્મસાક્ષાત્કાર સંભવિત નથી જ એ વાત સચોટપણે લોખંડના ટાંકણે કોતરી આગળ કદમ ભરવા માંડ. 'ભાવના ભવનાશિની' એ જ્ઞાની વચનનો સંધિયારો લઇ વલ્કલચીરી યુવરાજ તો ગુણસ્થાનકની ભૂમિઓ કુદાવવા લાગ્યો. બાહ્ય દૃષ્ટિએ તો એના હાથ પાત્રોની પલેવણ કરતાં હતાં પણ અંતરદૃષ્ટિના નિરીક્ષક તો સહજ જ્ઞાનબળે જોતાં કે હાથોની એ ક્રિયા ઉપરાંત અંતરમાં અનિત્યાદિ ભાવનાઓના ધોધ વહી રહ્યા છે. ધ્યાનની ચિરાગ ભડકે જળી રહી છે. એમાં કર્મનો પુંજ સ્વાહા થઇ રહ્યો છે. ધર્મધ્યાનની ભૂમિકા ઓળંગાઇ અને શુક્લધ્યાનના ચાર પ્રકારમાંનાં પ્રથમના બે ઉપર મન એકાગ્ર થયું ત્યાં કેવળજ્ઞાનનો ઘંટ ણઝી રહ્યો. સમિપસ્થ દેવે સાધુવેશ અર્પણ કર્યો. એમનો અંક પ્રત્યેક બુદ્ધમાં નોંધાયો.

પકારી દાદા ગુરૂદેવ શ્રી આત્મારામજી મહારાજને સ્વર્ગવાસી થયે સંવત વિ. સં. ૨૦૦૨ જેઠ સુદિ ૮ ના રોજ પૂરા પચાસ વર્ષ થઇ ચૂકયા છે. તે નિમિત્તે પંજાબના પ્રસિદ્ધ શહેર ગુજરાંવાલામાં જ્યાં તેઓશ્રીજીનું ભવ્ય શાનદાર સમાધિમંદિર છે તેની શીતલ છાયામાં શ્રી આત્માનંદ નિર્વાણાર્દ્ધ શતાબ્દિ સમારોહ વિ સં. ૨૦૦૩ ચૈત્રવદિ (હિન્દી વૈશાખવદિ) ૬-૭-બીજી સાતમ તદનુસાર તા. ૧૧-૧૨-૧૩ એપ્રીલ સં. ૧૯૪૭ ના રોજ ઊજવવા ઠરાવવામાં આવ્યો છે.

સજ્જનો !

શ્રી આત્મારામજી મહારાજ ખરેખર જૈન શાસનના એક સમર્થ જ્યોતિર્ધર હતા. સમસ્ત સંઘ ઉપર એમનો અસાધારણ ઉપકાર છે. જે વખતે અજ્ઞાનતા, વહેમ, ગતાનુગતિકતા અને સંકુચિતતા પોતપોતાનાં આસન જમાવીને બેઠાં હતાં તે વખતે આ આચાર્ય મહારાજે શાસ્ત્ર અને સંયમનો સિંહનાદ સંભળાવી જૈન સંઘને સચેત કર્યો. શિથિલતા જડતા અને પાખંડ જેવા યુગવ્યાપી અંધકારને એમણે એકલા હાથે વિદાર્યો.

"No man so peculiarly identified himself with the interests of Jain Community as Muni Atmaramji"

જૈન સંઘના હિતકાર્યમાં શ્રી આત્મારામજી મહારાજે કેટલી તદ્લીનતા સાધી હતી ? અમેરિકાની સને ૧૮૯૨ની સુપ્રસિદ્ધ ધર્મ પરિષદે પોતાના અહેવાલમાં એ શબ્દો આપણા અર્દ્ધશતાબ્દિ નાયકના સંબંધમાં ઉચ્ચાર્યા છે.

જેમણે સંઘ સમસ્તના હિતાર્થે રાત દિવસ ચિંતન કર્યું, જેમણે શાસન પ્રભાવનાના વિસ્તાર અર્થે અનેકાનેક પરિષહો વેઠ્યાં, જેમણે જ્ઞાન તથા વિધિના પુનરુદ્ધાર અર્થે માન અપમાનની પણ પરવા ન કરી, જેમનું સમસ્ત જીવન પ્રકાશરૂપ છે. જેમના જીવનનો એક એક પ્રસંગ અડગતા અને સવીર્યતાની પ્રેરણા આપે છે એવા એક શાસનધુરંધર પુરૂષના સ્મારક અર્થે પ્રિય ગુરૂભક્તો તમારે પણ કાંઇક કરી છૂટવું જોઇએ.

ગુરૂભક્તો !

જન્મ શતાબ્દિની માફક આ નિર્વાણાર્દ્ધ શતાબ્દિનું પણ નિરંતર સ્મરણ રહે અને પ્રત્યેક ગુરુભક્ત પોતાની શક્તિ મુજબ લાભ લઇ શકે તે લક્ષમાં રાખી પંજાબ શ્રી સંઘ તરફથી એક અર્દ્ધશતાબ્દિ ફંડની એક યોજના હાથ ધરવામાં આવી છે.

૧ આ ફંડમાં પ્રત્યેક મહાનુભાવ રૂ. ૫૧) એકાવન આપી મેમ્બર થઇ શકે છે. જે કોઇ પણ ગુરુભક્તને ભારે પડે તેમ નથી.

૨ આ ફંડનો ઉપયોગ ખાવાપીવામાં અથવા કોઇ મકાનમાં કરવામાં નહીં આવે, કિન્તુ અર્દ્ધશતાબ્દિ સ્મારક અંક પ્રગટ કરવાની સાથે સાથે સ્વર્ગવાસી ગુરુદેવના સ્વયંરચિત ગ્રંથો પ્રાચીન સાહિત્ય અને ઇતિહાસનું પ્રકાશન કરવામાં આવશે. તે સિવાય શ્રી મહાવીર પ્રભુના વચનોનો, ધર્મનો અને ઉપદેશનો જગતમાં પ્રચાર થાય એવું સાહિત્ય પ્રગટ કરવામાં આવશે. એજ એનો મુખ્ય ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો છે. કેટલો સુંદર વિશ્વગ્રાહી વિચાર છે ! તુર્ત ગુરુભક્તોએ મેમ્બરોમાં નામ લખાવી કર્તવ્યનું પાલન કરવું યોગ્ય છે.

બંધુઓ !

દાદા ગુરુદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજના ભક્તોનાં અનેક વકીલ, બૈરીસ્ટર, જજ, અધિકારી, પ્રોફેસર માસ્ટર એવં પંડિત સજ્જનો પણ છે. તેઓના હાથમાં એક ખાસ સુવર્ણ અવસર પ્રાપ્ત થએલ છે. સ્મારક સમિતિએ જે સ્મારક ગ્રંથ પ્રગટ કરવાની યોજના હાથ ધરી છે. તેના માટે મહત્વપૂર્ણ લેખો આપી પોતાના વિશેષ કર્તવ્યનું પાલન કરશો એવી આશા છે.

અંતમાં ખાસ ભારપૂર્વક જણાવવાનું કે જેવી રીતે જન્મશતાબ્દિ પ્રસંગે વડોદરા શહેરમાં હજારોની સંખ્યામાં પંજાબી ગુરૂભક્તોએ આવી આખા ગુજરાતને ગુંજવી દીધો હતો અને ગુરુભક્તિનો પરિ-

ચય આપ્યો હતો તેવીજ રીતે આપ સર્વ ગુરુભક્તો પણ આ શુભ પ્રસંગે આવી ગુજરાંવાલા તથા આખા પંજાબને પોત પોતાના દેશની મધુર વાણીથી ગુંજવી દેશો એવી પૂર્ણ આશા છે.

શાસનદેવ સકલ શ્રી સંઘમાં ઉત્સાહ, બલ અને શુદ્ધ ભાવના બક્ષે એજ ઇચ્છતો વિરમું છું.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય ગુજરાંવાલા. પંજાબ તા. ૧૧-૧-૪૭ — શ્રી સંઘનો સેવક **સમુદ્રવિજય**

પ્રકાશક—બાબુ પરમાણંદ જૈન, સેક્રેટરી શ્રી આત્માનંદ જૈન મહાસભા પંજાબ ઠે૦ સૈદ મિઠ્ઠા મુ૦ લાહોર-(પંજાબ)

નોટ—કૃપા કરી રૂપીઆ ઉપરના સરનામે મોકલશો

વર્તમાન સમાચાર.

પંજાબના વર્તમાન.

સીયાલકોટમાં રાવસાહેબ લાલા કરમચંદજીના આગ્રહથી પંજાબકેસરી આચાર્ય વલ્લભસૂરિજી મહારાજ ચતુર્વિધ સંઘ સાથે માગશર વદ ૩ ના તેઓની કોઠીએ પધાર્યા હતા અને પોષ સંક્રાંતિ ત્યાં ઊજવી હતી. લાલાજીએ સૌનું યોગ્ય સ્વાગત કર્યું હતું. અહિંથી વદ ૯ ના વિહાર કરી ડસકા થઇ પપનાઓ પધારી અઠવાડિયાની સ્થિરતા કરી ત્યાંથી ફીલા દેદારસીંગ પધારતા નગરપ્રવેશ ધામધુમથી કરાવ્યો હતો અને રોડી સાહેબ (સનાતન ધર્મ સભામાં) લઇ ગયા હતા. ત્યાં આચાર્યશ્રીએ 'ધર્મ' વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. માગશર શુદ ૯ ના રોજ ગુજરાંવાલા પધારતા શ્રી સંઘે ધામધુમપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો હતો. શ્રી આત્માનંદ નિર્વાણાર્ધશતાબ્દિ ગુજરાતી ચૈત્ર વદિમાં ઊજવવા વિચાર છે ત્યાં સુધી અત્રે જ સ્થિરતા થવા સંભવ છે.

જ્ઞાનગીતા શતક.

(ગતાંક પૃષ્ઠ ૧૦૦ થી શરૂ)

(મનહર છંદ)

જેહ ત્યાગે દુષ્ટ રાગ તેહ થાય વીતરાગ;
રાગ દ્વેષ તણી આગ, અમી જળે ઠારતા.
રાગ દ્વેષ ને અજ્ઞાન, સંસારનું એ નિશાન;
આવે જેને આત્મ ભાન, તેનો નાશ કરતા.
રાગ દ્વેષ વડે ભાય, શુભાશુભ ભાવ થાય;
કર્મ પ્રકૃતિ બંધાય, રસ જેવો જામતાં.
ચિંહુગતીમાં ભ્રમણ, અજ્ઞાન ભાવે રમણ;
મોહરાજાનું ચલણ, દુઃખ અતિ પામતા. ૧૯

દરશન મોહ જાય, સમ્યક્ સુદૃષ્ટિ થાય;
વિવેકથી જાણી ન્યાય, સુમાર્ગે સિધાવતાં.
કષાયોનો ઉપશમ, ગુણસ્થાનકનો ક્રમ;
અહિંસાદી પાંચ યમ, આત્મધર્મ પામતાં.
ચારિત્ર મોહનો જય, ટાળવા સંસાર ભય;
વૃત્તિ વહે આત્મમય, ધર્મ ધ્યાન ધ્યાવતા.
પ્રથમ સમ્યક્ બીજ, સદ્ગુરુ કરી રીઝ;
જાણીને સ્વરૂપ નિજ, સત્પંથે સિધાવતા. ૨૦

શમ સંવેગ નિર્વેદ, આસ્થા અનુકંપા ભેદ,
મિથ્યાત્વનો કરી છેદ, સમ્યક્ત્વ પામતા.
આતમાનું હોવાપણું, નિત્યતાનું જાણપણું;
કર્તા ભોક્તા થવાપણું, મોક્ષ છે તે માનતા.
મોક્ષનો ઉપાય જેહ, પ્રરૂપ્યો જ્ઞાનીએ તેહ;
વિચારે છપદ જેહ, સમકિત કામતા.
ષટ્ દરશન ન્યાય, આ છ પદમાં સમાય;
વિસ્તારથી સમજાય, આત્મસિદ્ધિ વાંચતા. ૨૧

(ચાલુ)

અમરચંદ માવજી શાહ

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૩. ફાગણ પુસ્તક ૪૪ મું.

વિક્રમ સં. ૨૦૦૩. :: ઇ. સ. ૧૯૪૭ માર્ચ :: અંક ૮ મો.

શ્રી ધર્મનાથ—સ્તવન.

રચયિતા-મુનિરાજ શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.

(લાખ લાખ દીવડા.....એ રાગ.)

નયને નિહાળ્યા આપને જિનેશ્વર,
ભવભવનાં દુઃખો ભૂલાય.....આપની મૂર્તિ નિહાળી—ટેક.
ધર્મે રમું, પ્રભુ ધર્મનાથ સ્વામી,
શુભ ભાવો અંતર ઉભરાય.....આપની.....૧.
જ્યોતિ ત્રસી, દિવ્ય આપના સ્વરૂપે,
તેનો પ્રકાશ ઉર થાય.....આપની.....૨.
મિથ્યા ભમ્યો ચક્ર ચોરાશી ફંદમાં,
સાર શ્રેષ્ઠ ચરણે સોહાય.....આપની.....૩.
ભાવે ફસે, પદ્મ હૈયે મધુપો,
એવી પ્રીતિ પરમ થાય.....આપની.....૪.
રાગો જૂઠા સર્વ સંસાર સ્નેહના,
માનવ સૌ મિથ્યા લપટાય.....આપની.....૫.
સાચી પ્રભુ એક ભક્તિ તુમારી,
ભવફેરા બંધથી છુટાય.....આપની.....૬.
આપને ભજું, સ્વામી અલખ સ્વરૂપી,
ચિદ્‌ઘન પ્રતાપી જિનરાય.....આપની.....૭
સ્થાયો શિશુ, પ્રભુ અજિત ધામમાં,
હેમેન્દ્ર ભજતાં હરખાય.....આપની .....૮.

" મહાવીર જીવનપ્રસંગ " (રાસ)

રચયિતાઃ—મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી

(લાખ લાખ દીવડા—એ રાગ.)

લાખ લાખ દેવો સુહાય, ભાવના ઝીલો પ્રભુની..... ૧
જન્મ સમે સર્વ હુલવે ઇન્દ્રાણીઓ, અભિષેકી ઇન્દ્રો હરખાય...ભાવના. ૨
ત્રિશલા માતા, હર્ષ ઝુલે ઝુલી રહ્યાં, સિદ્ધાર્થ સુખ ના સમાય...ભાવના. ૩
ક્રીડા કરી રૂડી આમલકી હોંશથી, જીત્યો ત્યાં દેવને જિનરાય...ભાવના. ૪
શક્તિ જાણી, સુર મહાવીર માને, કીર્તિ ત્રણ લોકે ગવાય...ભાવના. ૫
યૌવન વયે ભોગ નિર્લેપ માણ્યા, પત્ની યશોદા ગુણ ગાય...ભાવના ૬
વર્ષીદાને ઋણ માનવનું ટાળ્યું, દીક્ષા લાખેણી ત્યાં થાય...ભાવના. ૭
લાખો સહ્યા તીવ્ર પરિષહ કર્મના, કર્મો ખપાવ્યાં જગરાય...ભાવના. ૮
કેવળ જ્ઞાને પ્રભુ શોભ્યા ગુણો ધરી, વૈશાખી શુકલ દશમ થાય...ભાવના. ૯
સર્વે ઋતુ ફાલી સમકાલે ભાવથી, સુવર્ણ કમળો પથરાય...ભાવના. ૧૦
પશુ પક્ષી સર્વ કરતાં પ્રદક્ષિણા, વૃક્ષો અર્પે પુષ્પ થાય...ભાવના. ૧૧
હિંસા તજે સર્વ હિંસક પશુગણો, જન્મોનાં વૈરી ભૂલાય...ભાવના. ૧૨
શ્રેણિક રાજા અને રાજા શતાનિક, ભજતા પ્રભુને નરરાય...ભાવના. ૧૩
દાન લીધા અડદ ચંદના સતીના, સુલસા ને રેવતી દુઃખ જાય...ભાવના. ૧૪
ચોત્રીસ ધરે પ્રભુ અતિશય સર્વદા, પાંત્રીસ વાણી ગુણ ગવાય...ભાવના. ૧૫
પાવાપુરી પામ્યા નિર્વાણસ્થાનને, ગૌતમને સ્થાપ્યા ગણરાય...ભાવના. ૧૬
આપી પ્રભુ રૂડી વિશ્વપ્રેમ ભાવના, ઉપકારો શાને ભૂલાય ?...ભાવના. ૧૭
ગાજી રહી, જગે ભાવના અહિંસા, દયાના મંત્રો સંભળાય...ભાવના. ૧૮
તાર્યા પ્રભુ ભક્ત લાખો દયા કરી, મુજને તારો કરી રૂડાય...ભાવના. ૧૯
અજિત પદે પ્રભુ સ્થાપો પ્રતાપી, હેમેન્દ્ર ચરણે સમાય...ભાવના. ૨૦

પરમપૂજ્ય શ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજે રચેલા ઉપલભ્ય કેટલાએક ગ્રંથોનો ટૂંક પરિચય.

લેખકઃ-આચાર્યશ્રી વિજયપદ્મસૂરિ.

("વિક્રમ રાજાને જૈન બનાવનાર શ્રી સિદ્ધસેન દિવાકર" આ નામનો લેખ થોડા વખત પહેલા શ્રી આત્માનંદ પ્રકાશમાં આપ્યો હતો. તેમાં છેવટે કરેલી સૂચના પ્રમાણે હવે દિવાકરજી મહારાજે બનાવેલા ગ્રંથોનો ટૂંક પરિચય જરૂર જણાવવો જોઇએ. આ ઇરાદાથી જે જે સાધનોદ્વારા જે જે બીના મળી તે ટૂંકામાં જણાવું છું.)

ઐતિહાસિક તત્ત્વોની શોધખોળ કરવામાં પ્રયત્નશીલ ભારતીય તત્ત્વજ્ઞો તે તે ઐતિહાસિક ગ્રંથોના આધારે જણાવે છે કે-શ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજા શ્રી વીર નિર્વાણ સંવતના ચોથા પાંચમા સૈકાના વચલા સમયમાં હયાતી ધરાવતા હતા. આથી કહી શકાય કે લગભગ તે સમયમાં પોતાના ગ્રંથો બનાવ્યા હોય. હાલમાં મળી શકતા ૧ ન્યાયાવતાર, ૨ સન્મતિતર્ક, ૩ કલ્યાણમંદિર, ૪ વર્ધમાનદ્વાત્રિંશિકા સટીક તથા સાર્થ વગેરે ગ્રંથોનું અવલોકન કરતાં પ્રશ્નોની પરંપરા એક પછી એક આ રીતે થાય છે કે—

શ્રી સમ્મતિ પ્રકરણ વગેરેમાંના દરેક ગ્રંથ શ્રી દિવાકરજી મહારાજાએ ક્યા સ્થાને કઇ સાલમાં બનાવ્યો ? વગેરે પ્રશ્નોનું સમાધાન મળવું મુશ્કેલ છે; કારણ કે કેટલાક ગ્રંથોમાં તો તેમણે પોતાનું સિદ્ધસેન નામ પણ સ્પષ્ટ રીતે જણાવ્યું નથી. ફક્ત કલ્યાણમંદિરમાં પોતાનું સંયમી અવસ્થાનું પ્રાથમિક નામ જણાવ્યું છે. આ પદ્ધતિનું રહસ્ય વિચારતાં એમ જણાય છે કે ગ્રંથરચનાને અંગે સ્થાન, સાલ વગેરે જણાવવાની પદ્ધતિ તે સમયે નહિ હોય અને તે જ પદ્ધતિ શ્રી હરિભદ્રસૂરિ, મલયગિરિજી મહારાજ વગેરે મહાપુરુષોએ બનાવેલા ગ્રંથોમાં પણ ઓછા વધતા પ્રમાણમાં જોવાય છે, પરંતુ સદ્ભાગ્ય એ છે કે-શ્રી હરિભદ્રસૂરિજી વગેરે કેટલાએક મહાપુરુષોએ છેવટે પોતાનું નામ જણાવેલ હોવાથી આ ગ્રંથ તેમણે બનાવેલો છે એમ નિશ્ચય કહી શકાય છે. પણ તે તે સ્થલે નહિ જણાવવાની પદ્ધતિને લઇને ગ્રંથરચના ક્ષેત્ર તથા ગ્રંથરચના સાલ નિશ્ચયથી જાણી શકાતા નથી. પૂજ્યપાદ આચારાંગસૂત્રની ટીકા બનાવનાર શ્રી શીલાંકાચાર્ય મહારાજે આચારાંગસૂત્રની શસ્ત્રપરિજ્ઞાધ્યયનની ટીકા કરતાં જણાવ્યું છે કે—

आर्यावृत्त—शस्त्रपरिज्ञाविवरण-मतिबहुगहनं च गंधहस्तिकृतम् ॥ तस्मात्सुखबोधार्थं गृह्णाम्यहमञ्जसा सारम् ॥ १ ॥

અર્થ—શ્રી ગંધહસ્તિ મહારાજે આ પહેલા શસ્ત્રપરિજ્ઞા નામના અધ્યયનનું વિવરણ કર્યું હતું, તે અતિશય કઠિન છે. જેમ બાળજીવો સ્હેલાઇથી સમજી શકે તે રીતે હું તેમાંથી (તે ગંધહસ્તિકૃત વિવરણમાંથી) જલ્દી સાર લઉં છું. અહીં જણાવેલા '**अतिबहुगहनं**' આ શબ્દથી સમજાય છે કે-ગંધહસ્તિ મહારાજે વિવરણમાં એકાંત દર્શનોને

હરાવી સ્યાદ્વાદ દર્શનના મુખ્ય મુખ્ય તત્વોની વિશાલ ચર્ચા કરી તેની વિશિષ્ટતા સાબિત કરી હોય. આવા મહાપુરુષો શ્રી આચારાંગ સૂત્રના એક અધ્યયનનું વિવરણ કરે, અને બાકીના અધ્યયનોનું વિવરણ ન કરે, એવું કેમ બને ? આ બાબતમાં બે વિચારો સંભવે છે. ૧. વિવરણ કરતાં જીવન દોરી ત્રૂટવાથી કદાચ તે કામ અપૂર્ણ રહ્યું હોય. ૨. અથવા તે વિવરણ સંપૂર્ણ કર્યું હોય, છતાં ભૂતકાલમાં થયેલા અનેક આક્રમણોના જુલ્મોને લઇને તે નાશ પામ્યું હોય. આ બે વિચારમાં સત્ય નિર્ણય જ્ઞાની જાણે. શ્રી જૈનેન્દ્ર શાસનમાં થયેલા ધુરંધર અનેક વિદ્વાનોમાં કેટલાએક વિદ્વાનો ગંધહસ્તિ શબ્દથી 'સિદ્ધસેન દિવાકર' જણાવે છે. તેમની ગંધહસ્તિ નામે પ્રસિદ્ધિ હોવાનું કારણ એ જણાય છે કે તેઓશ્રી મહા-સમર્થ વાદી હતા તેથી તેમનું નામ સાંભળીને ભલભલા વાદીઓ ભાગી જતા હતા. આવા આવા અનેક કારણોને લઇને તેમની ગંધહસ્તિ નામે પ્રસિદ્ધિ થઇ હોય, તેમ સંભવે છે. આ વિચારનું મૂલ સ્થાન શક્રસ્તવનું 'પુરિસવરગંધહત્થીણં' આ પદ છે. તેના વિવરણમાં ટીકાકાર–શ્રી ધર્મસાગર ઉપાધ્યાય વગેરે મહાપુરુષોએ જણાવ્યું છે કે–હાથી-ઓની જાતિમાં ગંધહસ્તી મહાબલવંત અને ઉત્તમ ગણાય છે. તેની ગંધથી બીજા હાથીઓ ભાગી જાય છે, તેથી જેમ તે સર્વ હાથીઓમાં શ્રેષ્ઠ ગણાય છે, તેમ પ્રભુ દેવના પસાયે તમામ ઉપદ્રવો ભાગી જાય છે. (નાશ પામે છે) આ રીતે તમામ શ્રેષ્ઠ પુરુષોમાં ગંધહસ્તિ જેવા શ્રી અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ. આ રીતે દિવાકરજી મહારાજના અનુપલબ્ધ ગ્રંથની બીના જણાવીને હવે ૧. શ્રી સમ્મતિ પ્રકરણ. ૨. દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા. ૩. ન્યાયાવતાર. ૪. વર્ધમાનદ્વાત્રિંશિકા. ૫. કલ્યાણમંદિર સ્તોત્ર. ૬. સંસ્કૃત શક્રસ્તવ વગેરેની બીના જણાવું છું.

૧. સમ્મતિ (સન્મતિ) તર્ક પ્રકરણ—ન્યાય તર્ક ગ્રંથોમાં આ ગ્રંથ મુખ્ય ગણાય છે. તેના ત્રણ વિભાગ છે. કર્તાએ એ દરેક વિભાગને કાંડ સંજ્ઞા આપી ઓળખાવ્યા છે. પહેલા કાંડમાં ૫૪ ગાથા, બીજા કાંડમાં ૪૩ ગાથા, ત્રીજા કાંડમાં ૬૯ ગાથા છે. સર્વ મળી પ્રાકૃત ૧૬૬ ગાથાઓ ત્રણે કાંડની થાય છે. જૈન સાહિત્ય સંશોધક વર્ષ પહેલાના ભાગ ૧, અંક ૨ ના ૧૦૫ મા પાનામાં 'બૃહટ્ટિપનિકા' નામ પ્રાચીન જૈન ગ્રંથસૂચી આપી છે. તેમાં ૧. અગીઆર અંગ. ૨. બાર ઉપાંગ. ૩. આવશ્યક–મૂલ–છેદ સૂત્રવૃત્ત્યાદિ. ૪. આગમેતર ચરણકરણાનુયોગાદિ ગ્રંથો. ૫. કથાનુયોગ ગ્રંથો. ૬. ન્યાયતર્ક ગ્રંથો. ૭. વ્યાકરણ કોશ ગ્રંથો. ૮. છંદ સાહિત્ય ગ્રંથો. ૯. ગદ્ય પદ્ય કાવ્ય ગ્રંથો. ૧૦. નાટક ગ્રંથો. ૧૧. જ્યોતિઃ-શકુન યોગામ્નાય મંત્ર કલ્પ સામુદ્રિક શાસ્ત્રો. ૧૨. પ્રકીર્ણ ગ્રંથો. આ રીતે બાર વિભાગ પાડીને ૬૫૩ ગ્રંથોને અંગે ઉપલબ્ધ અનુપ-લબ્ધ ટીકાદિ ગ્રંથોના પ્રમાણકર્તા રચના સંવત્ મૂલ વગેરેના શ્લોકોનું પ્રમાણ વગેરે બીના ટૂંકામાં છતાં બહુ જ જરૂરી જણાવી છે. તેમાં આ સમ્મતિ પ્રકરણ મૂલની ગાથાઓ ૧૭૦ છે, એમ જણાવ્યું છે. વધુમાં એ પણ જણાવ્યું કે–પ્રાકૃતભાષાનિબદ્ધ આ પ્રકરણની ઉપર શ્રી પ્રદ્યુમ્નસૂરિના શિષ્ય તર્કપંચાનન શ્રી અભય-દેવસૂરિ મહારાજે તત્ત્વબોધવિધાયિની નામની ૨૫૦૦૦ શ્લોકપ્રમાણ વિસ્તૃત ટીકા બનાવી હતી. તે પુસ્તકાકારે પાંચ વિભાગમાં પુરાતત્ત્વ-મંદિર (વિદ્યાપીઠ) તરફથી છપાઇ છે, અને શ્રી ગ્રંથ પ્રકાશક સભા તરફથી પ્રતાકારે એક ભાગ છપાયો છે, ને બીજા ભાગો છપાય છે. આ ટીકા કરતાં પણ પ્રાચીન ટીકાઓ બીજી પણ બે ત્રણ છે, એમ તે બૃહટ્ટિપ્પનિકામાં જણાવ્યું છે. તેમાં ૧ કેટલાએક ઇતિહાસ-વેત્તાઓનું માનવું છે કે–આ ગ્રંથની ઉપર

સ્વોપજ્ઞ ટીકા હોવા સંભવ છે. ૨ મલ્લવાદીએ ૭૦૦ શ્લોકપ્રમાણ ટીકા બનાવી હતી, તે હાલ મળી શકતી નથી. ૩ સમ્મતિવૃત્તિરન્યકર્તૃકા એટલે બીજા કોઇની બનાવેલી સમ્મતિસૂત્રની ટીકા આ પ્રમાણે જણાવ્યું છે. પૂજ્ય શ્રી અભયદેવસૂરિ મહારાજે બનાવેલી ટીકાનું નામ જેમ તત્ત્વબોધવિધાયિની છે તેવી રીતે તે વાદમહાર્ણવ નામથી પણ પ્રસિદ્ધ છે. આનું કારણ તપાસતાં જણાય છે કે પૂજ્યશ્રી મલ્લિષેણસૂરિ, રાજશેખરસૂરિ, ન્યાયાચાર્ય યશોવિજયજી વગેરે મહાપુરુષોએ પોતાના તે તે ગ્રંથોમાં વાદમહાર્ણવનું નામ જણાવી જે જે પાઠો પ્રસંગને અનુસરીને આપ્યા છે તેની સાથે સરખાવતા તે પાઠોને મળતા જ પાઠો આ (તત્ત્વબોધવિધાયિની) ટીકામાં પણ જણાય છે. આથી સંભવ છે કે આ ટીકાનું બીજું નામ 'વાદમહાર્ણવ' હોય. શ્રી દિવાકરજી મહારાજે શ્રી ઉમાસ્વાતિ મહારાજકૃત તત્ત્વાર્થસૂત્રના 'પ્રમાણનયૈરધિગમઃ' સૂત્રથી કરેલી સૂચના તરફ સંપૂર્ણ લક્ષ્ય આપીને, ન્યાયાવતારમાં પ્રમાણનું સ્વરૂપ જણાવ્યું, અને નયનું સ્વરૂપ જણાવવાનું બાકી હતું, તે અહીં જણાવવાપૂર્વક શ્રેયાદિનું સ્વરૂપ પણ જણાવ્યું છે. બીજી રીતે એમ પણ કહી શકાય કે નયવાદની અપેક્ષાએ સ્યાદ્વાદ દર્શનના મુખ્ય મુખ્ય વિવક્ષિત તત્ત્વોની વિચારણા કરી છે. આ ગ્રંથના ત્રણ કાંડ (ભાગ) છે. તેમાં પહેલા કાંડમાં વિસ્તારથી નયવાદની પ્રરૂપણા કરી છે. એટલે પહેલી ગાથામાં અવિચ્છિન્ન પ્રભાવશાલિ-ત્રિકાલાબાધિત શ્રી જૈનેન્દ્ર શાસનના અપૂર્વ તત્ત્વને દર્શાવવાપૂર્વક તેની સ્તવના કરી છે. અને બીજી ગાથામાં પ્રકરણ રચનાનું કારણ જણાવી, ત્રીજી ગાથામાં અભિધેય (વાચ્ય) દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નય જણાવ્યા છે. ચોથી ગાથામાં દ્રવ્યાસ્તિકનયના ભેદો, પાંચમી ગાથામાં ઋજુસૂત્રનયના પ્રકારો, છઠ્ઠી ગાથામાં નામ સ્થાપના દ્રવ્ય ભાવ નિક્ષેપામાં દ્રવ્યાસ્તિકાદિ નયોની યોજના દર્શાવી છે. સાતમી ગાથામાં વચનના પ્રકારોમાં નયોને ઘટાવ્યા છે. આઠમી ગાથામાં એક નયના વિષયમાં બીજા નયનો પ્રવેશ થઇ શકે, તે બીના સ્પષ્ટ રીતે જણાવી છે. નવમી ગાથામાં પજ્જવણિસ્સામણુમિત્યાદિ (સાતમી) ગાથામાં બંને નયોનો વિષય એક બીજાથી જુદો નથી જ, આ ચર્ચાની શરૂઆત કરેલી તે ચર્ચાનો અહીં ઉપસંહાર કર્યો છે. દશમી ગાથામાં વિવક્ષાથી બંને નયના જુદા જુદા વિષયોનું સ્પષ્ટીકરણ કર્યું છે. અગિયારમી ગાથામાં પદાર્થ માત્રને અંગે બંને નયની કેવી કેવી ભાવના હોય છે? તે બીના જણાવ્યા બાદ બારમી ગાથામાં સત્ સંપૂર્ણ વસ્તુનું લક્ષણ બતાવ્યું છે. તેરમી ગાથામાં દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નયો અલગ અલગ પડતાં તે પ્રત્યેકમાં મિથ્યાદૃષ્ટિપણું કઇ રીતે ઘટે? આ પ્રશ્નનો ખુલાસો જણાવી ચૌદમી ગાથામાં એ બે નયોમાં અનેકાંતપણું સાબિત કર્યું છે. પંદરમી ગાથામાં મૂલ નયોની સાથે ઉત્તર નયોની સરખામણી કરી, સોળમી ગાથામાં દરેક નય મૂલ નયના વિષયોને જ અવલંબીને ચર્ચા કરે છે; માટે છૂટા છૂટા બધા નયોમાં પણ સામાન્ય વિશેષ ઉભય સ્વરૂપને જણાવનાર નય નથી, આ બીના ટૂંકામાં સ્પષ્ટ જણાવી છે. ૧૭ મી ગાથાથી ૨૧ મી ગાથા સુધીની પાંચ ગાથાઓમાં કોઇપણ એક નયના પક્ષમાં બંધ મોક્ષ વગેરેની અઘટના (ન ઘટવું) કઇ રીતે? આ બીના જણાવી છે. બાવીશમી ગાથાથી ૨૫ મી ગાથા સુધીની ચાર ગાથાઓમાં ઉપર જણાવેલા નયોમાં સમ્યગ્દર્શન વ્યવહાર કયારે થઇ શકે? તેનો ખુલાસો દૃષ્ટાંત આપીને સમજાવ્યો છે. ૨૬ મી ગાથામાં દૃષ્ટાંત-વ્યવહાર-

'આત્મસન્માન'

લે.—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

જડાસક્ત જીવોમાં ઓછાવત્તા પ્રમાણમાં મિથ્યાભિમાન અવશ્ય હોય છે, કારણ કે તેમને વૈષયિક વાસના પોષવાને માટે જડ વસ્તુઓની નિરંતર જરૂરત રહે છે. અને તેવી જો ઇચ્છા પ્રમાણે પાંચે ઇંદ્રિયોના વિષયપોષક જડાત્મક વસ્તુઓ પ્રાપ્ત થાય તો તેમનું મિથ્યાભિમાન બહાર તરી આવે છે, અને માનના નશામાં બીજાઓને તુચ્છ સમજે છે. જેમકે–ધન, બળ, ઐશ્વર્ય, રૂપ, જાતિ, વિદ્યા આદિની સંપત્તિ, અથવા તો કોઇપણ પ્રકારની કળાની વિશિષ્ટ સંપત્તિ પ્રાપ્ત થવાથી નમીને ચાલનાર નિરભિમાની ઘણા ઓછા પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે.

પુન્ય કર્મથી પ્રાપ્ત થનારી વસ્તુઓ જડ હોય છે અને તે વસ્તુઓમાં મમતા ધારણ કરી માન કરવું તે મિથ્યાભિમાન કહેવાય છે; કારણ કે આત્માથી પર જડવસ્તુ મિથ્યા હોવાથી તે સંબંધી અભિમાન પણ મિથ્યા જ કહેવાય, અને તે મિથ્યા માન મમતા સિવાય આવી શકે નહિ. બીજા માણસ પાસે લાખોની સંપત્તિ હોય કે બાગ-બંગલા હોય અથવા તો રૂપ, બળ, ઐશ્વર્ય આદિ સારામાં સારા હોય તો તેને જોઇને બીજા કોઇને પણ મમતા થતી નથી, માટે તે સંબંધી અભિમાન પણ હોતું નથી; કારણ કે તે વસ્તુઓ માટે બીજા માણસોની એવી માન્યતા હોય છે કે આમાં મારું કાંઇપણ નથી પણ પારકું છે.

કુશલ અને શાસ્ત્રકુશલ પુરુષોના હૃદયમાં કેવી અસર કરે છે? તે બીના જણાવી દૃષ્ટાંતની સાર્થકતા જણાવી છે. સત્યાવીશમી ગાથામાં કાર્ય–કારણવાદાદિમાં પણ જો સાપેક્ષતા ન હોય, તો મિથ્યાત્વ જ કહેવાય આ વાત ત્રણ પ્રસિદ્ધ વાદોથી સ્પષ્ટ સમજાવી છે. અઠ્યાવીશમી ગાથામાં સર્વ નયો સાચા કયા અને ખોટા કયા સમજવા? અનેકાંત શાસ્ત્રોના રહસ્યને જાણનાર પંડિત પુરુષો નયોમાં સાચા ખોટાનો વિભાગ કરે કે નહિ તે બીના જણાવી છે. ઓગણત્રીસમી ગાથામાં દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નયની માન્યતા જુદી જુદી જણાવી છે. ભેદ અથવા વિભાગનું વિસ્તારથી વર્ણન કર્યું છે. એકત્રીશમી ગાથામાં દ્રવ્ય એક છતાં તેમાં અનેકપણું કઇ રીતે ઘટે? તે બીના જણાવી. બત્રીશમી ગાથામાં વ્યંજન પર્યાયનો દાખલો આપીને તેત્રીશમી ગાથામાં વ્યંજન પર્યાયો એકાંત અભિન્ન માનતાં શો દોષ આવે? આ પ્રશ્નનો ખુલાસો જણાવી. ચોત્રીસમી ગાથામાં ચાલુ પ્રસંગે જરૂરી વ્યંજન પર્યાયનું તથા અર્થપર્યાયનું સ્પષ્ટ રહસ્ય જણાવ્યું છે. પાંત્રીશમી ગાથામાં જણાવી દીધું છે કે–એકાંત દૃષ્ટિને ધારણ કરનાર પુરુષ અનેકાંત શાસ્ત્રના રહસ્યને સમજતો નથી. ૩૬ થી ૪૦ સુધીની પાંચ ગાથાઓમાં સપ્તભંગીનું સ્વરૂપ જણાવી, એકતાલીશમી ગાથામાં–અર્થપર્યાયાદિમાં સાતે ભાંગા ઘટાવી, બેંતાલીશમી ગાથામાં એકલા પર્યાયાર્થિક નયની દેશના અધૂરી છે પણ સંપૂર્ણ નથી એમ જણાવ્યું છે. તેંતાલીસમી ગાથામાં ભેદપ્રધાન દેશનાનું અને અભેદપ્રધાન દેશનાનું રહસ્ય જણાવો, ૪૪ થી ૪૬ સુધીની ત્રણ ગાથામાં જેમ પુરુષમાં ભેદાભેદ સંબંધ ઘટે છે તે જ પ્રમાણે જીવને અંગે સુખાદિમાં પણ સમજવું, આ વાતનું સ્પષ્ટ વિવેચન કરી ૪૭–૪૮ મી ગાથામાં જીવ અને પુદ્ગલનો વાસ્તવિક આપેક્ષિક ભેદાભેદસંબંધ દર્શાવ્યો છે.

—(ચાલુ)

જો માનવી આવી સદ્બુદ્ધિથી વિચાર કરે કે જડાત્મક વસ્તુમાત્ર પર છે, તેમાં મારું કાંઈપણ નથી; કારણ કે હું જ્ઞાન ગુણસ્વરૂપ આત્મા છું, અને પૌદ્ગલિક વસ્તુઓ અજ્ઞાન-સ્વરૂપ જડ છે, માટે જ્ઞાન-દર્શન-જીવન-સુખ આદિ વસ્તુઓ મારી છે અને રૂપ-રસાદિ ગુણોવાળી જડાત્મક વસ્તુઓ મારી નથી. આ પ્રમાણેના વિચારોથી માનવીને પુન્ય કર્મના ઉદયને લઇને ગમે તેવી સુંદર અને ગમે તેટલી જડાત્મક વસ્તુઓ પ્રાપ્ત થયેલી કેમ ન હોય તો પણ તેને મમતા થતી નથી અને મિથ્યાભિમાનનો નશો ચઢતો નથી. જેમના મનમાં દૃઢ શ્રદ્ધાપૂર્વક એવું વસી ગયું હોય કે હું અનંત જ્ઞાન-દર્શન-જીવન-સુખમય આત્મા છું માટે જ હું ઉત્તમ છું-પવિત્ર છું અને તે જ મારી સાચી સંપત્તિ છે કે જેને હું નિરંતર વાપરી રહ્યો છું, તે મારી સંપત્તિ સાચી હોવાથી ત્રણે કાળમાં વિદ્યમાન રહેવાની, એક ક્ષણ પણ મારાથી છૂટી પડી શકતી જ નથી. અને જડવસ્તુ માત્ર તુચ્છ છે, અપવિત્ર છે, માટે તે મારી નથી, મારી જ્ઞાનાદિ વસ્તુઓને બગાડનારી છે માટે મારે તેનો સ્પર્શ માત્ર પણ ન કરવો જોઇએ, તેનાથી સુખ તથા આનંદ મળી શકતાં જ નથી પણ મારા સાચાં સુખ તથા આનંદને બગાડીને દુઃખ તથા શોક જ પ્રાપ્ત કરાવે છે તેથી મારે જડ વસ્તુના પડછાયાથી પણ અપવિત્ર ન થવું જોઇએ. આવા પ્રકારના આત્માભિમાનીમાં મમતા હોતી નથી પણ સમતા હોય છે, જેને લઇને તે મિથ્યાભિમાન કહેવાય નહિં પણ આત્મસન્માન કહેવાય છે; કારણ કે જડાત્મક પરવસ્તુને પોતાની માનવી તે મમતા અને તેથી થવાવાળું માન તે મિથ્યાભિમાન અને જ્ઞાનાત્મક પોતાની જ વસ્તુને અપનાવવી તે સમતા અને તેથી પોતાની જ વસ્તુનું બહુમાન આત્મસન્માન કહેવાય છે. મિથ્યાભિમાની ક્રોધ-માન-માયા-લોભરૂપ કષાયો તથા પાંચે ઇંદ્રિયોના વિષયોથી લેપાયલા હોય છે, કારણ કે જડાસક્તમાં રાગ-દ્વેષ બળવત્તર હોય છે અને આત્મસન્માન કરનાર આત્માનંદી કષાય વિષયથી મુક્ત હોય છે. તેમનામાં આત્મસન્માનના પ્રમાણમાં રાગ-દ્વેષ મંદ-મંદતર-મંદતમ હોય છે, અને સંપૂર્ણપણે આત્મસન્માન કરનાર વીતરાગમાં સર્વથા હોતા જ નથી. જેઓ આત્માને જાણે છે પણ ઓળખતા નથી તેઓ આત્માની કદર કરી શકતા નથી, તેથી તેમનામાં આત્મસન્માનની ઘણી જ અરુચિ રહે છે, કારણ કે અનાત્મજ્ઞ-અજ્ઞાની માનવીને બીજાનું અને તેમાં પણ અજ્ઞાની જનતાનું આપેલું માન બહુ જ ગમે છે પણ પોતાના આત્માનું આપેલું ગમતું નથી અને એટલા માટે જ બીજાની પાસેથી માન મેળવવાની ઇચ્છાથી જ બીજાને મનગમતાં વાણી, વિચાર તથા વર્તન બનાવવા પ્રયાસ કરે છે. જડાસક્ત જીવોનું આકર્ષણ કરી તેમની પ્રશંસા મેળવવા અવળા કૃત્યોથી આત્માનુ અપમાન કરીને પણ પૌદ્ગલિક સુખના સાધનોનો સંગ્રહ કરે છે અને જનતાને પોતાની સંપત્તિ બતાવી તેમના વખાણથી પોતાને કૃતકૃત્ય સમજે છે અને મિથ્યાભિમાનથી ફૂલાઇને ઘણો જ સંતોષ માને છે. આવા જીવો માન મેળવવાની ચાહનાથી બીજાનો આદરસત્કાર કરે છે, નમ્રતા બતાવે છે અને તેને જે ગુણો અથવા વસ્તુ પસંદ હોય તે પોતાની પાસે ન હોય તો પણ તેને બતાવવાનો મિથ્યા ડોળ કરે છે કે જેના માટે પોતે ઘણા જ ઉત્સાહથી અસત્ય તથા દંભનો અત્યંત આદર કરે છે.

મિથ્યાભિમાનીને ઘણી જ પરાધીનતા ભોગવવી પડે છે. એક તો જડાસક્ત હોવાથી જડવસ્તુની પરાધીનતા અને બીજી પાંચ ઇંદ્રિયોના વિષયો પોષવાને માટે અજ્ઞાની જનતાની પરા-

ધીનતા. આમ બંને પ્રકારની પરાધીનતા ભોગવવા છતાં પણ ધાર્યા પ્રમાણે સફળતા ભાગ્યે જ મળે છે; કારણ કે આધિ, વ્યાધિ તથા મિથ્યા ગર્વથી અપમાનિત કરાયલા માનવી વિગેરે પુદ્ગલાનંદીના વિરોધી ઘણા હોય છે અને તે તેની કાર્ય સફળતામાં આડા આવીને વિઘ્ન ઉપસ્થિત કરે છે, જેથી તેના ચિત્તમાં અત્યંત કલેશ-ઉદ્વેગ-સંતાપ અને ચિંતા નિરંતર રહ્યા કરે છે, તો પણ બીજાથી કરવામાં આવતી પ્રશંસા સાંભળીને તે સુખશાંતિ અનુભવે છે.

આત્માનું અપમાન કર્યા સિવાય અજ્ઞાની જનતાનું માન મેળવી શકાય નહિં, કારણ કે જડાસક્ત જીવો અનાદિકાળથી અનેક દેહોમાં જડનો જ પરિચય કરતા આવ્યા છે એટલે જડને સારી રીતે ઓળખે છે, માટે સુખ-શાંતિ તથા આનંદ વિગેરે જડાત્મક વસ્તુઓથી જ પ્રાપ્ત થાય છે એવી દ્રઢ શ્રદ્ધાવાળા હોવાથી પોતે વૈષયિક સુખોમાં મગ્ન રહે છે અને સારામાં સારા વૈષયિક સુખનાં સાધન મેળવીને આનંદ માને છે, તેથી તેઓ પોતે માનેલી સુખ-શાંતિ તથા આનંદ ભોગવનાર જે કોઇ વ્યક્તિ હોય તેને વખાણે છે; માટે જ પુદ્ગલાનંદી જીવો એક બીજાથી ચઢિયાતાં જડાત્મક સુખનાં સાધન મેળવવા અસત્ય, દંભ તથા અનીતિનો આદર કરે છે અને ચોવીસે કલાક વિષયોમાં આસક્ત રહીને એક બીજાની પ્રશંસાથી મિથ્યાભિમાનમાં મત્ત રહે છે. વૈષયિક સુખ માટે કરવામાં આવતી પ્રવૃત્તિ માત્રથી અજ્ઞાની જનતા તરફથી ભલે સન્માન મળે પણ આત્માનું તો અપમાન જ થાય છે; કારણ કે જે પ્રવૃત્તિથી આત્માની અધોગતિ થાય અને પરિણામે આત્માને અનેક પ્રકારની યાતના ભોગવવી પડે તેવી પ્રવૃત્તિ માત્ર આત્માનું અપમાન કરવાવાળી જ કહી શકાય.

દુનિયામાં પુદ્ગલાનંદી વિષયાસક્ત જીવો બીજાની પાસેથી ભિન્ન-ભિન્ન પ્રકારના સન્માનની રુચિવાળા હોય છે, કારણ કે સંસારમાં સજ્જન-ડાહ્યા-જ્ઞાની-તત્વજ્ઞ-દુર્જન-મૂર્ખ-અજ્ઞાની આદિ અનેક સ્વભાવના જીવો હોવાથી જેવી પ્રકૃતિવાળા પાસેથી જેવા પ્રકારનું માન મેળવવું હોય તેવા જ પ્રકારનું વર્તન, વાણી તથા વિચાર જણાવવા મિથ્યાભિમાની ખાસ લક્ષ્ય રાખે છે જેમકે-તત્વજ્ઞ-જ્ઞાની-વિદ્વાન-ત્યાગી-ભોગી-ગુણી આદિ કહેવડાવવા માટે જનતાને પોતાનો પરિચય આપે છે; પોતાની પાસે તે વસ્તુ હોય તો વાતવાતમાં પોતાના વખાણ કરે છે; અથવા તો તેવા પ્રકારની કોઇ પ્રવૃત્તિ આદરે છે કે જેને જોઇને જનતા, તત્વજ્ઞ, વિદ્વાન આદિ શબ્દોદ્વારા પ્રશંસા કરે છે તેથી તે મિથ્યાભિમાનથી ફૂલાઇને બીજાને તુચ્છ સમજે છે અને અજ્ઞાન જનતા પાસેથી મેળવેલી પ્રશંસાની સહાયથી ભોળી જનતાને ભોળવી પોતાની ક્ષુદ્ર વાસના પોષે છે. જો મિથ્યાભિમાની પાસે જ્ઞાન, તત્વ, વિદ્વત્તા કે ત્યાગ જેવું કશું ય ન હોય તો પણ તે વસ્તુઓનો મિથ્યાડંબર કરીને પણ જનતાને ઠગીને વૈષયિક સુખનાં સાધનો મેળવે છે અને મિથ્યાભિમાનમાં મસ્ત રહે છે.

પોતે મેળવેલી મોટાઇ તથા પ્રશંસા જાળવવાને અથવા તો મેળવવાને કેટલાક જીવો અવળાં કૃત્ય કરતા નથી અને તેથી સ્થૂળ દૃષ્ટિથી જોતાં આત્માનું અપમાન થતું નથી તો પણ જડાસક્તિને લઇને આત્મશ્રેયની ભાવનાથી નહિં પણ મિથ્યાભિમાન પોષવાનો અને પૌદ્ગલિક સુખ મેળવવાનો અધ્યવસાય હોવાથી સાચી રીતે આત્મસન્માન કહી શકાય નહિં; કારણ કે જે સાચી રીતે આત્મસન્માન કરે છે તેને જનતાના સન્માનની જરાય આકાંક્ષા હોતી નથી. જનતાના સન્માનની આકાંક્ષા અને આત્મસન્માન બંનેની દિશાઓ જુદી છે. જડાસક્ત જનતાના વાણી, વિચાર તથા વર્તનનું સન્માન કર્યા સિવાય તે સન્માનની દૃષ્ટિથી જોતી નથી અને આવી

જનતાનું સન્માન કરનાર આત્માના અશ્રેયનો આશ્રિત બનીને તેનું અપમાન અવશ્ય કરે જ છે, કારણ કે કાન તથા જીભ આદિ ઇંદ્રિયોના વિષય પોષવાના સાધન મેળવવાને માટે જ જનતાના સન્માનની ઇચ્છા ઉદ્ભવે છે અને તેથી તે આત્માની અવગણના કરીને દેહ તથા તેના કૃત્રિમ નામને ઘણી જ મહત્વતા આપે છે જેથી આત્માનું અપમાન થયા વગર રહેતું નથી. આત્માના સન્મુખ થયા સિવાય આત્મ-સન્માન થઇ શકતું જ નથી, માટે જ જનતાના સન્માનની ચાહનાવાળા વિષયાસક્ત-પુદ્ગલાનંદી જીવો નિરંતર આત્માથી વિમુખ જ રહેવાવાળા-આત્માને પીઠ કરીને જ પ્રવૃત્તિ કરવાવાળા-હોય છે તેથી અને દેહાધ્યાસ(શરીર તે જ હું છું એવી માન્યતા)ને લઇને પૌદ્ગલિક સુખને જ પ્રધાનતા આપેલી હોવાથી આત્મસન્માન કરી શકતા નથી. આવા જીવો અજ્ઞાની જનતાના સન્માનથી સન્માનિત થઇ શકતા જ નથી; કારણ કે તેઓ પોતાના જ આત્માથી તિરસ્કૃત થયેલા હોય છે. અવળાં કૃત્યોથી અપમાન પામેલો પોતાનો આત્મા જ જેમનો તિરસ્કાર કરતો હોય તેમની કોઇ પુષ્પોથી પૂજા કરે કે ચરણરજ માથે ચઢાવે તેથી તેમનું અપમાન જ થાય છે પણ સન્માન થઈ શકતું નથી; કારણ કે જ્યારે અજ્ઞાન જનતામાં તેમનાં દુષ્કૃત્યો ઉઘાડાં પડી જાય છે ત્યારે તેમનું સન્માન કરનાર જનતા જ તિરસ્કાર કરે છે. સન્માન અપમાનના રૂપમાં પરિણમે છે તે સાચી રીતે સન્માન કહેવાય જ નહિં, છતાં જો તેઓ ગર્વથી ફૂલાતા હોય તો તેમની ગાઢતમ અજ્ઞાનતા જ કહી શકાય.

આત્મ સન્મુખ રહીને વિકાસની દિશામાં વિચરનાર મહાપુરુષો તાત્વિક દૃષ્ટિથી આત્મ-સન્માન કરનાર હોવાથી તેમને જનતાના માન-અપમાનથી હર્ષ શોક થતો નથી; કારણ કે તેઓ તત્વજ્ઞ હોવાથી આત્મસન્માનને પરમાત્મ-સન્માન જેટલી મહત્વતા આપે છે. અર્થાત્ તેઓ સમ્યગ્જ્ઞાનને લઇને સાચું-જૂઠું સાચી રીતે સમજતા હોવાથી સાચી રીતે જાણે છે કે પોતાની જ વસ્તુ પોતાને કામ આવે છે અને તેનાથી જ સાચાં સુખ-શાંતિ તથા આનંદ આદિનો લાભ મળી શકે છે, પણ પારકી વસ્તુથી કાંઇ પણ મળી શકતું જ નથી, અને જે મળે છે તે ક્ષણિક છે માટે જ તે મિથ્યા હોય છે. માન અપાતું લેવાતું નથી પણ પોતાના જ સદ્ભૂત ગુણોનું પ્રગટ થવું તેને જ જ્ઞાની પુરુષો માન મેળવવું કહે છે. તે સિવાય તો જે અપાય છે, લેવાય છે તે સાચી વસ્તુ હોતી નથી પણ સાચી વસ્તુનો ઉપચાર માત્ર કરવામાં આવે છે. જો એટલા માત્રથી જ સદ્ભૂત ગુણોને પ્રગટ કર્યા વગર પણ ગાઢતમ મિથ્યાત્વથી પોતાને તે માનને યોગ્ય માની લેવામાં આવે તો મિથ્યાભિમાન બળવત્તર બનવાથી આત્માનું અપમાન જ થાય છે, અને તેથી કરીને તે બીજાના સન્માનથી સન્માનિત થઈ શકતો જ નથી.

વિષયાસક્તિથી સદ્ભૂત ગુણો દબાયલા-અપ્રગટ હોવા છતાં અને ક્ષુદ્ર વાસનાઓથી વાસિત હોવા છતાં પણ જેઓ સોનાને પીત્તળ અને પીત્તળને સોનું સમજનાર મિથ્યાજ્ઞાન-વાસિત અણજાણ જીવોથી અપાયેલા માનને સન્માન માને છે તેમનામાં તાત્વિક બુદ્ધિમત્તા દૂર રહો પણ દુનિયામાં નૈતિક જીવનમાં જીવનાર ડાહ્યા માણસો જેટલું પણ ડહાપણ હોતું નથી. તેઓ ભલે પછી ગમે તેટલી વિદ્વત્તાનો ગર્વ કેમ ન રાખતા હોય તો પણ તે ગાઢતમ અજ્ઞાનતાના અંધારામાં આથડનાર જ કહી શકાય. કોલસાનો ધંધો કરનાર કે જેનાં કપડાં તથા મોં આદિ આખુંય શરીર કાળું થઈ ગયું હોય અને તેને કોઇ હબશી મળી જાય અને તેની સુંદરતાના વખાણ કરી રૂપાળાપણાનું માન આપી બૂબ

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અનુભાગાદિથી થતી આત્મા પર અસર

પ્રયોજક—મુનિ મહારાજ શ્રી પુણ્યવિજયજી. (સંવિજ્ઞપાક્ષિક)

આત્મા પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અનુભાગાદિ અનેક કારણોની અસર થાય છે, જેને લઇ અધ્યવસાયની ભિન્નતા થાય છે. કર્મનો એક સ્થિતિબંધ થવામાં અસંખ્ય અધ્યવસાયના સ્થાનો હોય છે; તે દરેક અધ્યવસાયે કોઇપણ જીવ તે સમયે તે જ સ્થિતિ બાંધી શકે છે. એ રીતે ઘણા જીવોએ એક સરખી સ્થિતિ બાંધવા છતાં તે સઘળા જીવો એક જ ક્ષેત્રમાં, એક જ કાળમાં એક જ પ્રકારના સરખા સંયોગોમાં અનુભવતાં નથી, પરંતુ ભિન્ન ક્ષેત્ર-કાળાદિ અને ભિન્નભિન્ન સંયોગોમાં અનુભવે છે. આનું કારણ ભિન્ન ભિન્ન ક્ષેત્ર, કાળ અને અનુભાગાદિવડે (રસવડે) થયેલી અધ્યવસાયની વિચિત્રતા છે. એ રીતે ભિન્ન ક્ષેત્ર, કાળ આદિ અસંખ્ય કારણો ભિન્ન ભિન્ન અધ્યવસાયો થવામાં કારણ છે. ક્ષેત્રાદિ તથા મોહનીયના સ્થાનકો અસંખ્ય હોવાથી અધ્યવસાયો પણ અસંખ્ય હોય છે.

આ અસંખ્ય અધ્યવસાયોવડે એક સરખી જ સ્થિતિ બંધાયા છતાં એક સરખા સંયોગોમાં અનુભવાતી નથી. કોઇપણ એક સ્થિતિબંધનું એક અધ્યવસાયરૂપ એક જ કારણ હોય તો તે

પ્રશંસા કરે કે તે સાંભળીને તે ગર્વથી ફૂલાય તેને જો બુદ્ધિમત્તા તથા ડહાપણ કહેવામાં આવતું હોય તો જ સદ્‌ભૂત ગુણ વગરનાને વખાણનાર તથા વખાણ સાંભળીને ગર્વ કરનારને ડાહ્યા અને બુદ્ધિશાળી કહી શકાય.

યદ્યપિ અસત્ય–અનીતિ–માયા-દંભ–કષાય–આદિ મોહગર્ભિત પ્રવૃત્તિ માત્રથી આત્માનું અપમાન જ થાય છે; કારણ કે જ્યાં સુધી જીવની બહિરાત્મદશા હોય છે ત્યાં સુધી તે તાત્ત્વિક દૃષ્ટિથી સાચી રીતે આત્માનું સન્માન કરી શકતા જ નથી, તોયે જેઓ દુરાચાર–અસત્ય–દંભ–માયા આદિથી મુક્ત હોય છે તેઓ અવગુણોના આશ્રિત ન હોવાથી સ્થૂળ દૃષ્ટિથી આત્માનું સન્માન કરે છે અર્થાત્ દુનિયાના સજ્જન–નીતિમાન પુરુષોની દૃષ્ટિમાં જે દુર્ગુણો તરીકે ઓળખાય છે તેનાથી મુક્ત આત્મ-સન્માન જાળવે છે. આવા પુરુષોને બીજા સન્માન આપે કે ન આપે તો પણ આત્માથી સન્માનિત છે માટે તેને બીજાના સન્માનની જરૂરત રહેતી નથી. છતાં ડાહ્યા–સદાચારી સજ્જન માણસો તો આદર કરે છે તેથી તેઓ ગર્વથી મુંઝાતા નથી. ગુણવાન પુરુષોનો આત્મા બળવાન-સત્વશાળી હોય છે તેથી તેમને અપકીર્તિનો ભય કે આશંકા હોતી નથી અને જનતામાં તેમનો સાચો પ્રભાવ પડે છે; કારણ કે તે પોતે જેવા છે તેવા જ દેખાય છે માટે તેમને ખોટો ડોળ કરીને દુનિયાને ઠગવા અસત્ય તથા દંભનો આશ્રય લેવો પડતો નથી. તેથી તેઓ પ્રમાણિકપણે સ્વપરને હિતકારી જીવનમાં જીવીને માનવ-જીવનને સફળ બનાવે છે.

સ્થિતિને એક જીવ જે સામગ્રી પામી અનુભવે તે જ સામગ્રી પામી તે સ્થિતિને બાંધનાર સઘળા જીવોએ અનુભવવી જોઇએ, પરંતુ તેમ થતું નથી. કર્મની એક સ્થિતિ બાંધનાર અનેક જીવોમાંથી એક જીવ જે સ્થિતિને અમુક ક્ષેત્ર કે અમુક કાળમાં અનુભવે, બીજો જીવ તે જ સ્થિતિને બીજા ક્ષેત્ર કે બીજા કાળમાં અનુભવે છે. આ કારણથી એક જ સ્થિતિબંધ થવામાં અનેક અધ્યવસાયોરૂપ અનેક કારણો છે; તે અનેક કારણોવડે સ્થિતિબંધ એક જીવને એક સમયે એક સરખો જ થાય છે; માત્ર તેમાં ભિન્ન ભિન્ન સંયોગોમાં અનુભવવારૂપ તેમજ અનેક કારણોવડે ફેરફાર થવારૂપ વિચિત્રતા રહેલી છે. તાત્પર્ય એ કે–ઘણા જીવોએ સમાન સ્થિતિવાળું કર્મ બાંધ્યું હોય તેમા પણ પરિણામની તરતમતાથી અનુભવકાળ જુદો જુદો દેખાય છે, અને તે પરિણામની તરતમતા દ્રવ્યાદિ પાંચ કારણની અપેક્ષા રાખે છે. વિશેષ સમજ ખાતર ફરી વિચારીએ કે-એક એક સ્થિતિ સ્થાનકના બંધમાં હેતુભૂત નાના જીવોની અપેક્ષાએ અસંખ્યાત લોકાકાશ પ્રદેશપ્રમાણ કષાયોદયના સ્થાનો હોય છે; એટલે કે–સ્થિતિ સરખી જ બાંધે છે, છતાં કષાયોદયો ભિન્ન ભિન્ન હોય છે અને ભિન્ન કષાયોદયરૂપ કારણોવડે એક જ સ્થિતિ સ્થાનના બંધરૂપ કાર્ય થાય છે. કારણો અનેક છતાં સામાન્યતઃ એક સ્થિતિ સ્થાનના બંધરૂપ કાર્ય જો કે એક જ થાય છે, છતાં જે સ્થિતિ સ્થાન બંધાય છે તે એક સરખી જ રીતે ભોગવાય-અનુભવાય તેવું બંધાતું નથી, પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવાદિ અનેક જાતની વિચિત્રતાયુક્ત બંધાય છે. ભિન્ન ભિન્ન દ્રવ્યોરૂપ નિમિત્તવડે ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં, ભિન્ન ભિન્ન કાળમાં અને જુદા જુદા ભવોમાં જે એક જ સ્થિતિસ્થાન અનુભવાય છે, તે જો તેના બંધમાં અનેક કષાયોદયરૂપ કારણો ન હોય તો ન અનુભવાય. બંધમાં એક જ કારણ હોય તો બાંધનારા સર્વે એક સરખી જ રીતે અનુભવે, પરંતુ તેમ નથી, એક જ સ્થિતિસ્થાન જુદા જુદા જીવો દ્રવ્યાદિ ભિન્ન ભિન્ન સામગ્રી પામીને જે અનુભવે છે, તે જુદા જુદા કષાયોદયરૂપ ભિન્ન ભિન્ન કારણોને જ આભારી છે અને તે કષાયોદયરૂપ પરિણામની તરતમતા દ્રવ્યાદિ પાંચ કારણોની અપેક્ષા રાખે છે.

આ ઉપરથી એમ બરોબર કહી શકાય કે જીવને દ્રવ્ય, ક્ષેત્ર, કાળાદિને અનુસરી જેવા જેવા પ્રકારના સંયોગ-સામગ્રી-નિમિત્ત પ્રાપ્ત હોય, તેવા તેવા પ્રકારે આત્મા અધ્યવસાયને પામી દ્રવ્યાદિ સામગ્રી અનુસાર તીવ્ર કે મંદ રસવડે સ્થિતિબંધ અનુભવે છે. કાર્ય તેમજ કારણ બન્નેય દ્રવ્યાદિની અપેક્ષા રાખે છે, કારણ કે કર્મનો ઉદય, ક્ષય, ક્ષયોપશમ અને ઉપશમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ આ પાંચની અપેક્ષાએ છે. સુખ દુઃખના કારણભૂત પુન્ય પાપાત્મક કર્મ પણ દ્રવ્ય ક્ષેત્રાદિની અપેક્ષાએ જ ઉદય અથવા ક્ષય પામે છે. સંસારના સર્વ કાર્યોમાં અનુભાગ-રસરૂપ કષાય એક કે બીજી રીતે જોડાયેલા જ રહે છે. રાગદ્વેષ વગર સંસારના કાર્યો બનતા નથી અને તેથી ગુપ્તપણે કે ઉઘાડી રીતે કષાય થઈ જાય છે. આ જ બાબત ત્યાગી જીવનમાં પણ લાગુ પડી શકે.

અત્ર કષાય શબ્દની વ્યાખ્યા બન્નેય (સ્થૂલ અને સૂક્ષ્મ) રીતે સમજવાની છે. સૂક્ષ્મની ગણત્રી સંજ્વલન કષાયમાં અને તેથી પૂર્વ પૂર્વમાં અનુક્રમે સ્થૂલ, સ્થૂલતર અને સ્થૂલતમ માની શકાય. સૂક્ષ્મ દૃષ્ટિએ–તાત્ત્વિક દૃષ્ટિએ વિચારવામાં આવે તો જીવને ક્ષણે ક્ષણે કષાય જાગૃત જ છે. આત્મા પોતાના કર્માનુસાર દ્રવ્ય, ક્ષેત્ર, કાલાદિ સામગ્રીને પામવા છતાં તે તે દ્રવ્ય,

શ્રી સીમન્ધરસ્વામીને વિનતિ.

(પૂજ્ય યશોવિજયજી મહારાજનું ૧૨૫ ગાથાનું સ્તવન-વિશદ વિવેચન સહિત)

લેખક—મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી

અવતરણ

ધર્મમાર્ગમાં-આત્મહિતસાધનમાં ' ગુરુ ' એ મહત્ત્વનું સ્થાન ભોગવે છે. ગુરુતત્ત્વ જેટલું શુદ્ધ અને વિશિષ્ટ તેટલો જ ધર્મપન્થ વિશિષ્ટ અને શુદ્ધ ચાલે છે. અવનતકાળે વખતે વખતે કેટલાએક નામધારી-વેષધારી ગુરુઓમાં અશુદ્ધિ-શિથિલતા-દંભ-સ્વાર્થ-આડંબર આદિ અવગુણો ઘર કરતા જાય છે. તેવા કુગુરુઓ પથ્થરની નૌકા જેમ પોતે ડૂબે છે તે તેના અવલંબન લેનારાઓને ડૂબાડે છે. બહારનું આકર્ષણ ખૂબ હોવાથી ભોળા ભદ્રિક આત્માઓ શીઘ્ર તે નાવમાં બેસી જાય છે. ગ્રન્થકાર મહારાજશ્રીના સમયમાં તેવા કુગુરુઓનું પ્રમાણ વધી ગયું હતું. તેઓની અશુદ્ધિઓ દૂર કરવા માટે-તેવાઓની માયાજાળમાં અણસમજુ માણસો ફસાઈ ન પડે તે માટે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ તીવ્ર-સચોટ પ્રકાશ પાડે છે.

ચાલુ કાળમાં પણ તે જ ગુરુતત્ત્વમાં અશુદ્ધિઓ જુદા રૂપે-નવા લેબાશમાં પ્રવેશી છે. તેને માટે પણ ઉપાધ્યાયજી મહારાજશ્રીના વચનો કારગત નીવડે તેવા છે.

આ પ્રથમ ઢાળમાં ' કુગુરુકપટપ્રકટન ' અધિકાર છે. હૃદય વલોવીને આ વચનો લખાયા છે. એક એક શબ્દ ટંકશાલી છે. પ્રભુ શ્રી સીમન્ધરસ્વામીને વિનતિરૂપે સર્વ કહેવાયું છે.

ઢાળ-૧-લી.

(એક દિન દાસી દોડતી-એ દેશી,)

સ્વામી સીમન્ધર વિનતિ,
સાંભલો માહરી દેવ રે;

ક્ષેત્રાદિને અમુક અંશે સ્વાત્માનુકૂળ કરવો કે પ્રતિકૂળ કરવો તે પોતાના હાથમાં છે. વિચારક આત્મા ધારે તો તેને (દ્રવ્ય ક્ષેત્રાદિ સામગ્રીને) સ્વાત્માનું હિત થાય તેવો કરી શકે છે અને એ-કારણે પોતાનો જે રીતે આત્મવિકાસ થાય, આત્મસ્થિરતા થાય; તથાપ્રકારનો માર્ગ શોધવા લલચાય એ સહજ છે કે જેથી આત્મવિકાસનું જે મુખ્ય કારણ અધ્યવસાયની શુદ્ધતા રહેવાનો હેતુ બન્યો રહે; અને તેથી કર્મનો અનુભાગ-રસ થવામાં ચીકાશ ન થાય. ધ્યાનમાં રાખવું કે સ્થિતિબંધ એક સરખી જ રીતે ભોગવાય તેવો થાય છતાં રસબંધ એક સરખી જ રીતે ભોગવાય તેવો થતો નથી. લેશ્યાના ભિન્ન ભિન્ન પરિણામરૂપ નિમિત્તવડે જુદી જુદી રીતે ભોગવાય તેવો પણ રસબંધ થાય તેથી સ્થિતિ એક સરખી બાંધવા છતાં રસ ઓછોવત્તો બંધાય છે. અને તે દ્રવ્ય, ક્ષેત્રાદિ સામગ્રી પ્રમાણે અનુભવાય છે. સ્થિતિ પણ રસાધીન હોવાથી રસના નાશથી સ્થિતિનો નાશ અવશ્ય થાય છે. કર્મબંધના કારણભૂત અધ્યવસાય સ્થાનકો દ્રવ્યાદિ પાંચમાના કોઇ પણ કારણથી ઉત્પન્ન થતાં ક્ષયોપશમની માફક વિચિત્ર હોવાથી સ્થિતિ રસનો ઉપક્રમ (ઘટાડો) કરી શકે છે, અને તેમ થતાં આત્મા ઉચ્ચ સ્થિતિને પામવા લાયક બની શકે છે.

(પંચસંગ્રહની સંકલના)

તાહરી આણ હું શિર ધરું,
આદરું તાહરી સેવ રે. સ્વામી૦ ૧

(વાક્યાર્થ) હે સીમન્ધરસ્વામી ! જિનદેવ ! આપ મારી વિનતિ સાંભળો, આપની આજ્ઞા હું મસ્તકે ધારણ કરું છું. આપની સેવા આચરું છું-કરું છું. આપ મારી વિનતિ સાંભળો.

કુગુરુની વાસના પાશમાં,
હરિણ પરે જે પડ્યા લોક રે;
તેહને શરણ તુજ વિણ નહિ,
ટળવળે બાપડા ફોક રે. સ્વામી૦ ૨

દુષ્ટ ગુરુઓની વાસના-મલિન ભાવના-જૂઠી વિચારણાની જાળમાં મૃગની માફક જે જીવો ફસાયા છે તેઓને હે સ્વામી ! આપના સિવાય બીજું કોઇ શરણ નથી. બિચારા તે જીવો ફોગટ ટળવળે છે.

જ્ઞાન દર્શન ચરણ ગુણ વિના,
જે કરાવે કુલાચાર રે;
લૂંટયા તેણે જન દેખતાં,
કિંહા કરે લોક પોકાર રે? સ્વામી૦ ૩

જ્ઞાન, દર્શન અને ચારિત્રના ગુણો કેળવ્યા વગર જેઓ કુલાચાર વિધિવિધાન કરાવે છે તેઓએ જનતાને દેખતા છતાં-જાગતા લૂંટી છે. લોકો કોની પાસે આ પોકાર કરે ?

જેહ નવિ ભવ તર્યા નિરગુણી,
તારશે કેણી પરે તેહ રે ?
એમ અજાણ્યા પડે ફંદમાં,
પાપ બંધે રહ્યા જેહ રે. સ્વામી૦ ૪

'જે ગુણહીન હલકા ગુરુઓ પોતે જ સંસાર-સમુદ્રને તર્યા નથી તેઓ બીજાને કઇ રીતે તારશે ?' એ વાત નહિં જાણનારા-અજાણ્યા આત્માઓ જેઓ પાપમાં રચ્યાપચ્યા રહ્યા છે તેઓના ફંદમાં-ફાંસામાં સપડાઈ જાય છે.

કામકુંભાદિક અધિકનું,
ધર્મનું કો નવિ મૂલ રે;
દોકડે કુગુરુ તે દાખવે,
શું થયું એ જગ શૂલ રે. સ્વામી૦ ૫

કામઘટ-કામધેનુ-કલ્પવૃક્ષ-ચિન્તામણિ વગેરેથી પણ વિશેષ ધર્મ છે. તેનું મૂલ્ય થઇ શકે તેમ જ નથી. ધર્મ અમૂલ્ય છે. કુગુરુઓ તે ધર્મની કિંમત દોકડાની દેખાડે છે. દોકડા માટે-પૈસા માટે ધર્મને વેચે છે. આ તે કેવું જગતમાં શૂલ જાગ્યું છે !

અર્થની દેશના જે દીએ,
ઓળવે ધર્મના ગ્રન્થ રે;
પરમ પદનો પ્રગટ ચોર એ,
તેહથી કેમ વહે પન્થ રે ? સ્વામી૦ ૬

જેઓ ધર્મનો-ત્યાગ વૈરાગ્યનો ઉપદેશ આપતા નથી ને અર્થની દેશના દે છે, ધર્મશાસ્ત્રોના અર્થ ઊંધા કરે છે, તેઓ મુક્તિમાર્ગનાં પ્રસિદ્ધ ચોર છે. તેવાઓથી માર્ગ કઇ રીતે ચાલે ?

વિષય રસમાં ગૃહી માચીયા,
નાચિયા કુગુરુ મદ પૂર રે;
ધુમધામે ધમાધમ ચલી,
જ્ઞાન મારગ રહ્યો દૂર રે. સ્વામી૦ ૭

ગૃહસ્થો વિષયવિલાસમાં મસ્ત બન્યા છે ને કુગુરુઓ મદભર્યા નાચે કૂદે છે. જ્ઞાનમાર્ગ દૂર રહ્યો છે ને બન્ને મળી નાચગાન કરી કરાવી રંગરાગમાં દોડધામ-ધમાલ ચલાવે છે.

કલહકારી કદાગ્રહભર્યા,
થાપતા આપણા બોલ રે;
જિનવચન અન્યથા દાખવે,
આજ તો વાજતે ઢોલ રે. સ્વામી૦ ૮

દુરાગ્રહભરેલા જક્કી-કજીયો કરવામાં પાવરધા પોતાના વચનો થાપે છે. જિનેશ્વર પ્રભુના આગમોને ઊંધા કરી બતાવે છે. આજે તો આ બધું ખુલ્લંખુલ્લા વાગતે નગારે થઈ રહ્યું છે.

કેઇ નિજ દોષને ગોપવા,
રોપવા કેઇ મતકંદ રે;

ધર્મની દેશના પાલટે,
સત્ય ભાષે નહિં મંદ રે. સ્વામી૦ ૯

કેટલાએક પોતાના દૂષણને છૂપાવવા માટે, કેટલાએક પોતાના મતના મૂળ રોપવા માટે ધર્મની દેશના ફેરવી નાખે છે. મન્દમતિઓ સત્ય બોલતા નથી.

બહુ મુખે બોલ એમ સાંભળી,
નવિ ધરે લોક વિશ્વાસ રે;
ઢૂંઢતા ધર્મને તે થયા,
ભ્રમર જેમ કમલની વાસ રે. સ્વા૦ ૧૦

ઉપર પ્રમાણેના વચનો અનેકને મોઢે સાંભળીને લોકો કોઇની ઉપર વિશ્વાસ ધારણ કરતા નથી. કમળની સુગંધને શોધતો ભ્રમર જેમ ભ્રમણ કરે છે તેમ તેઓ ધર્મને માટે પરિભ્રમણ કરે છે.

* * *

વિશદ-સમૂહ-વિવેચન

પ્રભો સીમન્ધર ! આપ વર્તમાન કાળે મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કરાવતી વિજયમાં વિચરો છો. આપ અમારા નાથ છો, સ્વામી છો, અધીશ્વર છો. આપને અમે એક વિનતિ કરીએ છીએ. કૃપા કરી અમારી આ વિનતિ સાંભળજો, આ અરજીને અવધારજો, આ વિજ્ઞપ્તિ ઉપર ધ્યાન આપજો, ઉપેક્ષા કરી ઓળવશો નહિં

પ્રભો ! આપની આજ્ઞા મેં માથે ચડાવી છે. આપના ફરમાન મુજબ હું ચાલું છું. આપના શાસન અનુસાર મારું વર્તન છે. દૂર છતાં પણ મન-વચનથી આપની સેવા-ભક્તિ કરું છું. કાયાથી આપની પ્રતિકૃતિને પૂજું છું. આપનો હું ભકત છું. આપને કહેવાનો મને અધિકાર છે. મોક્ષે ગયેલા-વિમુક્ત થયેલા સિદ્ધ ભગવંતોને મારા હૃદયના બળાપા-અન્તરના ઉભરા સંભળાવું, પણ તેથી મારું શું વળે ? કૃતકૃત્ય તેઓ કાંઇ કરે નહિં. આપને કહેવાથી તેનો કાંઇક ઇલાજ થાય, કોઇ રસ્તો નીકળે. અહિંની સ્થિતિ-પરિસ્થિતિ અતિશય ગંભીર છે. બહુ જ બગડેલી છે. તે સુધારવા આપ એક જ સમર્થ છો.

અહિં કેટલાએક કુગુરુઓ પોતાની મિથ્યા વિચારણા-અસત્ વાસનાની જાળ પાથરીને તેમાં ભોળા-ભદ્રિક આત્માઓને, મૂર્ખ-મૃગોને ફસાવે છે. તેઓના પાશલામાં ઝડપાઇ ગયેલા તે બિચારા ટળવળે છે, છૂટવા ફોગટ ફાંફાં મારે છે. પ્રભો ! આપના સિવાય તેઓને બીજો કોઇ આશરો નથી-અન્ય કોઈ શરણ નથી.

તે કપટી કુગુરુઓ લુચ્ચા, લંપટી ને દંભી છે. તેઓ ભોળા માણસોને ભરમાવી 'આ તો તમારા કુલનો આચાર છે, આ તો તમારે કરવું જ જોઇએ. આમ નહિં કરો તો તમારા ઉપર કુલદેવીનો-શાસન દેવતાનો કોપ ઊતરશે. તેના ખોફથી તમારા જાન-માલ-જીવન જોખમાશે.' વગેરે વચનો કહી ખોટી લાલચો ને ખોટા ભય દેખાડી કુલાચારો કરાવે છે. પોતાના તરભાણા ભરાય એવા વિધિવિધાનો બતાવે છે ને કરાવે છે. જ્ઞાન, દર્શન કે ચારિત્રના ગુણના અંશ વગરના તેઓ ધોળે દિવસે બધાના દેખતાં લોકોને લૂંટે છે. લૂંટાએલા તે લોકોને દાદ-ફરિયાદ કરવાનું અહિં કોઈ ઠેકાણું નથી. સૂડી વચ્ચે સોપારી જેવી તેઓની સ્થિતિ છે.

કેટલાએક અજ્ઞાની જીવો સમજ્યા વગર જ તે ભાવાવીઓના ફંદમાં ફસાય છે. મૂર્ખ માણસો એટલુંએ સમજતા નથી કે આ નિર્ગુણીઓ-દોષથી ભરેલા-ભવના ભય વગરના પોતે જ ભવ-સંસાર સમુદ્ર તર્યા નથી. અર્થાત્ ભવભ્રમણ ઘટે એવું આચરણ સેવતા નથી ને સંસાર વધે તેવા કુકર્મો કરે છે તે બીજાને કેવી રીતે તારશે ? પોતે જ દરિદ્ર છે તે બીજાને શું ન્યાલ કરવાનો ? કેવળ પોતે પાપ બાંધે છે ને બીજાને બંધાવે છે.

પ્રભો ! અહિં શું થતા બેઠું છે તેની કાંઇ સમજ પડતી નથી. અહિંના વ્યાધિનું નિદાન જ હાથમાં આવતું નથી. ધર્મ પણ પાઇ પૈસા માટે વેચાય છે. જે ફળ કલ્પતરુ-કામધેનુ-કામકુંભ કે ચિન્તામણિ નથી આપી શકતાં તેથી અધિક ફળ ધર્મ આપે છે.

વિશ્વમાં સોથી વધારે કિંમતી–મહામૂલ્ય કોઇ હોય તો તે 'ધર્મ' છે. ધર્મનું મૂલ્ય આંકી શકાતું જ નથી. તે ધર્મને કુગુરુઓ દામ માટે–દોકડાની કિંમતે–અનર્થકારી અર્થને માટે છડેચોક વેચે છે. નાથ! આ તે જગતમાં શું ચાલ્યું છે? કૃપાનિધે! તેથી રક્ષા કરો, બચાવો, ઉદ્ધાર કરો. એ પેટભરા–અર્થના અર્થી કુગુરુઓ શુદ્ધ આચરણ તો નથી કરતાં પણ શુદ્ધ ઉપદેશ પણ નથી આપતા. તેમની દેશનામાં ધર્મ ને મોક્ષના માર્ગનું દર્શન પણ નથી હોતું. અર્થ અને કામના રસ્તાઓના ખ્યાલ અપાતા હોય છે. તાત્ત્વિક ઉપદેશ ન આપતા જનમનરંજન થાય તેવી વાતો કરે છે. લોકાકર્ષણ એ જ એમના વ્યાખ્યાનનો મુખ્ય ઉદ્દેશ હોય છે ને તેથી તેઓ ધર્મગ્રન્થોના સાચા અર્થ પણ નથી કરતાં. મનફાવતા અર્થ કરી પોતાના પાપમાર્ગોને પોષે છે. તેઓ પરમપદના પ્રકટ ચોર છે. મોક્ષમાર્ગના મુસાફરોના જબરજસ્ત ડાકુઓ છે. ધર્મસામ્રાજ્યના બળવંતા બહારવટીયા છે. પુણ્યપન્થના પ્રસિદ્ધ લૂંટારા છે. એવાઓથી માર્ગ શી રીતે વહે? એ લૂંટારુઓ જ વોળાવા થાય પછી શી મણા હોય? દયાળુ–દીનબન્ધો! એવાઓને અને એને અનુસરનારાઓને સન્મતિ સમર્પો. માર્ગ ચાલુ થાય તેવા યત્નો કરો.

સ્વામી! આપને હું શું કહું? અહિં ગૃહસ્થોને પણ ધર્મની નથી પડી. તેઓ તો વિષયરસમાં ગૃદ્ધ થઇ, આસક્ત બની માચે છે. તેવા ગૃહસ્થોની ઓથે એ લપટી, કુગુરુઓ પણ માલમલીદા ઉડાવે છે, તેલફુલેલ–અત્તર વાપરે છે. વિષય વિલાસોમા રચ્યાપચ્યા રહી માચે છે, મોજ માણે છે. મદોન્મત્ત થઇ નાચે છે. પોતાના ભક્ત–ભક્તાણીઓને નચાવે છે. એના આંધળા અનુયાયીઓ સ્વાર્થે એવાઓની પાછળ ઘેલા બની તેઓની લાલસાઓને પોષે છે. ધૂમ મચાવે છે. ધમાધમ કરે છે. તાલતમાસા કરી બાહ્યાડંબરમાં અણસમજુ આત્માઓને આકર્ષે છે. જ્ઞાનમાર્ગથી વેગળા રહે છે. અધ્યાત્મ દશાથી દૂર જાય છે. પશ્ચિમમાં પ્રગતિ કરે છે. તારક પ્રભો! આપ આત્માના હિતની દશા સુધારો. આજ તો એ પાખંડીઓના ઢોલ ટીપાય છે. ડિન્ડિમ વગાડી તેઓ પોતાની મિથ્યા માન્યતાને પ્રરૂપે છે. ઊંધી વિચારણામાં કદાગ્રહ–દુરાગ્રહ ધારણ કરી કલહમાં ઊતરે છે. તે તે જૂઠા વિચારો ખાતર વિતંડા કરે છે. જિનવચનનું રહસ્ય સમજ્યા સિવાય અસત્ય આગ્રહમાં ગ્રહિલ–ભ્રમિત બની 'મારું એ જ સાચું' કરવા સમાજને દોરે છે. માતેલા સાંઢની માફક સમાજને બોબડીબાઇનું ખેતર સમજી યથેચ્છ ખૂંદે છે. મોટી મોટી પદવીના પૂંછડા ને શિંગડા ધારણ કરી ઔચિત્ય ન સચવાય એવા આચરણ કરે છે. પોતાનું સાચું ઠરાવવા પરધર્મીઓને પણ પોષે છે, ચડાવે છે. પોતાનું ઘર પોતે સમજી શકતા નથી ને અન્દર લડી–ઝગડી–ખુવાર થઇ પારકા પાસે ઇન્સાફ કરાવવા દોડે છે. તે મન્દમતિઓ અહિં પણ દંભ કેળવે છે. પોતાની ચતુરાઇનો–પુણ્યોદયે પ્રાપ્ત થયેલ કાંઇક શક્તિનો દુરુપયોગ કરે છે. કેટલાએક પોતાના પાપોને ઢાંકવા માટે–નિજ દૂષણોને છૂપાવવા અર્થે તો કેટલાય સ્વસિદ્ધાન્ત સ્થાપવા પોતાના કલ્પેલા મતને દૃઢ કરવા સ્વચ્છન્દના મૂળ સ્થિર કરવા સિફતથી–હોશિયારીથી ધર્મના ઉપદેશોને ફેરવી નાંખે છે. સત્ય કહેતા નથી, તથ્ય ઉપદેશતા નથી.

જગદ્ગુરુ! કમલની સુવાસ માટે ભ્રમર જેમ પરિભ્રમણ કરે છે તે જ પ્રમાણે ધર્મને માટે અહિંના લોકો જ્યાં ત્યાં ફાંફાં મારે છે. કમલને બદલે બહારથી પીળા દેખાતાં ગન્ધ વગરના પુષ્પ પર ભ્રમર જેમ નિરાશ થાય છે તેમ જુદે જુદે મુખે જુદા જુદા વચનો–ભિન્ન ભિન્ન વિચારો સાંભળી આ સાચું કે તે સાચું તેનો નિર્ણય કરી શકતા નથી ને નિરાશ થાય છે. પછી ધર્મીઓ–ધર્મના અર્થીઓ પણ કોઇના ઉપર વિશ્વાસ ધારણ કરતા નથી.

કરુણાનિધાન! આપ સર્વેને સરળ બનાવી સહમત કરો. સાચા એક રાહ ઉપર દોરો. સર્વે સંપથી એકમતમાં જોડાય એવું કાંઇક કરો, જેથી

જ્ઞાનગીતા શતક.

(અતાંક પૃષ્ઠ ૧૨૬ થી શરૂ.)

(મનહર છંદ.)

દરિશન શુદ્ધિ વિણ, અજ્ઞાન ન થાય ક્ષીણ, મીંડાઓ એકડા વિણ, નકામા ગણાય છે;
લક્ષ વિના તાકે બાણ, ધ્યેય વિના હાંકે વ્હાણ, તેમ સમકિત વિણ, નિરર્થક થાય છે.
જવું હોય પૂર્વ દિશ, ગમન પશ્ચિમ દિશ, ક્યાંથી પહોંચી શકાશ ? ઊંધે રસ્તે જાય છે;
પ્રથમ સમજ લઇ, સદ્ગુરુ પાસ જઇ, પછી પુરુષાર્થી થંઇ, ગમન કરાય છે. ૨૨

કોઇ કહે મારો મત, કોઇ કહે તારો મત; ક્યાંથી એ ઇજારા ખત, લખાવીને લાવતાં ?
સત્ તે ત્રિકાળ સત્, મતાગ્રહી બાંધે મત, અજ્ઞાનીની એ છે લત, દુરાગ્રહ સેવતાં.
ત્યાગીને નકામો તંત, સેવો સદ્ગુરુ સંત, આવે તો કદાપિ અંત, સત્ને આરાધતાં;
મત ત્યાં તો સત નહિ, સત્ ત્યાં તો મત નહિં; સત્ની સાધનામહિં, અસત્ વિરાધતાં. ૨૩

વિચારીને વદો વેણ, વચનથી ચડે નેણ, સર્પ જેમ માંડે ફેણ, ક્રોધથી ધમાઇને;
અપેક્ષાએ વાણી ખરે, અમૃત મુખથી ઝરે, સ્યાદ્વાદ ચારો ચરે, ક્ષમાથી ધરાઇને;
વચનની વિમળતા, જેમ વહેતી સરિતા, તૃપ્ત ભવિજન થતાં, પ્રેમથી પ્રેરાઇને;
વાણી સદા એવી હોય, દુઃખ નહિં થાય કોય; થાય નહિં હાયવોય, દુઃખથી પીડાઇને. ૨૪

સુવર્ણ કસોટી જેમ, ખંડન મંડન તેમ, પક્ષપાત હોય નેમ, સત્ ન પમાય છે;
પ્રભાત ઉદય થતો અંધકાર નાસી જતો, સત્નો વિજય થતો, પ્રકાશ છવાય છે.
છદ્મસ્થ અવસ્થામાં, વસતો અજ્ઞાનતોમાં, સત્ને પારખવામાં, ભૂલ ખાઇ જાય છે;
જ્ઞાનીને માર્ગ ચાલો, અજ્ઞાની સંસાર બાળો, સર્વજ્ઞતા તેથી ભાળો, મુક્તિ એ ઉપાય છે. ૨૫

અમરચંદ માવજી શાહ

(ચાલુ)

તેઓનું અને અન્યનું કલ્યાણ થાય. ત્યાં બેઠા છતાં પણ તેમ કરવા આપ સમર્થ છો.

આપને મારી આ હાર્દિક વિજ્ઞપ્તિ છે. દુઃખાયેલ દિલની આ આરજૂ છે. મૂંઝાયેલા મનની આ એક જ માંગણી છે.

(ચાલુ)

પ્રત્યેક બુદ્ધ.

લેખકઃ—રા ચોકસી.

(ગતાંક પૃષ્ઠ ૧૨૪ થી શરૂ.)

મહારાજ—

ચેક બુદ્ધની વ્યાખ્યા દર્શાવી છે એમાં ભદેવના પુત્ર પ્રથમ ચક્રવર્તી મહારાજા પણ સમાવેશ થાય છે. બોધ પામકારણભૂત બનનાર પદાર્થ એ કોઇ ો મુદ્દો નથી. મુખ્ય ભાગ ભજવનાર એ વેળા આત્મા જે અનુપમ ભાવમાં કરતો હોય છે તે છે. અલબત્ત, ભાવનાનું આંકતાં બે વાત ખસુસ નેત્ર સામે ની છે અને તે એ કે (૧) દ્રવ્ય વિના ઉત્પત્તિ સંભવતી નથી અર્થાત્ દ્રવ્ય જ કારણ છે અને (૨) પૂર્વના સંસ્કારનો ઘણીયે વાર ચક્ષુ સામે અવનવા બનાવો પડતાં છતાં જેમની દૃષ્ટિ ઓછી હોય વા જેમની સંચિત મૂડીનુ તળિયું આવ્યું છે એવાઓને એ ટાણે કંઈ જ નવીનતા તી નથી, એમના પરિણામમાં ઉભરો જ નથી ! એટલે કહેવું પડશે કે સંસ્કારી જ નિમિત્ત મળતાં પૂર્વ કમાઈના જોરેમની ધારાએ—વિદ્યુત્ ગતિએ કૂચ કદમ આગળ વધે છે અને એ વેળા ગુણ વટાવતો, કર્મપૂંજનો સર્વથા બોરફૂટો ાંખતો, અથવા તો ઉપશમાવતો, સંસારના કારણોમાંના મોટા ભાગનો નાશ ાંખે છે.

ય કરી ડગ ભરનાર યાને ક્ષપકશ્રેણીનો લઇ આગળ વધનાર એ જ ભવમાં દશાનો ભોક્તા થાય છે, જ્યારે ઉપશમાવી કૂચ કરનાર યાને ઉપશમશ્રેણીવાળો અગિયારમાથી પાછો પટકાઇ પડે છે. ક્ષય નહીં થયેલા ને સત્તામાં રહેલા કર્મો પુનઃ બળવો પોકારે છે. એની સામે પેલો આત્મા ટકી શકતો નથી જ. ક્રમ જ એવો છે કે એણે નમતું આપવું જ પડે છે. કર્મોનો પ્રભાવ વિજયવંત નીવડે છે અને ચઢેલો આત્મા ગુણસ્થાનકરૂપ શ્રેણીના અગિયારમા પગથિયેથી ગબડી પાછો પટકાય છે, એ ધક્કો એવા જોરથી લાગે છે કે વચમાંના કોઇ પગથિયે ન અટકતાં સીધો બીજે આવી રહે છે. આમ પરિણામની ધારા કેવું વિલક્ષણ કામ કરે છે અને એમાં કેવી કેવી તરતમતાઓ રહેલી છે એ સર્વના સમયે સમયે પલટાતાં રૂપો એ જ્ઞાની ભગવંતોના જ્ઞાનદર્પણમાં અવલોકાય છે. ચર્મચક્ષુના માનવો મનોપ્રદેશમાં ચાલી રહેલા આ આંતરિક યુદ્ધને કળી શકતાં નથી.

મહારાજા ભરતના આખા કથાનકને અહીં આલેખવાનું પ્રયોજન નથી. નથી એમની ષટ્ખંડ સાધનાને કે બાહુબલિને નમાવવા આચરેલી કરણીને યાદ કરવાની જરૂર, એ અને એવા અન્ય ઘણાયે પ્રસંગો રાજવીના જીવનમાં સંખ્યાબંધ વર્ષો રોકે છે. વળી યુગાદિ જિનેશની ભક્તિમાં, તેમનો ફાળો નાનોસૂનો નથી. લૌકિક એવા ચક્રરત્નની પૂજા આલી ઠેલી, 'રીઝવવો એક સાંઇ' જેવો સધિયારો ગ્રહણ કરી, પ્રથમ તીર્થપતિના સમવસરણમાં જનાર, ચાર વેદની રચના કરી 'માહન્' વર્ગ ઊભો

કરનાર અને દાદી એવા મરુદેવી માતાને હસ્તી-પીઠ ઉપર કૈવલ્ય મેળવવામાં નિમિત્ત બનનાર ભરત મહારાજા કથાસાહિત્યના આભૂષણરૂપ તો છે જ પણ સંખ્યાબંધ પેઢીઓ સુધીના અણ-મૂલા સ્મૃતિચિન્હ સમા પણ છે. પણ અહીં તો એ સર્વની નોંધ બાજુએ રાખી 'ભરત અરિસા-ભુવનમાં પામ્યા કેવલજ્ઞાન' એ વાક્ય ઉપર વિચારણા કરવાની છે.

ચક્રવર્તીના વૈભવવિલાસના તે વર્ણન શા કરવા? જેમ સ્વર્ગલોકમાં ઇંદ્રની રિદ્ધિસિદ્ધિ અજોડ ગણાય તેમ માનવ લોકમાં છ ખંડના આ સ્વામીની વાત સમજવી. ચૌદ રત્ન અને નવ નિધિ જેને હાજરાહજુર એને કઇ વાતની ઊણપ ગણાય! પૂર્વની કમાઇ પણ જબરી એટલે આરંભથી આખર સુધી લીલા લહેર! અસ્તોદયના સપાટામાં આવવાનું થયું પણ એની અસર નામ માત્રની! ચિંતાના વમળમાં અટવાવું પડયું પણ સુખ-સાહ્યબીના લાંબા વર્ષોના સરવાળામાં એ સાગર સામે બિન્દુ સમ લેખાય.

સુખ, સુખ અને સુખ વચ્ચે મહાલતા આ ચક્રવર્તી અલંકાર આદિથી વિભૂષિત થઇ અરિસા ભુવનમાં સ્વપ્રતિબિંબ નીરખવામાં મશગૂલ બન્યા હતા. એકલા જ હતા. 'મુખડા કયા દેખે દર્પણમે' જેવો પ્રશ્ન ઉદ્ભવે એવી સ્થિતિ હતી ત્યાં અકસ્માત બન્યો.

રખે માનતા એને રણભેરીનો ડિંડિમ નાદ! રખે કલ્પી લેતાં એને ધરતીકંપનો આંચકો! ત્રીજા આરાના એ આખરી વર્ષોમાં આવા ઉલ્કાપાતનો સંભવ નહોતો. હસ્તઅંગુલી પરથી એકાદી રત્નજડિત મુદ્રિકા નીકળી ભૂમિતળ પર ખનન કરતી દોડી ગઈ! આવી નાનકડી વાતને કોણ અકસ્માત્ કહે? અંગે સજાતાં અલંકારો નીકળીયે પડે ને ફરીથી પહેરાય પણ એમાં શી નવીનતા! પણ અહીં તો એ વીંટીએ કોઇ અનોખો ઇતિહાસ રચ્યો! ધરતીકંપના ધડાકા કરતાં યે જબરો ધડાકો કર્યો! ભરતચક્રીની એ મુદ્રિકા ઇતિહાસના પાને અમર બની!

કારણ એટલું જ કે સંસ્કારી આત્માના હૃદયભાવોને કોઇ નવી દિશામાં લઇ જવાને એને દીપિકાની ગરજસમી વિચારણાના મંગલા-ચરણ થયા. એ મુદ્રિકાવિહુણી અંગુલીની અટુલી અને અશોભનિક દશાથી સંપૂર્ણ રીતે અલં-કૃત અને સુસજ્જ દેહયષ્ટિમાં માત્ર એ આંગળી જ વિકળતા જન્માવે છે. આટલી નાની શી ઊણપ આખાયે અંગની શોભાને મારી નાંખે છે! વિચારધારા આગળ વધે છે. એકથી આ દશા તો બે ત્રણના ઉમેરાથી કેવું પરિણામ આવે! એ જોવા એક પછી એક અલંકારો ઊતર્યે જાય છે. અખતરો આગળ વધે છે અને ચક્રીનો દેહ આભૂષણ વિનાનો-બને છે. એ વેળા એનો દેખાવ ફળ અને પુષ્પ કે પર્ણ-વિહુણા સૂકા વૃક્ષ સમ શ્યામ જણાય છે. આભૂષણોની શોભાના માપ મપાય છે. એ જ ધોરણે વસ્ત્રોએ સર્જેલી સ્થિતિના મૂલ્યાંકન કરાય છે. એ બધા ઉપરના ઠઠારા આઘાં જતાં લોહી માંસના દેહનું, એમાં કામ આવેલા સાત ધાતુનું પૃથક્કરણ આરંભાય છે. વિચારણા અનોખો પલટો લે છે અને હૃદયના ઊંડાણ માંથી અવાજ ઊઠે છે. 'આ શોભા તો ઉધીના લાવેલા દાગીના જેવી! માત્ર ઘડીભરના આયુ-ષ્યવાળી! સરવાળે પારકી! **अनित्यं संसारे भवति सकलं यन्नयनगम्!**' આમ છ ખંડનો સ્વામી ઝળઝળાયમાન અને દુન્યવી ભોગોથી ભરપૂર એવા અરિસાભુવનમાં પ્રથમ ભાવનાના રહસ્યમાં પગલા માંડે છે. જ્ઞાની સંતો કહે છે કે સમ્યકત્વીને આશ્રવના સાધનો પણ સંવરરૂપે પરિણમે છે કેમકે એની જોવાની, વિચારવાની દૃષ્ટિ જુદા પ્રકારની હોય છે. મનોપ્રદેશમાં

જળાઈ ધમસાણ જામે છે. ભગવંતના વચનો એક પછી એક યાદ આવે છે. 'अनित्यानि शरीराणि' 'विभवो नैव शाश्वतः' 'असारमेव संसारः' 'संमीलने नयनयोर्नहि किंचिदस्ति' 'अतृप्ताः प्राणिनः सन्ति' ભાવનાનો અંક ઉપર ચઢતો જાય છે. પુદ્ગલસર્જિત સૃષ્ટિના સાચા દર્શન થાય છે. આત્મતત્વની ઝાંખી થાય છે. સત્ અસત્નો વિવેક જોર પકડે છે. તજવા લાયક અને આદરવા લાયક કરણીનું ભાન થાય છે. હું કોણ? મારું શું કર્તવ્ય? એવો અહ-લેક ઊઠે છે ત્યાં પડઘો સંભળાય છે. 'एको-ऽहम् नत्थि मे कोई' એ યુગલની રમઝટમાં કાળજૂનાં કર્મો ચળાઇ નષ્ટ થાય છે. આવરણ હઠતાં જ કેવળજ્ઞાનરૂપી અનુપમ દીવડો પ્રકાશી ઊઠે છે.

વર્તમાન સમાચાર.

અમને જણાવતાં આનંદ થાય છે કે અમારી સભાના માનવંતા લાઇફ મેમ્બર શ્રીયુત ઓધવજી ધનજીભાઈ શાહ સોલીસીટરના ચિ. ભાઇ ચંદ્રકાન્ત બી. કૉમની છેલ્લી પરીક્ષામાં સફળ થયા છે. તેમનો મુખ્ય વિષય બૅન્કીંગ હતો અને ઇન્ડીયન બૅન્કીંગ અને કરન્સીના વિષયમાં તેઓ પહેલે નંબરે પાસ થયેલ છે, અને મુંબઇની એક બૅન્કમાં તાલીમ માટે જોડાયેલ છે. ભાઈ ચંદ્રકાન્ત એક સારા ક્રિકેટ ખેલાડી છે. મુંબઈની જુદી જુદી કોલેજોમાંથી દર વરસે મુંબઇની યુનિવર્સિટી એક ક્રીકેટ ટીમ પસંદ કરી જુદે જુદે ઠેકાણે મેચ ગોઠવે છે તેમાં દર વરસે સીડનહામ કોલેજ તરફથી તેમની પસંદગી કરવામા આવતી હતી. વિજય મરચન્ટ અને પ્રૉફેસર દેવધર જેવા જગમશહુર ક્રિકેટ ખેલાડીઓ સામે રમવાના તેમને પ્રસંગો પ્રાપ્ત થયેલ છે. આવા એક ઉત્સાહી જૈન યુવક બૅન્કીંગ અને કરન્સી જેવા વિષયમાં અને ક્રિકેટના જંગમાં વિશેષ સફળતા મેળવી જૈન કોમની પ્રતિષ્ઠાને ઉજ્વળ બનાવવામાં સેવા આપી પોતાને ફાળો આપે એવી જરૂર આશા રાખીએ.

સ્વીકાર અને સમાલોચના

૧. સમ્મતિતત્વસોપાનમ્—પ્રકાશક શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રન્થમાલા તરફથી મળી છે. આ ગ્રંથ જૈન તર્કશાસ્ત્રના પુરસ્કર્તા મહાન તાર્કિક-શિરોમણિ શ્રીમદ્ સિદ્ધસેન દિવાકરનાં સમ્મતિતર્ક પ્રકરણ ઉપર તર્કપંચાનન શ્રી અભયદેવસૂરિજીની તત્ત્વબોધિની નામની ટીકા છે. શ્રી સિદ્ધસેન દિવા-કરે અપૂર્વ ગ્રંથરચના કરી છે. તેમનું નામ જૈનોમાં જિહ્વામે છે. તેમની કૃતિ માનવ જીવોને મુક્તિપદ સોપાન છે.

૨. ક્ષય અને દમમાં નૈસર્ગિક ઉપચાર—લેખક. ભૂપતરાય ગો. દવે. પ્રકાશક શ્રી. મહીપતરાય જાદવજી શાહ તરફથી મળ્યું છે. તેમાં ક્ષય અને દમનાં વ્યાધિઓ માટે કુદરતી ઉપચારો દર્શાવ્યા છે. આપણે ડૉક્ટરોની પાછળ પુષ્કળ દ્રવ્યનો વ્યય કરીએ છીએ, પરંતુ જો કુદરતી રીતે જ કુદરતે ઉત્પન્ન કરેલા તત્વોમાંથી દર્દી નિવારણ કરવાનાં ઉપાય અજમાવીએ તો સારું સ્વાસ્થ્ય જાળવી શકીએ. આવા પુસ્તકોનાં પ્રચારની ખાસ આવશ્યકતા સમજીએ છીએ.

૩. શ્રી કુંભારીયાજી ઊર્ફે આરાસાણ—લેખક શ્રી મથુરદાસ છગનલાલ શેઠે આ પુસ્તિકા લખી કુંભારીયાજી તીર્થ પર પ્રકાશ પાડ્યો છે. પ્રાચીન સમયમાં જૈનોની કેવી જાહોજલાલી હતી તે સહેજે સમજી શકાય છે. મંત્રી વિમળશાહે રાજ્ય-પ્રાપ્તિ કરી એટલું જ નહિં પણ જૈન ધર્મ પ્રત્યે તેમનો કેટલો અપૂર્વ પ્રેમ હતો તે આવા સુંદર દેહરાસરો બંધાવી ચિરસ્મૃતિ કાયમ કરી, લેખકે વિસ્તારથી વર્ણન દરેક દેહરાસરનું કર્યું છે. સાથે સાથે જૈન વણિક કોમની ઉત્પત્તિ પણ દર્શાવી છે. પ્રાપ્તિસ્થાન શેઠ મથુરદાસ છગનલાલ, ઘોરા શેરી, ભાવનગર.

૪. **શ્રી ગૌતમસ્વામીનો ફોટોગ્રાફ**—મ્હેતા નાગરદાસ પ્રાગજીભાઇ અમદાવાદવાળા તરફથી ભેટ મળ્યો છે. આ ફોટો સુંદર છે. ઉપાશ્રય, દેહરાસર, જાહેર સંસ્થાઓને ભેટ તરીકે મોકલાય છે. તેની કિંમત રૂા. ૧-૦-૦ છે. નફો સાધારણ ખાતામાં લઇ જવાનો છે.

૫. **સ્યાદ્વન્તરત્નાકર**—લેખક મુનિરાજ શ્રી દક્ષવિજયજી. પ્રકાશક શ્રી રાજનગર જૈન ગ્રન્થ પ્રકાશક સભા તરફથી ભેટ મળી છે. આ ગ્રંથ સંસ્કૃત ભાષાનાં ઉપાસકો માટે ઘણો જ ઉપયોગી છે અને આદરને પાત્ર છે.

૬. **શ્રી શાસનજયપતાકા**—પ્રકાશક. ઝવેરી ઝવેરચંદ રાયચંદ નવસારી-તરફથી ભેટ મળ્યું છે. આ પુસ્તકમાં પર્વતિથિની ક્ષય, વૃદ્ધિ બાબત વિવેચન કરવામાં આવ્યું છે.

૭. **રામાયણનાં પુષ્પો**—પ્રકાશક સરતું વાંચન કાર્યાલય, ભાવનગર તરફથી ભેટ મળ્યું છે. શ્રી તુલસીકૃત રામાયણમાંથી ચુંટેલા પુષ્પો છે.

૮. **હસ્તિનાપુર**—શ્રી જૈનાચાર્ય વિજયેન્દ્રસૂરિ તરફથી આ હિન્દી પુસ્તિકા બહાર પાડવામાં આવી છે. સભાને ભેટ તરીકે મળી છે. હસ્તિનાપુર કેવી રીતે હસ્તીમાં આવ્યું તેના પર વિવેચન કરવામાં આવ્યું છે.

૯. **શ્રી દીપાલિકા કલ્પ**—પ્રકાશક શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા તરફથી ભેટ મળી છે.

૧૦. **શ્રી સકલાર્હત્સ્તોત્રમ્**—પ્રકાશક શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા તરફથી ભેટ મળી છે.

૧૧. **શ્રી દાદા પ્રભાકરસૂરિ અષ્ટપ્રકારી પૂજા**—લેખક :—શ્રી રિખવચંદ ડાગા, બીકાનેર તરફથી ભેટ મળી છે.

૧૨. શાહ પ્રેમચંદ વાડીલાલ તરફથી નીચેનાં પુસ્તકો શ્રી નેમિઅમૃત-ખાન્તિ-નિરંજન ગ્રંથમાળાનાં ભેટ મળ્યા છે.

શ્રી વીતરાગ ભક્તિ પ્રકાશ.

શ્રી જિનેન્દ્ર નૂતન સ્તવનમંજૂષા.

શ્રી મહાપ્રભાવિક નવસ્મરણાદિ સંગ્રહ.

શ્રી કલ્યાણકારિ સ્તવન સંગ્રહ.

શ્રી નવપદજી અનાનુપૂર્વી.

શ્રી સ્થાપનાજી.

સદ્વિચાર રત્ન.

જ્યાં સુધી આપણી આજુબાજુમાં ગંદકી છે, ત્યાં સુધી આપણી જ સ્વચ્છતા ટકવાની નથી. જ્યાં સુધી આપણી આજુબાજુ ચેપી રોગો છે, ત્યાં સુધી આપણું જ આરોગ્ય સહીસલામત નથી. જ્યાં સુધી આપણી આસપાસ દરિદ્રતા છે, ત્યાં સુધી આપણો જ રોટલો નિર્ભય નથી. જ્યાં સુધી આપણી આસપાસ ચોર, લૂંટારા અને ખૂનીયો છે, ત્યાં સુધી આપણો જ જાન સુરક્ષિત નથી.

જ્યાં સુધી આપણી આસપાસ નિરક્ષરતા, અજ્ઞાન, અંધકાર, વહેમ, જડતા, કુરિવાજ, કુરુઢિયો છે, ત્યાં સુધી આપણું જ જીવન સ્વસ્થ નથી, સુખી નથી.

કંઇ નહિ તો આપણે આપણાં જ હિત માટે લડીએ. ગંદકી, ચેપી રોગો, દુષ્ટતા, દરિદ્રતા અને નિરક્ષરતા સામે આપણે જ ઝીંઝા થઇએ અને ઝૂઝીએ.

દુનિયામાં ચાલી રહેલી અનેક લડતોમાંથી કઇ લડતમાં આપણે ઝુકાવશું ?

શ્રી. નાનાભાઈ ભટ્ટ.

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૩. | ચૈત્ર | પુસ્તક ૪૪ મું.
વિક્રમ સં. ૨૦૦૩. | :: ઇ. સ. ૧૯૪૭ એપ્રીલ :: | અંક ૯ મો.

वीर-वन्दन

卐

रचयिता—मुनि पूर्णानन्दविजय (કુમારશ્રમણ)

स्नात्वा भुक्तिमकृत्वैत्य, जैनागारं च मानसं,
शुद्ध्वा नियम्य वाक्कायं, वन्देऽहं ज्ञातनन्दनम् ॥ १ ॥

अघं हन्तुं यशः प्राप्तुं, मुक्तिं गन्तुञ्च च शोभनां,
धारयितुं भवक्लेशं, वन्देऽहं ज्ञातनन्दनम् ॥ २ ॥

भूतिमिच्छन् स्थितौ तिष्ठन्, कृतिं कुर्वन् च मुक्तिदां,
तुष्टिं पुष्टिं सदा वाञ्छन्, वन्देऽहं ज्ञातनन्दनम् ॥ ३ ॥

भोजने शयने पाने, क्रीडने चलने तथा,
पठने प्राणणे ध्याने, वन्देऽहं ज्ञातनन्दनम् ॥ ४ ॥

कारं कारं मनः शुद्धं, ध्यायं ध्यायं च सन्नयम्,
स्मारं स्मारं भवापत्तिं, वन्देऽहं ज्ञातनन्दनम् ॥ ५ ॥

ભગવાન મહાવીર પ્રભુની જન્મજયંતિ

રચયિતા–મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી.

(રાગ–આવો આવો હે વીર સ્વામી)

આવો આવો સૌ જૈનો ભાવે, વીર જયંતિ કાજ;
ઉત્તમ ચૈત્ર સુદિ તેરસ દિન, સાથે સાજન સાજ. આવો૦ ૧
વીરપ્રભુ જન્મ્યા મધરાતે, વ્યાપ્યું શાંતિ રાજ;
ધર્મ કર્મને સમજ્યાં સર્વે, પામ્યા મુક્તિ તાજ. આવો૦ ૨
ત્રિશલા માતા હરખ્યા હૈયે, સિદ્ધારથ મલકાય;
ક્ષત્રિયકુંડે આનંદ ઓચ્છવ, ભાવેથી ઉજવાય. આવો૦ ૩
ચોસઠ ઇન્દ્રો સ્નાત્ર કરીને, ઊજવે ઉત્સવ સર્વ;
ગણધર મુનિવર ગુણ-સૌ ગાતા, વરતે જયજયકાર. આવો૦ ૪
દીક્ષા લઇ જગને ઉદ્ધાર્યું, સહ્યા પરિસહ સર્વ;
કેવળજ્ઞાને પ્રભુ પ્રકાશ્યા, નમતા નર તજી ગર્વ. આવો૦ ૫
સમવસરણમાં દેશના સુણવા, આવ્યા સુર નર પંખી;
લક્ષ્મીસાગર અજિત વીરને, ગાયે પૂજે હરખી. આવો૦ ૬

શ્રી મહાવીર જન્મ કલ્યાણક સ્તવન

[લાખ લાખ દીવડાની આરતિ ઉતારજો–એ રાહ]

(રાગ–કાફીમિશ્ર, તાલ–ઠિંચ)

ક્રોડ ક્રોડ વંદનાથી વીરને વધાવજો,
વીર જન્મ સુંદર સોહાય.....આજનો છે અવસર આનંદનો. (ટેક)
અંતરંગ ભક્તિની જ્યોતિ જગાવજો,
વીર વીર રંગે રંગાય, ભલા અંગ અંગ રંગે રંગાય;
આજનો છે અવસર આનંદનો. ક્રોડ ક્રોડ૦ (૧)
નાચો નાચો મહાવીર ગુણગાનમાં,
આપો વધામણાં શ્રદ્ધાના તાનમાં;
મુક્તિની સુખડી ચખાય,
જેથી મુક્તિની સુખડી ચખાય,
આજનો છે અવસર આનંદનો. ક્રોડ ક્રોડ૦ (૨)
નેમિ-જાવણય,-દક્ષ શીખ માનજો,
ધન્ય ચૈત્ર શુદ તેરસ દિન જો;
અણમોલા દહાવા લેવાય,
આજ, કર્મોના મેલો ધોવાય,
આજનો છે અવસર આનંદનો. ક્રોડ ક્રોડ૦ (૩)

મુનિરાજશ્રી દક્ષવિજયજી.

પરમપૂજ્ય શ્રી સિદ્ધસેનદિવાકરજી મહારાજે રચેલા ઉપલબ્ધ કેટલાક ગ્રંથોનો ટૂંક પરિચય

લેખક : આચાર્ય શ્રી વિજયપદ્મસૂરિ મહારાજ

(ગતાંક પૃષ્ઠ ૧૩૨ થી શરૂ)

૪૯ મી ગાથામાં જીવપુદ્ગલના ભેદાભેદ સંબંધનું ફલ-**एसो आया तिविहे जोगे इत्यादि** વાક્યોનું રહસ્ય જણાવી, ૫૦ મી ગાથામાં બાહ્ય-અભ્યંતર વાસ્તવિક ઓળખાણ કરાવી છે. ૫૧-૫૨ મી ગાથામાં સ્યાદ્વાદ શૈલીએ દ્રવ્યાર્થિક દેશનાનું અને પર્યાયાર્થિક દેશનાનું માંહોમાંહે સાપેક્ષપણું સાબિત કરી ૫૩ મી ગાથામાં છેવટે જણાવ્યું કે-દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નય માંહોમાંહે સાપેક્ષ હોવાથી જ્ઞેય વસ્તુને જણાવનાર વિચારના અને વાક્યના જે પ્રકારો થાય છે તે જ જૈન દૃષ્ટિની દેશના કહેવાય; બીજી નહિ. એમ પ્રતિપાદન કરી આ પહેલા કાંડની છેવટે ૫૪ મી ગાથામાં વક્તા કયા અભિપ્રાયથી કેવા પ્રસંગે એક નયાનુસારી દેશના પણ કરે તે વાત સ્પષ્ટ ખુલાસો કરવાપૂર્વક સમજાવી છે. આ રીતે બહુ જ સંક્ષેપમાં પહેલા કાંડની બીના જણાવી.

હવે બીજા કાંડની બીના સંક્ષેપમાં જણાવું છું. આ કાંડની ૪૩ ગાથાઓમાંની પહેલી ગાથામાં દર્શન અને જ્ઞાનનું તાત્ત્વિક સ્વરૂપ અને તે બંનેને દ્વિવિધ નયની દૃષ્ટિએ વિચાર્યા છે. બીજી ગાથામાં દર્શનકાળમાં વિશેષાંશની અને જ્ઞાનકાળમાં સામાન્યાંશની ગૌણતા સ્પષ્ટ રીતે સમજાવી. ત્રીજી ગાથામાં દર્શન અને જ્ઞાનના સમયભેદની મર્યાદા દર્શાવી. ચોથી ગાથામાં ક્રમવાદીની માન્યતા જણાવી. ૫ થી ૮ સુધીની ચાર ગાથામાં સહવાદીપક્ષનો ઉલ્લેખ કરી, નવમી ગાથામાં વિરોધીપક્ષને પ્રશ્ન પૂછી સિદ્ધાંતની સ્થાપના કરી છે. ૧૦ થી ૧૪ સુધીની પાંચ ગાથામાં વિરોધીપક્ષે જણાવેલી બાબતોમાં સિદ્ધાંતીએ દોષો જણાવ્યા છે. ૫દરમી ગાથામાં પૂર્વે જણાવેલા દોષોનું સમાધાન ક્રમવાદીપક્ષ કઈ રીતે કરે છે? તેમાં સિદ્ધાંતી શું જવાબ આપે છે? તે બીના જણાવી છે. ૧૬-૧૭ મી ગાથામાં પૂર્વદૃષ્ટાંતનું વિશદીકરણ અને ઉપસંહાર કરી ૧૮-મી ગાથામાં આગમવિરોધનો પરિહાર કર્યો છે. ૧૯-સ્વપક્ષમાં આવતી આશંકાનું સિદ્ધાંતીદ્વારા સમાધાન એટલે ચતુર્થ જ્ઞાનમાં દર્શન નહિ, ને કેવલજ્ઞાનમાં જ્ઞાન,દર્શન બંને હોવાનું કારણ જણાવ્યું છે. ૨૦-મી ગાથામાં કેવલ ઉપયોગ એક છતાં ભિન્ન જણાવવામાં બીજું કારણ જણાવી ૨૧-૨૨ મી ગાથામાં એકદેશી મતની માન્યતા જણાવી છે. ૨૩-૨૪ મી ગાથામાં એકદેશીએ આપેલ દૃષ્ટાંતની વિચારણા કરી ૨૫-મી ગાથામાં સિદ્ધાંતીનો ખુલાસો જણાવ્યો છે. ૨૬-મી ગાથામાં અતિ પ્રસંગનું નિવારણ કર્યું છે એટલે મનઃપર્યવજ્ઞાનમાં દર્શન શબ્દનો અવ્યવહાર થવાનું કારણ વિસ્તારથી સિદ્ધાંતીએ વાદીને સમજાવ્યું છે. ૨૭-મી ગાથામાં પહેલાં કરેલ વ્યવસ્થાનો સ્પષ્ટ ખુલાસો જણાવી ૨૮-મી ગાથામાં જેમ અવધિજ્ઞાનમાં તેમ શ્રુતજ્ઞાનમાં દર્શન શબ્દનો વ્યવહાર કેમ ન થાય? આ પ્રશ્નનો સ્પષ્ટ

ખુલાસો કર્યો છે. ૨૯-મી ગાથામાં અવધિદર્શનની વ્યવસ્થા જણાવી છે. ૩૦-મી ગાથામાં કેવળ ઉપયોગમાં જ્ઞાન, દર્શન શબ્દની ઘટના જણાવી છે. ૩૧-મી ગાથામાં શાસ્ત્રગત વિરોધનો પરિહાર કરી ૩૨-૩૩ મી ગાથામાં શ્રદ્ધા અર્થમાં વપરાતા દર્શન શબ્દનો સ્પષ્ટ અર્થ સમજાવ્યો છે. ૩૪-૩૫-૩૬ મી ગાથામાં સાદિ અપર્યવસિત શબ્દમાં કોઇને થયેલી ભ્રાંતિનો ઉલ્લેખ અને તેનું નિરાકરણ જણાવી ૩૭ થી ૪૨ સુધીની ૬ ગાથામાં જીવ અને કેવલના ભેદની આશંકા અને તેનું દૃષ્ટાંત દઇને નિરાકરણ કર્યું છે. ૪૩-મી ગાથામાં દ્રવ્ય અને પર્યાયની વચ્ચે અભેદ માનવાની પેઠે ભેદ પણ માનવો જોઇએ. એ રીતે બીજા કાંડનો પરિચય ટૂંકામાં જણાવ્યો. ત્રીજા કાંડનો પરિચય ટૂંકામાં આ પ્રમાણે જાણવો.

પહેલી બીજી ગાથામાં દ્રવ્યના સામાન્ય ધર્મનો, અને વિશેષધર્મનો આપેક્ષિક અભેદ સંબંધ જણાવી, ૩-૪-થી ગાથામાં પ્રતીત્ય વચનનું ખરું સ્વરૂપ અને તેને અંગે જરૂરી સૂચના પણ સ્પષ્ટ રીતે જણાવી છે. ૫-૬-ની ગાથામાં એક પદાર્થમાં અસ્તિપણું, અને નાસ્તિપણું વિરુદ્ધ ધર્મો છતાં કઇ રીતે રહે? આ પ્રશ્નનો સ્પષ્ટ ખુલાસો કરી, ૭-મી ગાથામાં એક જ પુરુષમાં કઇ કઇ અપેક્ષાએ ભેદધર્મ અને અભેદધર્મ ઘટે? આ બીના સ્પષ્ટ સમજાવી દ્રવ્ય અને ગુણનો એકાંત ભેદ માનનાર વાદીની માન્યતા જણાવી. ૯ થી ૧૫-મી ગાથા સુધીમાં તેનું ખંડન કરવાના પ્રસંગે ગુણ અને પર્યાયની અભેદ ચર્ચા કરી છે. ૧૬-થી ૧૮-સુધીની ત્રણ ગાથામાં દ્રવ્ય અને ગુણનો એકાંત અભેદ માનનાર વાદીની માન્યતા વિસ્તારથી જણાવી તે બાબતમાં સિદ્ધાંતીના વિચારો કયા કયા? તે બીના ૧૯-મી ગાથામાં જણાવી છે. ૨૦-મી ગાથામાં સિદ્ધાંતીના વિચારો સાંભળી એકાંતઅભેદની માન્યતાવાળો વાદી સિદ્ધાંતીની આગળ પોતાના વિચારની કઇ રીતે સાબિતી કરે છે તે બીના જણાવી છે. ૨૧-મી ગાથામાં ચાલુ પ્રસંગે સિદ્ધાંતી શું કહે છે, તે વાત જણાવી, ૨૨-મી ગાથામાં એકાંત અભેદવાદીએ કરેલ પ્રશ્નનો સિદ્ધાંતી શો ઉત્તર આપે છે? તે બીના જણાવી છે. ૨૩-૨૪-મી ગાથામાં અમુક ભેદવાદી દ્રવ્યનું અને ગુણનું શું લક્ષણ જણાવે છે? તેના ભેદવાદનું શું રહસ્ય છે? તે બે પ્રશ્નનો સ્પષ્ટ વિચાર જણાવ્યો છે. ૨૫-૨૬ મી ગાથામાં ચાલુ પ્રયોજન જણાવી, ૨૭-૨૮ મી ગાથામાં અનેકાંતદર્શન વ્યાપક છે એમ સાબિત કર્યું છે. ૨૯-૩૦-૩૧-મી ગાથામાં સ્યાદ્વાદશૈલીએ દૃષ્ટાંત સાથે પ્રમેયની બીના જણાવી, ૩૨-૩૩-૩૪-મી ગાથામાં દ્રવ્યમાં રહેલા ઉત્પાદ, વ્યયના ભેદો જણાવી, ૩૫-૩૬-૩૭ ગાથામાં ઉત્પાદવ્યયધ્રૌવ્યના કાળભેદ વગેરેની ચર્ચા વિસ્તારથી જણાવી છે. ૩૮ થી ૪૨-સુધીની પાંચ ગાથાઓમાં વૈશેષિક વગેરે વાદીઓના મતે દ્રવ્યની ઉત્પત્તિને અંગે ચાલુ પ્રક્રિયાની ચર્ચા કરી, ૪૩-૪૪-૪૫ મી ગાથામાં શ્રદ્ધા પ્રધાન આગમનું અને બુદ્ધિપ્રધાન આગમનું અલગઅલગ સ્વરૂપ જણાવી, પ્રસંગે બે ભેદ જણાવતાં આરાધકાદિનું પણ સ્વરૂપ સમજાવ્યું છે. ૪૬ થી ૪૯-મી ગાથા સુધીની ચાર ગાથામાં નયવાદની ચર્ચા કરી, ૫૦-૫૧-૫૨-મી ગાથામાં એકાંતવાદને સ્વીકારતાં ગેરલાભ, અનેકાંતવાદ પ્રમાણે ઘટતું વસ્તુસ્વરૂપ જણાવ્યા છે. ૫૩-મી ગાથામાં શ્વેતાશ્વતર ઉપનિષદના પહેલા અધ્યાયમાં જણાવેલા કારણની બાબતમાં પડેલા વિવિધ વાદો મિથ્યા છે, કારણ કે તેમાં એકાંતપણું રહેલું છે. જો અનેકાંતદૃષ્ટિ તે બધા વાદોમાં ભળે, તો તે સર્વ સાચા કહેવાય. આ બીના જણાવી ૫૪-૫૫-મી ગાથામાં આત્મતત્ત્વમાં રહેલા નાસ્તિત્વ વગેરે છ પક્ષો ખોટા

છે, અને અસ્તિત્વાદિ છ પક્ષો સાચા છે. આ બીના સ્પષ્ટ-અપેક્ષા જણાવવાપૂર્વક સમજાવી, ૫૬-૫૭-૫૮-૫૯-મી ગાથામાં અનેકાંતદૃષ્ટિ તરફ લક્ષ ન રાખવાથી કયા કયા દોષો આવે છે? આ પ્રશ્નનો વિસ્તારથી ખુલાસો કરી, ૬૦ મી ગાથામાં અનેકાંત શૈલીએ પદાર્થની પ્રરૂપણા કરતાં કઇ કઇ આઠ બાબતો જરૂર લક્ષમાં રાખવી જોઇએ? તે જણાવી, ૬૧-૬૨-મી ગાથામાં એકેક નયની પ્રધાનતાવાળાં સૂત્રો ભણીને સૂત્રધર બનેલા જીવો કેવા કહેવાય? તેઓ અનેકાંતદૃષ્ટિના વિનાશક છે, એમ જણાવી ૬૩-મી ગાથામાં શાસ્ત્રની પ્રરૂપણા કરનાર ભવ્ય જીવે કેવા પ્રકારની યોગ્યતા મેળવવી જોઇએ? આ પ્રશ્નનો ખુલાસો કર્યો છે. ૬૪-૬૫-મી ગાથામાં સૂત્રનાં જ્ઞાન કરતાં અર્થ જ્ઞાનની વધારે જરૂરિયાત, અને તત્ત્વોના પૂર્ણ નિશ્ચિત જ્ઞાનને નહિ ધારણ કરનારા અકુશલ જીવો શાસ્ત્રની પ્રરૂપણા કરે, તો તે જિનશાસનની વિડંબના કરનારા જાણવા. આ બીના યથાર્થરીતે સમજાવી ૬૬-૬૭ મી ગાથામાં સિદ્ધાંતનો પ્રત્યનીક કોણ? અને કયા જીવો વ્રતાદિનું ફળ યથાર્થ સમજતા નથી? આ બીના સ્પષ્ટ જણાવી ૬૮ મી ગાથામાં કેવા પ્રકારના જ્ઞાન-ક્રિયા જન્માદિના દુઃખોથી જીવને નિર્ભય બનાવે? આ પ્રશ્નનો ખુલાસો કરી, આ ત્રીજા કાંડની છેલ્લી ૬૯ મી ગાથામા શ્રી જિનવચનને અસાધારણ-સાર્થક ત્રણ વિશેષણો આપીને તેનું યથાર્થ સ્વરૂપ જણાવી ગ્રંથકારે છેવટે ભક્તિ-બહુમાન ધારણ કરી જણાવ્યું કે-પૂજ્ય જિનવચનનું ભદ્ર હો.

આ રીતે પહેલા કાંડમાં નયની અને બીજા કાંડમાં જ્ઞાનની પ્રરૂપણા જણાવી ત્રીજા કાંડમાં જ્ઞેયની વિચારણા કરી છે. ચાલુ પ્રસંગે એ પણ સમજવું જરૂરી છે કે શ્રી દિવાકરજીમહારાજાએ બીજા ગ્રંથો પ્રાયે સંસ્કૃતભાષામાં બનાવ્યા ને આ ગ્રંથ પ્રાકૃતમાં બનાવ્યો, તેનું શું કારણ? વગેરે પ્રશ્નોનો ખુલાસો કરતાં કેટલાએક વિદ્વાનો જણાવે કે-આ સન્મતિ તર્કની રચનાને આગે દીર્ઘદૃષ્ટિથી વિચાર કરતાં જણાય છે કે-જૈનદર્શનને માનનારા જીવો પોતાની તર્કશક્તિને ખીલવે, અને સાંખ્યદર્શન વગેરે દર્શનોમાં મનાયલા તત્ત્વો એ ખરી રીતે તત્ત્વસ્વરૂપ નથી, અને જૈનદર્શનમાં માનેલા તત્ત્વો એ જ સત્ય તત્ત્વો છે, આ બે મુદ્દાનો સંપૂર્ણ પ્રચાર કરવા માટે શ્રી દિવાકરજી મહારાજે પ્રસ્તુત (સમ્મતિતર્ક) પ્રકરણની રચના કરી હોય. અહીં પ્રસંગાનુપ્રસંગે તે કાળે હયાતી ધરાવતા અન્ય દર્શનોની પણ તટસ્થ દૃષ્ટિએ દીર્ઘ સમાલોચના કરી સ્યાદ્વાદ શૈલીની આગળ તે સર્વની પરિસ્થિતિ કેવા સ્વરૂપને ધારણ કરે છે? વગેરે બીના-માર્મિક શબ્દોમાં જણાવી અનેકાંતદર્શનનો મહિમા વધાર્યો છે. શ્રી જૈનેન્દ્ર શાસનમાં સમ્મતિતર્ક ઉચ્ચ કોટીનો એક અપૂર્વ દાર્શનિક ગ્રંથ અને મહાપ્રભાવક ગ્રંથ ગણાય છે, એમ નિશીથ ભાષ્યની ચૂર્ણિમાં પહેલા ઉદ્દેશામાં તથા પૂજ્યશ્રી હરિભદ્રસૂરિજી ઉપાધ્યાયજી, શ્રી યશોવિજયજી મહારાજ વગેરે મહાપુરુષોએ પણ પંચવસ્તુ-ધર્મપરીક્ષા-દ્રવ્યગુણપર્યાયના રાસ વગેરેમાં જણાવ્યું છે તે ઉપરાંત પ્રસંગે પ્રસંગે સ્વવિચારોની શ્રોતાના અને વાચકના હૃદયમાં પરમ ઉપાદેયતા સાબિત કરવા માટે તેમણે સમ્મતિના પાઠો જણાવ્યા છે. તેમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજને તો આ સમ્મતિ ઉપર અપૂર્વ દૃઢ શ્રદ્ધા હતી. તેમાં પ્રમાણ એ છે કે-પોતાના ગ્રંથોમાં જુદા જુદા પ્રસંગે સમ્મતિની ગાથાઓ સાક્ષિપાઠ તરીકે મૂકીને તેની સાથે તેનું વિવરણ કરી રહસ્ય પણ જણાવેલું છે. આવી ગાથાઓ સાથે વિવરણ ભેગું કરીએ તો ખુશીથી સમ્મતિવિવરણ તૈયાર થઇ શકે એમ સંભવે છે. પૂજ્ય-

શ્રી દિવાકરજી મહારાજાએ અહીં નયવાદનું અલગ અલગ સુંદર રહસ્ય સમજાવતાં, પોતાના સમયમાં વિદ્યમાન અન્ય સમગ્ર દર્શનોને અનેકાંતવાદરૂપ સાંકળની કડીઓ જેવા જુદા જુદા નયોમાં યોગ્ય રીતે ગોઠવી દીધા છે. અને તે રીતે તે તે વાદીઓની આગળ સુદૃઢ યુક્તિઓ જણાવવાપૂર્વક અનેક દર્શનનું માહાત્મ્ય જણાવ્યું છે. અન્ય દર્શનકારોનું વચન, એકતરફી અને અધૂરું છે, એ સાબિત કરીને નયવાદનું તત્ત્વજ્ઞાનના પ્રદેશમાં કેવું સ્થાન છે? એ પણ શ્રી દિવાકરજી મહારાજે અહીં સમજાવ્યું છે. તથા અનેકાંતવાદનો ઉપહાસ કરનારા બીજા દાર્શનિકોને અનેકાંતદર્શનનું યથાર્થ સ્વરૂપ સમજાવવા વિસ્તારથી વિવેચન કર્યું છે. આ સમ્મતિસૂત્રની તર્કપદ્ધતિ જોતાં નિશ્ચયથી જરૂર કહી શકાય કે-શ્રી દિવાકરજી વૈશેષિકાદિ દર્શનનાં તત્ત્વોનું ઊંડું રહસ્ય જરૂર જાણતા હતા. તેમજ તે તે વૈશેષિક સૂત્રાદિમાં ભાષાનો તેમજ ગદ્યપદ્યનો તફાવત છતાં તાર્કિક વિચારોની સરખામણી જરૂર પ્રતીત થાય છે. ઇશ્વરકૃષ્ણે બનાવેલી કારિકાઓમાં અને સમ્મતિમાં છંદની સરખામણી જણાય છે, તેમજ પોતપોતાના વિષયને તર્કપદ્ધતિએ ગોઠવવાની શૈલી ઘણેખરે અંશે સરખી જણાય છે. બૌદ્ધાચાર્ય નાગાર્જુનની મધ્યમકારિકા અને વિજ્ઞાનવાદી વસુબંધુની વિંશિકા તથા ત્રિંશિકા સાથે શ્રી દિવાકરજીની કૃતિઓ સરખાવતાં જરૂર જણાય છે કે-એ આચાર્યોના ગ્રંથો ઉપર એક બીજાના ગ્રંથની અસર થઇ હોય. આગમગ્રંથોમાં જણાવ્યું છે કે—સર્વજ્ઞને કેવળજ્ઞાનનો ઉપયોગ અને કેવળદર્શનનો ઉપયોગ, એ બંને એકસાથે એકસમયે હોતાં નથી એટલે કેવળીને પહેલે સમયે કેવળજ્ઞાનોપયોગ, અને બીજે સમયે કેવળદર્શનોપયોગ હોય. આ રીતે એકેક સમયના આંતરે જ્ઞાનોપયોગ ને દર્શનોપયોગ પલટાય, પણ એક સમયે બે ઉપયોગ એક સાથે ન હોય; કારણ કે શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે વિશેષાવશ્યકમાં ફરમાવ્યું છે—"**सव्वस्सवि केवलिणो वि हु जुगवं दो नत्थि उवओगा**" ઇત્યાદિ. શ્રી દિવાકરજી મહારાજ આ ક્રમિક ઉપયોગવાદનું વિવિધ તર્કોથી અને યુક્તિઓથી કઇ કઇ પદ્ધતિએ ખંડન કરી સ્વવિચારની સિદ્ધિ કરે છે? તે વસ્તુ અહીં વિસ્તારથી સમજાવી સ્પષ્ટ જણાવે છે કે, કેવળજ્ઞાની ભગવંતોને બંને ઉપયોગ એક સમયે માનવા વ્યાજબી છે. આ વિચારનું પણ ખંડન શ્રી જિનભદ્રગણિ વગેરે કઇ રીતે કરે છે? તે પણ સવિસ્તર બીના અહીં જણાવી છે. જેવી રીતે શ્રી હરિભદ્રસૂરિ મહારાજાદિ શ્વેતાંબર સૂરિવરોએ પોતાના ગ્રંથોમાં શ્રી દિવાકરજીના ગ્રંથોના સાક્ષિપાઠો આપીને દિવાકરજી પ્રત્યે અને તેમના ગ્રંથો પ્રત્યે બહુમાનગર્ભિત ભક્તિભાવ વ્યક્ત કર્યો છે, તેવી રીતે દિગંબર મતાનુયાયી ગ્રંથકારોએ પણ દિવાકરજી તથા તેમના ગ્રંથો પ્રત્યે ભક્તિભાવ દર્શાવ્યો છે. આ બાબતમાં પ્રમાણ એ છે કે-હરિવંશપુરાણના બનાવનાર જિનસેનસૂરિએ, તત્ત્વાર્થ રાજવાર્તિકી ટીકાકાર અકલંકદેવે, સિદ્ધિવિનિશ્ચયના ટીકાકાર અનંતવીર્યે, ભગવતીઆરાધના બનાવનાર શિવકોટીએ, પાર્શ્વનાથચરિત્ર બનાવનાર વાદિરાજે તથા લક્ષ્મીભદ્ર વગેરે દિગંબર વિદ્વાનોએ પોતપોતાના ગ્રંથોમાં પ્રસંગે પ્રસંગે શ્રી દિવાકરજીનું નામ અને સમ્મતિના પાઠો સાક્ષિરૂપે જણાવ્યા છે. શ્રી દિવાકરજી મહારાજ, સંસ્કૃત પદ્યાત્મક અપૂર્વ ગ્રંથોના બનાવનારા પંડિતોમાં પ્રથમ અગ્રેસર મનાય છે. તેમણે આ સમ્મતિતર્કપ્રકરણના અંતે જણાવ્યું છે કે—"**तम्हा अहिगयसुत्तेणं अत्थसंपायणम्मि जइअव्वं**" **तस्मात् अधिगतसूत्रेणार्थसंपादने यतितव्यं** એટલે સૂત્રજ્ઞાનને મેળવનારા ભવ્યજીવોએ અર્થને

જાણવા પ્રયત્ન કરવો જોઇએ. આ સૂચના કરવાનો મુખ્ય મુદ્દો એ છે કે—અર્થપરિજ્ઞાન વ્યાકરણાદિ સાધનોથી થઇ શકે છે. તેવી સાધનસામગ્રી સ્વકાળમાં સંસ્કૃત ભાષાની વધારે હોવાથી દ્વાત્રિંશદ્દાત્રિંશિકા વગેરે ગ્રંથો સંસ્કૃત ભાષામાં બનાવ્યા ખરા, પણ જૈનશ્રમણ સંઘમાં પ્રાકૃતભાષાનો વધારે પ્રચાર હોવાથી આ સમ્મતિ પ્રકરણ પ્રાકૃતભાષામાં બનાવ્યું હોય, એમ સંભવે છે. આ ગ્રંથની સમ્મતિતર્ક અને સમ્મતિપ્રકરણ વગેરે નામથી વધારે પ્રસિદ્ધિ છે; કારણ કે શ્વેતાંબર દિગંબર સંપ્રદાયના ઘણા ગ્રંથોમાં એ બે નામનો ઉપયોગ જણાય છે. કેટલાએક વિદ્વાનો ધનંજયનામમાલામાં જણાવેલા પ્રભુશ્રી મહાવીરના 'સન્મતિ' નામ ઉપરથી અનુમાન કરે છે કે આ ગ્રંથનું સન્મતિ તર્ક, અથવા સંન્મતિ પ્રકરણ હોય તેમજ દક્ષિણ હિંદુસ્તાનમાં રચાએલા પ્રાકૃત જૈનગ્રંથોમાં જેવું તકાર આદિને સ્થાને દકાર આદિ પરિવર્તન જણાય છે, તેવું અહીં નથી; માટે સંભવ છે કે આ ગ્રંથની રચના ઉત્તર કે પશ્ચિમ હિંદુસ્તાનમાં થઇ હોય. શ્રી દિવાકરજીમહારાજે પ્રાકૃત રચનાને અંગે છંદની પસંદગી કરતાં અહીં આર્યાછંદ સ્વીકારવાનું ખરૂં કારણ પ્રાકૃતના અનુભવથી જણાય છે કે અલ્પ શબ્દોમાં સ્પષ્ટ વિવક્ષિતભાવ—જેટલે અંશે આર્યાછંદમાં જણાવી શકાય, તેટલે અંશે તે ભાવ બીજા છંદોમાં જણાવી શકાતો નથી. આ જ મુદ્દાને લક્ષમાં રાખીને શ્રી હરિભદ્રસૂરિમહારાજાદિ મહાપુરુષોથી લઇને ઠેઠ અઢારમી સદીમાં થયેલા ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી વગેરે મહાપુરુષોએ પણ આર્યા છંદમાં પંચવસ્તુ, પંચાશકાદિ, તથા ગુરૂતત્ત્વવિનિશ્ચયાદિ ગ્રંથો બનાવ્યા છે. મોટી ટીકામાં મંગલાચરણ પ્રયોજનાદિને જણાવનારા પદ્યો અને પ્રશસ્તિના શ્લોકો સિવાયનો ઘણો ભાગ ગદ્યમય છે. વચમાં અવતરણરૂપે બીજા શ્લોકો આવે છે. ટીકાની શૈલી ન્યાયકુમુદચંદ્રોદયાદિના જેવી અર્થપ્રસાદાદિપૂર્ણ છે. ગ્રંથનું પ્રમાણ મધ્યમ છે. પ્રસ્તુત પ્રકરણની કુલ ૧૬૬ ગાથાઓ છતાં મૂળની લખેલી પ્રતમાં જણાવેલી એક ગાથા પ્રક્ષિપ્ત ગણતાં ૧૬૭ ગાથાઓ થાય છે. તે ગાથા આ પ્રમાણે જાણવી.

॥ आर्यावृत्तम् ॥

जेण विणा लोगस्सवि,
ववहारो सव्वहा न निव्वडइ ॥
तस्स भुवणिक्कगुरुणो,
नमो अणेगंतवायस्स ॥१॥

અર્થ—જેના વિના લોકોનો વ્યવહાર પણ સર્વથા સિદ્ધ થઇ શકતો નથી, તે ત્રણ ભુવનના જીવોના અદ્વિતીય ગુરુ-પૂજ્ય અનેકાંતવાદને નમસ્કાર થાઓ. આ સમ્મતિ પ્રકરણના ત્રણ કાંડમાંના પહેલો કાંડ તેમાં જણાવેલી બીના પ્રમાણે નયકાંડ કહેવાય, બીજો કાંડ જ્ઞાનકાંડ અથવા ઉપયોગકાંડ કહેવાય અને ત્રીજો કાંડ જ્ઞેયકાંડ કહેવાય.

મૂળ અને ટીકામાં અનેકાંતવાદ અને તેની સાથે સંબંધ ધરાવતા બીજા પણ અનેક વિષયોની ચર્ચા વિસ્તારથી કરી છે. આ રીતે ટૂંકમાં સમ્મતિસૂત્રનો પરિચય જણાવ્યો. આ સંબંધી વિશેષ બીના સમ્મતિની પ્રસ્તાવનામાંથી જાણવી.

'વિચારશ્રેણી'

લેખક—આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

૧ પ્રામાણિકતા માનવીની સાચી સંપત્તિ છે માટે બધું ય જતું કરીને પ્રામાણિકતા જાળવી રાખવી જોઇયે.

૨ દુઃખ સહન કરી લેવું; પણ ક્ષુદ્ર સ્વાર્થ માટે કોઇને પણ દગો દેવો નહિં.

૩ સ્વાધીન બન્યા સિવાય સુખ શાંતિ મળી શકતા નથી.

૪ જરૂરિયાતો ઓછી કર્યા સિવાય સ્વાધીન બની શકાય નહિં.

૫ જીવાય તેટલું જીવો; પણ સાચું જીવો અને મોતનો ભય રાખશો નહિં.

૬ જે મોતથી ઘણા જ બ્હીએ છે તેમને આત્માના અમરપણાની દૃઢ શ્રદ્ધા હોતી નથી.

૭ ખાઇને જીવાય છે તે વાત સાચી છે, તોયે ખાવામાં ફેર નથી પણ જીવવામાં છે. સજ્જન ખાઇને જીવે છે.

૮ સાચું બોલતાં શીખ્યા હોય તે જ ભણેલા કહેવાય છે; બાકી તો બધાય અભણ છે.

૯ દયાનો ઉપાસક પ્રભુને બહુ જ ગમે છે, માટે જ તે પ્રભુની સઘળી સંપત્તિનો હકદાર છે.

૧૦ માનવ જીવનની મહત્તા તથા ઉપયોગિતા સાચી રીતે ઓળખનારથી કલેશ, કંગાળિયત તથા આપત્તિવિપત્તિ દૂર રહે છે અને તે જ સાચી સુખ-સંપત્તિને મેળવી શકે છે.

૧૧ જે પોતાને ઓળખે છે તે પ્રભુને ઓળખે છે અને જે પ્રભુને ઓળખે છે તે પોતાને ઓળખે છે. આને જ સાચી ઓળખાણ કહેવામાં આવે છે. બાકી બધીય ઓળખાણ જૂઠી છે.

૧૨ પ્રભુને તથા પોતાને ઓળખનાર જ જગતને ઓળખી શકે છે. તે સિવાય તો જગત સાચી રીતે ઓળખી શકાતું નથી, છતાં જે ઓળખવાનો દાવો કરે છે તે એક પ્રકારની ભ્રમણા જ છે.

૧૩ મોજશોખમાં સુખ ઘણું જ વપરાય છે, માટે મોજશોખ છોડી દઇને સુખને સાચવીને વાપરવાથી જીવનમાં દુઃખ વાપરવાનો સમય આવતો નથી.

૧૪ ભોગવતાં આવડે તો બધાયની પાસે સુખ તથા આનંદ છે, છતાં વિવેકશૂન્ય આવડત વગરના માનવી દુઃખ તથા દિલગીરી ભોગવી રહ્યા છે.

૧૫ બીજાને દુઃખ, કલેશ, ત્રાસ તથા ભય ઉત્પન્ન કરનારી પ્રકૃતિને પોષીને માનવી માને કે હું જીવું છું તો તે ભ્રમણા જ છે.

૧૬ ધનના મોહમાં પેટ પૂરતું ધાન પણ ન ખાઇને સંગ્રહ કરનાર છતે પૈસે કંગાળ છે.

૧૭ મોતને ન ઓળખતા હો તો ઊંઘથી અનુમાન કરી લેજો.

૧૮ ઊંઘી ઊઠયા પછી પ્રભુને સંભારી તેમનો પાડ માનજો, કારણ તમે નવી દુનિયા નિહાળવાથી બચી ગયા છો અને માનવ જીવનનો પલટો થયો નથી.

૧૯ ઓછાવત્તા પ્રમાણમાં પ્રાણ બધાયને હોય છે; પણ શાન તો વિરલાને જ હોય છે.

૨૦ કુદરત તમને માનવ જીવનમાંથી ધક્કા મારી બહાર કાઢી મૂકે તે પહેલાં તમારા જીવન તથા

ધનની સાચી વ્યવસ્થા કરી લેજો; નહિં તો દેહ છોડયાં પછી ધન તથા જીવનમાંથી તમારું કાંઇ-પણ નથી.

૨૧ જીવવામાં ઉપયોગી વસ્તુઓ તમારી પાસે વધી ગઇ હોય તો તેને સંઘરી ન રાખતાં વસ્તુ વગરના જીવવાની જરૂરતવાળાને આપજો, પણ બીજાની જરૂરતને સાચી રીતે ઓળખી લેજો.

૨૨ સ્તુતિ સાંભળીને નમ્રતા બતાવવી તે એક પ્રકારનો ગર્વ છે; પરંતુ નિંદા સાંભળીને નમ્રતા બતાવવી તે જ સાચી નમ્રતા છે અને તે નિરભિમાન-તાનું ચિહ્ન છે.

૨૩ ગુણ વગરની પ્રશંસાના ગ્રાહક બનાવટી પ્રશંસા ખરીદીને ઠગાય છે.

૨૪ જેના પ્રતિ તિરસ્કાર હોય તેના મોઢેથી પોતાની પ્રશંસા સાંભળી તેના ગુણ ગાવા હલકા માણસની પંક્તિમાં ભળવા લાયક છે; કારણ કે હૃદયમાં તિરસ્કાર અને મોઢેથી ગુણ ગાવા તે દંભ કહેવાય છે.

૨૫ હૃદયમાં અને વાણીમાં ભેદ રાખીને બીજાની સાથે વર્તવું તે વિશ્વાસઘાત કહેવાય છે.

૨૬ દંભ વગર વિશ્વાસઘાત થઇ શકતો નથી, અને અસલ બોલ્યા સિવાય દંભ થઇ શકે નહિં માટે જ જૂઠું બોલનાર દંભી હોવાથી વિશ્વાસઘાતી છે.

૨૭ ઉત્તમ વાણી, વિચાર અને વર્તન સિવાય જીવન ઉત્તમ બની શકતું જ નથી.

૨૮ અધમ માનવીઓના આનંદની ખાતર પોતાનું જીવન અધમ બનાવનાર પોતાની જાતનો શત્રુ છે માટે જ તેનું જીવન કોઈના પણ હિતના માટે ઉપયોગી બની શકતું નથી.

૨૯ કેવળ પોતાની ક્ષુદ્ર વાસનાઓ પોષવાની ખાતર જ મળેલી વિદ્યા આદિ કુદરતી બક્ષીસોનો ઉપયોગ કરનાર પામર પ્રાણી છે, માટે તે જગતનું ભલું કરી શકતો નથી.

૩૦ જીવવાને પણ ઉપયોગી કોઇ પણ પ્રકારનો લાભ ન મળતો હોય તોયે માનની ભૂખવાળો ઇચ્છા પ્રમાણે માન મેળવતો સાધનના અભાવે દુઃખે જીવવા છતાં પણ પોતાને પરમ સુખી માને છે એ જ તેની મૂર્ખતા છે.

૩૧ ખાધા વગર જીવી શકાતું હોય તો ખોટી પ્રશંસાથી ગુણી બની શકાય છે.

૩૨ ગુણ વગરની પ્રશંસાથી ફૂલી જઇ ગર્વિષ્ઠ બનનારમાં બુદ્ધિમત્તા હોતી નથી.

૩૩ મિથ્યાભિમાનીની મનોદશા અસંત કંગાળ હોય છે, કારણ કે તેને પ્રશંસા મેળવી મિથ્યાભિમાન પોષવા હલકામાં હલકા માણસની પણ ખુશામત કરવી પડે છે.

૩૪ પ્રભાવશાળી બનવા કેટલાક જાડી બુદ્ધિના વિષયાસક્ત-પામર ધનવાનોની આજ્ઞાને તાબે રહેનાર બુદ્ધિ વગરના અજ્ઞાનીયોની પાસેથી જ પ્રશંસા મેળવી શકે છે.

૩૫ પ્રભુના વચનો ઉપર પૂર્ણ વિશ્વાસ રાખીને સમગ્ર જીવન પ્રભુચરણમાં અર્પણ કરનાર જ પ્રભાવશાળી બનવાનો સંપૂર્ણ અધિકારી છે, અને તે જ પોતાના પ્રભાવથી જગતને દુઃખમાંથી છોડાવીને પરમ કલ્યાણ કરી શકે છે.

૩૬ જીવનદોરી નોકર ચાકરોના હાથમાં મૂકી દેવી તે મૂર્ખાઇ છે, પણ શ્રીમંતાઇ નથી.

૩૭ સંસારમાં દરેક પ્રકારની અનુકૂળતા સિવાય સુખ જેવી કોઈ વસ્તુ જ નથી.

૩૮ સ્વ-પરના હિતાહિતનો વિચાર કર્યા સિવાય કોઇને પણ પોતાની ઇચ્છાનુસાર વર્તાવવા કદાગ્રહ કરવો નહિં.

૩૯ તુચ્છ સ્વાર્થ ખાતર બીજાની સેવા કરવી તે ગુલામી છે, પણ સેવા નથી.

૪૦ માન મેળવવા બીજાને ઘેર જવા કરતાં ઘેર બેઠાં માન મેળવવું તે શ્રેષ્ઠતર છે,

૪૧ તમને જીવનમાં વાપરવા સંસારમાંથી ઘણીયે વસ્તુઓ મળી હોય તો પણ તમે નિરુપયોગી વસ્તુઓનો સંગ્રહ કરશો નહિં. તે વસ્તુઓના ઉપયોગવાળા માટે તેનો ત્યાગ કરજો.

૪૨ સુખને ઓળખી તેની કદર તો સંતપુરુષો જ કરી શકે છે, બાકી જડાસક્ત જગત તો દુઃખની ઉપાસનામાં લીન બનીને સુખનો અનાદર કરી રહ્યું છે.

૪૩ વિલાસી વસ્તુઓ માટે ગમે તેટલાં વલખાં મારો પણ પુન્યના ખપાવ્યા સિવાય મળવાની નથી.

૪૪ માનવીને મનગમતા સંયોગ જોઇયે છે, પછી તે સારા હોય કે નરસા હોય તેની કાંઇ તેને પરવા નથી.

૪૫ તુચ્છ સ્વાર્થના ખાતર માનવી અણગમતું પણ બીજાનું સાંભળવાને ઉત્સુક રહે છે, પરંતુ પરમાર્થના માટે ગમતું પણ બીજાનું સાંભળવામાં માનહાનિ સમજે છે એ જ તેની મોટી ભૂલ છે.

૪૬ જીવવાની ઇચ્છા હોય તો જીવો પણ નિષ્કારણ બીજાના શત્રુ તો બનશો જ નહિં.

૪૭ પોતાના માનેલા મોટા આગળ પોતાની મોટાઇ કરવી તે તેમનું અપમાન કરવા બરોબર છે.

૪૮ કોઇનું પણ કથન સાંભળતી વખતે કહેનારની બુદ્ધિથી સમજવા પ્રયાસ કરવો, પણ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવો નહિ, કારણ કે તેમ કરવાથી સાચું સમજાશે અને કલેશ નહિં થાય.

૪૯ પોતાની નિર્બળ બુદ્ધિથી વસ્તુને વિપરીતપણે વર્ણન કરી આગ્રહ કરવાથી તે વસ્તુ બદલાતી નથી, પણ છેવટે કહેનાર ખોટો ઠરવાથી બદલાય છે.

૫૦ બીજાનું માન જાળવવું પણ અભિમાન જાળવવાની જરૂરત નથી.

૫૧ આવતાને આવકાર અને જતાને નમસ્કાર આપવો તે માણસાઇનું ચિહ્ન છે.

૫૨ હૃદયમાં ઉભરાતો આનંદ અથવા તો આઘાત બીજાની પાસે ઠલવાય નહિં ત્યાં સુધી માણસને શાંતિ મળી શકતી નથી.

૫૩ શરીરની સુંદરતા કરતાં હૃદયની સુંદરતા કોડગણી ચઢિયાતી છે,

૫૪ નિખાલસ અને પવિત્ર હૃદય આગળ રૂપાળું શરીર કોડીની કિંમતનું છે.

૫૫ માનવીને હલકા બનવું પસંદ નથી, છતાં બીજાની હલકાઇ સાંભળીને ગર્વથી ફૂલાવું તે જ હલકાઇ છે.

૫૬ હલકાઇના વિચારોથી પોતે હલકા બન્યા સિવાય બીજાને હલકા બનાવી શકાય નહિં.

૫૭ શુદ્ધ હૃદયવાળાની સરળતાનો દુરુપયોગ કરનાર દુર્જન કહેવાય છે.

૫૮ જે માણસની પ્રકૃતિ અને પ્રવૃત્તિ તમને અણગમતી હોય તેની ઉપેક્ષા કરી દૂર રહેવું, પણ બીજાની આગળ તેને વખોડી વગોવવું નહીં તે જ સજ્જનતા છે.

૫૯ દુર્ગુણી તમારી ખોટી પ્રશંસા કરી નમીને ચાલે તેના અછતા ગુણો ગાવા અને નિઃસ્પૃહી સદ્ગુણી પુરુષ પ્રસંગ સિવાય તમારી પરવા ન રાખે તેના અછતા અવગુણો ગાવા તે તમારી દુર્જનતા સૂચવે છે.

૬૦ જેને દુર્ગુણીના દુર્ગુણો દુર્જન બનાવી શકતા નથી તે જ સંસારમાં સાચો સજ્જન અથવા તો સંત કહેવાય છે.

૬૧ જેમ બીજાની કુટેવો આપણને ગમતી નથી તેમ આપણી પણ કુટેવો બીજાને ગમતી નથી, માટે કોઇની પણ કુટેવોની બીજા આગળ ટીકા કરવી નહિં.

૬૨. માયા કરવી નહિં, પણ માયાવીની જાળને તો સારી રીતે સમજી લેવી જોઇયે.

૬૩ સરળ બનો, પણ તેવા સરળ ન બનશો

કે અધમ માણસોના પ્રપંચમાં ફસાઈ જઈને અધમ માર્ગમાં દોરવાઈ જવાય, કારણ કે તે સરળતા નથી પણ મૂર્ખતા છે.

૬૪ મૂર્ખાઓને ઠગી મોજ માણવામાં જ માનવ જીવનની સફળતા માનનાર પ્રભુના સિદ્ધાંતનો વિરોધી છે.

૬૫ ક્ષુદ્ર સ્વાર્થીયોના જીવનમાં સત્યનો ઉપયોગ ભાગ્યેજ હોય છે.

૬૬ જેનાથી અવગુણની પ્રાપ્તિ થાય તે ગુણાનુરાગ કહેવાય જ નહિં.

૬૭ વિષયાસક્ત એવા સંગીત, સાહિત્ય, વિદ્વત્તા, વક્તૃતા આદિ કળાવાનનો રાગ તે વિષયાનુરાગ છે, પણ ગુણાનુરાગ નથી. આવાઓના અનુરાગથી જીવન અધમ બને છે અને આત્માનો અધઃપાત થાય છે.

૬૮ વિકારના વિનાશ સિવાય પવિત્ર હૃદય બની શકતું નથી અને તે સિવાય તો ગુણો પણ વાસ કરી શકતા નથી.

૬૯ કામ તથા કષાય બંને નષ્ટ થવાથી હૃદય અને આત્મા બંને પવિત્ર બની શકે છે.

૭૦ માયાવીઓના ખોટા આડંબરથી દુનિયા અંજાઈ જઇને ધન તથા જીવન બંને વેડફી રહી છે.

૭૧ સત્ય તથા સંયમના સેવકને જ સ્વર્ગ તથા અપવર્ગનાં નિમંત્રણ હોઇ શકે છે.

૭૨ આવડત તથા બુદ્ધિ વગરના માણસોને જ ઠંબી માણસો છેતરીને પોતાની ક્ષુદ્ર વાસના પોષે છે.

૭૩ સદાચારી અને સત્ય પ્રિય બુદ્ધિશાળી જગત વિષયાસક્તની દાંભિક વૃત્તિથી છેતરાતું નથી.

૭૪ કેવળ વાણી માત્રથી માનવીના ચારિત્રનો નિર્ણય થઈ શકતો નથી.

૭૫ જે પોતાના અધિકારથી ભ્રષ્ટ છે તેમાં આચારભ્રષ્ટતાનો સંભવ છે.

૭૬ છે કોઇ સંસારમાં એવો સાચો સંત કે પોતાની સ્તુતિ-નિંદા સાંભળવા છતાં જેના હૃદય પર હર્ષ-શોકનો પડછાયો સરખોયે ન પડે ?

૭૭ ધન-સંપત્તિવાળાની વિચારશક્તિનો વિકાસ થાય તો જ ઠંબી માણસો ફાવી શકે નહિં.

૭૮ ક્ષુદ્ર વાસનાની તૃપ્તિ માટે જ આડંબર કરવામાં આવે છે અને તે ધન-સંપત્તિવાળા પાસેથી પોષી શકાય છે માટે જ.

૭૯ ઠંબી માણસો ગરીબોને તુચ્છ સમજી તેમનો અનાદર કરે છે.

૮૦ વિષયોમાં સુંદરતા નિહાળનાર જડબુદ્ધિ છે.

૮૧ આત્મહિત ધ્યાનમાં રાખ્યા સિવાય પરહિત કે પરોપકાર થઈ શકતો નથી.

૮૨ સત્યનો ઉપાસક નિરભિમાની માયાવીઓની જાળમાં ફસાતો નથી.

૮૩ સત્યને સાથે રાખ્યા સિવાય સંયમી બની શકાય નહીં.

૮૪ કાવાદાવા કરવામાં કુશળ કહેવાતા વિદ્વાન ઓછા બુદ્ધિવાળી જનતાને છેતરીને પોતાની ક્ષુદ્ર વાસના પોષે છે.

૮૫ અસંયમીનું જીવન પરાશ્રયી હોય છે; સંયમીનું જીવન સ્વાશ્રયી હોય છે.

૮૬ દુનિયાના આવકારની ઇચ્છાથી ધનવાનને જ ડાહ્યા માનીને તેમનો સહકાર મેળવવા કહેવાતા વિદ્વાન પણ તેમની પ્રશંસા અને ખુશામતને પ્રધાનતા આપીને સત્ય તથા સંયમની અવગણના કરે છે.

૮૭ ત્યાગી હોય કે ભોગી હોય, પણ જેને શાંતિ તથા આનંદ માટે વૈષયિક વસ્તુઓ વાપરવાની જરૂરત રહેતી હોય તેની મનોદશા અત્યંત કંગાળ હોય છે.

૮૮ કોઇની પણ ક્ષુદ્ર વાસના પોષવી તે અધર્મ તથા અનીતિને ઉત્તેજન આપવા જેવું છે.

૮૯ ખોટી પ્રશંસાથી ફુલાશો તો ધૂતારા ઠગી જશે.

૯૦ તમારી પાસે ધન સંપત્તિ હોય તો જીવન-નિર્વાહમાં જરૂરિયાતવાળાને આપશો, પણ દંભીયોની વાસના પોષવામાં દુરુપયોગ કરશો નહિં.

૯૧ માયાવિયોના મિથ્યાડંબરથી મુંઝાઇને કીર્તિની લાલચથી ધનવ્યય કરવાની ઇચ્છા થાય તો પ્રથમ સદ્બુદ્ધિનો સારી રીતે ઉપયોગ કરી લેજો.

૯૨ કોઇ તમારા જીવન તથા ધનથી પોતાની વિષયાસક્તિ પોષવાના ઇરાદાથી તમને મનગમતી વાતો કરે તો તેનાથી સાવધ રહેશો.

૯૩ પોતાના વાણી, વિચાર અને વર્તનથી તમારા જીવનને પવિત્ર બનાવનારના ચરણે તમારું સર્વસ્વ અર્પણ કરશો.

૯૪ કોઇ દંભી સન્માર્ગનું વર્ણન કરીને તમને પોતાની દિશામાં દોરી જતો હોય અને તમને માર્ગ બદલાતો જણાય તો આગળ એક પગલું પણ ન ભરતાં ત્યાંથી જ પાછા ફરશો.

૯૫ જીવતાં આવડતું હોય તો જીવો, પણ 'જીવતા પણ મરેલા જ છે' એમ કહેવડાવવાને જીવતા હો તો જીવન વ્યર્થ છે.

૯૬ નિખાલસ અને પવિત્ર હૃદયવાળાની સાથે પાપબુદ્ધિથી વર્તવું તે અધમતાનું ચિહ્ન છે.

૯૭ વિષયાસક્તિથી વિરામ પામેલા પવિત્ર પુરુષોના જીવન પ્રાણિયોના ત્રિવિધ તાપને શાંત કરે છે.

૯૯ માનવ જીવનમાં જીવનારના હાથમાં જીવન-દોરી મૂકનારને કોઇપણ પ્રકારનો ભય હોતો નથી.

૯૯ પવિત્ર અને ઉત્તમ જીવનવાળા મહા-પુરુષોના જીવનમાં જીવનાર જ માનવજીવન જીવે છે, બાકી તો બધાય પાશવી જીવન જીવી રહ્યા છે.

માનવભૂમિનાં પાંચ કલ્પવૃક્ષો.

ज्ञानी विनीतः सुभगः सुशीलः प्रभुत्ववान् न्यायपथप्रवृतः त्यागी धनाढ्यः प्रशमी समर्थ पंचाप्यमी भूमिषु कल्पवृक्षाः ॥

અર્થ—(જેમ સ્વર્ગમાં કલ્પવૃક્ષો છે–અર્થાત્ માગ્યા પ્રમાણે ફલ પ્રદાન કરે છે તેમ) આ ભૂમિ ઉપર પણ પાંચ માનવ રત્નો કલ્પવૃક્ષ જેવા ગણાય છે. એટલે કે જ્ઞાનવાન હોવા છતાં વિનયવાન હોય છે, ભાગ્યવાન હોવા છતાં (અથવા સૌંદર્યવાન હોવા છતાં) સુશીલ હોય છે (અર્થાત્ સારામાં સારા આચારવાન હોય છે.) અધિકારી હોવા છતાં ન્યાય માર્ગે ચાલનાર ત્યાગી અર્થાત્ દાનેશ્વરી) હોય છે. અને સામર્થ્યવાન હોવા છતાં પ્રશમી એટલે પરમ શાન્ત હોય છે.

નોંધ—જે પુણ્યવાન ઉપર લખેલા પાંચ ગુણોને આ ભૂમિ ઉપર પ્રવર્તી રહે છે તે અવશ્ય સ્વર્ગમાં કલ્પવૃક્ષો પામ્યા પૂર્વે અહીં પણ માનવ જનતા તેને પીછાની લે છે કે આ અને એ પુરુષો કલ્પવૃક્ષ છે. માનવ જનતાના આ પાંચે પ્રકારના પુરુષો કલ્પવૃક્ષ ન હોય તો બીજાં શાં કલ્પવૃક્ષો હોઇ શકે ?

" અધિકારી હોવા છતાં ન્યાયમાર્ગે પ્રવર્તનાર હોય છે. ધનાઢ્ય હોવા છતાં ત્યાગી હોય છે. "

—પંડિત લાલન.

ધર્મ....કૌશલ્ય

(૨૧)

મનુષ્યજન્મ મહત્તા-Value of life—

મહામુશ્કેલીએ મળી શકે એવો મનખા જન્મ જે પ્રાણી આળસ પ્રમાદમાં પડી નકામો ગુમાવી દે છે તે પ્રાણી કાગડાને ઉડાડવા માટે પોતાના સગા હાથથી મહામૂલું ચિંતામણિ રત્ન ફેંકી દે છે.

મહામુશ્કેલીએ આ મનુષ્યજન્મ પ્રાણીને મળે છે. અંતઃકરણથી પરમાત્માની સેવા કરી હોય ત્યારે આવાં ધર્મક્ષેત્ર ભારતભૂમિમાં અવતાર થાય છે, ખૂબ પરિસેવના કરી હોય ત્યારે ધર્મ સમજવાની મહણશક્તિ-મગજશક્તિ પ્રાપ્ત થાય છે, ખૂબ એકામતા કરી હોય તો વિશુદ્ધ દેવગુરુનો યોગ મળી આવે છે. સારી રીતે જીવદયા પાળી હોય તો શારીરિક અને માનસિક તંદુરસ્તી સાંપડે છે. આવી રીતે ઉત્તમ કુળ, અનુકૂળ સ્વજન, સારું ક્ષેત્ર, પુસ્તકાદિ જ્ઞાનનાં સાધન વગેરે પ્રત્યેક ચીજ મળવી મુશ્કેલ છે, અતિ મુશ્કેલ છે, અનેક રખડપટ્ટી પછી કોઇ વાર આવો સાધનસંપન્ન મનખા દેહ મળી આવે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં એને માટે દશ દૃષ્ટાંતો આપી મનુષ્યભવની દુર્લભતા અસરકારક રીતે બતાવી છે. એક એક દૃષ્ટાંત વાંચતાં મનુષ્યભવ મળવાની મુસીબતો માનસ પર ચિત્ર પાડી દે છે.

આવો મનખા દેહ, આવી મુસીબતે મળે તેવું માનુષ્ય, આવો દોહિલો નરભવ મળે અને પછી પ્રાણી તેને વેડફી નાખે તેની અક્કલની શી કિંમત થાય ? ખાવાપીવાના આરામમાં, રેસ અને સટ્ટાના જુગારમાં, ઢીંચી ઢીંચીને દારૂ પીવાની પાર્ટીઓમાં, રસરંગ વેવામાં, મોડી રાતે શંકાસ્પદ ચાલચલગત-વાળી પારકી કે નખણીઆતી સ્ત્રીઓ સાથે રમણ કરવામાં જે જીવન વેડફી નાખે, અથવા કાવાદાવા, કારસ્તાન અને દંભ-માયાના પૂતળાસમા રાજદ્વારી ગૂંચવણોમાં ખેલ ખેલ્યા કરે કે સ્પર્શસુખમાં કાળ નિર્ગમન કરે કે અતિ મોટા વેપારની ગડમથલમાં ઘરની, પોતાની કે સંતતિની વિચારણા કરવાનો વખત પણ ન મેળવી શકે. આવી પ્રવૃત્તિમય ધમાલમાં ધોરણસરની કે ધોરણ વગરની દોડધામમાં પૂરો વિચાર પણ ન કરી શકે અથવા મહાઆળસ કે પ્રમાદમાં પડ્યો રહે, ગામગપ્પાં હાંકયા કરે, કુથલી કર્યા કરે, મુદ્દો સમજ્યા વગર લડાઈનો, અર્થશાસ્ત્રની કે દેશની કથા કર્યા કરે. આવી રીતે જિંદગી વેડફી નાખનાર આ અતિ મુશ્કેલીએ મળેલા દુર્લભ મનુષ્ય-ભવનો લાભ ઉઠાવવાને બદલે એને ખોઇ બેસે છે, એને અર્થશૂન્ય બનાવી દે છે અને અંતે હારેલ જુગારીની જેમ લડથડિયાં ખાતો પડદાની અંદર પેસી જાય છે, મનુષ્યભવ ગુમાવી બેસે છે.

આવા પ્રાણીનું વર્તન ઘરમાં બેઠા હોઇએ અને બારીએ કાગડો કા કા કરતો હોય તેને ઉડાવવાના કામમાં મહામૂલ્યવાન ચિંતામણિ રત્નનો ઉપયોગ કરવા બરાબર છે. ઇચ્છિત વસ્તુ લાવી આપનાર ચિંતામણિ રત્નનો આવો ઉપયોગ ઘટે ? છતા અંતરને તપાસજો, પોતે આ મનુષ્યદેહનો કેવો ખોટો ઉપયોગ કરી રહ્યા છો તે વિચારશો, આવી અનુકૂળતા મળવી મુશ્કેલ છે તે વિભાવજો અને મૂર્ખાની પંક્તિમાં બેસી બાજી હારી ગયા પછી પસ્તાવું ન પડે તેવું કાંઇ કામ કાઢી લેવા નિર્ણય કરશો. બાકી તો કેક આવ્યા, કેક ગયા. બાકી અનેક ભવની પેઠે પોતાનો આંટો-ફેરો જ ગણાવવો હોય તો મરજીની વાત છે.

चिन्तारत्नं चिकिरति कराद्वायसोड्डायनार्थम्। यो दुःप्रापं गमयति मुधा मर्त्यजन्म प्रमत्तः ॥

सिंदूरप्रकर, गाथा ५, उत्तरार्ध.

(૨૨)

સમાનરૂપતા-Equanimity—

મહાનુભાવ પુરુષો સંપત્તિમાં અને વિપત્તિમાં એક સરખા જ હોય છે.

ખરેખરા મહાન પુરુષો હોય છે તે સંપત્તિમાં અભિમાનમાં આવી જતા નથી, પોતે મોટા કે ઊંચા છે એમ ગણતા નથી, આફતમાં કે ગરીબીમાં આવી જાય તો મુંઝાઇ જતા નથી, કકળાટ કરી કલેશ કરતા નથી કે આત્મહત્યા કરવાનો વિચાર કરી કર્મફળ ભોગવવા કરતાં તેનાથી દૂર નાસી જતા નથી. સારા વખતને એ બરાબર ઓળખે છે, સારી સ્થિતિનો પૂરતો લાભ લે છે, વિવેકપૂર્વક વ્યય કરે છે, અને આખો વખત આનંદ અને ઉમંગમાં રહી લહેર કરે છે. એ વિપરીત દશા આવી પડે તો એ દશાથી દબાઇ જતા નથી, પોતાનું આત્મધન શોક કરીને ગુમાવતા નથી અને ગરીબ ગણાવામાં ગૌરવહાનિ માનતા નથી. એ તો સૂર્ય તો ઉદય વખતે લાલ હોય છે, તેવો જ અસ્ત વખતે પણ લાલ જ હોય છે.

મોટા માણસને સંપત્તિ આવે અને મોટાને જ આફત આવે. એ તો 'જીસ ઘર બહોત વધામણાં, ઊસ ઘર મોટી પોક.' જેને ઘેર પુત્રજન્માદિ વખતે હજારો સેંકડો વધામણી દેવા આવે, અભિનંદન આપવા આવે, તેને ઘેર જ્યારે મરણ થાય ત્યારે ઘણા આભાડનારા હોવાથી પોક પણ મોટી જ પડે. ચંદ્ર વધે છે અને ઘટે છે પણ ચંદ્ર જ. તારાઓ તો ત્રણે કાળ તારા જ રહે છે એટલે નાના મોટા થવું એ તો **મોટાઇનું** લક્ષણ છે.

અને ગમે તેવા મોટા થવાનું બની આવે કે ગમે તેટલું કચરાઇ જવાનું ભાગ્યને ફાળે આવે, પણ જેના મનમાં, બોલીમાં કે વર્તનમાં જરા પણ ફેર પડે નહિ, જેના વિચારમાં કે વ્યવહારમાં તલ જેટલો પણ તફાવત પડે નહિ, જે અનુકૂળ કે વિપરીત સંયોગોમાં હરખાઇ કે દુહવાઇ જાય નહિ તે જ 'મહાન'ના નામને યોગ્ય છે. આફતમાં એ લાંબો હાથ ન કરે, આફતમાં એ છાતી કૂટવા બેસી ન જાય, અગવડમાં એ ગાંડોઘેલો ન થઇ જાય, કમાણીની ચઢતીમાં એ ફૂલીને ફાતીઓ ન થઇ જાય, લાખોના વૈભવ કે હવેલીના વાસ દરમિયાન એને પોતાની પહોળાઇના પ્રમાણમાં શેરી સાંકડી ન લાગે.

આવી રીતે ખરા મોટા માણસમાં સારા ચઢતા દહાડામાં જેવી ગૃહસ્થાઇ હોય, જેવી સભ્યતા હોય, જેવી સજ્જનતા હોય, જેવો વિવેક હોય, તેવો જ તેવા જ આકારનો વિવેક અને તેવી જ ગૃહસ્થાઇ, સભ્યતા અને સજ્જનતા મોળાવાંકા દિવસમાં પણ હોય. અને એ જ એની મહત્તા છે. જે પ્રાણી આફતમાં હાંફળોફાંફળો થઇ જાય, જે પૈસા જતાં કે ઘરમાં આકરું મરણ થતાં માથું કૂટવા મંડે કે કૂવે પડવા દોડી જાય તેનામાં 'મહાનતા' નથી એમ સમજવું. જે ત્રણ કાળમાં એકસરખો રહે, જેની એકાંતમાં અને જાહેરમાં જીવનવાહિતા એકસરખી ચાલે, જે કટાક્ષ કે કડવાશથી દૂણાઇ ન જાય, જે પ્રશંસા કે ખુશામતથી ફૂલી ન જાય, જે નિંદાથી ગભરાઇ ન જાય, જે બિરુદાવળીના શ્રવણથી છલકાઇ ન જાય, **તે મહાન છે, તે સજ્જન છે, તે સત્પુરુષ છે;** તે શ્લાઘ્ય છે, પ્રશંસનીય છે, વંદનીય છે, ધર્મરત્નની પ્રાપ્તિને યોગ્ય છે અને અંતે અનંત સુખ પ્રાપ્ત થાય તે માર્ગે ચઢી ગયેલ છે.

संपत्तौ च विपत्तौ च, महतामेकरूपता ।

(૨૩)

એકરૂપતા–Uniformity—

જેવું મન (મનના વિચાર) હોય તેવી વાણી હોય, અને જેવી વાણી હોય તેવી જ ક્રિયા–કાર્યપ્રવૃત્તિ હોય: ચિત્તમાં, વચનમાં અને ક્રિયામાં સાધુપુરુષોની એકરૂપતા હોય છે.

સજ્જન અને પ્રાકૃત અથવા પતિત કે દુર્જનની અંદર એક મોટો તફાવત છે અને તેના પર અહીં મુદ્દામ રીતે ધ્યાન ખેંચવામાં આવ્યું છે. ચાલુ વહેવારે માણસ હશે તે ધર્માખ્યાન વખતે, નવરાશની વાતો વખતે કે પાંચ માણસમાં બેઠો હશે ત્યારે તો એવા ઠાવકા વિચારો બતાવશે અને બીજાની પંચાત કરતી વખતે એવી મોટી મોટી વાતો કરશે અને સદ્ગુણો પર એવા વિચારો અને ભાષણો આપશે કે સાંભળનારને જરૂર એમ જ લાગે કે એ ભાઈ તો રાજા હરિશ્ચંદ્રના અવતાર છે, કે એ ભાઈ ધર્મરાજાની બીજી આવૃત્તિ છે. પણ એ વર્તન કરે ત્યારે એને કાળાં બજાર કરતાં આંચકો નહિ આવે, એને માલની ભેળશેળ કરવામાં ખંચકો નહિ આવે, એને ઓછો માલ તોળી આપવામાં સંકોચ નહિ થાય, એને પાકો રંગ કહી વેચવાની ચીજ પાણીમાં પડે કે એમાંથી રંગના પ્રવાહો ચાલશે; એ ઉત્તર દિશા બતાવી પશ્ચિમે દેખાશે, એ ધણીને કહેશે ધાડ અને ચોરને કહેશે નાશ–આવા લક્ષણવાળા અને કોઈ જાતના વિશુદ્ધ આદર્શ વગરના પોતાના ગોળા ગબડાવનાર પ્રાકૃત માણસ પણ હોય છે. એ 'હે ચેતન ! હે ચેતન !' કરતો જાય અને પોથીમાંના રીંગણાં અને ઝોળીમાંના રીંગણાં વચ્ચે તફાવત છે એમ એના વર્તનથી અને વ્યવહારથી બતાવી આપે.

જ્યારે ખરો સજ્જન પુરુષ હશે તે વિચારશે તેવું બોલશે, બોલશે તે પ્રમાણે વર્તશે અને એને ગમે તેટલો તાવો, એની કસોટી કે અગ્નિપરીક્ષા કરો; પણ એ ત્રણ કાળમાં એક સરખો દેખાશે અને એના હૃદયમાં ઝેર, વેર, કદામદ કે દ્વિધાભાવ કદી જોવામાં, જાણવામાં કે કલ્પવામાં આવશે નહિ એને કોઈ કાપી નાખે, કોઈ એને પારાવાર નુકસાન કરે કે કોઈ એની નિંદા કરે–પણ એનાં વર્તન, ભાષણ કે વિચારમાં **નરી એકરૂપતા** દેખાશે. એને ઢોંગ ન હોય, એને દેખાવ ન હોય, એને ગોટાળા ન હોય, એના બિલોરી પારદર્શક મનમાં કદર્થના, હીનતા, દીનતા કે આશાભાવ ન હોય, એને મનમાં સાચું લાગે તેનો ઉચ્ચાર કરવામા સંકોચ ન હોય, અને એની લેવડ-દેવડ, વ્યવહાર કે ભાષામાં કદી બેવડો ભાવ ન જ આવે, કદી ઉપરથી એક અને અંદરથી અન્ય એવો દ્વિધાભાવ ન આવે અને એ ત્રણ કાળમાં એક સરખો સીધો સરળ નિરાડંબરી અને સલશીલ રહે. આવા બીજા પ્રકારના પુરુષને **સાધુનું** નામ શોભે, એ ખરો **સજ્જન** કહેવાય, એ સંત તરીકે જીવે અને વગર બોલે પણ પોતાનાં વર્તનથી જગતને ઉપદેશ આપે, દાખલો પૂરો પાડે અને અનુકરણીય બને. આવા સંતપુરુષોથી દુનિયા શોભે છે, આવા મહાન આત્માથી જગત રહેવા લાયક બને છે, આવા પુરુષો ખરા ધર્મી છે. બાકી તો અનેક આવ્યા અને ઘણાખરા તણાઈ ગયા તેનાં નામનિશાન કે એંધાણ રહ્યાં નથી.

यथा चित्तं तथा वाचो, यथा वाचस्तथा क्रिया। चित्ते वाचि क्रियायां च, साधूनामेकरूपता ॥

કુમારપાળ પ્રબંધ.

(૨૪)

પરોપકાર—Beneficence—

પરોપકારી પુરુષ સર્વ પ્રાણીઓનાં કાર્યોને કરતો રહે છે. એ પોતાના અંગત કામમાં આળસુ રહે છે જ્યારે પારકાનાં કામો કરવામાં તત્પર રહે છે. આવો પરોપકારી માણસ કોને વહાલો ન લાગે ?

આવા ઘર બાળીને તીરથ કરનારા પણ હોય છે. કોઇ એને નાનું કામ બતાવે કે એ તે કામ પાછળ લાગી જાય છે, પારકાનાં કામની એને એટલી દરકાર હોય છે કે એ કરતાં એને પોતાનાં ભૂખ તરસ તકલીફ કે ઉજાગરા ખ્યાલમાં પણ રહેતાં નથી, અને એને કામ કરવામાં એટલો આનંદ આવે છે કે એનું વર્ણન થાય નહિ. સામો માણસ એનો આભાર માને તો એને ઊલટી શરમ લાગે છે અને પોતાના હૃદયથી એ કામ કરવામાં પોતે ઉપકાર કરે છે એવું એને જરા પણ લાગતું નથી. નિઃસ્વાર્થ ભાવે માંદાની માવજત કરનાર દાઇ કે ગાઢ જંગલમાં પાણીનું પરબ માંડનાર ડોસીને નથી હોતી પ્રશંસાની ઇચ્છા, કે નથી જોઇતી અન્યની પ્રેરણા. સેવાભાવે નિઃસ્વાર્થ વૃત્તિએ કીર્તિની આશા કે ઇચ્છા વગર વ્યાખ્યાનો કરનાર, જનતાને સુખ માટે સમર્પણ ભાવે શોધખોળ કરનાર વૈજ્ઞાનિક કે રાતના બે વાગે માંદાને જોવા જનાર ફી કે બદલાની આશા વગરના વૈદ્ય કે ડાકટર આ કક્ષામાં આવે છે. આવા **પારકાને માટે જીવનારા** પરોપકારી જીવડાને જોયાં હોય તો એની **ગંભીરતા, નમ્રતા** અને **સહિષ્ણુતા** માટે માન થયા વગર રહે નહિ. એવા પ્રાણી એના સ્વભાવને લઇને જ સર્વનાં વહાલાં થઇ પડે છે, સર્વ એના તરફ ઉમળકાથી જુએ છે અને એવાનો પડયો બોલ ઉપાડી લે છે.

અને જીવનનો હેતુ પણ શો છે ? મહાપ્રવૃત્તિ કરવી, અને તેટલા ધનના ઢગલા કરવા, ગોટા વાળવા, કાળા બજાર કરવા, અને મોત આવે ત્યારે સર્વ અહીં મૂકી હારેલ જુગારીની જેમ ચાલ્યા જવું—કે કાંઇ પરને માટે કરી જવું, કાંઇ પોતાની જાતને વિસરી જવી, કાંઇ નિઃસ્વાર્થભાવે સમર્પણ દૃષ્ટિએ કરવું કે આપવું. સ્વાર્થ અને પરમાર્થના, પેટી ભરવાના અને કોથળી ઉઘાડી મૂકવાના, ખૂબ ખાવાના કે પુષ્કળ ખવરાવવાના રસ્તા દુનિયામાં વેરાયલા પડ્યા છે. બાકી તો 'કાકા ! માંધાતા જેવા મોટા રાજાઓ ગયા, તેની સાથે પૃથ્વી નથી ગઇ પણ તમારી સાથે તો જરૂર આવશે !' આવા **ભોજના ઉદ્ગારોને** સમજવાની જરૂર છે. નંદરાજાની સોનાની ડુંગરી પણ અંતે અહીં જ રહી ગઇ અને છ ખંડને રાડ પડાવનારા પણ અંતે રસ્તે પડી ગયા, જીવન હારી ગયા અને હાથ ઘસતા ઠેકાણે પડી ગયા. એવા પ્રાણી જીવતા હોય ત્યારે કોઇને ગમે નહિ, મરી ગયા પછી એને કોઇ યાદ કરે નહિ અને સંસારના ચકરાવામાં તણાઇ ફસડાઇ જાય. ભામાશા, પેથડશા પણ ગયા અને ધવલ શેઠ પણ ગયો. પણ ઉપકારી શેઠોનાં નામો ઉચ્ચારતાં મનમાં શાંતિ થાય છે, કલમમાં જોમ આવે છે, એમના જીવનની મીઠી ફોરમ વરસો પછી પણ આહ્લાદ ઉપજાવે છે. એનું નામ **જીવન** કહેવાય, એનું નામ **વિકાસ** કહેવાય, એનું નામ પ્રગતિપંથ કહેવાય. જગતના વલ્લભ થવાના લ્હાવા લેવા જેવું છે, એની શાંતિ ઓર છે, એની તમન્ના અદ્ભુત છે, એવું જીવન ઇચ્છનીય છે, સફળ છે, વ્યાપક છે, ઇષ્ટ છે, સ્પૃહણીય છે.

મૌક્તિક

जनस्य सर्वस्य समीहितानि, कार्याणि कुर्वन्नुपकारकारी ।
स्वार्थे प्रमादी प्रगुणः परार्थे, न कस्य कस्येह स वल्लभोऽभूत् ॥

ધર્મકલ્પદ્રુમ.

યોગ મીમાંસા.

સંગ્રાહક:-મુનિ પુણ્યવિજયજી (સંવિગ્ન પાક્ષિક)

(પ્રસ્તુત લેખ એક વિદ્વાન્ મુનિવર્યશ્રીની નોંધ ઉપરથી સંગ્રહિત છે; તેમાં મેં કેટલાક શબ્દ તથા વાક્યોનો યથાસ્થાને ઉમેરો કરી યથામતિ સંકલના કરી મૂકેલ છે. પોતાની વાસ્તવિક દશાનું ભાન કરાવે તેવો અતીવ ઉપયોગી જણાવાથી આ લેખ તરીકે પ્રસિદ્ધ કરાય છે. યોગ પરત્વે શાસ્ત્રીય દૃષ્ટિએ અબાધિત વિમર્શ-વિશિષ્ટ વિચારને સ્થાન હોઈ લેખનું નામ ' યોગમીમાંસા ' રાખ્યું છે. સં.)

' **मुक्खेण जोयणाओ जोगो** ' જેના યોગે આત્માનું મુક્તિ સાથે બરાબર યોજન થાય તે ' **યોગ** ' કહેવાય છે. એ આચારરૂપ પણ હોય, અને પરિણામરૂપ પણ હોય. જે આચારરૂપ યોગ છે; તે **કર્મયોગ** કહેવાય છે, અને જે પરિણામરૂપ યોગ છે તેને **જ્ઞાનયોગ** કહેવાય છે. કર્મયોગમાં આચારની મુખ્યતા અને પરિણામની ગૌણતા છે અને જેમાં માત્ર પરિણામની જ મુખ્યતા છે તે જ્ઞાનયોગ. કર્મયોગમાં શુભ ઉપયોગની દશા હોય છે; જેને સવિકલ્પક દશા કહેવાય છે. અથવા તો પ્રવૃત્તિ માર્ગ (અસત્થી નિવૃત્તિ અને સત્માં પ્રવૃત્તિ) યા તો ભેદોપાસના કહેવાય છે, કે જેમાં જગત્ માત્રથી પોતાનો આત્મા ભિન્ન રૂપે છે, એવું ધ્યાન કરાય છે. ચોથા ગુણસ્થાનકથી આરંભી યાવત્ સાતમા સુધી શુભોપયોગ યા તો ભેદોપાસનાની મુખ્યતા હોય છે. બાદ અભેદોપાસનાનો એટલે કે પરમાત્મા સાથે આત્માનો અભેદ સિદ્ધ કરવા આરંભ થાય છે. એટલે કે નિરંજન નિરાકાર પરમાત્માનું જે ધ્યાન તે આઠમા ગુણસ્થાનકથી શરૂ થાય એને જ અભેદોપાસના અથવા **નિવૃત્તિમાર્ગ** કહેવાય છે; કે જેમાં બાહ્ય આવશ્યકાદિ ક્રિયાઓ પણ હોતી નથી; માત્ર સમતા યા તો નિર્વિકલ્પક સમાધિ હોય છે. નિર્વિકલ્પક એટલે માનસિક વૃત્તિઓનો સંપૂર્ણ નિરોધ જેને ' **શુદ્ધ ઉપયોગ** ' કહેવાય છે, એ દશા આઠમાથી બારમા ગુણસ્થાનક સુધી હોય છે. જેના અંતે ' ઉજાગરદશા ' અથવા તો ' પ્રાતિભ ' નામનું અનુભવજ્ઞાન થાય છે. જેના પ્રતાપે કેવળજ્ઞાનરૂપ જ્યોતિ પ્રગટ થાય છે. એ નિવૃત્તિ માર્ગને જ ' ધર્મમેઘ સમાધિ ' યા તો **અસંગાનુષ્ઠાન** કહેવાય છે.

યોગના બીજા પણ અનેક ભેદો છે. સ્થાનવર્ણ-અર્થ આલંબન અને અનાલંબન. પ્રથમના બે ' કર્મયોગ ' છે જ્યારે બાકીના ત્રણ ' જ્ઞાનયોગ ' છે. આ યોગની શુદ્ધિ પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ અને વિનિયોગરૂપ શુદ્ધ આશય પંચકદ્વારા થાય છે. એ જ પ્રકારે અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંક્ષયરૂપ યોગના પાંચ ભેદ છે. એમાં વૃત્તિસંક્ષયના બે ભેદ છે. ચિત્તવૃત્તિસંક્ષય (જે બારમે ગુણસ્થાનકે સિદ્ધ થાય છે.) અને યોગવૃત્તિસંક્ષય (જે ચોદમે સિદ્ધ થાય છે.) તેવી જ રીતિએ ઇચ્છા, શાસ્ત્ર અને સામર્થ્યરૂપ ત્રણ ભેદો છે. જેમાં ઇચ્છાયોગ પ્રાયઃ ચતુર્થથી અને શાસ્ત્રયોગ પંચમથી સપ્તમ પર્યંત અને

પ્રત્યેક બુદ્ધ

(ગતાંક પૃષ્ઠ ૧૪૫ થી શરૂ)

લેખક,- રા. ચોકસી.

ઉપસંહાર—

ભાવનાની વૃદ્ધિમાં એકાદ નાનકડી વસ્તુ કે નજીવો બનાવ કેવો મહત્વનો ભાગ ભજવે છે એ ચાલુ લેખમાળામાં વર્ણવેલા ભિન્ન ભિન્ન પ્રસંગોના રજુ કરાયેલા ચિત્રો ઉપરથી સહજ જોવામાં આવ્યું. જૈન કથા સાહિત્યસાગરમાં અવગાહન કરતાં આ પ્રકારના સંબ્યાબંધ ઉદાહરણો હાથ આવે તેમ છે. એટલા સારુ તો ભાવનાનું મહત્વ એમાં અતિ અગત્યનું સ્થાન ભોગવે છે.

એ કારણેજ 'નિમિત્તવાસી આત્મા' એ સૂત્ર ટંકશાળી બને છે. આંગ્લ લેખકોનો પણ એમાં સહકાર પ્રાપ્ત થાય છે. 'A man is a creature of circumstances' એ પ્રચલિત વાકયથી કોણ અજાણ્યું છે?

માનવ જીવન પામીને જે જે આત્માઓએ મુક્તિસુંદરીના કમાડ ખખડાવ્યા છે એમાં જેમ ક્ષપકશ્રેણીવાળાનું સ્થાન આગળ પડતું ગણાય છે, કેમકે એ તત્કાળ ફળદાયી છે તેમ અન્ય સાધનોમાં ભાવનાનું બળ પણ મોખરે બેસે તેવું છે. જો કે એના જોરે ઉત્ક્રાન્તિ કરનારા સર્વ આત્માઓની ગણના કંઇ પ્રત્યેકબુદ્ધમાં થતી નથી.

આમ છતા એટલું વિના સંકોચે કહેવું જ પડશે કે બોધ પામવામાં અને પ્રગતિ સાધવામાં જે જે સાધનો જ્ઞાની ભગવંતોદ્વારા દર્શાવવામાં આવ્યા છે એમાં ભાવના અથવા તો ભાવ ઉદ્ભવે તેવા નિમિત્તોનો અંક અગ્રપદે છે. દરેક આત્માએ પોતાના વ્યવસાયમાંથી શકય હોય તે પ્રમાણમાં સમય બચાવી આવા દૃષ્ટાન્ત પ્રત્યે મીંટ માંડી ભાવવૃદ્ધિનો અભ્યાસ ચાલુ રાખવો જોઇએ. એ કાર્યની સિદ્ધિ સતત અભ્યાસને આધીન છે. સતત ક્રિયાશીલને ઉપર વર્ણવ્યા તેવા કથાનકો માર્ગદર્શિકાની ગરજ સારે છે.

સંસ્કારી આત્માઓ અન્ય બહુલ સંસારી જીવોની માફક આ માનવ ભવમાં જીવન જીવતાં હોય છે. એમને જુદા તારવવાના કંઇ ખાસ ચિન્હો નથી હોતાં પણ અમુક પ્રસંગ સાંપડતાં જ્યાં બહુલ સંસારીનું જીવન ઘાંચીના બેલ જેવું દૃષ્ટિગોચર થાય છે ત્યાં એ સંસ્કારીઓ તરત જ જુદા પડે છે. એક જ ઇશારો, નાની સરખી ચીમકી, એમનો પંથ પલટાવી નાંખે છે. ગતાનુગતિકતામાં નથી એ રાચતા કે પ્રાપ્ત થયેલ સગવડોમાં નથી એ ખૂંચી જતા. અશ્વરત્ન જેમ ચાબુકના સામાન્ય ખખડાટથી હણહણી ઊઠે છે અને દોડવા માંડે છે તેમ આ આત્માઓ પણ મોહનિદ્રામાંથી પેલી ચીમકીના જોરે જાગ્રત થઇ એકદમ વિદ્યુત્ વેગે કૂચ કરે છે. આ કૂચ માનસિક હોય છે. એના માપ સારુ દુન્યવી ગજ કે ડૉકટરી થર્મોમીટર નકામા પડે છે; પણ જ્ઞાની પુરુષોના દર્પણમાં એનો પડછાયો તરત જ પડી જાય છે. એ વેળા કર્મપુંજોનો કેટલો ભાર હળવો થયો કિંવા કેટલા

વર્ષોનો સંચિત કર્મરૂપી કચરો બળીને સાફ કરાયો તે તેઓ જાણી શકે છે. આ સર્વ પાછળ ભાવના-વારિના સતત્ છાંટણાં અને દીવાદાંડીની ગરજ સારતા દૃષ્ટાન્તોની સ્મૃતિપટમાં રમણતા જરૂરી છે.

આજનો માનવી પૂર્વકાળના જેવી સ્મરણશક્તિનો વારસો નથી પામ્યો એટલે એ કેટલું યાદ રાખી શકે એ પ્રશ્ન સહજ ઉદ્ભવે, પણ એનો તોડ સહજ છે. સાહિત્યના પાને નોંધાયેલાં લાંબા કથાનકો કે વિસ્તૃત જીવનચરિત્રો અક્ષરશઃ ગોખી રાખવાની અગત્ય ન જ ગણાય. એમાંથી પોતાના જીવન સાથે બંધબેસતી થાય એવી જ કેટલીક નોંધ હૃદયના પટ ઉપર કોતરી રાખવાની છે; કે જેથી તક મળતાં એનો ઉપયોગ કરી શકાય.

ગજસુકુમાલ કેવી રીતે જન્મ્યા અને કોને પરણ્યા એ મહત્વનો મુદ્દો નથી, તેમ નથી અગત્યની વાત એમણે દંપતી જીવન કેવી રીતે વીતાવ્યું તે. મુદ્દાની વાત તો એ જ છે કે પ્રભુશ્રી અરિષ્ટનેમિના સમાગમમાં આવતાં જ એ આત્મામાં આત્મશ્રેયની સાચી તાલાવેલી ઉદ્ભવી. પછી એ માટે જે કંઈ કર્યું એ સર્વ પ્રગતિના પથિક માટે સાચી નોંધ પૂરી પાડે છે. સ્વ અને પરની પૂરી પારખ વિના એ આત્મા શ્વસુર એવા સોમિલ દ્વિજ માથે ખડકેલા બળતા અંગારા સમતાથી સહન કરી શકે! અરે, જરા પણ મનોદુઃખ વિના એને મુક્તિની પાવડી માને! અવંતીસુકુમાલના જીવનમાં પણ ઉપરના જેવો જ પડઘો પડે છે. નલિનીગુલ્મ વિમાનના વર્ણને જીવનદિશામાં પલટો આણ્યો. સાત મહાલના પ્રાસાદમાં બત્રીશ રમણીઓની વચ્ચે ક્રીડામાં ગૂલતો એ લાડકવાયો સીધો સ્મશાન ભૂમિમાં પહોંચ્યો અને શિયાલણીથી ચવાયો! છતાં સાધનામાંથી પાછો ન હઠ્યો.

એલાયચીકુમાર કોની પાછળ ભમતો હતો? એમ કરવામાં એ શું શું નહોતું ભૂલ્યો? દોર પર કેટલીવાર ચઢ્યો! એક જ આંચકો લાગ્યે -કર્ણપટ પર સામેની હવેલીમાં જે દ્રશ્ય સર્જાયું હતું એના રવ પડ્યા અને નજર ગઈ. અપ્સરાને પણ ટપી જાય એવી નવયૌવના મોદકનો થાળ ભરી સામે ઊભેલા સાધુને વહોરવા વિનવે છે. નત મસ્તકે પાતરું ધરી ઊભેલા એ સાધુ જરૂરપૂરતાં આવ્યા હોવાથી વધુ લેવાની ના પાડે છે. 'લ્યો, લ્યો, કહેતાં પણ લેતા નથી.' એ નાદ ગૂંજે છે. આ બનાવે એલાયચીકુમારના અંતરમાં જબરો ખળભળાટ કરી મૂક્યો. મનઅશ્વ જુદી જ દિશાએ દોડ્યો. જ્ઞાની ભગવંત કહે છે કે નાચવાના દોર પર એ લાડકવાયાએ કૈવલ્ય મેળવ્યું.

શા સારુ આઘે જવું? ભરત ચક્રીનું નાટક ભજવનાર અષાઢાભૂતિ મુનિની વાત વિચારોને. પ્રત્યેકબુદ્ધ લેખમાળાનો આ લેખ ભરતને જ નાયક બનાવી નાટક ભજવનારની વાતથી પૂર્ણ કરીએ. નર્તકીના મોહમાં ભાન ભૂલેલા એક સંયમના એ મુનિએ ખરેખર સાચું જ નાટક ભજવી બતાવ્યું. ભરત ચક્રીનો પાઠ ભજવતાં કૈવલ્ય મેળવ્યું ત્યારે અનિત્ય ભાવનાની ઝણઝણાટી સાચા રૂપમાં અનુભવ્યા વગર એ બન્યું હશે?

આ કથાનકો પાછળ સંસ્કારનું પીઠબળ છે જ અને એમાં ભાવનાનો આવેગ-સોના સાથે સુગંધ ભળ્યા જેવું.

श्री आत्मानंद जैन ग्रंथरत्नमाला, श्री जैन आत्मानंद सभा भावनगर, श्री आत्मानंद जैन शताब्दि, प्रवर्तकश्री कान्तिविजयजी इतिहासिक तथा श्रीआत्मवीर वगेरे ग्रंथमाळा तरफथी छपायेला (मूळ)

*प्राकृत-संस्कृत ग्रंथोनुं सुचिपत्र.

प्राकृत-संस्कृत मूळ टीकाना ग्रंथो.

नंबर		
१	समवसरण स्तवः अवचूरि	०-१-०
२	क्षुल्लकभवावली	०-१-०
३	लोकनालिका द्वात्रिंशिका	०-२-०
४	योनिस्तवः	०-१-०
५	कालसप्ततिका	०-१-६
६	देहस्थिति	०-१-०
७	सिद्धदंडिका	०-१-०
८	कायस्थिति	०-२-०
९	भाष्य प्रकरण	०-२-०
१०	नवतत्त्व भाष्य	०-१२-०
११	विचारपंचाशिका	०-२-०
१२	बंध षट्त्रिंशिका	०-२-०
१३	परमाणु पुद्गल निगोदषट्त्रिंशिका	०-३-०
१४	श्रावकव्रतभंग प्रकरण	०-२-०
१५	देववंदन भाष्य	०-५-०
१६	सिद्धपंचाशिका	०-२-०
१७	अजीवउच्छकुलकम्	०-२-०
१८	विचारसप्ततिका	०-३-०
१९	अल्पबहुत्व श्री महावीरस्तव	०-२-०
२०	पंचसूत्रम्	०-६-०
२१	श्रीजंबूचरित्र	०-४-०
२२	रत्नपालनृपकथा	०-५-०
२३	सुक्तरत्नावली	०-४-०
×२४	मेघदूत	०-४-०
२५	चेतोदूत	०-४-०
२६	पर्युषणाष्टान्हिका व्याख्यान	०-६-०
२७	चंपकमाला कथा	०-६-०
२८	सम्यक्त्वकौमुदी	०-१२-०
२९	श्राद्धगुणविवरण	१-०-०
३०	धर्मरत्न प्रकरण	०-१२-०
३१	कल्पसूत्रसुबोधिका	अमूल्य
३२	श्री उत्तराध्ययनसूत्र	५-०-०
३३	उपदेश सप्ततिका	०-१३-०
३४	कुमारपाळ प्रबंध	१-०-०
३५	आचारोपदेश	०-३-०
३६	रोहिणी अशोकचंद्रकथा	०-२-०
३७	गुरुगुणषट्त्रिंशिका	०-१०-०
३८	ज्ञानसार टीका	१-४-०
३९	समयसार	०-१०-०
४०	सुकृतसागर	०-१२-०
४१	धम्मिलकथा	०-२-०
४२	प्रतिमाशतक	०-८-०
४३	धन्य कथा	०-२-०
४४	चतुर्विंशतिजिन स्तुति संग्रह	०-६-०
	मेरुत्रयोदशी कथा	०-१-०
४५	रोहणेय चरित्र	०-२-०
४६	श्री क्षेत्रसमास	१-०-०
४७	बृहत्संघयणी	२-८-०
४८	श्राद्धविधि	२-८-०
४९	षड्दर्शनसमुच्चय	३-०-०

५०	पंचसंग्रह प्रथम भाग	३–८–०
५१	सुकृतसंकीर्तन महाकाव्यम्	०–८–०
५२	प्राचीन चार कर्मग्रंथ सटीक	२–८–०
५३	संबोधसित्तरी	०-१०-०
५४	कुवलयमाळा	१–८–०
५५	सामाचारी प्रकरण	०–८–०
५६	करुणावज्रायुद्ध नाटक	०–४–०
५७	कुमारपाळ महाकाव्यम्	०–८–०
५८	श्री महावीर चरित्र	१–०–०
५९	कौमुदी मित्राणंद नाटकम्	०–६–०
६०	प्रबुद्धरोहिणेयम्	०–५–०
६१	धर्माभ्युदयम्	०–४–०
६२	पंचनिर्ग्रन्थी प्रज्ञापना तृतीय पाद संग्रहणी प्रकरण	०–६–०
६३	रयणसेहरी कथा	०–६–०
६४	सिद्धप्राभृत सटीकम्	०-१०-०
६५	दानप्रदीप	२–०–०
६६	बंधहेतूदयत्रिभंगी प्रकरण	०-१०-०
६७	धर्मपरीक्षा	१–०–०
६८	सप्ततिशत स्थान प्रकरण	१–०–०
×६९	चैत्यवंदन महाभाष्य	१-१२-०
७०	प्रश्नपद्धति	०–२–०
×७१	श्री कल्पसूत्र किरणावली	अमूल्य
७२	योगदर्शन	०–१–०
७३	मंडळ प्रकरण	
७४	देवेन्द्र नरकेन्द्र प्रकरण	
७५	चन्द्रवीर शुभा कथा	
७६	जैन मेघदूत	
७७	श्रावक धर्म विधि प्रकरण	
७८	गुरुतत्त्वविनिश्चय	
७९	देवेन्द्र स्तुति चतुर्विंशतिका	
८०	वसुदेव हिन्दी प्रथम खंड	
×८९	,, द्वितीय खंड	३–९–०
८२	बृहतकल्प सूत्रम् पिठीका प्रथम भाग	
८३	,, द्वितीय भाग	
×८४	,, तृतीय भाग	५–८–०
×८५	सटीक चत्वार कर्मग्रंथ	
×८६	,, पंचम षष्ठकर्मग्रंथ	४–०–०
×८७	बृहतकल्प भाग चोथो	६–४–०
×८८	,, पांचमो	५–०–०
८९	सकलार्हत स्तोत्रम्	
९०	बृहतकल्प भाग छट्ठो (हवे तुरतमां प्रसिद्ध थशे)	
×९१	कहारयण कोहो ग्लेइझ	८–८–०
	,, लेझर	१०-०-०

श्री आत्मानंद जन्म शताब्दिसीरीझ.

१	वीतराग स्तोत्र	
२	प्राकृत व्याकरण	
×३	ब्रह्मचर्य चारित्र पूजा	०–२–०
×४	विजयानंदसूरि	०–८–०
×५	नवस्मरण स्तोत्र संग्रह	०–८–०
६	वीतराग महादेव स्तोत्र	
×७	त्रिषष्टि शलाका पुरुष चरित्र पर्व १लुं बुकाकारे	१–८–०
८	,, ,, ,, पर्व बीजुं, त्रीजुं, चोथुं, पांचमुं विगेरे छपाय छे.	

---

* प्राकृत–संस्कृत मूळ ग्रंथो तो प्रथम पुरती सहाय जेमां मळेली ते ते ग्रंथो दरेक समुदायना गुरु महाराज के म्होटा मुख्य मुनिराजोनी सम्मतिथी मुनि महाराजो वगेरेने शुमारे पचीश हजार रुपीयाना ग्रंथो (भंडारो वगेरेने) विना मूल्ये भेट आपेला छे.

× आ निशानीवाळा ग्रंथो मळे छे, बीजा सीलीके नथी.

ગુજરાતી અનુવાદોના ગ્રંથો આ સભા, શ્રી આત્માનંદ—જૈન શતાબ્દિ તથા પ્રવર્ત્તક શ્રી કાન્તિવિજયજી સીરિઝના છપાયેલા ગુજરાતી ગ્રંથો.

નંબર.		
	જૈન તત્વાદર્શ ગ્રંથ	૫–૦–૦
૨	નવ તત્ત્વનો સુંદર બોધ	૧–૦–૦
×૩	ધર્મબિન્દુ મૂળ ભાષાંતર	૨–૦–૦
૪	જીવવિચારવૃત્તિ	૦–૮–૦
૫	અજ્ઞાનતિમિર ભાસ્કર આવૃત્તિ બીજી	૨–૮–૦
×૬	જૈન ધર્મવિષયક પ્રશ્નોત્તર	૦–૮–૦
×૭	પ્રકરણ સંગ્રહ	૨–૮–૦
×૮	દંડક વૃત્તિ	૦–૮–૦
×૯	નયમાર્ગ દર્શક	૦–૧૦–૦
×૧૦	હંસવિનોદ	૦ ૧૨–૦
૧૧	વિવિધ પૂજા સંગ્રહ	
×૧૨	કુમારવિહાર શતક	૧–૮–૦
×૧૩	જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર(બીજી આવૃતી)	૦–૮–૦
૧૪	જૈન તત્ત્વસાર	૦–૮–૦
૧૫	,, મૂળ	
×૧૬	આત્મવલ્લભ સ્તવનાવલી	૦–૬–૦
૧૭	મોક્ષપદસોપાન	૦–૧૨–૦
×૧૮	ધર્મબિન્દુ મૂળ સાથે બીજી આવૃત્તિ	૨–૦–૦
×૧૯	પ્રકરણ પુષ્પમાળા	૦–૮–૦
૨૦	ધ્યાનવિચાર	
×૨૧	શ્રાવક કલ્પતરૂ	૦–૬–૦
૨૨	આત્મપ્રબોધ	
૨૩	આત્મોન્નતિ	
૨૪	પ્રશ્નોતર પુષ્પમાળા	
૨૫	જંબુસ્વામી ચરિત્ર	
૨૬	જૈન મંથગાથા	
×૨૭	નવાણું પ્રકારી પૂજા (સાર્થ)	૦–૮–૦
×૨૮	તપોરત્ન મહોદધિ (આવૃતી બીજી)	૧–૮–૦
૨૯	સમ્યકત્વ સ્વરૂપ સ્તવ	
૩૦	શ્રાદ્ધગુણવિવરણ	
૩૧	ચંપકમાલા ચરિત્ર	
૩૨	કુમારપાળ ચરિત્ર હિંદી	
૩૩	સમ્યકત્વ કોમુદી	૧–૦–૦
૩૪	અનુયોગદ્વાર	૦–૪–૦
૩૫	અનુયોગ દ્વાર સૂત્ર	૦–૧૨–૦
૩૬	અધ્યાત્મ મત પરીક્ષા	
૩૭	ગુરુગુણ છત્રીશિ	
૩૮	શ્રી શત્રુંજય સ્તવનાવલી	
×૩૯	આત્મકાન્તિ પ્રકાશ	૦–૮–૦
×૪૦	જ્ઞાનામૃત કાવ્યકુંજ	૦–૮–૦
૪૧	દેવભક્તિમાળા	૦–૮–૦
૪૨	ઉપદેશ સપ્તતિકા	૧–૦–૦
૪૩	સંબોધસપ્તતિકા	૧–૦–૦
×૪૪	પંચ પરમેષ્ટી ગુણ રત્નમાલા	૧–૮–૦
×૪૫	સુમુખનૃપાદિ ધર્મકથા	૧–૦–૦
૪૬	શ્રી નેમનાથ પ્રભુ ચરિત્ર	
૪૭	શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧	૨–૦–૦
૪૮	આદર્શ જૈન સ્ત્રીરત્નો	૧–૦–૦
×૪૯	શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨	૨–૮–૦
૫૦	દાન પ્રદીપ	૩–૮–૦
૫૧	શ્રી નવપદપૂજા (સાર્થ)	૧–૪–૦
×૫૨	કાવ્ય સુધાકર	૨–૮–૦
૫૩	આચાર ઉપદેશ	૧–૦–૦
૫૪	ધર્મરત્ન પ્રકરણ	૧–૦–૦
×૫૫	પંચ પ્રતિક્રમણ સૂત્રાર્થ (શાસ્ત્રી)	૩–૦–૦
×૫૬	આત્મવિશુદ્ધિ	૦–૬–૦
૫૭	કુમારપાળ પ્રતિબોધ	૩–૮–૦
×૫૮	જૈન નરરત્ન ભામાશાહ	૨–૦–૦
૫૯	શ્રી વિમળનાથ ચરિત્ર	૨–૦–૦
૬૦	લાઇબ્રેરીનું લીસ્ટ	૦–૮–૦
૬૧	શ્રી ચન્દ્રપ્રભુ ચરિત્ર	૨–૦–૦
×૬૨	સુકૃતસાગર (પૃથ્વીકુમાર)	૧–૦–૦
૬૩	પ્રભાવક ચરિત્ર	૨–૦–૦
×૬૪	ધર્મપરીક્ષા ગ્રંથ	૧–૦–૦

×૬૫ જૈન ધર્મ
૬૬ સંવેગદ્રુમકંદલી
×૬૭ શ્રીપાળ રાજાનો રાસ ૪–૦–૦
૬૮ સતી સુરસુંદરી
૬૯ કુમારપાળ ચરિત્ર હિંદી
×૭૦ શ્રી શત્રુંજય પંદરમો ઉદ્ધાર ૦–૪–૦
×૭૧ ,, સોળમો ,, ૦–૪–૦
×૭૨ વીશસ્થાનક પૂજા (સાર્થ) ૧–૦–૦
૭૩ શ્રી તિર્થંકર ચરિત્ર
×૭૪ આત્મકાન્તિ પ્રકાશ બીજી આવૃતિ ૦–૮–૦
૭૫ શ્રી મહાવીર ચારિત્ર
૭૬ વિવિધ પૂજા સંગ્રહ ૧–૦–૦
×૭૭ કલીંગનું યુદ્ધ ૦-૧૨-૦
૭૮ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર ૦-૧૨-૦
૭૯ શ્રી જ્ઞાનપ્રદીપ
×૮૦ શ્રી આદિનાથ પ્રભુ ચરિત્ર ૫–૦–૦
×૮૧ શ્રી મહાવીરના યુગની મહાદેવીઓ ૩–૮–૦
×૮૨ શ્રી વસુદેવ હિંડી ૧૨–૮–૦
×૮૩ શ્રી સંઘપતિ ચરિત્ર ૬–૮–૦
×શ્રી પાર્શ્વનાથ ભગવાન ચરિત્ર (છપાય છે.)
×શ્રી શાંતિનાથ ભગવાન ચરિત્ર ,,
×શ્રી કથારત્ન કોષ ,,

પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથમાળા

૧ વિજ્ઞપ્તિ ત્રિવેણી
૨ કૃપારસકોષ
૩ શ્રી શત્રુંજય તીર્થોદ્ધાર પ્રબંધ
૪ પ્રાચીન લેખ સંગ્રહ ભાગ ૧ લો
૫ દ્રૌપદી સ્વયંવર
×૬ પ્રાચીન લેખ સંગ્રહ ભાગ બીજો ૩–૮–૦
×૭ જૈન ઐતીહાસિક ગૂર્જર કાવ્ય સંગ્રહ ૨-૧૨-૦

શ્રી આત્મ વીર સભાના પુસ્તકો.

૧ શ્રી પર્યુષણ અષ્ટાન્હિકા વ્યાખ્યાન
૨ શ્રીપાલ ચરિત્ર
૩ નયોપદેશ
૪ ગાંગેય ભંગપ્રકરણ
૫ મૃગાંક ચરિત્ર

× આ ગ્રંથો માત્ર સિલીકમાં છે.

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર.

જૈન નરરત્ન શેઠશ્રી કેશવલાલભાઇ લલ્લુભાઇ

અમદાવાદ.

રળીયામણી ગુજરાતનું પાટનગર અમદાવાદ જેને રાજનગર પણ કહેવામાં આવે છે. જ્યાં જૈન દર્શનના મહાન ત્યાગી અને વિદ્વાન આચાર્યો ભૂતકાળમાં થઇ ગયા છે, હાલ પણ વિદ્યમાન છે. અને નિરંતર તેવા મહાન્ પુરૂષોના આવાગમનવડે ઉપદેશદ્વારા જ્યાં જૈન સમાજમાં ધાર્મિક સંસ્કાર અસ્ખલિતપણે વહે છે, જ્યાં અનેક સુંદર જિનાલયોવડે જે જૈનપુરી ગણાય છે. શ્રીમંતો, ઉદ્યોગપતિઓ, સાક્ષરો, સાહિત્યકારો, કેલવણી સંસ્થાઓવડે સરસ્વતી-લક્ષ્મીના સંગમવડે ભારતવર્ષમાં તે કેન્દ્ર નગર ગણાય છે. આ જૈનપુરી શહેરમાં વંશપરંપરાથી ચાલ્યા આવતા ધાર્મિક સંસ્કાર અને દેવ, ગુરુધર્મની ઉપાસનાવડે સુપ્રસિદ્ધ વીશા ઓશવાલ જ્ઞાતિમાં અગ્ર ગણાતા ઝવેરી લલ્લુભાઇ રાયજીભાઇને ત્યાં શેઠ કેશવલાલભાઇનો જન્મ સંવત ૧૯૪૪ ના માહ સુદી ૧૫ ના રોજ થયો હતો.

રા. શ્રી કેશવલાલભાઇએ બાળવયમાં કેલવણી લીધા બાદ પિતાશ્રી લલ્લુભાઇ સાથે વ્યાપારી લાઇનમાં જોડાયા. સદ્ગત લલ્લુભાઇ શેઠ કેલવણીપ્રિય હતા અને અમદાવાદ અને તેની આસપાસ વસતા જૈન કુટુંબના બાળકો ઉચ્ચ કેલવણી કેમ પ્રાપ્ત કરી શકે તેને ઉત્તેજન આપવા ગુજરાતના આ પાટનગર શહેરમાં પિતાની સાથે રહી શ્રી કેશવલાલભાઇએ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગનું અમદાવાદમાં પોતાના ખર્ચે આધ સ્થાપન કર્યું જે આખા ગુજરાતમાં પહેલ કરવાનું માન તેઓએ પ્રાપ્ત કર્યું હતું.

શેઠ કેશવલાલભાઇનો મૂળ વ્યાપાર ઝવેરીનો છે, તેમજ જીતેંદ્ર મીલના પ્રમુખ, તથા રૂસ્તમ જહાંગીર મીલના ડીરેકટર હોવાથી ઉદ્યોગપતિ પણ ગણાય છે. શેઠ કેશવલાલભાઇ કેલવણીપ્રિય હોવાથી આત્મકલ્યાણ માટે પોતાની સુકૃતની લક્ષ્મીનો જૈન બોર્ડીંગ, તેમજ શ્રી જૈન વીશા ઓસવાલ કલબનાં પ્રમુખ હોવાથી તે કલબનાં આશ્રય નીચે ચાલતી હોસ્પીટલ, પ્રસૂતિગૃહ, ઉદ્યોગાલય અને પોતાની જ્ઞાતિના બાલક, બાલિકાઓને સ્કુલ, કોલેજ ફી તથા ભણવાની બુકો પુરતા પ્રમાણમાં આપી લક્ષ્મીનો સદ્વ્યય કરે છે. જીવદયા પ્રતિ પ્રેમ હોવાથી ત્યાંની પાંજરાપોળનો પણ વ્યવસ્થિત વહીવટ કરે છે. ઝવેરાતના ધંધામાં તેઓશ્રી નિષ્ણાત હોવાથી તેની એસોસીએશનના પ્રમુખ છે. તે સાથે બીજી અનેક સંસ્થાના પ્રમુખ અને ટ્રસ્ટી છે. શેઠ કેશવલાલભાઇ બાહોશ વ્યાપારી, જૈન ખાનદાન કુટુંબના નબીરા સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ, ઝવેરી અને ધર્મશ્રદ્ધાળુ હોવાથી હિંદની તીર્થરક્ષક શેઠ આણંદજી કલ્યાણજીની સુપ્રસિદ્ધ પેઢીના પણ સ્થાનિક પ્રતિનિધિ છે.

શેઠ કેશવલાલભાઇ જેવા ઉદાર, સેવાભાવી, પુણ્યપ્રભાવક, શ્રીમંત જૈન નરરત્ન આ સભાના માનવંતા પેટ્રન થતાં તે સભાનો ગૌરવનો વિષય હોઇ સભાની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થાય તે સ્વાભાવિક છે. શ્રીયુત્ કેશવલાલભાઇ દીર્ઘાયુ થઇ સુખશાંતિ ભોગવે અને વધતી જતી ધર્મશ્રદ્ધાવડે ઉદારતાપૂર્વક અનેક સેવાના કાર્યો કરી આત્મકલ્યાણ સાધે તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૩. | વૈશાખ | પુસ્તક ૪૪ મું.

વિક્રમ સં. ૨૦૦૩. | :: ઇ. સ. ૧૯૪૭ એપ્રીલ :: | અંક ૧૦ મો.

શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

[સખિ પનઘટ પર નંદરે કિશોર, માખણચોર—એ રાહ.]

સુખકર દુઃખહર વીર રે જિણંદ ! મંગલકંદ !
મારા હૈયાના હાર ત્રિશલાનંદ ! શારદચંદ !

સાચા દેવાધિદેવ છો જગતમાં તમે,
દેખી નયનોને નેહથી નાચવું ગમે;
સાચા તારક છો નયનાનંદ !
સુખકર ! દુઃખહર ! (૧)

આજ તન મનમાં ભક્તિનો જામ્યો છે રંગ,
આજ લીધા દરશનકેરા લ્હાવા અભંગ;
રંગે ઉભરાયે અંગે ઉમંગ. મંગલકંદ !
સુખકર ! દુઃખહર ! (૨)

વીર સુરતરુ આંગણીયે ઊગ્યો મહંત,
જેથી પામ્યો ભવદવના તાપોકેરો અંત;
નેમિ-લાવણ્ય-દક્ષ વદંત. મંગલકંદ !
સુખકર ! દુઃખહર ! (૩)

રચયિતા—મુનિરાજશ્રી દક્ષવિજયજી.

卐

મંદિરીયે ચાલો જિણંદના.

(ગરબો)

(તર્જ-લાખ લાખ દીવડાની આરતી ઉતારજો.)

લાખ લાખ હૈયામાં ભાવના જગાવજો,
ભક્તિને ઝૂલે ઝુલાય; મંદિરીયે ચાલો જિણંદના.
લાખ લાખ જ્યોતિનાં ઝુમખાં નીહાલજો.
લાખ લાખ અંધાર જાય; મંદિરીયે ચાલો જિણંદના.
ધીમે ધીમે વાયે વાયરાઓ કાલના,
દરશનથી તૂટશે સાંધા જંજાલનાં;
લાખ લાખ કર્મો કપાય, મંદિરીયે ચાલો જિણંદના.
ચાલો ચાલો પ્રભુજીને રીઝાવજો,
હૈયા **યશોભદ્ર** નિર્મલ બનાવજો;
લાખેણું જીવન જીવાય, મંદિરીયે ચાલો જિણંદના.

રચયિતા—**મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી.**

卐 卐

મનોવેગ.

(પદ)

ગીતામાં ગાયું છે ગોપાળ,
આ મન મર્કટ સમ છે જાણો, કો નહિ રોકનહાર...ગીતામાં.
કૃષ્ણ સખા અર્જુનના જેવા, શૂરા ક્ષત્રિય બાળ;
તે પણ હારી વદે દીનવાણી, પ્રભુજી લે સંભાળ...ગીતામાં.
વાયુ વેગ મહા વૃક્ષોને, નિર્મૂળ કરી દેનાર;
તેનો રોકનહાર મળે મન-વેગ ન રોકાનાર...ગીતામાં.
દેહ દમી મહાકષ્ટો વેઠી મોટા મુનિવર સાર;
પણ મનની ગતિ રોકન કાજે, હાર્યા હામ ગમાર...ગીતામાં.
મન ભૂલાવે મન ડોલાવે, દારૂણ દુઃખ દે સાર;
પણ બુદ્ધિથી નિગ્રહ કરતો, નિજાનંદ દેનાર...ગીતામાં.
બંધ મોક્ષનું કારણ મન છે, સ્વર્ગ નર્કની ખાણ;
પ્રભુકૃપાએ બંધ કાપી, દે મોક્ષ સ્વર્ગ સુખ લ્હાણ...ગીતામાં.

રચયિતા—**ગોવિંદલાલ કલ્યાણદાસ પરીખ.** મુ: કડી (ઉ. ગુ.)

卐

આ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિના ઉપલબ્ધ ગ્રંથોનો ટૂંક પરિચય

બત્તીસાબત્તીસી (દ્વાત્રિંશદ્દાત્રિંશિકા—બત્રીશ બત્રીશીઓ)

લે૦—આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ

(ગતાંક પૃષ્ઠ ૧૫૩ થી શરૂ)

પૂજ્યશ્રી દિવાકરજી મહારાજે બત્રીશ બત્રીશીઓ રચી હતી. તેમાંની હાલ ૨૧ મળી શકે છે. તેમાં ન્યાયાવતાર ગણતાં ૨૨ બત્રીશીઓ હાલ લભ્ય છે. દરેક બત્રીશીના બત્રીશ બત્રીશ શ્લોકો ગણતાં બાવીશે બત્રીશીઓના શ્લોકો કુલ ૭૦૪ થવા જોઇએ પણ ૨૧ મી બત્રીશીના શ્લોકો ૩૩ છે, ને આઠમી, અગીઆરમી, પંદરમી અને ઓગણીશમી બત્રીશીઓમાં પૂરેપૂરા બત્રીશ પદ્યો નથી પણ ઓછા છે. તેથી શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી છપાએલ બત્રીશીઓના કુલ શ્લોકો ૬૯૫ થાય છે. સંભવ છે કે બત્રીસીઓની રચના થયા બાદ કોઈ કારણથી તેમ બન્યું હોય. આ બત્રીશીઓની બાબતમાં કેટલાએક વિદ્વાનો જણાવે છે કે—"કેટલીએક બત્રીશીઓની રચના દીક્ષા લીધા પહેલાં પણ કર્તા શ્રી દિવાકરજીએ કરી હોય, ને બાકીની બત્રીશીઓની રચના સાધુ અવસ્થામાં કરી હોય, ને પાછળથી તેમણે અથવા બીજા કોઇએ તે સર્વેનો સંગ્રહ કર્યો હોય. એમ સંભવે છે." આ બત્રીશીઓની પ્રતોમાં અશુદ્ધિ વધારે હોવાથી કેટલેક સ્થળે અર્થ સમજાતો નથી. પ્રમાણ શાસ્ત્રની મજબૂત સંકલના કરનાર—પૂજ્ય શ્રી દિવાકરજી મહારાજે આ બત્રીશીઓમાં સાંખ્યાદિ વિવિધ દર્શનના ગૂઢ અને ગંભીર વિચારો જુદા જુદા પ્રસંગે જણાવ્યા છે. ભલભલા વિદ્વાનો પણ તે તે વિચારોનું રહસ્ય યથાર્થ સ્વરૂપે સમજવામાં નિષ્ફળ નિવડે એવી બીના પણ કેટલીક અહીં જણાવી છે એમ બત્રીશીઓ જોતાં જણાય છે. આવી અર્થજ્ઞાનની મુશ્કેલી વગેરે કારણને લઇને તે બત્રીશીઓની ઉપર કોઇ પણ વિદ્વાને વૃત્તિ આદિની રચના ન કરી હોય, એમ સંભવે છે. કદાચ કરી હોય તો પણ હાલ તે મળી શકતી નથી. કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે બનાવેલી અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા અને તેની ઉપર શ્રીમલ્લિષેણસૂરિ મહારાજે બનાવેલી સ્યાદ્વાદમંજરી ટીકાનું રહસ્ય વિચારતાં જરૂર જણાય છે કે દિવાકરજી મહારાજની આ કૃતિની રચના તરફ લક્ષ્ય રાખીને જ કલિકાલસર્વજ્ઞ ભગવંતે તેની (અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકાની) રચના કરી છે. તેઓશ્રીએ પહેલી દ્વાત્રિંશિકાની શરૂઆતમાં જ જણાવ્યું છે કે—

> क्व सिद्धसेनस्तुतयो महार्था ।
> अशिक्षितालापकला क्व चैषा ॥

અર્થ—સિદ્ધસેનદિવાકરજી મહારાજે બનાવેલી વિશાલ અર્થોવાળી સ્તુતિઓ ક્યાં ? અને અશિક્ષિત મનુષ્યના વચન જેવી મારી આ રચના ક્યાં ? એટલે સિદ્ધસેનદિવાકરજીએ બનાવેલી સ્તુતિ અર્થવાળી બત્રીશીઓ ગૂઢ ગંભીર અર્થવાળી છે, તેવી મારી આ કૃતિ નથી. આથી

આચાર્યશ્રીએ દિવાકરજી ઉપરનો પોતાનો ભક્તિરાગ વ્યકત કર્યો અને સ્વલઘુતા જણાવી. સિદ્ધહેમશબ્દાનુશાસનમાં પણ તેમણે '**अनुसिद्धसेनं कवयः**' એટલે કવિવર્ગમાં સિદ્ધસેન દિવાકરજી સૌથી શ્રેષ્ઠ છે. આથી પણ સમજાય છે કે આચાર્ય મહારાજશ્રી હેમચંદ્રસૂરિજી દિવાકરજીની કૃતિઓ તરફ બહુ જ બહુમાન ધરાવતા હતા.

પૂજ્ય શ્રી દિવાકરજી મહારાજે બત્રીશ દ્વાત્રિંશિકાઓમાંની કેટલીક દ્વાત્રિંશિકાઓમાં ત્રિશલાનંદન કાશ્યપગોત્રીય પ્રભુશ્રી મહાવીર પરમાત્માની વિવિધ પ્રકારે સ્તુતિ કરેલ હોવાથી પછીના આચાર્યોએ તેમને સ્તુતિકાર તરીકે પણ જણાવ્યા છે.. એમ '**आह च स्तुतिकारः**' ઇત્યાદિ શ્રી હરિભદ્રસૂરિ, મલયગિરિજી આદિના વચનોથી જાણી શકાય છે. આ બત્રીશી વગેરે ગ્રંથો ઉપર શાંતિથી વિચાર કરતાં એ પણ જાણવાનું મળે છે કે–શ્રી દિવાકરજી મહારાજ સ્યાદ્વાદદર્શનાદિ સમગ્ર દાર્શનિક તત્ત્વોના અપૂર્વ યથાર્થ રહસ્યના જાણનારા, સ્પષ્ટ વક્તા અને પોતાના યુક્તિસંગત તાર્કિક વિચારોને નીડરપણે જાહેર કરનારા હતા. તેમજ મહાપ્રભાવશાલી પણ હતા. પંચવસ્તુમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજે તેમને શ્રુતકેવલી વિશેષણ આપ્યું છે. (તે પાઠ અર્થ સાથે પહેલાં જણાવ્યો છે). દિવાકરજીની કૃતિઓ તરફ બહુમાન રાખનારા કેટલાએક વિદ્વાનો જણાવે છે કે—

દિવાકરજી મહારાજની આ કૃતિ ઉપલક દૃષ્ટિએ જોતાં સ્તુતિરૂપ છતાં પણ બહુ જ ગૂઢ અર્થને જણાવનારી છે. અને તેમની પાણીમાં તેલનાં ટીપાની જેમ સર્વ દર્શનવિચારાનુગામિની અપૂર્વ પ્રતિભાને સાબિત કરનારી છે.

॥ બાવીશ બત્રીશીઓનો ટૂંક પરિચય ॥

૧. દ્વાત્રિંશિકા–આ બત્રીશીમાં શરૂઆતમાં અઢી શ્લોકમાં શ્રી વર્ધમાનસ્વામીને વિશિષ્ટ વિશેષણોથી ઓળખાવવાપૂર્વક પ્રણામ કરી હું શ્રી વર્ધમાન પ્રભુની સ્તુતિ કરીશ, એમ જણાવી ચોથા શ્લોકમાં દિવાકરજી જણાવે છે કે–હું આપની સ્તુતિ કરું છું. તેમાં બીજા દેવ ઉપરની ઇર્ષ્યા કે કીર્ત્તિની લાલસા વગેરેમાંનું કોઇ પણ કારણ છે જ નહિ. પણ આપને ગુણજ્ઞ પુરુષો પૂજે છે, માટે મને આપની ઉપર આદરભાવ જાગ્યો છે. વગેરે બીના જણાવી છઠ્ઠા શ્લોકમાં કૂવાદિની પરિસ્થિતિ જણાવી તેવા વાદીઓને જોઇને કયો સમજુ માણસ તારા વિષે શિથિલ આદરભાવવાળો થાય ? અર્થાત્ કોઇ ન થાય. વગેરે પરવાદી આદિનું સ્વરૂપ જણાવી પંદરમા શ્લોકમાં જણાવે છે કે—

॥ उपजाति ॥

अलब्धनिष्ठाः प्रसमिद्धचेतसः ।
तव प्रशिष्याः प्रथयन्ति यद्यशः ॥
न तावदप्येकसमूहसंहताः ।
प्रकाशयेयुः परवादिपार्थिवाः ॥ १ ॥

હે પ્રભો ! અનેકાંતના યથાર્થ સ્વરૂપને જાણનારા, ખાસ કારણે અસમુદિત રૂપે વિચરનારા આપના શિષ્યો પરવાદીઓની સાથે વાદમાં ઊતરી એકાંત પક્ષનું ખંડન અને અનેકાંત તત્ત્વને સ્થાપન કરી જિનશાસનનો જે યશ ફેલાવે છે, તે (યશ) એકાંત પક્ષવાળા ઘણાં પરવાદીઓ સમૂહરૂપે એકઠા થઇને પણ ફેલાવી શકે નહિ. આ રીતે આ શ્લોકમાં શ્રી દિવાકરજી મહારાજે સ્યાદ્વાદના યથાર્થ રહસ્યને જાણનારા મહાપુરુષોનો પ્રભાવ જણાવવાદ્વારા અનેકાંતદર્શનનો પણ અલૌકિક પ્રભાવ જણાવ્યો. આગળ સત્તરમા શ્લોકમાં જણાવે છે કે–હે પ્રભો ! જેમ બીજાં દર્શનવાળા બૌદ્ધાદિના શિષ્યો સ્વપક્ષના કદાગ્રહને લઇને પોતાની મરજી પ્રમાણે બોલે છે, તેમ આપના

'વ્યાધિમીમાંસા'

લેખક:-આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

સંસારમાં માનવી વ્યાધિથી બહુ જ બ્હીએ છે, કારણ કે વ્યાધિ મોતનો દૂત છે. તેને કાઢવાને માટે કંજુસમાં કંજુસ માણસ પણ પૈસા છૂટથી વાપરે છે. જેની પાસે પૈસા ન હોય તે દેવું કરીને પણ નીરોગી બનવા પ્રયાસ કરે છે. વ્યાધિ માનવીનાં રૂપ, બળ, સુંદરતા આદિનો નાશ કરીને કૃશ બનાવી દે છે, જેથી માનવી દીન-કંગાળ જેવો બની જાય છે અને મિથ્યાભિમાન ઓગળી જવાથી બીજાઓની પાસે દયાની યાચના કરે છે. વ્યાધિની અસહ્ય તીવ્ર વેદનાથી દુઃખી થતા દરદીને જોઇને કઠોર હૃદયવાળા શત્રુને પણ કાંઇક દયા આવી જાય છે અને પોતાનાથી બનતું કરે છે. સગાસંબંધી ન્યાતજાતના ભેદ ભૂલી જઇને રસ્તે જનાર માનવીનું હૃદય પણ વ્યાધિગ્રસ્તની સેવા કરવા આકર્ષાય છે.

વ્યાધિ એટલે અડધું મોત. જો વ્યાધિને અને પોતાને પરસ્પર સર્વથા સંબંધ ન હોય તો કોઇ પણ વ્યાધિથી બ્હીએ નહિં અને તેને કાઢવાની પૂરતી કાળજી પણ કોઇ રાખે નહિં;

શિષ્યો તેવા નથી, વગેરે બીના જણાવી, છવ્વીશમા શ્લોકમાં સ્પષ્ટ પ્રતિપાદન કરે છે કે-કર્તાને માન્યા સિવાય કર્મસિદ્ધિ ન થાય, ને કર્મનાં ફલો જે કર્મને બાંધે, તે જ ભોગવી શકે છે, તે ફલના, કર્મની માફક, આઠ ભેદો છે. કર્મ, એ રૂપી અને પૌદ્ગલિક છે, તેને અનુસારે આઠ ભેદો ફલના ઘટે છે. આવી આવી બીના જણાવનાર આપના સિવાય બીજો કોઈ છે જ નહિ. અહીં જણાવેલી બીનાથી વિરુદ્ધ માન્યતાવાળા પરવાદીના વચનોનું ખંડન કરવાને માટે દિવાકરજીએ આ વસ્તુ સ્તુતિરૂપે જણાવી છે. તે જ પ્રમાણે સત્તરમા શ્લોકમાં નીડરપણે જાહેર કર્યું છે કે—હે પ્રભો! એકલું જ્ઞાન કે જ્ઞાન વિનાની કોરી ક્રિયા મોક્ષનું કારણ છે જ નહિ. આ રીતે હેતુયુક્તિપુરસ્સર પરવાદીના મતનું ખંડન કરતા એવા આપશ્રીએ મોક્ષને આપનારી તથા વિવિધ ક્લેશરૂપી દાવાનલને ઠારનારી, પથ્થરમાં જાણે ટાંકણાથી કોતરેલ ન હોય, તેવી અબાધ્ય પદ્ધતિ જણાવી છે. તે પદ્ધતિને એટલે "ज्ञानक्रियाभ्यां मोक्षः, नाणकिरियाहिं मोक्खो, सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" આ રહસ્યવાળા ટંકશાલી વચનને આપ સિવાય બીજો કોઇ પણ પરવાદી જણાવવા સમર્થ છે જ નહિ. તે પછી પોતાનો સચોટ અનુભવ ત્રીશમા શ્લોકમાં જણાવે છે કે-હે પ્રભો! અન્ય દર્શનીય શાસ્ત્રો અને યુક્તિઓમાં જે કાંઇ સારાં (સ્યાદ્વાદ) વચનોરૂપી સંપત્તિ જણાય છે તે આપના જ પૂર્વોરૂપી સમુદ્રમાંથી ઊછળેલાં બિંદુઓ છે, એમ હું શ્રદ્ધાપૂર્વક માનું છું. આ શ્લોકમાં દિવાકરજી મહારાજે અપૂર્વ તત્ત્વ એ પણ સમજાવ્યું કે-

શ્રી જિનવચનોના બળે જ પરવાદીઓ સ્વમતનો દેશથી પણ પ્રચાર કરી શક્યા છે. તેમાં તેમણે જો કે શબ્દપરાવૃત્તિ જ કરી છે, પણ અર્થનો વિચાર કરતાં સ્યાદ્વાદી જરૂર જાણી શકે છે કે પરવાદીએ રૂપાંતરથી પણ સ્યાદ્વાદવચનનો જ આધાર લીધો છે વગેરે બીના જણાવી. છેવટે બત્રીશમા શ્લોકમાં દિવાકરજી જણાવે છે કે-હે પ્રભો! અમે પણ આપની જ ગુણકથા કરીએ છીએ, તેમાં અસાધારણ કારણ કયું છે? તે જણાવી આ બત્રીશી પૂરી કરી છે. અહીં ૩૧ શ્લોકો ઉપજાતિમાં, ને છેલ્લો શ્લોક શિખરિણીમાં છે. (ચાલુ)

પરંતુ બંનેના સંબંધનો અનુભવ માનવી માત્રને હોય છે; કારણ કે વ્યાધિ આવ્યા પછી મોત સહેલાઇથી આવી શકે તેવી બધા ય પ્રકારની ગોઠવણ કરે છે. પ્રથમ તો જીવવાના નિમિત્તરૂપ અન્ન ઉપર અરૂચિ ઉત્પન્ન કરાવે છે એટલે દરદી અન્નનો અનાદર કરે છે, જેની અસર શારીરિક બળ ઉપર થાય છે. અર્થાત્ શરીર કૃશ બનીને નિર્બળતા આવી જાય છે અને સુખ-શાંતિ તો વ્યાધિનો પડછાયો પડ્યો કે તરત જ પલાયન કરી જાય છે. વ્યાધિની કનડગતથી દુઃખી થયેલો દરદી વ્યથિત હૃદયે ક્રોધકષાયનો આદર ક્વચિત્ ક્વચિત્ કરે છે, પણ ઇંદ્રિયોના વિષયોથી વિરામ પામી જાય છે, કોઈ પણ વિષયની શાંતિ કે આનંદ મેળવી શકતો નથી. જે રોગી નીરોગી અવસ્થામાં પ્રભુની અવગણના કરતો હતો તે હવે વ્યાધિગ્રસ્ત થયા પછી પ્રભુની સ્તુતિ તથા સ્મરણ કરીને વ્યાધિથી છોડાવવાને આજીજી કરે છે, દેવ-દેવીઓનો આશરો શોધે છે, અને વૈદ્યની મરજી પ્રમાણે વર્તવા પૂરતું લક્ષ આપે છે. આત્મશ્રેય માટે પ્રભુએ બતાવેલા ભક્ષ્યાભક્ષ્ય વિવેકનો તથા યમનિયમનો અનાદર કરતો હતો તે હવે વ્યાધિથી મૂકાવાને વૈદ્યે બતાવેલા ભક્ષ્યાભક્ષ્ય તરફ પૂરતું લક્ષ આપે છે, લાંઘણો કરવાનો કે દુર્વ્યસનો છોડવાનો તથા મહિનાઓ સુધી છાસ-પાણી ઉપર રહેવાનો વૈદ્યનો આદેશ સ્વીકારે છે.

એમ તો બધા ય જાણે છે અને માને છે છે કે જે જન્મ્યો તે જરૂર મરવાનો તો છે જ, તો પણ માનવી મોતથી બ્હીએ છે અને જીવવાને માટે બધો ય ભોગ આપવાને તૈયાર થઇ જાય છે; કારણ કે જડાસક્ત માનવીને એવી દૃઢ શ્રદ્ધા હોય છે કે ભોગોપભોગની જે કાંઇ વસ્તુઓ મળી છે તેવી મરી ગયા પછી પાછી મળવાની જ નથી; માટે જો મોત આવ્યું તો પછી બધું ય છોડીને જવું પડશે અને કષ્ટ વેઠીને ભેગી કરેલી ધન-સંપત્તિના ભોગવનાર બીજા થશે. આવા વિચારોથી જ માનવી મોતથી બ્હીએ છે અને વ્યાધિ આવે છે કે તરત જ તેને કોઇપણ હિસાબે કાઢવાની કાળજી રાખે છે અને વૈદ્ય-ડૉક્ટરોને બોલાવીને વ્યાધિને કાઢવાને માટે મોંમાંગ્યા પૈસા આપે છે; કારણ કે પુદ્ગલાનંદી જીવ માને છે કે વૈદ્ય-ડૉક્ટરોના ઉપચારોથી વ્યાધિ મટી જાય છે. કદાચ વૈદ્ય કહી દે કે ફિકર કરશો નહિં, તમારો વ્યાધિ ચાલ્યો જશે અને તમે મરવાના નથી તો પછી દરદી વૈદ્યના વચનનો સર્વજ્ઞના વચનથી પણ વધારે આદર કરે છે, પોતે શ્રદ્ધાપૂર્વક માની લે છે કે હું મરીશ નહિં. પ્રભુ કહે છે કે-જડાસક્તિથી કોઇપણ જીવને મારશો નહિં તો તમે પણ મરશો નહિં, કોઇપણ આત્માને દુઃખ-ભય-ત્રાસ આદિ આપશો નહિં તો તમે પણ અનેક પ્રકારના વ્યાધિ આદિથી દુઃખ-ત્રાસ કે ભય પામશો નહિં, દુઃખસ્વરૂપ ક્ષણિક સુખ માટે અનંતાકાળે પણ અંત ન આવે એવા જન્મ-જરા-મરણના અગાધ દરિયામાં ડૂબી મરશો નહિં. વિગેરે આવા પ્રકારના સર્વજ્ઞ-પ્રભુના વચનો ઉપર અશ્રદ્ધા રાખીને વિષયાસક્ત જીવ ગણકારતા નથી પણ અજ્ઞાની વ્યાધિયોના દેણદાર અને મોતના તાબેદાર વૈદ્ય-ડૉક્ટરોના વચનોને શ્રદ્ધાપૂર્વક આદરે છે માટે જ તેઓ માયા સુખના તથા પોતાના જ આત્માના સાચા શત્રુ કહી શકાય, કારણ કે જે પ્રભુના વચનની અવજ્ઞા કરે છે, તે પ્રભુની અવજ્ઞા કરે છે, અને પ્રભુની અવજ્ઞા કરનાર જ આત્માનો સાચો શત્રુ છે. બાકી તો સંસારમાં આત્માનો બીજો કોઈ પણ શત્રુ નથી. અને જે બીજાને શત્રુ માને છે તે વીતરાગ પ્રભુના માર્ગનો ભોમિયો જ નથી.

લાખોની સંપત્તિવાળા કે જેમણે ઇચ્છા

પ્રમાણે પાદ્ગલિક સુખના સાધન મેળવી રાખ્યાં હોય છે, તેઓ પોતાને ભૂલી જઈને અત્યંત આસક્તિથી વૈષયિક સુખો ભોગવે છે અને પોતાને પરમ સુખી માને છે. વૈષયિક સુખમાં અંતરાય-વિઘ્ન નાખનારા ધર્મ તથા નીતિના ઉપર તેમને અત્યંત તિરસ્કાર હોય છે. ઇચ્છાયુક્ત કે ઇચ્છામુક્ત જેમની પાસે સુખના સાધન હોતા નથી પણ માત્ર જીવવાના સાધનની સાચી સંપત્તિ કે મિથ્યા સંપત્તિ મેળવવા જીવન વ્યતીત કરી રહ્યા હોય છે તેમને પરમ દુઃખી અને પોતાને સર્વ પ્રકારે સુખી માનો મિથ્યાભિમાનના નશામાં ભાવી વિપત્તિને ભાળતા નથી. પણ જ્યારે આસક્તિભાવનો સહોદર વ્યાધિ આવીને ઊભો રહે છે કે તરત જ પરમ સુખ વિલય પામી જાય છે અને સાદા જીવનમા જીવનાર માનવી જેટલો સુખી હોય છે તેનાથી લાખગણું દુઃખ અનુભવે છે; કારણ કે સાધારણ માનવી ભલે વ્યાધિગ્રસ્ત હોય તોયે તેને ઘણા વખત પછી મોત સાંભરે છે અને વ્યાધિ મટી જવાની આશાના આશરે સાધારણ ઉપાયોથી વૈદ્ય-ડૉકટરોની સહાયતા વગર પણ વ્યાધિથી મુકાઇ જાય છે. તેમ છતાં કદાચ મોત તેડવા આવે તો ખુશીથી તેની સાથે જવા તૈયાર થઇ જાય છે; કારણ કે તેને પોતાની ધન-સંપત્તિના માલીક બીજા બનશે કે બાગ-બંગલા આદિ સુખના સાધન મેળવ્યાં છે તે મરી ગયા પછી પાછાં મળવાનાં નથી, એવું કશુંય મનમાં આવતું નથી તેમજ કાંઇ પણ સંપત્તિ પાછળ છોડી જવાને માટે હોતી નથી એટલે ઘણી જ ખુશીથી મોતની સાથે વિદાય થઈ જાય છે, પણ પૌદ્ગલિક સુખનાં સાધન બાગ-બંગલા-મોટર આદિ સામગ્રીવાળો માનવી તો મેળવેલા ભોગોને ભોગવવાને માટે મોતને નોતરનાર અને સુખ ભોગવવામાં વિઘ્ન નાંખનાર વ્યાધિને કાઢવા ઘણો જ આતુર હોય છે, એટલે સારામાં સારા વૈદ્યો ડૉકટરોનો આશ્રિત બને છે, કારણ કે શ્રીમંતને વ્યાધિ થયો કે તરત જ મોતના ઓળા દેખાવા માંડે છે. અને તેને વિચારો જ એવા આવે છે કે મેળવેલા ભોગોને નિરંતર ભોગવવા ઘણું જીવાય તો ઠીક, કદાચ સુખના સાધન ધન-સંપત્તિ નાશ પામી જાય તો પણ સ્વપ્નના ભોગની જેમ અસંતોષી હોવાથી પાછી ધન-સંપત્તિ મેળવવાની ધૂનમાં મરવું પસંદ કરતો નથી છતાં છેવટે મૃત્યુ આવીને અધોગતિના મહાસાગરમાં હડસેલી મૂકે છે.

અનાદિકાળનો અજ્ઞાની જીવ નથી સમજતો વ્યાધિને કે નથી સમજતો સુખને, તેમજ નથી સમજતો સંપત્તિને કે નથી સમજતો વિપત્તિને અને મોહની શિખવણીથી સાચાને જૂઠું અને જૂઠાને સાચું માનીને ભવઅટવીમા ભમ્યા કરે છે, વ્યાધિ એટલે અસાતાવેદનીનો ઉદય, અને તે કર્મસ્વરૂપ છે. તેનો ક્ષય થયા *વગર વ્યાધિ મટી શકતો નથી. બાહ્યના* ઉપચારો અસાતા ક્ષય ન થાય ત્યાંસુધી કામ *આવી શકતા નથી અને વૈદ્ય-ડૉકટરો વ્યાધિ* મટાડી શકતા નથી, કારણ કે જે પોતાનો જ વ્યાધિ મટાડી શકે નહિં તે બીજાનો કેવી રીતે મટાડી શકે ? જેટલા પ્રમાણમાં અસાતા ઉદયમાં આવી હોય તેનો રસ તથા સ્થિતિ ભોગવાઇ રહ્યા પછી પોતાની મેળે જ વ્યાધિ મટી જાય છે. દવાઓને વ્યાધિ મટાડવામાં જે નિમિત્ત માનવામાં આવે છે તે લૌકિક દૃષ્ટિએ વ્યવહાર પૂરતું છે. જો વ્યાધિ મટાડવાની શક્તિ દવામાં હોય તો દિવસો અને મહિનાઓ કેમ વીતી જાય છે, દવા લીધી કે તરત જ કેમ નથી મટી જતું ? અને જો દવાઓથી વ્યાધિનો સર્વથા નાશ થઇ જતો હોય તો પાછો કદીયે વ્યાધિ થવો જોઇએ નહિ, પણ માનવીને ઘણી વખત વ્યાધિ આવે છે ને જાય છે તેનો પ્રત્યક્ષ અનુ-

ભવ થાય છે. પણ ગરીબ માણસો પૈસાના અભાવથી તથા પશુ-પક્ષીઓ દવા નથી કરતા તોયે તેમનો વ્યાધિ મટી જાય છે, માટે દવાથી વ્યાધિ મટે છે કે વૈદ્યો મટાડે છે એ જે કહેવાય છે તે સાત્ત્વિક સત્ય નથી, પણ અસાતાની સ્થિતિ પૂરી થવાથી કે અસાતાવેદની ક્ષય થવાથી વ્યાધિ મટી જાય છે તે સાત્વિક સત્ય છે.

અનાદિકાળથી જ જીવ તથા કર્મનો સંબંધ છે. બંને પરસ્પર ઓતપ્રોત થઇને રહેલા છે અલ્પજ્ઞ જીવોને કર્મના કાર્યની જેમ જીવનું જ્ઞાન નથી તોયે અનુમાનથી જીવને જાણી શકે છે. જીવની સાથે જોડાયલાં કર્મ અનેક પ્રકૃતિવાળાં હોવાથી જ્ઞાનાવરણીય આદિ આઠ સંજ્ઞાઓ રાખી છે, તેમાં વેદનીય સંજ્ઞાવાળું પણ એક કર્મ છે અને તે સુખ તથા દુઃખ એમ બે પ્રકારે અનુભવાતું હોવાથી સાતા અને અસાતા નામથી ઓળખાય છે. જ્યારે જીવ સુખ ભોગવતો હોય ત્યારે સાતાવેદની અને દુઃખ ભોગવતો હોય ત્યારે અસાતાવેદનીનો ઉદય કહેવાય છે. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરીએ તો અનાદિકાળથી જીવો અસાતા જ ભોગવતા આવ્યા છે તે જ્યારે મુક્ત બનશે ત્યારે અસાતાથી મુકાઇ જશે અને જે મુક્તિના અનધિકારી (અભવ્ય) છે તેઓ તો અસાતાથી મુકાવાના જ નથી માટે ભવ્ય જીવે ભોગવેલી સાતા અસાતાને સરખાવીને સાતા કરતાં અસાતા અનંતાનંતગણી વધી જશે, કારણ કે અદૃશ્ય જગત કે જે જીવોની ખાણ (નિગોદ) કહેવાય છે તેમાં રહેલા જીવો અનાદિકાળથી જ અસાતા-દુઃખ ભોગવી રહ્યા છે. જેમાં એક શ્વાસોશ્વાસ લઈએ તેટલામાં સત્તર વખતથી કાંઇક અધિક જન્મ-મરણ કરે છે. એટલે તેઓ અનાદિકાળથી ત્યાં રહેલા હોવાથી પરમ દુઃખ ભોગવે છે કે ત્યાં સુખનો અંશ પણ નથી-આપણને વિચાર કરતાં એમજ લાગે કે જાણે અનાદિકાળથી એક અસાતાસ્વરૂપ જ વેદની કર્મ હશે. જ્યારે જીવ અદૃશ્ય જગતમાંથી નીકળીને દૃશ્ય જગતમાં આવે છે ત્યારે સાતાવેદનીનો અનુભવ કરે છે. તેમાં પણ જ્યારે દેવલોકમાં જાય છે ત્યારે કાંઇક વધુ પ્રમાણમાં સુખ-સાતા ભોગવે છે. બાકી તો નરકમાં કેવળ દુઃખ જ ભોગવે છે, અને મનુષ્ય તથા પશુ પક્ષી વિગેરે તિર્યંચોમાં તપાસીએ તો સાતા કરતાં અસાતા વધી જાય છે. ગમે તેટલા પૌદ્ગલિક સુખના સાધનવાળો માણસ કેમ ન હોય તે તેના જીવનનો મોટો ભાગ આધિ-વ્યાધિથી ઘેરાયલો હોવાથી અસાતા-દુઃખનું પ્રમાણ અત્યંત વધી જાય છે. તાત્વિક દૃષ્ટિથી વિચાર કરીએ તો આત્મસ્વરૂપનું સાચું સુખ તો સમ્યગ્જ્ઞાનપૂર્વક દેશથી કે સર્વથી મુક્ત થયેલા આત્માઓ જ ભોગવી રહ્યા છે. બાકી તો પુન્ય કર્મજન્ય સાતા ભોગવે છે, અને તે પણ ઘણા જ થોડા પ્રમાણમાં; કારણ કે જ્યાંસુધી જડાસક્તિ હોય છે ત્યાંસુધી જીવ અસાતાવેદની બાંધે છે અને તેના ઉદયથી દુઃખ ભોગવવું પડે છે. કદાચ ધર્મ નિમિત્તે જપ-તપ આદિ કષ્ટાનુષ્ઠાન કરે તોયે પુદ્ગલાનંદી હોવાથી ઘણી જ થોડી સાતાવેદની બાંધે છે જે જીવો લોકોત્તર પુન્યજન્ય સુખ ભોગવે છે તે સમ્યગ્ જ્ઞાનથી જડાસક્તિ ટળી ગયા પછી જપ-તપ-સંયમ આદિ દ્વારા બાંધેલી સાતાવેદનીનું પરિણામ છે. માનવી દુઃખસ્વરૂપ પૌદ્ગલિક સુખ ભોગવવાની લાલસાથી બીજા જીવોને ત્રાસ-ભય-દુઃખ તથા મરણાંત કષ્ટ આપીને કે મારીને અસાતાવેદનીય કર્મ બાંધે છે અને તેથી ભોગવેલા કૃત્રિમ સુખનું પરિણામ આધિ-વ્યાધિ તથા જન્મ-મરણના રૂપમાં આવે છે. અસાતા વેદની અને અલ્પ આયુષ્યના કારણભૂત જીવોનું છેદન-ભેદન-દહન કર્યા સિવાય કે ત્રાસ-ભય તથા દુઃખ આપ્યા સિવાય માનવી પૌદ્ગલિક સુખ ભોગવી શકતો જ નથી. અર્થાત અજ્ઞાની

જીવોએ માનેલું બનાવટી વૈષયિક સુખ ભોગવવાને પૂર્વોક્ત પ્રકારે જીવોની વિરાધના–હિંસા અવશ્ય કરવી જ પડે છે. પૌદ્ગલિક સુખ અને અહિંસા સાથે રહી શકતાં જ નથી અથવા તો આસક્તિ અને દયાનો મેળ મળી શકતો નથી. સંસારમાં કોઇ પણ જડાસક્ત જીવ બીજા જીવોને માર્યા વગર વૈષયિક સુખ ભોગવી શકતો જ નથી. અને દુઃખસ્વરૂપ ક્ષણિક સુખ માટે બીજા જીવોને દુઃખ આપવું તથા મારવું તે વ્યાધિ તથા મૃત્યુનું પોષક છે. જ્યાં સુધી બીજા જીવોને મારીને સુખ ભોગવવાની, વ્યાધિ મટાડવાની કે જીવવાની ભાવના છે અથવા તો સુખ–આરોગ્યતા તથા જીવન મેળવવાની શ્રદ્ધા છે ત્યાં સુધી કોઇ પણ જીવ આધિ, વ્યાધિ તથા મરણમાંથી મુકાતો નથી. તેમજ વૈદ્ય–ડૉક્ટરો પણ દવાના ઉપચારથી મુક્ત કરી શકતા નથી; માટે વ્યાધિથી મુકાવું હોય, સુખ જોઇતું હોય અને જીવવું હોય તો સાચા સુખને સમજીને જડાસક્તિથી વિરામ પામી જાઓ અને કોઇ પણ જીવનું છેદન–ભેદન અને દહન ન કરો તથા દુઃખ, ત્રાસ, ભય અને મરણથી મુકાઇ જાઓ અને દૃઢ શ્રદ્ધા રાખો કે કોઇ પણ જીવને દુઃખ આપવાથી સુખ મળી શકતું જ નથી એટલે તમે પણ દુઃખોમાંથી મુકાઇ જશો. પરિણામે જન્મ–જરા–મરણના ભયથી છૂટી જઇને શાશ્વતી સુખશાંતિ મેળવી શકશો.

વિષયાસક્ત માનવી અજ્ઞાનતાથી એમ માની લે કે–સુંદર સ્ત્રી, મકાન, વસ્ત્ર, ઘરેણા આદિ જડાત્મક વસ્તુઓ જોઇને આનંદિત થવાથી, સારાં પુષ્પ આદિની સુગંધીથી પ્રસન્ન થવાથી, સારું ગાયન સાંભળી ખૂબ ખુશી થવાથી, કેવળ વસ્તુના સ્પર્શથી આહ્લાદિત થવાથી અને મધુર આદિ રસથી શાંતિ અનુભવવાથી જીવની વિરાધના–હિંસા થતી નથી અર્થાત્ કોઇ પણ જીવને ભય–ત્રાસ–દુઃખ આપવામાં આવતું નથી તેમજ કોઇ પણ જીવને મારવામાં આવતો નથી માટે પૌદ્ગલિક સુખ ભોગવવામાં જીવોને અવશ્ય દુઃખ આપવું પડે છે કે મારવા પડે છે એવો નિયમ નથી. જીવની હિંસા વગર પૌદ્ગલિક સુખ ભોગવી શકાય છે, પણ આવી માન્યતા ભૂલભરેલી છે. જો કે દેખીતી રીતે તો પૂર્વોક્ત વૈષયિક સુખમાં હિંસા જણાતી નથી પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરીએ તો જીવહિંસા વગર પૌદ્ગલિક સુખ ભોગવી શકાતું નથી, કારણ કે હિંસા બે પ્રકારની છે. એક તો પોતાના જ આત્માની અને બીજી પર જીવોની. સારા અનુકૂળ આંખના વિષયથી, કાનના, નાકના, જીભના અને સ્પર્શના અનુકૂળ વિષયથી આનંદ–સુખ અને પ્રતિકૂળ વિષયથી અણગમો–દુઃખ મનાય છે તે રાગ–દ્વેષનું પરિણામ છે. અને તે રાગ–દ્વેષ મોહનીય કર્મનું અંગ હોવાથી જીવને પુષ્કળ કર્મ બાંધવામાં નિમિત્ત બને છે. જેને લઇને જીવને અનંતા જન્મ–મરણ કરવાં પડે છે, જેથી કરીને જીવને આત્મહિંસા લાગે છે, કારણ કે વિષયાસક્તિથી જીવ પોતાના જ આત્માના મરણ વધારે છે અને તે જેટલાં મરણ કરે તેટલાં જીવોને મારવાની તેને હિંસા લાગે છે. જ્યાં રાગ હોય છે ત્યાં દ્વેષ પણ સાથે જ રહેલો છે. પ્રતિકૂળ વિષયમાં દ્વેષ હોય છે તો અનુકૂળ વિષયમાં રાગ હોય છે. ઇંદ્રિયોના વિષયોમાં જેટલો રાગ વધારે તેટલી જ આસક્તિ પણ વધારે જ હોય છે અને જેટલી આસક્તિ વધારે હોય છે તેટલી જ અસાતાવેદની તથા મરણનું પ્રમાણ પણ વધારે જ હોય છે, કારણ કે પુદ્ગલાનંદી જીવ પુદ્ગલોનો ભોગોપભોગ કર્યા વગર સુખ કે આનંદ માની શકતો નથી. અને તે પુદ્ગલો એક ઇંદ્રિયથી લઇને પંચેંદ્રિય સુધી તિર્યંચોના તથા મનુષ્યના દેહરૂપ હોય છે. વૈષ-

યિક સુખ પોષવાને તિર્યંચોના શરીરની ઘણી જ જરૂરત પડે છે, ફક્ત સ્પર્શેંદ્રિયનો વિષય એવો છે કે જેમાં મનુષ્ય દેહની પણ જરૂરત રહે છે. આંખ, નાક, કાન અને જીભના વિષય માટે મુખ્યત્વે કરીને તો તિર્યંચોના દેહની આવશ્યકતા હોય માટે મનુષ્યો તિર્યંચોના શરીર મેળવવાને તેમની હિંસા કરે છે; કારણ કે તેમને માર્યા વગર તેમનાં શરીર ભોગોપભોગના કામમાં આવી શકતાં નથી. માનવીનાં શરીર સુંદરતા, લાવણ્યતા આદિ ચક્ષુ ઇંદ્રિયનાં ઉપભોગ માટે તથા વિષયોપભોગ સ્પર્શેંદ્રિયનો વિષય પોષવાને માટે મનુષ્યને માર્યા વગર ઉપયોગમાં લેવાય છે, જે વિષયાસક્તિ પોષવામાં મનુષ્યદેહની જરૂરત પડે છે તેમાં સચેતન દેહ જ ઉપયોગમાં લઇ શકાય છે. પણ પશુ, પક્ષી આદિ તિર્યંચોની જેમ નિશ્ચેતન દેહ કામ આપી શકતો જ નથી. નિશ્ચેતન માનવીના દેહથી તો વિષયાસક્તિની જાગૃતિ થતી નથી પણ વિષય વિરક્તિની જાગૃતિ થાય છે; માટે માનવ દેહને છોડીને શેષ જીવોના દેહ માટે તેમને મારવા પડે છે. કદાચ મારવા ન પડતા હોય તો દુઃખ, ત્રાસ તથા મરણાંત કષ્ટ તો આપવું જ પડે છે. તે સિવાય તો વૈષયિક સુખ ભોગવી શકાતું જ નથી.

આ પ્રમાણે માનવી જડાસક્તિથી વૈષયિક સુખને પોષવાને બીજા જીવોનું છેદન-ભેદન-દહન કરીને તથા મારીને અસાતા વેદની તથા અનેક મરણનો સંચય કરે છે. જ્યારે અસાતા વેદનીયનો ઉદય થાય છે ત્યારે જીવને જે અસહ્ય તીવ્ર દુઃખો ભોગવવાં પડે છે તેને વ્યાધિ કહેવામાં આવે છે. તે વખતે જે આયુષ્ય-જીવન ભોગવતો હોય તેનો ક્ષય થઇ જવાથી મરણ કહેવાય છે. એટલે કે અસાતાનો ઉદય તે વ્યાધિ અને તેનો ક્ષય તે આરોગ્યતા, ત્યારે આયુષ્ય કર્મનો ઉદય તે જીવન અને તેનો ક્ષય તે મરણ. આ પ્રમાણે વ્યાધિ અને મરણનું સ્વરૂપ જુદું હોવાથી માનવી અસાતા ઉદયનો ક્ષય ઇચ્છે છે ત્યારે આયુષ્ય કર્મના અક્ષયની ચાહના રાખે છે.

આ પ્રમાણે વ્યાધિ તથા મરણનો કર્મભેદે અરૂપ ભેદ હોવાથી વ્યાધિ, મરણના રૂપમાં પરિણમતું નથી પણ મરણનું નિમિત્તકારણ બની શકે છે, અને તેથી કરીને દરદીને મરણની આશંકા રહે છે. જો વ્યાધિથી અવશ્ય મરી જવાતું હોય તો કોઇ પણ દરદી દવાનો આશ્રય લે જ નહિં અને વૈદ્યને બોલાવે જ નહિં, પણ દવા લેવાથી કેટલાક દરદી સાજા થઇ જાય છે અને જીવે છે; કેટલાક ઘણા વખત સુધી રીબાય છે અને છેવટે સાજા થાય છે, ત્યારે કેટલાક ઘણીયે દવાઓ કરવા છતાં પણ મરી જાય છે; માટે જેમ નીરોગી બનવામાં દવા નિમિત્ત છે તેમ મરવામાં વ્યાધિ પણ એક નિમિત્ત છે. જેમ દવાથી બધાય દરદી સાજા થતા નથી તેમ વ્યાધિથી બધાય દરદી મરી જતા નથી, કારણ કે આયુષ્ય કર્મનો ઉદય ચાલુ હોય અને અસાતા વેદનીયનો ઉદય ક્ષય થઇ ગયો હોય તો દરદી મરતો નથી પણ સાજો થઇ જાય છે. જો અસાતાનો ઉદય ઘણા વખત સુધી રહેવાનો હોય અને આયુષ્યનો ઉદય તેનાથી પણ વધારે કાળનો હોય તો દરદી રીબાઇને છેવટે સાજો થઇ જાય છે અને જો અસાતાનો ઉદય લાંબો હોય અને આયુષ્યનો ઉદય ટૂંકો હોય તો આયુષ્ય કર્મ ક્ષય થવાથી દરદી મરી જાય છે. આયુષ્ય લાંબું હોય અને અસાતા ટૂંકી હોય તો દરદીને દવા લેવાથી આરામ થઇ જાય છે. કદાચ અસાતાવેદનીય લંબાય તો સારામાં સારો કહેવાતો વૈદ્ય કે સારામાં સારી કીમતી દવા કશો પણ ફાયદો કરી શકતી નથી. એટલે દરદી મુંઝાય છે અને અધીરાઇ આવવાથી વૈદ્યો અને દવાઓ બદલે છે. જ્યારે અસાતાનો રસ

ઉત્તરોત્તર તીવ્ર થવાનો હોય છે ત્યારે બીજાઓને ગુણકારી દવા પણ દરદીને કાંઇ પણ અસર કરી શકતી નથી અને દરદી વૈદ્યનો વાંક કાઢે છે કે વૈદ્યની દવા લેવાથી મારો રોગ વધી ગયો અને જ્યારે અસાતા ક્ષય થવાની અણી ઉપર હોય છે ત્યારે વૈદક શાસ્ત્રથી અણજાણ માણસે આપેલી સાધારણ વનસ્પતિથી મટી જાય છે એટલે દરદી એમ કહેતો સંભળાય છે કે જે રોગ વૈદ્ય-ડૉક્ટરો મટાડી શકતા નથી તે રોગ અમુક ઠાકરડાએ કાંઇક આડના મૂળીયા આપીને ચાર દિવસમાં જ મટાડી દીધો. વસ્તુસ્થિતિ આવી હોવાથી વૈદ્યો કે ડૉક્ટરો દવાઓથી કોઇનો પણ વ્યાધિ મટાડી શકતા નથી તેમજ જીવાડી શકતા પણ નથી, પરંતુ ઉદયમાં આવેલી અસાતા ભોગવાઇને ક્ષય થઇ જવા આવે છે કે તરત જ ઘણા વખતથી દવા ખાઇને કંટાળેલા અને દવા મૂકી દીધેલા દરદીનો પણ વ્યાધિ મટી જાય છે.

જેઓ કર્મવાદનો સિદ્ધાંત સાચી રીતે જાણીને સમજે છે તેઓ વ્યાધિ તથા મરણ માટે દવા આદિ બાહ્ય ઉપચારોને પ્રધાનતા આપતા નથી, પણ વ્યાધિ યા મરણના કારણભૂત કર્મને પ્રધાનતા આપીને તેનો નાશ કરવા પ્રયાસ કરે છે અને નવીન કર્મની આવંકને રોકે છે. અર્થાત્ વૈષયિક સુખ માટે કરવામાં આવતી જીવની વિરાધના-હિંસા ટાળીને અહિંસક વૃત્તિ આદરે છે, જેથી કરીને વ્યાધિના ઉત્પાદક કર્મોનો સંચય થતો નથી અને મરણનો પણ અંત આવી જાય છે. કર્મવાદી સારી રીતે સમજે છે કે જ્યાંસુધી ભાવવ્યાધિ તથા ભાવમરણ મટતાં નથી ત્યાંસુધી દ્રવ્યવ્યાધિ તથા દ્રવ્યમરણ અનેક પ્રકારના દવા આદિના બાહ્ય ઉપચારો કરવા છતાં પણ સમૂળગાં નષ્ટ થતાં નથી. ભાવવ્યાધિ એટલે વિષયાસક્તિ અને ભાવમરણ એટલે જ્ઞાનાદિ ગુણોનો નાશ. ભાવવ્યાધિ તથા મરણની વ્યવસ્થા કરનાર મોહનીય કર્મ છે અને તે કષાય તથા વિષયસ્વરૂપ છે. જો કે આત્માને ચારે તરફથી ઘેરીને જ્ઞાનાદિ સંપત્તિને લૂંટનારા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય છે તો પણ તે બધાય મોહનીય વગર પાંગળા-અશક્ત છે. મોહનીય આત્માને અવળું સમજાવીને વિષયાસક્તિરૂપ અટવીમાં દોરી ન જાય ત્યાંસુધી જ્ઞાનાવરણીય આદિની ત્રિપુટી આત્માની સંપત્તિ લૂંટી શકતી નથી, માટે મોહ આત્માને સુખની લાલચ આપીને તેની પાસે જીવોના વધબંધન-છેદનભેદન આદિ કરાવે છે એટલે જ્ઞાનાવરણીય આદિ આત્માને અપરાધી ઠરાવીને તેની સંપત્તિ લૂંટી લે છે અને વ્યાધિના મરણની સજા કરે છે. અને તે સજા આત્માને અનિચ્છાયે પણ ભોગવવી પડે છે. મોહનો ભરમાવેલો જીવ સુખ-શાંતિ તથા આનંદ ભોગવવાને અને જીવવાને બીજા જીવોને નિર્દયતાપૂર્વક હણવામાં જરાયે સંકોચ રાખતો નથી અને તેમાં જરાયે અપરાધ પણ માનતો નથી, પણ જ્યારે તેની સજારૂપ વ્યાધિ ભોગવવાનો સમય આવે છે ત્યારે અને છેવટે મૃત્યુ આવે છે ત્યારે ભોગવેલા સુખ કરતાં અનંતી વેદના અનુભવે છે. તે વખતે પણ મોહ તેને સમજાવે છે કે-વ્યાધિ તથા મરણ તારું સુખ છિનવી લેવા આવ્યા છે. તારી ધન-સંપત્તિના-સુખના સાધનોથી તને છૂટો પાડીને મોત લઇ જાય છે. આ પ્રમાણે મોહના ભંભેરવાથી જીવ કોડોની સંપત્તિ મેળવી પ્રાપ્ત કરેલાં પૌદ્ગલિક સુખના સાધનોને આસક્તિભાવથી ભોગવીને જેટલો પોતાને સુખી માનતો હતો તેનાથી અનંતગણો દુઃખી મોતની સાથે જતાં પોતાને માને છે, માટે જો આત્મા મોહની શિખવણીથી મુકાય તો જ ભાવવ્યાધિ તથા ભાવમરણનો નાશ કરીને દ્રવ્યવ્યાધિ તથા દ્રવ્યમરણથી મુક્ત થઇ શકે છે. બાકી તો મોહનું દાસ બનેલું વિષયાસક્ત જગત ભલે ત્યાગનો પણ ઢોળ કેમ ન કરે તોયે અનંત કાળે પણ વ્યાધિ તથા મરણથી છૂટી શકવાનું નથી.

જ્ઞાન ગીતા શતક.

(ગતાંક પૃષ્ઠ ૧૪૨ થી ચાલુ)

મારો પંથ તારો પંથ, વદે ન સાચો નિર્ગ્રંથ, સ્યાદ્વાદ વીર પંથ, સુમાર્ગ જણાય છે;
અજ્ઞાનીના મત કાચા, જ્ઞાનીનાં વચન સાચા, મિથ્યા નહિં વદે વાચા, જ્ઞાની તે ગણાય છે.
વીરતણાં સાચાં નેત્ર, દેખે લોકાલોક ક્ષેત્ર, સમજી થાઓ એકત્ર, જેહ સુખદાય છે;
વિશાળ સુદૃષ્ટિ કરી, મધ્યસ્થ વૃત્તિઓ કરી, ભેદભાવ દૂર કરી, સમત્વ સધાય છે. ૨૬

મૌન રહે તેહ મુનિ, ધોકા પંથે તેહ ધુની, હિંસા કરે તેહ ખૂની, સમજી શકાય છે;
મુનિ મહાવ્રત પાળે, ચૂકે ન નિયમ કાળે, ધર્મમાં જીવન ગાળે, મુનિ તે મનાય છે.
મત પંથાદિની જાળે, સપડાવે જેહ ભાળે, જીવનની જ્યોત બાળે, ધૂની તે જણાય છે;
હિંસક થઇને ફાળે, જીવોનાં જીવન ટાળે, પાપમાં જીવન ગાળે, ખૂની તે ગણાય છે. ૨૭

ધરમ ધરમ કરે, પાપથી ન પાછો ફરે, ધરમ લજાઈ મરે, ધરમીનાં ઢંગથી;
ધરમનાં નામે ચરે, કરમ એ ક્રૂર કરે, ધરમનો ધોખો ધરે, ધરમીનાં રંગથી.
ધરમ તો નિજ ઘરે, લેવા દુકાનોમાં ફરે, ધરમમાં ક્યાંથી ઠરે ? અધર્મનાં સંગથી;
ધરમનાં બાને ચરે, જીવતણાં ગળાં કરે, દયા ન લગાર અરે, ધરમનાં ભંગથી. ૨૮

કર્તવ્યને માનો ધર્મ, અંતર વિચારો મર્મ, અનાસકતે કર્મ કરો, જીવન શોભાવવા;
કોઇ કહે મારો ધર્મ, કોઇ કહે એનો ધર્મ, એક છે આતમ ધર્મ, કલેશને મિટાવવાં.
પ્રવૃત્તિ કરો જરૂર, પણ ત્યાગો કર્મ ક્રૂર, સદાચાર ભરપૂર, શાંતિને વધારવાં;
સંસારમાં રહી સહુ, સંપને વધારો બહુ ! જંપ છે ટૂંકામાં કહું, આનંદમાં વસવા. ૨૯

કરમ પ્રમાણે મળે, ચિંતામાં તું શાને બળે ? પુરુષાર્થ કર કળે, ભાગ્ય અજમાવવા;
પુન્યથી જો ઝાઝું મળે, દબાઇશ નહિં તળે, દાન કર ધન બળે, પુન્યને વધારવા.
કોઇ રંક કોઇ રાય, પુન્ય પાપની વડાઈ, મદમાં શું મલકાય, સમભાવ ધારવા;
દાનથકી પુન્ય થાય, સંસારમાં સુખ થાય, પાપથકી દુઃખ થાય, ન્યાય એ વિચારવાં. ૩૦

લાવ્યા નહિં કંઇ સાથ, વળી જાશો ખાલી હાથ, ફોગટ બથોડા બાથ, તૃષ્ણામાં તણાઇને;
કલેશ નહિં કોઇ સાથ, બંધુભાવે ભીડો બાથ, પીડો નહિં કો અનાથ, પાપમાં ભરાઇને.
કોનાં ઘર કોનાં બાર, કોનાં છોરૂં કોની નાર, કરમનાં ચમકાર, મોહમાં ફસાઇને;
હર્ષ અને વળી શોક, મરતાં મૂકે છે પોક, અજ્ઞાનતા દીસે લોક, માયામાં મુંઝાઇને. ૩૧

સાથે જાય પુન્ય પાપ, નહિં જાય બેટો બાપ, આતમા તું ખાય થાપ, મારું મારું કરીને;
તારું તે તો તારી પાસ, પરનો શું બને દાસ ? તું તો આત્મ દ્રવ્ય ખાસ, કહું ફરી ફરીને.
મદઝર હસ્તી ફરે, મચ્છરે મુંઝાઇ મરે, અભિમાન શાને કરે ? હું હુંપણું ધરીને;
ધનમદ કુળમદ, રૂપમદ સત્તામદ, તેનું બહુ મોટું કદ, મરે ઝુરી ઝુરીને. ૩૨

(ચાલુ)

અમરચંદ માવજી શાહ

ધર્મ....કૌશલ્ય

(૨૫)

જ્ઞાનઃ ક્રિયા–Intelligent action—

ચંદનનો બોજો વહન કરનાર ગધેડા ભારને જાણે છે, પણ ચંદનને જાણતો નથી–

તે પ્રમાણે ઘણાં શાસ્ત્રને ભણેલા પુરુષો જો ક્રિયા રહિત હોય તો તે ગધેડાની માફક શાસ્ત્રના ભારને વહન કરનારા થાય છે.

બહુ મોટી મોટી વાતો કરે, પંડિતાઈનું ઘમંડ રાખે, વ્યાખ્યાન કરે તો સભાને છક કરી દે, પણ વર્તન કરવાનો વખત આવે ત્યારે ગળિયો બળદ થઇ જાય, આળસુ બનીને થાકયો દેખાય, કરે તો મન વગર ઉપર ઉપરનો ઢોળ કરે, પણ અંદર કોરો ધાકોર હોય,–

અથવા વાત કરે પ્રમાણિકપણાની, અને સામાનું ગળું કરતાં જેના દિલમાં જરા સરખી અરેરાટી પણ ન થાય; અથવા વાત કરે નમ્રતા, સ્થિરતા કે આર્જવની, અને વાત કરવા બેસે ત્યારે સામાના છતાં અછતાં દુર્ગુણની તેની ગેરહાજરીમાં નિંદા કરતાં કે તેના અવર્ણવાદ બોલતાં એની જીભ પર જરા સરખું ચોકહું ય ન લાગે; અથવા સત્ય, શીલ, દયા કે સજ્જનતા પર ભાષણ આપીને નીચે ઊતરતાં જ કોઇને ગાળ આપતાં, તુચ્છકાર સાથે હુકમ કરતાં, તોછડાઈથી સામાને તોડી પાડતાં કે પોતાની મહત્તા બતાવતાં પોતાની નરમાશ બતાવવાનો દાવો કરતાં જેના દિલમાં અરેરાટી પણ ન થાય,–

આવા પુરુષો દુનિયામાં નકામો જ્ઞાનનો બોજો ઉપાડે છે, ભાર વેંઢારીને હેરાન થાય છે, ખોટો દાખલો બેસાડી બીજાને પતિત થવાનો માર્ગ સરલ કરી આપે છે અને જાતે નિષ્વંસ થઇ, તીવ્ર કર્મ બાંધી, ગળે પથ્થર વીંટી, મહાન ભવસમુદ્રમાં ઊંડા ડૂબી જાય છે; એવાનો આરો આવતો નથી, એમને માર્ગ મળતો નથી અને જાતે અંધ કૂવામાં પડતાં પડતાં બીજાને પોતાની સાથે ખેંચી જાય છે.

ગધેડાને ચંદનની ગંધ આવતી નથી. એની પીઠ પર સુખડ લાદ્યું હોય કે ધૂળના ઢેફાં ભર્યાં હોય એ બન્ને એને મન સરખાં છે, એને પથ્થરનો ભાર લાગે છે તેટલો જ ચંદનનો લાગે છે, એ ચંદનની સુગંધથી બેનસીબ રહે છે. એના પર ચંદનનો ભાર આવ્યો એનો એને કોઇ જાતનો લાભ મળતો નથી. તે જ પ્રમાણે સમજુ જાણકાર જ્ઞાની માણસ ક્રિયા ન કરે, કરે તો સાચી સમજીને ન કરે, તો એનાં જ્ઞાનનો કશો અર્થ નથી. એકલું જ્ઞાન પાંગળું છે, એકલી ક્રિયા આંધળી છે. જ્ઞાન અને ક્રિયાનો સહચાર હોય ત્યાં જ ખરી મજા જામે છે, બાકી જ્ઞાન વગરની ક્રિયા હોય તો તેનો વિનીપાત થતાં વાર લાગતી નથી અને હેતુ રહસ્યના અજાણપણામાં ક્રિયાનો સાચો લાભ મળતો નથી અને જાણી સમજીને બેસી રહે, ગજના ગજ માપે, પણ એક તસુએ કાપે નહિ–એ જ્ઞાનનો પણ અર્થ નથી. માત્ર જ્ઞાન બોજારૂપ છે, માત્ર ક્રિયા આંધળી છે. એવા અર્થ, હેતુ કે પરિણામ વગરના જ્ઞાનના કે એવી વગર સમજણની ક્રિયાના સંવ્યવહારમાં કોઇ જાતનો લાભ થતો નથી. માટે કરો તે સમજીને કરો, સમજો તેનો બરાબર અર્થ કરો અને નકામી મજૂરી ને વેઠમાં કાંઈ ફેર નથી એ વાતનું રહસ્ય સમજો. ગતાનુગતિક થવામાં માલ નથી તેમજ સમજીને બેસી રહેવામાં પણ માલ નથી. ગધેડાની જેટલી મજૂરી કરવી અને અવસર મળે છતાં સુગંધ પારખવી પણ નહિ એ સાચા ધર્માર્થીની બાબતમાં શોભાસ્પદ ન ગણાય.

यथा खरश्चन्दनभारवाही, भारस्य वेत्ता न तु चन्दनस्य।
तथैव शास्त्राणि बहून्यधीत्य, क्रियाविहीनाः खरवद्वहन्ति ॥

સુશ્રુત.

(૨૬)

અહિત : Harm

હસતી ગલ કરતી જરા (વૃદ્ધાવસ્થા) વાઘણની જેમ સામે રાહ જોઈ રહેલ છે; દુશ્મનના જેવા રોગો શરીરને હાલ બેહાલ કરી રહ્યા છે; ભાંગેલા ઘડામાંથી ક્રવતા પાણીની માફક આઉખું ટપકયા કરે છે; છતાં લોકો અહિત કર્યા જ કરે છે.

એ ખરેખર આશ્ચર્યકારક છે.

જરા વાત વાતમાં પારકાનું સત્યાનાશ કાઢવામાં માણસને જરાયે આંચકાએ થતો નથી. એને કોઈ જાતનો લાભ હોય કે ન હોય, પણ બીજાને એનાથી નુકશાન કેટલું થશે એનો એ વિચાર પણ કરે નહિ. એ તો ગમે તેમ ભરડે રાખે, ગમે તેવું બે બદામનું બોલી સામાને હજારોના નુકસાનમાં ઉતારે, પોતાને બે આનાનો લાભ થતો હોય તો સામાને સેંકડોનું નુકશાન થાય તેમાં એને ખેદ પણ ન થાય. એ સિવાય કોઈની નિંદા કરવામાં, કોઈનાં અવર્ણવાદ બોલવામાં, કોઈના સંબંધી બનાવટી વાતો કરવામાં, કોઈને હલકા પાડવામાં જરાએ સંકોચ પણ ન થાય, ગમે તે રીતે પોતાનાં ખીસ્સાં ભરાય, અને તેની અસર અન્ય પર કેવી થાય છે તેનો ખ્યાલ પણ ન આવે એ તો ભારે નવાઈની વાત છે.

માણસે વિચારવું ઘટે કે બીજાનું બગાડીને પોતાનું સુધારવું એ તો નરી બાલિશતા છે. ખ્યાલમાં રાખવું જોઈએ કે એવી અધમ રીતે મેળવેલ લાભ ઘણો વખત ટકતો નથી. ભીખનાં હાલ્યાં કદી શીકે ચઢતા નથી. પણ બાકી કેટલીક વાર અનાચાર કે અત્યાચારનાં ફળને માટે રાહ જોવી પડે છે, પણ ખ્યાલમાં રહે કે અંતે તો ચોરને પાટલે ધૂળની ધૂળ જ રહે છે અને કેટલીકવાર તો ઘરની પોતાની વસ્તુ પણ તેમાં તણાઈ જાય છે. લુચ્ચાઈ કે દોંગાઈથી હજાર મેળવ્યા હોય ત્યારે કેટલાકને સારું લાગતું હશે, પણ તેનાથી એનું એટલું નૈતિક અધઃપતન થાય છે કે એ થોડાં માસ કે વર્ષ પછી પોતાની ઘરની પુંજી પણ ખોઈ બેસે છે.

અને માણસે યાદ રાખવું જોઈએ કે દરેક દિવસે આઉખું ઘટતું જાય છે, જુવાનીનો લટકો ચાર દહાડાનો છે, તેની બીજી બાજુએ ઘડપણ રાહ જોઈને બેઠું છે અને નજીક આવતું જાય છે, ટાઈફોઈડ, ક્ષય, પ્લેગ, કોલેરા જેવા દરદો વીખરાયલા પડેલા છે અને એનો ભોગ થતાં રાંધ્યા રજક રહેશે અને ગમે તે રીતે મેળવેલ પૈસા કે લીધેલ લાભો અહીં પડયા રહેશે અને પોતાને ઉઘાડે હાથે પગ ઘસતાં ચાલ્યા જવું પડશે અને તે વખતે ગેરવાજબી લાભો સાથે નહિ આવે, પૈસા અહીં પડયા રહેશે અને કોઈ જગાએ ઘડી ઘડીના અને પળપળના હિસાબ આપવા પડશે. અહીં કરેલાં ખોટાં કામના ભરપટ્ટે બદલા ભરવા પડશે ત્યારે સ્વાધીન દશા પણ કદાચ નહિ હોય. આમ છે તો પછી પારકાનું અહિત કેમ કરાય ? શામાટે કરાય ? કેટલાએ જવાબ તો અહીં ને અહીં આપવા પડે, શરીરમાં વાળા નીકળે, વિસ્ફોટક થાય, નામ ન લેવાય તેવા, કાળી બળતરા કરાવે તેવા રોગો થાય. ત્યારે એ સર્વ કોના માટે ? અને અંતે જવાનું તો નક્કી છે, તો પછી આંખ ઉઘાડો, વિચાર કરો અને જરા આગળ નજર કરો. દાવાનળમાંથી નીકળી જવું હોય, વ્યાધિમાંથી બચવું હોય, આંટાફેરા અળસાવવા હોય તો આખો રાહ બદલી નાખો, નવો રાહ પકડી લો અને જીવનને પલટો આપી દો. પરહિત બને તેટલું કરો અને તેની અંતરની મોજ જુઓ. તમને પોતાને જ સુંદર પલટો અનુભવાશે અને તત્ત્વજ્ઞાનીના આશ્ચર્યને છેડો આવશે.

व्याघ्रीव तिष्ठति जरा परितर्जयन्ती, रोगाश्च शत्रव इव प्रहरन्ति देहम् ।
आयुः परिस्रवति भिन्नघटादिवाम्भो, लोकस्तथाप्यहितमाचरतीति चित्रम् ॥

ભર્તૃહરિ.

(૨૭)

વીર્યસ્ફુરણની મર્યાદા-Manifestation

જે કોળિયો ભરવા જતાં પોતાના ગલોફામાં સમાઇ શકે તેવો હોય, જે કોળિયો ભરી લીધા પછી પોતાથી જીરવાય તેવો હોય અને જેનાથી પરિણામે પોતાનું હિત થાય તેવું હોય-તેવો અને તેટલો જ કોળિયો આબાદી ઇચ્છનારે ભરવો ઘટે.

સામે અનાજ, શાક કે મીઠાઇના ઢગલા પડ્યા હોય માટે ખૂકડા મરાતા નથી. એમાંથી આપણા ગલોફામાં માઇ શકે તેટલું જ મ્હોંમાં મૂકાય. સામે પાણીનું મોટું સરોવર હોય તેથી આપણા મ્હોંમાં ઘડો પાણી એકી સાથે નાખી શકાય નહિં. એ જ પ્રમાણે આપણું ગલોફું ભરવામાં પણ આપણી પાચનશક્તિનો ખ્યાલ કરવો ઘટે. ઘરડો માણસ બે ચાર લાડવા ખાઇ નાખે તો લાંબો થઇ જાય. પોતાને ફાવે, પચે અને પોતાથી જીરવાય તેટલો જ ખોરાક ગલોફામાં મૂકાય. ઊધરસવાળો મરચું ખાઇ ન શકે અને કમળાવાળો ઘી તેલ ખાઇ ન શકે. વસ્તુ સામે પડી છે કે પોતાને ઉપલબ્ધ છે, માટે મ્હોંમાં ઠોંસવા માંડે, તો માણસ બદહાલ થઇ જાય. અને જુવાન માણસ હોય અને પાચનશક્તિ સારી હોય તેણે પણ પરિણામે પોતાને લાભ કેટલો થશે તેની ગણતરી કરીને ખોરાક મ્હોંમાં મૂકવો જોઇએ. ચઢતે લોહીએ તો ઘડીભર પથરાએ પચી જાય એમ લાગે અને કાચને કચકચાવીને હોજરી સુધી મોકલી શકાય, પણ એ સર્વ અત્યાચારોની અસર હોજરી પર થયા વિના રહેતી નથી અને જુવાનીની એવી મૂર્ખાઇઓ ઘડપણમાં ભરપટ્ટે વસૂલ આપવી પડે છે; માટે તમારી ગલોફાની શક્તિ, તમારી પચાવવાની તાકાત અને તમારી લાંબી નજરની હિતદૃષ્ટિ લક્ષ્યમાં રાખવામાં જ તમારું હિત છે, તે રીતે જ તમે શરીર બાંધી શકો, જાળવી શકો અને તેની પાસેથી પૂરતું કામ લઇ શકો.

આ વાત એકલી ખાવાને જ લગતી નથી. કોઇ ક્રિયા કરો, કોઇ વિચાર બતાવો, કોઇ ધારણા કરો-તો તેમાં પોતાની શક્તિ, પોતાની પચાવવાની તાકાત અને પોતાને પરિણામે થવાનો લાભ વિચારીને ક્રિયા, વર્તન કે ઉચ્ચાર કરો. પોતાનું સાચું ધ્યેય કરવાનો એ જ માર્ગ છે. નકામા તણાઇ મરવાથી લાભ ન થાય. શક્તિ વિગોપન કરવાથી જેમ લાભ ન થાય તેમ શક્તિનો અતિશયોક્તિ ભરેલો ખ્યાલ બાંધવાથી પણ લાભ ન થાય. ત્યાગમાં, આદરમાં, ક્રિયા કરવામાં, દાન લેવા દેવામાં અને વ્રત નિયમ કરવામાં-પોતાની શક્તિનું માપ કરવું, પોતાની પચાવવાની શક્તિનો ક્યાસ કરવો અને પોતાને પરિણામે લાભ થવાનો પાકો હિસાબ કરવો. **જે કાર્યમાં લાભ વધારે દેખાય અને જે કરવાની પોતાની શક્તિ હોય તો વગર સંકોચે તે કામ કરવું**, તેનાં લાંબા પરિણામો નજરમાં રાખવાં અને પોતાની શક્તિ હોય તો તેને છુપાવવી કે અવગણવી નહિં. માત્ર દેખાવ કરવાનો કે અંધ અનુકરણનો રસ્તો ન લેવો, પણ પોતાનો અંગત હિસાબ મૂકવો. ઘર બાળીને તીરથ કરવું એ જેમ અક્કલ વગરની વાત છે, તેમ હંમેશાં ઘરનો જ વિચાર કરી, બહાર કે આગળ પગલું જ ન ભરવું એ પણ બાલિશતા જ છે. પોતાનું ધ્યેય ઇચ્છનારે પોતાની શક્તિ, પોતાની પરિસ્થિતિ અને પોતાની પરંપરા લાભ ગણી કામ કરવું અને એમ કરવામાં સાચો માર્ગ જરૂર જડી આવશે. પારકાની હવેલી જોઇ, પોતાના ઝૂંપડાં બાળી ન નાખવાં પણ ઝૂંપડાંને સારા બનાવવાની શક્યતા હોય તો તેને જતી પણ ન કરવી. ધર્મમાર્ગે પ્રગતિ કરનારનો આ સાચો રસ્તો છે, લાભકારી છે, ઇચ્છિત સ્થાને લઇ જનાર છે.

यच्छक्यं ग्रसितुं ग्रासं ग्रस्तं परिणमेच्च यत् । हितं च परिणामे स्यात्तत्कार्यं भूतिमिच्छता ॥
व्यास मुनिः

(૨૮)

Objectivity–પરાન્વયી.

ક્રૂર માણસો દયાના ખૂબ પ્રેમી હોય છે, લોભીઆ માણસો ઉદારતા તરફ પ્રેમ બતાવે છે, અભિમાની માણસો નમ્રતાના ઉપાસક દેખાય છે પણ તે બીજામાં–પોતામાં નહિ.

દંભના દાખલાઓ વિચારો, બહારના દેખાવની ભીતરના ગોટાળા તપાસો અને તમને આ દુનિયા પર ખરેખર કંટાળો આવશે. દંભીના ઢોંગ કઇ કઇ જાતના થાય છે તે જરા અવલોકો. તમે એક મુંજી માણસ પાસે પૈસા ભરાવવા, ફંડ ફાળામાં નાણા આપવા વિનવવા જશો તો એ પારકાની ઉદારતાના ભારોભાર વખાણ કરશે. ભાઇ! એની તે શી વાત થાય? એ તો કર્ણનો અવતાર છે, દાનવીર છે વગેરે. પછી તેને પૈસા ભરાવવાનું કહેશો તો અનેક બહાનાં કાઢશે. પોતે લાખોનો વેપાર કરતો હશે તો પણ ભાઇ દેશમાં ગયા છે, બાપાને જવાબ લખવો પડશે વગેરે અનેક બહાનાં બતાવશે.પછી એ હમણાં હમણાં ટીપ–ટપારાની સંખ્યાની વાતો કરશે. પોતે એક પાઇ આપી નહિ હોય, છતાં આખા મુંબઇનો બોજો પોતાના માથા પર આવી પડયો હોય તેવી વાત કરશે અને અંતે અન્યની ઉદારતાની દાંભિક વાત કરનાર તમને પાણીચું નાળિયેર, અને સુક્કો ગોળ આપશે. પારકી ઉદારતાના વર્ણનની નીચે કેવો દંભ ભરાયલો હોય છે તેનો તમને અભ્યાસ–પાઠ મળશે. આવા પારકાની વાતમાં પહોળા થઇ જનાર પોતાને એ ઉદારતાની પ્રશંસા સાથે કાંઇ લેવાદેવા નથી એમ બતાવે અને 'ભાઇ! આપ તો ખૂબ ખરચી શકો છો, તમારી તે વાત થાય? તમારા પેંગડામાં અમારો પગ આવે?'–આવું આવું બોલી પોતાનું દાંભિક માનસ બતાવી આપશે.

તે જ પ્રમાણે નિર્દય માણસ બીજાની દયાના વખાણ કરશે, અને પાકા અભિમાની માણસો અન્યની નમ્રતા વખાણશે, પણ એને તે **વખાણ સાથે કાંઇ લેવાદેવા હોતા નથી.** એ પ્રશંસાને પોતાથી એક હાથ દૂર જ રાખે. એને તો પારકાની **પ્રશંસાના ઓળા નીચે પોતાનો ગોટાળો** ચલાવી લેવો છે, પોતાની હૃદયહીનતા છુપાવવી છે, પોતાની મલિનતાની આગળ આડો પડદો ધરવો છે. આવા નૈતિક નજરે દીવાળીઆ માણસો પોતાની જાતને ઘણો અન્યાય કરે છે, ખોટા દેખાવ કે બોલીના પ્રપંચની ઓથે રહી પોતાનો આખો વિકાસ માર્ગ ડહોળી નાખે છે. માત્ર બોલીમાં કાંઇ વળે નહિ. ગુણની પ્રશંસા સાચી કરવી હોય તો **ગુણને પોતે જીવી બતાવવાના** છે. બાકી **વાણીવિલાસ** જ હોય તો એ તો **ગુણની મશ્કરી** જ છે, પોતાની વગોવણી છે અને સંક્ષેપમાં એ ખરેખરો **ગુણદ્રોહ** જ છે. દંભ અંતે ઉઘાડો પડ્યા વગર રહેતો નથી અને તેમ થાય ત્યારે ઘણું મોટું નુકસાન થાય છે. મોટી વાતો કરવી અને પોતે અંદરથી કોરો ધાકોર હોય તે તો ખરો ગુણચોર ગણાય છે અને ગુણચોરને નૈતિક રાજ્યમાં સ્થાન નથી. ધાર્મિક જીવન જીવવાની ઇચ્છાવાળાએ સ્વાન્વયી બનવું, પરની પ્રશંસાની મશ્કરી ન કરવી અને ન બને તો મૌન રહેવું. ખાલી બોલીથી નિષ્વંસ પરિણામ થઇ જાય છે અને અરીસા જેવી દુનિયા અંતે છેતરાતી નથી એ યાદ રાખવું.

Cruel men are greatest lovers of mercy, avaricious men of generosity, and proud men of humility; that is to say in others, not in themselves.

COLTON (14-8-46)

શ્રીમાન્ યશોવિજયજી.

લેખક:—ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા.

(ગતાંક ૫૪ ૯૯ થી શરૂ)

પ્રખર ન્યાયવેત્તા તરીકે

હવે પ્રખર ન્યાયવેત્તા તરીકે શ્રી યશોવિજયજીની ખ્યાતિ તો સર્વવિદિત છે. ન્યાય તો એમનો ખાસ પરમ પ્રિય વિષય હતો. ન્યાયના તો તે 'Specialist' ખાસ નિષ્ણાત હતા. એટલે ન્યાયને એમણે યથાયોગ્ય 'ન્યાય' આપ્યો હોય એ સમુચિત જ છે. ન્યાયનો વિશિષ્ટ અભ્યાસ તેમણે ત્રણ વર્ષ કાશીમાં અને ચાર વર્ષ આગ્રામાં રહી કર્યો હતો. કાશીમાં રહી સભા મધ્યે વિજય મેળવતાં તેમને 'ન્યાયવિશારદ'નું બિરુદ મળ્યું હતું. પછી ન્યાયના એક સો ગ્રંથ રચ્યાથી તેમને 'ન્યાયાચાર્ય'નું પદ મળ્યું હતું, તેનો ઉલ્લેખ તેમણે પોતે જ કર્યો છે. પં. સુખલાલજીએ સાચું જ કહ્યું છે કે સ્વપરન્યાયનો ને દર્શનનો આવો અઠંગ અભ્યાસી જૈનમાં તો શું-જૈનેતરમાં પણ થયો નથી; કારણ કે કોઈ વૈદિક કે બૌદ્ધ વિદ્વાન્ એવો થયો નથી કે જેને જૈન શાસ્ત્રનું વાસ્તવિક ગ્રહન કે સર્વવ્યાપ્ત જ્ઞાન હોય. પણ યશોવિજયજી તો ઉપનિષદાદિ વૈદિક ગ્રંથોનું તેમજ બૌદ્ધ શાસ્ત્રોનું વાસ્તવિક પરિપૂર્ણ ને સર્વગ્રાહી જ્ઞાન ધરાવતા હતા,-તે તેમના ગ્રંથરાશિ પરથી સુપ્રતીત થાય છે.

ન્યાય એટલે શું? કદાગ્રહનો નિષેધ.

ન્યાય એટલે પક્ષાપક્ષી નહિં, પોતાનો કક્કો ખરો કરવો તે નહિ, પરંતુ વાદી-પ્રતિવાદીનું કથન બરાબર સાંભળી, નિષ્પક્ષપાતપણે-મધ્યસ્થપણે-નિરાગ્રહપણે જેમ ન્યાયમૂર્તિ ન્યાય તોળે, તે રીતે તત્ત્વનું તોલન કરવું, તત્ત્વની મધ્યસ્થ પરીક્ષા કરવી તે. કષ, છેદ, તાપવડે શાસ્ત્રશુદ્ધિની પરીક્ષા કરી સ્વપરદર્શનનું મધ્યસ્થપણે પર્યાલોચન-સમીક્ષણ કરવું તે. એટલે ન્યાયમાં કોઈપણ પ્રકારના આગ્રહનો કે કદાગ્રહનો તો અવકાશ જ નથી; કારણ કે આગ્રહ-કદાગ્રહ હોય ત્યાં 'ન્યાય' હોઈ શકતો જ નથી. કદાગ્રહ ને મતાગ્રહનો યશોવિજયજીએ ખૂબ ખૂબ તિરસ્કાર કર્યો છે, ને પોતાની રમૂજી શૈલીમાં એક સુંદર દૃષ્ટાંત આપ્યું છે કે-આગ્રહીનું મનરૂપી વાંદરું યુક્તિરૂપી ગાયનું પૂંછડું ખેંચે છે! ને મધ્યસ્થનું મનરૂપી વાછડું યુક્તિરૂપી ગાયની પાછળ પાછળ જાય છે અર્થાત્ યુક્તિને અનુસરે છે, યુક્તિની ખેંચતાણ કરતું નથી.

"मनोवत्सो युक्तिगवीं मध्यस्थस्यानुधावति ।
तामाकर्षति पुच्छेन तुच्छाग्रहमनः कपिः ॥"

શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મોપનિષદ્

"आग्रही वत निनीषति युक्तिं
तत्र यत्र मतिरस्य निविष्टा ॥
पक्षपातरहितस्य तु
युक्तिर्यत्र तत्र मतिरेति निवेशम्" ॥

શ્રી હરિભદ્રાચાર્યજીકૃત લોકતત્ત્વનિર્ણય

અર્થાત-આગ્રહી જ્યાં એની મતિ અભિનિવિષ્ટ છે ત્યાં યુક્તિને દોરી જાય છે, પણ પક્ષપાત રહિતને તો જ્યાં યુક્તિ છે ત્યાં મતિ પ્રવેશ પામે છે.

સમ્યગ્દૃષ્ટિની નિરાગ્રહ વૃત્તિ

આ જ શ્રી યશોવિજયજી, શ્રી યોગદૃષ્ટિસજ્ઝાયમાં કહે છે કે-સમ્યગ્દૃષ્ટિ પુરુષ સાચો 'જૈન' હોય તે તો સર્વ દર્શનના નય-અપેક્ષાવિશેષ ગ્રહે છે, ને પોતે આત્મસ્વભાવમાં રહે

છે, ક્યાંય પક્ષપાત કરતો નથી, અને લોકોને હિતકારી એવા '**ચારિસંજીવની ચાર ન્યાય**'નો ચારો ચરાવે છે.

"**દર્શન સકલના નય ગ્રહે,**
આપ રહે નિજ ભાવે રે;
હિતકરી જનને સંજીવની,
ચારો તેહ ચરાવે રે.
વીર જિનેસર દેશના."

શ્રી યશોવિજયજીકૃત યોગદૃષ્ટિ સજ્ઝાય

અનેકાંતની સર્વત્ર સમતા

તેઓ કહે છે કે–અહો! તમે અનેકાંતનું સ્વરૂપ બરાબર સમજો ને નિરાગ્રહી બનો! સ્વસમય–પરસમયની મધ્યસ્થ પરીક્ષા તત્ત્વદૃષ્ટિથી કરો! અનેકાંતને સર્વ નયો, અપેક્ષાવાદો પ્રત્યે સમાન દૃષ્ટિ જ હોય,–પિતાની જેમ પોતાના બધા તનયો–પુત્રો પ્રત્યે સરખી નજર હોય તેમ; માટે કોઇ એક નયનો એકાંતે આગ્રહ સમ્યગ્દૃષ્ટિ જૈન ધરે નહિં, તેમ જ અન્ય દર્શનો પ્રત્યે કટાક્ષ દૃષ્ટિથી જુએ નહિં, પણ તે પોતાના અંગભૂત છે–ભાઇઓ જ છે એમ માને.

"**यस्य सर्वत्र समता नयेषु तनयेष्विव।**
तस्यानेकांतवादस्य क्व न्यूनाधिकशेमुषी॥"

શ્રી યશોવિજયજીકૃત અધ્યાત્મોપનિષદ્

સર્વજ્ઞતત્ત્વનો અભેદ

વળી તેઓ કહે છે કે–સર્વજ્ઞો કાંઇ જુદા જુદા નથી–તત્ત્વથી એક જ છે, તો પછી જુદા જુદા દર્શનના અનુયાયી–તે સર્વજ્ઞના ભક્તોમાં પણ ભેદ ક્યાંથી હોય? માટે મત–દર્શનનો ખોટો આગ્રહ છોડી દો! શબ્દભેદનો ઝઘડો શો? કોઇ ગંગા કહે ને કોઇ સુરનદી કહે, પણ વસ્તુ કાંઇ ફરી જતી નથી, નામભેદ છતાં તત્ત્વભેદ નથી; માટે યોગરૂપ મોક્ષમાર્ગમાં સર્વ દર્શનોની એકતા છે, એમ નિશ્ચય જાણો.

"**નહિં સર્વજ્ઞો જુજુઆજી,**
તેહના વળી દાસ;
ભક્તિ દેવની પણ કહીજી,
ચિત્ર અચિત્ર પ્રકાશ;
મનમોહન જિનજી! મીઠી તાહરી વાણ.
પુદ્ગલરચના કારમીજી,
તિહાં જસ ચિત્ત ન લીન;
એક માર્ગ તે શિવતણોજી,
ભેદ લહે જગ દીન...મન.
શબ્દ ભેદ ઝઘડો કિશ્યોજી,
જો પરમારથ એક;
કહો ગંગા કહો સુરનદીજી,
વસ્તુ ફિરે નહિં છેક...મન."

પરમ તત્ત્વજ્ઞ **શ્રીમદ્ રાજચંદ્રજીનું** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે–

"મોક્ષના માર્ગ બે નથી. જે જે પુરુષો મોક્ષરૂપ પરમ શાંતિને ભૂતકાળે પામ્યા, તે તે સઘળા સત્પુરુષો એક જ માર્ગથી પામ્યા છે, વર્ત્તમાનકાળે પણ તેથી જ પામે છે, ભવિષ્યકાળે પણ તેથી જ પામશે. તે માર્ગમાં મતભેદ નથી. × × × × શ્રી **મહાવીર** જે વાટેથી તર્યા તે વાટેથી શ્રી **કૃષ્ણ** તરશે, જે વાટેથી શ્રી કૃષ્ણ તરશે તે વાટેથી શ્રી **મહાવીર** તર્યા છે." ઇત્યાદિ–**શ્રીમદ્ રાજચંદ્ર** પત્રાંક ૩૨

અભિનિવેશ ત્યાગ—

વળી આગળ વધતાં શ્રી **યશોવિજયજી** એટલે સુધી કહે છે કે–**તાત્ત્વિક ધર્મ સંન્યાસ** પ્રગટયે ક્ષમાદિક ધર્મ પણ મટી જાય છે, તો પછી બીજા ધર્મને નામે ઝઘડાટંટાનો મુનિને અભ્યાસ શો?

"**ધર્મ ક્ષમાદિક પણ મિટે જી,**
પ્રગટે ધર્મ સંન્યાસ;
તો ઝઘડા ઝંઝાતણો જી,
મુનિને કવણ અભ્યાસ? મન૦"

શ્રી યોગદૃષ્ટિસજ્ઝાય.

માટે અહો મહાનુભાવો ! તમે સર્વ પ્રકારના સર્વ અભિનિવેશો-સર્વ આગ્રહો છોડી દો ! છોડી દો ! તો જ તમે સમ્યગ્દૃષ્ટિપણું પામવાને યોગ્ય બનશો. એવો તમનો સ્પષ્ટ સુરેખ બોધ છે.

"અભિનિવેશ સઘળો ત્યજી જી,
ચાર લહી જેણે દૃષ્ટિ;
તે લેશે હવે પાંચમી જી,
સુયશ અમૃતઘન વૃષ્ટિ. મન૦"
શ્રી યોગદૃષ્ટિ સજ્ઝાય.

અન્ય મહાત્માઓ સાથે તુલના—

યશોવિજયજીની આ અદ્ભુત મધ્યસ્થ નિરાગ્રહ વૃત્તિ જોતાં, પરમસહિષ્ણુતા જોતાં, આપણને પ્રાચીન મહર્ષિ શ્રી હરિભદ્રસૂરિનું અને અર્વાચીન મહાત્મા **શ્રીમદ્ રાજચંદ્રજીનું** સહજ સ્મરણ થાય છે; કારણ કે શ્રી હરિભદ્રજી પણ એવા જ ધર્મધુરંધર પ્રમાણભૂત આચાર્ય હોઇ, કદાગ્રહ-મતાગ્રહનો અત્યંત નિષેધ કરતા એ તેમના વચનો પરથી પૂરવાર થાય છે. જેમકે—

"पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥"
શ્રી લોકતત્ત્વનિર્ણય

"आत्मीयः परकीयो वा कः सिद्धान्तो विपश्चिताम् ।
दृष्टेष्टाबाधितो यस्तु युक्तस्तस्य परिग्रहः॥"
શ્રી યોગબિન્દુ.

શ્રીમદ્ રાજચંદ્રજીના વચનામૃતમાં પણ તેવો જ ભાવ સ્થળે સ્થળે ધ્વનિત છે. દાખલા તરીકે—

"છોડી મત દર્શનતણો,
આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે,
જન્મ તેહના અલ્પ."
શ્રી આત્મસિદ્ધિ

"ભિન્ન ભિન્ન મત દેખીએ,
ભેદ દૃષ્ટિનો એહ;
એક તત્ત્વના મૂળમાં,
વ્યાપ્યા માનો તેહ."
શ્રીમદ્ રાજચંદ્ર

ન્યાયનિપુણતા—

શ્રી. યશોવિજયજીએ નય વિષયનું એટલું બધું સૂક્ષ્મ ને તલસ્પર્શી વિવિધ રીતિનું વિવરણ કર્યું છે અને તેનું યથાસ્થાન એવું અદ્ભુત વિનિયોજન કર્યું છે કે તે આપણને તેમની અસાધારણ અપ્રતિમ-પ્રતિભાથી આશ્ચર્યચકિત કરે છે. તેઓશ્રીએ ખોટી બડાઇથી નહિ, પણ પૂરેપૂરા આત્મવિશ્વાસથી પોતાના માટે એક સ્થળે દાવો કર્યો છે કે—

"વાણી વાચક યશતણી,
કોઇ નયે ન અધૂરી રે."

—એ અક્ષરે અક્ષર પ્રત્યક્ષ સત્ય છે, તેની પ્રતીતિ આપણને તેમના ન્યાય સંબંધી-દર્શન વિષયક ગ્રંથો પરથી આવે છે. (અપૂર્ણ)

વર્તમાન સમાચાર.

મહેસાણામાં શ્રુતજ્ઞાનનાં પ્રચાર માટે મળેલ સંમેલન.

પવિત્ર શ્રુતજ્ઞાન અને જૈન આચારનાં પ્રચારની ભવ્ય યોજના કરવા માટે મહેસાણામાં સંવત ૨૦૦૩ નાં ચૈત્ર શુદી ૭-૮ નાં રોજ એક જૈન આગેવાનોનું ભવ્ય સંમેલન રાજનગરનિવાસી શ્રાદ્ધરત્ન શેઠ ભગુભાઇ ચુનીલાલભાઇનાં પ્રમુખપદે ભરાયું હતું. જેમાં ઘણા જૈન કોમનાં જાણીતા આગેવાનો એકત્ર મળ્યા હતા. જૈન ધર્મનાં જ્ઞાનનો ફેલાવો થાય અને જૈન કોમનાં બાળકોને સાચી ધર્મની કેળવણી પ્રાપ્ત થાય તે માટે એક વિશાળ યોજના કરવામાં આવી છે. આ યોજના પાછળ શ્રીયુત ચીમનલાલ કેશવલાલ

કડીઆ અને શ્રી ચીમનલાલ અમૃતલાલ વકીલ કાર્ય કરનારા છે. વળી શ્રી વાડીલાલ મગનલાલ જેવા અનુભવી અને જૈન પાઠશાળાનાં ધાર્મિક પરીક્ષક તરીકેનો તેમનો વિશાળ અનુભવ છે. તેઓ આ સમિતિનાં કાર્યવાહકો છે. વળી શેઠ જીવતલાલ પ્રતાપશી, શેઠ નગીનદાસ કરમચંદ, શેઠ ગિરધરલાલ છોટાલાલ વગેરે તેના સભ્ય છે. છેવટ શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ કે જૈન ધર્મનું સાચું જ્ઞાન સમાજમાં ફેલાય અને જૈન કોમની ઉન્નતિ થાય.

વૈદ્ય જમનાદાસ ચુનીલાલનો સ્વર્ગવાસ.

વડોદરાવાળા વૈદ્ય જમનાદાસભાઇ સં. ૨૦૦૩ ના ફાગણ સુદી ૧૦ ને રવિવારે પંચત્વ પામ્યા છે. તેઓશ્રી ધર્મિષ્ટ કુટુંબના હતા. ધાર્મિક સંસ્કાર વારસામાં ઊતર્યા હતા. તેઓ શાંત, સરલ સ્વભાવી અને મિલનસાર હતા. તેમણે દેશી વૈદ્ય તરીકે સારી નામના મેળવી હતી. તેમણે જીવન દરમ્યાન અનેક સંસ્થાઓદ્વારા ધર્મબન્ધુઓની સેવા બજાવી હતી. તેઓ આ સભાના લાઇફ મેમ્બર હતા. તેઓનાં સ્વર્ગવાસથી એક ધર્મશ્રદ્ધાળુ સભ્યની ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અમર શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

સ્વીકાર—સમાલોચના.

સૂત્રાર્થમુક્તાવલિ (સટીકા)

સંકલયિતા આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ. આ ગ્રંથમાં પાંચ આગમો—અનુયોગદ્વાર, આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ અને સમવાયાંગ સૂત્ર એ પાંચે આગમોના સારરૂપે સંકલના કરી છે. પ્રથમ મૂળ એક શ્લોક અને તેની નીચે સંસ્કૃત ટીકા છે. એ રીતે પ્રથમ સૂત્રમાં પર મૂળ શ્લોક ટીકા સાથે, બીજામાં ૮૮ મૂળ શ્લોક ટીકા સાથે, ત્રીજામાં ૮૨ મૂળ શ્લોક ટીકા સાથે, ચોથામાં ૨૩૮ મૂળ શ્લોક ટીકા સાથે, પાંચમા સમવાયાંગ સૂત્રમાં ૧૦૦ મૂળ શ્લોક ટીકા સાથે એ પાંચે આગમોનું સરળ રીતે સંસ્કૃત ભાષામાં તત્ત્વદોહન કરેલું છે. જેમ આ ગ્રંથ શરૂઆતના અભ્યાસીઓને ઉપયોગી છે તેમ યોગોદ્વહન વગેરે વહન કરી યોગ્યતા નહિં મેળવેલ જિજ્ઞાસુ માટે આ પાંચે આગમોનું જ્ઞાન પામી શકે તેવા ઉચ્ચ હેતુથી આચાર્ય મહારાજે આ ગ્રંથની આવશ્યક ઉપયોગી રચના કરી છે, જે ખરેખર ઉપકારક છે.

બાળ જીવો, સંસ્કૃત ભાષાના અનભ્યાસીઓ માટે આ ગ્રંથનો ગુજરાતી અનુવાદ કરી પ્રકાશન થવાની જરૂરિયાત છે, જે આચાર્ય મહારાજ લક્ષમાં લેશે તેવી વિનંતિ છે. કિંમત રૂ. ૫–૦–૦ મળવાનું સ્થળ—શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા છાણી (વડોદરા).

શ્રી જિનેન્દ્રભક્તિસાગર—મુનિરાજ શ્રીકલ્યાણપ્રભવિજયજી તરફથી શ્રી જિનેશ્વર ભગવાનનાં વિવિધ સ્તવનો રૂપે આ પુસ્તિકા રચવામાં આવી છે. આ સ્તવનાવળી સભાને ભેટ મળી છે. મૂલ્ય ૦–૪–૦

વિનોબાનાં વચનામૃતો—શ્રી. માવજી દામજી શાહે ૧૦૮ વચનામૃતોનો સંગ્રહ પુસ્તિકારૂપે બહાર પાડ્યો છે. આ વચનામૃતો મનન કરવા યોગ્ય છે. પ્રકાશક તરફથી સભાને ભેટ મળેલ છે. કિંમત ૦–૫–૦

શામળદાસ કૉલેજ મેગેઝીન - ચાલુ વર્ષમાં ભાવનગર શામળદાસ કૉલેજ તરફથી મેગેઝીન બહાર પાડવામાં આવ્યું છે, જેમાં પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ તરફથી અંગ્રેજી અને ગુજરાતીમાં વિવિધ પ્રકારની રસપ્રદ વાનીઓ પીરસવામાં આવી છે. પ્રકાશક તરફથી સભાને ભેટ મળેલ છે.

અનિત્ય પંચાશત્—શ્રી પદ્મનંદાચાર્યવિરચિત શ્રી પદ્મનંદી પંચવિંશતિકા ગ્રન્થનું ત્રીજું પ્રકરણ છે, જેનો હિંદી પરથી ગુજરાતીમાં શ્રીયુત હરિલાલ જીવરાજભાઇ ભાયાણીએ અનુવાદ કર્યો છે. આપ્તજનનાં મરણ પાછળ અત્યંત શોક થાય છે તે શોક શમાવવાની ભાવનાવાળી આ પુસ્તિકા સમાજને અત્યંત ઉપયોગી થઇ પડે તેમ છે. શ્રી. હરિલાલભાઇ તરફથી આ પુસ્તક સભાને ભેટ મળ્યું છે. મૂલ્ય વિવેકપ્રાપ્તિ.

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૩. જ્યેષ્ઠ પુસ્તક ૪૪ મું.

વિક્રમ સં. ૨૦૦૩. :: ઇ. સ. ૧૯૪૭ મે :: અંક ૧૧ મો.

આધ્યાત્મિક ઓચ્છવ—ગીત.

[લાખ લાખ દીવડાની આરતિ ઉતારજો—એ રાહ.]

(રાગ-કાફી મિશ્ર. તાલ-દિંચ.)

અંતરંગ ભાવનાની આંગીઓ રચાવજો,
શિવસુખ કારણ સદાય.....
ઉજવીએ ઓચ્છવ આનંદના (ટેક૦)

દેવ-ગુરુભક્તિની માળા ગુંથાવજો,
એક વાર ગુણે ગુંથાય.....
ભલે નીર ખીર ન્યાયે નચાય;
ઉજવીએ ઓચ્છવ આનંદના. અંતરંગ૦ (૧)

પૂજો પૂજો ચરણ વીતરાગનાં,
બાંધો તોરણિયાં ગુણાનુરાગનાં.....
મૈત્રીની બંસી બજાય, રંગે દાન શીલ જ્યોતિ જગાય;
ઉજવીએ અવસર આનંદના. અંતરંગ૦ (૨)

વિનય વિવેકનાં વાજાં વગડાવજો, સમકિતકેરા ગુલાલો ઉડાડજો;
નેમિ-લાવણ્યસૂરિ રાય, તાસ દક્ષ ઉચિત ઉર લાય,
ઉજવીએ અવસર આનંદના. અંતરંગ૦ (૩)

રચયિતા—મુનિરાજશ્રી દક્ષવિજયજી.

આ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિના ઉપલબ્ધ ગ્રંથોનો ટૂંક પરિચય

બત્તીસાબત્તીસી (દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા—બત્રીશ બત્રીશીઓ)

લે૦—આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ

(ગતાંક પૃષ્ઠ ૧૭૧ થી ચાલુ)

૨. દ્વાત્રિંશિકા—અહીં પરવાદીઓ જે જે પદાર્થોના સ્વરૂપમાં સ્યાદ્વાદ શૈલીથી વિરુદ્ધ પ્રરૂપણા કરે છે તેમાંના કેટલાએક પદાર્થોના ખંડન કરવાના ઇરાદાથી પ્રભુશ્રી મહાવીર દેવને પોતાને અનુકૂલ વિશેષણો આપી સ્તવ્યા છે. જુદા જુદા સ્તુતિના પ્રસંગે અન્ય દર્શનના વિચારો જણાવી માર્મિક શૈલીથી ખંડન કરી તેરમા શ્લોકમાં જૈન શાસન પ્રત્યે, અને પ્રભુશ્રી મહાવીર દેવ પ્રત્યે અપૂર્વ વાસ્તવિક—યુક્તિસંગત દૃઢ શ્રદ્ધાભાવ જણાવ્યો છે.

॥ वसंततिलका ॥

सद्धर्मबीजवपनानघकौशलस्य,
यल्लोकबांधव ! तवापि खिलान्यभूवन् ॥
तन्नाद्भुतं खगकुलेष्विह तामसेषु
सूर्यांशवो मधुकरीचरणावदाताः ॥ १३ ॥

હે પ્રભો ! ભવ્ય જીવોના હૃદયરૂપી ક્ષેત્રમાં સદ્ધર્મરૂપી બીજનું વાવેતર કરવામાં આપ અદ્વિતીય કુશલ છો, છતાં કેટલાએક જીવો નહિ ખેડાયેલી ભૂમિ જેવા જિન ધર્મને પામ્યા વિનાના રહી ગયા, તે બાબતમાં મને કંઇ પણ આશ્ચર્ય લાગતું નથી; કારણ કે—સૂર્યના કિરણો જગતમાં તમામ સ્થલે પ્રકાશ કરે, ને ચારે બાજુ અંધારું અંધારું જ દેખનારા ઘુવડોને તે સૂર્યના કિરણોની લગાર પણ અસર ન થાય. તેમાં સૂર્યનો શો દોષ ? એમાં ઘુવડનો કર્મ દોષ જ ગણાય. આપ જેવા મહાપ્રભાવશાલી ધર્મોપદેશક છતાં કેટલાએક ભારેકર્મી જીવો સમ્યગ્દર્શનાદિ ધર્મ બીજ ન પામે તેમાં તે જીવોનો કર્મ દોષ જ કારણ છે. એમ હું માનું છું. ઘુવડને સૂર્યના કિરણો ભમરીના પગ જેવા કાળા માલૂમ પડે છે. એ જણાવવા આ શ્લોકમાં '**मधुकरीचरणावदाताः**' આવું વિશેષણ આપી કિરણો ઓળખાવ્યા છે. અહીં ૩૧ શ્લોકો વસંતતિલકા છંદમાં ને છેલ્લો શ્લોક પૃથિવી છંદમાં છે.

૩. દ્વાત્રિંશિકા—અહીં ૩૧ શ્લોકો પૃથિવી છંદમાં અને છેલ્લો શ્લોક હરિણી છંદમાં છે.

૪. ચોથી દ્વાત્રિંશિકા—અહીં ૩૧ શ્લોકો વૈતાલીય છંદમાં, ને છેલ્લો શ્લોક ઉપજાતિ છંદમાં છે. અહીં દિવાકરજી મહારાજે જે પંદરમા શ્લોકમાં પ્રભુ શ્રી મહાવીર દેવને ઉદ્દેશીને શ્રી જૈનેન્દ્ર શાસનની વિશાલતા જણાવવાના આશયથી અપૂર્વ ભક્તિભાવે જણાવ્યું છે કે—

॥ वैतालीयच्छंदः ॥

उदधाविव सर्वसिंधवः,
समुदीर्णास्त्वयि सर्वदृष्टयः ॥
न च तासु भवानुदीक्ष्यते,
प्रविभक्तासु सरित्स्विवोदधिः ॥ १५ ॥

અર્થ—હે નાથ! જેમ સમુદ્રમાં સર્વ નદીઓ સમાઇ જાય, તેમ સર્વ દર્શનો તમારા જૈનદર્શનમાં સમાઇ જાય છે, પણ જેમ છૂટી છૂટી નદીઓમાં સમુદ્ર ન સમાય, તેમ બીજા પ્રત્યેક સાંખ્યાદિ દર્શનોમાં જૈન દર્શન ન સમાય. એટલે એક-નિષ્પક્ષપાત સ્યાદ્વાદ દર્શન જ બીજા સર્વ દર્શનોને યથાર્થ ન્યાય આપવા સમર્થ છે. આ જ રહસ્યને કંઇક રૂપાંતરથી કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ આ શ્લોકમાં જણાવ્યું છે.

॥ उपजाति वृत्त ॥

अन्योऽन्यपक्षप्रतिपक्षभावा-
द्यथापरे मत्सरिणः प्रवादाः ॥
नयानशेषानविशेषमिच्छन्।
न पक्षपाती समयस्तथा ते ॥ १ ॥

અર્થ—અદ્વિતીય, પરમ પ્રભાવશાલી, વિશ્વમંડલવિજયવંત, સર્વવ્યાપિ, સત્યાર્થદર્શક શ્રી જૈનેન્દ્ર દર્શન તમામ બીજા દર્શનોમાં શ્રેષ્ઠ ગણાય છે. તેના ૧ નિષ્પક્ષપાતી દર્શન, ૨ અનેકાંત દર્શન, ૩ સ્યાદ્વાદ દર્શન એવા અનેક નામો વિવિધ ગ્રંથોમાં દેખાય છે. આ બાબતમાં વિવિધ પ્રકારે સચોટ પદાર્થ તત્ત્વને સમજાવવા માટે સંસ્કૃતાદિ ભાષામાં સવા ક્રોડ શ્લોકપ્રમાણ વિવિધ ગ્રંથો બનાવી સમસ્ત વિશ્વમંડલમાં જેઓશ્રીએ અનહદ ઉપકાર કર્યો છે તેમજ જેઓશ્રીના સંબંધમાં પુનાની ડેક્કન કોલેજના પ્રોફેસર ડૉ૦ પીટર્સને હાઈસ્કુલમાં ભણતા બ્રાહ્મણ વિદ્યાર્થીઓની પાસે ભાષણ કરતાં આ પ્રમાણે જણાવ્યું હતું કે—હે મારા વ્હાલા વિદ્યાર્થીઓ! આજે હું જે મહાપુરુષનું ચરિત્ર કહેવા માટે તમારી આગળ ઉપસ્થિત થયો છું તે સાંભળવામાં લગાર પણ બેદરકારી કરશો નહિ. જો કે તે મહાપુરુષ તમારા (બ્રાહ્મણ) ધર્મના ન હતા, તો પણ ખુલ્લા દિલે સ્પષ્ટ શબ્દોમાં મારે કહેવું જોઇએ કે—આ ભાગ્યશાલિ ભારતભૂમિના ચળકતા કોહીનૂર (હીરો) હતા. તે કોણ? આ પ્રશ્નના જવાબમાં સમજી લેવું કે-"કલિકાલસર્વજ્ઞશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ." આ પ્રમાણે જેઓશ્રીની ઇતર સમર્થ વિદ્વાનોએ પણ મુક્તકંઠે પ્રશંસા કરી હતી. તેમ જ શબ્દશાસ્ત્ર (વ્યાકરણ) વગેરે વિષયોમાંનો એક પણ એવો અવશિષ્ટ (બાકી રહી ગયેલો) વિષય (બાબત) નથી, કે જેની ઉપર તેઓશ્રીએ પોતાની લેખિની (લેખણ) ન ચલાવી હોય. આવા બાલબ્રહ્મચારી, સદ્ગુણસંપન્ન, વિશાલપ્રતિભાશાલી તે શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે અન્ય યોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકાના આ શ્લોકમાં ચરમતીર્થંકર પ્રભુદેવ શ્રી મહાવીર પરમાત્માની સ્તુતિ કરતાં જણાવ્યું છે કે-હે પ્રભો! જ્યારે સાંખ્યમીમાંસકાદિ બીજા દર્શનો એવા છે કે, જેઓ એક બીજાના મત(વિચાર)નું કાતરની માફક ખંડન કરવામાં જ (નહિં કે મંડન કરવામાં) બ્હાદુરી માની રહ્યા છે, અને અકેક નયના વિચારને ગેરવ્યાજબી છતાં વ્યાજબી ગણીને જુદા જુદા નામને ધારણ કરે છે. અહીં દૃષ્ટાંત તરીકે સમજવું કે-એકલા ઋજુસૂત્રનય નામના ચોથા નયના વિચારને આધારે બૌદ્ધ દર્શન પ્રકટ થયું, બીજા સંગ્રહ નયમાંથી વેદાંતમત પ્રકટ થયો. તથા પહેલા નૈગમનયમાંથી સાંખ્યનો યોગ મત અને વૈશેષિક મત (આ બે મત) પ્રકટ થયા. અને શબ્દ બ્રહ્મજ્ઞાનીનો મત શબ્દ નયમાંથી પ્રકટ થયો પરંતુ જૈન દર્શન એક એવું ઉત્તમ દર્શન છે કે-જે સર્વનયોથી ગુંથાયેલું છે, એટલે તમામ નયોને લેખા કરીને દરેકની માન્યતાનો સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરી યથાર્થતાનો નિર્ણય કરી પ્રત્યેક પદાર્થના અબાધિત-સ્પષ્ટ સ્વરૂપને જણાવે છે, માટે જ તે બધા દર્શનોમાં ઘણું શ્રેષ્ઠ છે, એમ પ્રત્યક્ષ દેખાય છે. આ બાબતમાં ઘણાં ન્યાય ગ્રંથોમાં કહ્યું છે કે—

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

बौद्धानामृजुसूत्रतो मतमभू-
द्वेदांतिनां संग्रहात् ।
सांख्यानां तत एव नैगमनया-
द्योगश्च वैशेषिकः ॥
शब्दब्रह्मविदोऽपि शब्दनयतः
सर्वैर्नयैर्गुम्फिता ।
जैनी दृष्टिरितीह सार तरता,
प्रत्यक्षमुद्वीक्ष्यते ॥ १ ॥

(આનો અર્થ ઉપર જણાવી દીધો છે.)

આ પ્રમાણે જેમ તેઓ જુદા જુદા નામને ધારણ કરે છે, તેમ, 'મારું એ સાચું.' આ કહેવત પ્રમાણે અઘટિત વિચારને પણ સાચો ઠરાવવાને માટે ખૂબ તનતોડ મહેનત કરે છે અને છેવટે પૂર્ણ સમજણના અભાવે વિવક્ષિત પદાર્થ તત્ત્વનો ખરેખરો સંગીન નિર્ણય ન થાય ત્યારે તેઓ સ્વમતના પક્ષપાતી બનીને એક બીજાની તરફ જાણે ઈર્ષ્યાભાવ કે અભિમાન ધારણ ન કરતા હોય તેવા દેખાય છે. આ બધાંએ દર્શનો કરતાં ન્યાયાધીશ જેવું જૈનદર્શન કોઇપણ દર્શનનો પક્ષપાત રાખ્યા વગર સાચી ભૂલ યથાયોગ હેતુ-યુક્તિપુરસ્સર સમજાવીને દરેક નય(દર્શન)ને સન્માર્ગમાં ચાલવા શાંતિભરી શિખામણ આપે છે. આ મુદ્દાથી આપનું પરમ પવિત્ર ત્રિપુટીશુદ્ધ જૈન દર્શન નિષ્પક્ષપાતી કહેવાય, એમાં નવાઈ શી ? અને આપે તે કેવલજ્ઞાન પ્રકટ થયા બાદ જ પ્રકાશ્યું છે, તેથી તેમાં કોઈ પણ બાબતની લગાર પણ ઓછાશ સંભવતી જ નથી. આ પ્રસંગે એ પણ જરૂર યાદ રાખવા જેવું છે કે-જેવી રીતે એક પૈડાથી રથ ચલાવાય જ નહિ અને એક હાથથી તાલી વાગે નહિ, તથા એક સૂતરના તાંતણાંથી કૂવામાં પડેલા પદાર્થને (લોટો વિગેરેને) બ્હાર કાઢી શકાય જ નહિ, તેમ તમામ દ્રવ્યાદિનો સચોટ સત્ય બોધ એકેક નયના વિચારે કદાપિ થાય જ નહીં.

આ શ્લોક-(ઉદધાવિવેત્યાદિ શ્લોક) મલધારી હેમચંદ્રસૂરિજી મહારાજે અનુયોગદ્વારની ટીકામાં પણ ઉચિત પ્રસંગ જણાવ્યો છે.

૫. પાંચમી દ્વાત્રિંશિકા-અહીં શરૂઆતના ૩૦ શ્લોકો ઉપજાતિમાં, ૩૧ મો શ્લોક મન્દાક્રાન્તામાં, ૩૨ મો શ્લોક પુષ્પિતાગ્રા છંદમાં છે. અહીં પ્રભુશ્રી મહાવીરદેવની દીક્ષા લીધા પહેલાંની પરિસ્થિતિ, દીક્ષાનો અવસર, વિહાર, ઉપસર્ગાદિ પ્રસંગે ક્ષમાદિ પાલન, કેવલજ્ઞાન પામી અપૂર્વ દેશના દઇને કરેલી ધર્મવૃદ્ધિ વગેરે સ્વરૂપે પ્રભુદેવના જીવનનું ટૂંક વર્ણન કાવ્યદૃષ્ટિએ ગંભીરાર્થની સંકલના કરી જણાવ્યું છે. તેમજ અહીં શરૂઆતમાં આદ્ય શ્લોકમાં સ્તુતિ કરવાનો ખરો આશય ખુલ્લા દિલથી જણાવ્યો છે. આગળ દશમા અગિયારમા તથા બારમા શ્લોકમાં દિવાકરજીએ દીક્ષા પ્રસંગે પ્રભુદેવની મનોદૃઢતા ટૂંકમાં વર્ણવતાં કહ્યું છે કે-હે પ્રભો ! જ્યારે આપશ્રીજીએ દીક્ષા લીધી તે વખતે સ્નેહી સ્ત્રીઓના તથા પ્રજાના વિલાપાદિ સાંભળતા છતાં આપનું મન તે તરફ લગાર પણ ખેંચાયું નહિ. વગેરે બીના અપૂર્વ બોધ આપનારી જુદા જુદા અભિપ્રાયે આગળ પણ જણાવી બત્રીશી પૂર્ણ કરી છે. દશમા શ્લોક વગેરેને અંગે અન્યત્ર જણાવ્યું છે કે-કવિ કાલિદાસે કુમારસંભવ, રઘુવંશમાં લગ્ન ભાવનાનું ઔચિત્ય જણાવવા મહાદેવ અને અજના લગ્નકાલીન નગરપ્રવેશનો પ્રસંગ લઇ તેથી હર્ષઘેલી થયેલી નારીઓના અવલોકન કૌતુકનું જે માર્મિક શબ્દ ચિત્ર ખેંચ્યું છે, તેવું ચિત્ર બૌદ્ધ અશ્વઘોષના કાવ્યમાં અને શ્રી દિવાકરજીની આ દ્વાત્રિંશિકામાં પણ જણાય છે, પરંતુ દ્વાત્રિંશિકાદિમાં તફાવત એ છે કે તેના કર્તાઓ ત્યાગ ધર્મી હોવાથી તે ચિત્ર છેવટે વૈરાગ્યાદિ

જ્ઞાન ગીતા શતક.

(ગતાંક પુષ્ઠ ૧૭૮ થી શરૂ)

એકાન્ત નિશ્ચય માને, વ્યવહાર તોડે તાને; ચડે ક્યાંથી કહો ધ્યાને, સાધનનાં ત્યાગમાં.
શુષ્કતા છવાઈ જાય, આતમા ખોવાય જાય; વર્તમાન દશામાંય, નિશ્ચયનાં રાગમાં.
બે પાંખોથી ચાલે રથ, કાપે ઘણો મોટો પંથ; ભૂલે નહિં એ નિર્ગ્રંથ, સાધનાના બાગમાં.
નિશ્ચય ને વ્યવહાર, ગુરુગમે નીરધાર; સાધ્ય સાધનના તાર, સાધકનાં યોગમાં. ૩૩

વ્યવહારે મગ્ન રહે, નિશ્ચય ન લક્ષ ગ્રહે; જડપણે યોગ વહે, ક્રિયાના ચોગાનમાં.
વર્તમાન સ્થિતીમાંય, વ્યવહાર મહી ન્યાય; લક્ષ નિશ્ચય રખાય, સંસાર તોફાનમાં.
એકાંતિક વ્યવહાર, કરગનો વધે ભાર; જડતા વધે અપાર, મિથ્યા અભિમાનમાં.
નિશ્ચયથી લેજો જ્ઞાન, વ્યવહારે કરો ધ્યાન; પ્રગટાવો આત્મભાન, ધર્મના મેદાનમાં. ૩૪

અજીવથી જીવ ન્યારો, જીવ જીવને છે પ્યારો; ચૈતન્યતા ચિત્ત ધારો, અંતર વિચારીને.
પુન્ય અને વળી પાપ, શુભાશુભ કર્મ છાપ; ફરે છે સંસાર આપ, આશ્રવ વધારીને.
સંવરથી રોકો કર્મ, તપ સંયમાદિ ધર્મ; લાગી મિથ્યાત્વ અધર્મ, તત્વજ્ઞાન ધારીને.
નિર્જરાથી કર્મ ક્ષય, ટાળો બંધતણો ભય; પામશો મોક્ષ અક્ષય, શુદ્ધતા સ્વીકારીને. ૩૫

કઇક જનમે જીવ, કઇક મરતાં જીવ; આતમ ધ્રુવ સદીવ, પર્યાય એ જાણવા.
કોઇ જોઇ દ્વેષ થાય, કોઇ જોઇ રાગ થાય; પૂર્વનાં કર્મ જણાય, તેથી નિત્ય માનવા.
ભાવ કર્મ કરે જીવ, વળગે જડ અજીવ; કર્તા ભોક્તા થાય જીવ, અજ્ઞાન પિછાણવા.
જ્ઞાની કરે જ્ઞાન ભાવ, ત્યાગીને સદા વિભાવ; કર્તા ભોક્તા એ સ્વભાવ, જ્ઞાની જન જાણવા. ૩૬

અમરચંદ માવજી શાહ

આત્મધર્મોમાં પર્યવસાન પામે છે તેમાં બુદ્ધ અને શ્રી મહાવીર પ્રભુએ ત્યાગ ધર્મ સ્વીકારવાથી ઉદાસ બનેલ સ્ત્રીઓની શોકગર્ભિત પરિસ્થિતિ વર્ણવી છે.

આ ઉપર જણાવેલી પાંચ દ્વાત્રિંશિકાઓમાંની બીજી બત્રીશી ભક્તામર, કલ્યાણમંદિર સ્તોત્રને યાદ કરાવે તેવી જણાય છે. એમાં શબ્દરચનાદિમાં જો કે કેટલેક અંશે સરખામણી દેખાય છે, પરંતુ દિવાકરજીએ જુદા જુદા પ્રકારે અન્ય મતનું ખંડન કરવાપૂર્વક સ્યાદ્વાદની વિશિષ્ટતા જણાવવાના ઇરાદાથી વચમાં વચમાં તત્ત્વસંકલના પણ કરી છે. તેવું તે બંને સ્તોત્રોમાં દેખાતું નથી માટે કલ્યાણમંદિર દિવાકરજીકૃત સંભવતું નથી, એમ પણ કેટલાએક વિદ્વાનો માનવા પ્રેરાય છે પણ તે વ્યાજબી નથી, કારણ કે સ્તોત્રાદિની રચના કરવામાં તમામ કવિઓના એક સરખા વિચાર હોતા જ નથી. કોઈ કવિ અતિશયાદિનું વર્ણન ગોઠવીને ઇષ્ટદેવની સ્તુતિ કરે તો કોઈ કવિ ઇષ્ટદેવના જીવનની બોધક ઘટનાઓ જણાવીને, અથવા પરપક્ષખંડન અને સ્વપક્ષસિદ્ધિ આદિ દ્વારા, અથવા સ્વદર્શનના તાત્ત્વિક સિદ્ધાંતાદિની પ્રશંસાદ્વારા પણ સ્તુતિ કરે છે. આમ વિવિધ ભાવનાથી સ્તોત્રાદિની ઉત્પત્તિ થયેલી હોવાથી ઉપર જણાવેલ વિચાર વ્યાજબી ગણાય જ નહિ. આ સંબંધી વધુ બીના આગળ જણાવીશ. ત્રીજી બત્રીશીમાં-પ્રભુશ્રી મહાવીરદેવમાં પુરુષોત્તમપણું ઘટાવ્યું છે. આ પાંચે સ્તુતિઓની રચના સ્વતંત્રપણે અલગ અલગ પ્રસંગે થઇ હોય, એમ લાગે છે.

યોગમીમાંસા

(સંપ્રા૦ મુનિ પુણ્યવિજય–સંવિજ્ઞપાક્ષિક.)

(ગતાંક પૃષ્ઠ ૧૬૪ થી શરૂ)

સમ્યગ્દર્શનની ઉપલબ્ધિ બાદ '**અપરતત્ત્વ**'ની (સમવસરણમાં બિરાજમાન જિનેશ્વરદેવનું રૂપ તે અપરતત્ત્વ કહેવાય છે.) જિજ્ઞાસા દિદક્ષા થાય છે, જેની સફળતા સપ્તમ ગુણસ્થાનકે પૂર્ણરૂપે થાય છે. એ દશામાં પ્રવૃત્તિમાર્ગની યા તો શાસ્ત્રયોગદ્વારા ભક્તિ માર્ગ તથા વચનાનુષ્ઠાનની મુખ્યતા હોઇ વાસ્તવિક નિરંજન નિરાકાર સ્વભાવી પરમાત્મા સ્વરૂપ પરતત્ત્વની જિજ્ઞાસાવડે દિદક્ષા થતી નથી. આમ છતાં શાસ્ત્ર સાપેક્ષતાએ તે ધ્યાનની પૂર્વ ભૂમિકા માનવામાં હરકત નથી. ચતુર્થથી સપ્તમ ગુણસ્થાનક પર્યંત આલંબન દશાનું પ્રાધાન્ય હોય છે. એથી ત્યાં સુધી સ્થાનાદિ ચાર યોગો તથા પ્રીતિ, ભક્તિ અને વચનાનુષ્ઠાન, અધ્યાત્મ ભાવના અને ધ્યાનયોગ તથા ઇચ્છા અને શાસ્ત્રયોગનું પ્રાબલ્ય હોય છે અને ક્ષાયોપશમિક ભાવનું અસ્તિત્વ હોય છે.

શાસ્ત્રયોગ દ્વારા વચનાનુષ્ઠાનની ક્ષાયોપશમિક ભાવે પૂર્ણાહુતિ થયા બાદ આત્મા અતીવ નિર્મળ અને સંસ્કારી બની જાય છે; તેથી જ એ જેમ પ્રાથમિક દંડપ્રેરિત ભ્રમિદંડજન્ય છતાં પુનઃ દંડની નિરપેક્ષતાએ જ ઘટજનનમાં સ્વતઃ વ્યાપૃત બની ઘટને ઉત્પન્ન કરે છે, તેમ શાસ્ત્રયોગની નિરપેક્ષતાએ જ વચનાનુષ્ઠાનની ઉપાસના વિના જ સ્વતઃ શાસ્ત્રયોગજનિત આત્મસાત્ ભૂત સંસ્કારદ્વારા ક્ષાયોપશમિક પણ ગુણોનો વિધ્વંસ કરવા પ્રયાસ આદરે છે, જે સમયે એને આવશ્યકાદિ બાહ્ય અનુષ્ઠાનોની આવશ્યકતા રહેતી જ નથી. માત્ર સમભાવમાં કે અભેદ ઉપાસનાના યા તો શુદ્ધ નિજ ઉપયોગમાં જ રમણતા રહે છે; જેના પ્રતાપે એ અસંગ અનુષ્ઠાનરૂપ બની જાય છે. અને એથી શાસ્ત્રમાં જે રીતિએ સિદ્ધ પરમાત્માનું સ્વરૂપ વર્ણવ્યું હોય, તે રીતિએ પરતત્ત્વની સકલ ચિત્તવૃત્તિનો નિરોધ થઇ નિર્વિકલ્પક દશા પ્રાપ્ત થઇ જાય છે; જેના પ્રતાપે રત્નત્રયરૂપ ગુણ તન્મય–આત્મસાત્ બની જાય છે. એ દશામાં અપરતત્ત્વના સામર્થ્યથી પરતત્ત્વની દિદક્ષા તીવ્ર હોય છે. એને ફલિભૂત કરવા માટે અરુણોદયકલ્પ પ્રાતિભજ્ઞાનની અનુભવજ્ઞાનની પ્રાપ્તિ એ સમયે થઇ જાય છે. એ દશાના કાળને 'ધર્મસંન્યાસ' યા તો 'ચિત્તવૃત્તિસંક્ષય'રૂપ **સામર્થ્યયોગ**નો કાળ કહેવાય છે. બાદ પરમાત્માના સ્વરૂપના આવિષ્કાર કાળને ફળકાળ કહેવાય છે. એ કાળમાં કોઇપણ ધ્યાન હોતું જ નથી. ત્યારબાદ પૂર્ણ જ્યોતિસ્વરૂપ આવિષ્કારાર્થે જે ધ્યાન કરાય અને સર્વથા યોગના નિરોધરૂપ જે ફળ આવે તેને 'સર્વસંન્યાસ' યા તો કાયિકવૃત્તિ નિરોધરૂપ 'સામર્થ્ય યોગ' કહેવાય છે, જેને '**અયોગ**' પણ કહેવાય છે. જેના અસ્તિત્વમાં ઔપાધિક સર્વ ગુણોનો વિધ્વંસ થાય છે, અને '**પૂર્ણબ્રહ્મ**'નો અનંત ગુણમય જ્યોતિનો પ્રાદુર્ભાવ થાય છે, જેને ઇતર દર્શનકારો 'નિર્ગુણબ્રહ્મ' કહે છે; અને જ્યોતિમાં જ્યોતિનો સમાવેશ કહે છે–અભેદ કહે છે. વસ્તુતઃ એ દશામાં સાહજિક અનંત ગુણોનો પ્રાદુર્ભાવ થાય છે.

—ચાલુ

ધર્મ....કૌશલ્ય

(૨૯)

પહેલો પુરૂષ એક વચન-સર્વનામ

મારા મનમાં જે અનેક ગોટાળા વળતાં હોય તે કહેવાની શોધ કરૂં છું અને તે સાંભળે તેવા મિત્રને શોધું છું, પણ જે કોઇ મિત્ર મળે છે તેને પોતાને પોતાની અનેક ગૂંચવણો, આફતો, ફરિયાદો અને મૂંઝવણો હોઇને એને મારી વાત સાંભળવામાં ખરો રસ પડતો નથી.

હમણાં હમણાં મેં એક એવો શ્રોતા શોધી કાઢયો છે કે જે મારે કાંઇ પણ કહેવું હોય ત્યારે પોતાના કાન માંડે છે અને જો કે કોઈ કોઇ વાર તેને સાંભળવામાં અધીરપ આવી જાય છે, પણ તેણે મારું કહેવું બધું સાંભળવું જ પડે છે.

પછી હવે તો હું તેની પાસે ખૂબ છૂટથી વાતો કરું છું. એ પોતે અગાઉ કેવો મૂરખો હતો, કેટલો ગંદો હતો અને પ્રયત્ન કરે તો એ કેટલો સાફ થઇ શકે તેવો હતો તે તેને કહું છું અને એ સર્વ હકીકત તેને સાંભળવી પડે છે. સાંભળતાં સાંભળતાં એ જરા છણકી પણ જાય છે, પણ હું જે કહું તે સર્વ એ બરાબર સાંભળે છે.

હું એમ કહું છું કે આખા જીવનના એણે જે ગોટા વાળ્યા છે, એણે જે ભાંગરાઓ વાળ્યા છે અને એણે જે હડિયાપાટી કરી છે એ સર્વ તેની પોતાની જ સ્ખલનાઓ છે અને તેને માટે તે એકલો જ જવાબદાર છે. આવી આવી વાતો તેને સંભળાવું છું અને તે બરાબર સાંભળે છે, વિચારે છે, અવધારે છે.

અને પછી હું એના ઉપર દયા ખાઉં છું. એને કહું છું કે એ શ્રાપિત ભાઇશ્રી તો જનમતા જ એવા છે. આવું આવું કહીને હું એને વધારે દીલગીર બનાવું છું અને એને પશ્ચાત્તાપનો ભોગ બનાવું છું. આ સર્વ એ ભાઇ સાંભળી લે છે.

અને પછી વળી હું એને જરા ઉત્સાહિત કરૂં છું, એણે એકાદ સારૂં કામ કર્યું હોય તે એને યાદ આપું છું, કોઇ સ્નેહીને જરૂર વખતે મદદ કરી હોય તે તેના ધ્યાન પર લાવું છું. એના જીવન સમુદ્રની ખારાશમાં રહેલી એકાદ મીઠી મહેરામણની લહરીઓના લક્ષ્ય પર લાવું છું. ત્યારે પણ હું એને જે કહું છું તે સર્વ એ સાંભળી લે છે.

અને વળી કોઇવાર એની અણછતી નબળાઇઓ એના ધ્યાન પર લાવું છું, એનાં કાળાં ધોળાં એની પાસે રજૂ કરું છું, એના સ્વભાવની કલીષ્ટતા, એની ઇર્ષ્યા, અસુયા અને અંતરના રોગો એની પાસે ગણી બતાવું છું અને આ સર્વ વાત તે ભાવભીના હૃદયે સાંભળે છે.

આવી આવી ચોખી વાત જેને કરું છું તેને હું ઓળખું છું, અથવા હું માનું છું કે એને હું બરાબર ઓળખું છું, હું માનતો આવ્યો છું કે હું એને વર્ષોથી ઓળખું છું. આ ભાઇશ્રી જેની સાથે હું સ્પષ્ટતાથી ઉઘાડી રીતે આટલી બધી વાત કરૂં છું, તે કોણ? એ તમે જાણો છો? તમે અનુમાન કરો, ધારો: "તે હું પોતે."

First Person, Singular

28-5-38 (S. V) સૂચિત.

(૩૦)

સજ્જનનું ચરિત્ર આવું હોય :—

એ પારકાનાં દૂષણને બોલી બતાવે નહિ, એ પારકાના નાના ગુણને વારંવાર બોલી બતાવે, એ પારકાની ઋદ્ધિ જોઇને સંતોષને ધારણ કરે, એ પારકાને થતી પીડા જોઇને મનમાં ખેદ-બળાપો કરે, એ પોતાનાં વખાણ કદી ન કરે, એ વિનયનો ત્યાગ ન કરે, એ ઉચિતને ઓળંગે નહિ, અને કોઈ એને ન ગમે તેવું (અપ્રિય) બોલે તો પણ એ ક્રોધ ન કરે. આનું નામ ગૃહસ્થાઈ-સજ્જનતા કહેવાય.

સજ્જનતા ખરી રીતે હૃદયની વાત છે, ગૃહસ્થાઇ અને ખાનદાનીનાં પગરણ છે, ઉચ્ચગ્રાહી જીવનના નાના મોટા દરેક પ્રસંગમાં બાપોકાર જાહેરાત કરતી શાંત નદી છે. પ્રાણીની **નાની વાતોનો સરવાળો એ સજ્જનતાનું પ્રતિક છે.** એને માટે મોટા મેળાવડા કરવા પડતા નથી, એને પોતાની કરવા મોટાં સંભાષણો બોલી બતાવવાં પડતાં નથી, એને હસ્તગત કરવા ખોટા સાચા દાવા ઢોંગ કે દેખાવો કરવા પડતાં નથી, સાચી સજ્જનતા કે ગૃહસ્થાઈ એ પ્રાણીના જીવન સાથે ઓતપ્રોત થઇ ગયેલ હોઇ, એના પ્રત્યેક વર્તન પ્રસંગે તરી આવે છે, પ્રત્યેક વાણી વિલાસે ઝળકી આવે છે, પ્રત્યેક આંખના અણસારામાંથી સમજાઈ આવે છે સારા માણસનું વર્તન સાચે માર્ગે જ થાય, સારે માર્ગે જ થાય. એ પોતાનો માર્ગ બરાબર સંભાળી લે અને એની વિશાળતા, સહૃદયતા અને ગંભીરતા અને સારે માર્ગે સાચે માર્ગે વિશુદ્ધ માર્ગે લઇ આવે. એવા સજ્જનો ગમે તે સંયોગમાં હોય, એનો વિકાસ એને સાચો રસ્તો સુજાડી દે અને એ પોતાં યથાર્થ માર્ગ વગર ધાંધલે, વગર પ્રયાસે, વગ માગણી કર્યે, શોધી લે અને તે રસ્તે જ આગળ ધ

સજ્જનનાં લક્ષણો ઉપર રજૂ કર્યાં છે તેન પર વિવેચનની ભાગ્યેજ જરૂર હોય. એ સુગ્રાહ્ય છે સ્વયં સ્પષ્ટ છે, કાળસિદ્ધ છે. એમાં ખૂબી એ છે કે સજ્જનને માર્ગે પ્રયાણ કરવામાં જરાપણ પ્રયાસ કરવો પડતો નથી, એની વિશુદ્ધિ કે સુગ્રાહ્યપણા માટે ચર્ચા કરવી પડતી નથી અને એની આદેયતા માટે ઉપદેશ આપવાની આવશ્યકતા રહેતી નથી. નવાઇની વાત એ છે કે આવો સીધો સાદો સમજાય તેવો સરલ માર્ગ મૂકી પ્રાણી આડેઅવળે માર્ગે કે ઊલટે પંથે કેમ પડી જતો હશે? શા માટે એ કાવાદાવા કરી જીવનને ઝેર કરતો હશે? શા માટે એ પ્રયાસ કરી ન ટકી શકે તેવી પરિસ્થિતિનો બચાવ કરવાના ખોટા માર્ગે ચઢી જતો હશે?

સજ્જનતાના માર્ગો સીધા છે; આંટીઘુંટી વગરના છે, જાતે તદ્દન નરવા છે, સ્વતઃ નૈસર્ગિક છે અને અંતરને પ્રફુલ્લ બનાવી ચેતનરાજ્યનો નિસ્તાર કરનારા છે. એના રસ્તા લેવામાં કાંઇ ગોટા વાળવા પડતા નથી, એને અપનાવવામાં કોઈ પ્રકારની કૃત્રિમતા ધારણ કરવી પડતી નથી, એને છુપાવવા કોઇ જાતના દંભો કે દેખાવોને માર્ગ આપવો પડતો નથી. એ સીધી લાઇનના રસ્તા છે, એ કુદરતી વલણને પોષનારા સહજપ્રાપ્ત ધર્મો છે, એ ઉન્નતિ બીજનાં ઊમળકા છે. ધર્મમાર્ગે ચઢવાનાં એક પણ સોપાનને ન ચૂકે તે એ માર્ગે પરંપરાએ સાચું શાશ્વત સુખ પામે અને હંમેશ માટે નિરવધિ આનંદ માણે.

न ब्रुते परदूषणं परगुणं वक्त्यल्पमप्यन्वहम्। संतोषं वहते परर्द्धिषु परावाधासु धत्ते शुचम्।
स्वश्लाघां न करोति नोज्झति नयं नोचित्यमुल्लंघय-त्युक्तोऽप्यप्रियमक्षमां न रचयत्येतच्चरित्रं सताम्॥
સિંદૂર પ્રકર. ૧૪

(૩૧)

ધનથી અંધ થયેલ બુદ્ધિવાળા માણસો–

ભયંકર અટવીમાં રખડે છે, દેશ પરદેશ આંટા મારે છે, મોટા આકરા દરિયામાં બાથોડાં ભરે છે, આકરી ખેતી કરે છે, કરચી શેઠીઆઓની સેવા ઉઠાવે છે, ભયંકર યુદ્ધમાં ઝંપલાવે છે.

આ સર્વ લોભની ચેષ્ટાઓ સમજવી.

લોભની ચેષ્ટાઓ અને ચાળાઓનો પાર નથી. સુભાષિતમાં બતાવેલા પ્રસંગો બરાબર સમજાય તેવા છે. તેને સમજવા માટે બસો વર્ષ પૂર્વેની હિંદની સ્થિતિનો ખ્યાલ કરવામાં આવે તો મોટા અરણ્યો, હાથીપદાત્તિ અને રથો તથા ઘોડાની સેનાની લડાઈઓ, જાનમાલની અસ્થિરતા અને પરદેશમાં કમાવાની આશા, શેઠીઆઓનો દોર અને દરિયાની સફરોનો ખ્યાલ કરવો એટલે લોભના ચાળા પોતાની આંખ સન્મુખ ખડા થઇ જશે. તૃષ્ણાદેવી પ્રાણી પાસે અનેક પ્રકારના નાચો કરાવે છે, ન કરવાનાં કામો કરાવે છે અને બે બદામના માણસોની ખુશામત કરાવે છે.

એ તો જૂના જમાનાની વાત થઇ, પણ ચાલુ જમાનામાં આ તૃષ્ણાદેવી ભારે ગજબ કરે છે. કાળાં બજારની ઝીણવટ જાણનારા માણસોનાં કામોને વર્ણવવામાં આવે તો રૂંવાં ઊભાં થાય તેવી વાતો છે. એમાં મનુષ્ય દયા કે રાષ્ટ્રભાવના ઉપર હડતાળ મૂકાય તેવા બનાવો બનતાં ગયા છે અને આબરૂદાર દેખાતા માણસોએ દેશદ્રોહ, મનુષ્યદ્રોહ અને આત્મદ્રોહ કરવામાં બાકી રાખી નથી. અને લોભને વશ પડીને પ્રાણીઓ ભાઇ ભાઇનાં ગળાં કાપે, રાત દિવસ કારખાના ચલાવે, ગરીબોની ગરજનો બેવડો તેવડો લાભ લે, ઇન્કમટેકસમાંથી બચવા સાચા ખોટા ચોપડા તૈયાર કરે, માલમાં ભેળસેળ કરી ઘીમાં છાશ, દૂધમાં પાણી, અળસીમાં ઇંતરાં અને ઘઉંમાં કાંકરા નાખે, રેલવેના વેગનો મેળવવા કે સપ્લાઇ ખાતામાંથી માલ મેળવવા કે લડાઇમાં ઓરડો મેળવવા મોટી નાની રકમની લાંચો આપે, બારે માસ અને બત્રીસે ઘડી ધન માટે આકુળતા ધારણ કરે, સાચાખોટા દસ્તાવેજો તૈયાર કરે, ભળતી કે જૂઠી સાક્ષી આપે વગેરે અને એવાં એવાં અનેક કાર્યો કરી ખોટી સાચી વાતો કરી ગજવાં ભરે, ભરાવે અને છતાં આબરૂદાર કે ઉદારમાં ખપવા એકાદ સારી રકમની સખાવત જાહેર કરી પોતાનાં જીવનને કૃતકૃત્ય માને, અતિ લોભને કારણે લાખો મળે તો પણ જીવને શાંતિ ન રાખવા દે અને નિરંતર ધનની આશાએ મહા આરંભનાં મોટી હિંસાના કામ કરે, આદરે, ઉપદેશે અને ધનની વિચારણા અને ચિંતવનામાં આર્ત્ત ધ્યાનમાં જીવન વ્યતીત કરે. આ સર્વ લોભના ચાળા છે, સંતોષની ગેરહાજરીનાં પ્રદર્શન છે. અશાંતિનાં આવિષ્કરણ છે, નીચ ગતિ તરફ પ્રયાણ કરવાનાં પ્રયત્નો છે અને તુચ્છ હૃદયના અધમ એંધાણો છે. એને ઓળખી એનાથી ચેતીને ચાલે તેની ધર્મની મંજુનામાં ગણાવાની યોગ્યતા થાય; બાકી તો દુનિયા ઝૂકતી ચાલે છે અને ઘણાખરા તેની સાથે ઘસડાય છે. એનું નામ જીવન ન કહેવાય. એ તો આવવાની આફત અને થનારા અધઃપાતનાં મંગળાચરણો છે. લોભના ચાળાનો પાર નથી અને આપણી ચારે બાજુ તે વિલાસ કરતાં દેખાય છે.

यद्दुर्गमटवीमटन्ति विकटं क्रामन्ति देशान्तरम्,
गाहन्ते गहनं समुद्रमतनुक्लेशां कृषिं कुर्वते।
सेवन्ते कृपणं पतिं गजघटासंघट्टदुःसञ्चरम्,
सर्पन्ति प्रधनं धनान्धितधियस्तल्लोभविस्फूर्जितम्॥

સિંદૂર પ્રકર ૫૭.

(૩૨)

ધર્મનો ઉપદેશ આપનાર હોય; અથવા વયમાં વૃદ્ધ હોય; અથવા, ઘણા મોટા વિદ્વાન હોય; અથવા, ધર્મશાસ્ત્રમાં ખૂબ પ્રવીણ હોય; આમાંના કોઈ પણ પ્રકારના જનો વારંવાર સેવવા યોગ્ય છે.

જેના સહવાસમાં આવવાનું વધારે બને તેના જેવો પ્રાણી થાય છે. હલકાની સોબતે એ ઢીલો પડતો જાય છે અને અંતે વર્તનની બાબતમાં તળિયે બેસે છે. સારા વાતાવરણમાં એને વિચાર પણ સારા આવે છે. પ્રવૃત્તિનું મૂળ વિચારવાતાવરણ પર બહુધા રહે છે. કોઈ પણ કાર્ય પ્રથમ વિચારમાં જ ઉદ્ભવ લે છે, પછી કાર્યમાં એ છેવટે અવસાન પામે છે; માટે સત્સંગ બહુ મોટી વાત છે, સીધી અસર કરનાર તત્ત્વ છે. અને ચીવટ રાખી અનુસરવા યોગ્ય ગુણપ્રાપ્તિ માટેનું પ્રબળ નિમિત્ત છે. એક માબાપના બે પુત્ર હોય તેમાં સોબતને યોગે એક મહત્તાના શિખરે ચઢે છે, બીજો દુર્વ્યસન રખડપાટ અને નીચતાનો દાખલો બને છે. **પોપટનાં બે બચ્ચાં**–એક સંતના મઠને દરવાજે અને બીજું ચોરની પલ્લીને દરવાજે પાંજરામાં પડેલ, તે સોબતને યોગે બોલવામાં ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવે બેસી જાય એમાં સોબત જ કારણભૂત છે એ વાત ઉઘાડી છે, પ્રત્યક્ષ અનુભવે દેખી શકાય તેવી છે અને સોબતનાં પરિણામે દરરોજનાં જીવનમાં ભાત પડે તેવી છે.

એક કવિરાજે સજ્જન સંગનો મહિમા ગાતાં કહી દીધું છે કે 'સંત–સજ્જનનો સંગ બુદ્ધિનો વધારો કરે છે, લક્ષ્મીનો વધારો કરે છે, વ્યવહારદક્ષપણું આપે છે, શ્રેયને પલ્લવિત કરે છે, પાપને દળી નાખે છે, ઉન્નતિની સાથે મેળ સાધી આપે છે, વિજ્ઞાનનું પરિશોધન કરી આપે છે, કળાકૌશલ્યમાં વધારો કરે છે. સંતની સંગત શું નથી આપતી?'

આ બાબતમાં કવિએ જરાપણ વધારે પડતી વાત નથી કરી. સત્સંગનો મહિમા વર્ણવવો મુશ્કેલ છે. સારી સોબતને અંગે મનુષ્ય સૃષ્ટિમાંથી અને કુદરતની શક્તિઓમાંથી તેના લાભદાયકપણા માટે અનેક દાખલાઓ આપવામાં આવ્યા છે. શુભ ઉપદેશ આપનાર હોય કે વિદ્વાન હોય, અનુભવી કે ઘડાઇ ઘડાઈને આગળ આવેલા હોય, ધર્મશાસ્ત્રમાં કે વિજ્ઞાનમાં કુશળ માણસો હોય તેની સોબત કરવામાં લાભ લાભ અને લાભ જ થાય.

અને માણસનું મન વાઢ પર ચઢતી વેલડી જેવું છે. એને જેવો જે દિશાનો અને જેટલો ઊંચો ટેકો આજુ–બાજુ મળે તેટલી વેલડી તેના ફરતી વીંટાઈ જાય છે. એને વાડનો ટેકો ક્યાં અને કેટલો આગળ ધપાવનારો મળે છે તે પર તેની પ્રગતિનો આધાર રહે છે. ગપ્પાં મારનાર મળે તો માણસ વાતોએ ચઢી જાય, બદકચ્છ મળે તો બ્રહ્મચારી કે સંતોષી થાય, અનુભવી મળે તો બીજાની ઠેસોનો લાભ પોતે મેળવે, ભણેલા મળે તો મહેનત કરીને એકઠાં કરેલ તેના ભણતરનો લાભ પોતે અતિ અલ્પ પ્રયાસે મેળવે અને શુદ્ધ ઉપદેશક હોય તો તેની છાયામાં પોતે સાધક બની જાય. હીનની સોબતે પ્રાણી ઊતરતો જાય છે, સરખો મળે તો ભેટી પડે છે, પણ વિશિષ્ટ મળે તો પોતે પણ વધારો કરી આગળ ધપે છે. ધર્મમાં કુશળ થવા ઇચ્છનારે સંત સાધુ ત્યાગી કે ઉપદેશ આપનાર બહુશ્રુતની પર્યુપાસના વારંવાર કરવી અને તેના જેવા થવા યત્ન કરવો. એ રીતે ધર્મકૌશલ્ય પ્રાપ્ત થાય.

મૌક્તિક

शुभोपदेशदातारो, वयोवृद्धा बहुश्रुताः। कुशला धर्मशास्त्रेषु, पर्युपास्या मुहुर्मुहुः॥

विवेकविलास ८. ४८.

યાત્રાના નવાણુ દિવસ.

સંગ્રાહકઃ—ચોકસી.

ભૂમિકા :

અરે ! આ એકાન્ત પ્રદેશ પર અટુલા પડેલ ગુરુશિખરમાં, જ્યાં યાત્રિકોનો સમુદાય જવલ્લે જ પગ મૂકે છે ત્યાં આપ સરખા શાન્તમૂર્તિના દર્શન એ તો ક્ષુધાતુરને ઘેબર મળ્યા જેવું લેખાય !

મહાનુભાવ, આવા નિરવ સ્થાનમાં જે મનની એકાગ્રતા અને ધ્યાનની ઉત્કટતા હસ્તગત કરી શકાય છે. પાલીતાણામાં રિયર થયા પછી ભાગ્યે જ હું શત્રુંજયગિરિની યાત્રાવિહુણો દિવસ પસાર કરું છું. અજવાળું થયા પછી જ હું તળાટી તરફ પગલા માંડું છું અને પ્રાતઃકાળના રમ્ય વાતાવરણમાં નીચી નજરે, ધીમી ગતિએ, આ મહાતીર્થના પગથીઆ વટાવતો, લગભગ અર્ધા કલાકમાં છાલાકુંડ સમિપ આવી રહું છું. જરા વિશ્રાન્તિ લઈ આ મુનિશિખર તરીકે ઓળખાતા, સામાન્ય રીતે દૂર દૂરથી નજરે પડતાં, પર્વતના આગળ પડતાં ભાગની કેડીએ ચઢ, અહીંના આ દહેરીમાં આસન જમાવું છું. એકાદ મુહૂર્ત જેટલો સમય ક્યાં તો ધ્યાનમાં કિંવા તત્ત્વાદિની વિચારણામાં વ્યતીત કરું છું. કોઇ રઝોખઝો યાત્રિક આવી ચઢે તો ધર્મચર્ચાનો પ્રસંગ પણ પ્રાપ્ત થાય છે. અહીં વિસ્તરેલી અમાપ શાન્તિમા મને ઠીક ઠીક આનંદ મળે છે. સામે દેખાતાં પાછલા માર્ગે થઈ, બાફીનો પંથ કાપી, દાદાના દરબારમાં પહોંચું છું ત્યારે આંગી ઉતારવાની તૈયારી ચાલતી હોય છે.

પૂજ્ય સંત, આપ આ જર્ધ્ધ વયમાં પણ પ્રમાદના શરણે ગયા વિના આ જાતની સુંદર જીવનચર્યામાં મશગૂલ રહો છો એ જોઇ મને આશ્ચર્ય થાય છે. એક તરફ આ પવિત્ર તીર્થમાં પૂરું અજવાળું થયા વિના સંખ્યાબંધ સાધુ-સાધ્વીને ડુંગર ચઢવા જતાં, વળી કેટલાકને તો માત્ર તલાટીયી જ પાછા વળતાં અને કેટલાકને અર્ધા માર્ગે ઝટપટ ઉતરતાં જોઉં છું ત્યારે સહજ વિચાર ઉદ્ભવે છે કે આ ત્યાગી વર્ગને આ પ્રકારની પ્રવૃત્તિ શોભે ખરી ?

ત્યાગી વર્ગ અંગેની ઉપરની વાત જેમ મને ખુંચે છે તેમ અમારા શ્રાદ્ધ સમુદાયમાં પણ ઓછી ગતાનુગતિકતા નથી. કેટલાક સાવ અંધારામાં નીકળી પડે છે. જલ્દી ચઢી જઇ, ઝટપટ દેવ જુહારી, પૂજા કરવા પણ ન થોભતા, વહેલા ઉતરી આવે છે ! એથી ઊલટું કેટલાક ચા-પાણીનું કાર્ય પતાવી મોડા જ ચઢવા માંડે છે અને ઠંડકથી બે ત્રણ વાગે ઉતરે છે. કોઈકવાર સખત તાપ હોય છે તો આમ કરનારને હાનિકર્તા થઇ પડે છે. આ રીતે ઉતરનાર મોજા પહેરીને જ તેમ કરે છે. મોજાનો વપરાશ તો દદ બહાર વધી ગયો છે. આ સ્થિતિમાં આંગી ઉતરવાનો સમય, ધી બોલવાની પ્રથા અને શ્રીમંતોના આગમનની અનુકૂળતા અમુકાંશે જવાબદાર છે ! ધી બોલનાર તો અમુક જાતના ઇજારદાર જેવો જ ભાગ ભજવે છે. ખુદ ગભારામાં પણ એમની તહેનાતમાં બારોટ વર્ગના માણસો હાજર હોય છે ! 'પુષ્પ પાંખડી જ્યાં દુભાય, જિનવરની ત્યાં નહીં આજ્ઞાય' જેવો દુહો અહીં તો નકામો જ ગણાય છે. વીંધેલા પુષ્પોના હારો ઠગલાબંધ ચઢાવાય છે ! અને એ લેનારામાં શ્રીમંતો અને સમજુ ગણાતાની સંખ્યા ઓછી નથી ! મેં કાને જે કંઇ દીઠું એ ઉપરથી મને જે વિચારો આવ્યા તે આપ સાહેબને જણાવ્યા. જો કે આ રીતે આપનો સમય લેવો વ્યાજબી ન ગણાય પણ અંતરનો ઉકળાટ ન ઘમારી શકાવાથી એ ઉગારાઇ બહાર આવ્યો છે. દેશ-કાળ જોતાં

આ બધું સંગીન ફેરફાર માંગે છે. આપ સરખા અભ્યાસી સંત એ વાત હાથમાં લે તો જરૂર એ બને.

તમારું નામ પ્રબોધચંદ્રને ! સાંભળવા મુજબ તમો સહ કુટુંબ અત્રે નવાણુ યાત્રા કરવા આવ્યા છો એ મુખ્ય હેતુ અવગણી આ સુધારણાના વિષયમાં ક્યાં પડી જાવ છો ? જે સમાજમાં જ્ઞાનનો મહિમા પ્રભુશ્રી મહાવીર દેવે સ્વમુખે અતિગણો ગાયો છે અને જ્ઞાનને સર્વ આરાધક કહી, ક્રિયાને દેશ આરાધક બતાવી છે તે સમાજમાં આજે સંખ્યાબંધ કરણીઓ એવી થઇ રહેલી નજરે ચઢે છે કે જેની પાછળ નથી તો પૂરી સમજ કે નથી તો એ અંગે શું રહસ્ય રહેલું છે એનો ખ્યાલ. અચરે અચરે રામ જેવું ચાલી રહ્યું છે. જિજ્ઞાસુ માટે સ્વરૂપ દર્શક ગ્રંથો ઓછા નથી, પણ વાંચનાર વર્ગ જ્યાં જોવાતો નથી અને ઉપદેશક વર્ગ જ્યાં મોટા સૂત્રોના વ્યાખ્યાનમાં અને ઉપરછલ્લી ધામધુમમાં પ્રભાવના જોતો હોય ત્યાં ઉપર વર્ણવી દશા જ સંભવે ને ! મહાનુભાવ, તમો યાત્રામાં દત્તચિત્ત બનો અને આત્મલક્ષી ક્રિયામાં રક્ત રહો. સુધારણા કાળ પાકશે ત્યારે થશે.

પૂજ્ય ગુરુમહારાજ, આપે મારું નામ તેમજ યાત્રાની વાત સાંભળી લાગે છે. આમ તો હું રાષ્ટ્રવાદી છું તેમ મારે કબૂલવું જોઇએ કે મારો ધર્મ સંબંધી અભ્યાસ સામાન્ય પ્રકારનો છે. અલબત ઘોડું કરવું પણ એ સમજીને કરવું એવું હું માનનારો છું. પ્રથમ તો હવાફેર સારૂ માથેરાનનો વિચાર થયો ત્યાં પત્ની તરફથી યાત્રાની વાત રજુ થઈ. મને પણ લાગ્યું કે પ્રથમ કરતાં પાછળની બાબત ઠીક છે. એક પંથ ઓર દો કાજ જેવું થશે. હું કંઇ નવાણું યાત્રાની ગણતરીએ આવ્યો નથી. હું તો ઇચ્છા થાય ત્યારે ચઢું નહીં તો ગામમાં રહી વાંચનમાં સમય ગાળું. જ્યારે સાથેના તો નવાણુ કરશે જ; ઘણુંખરૂં તેઓ દિવસમાં બે યાત્રા કરવા ધારે છે એ શું શક્ય છે !

પ્રબોધચંદ્ર, જેમને ગણતરીજ કરવી છે તેમને તળાટીથી ચઢી દાદાના દરબારમાં જઇ દર્શન કરવા, લાંબા ઘેટીપાગ ઉતરી ત્યાં સ્થાપન કરેલ પગલાં જુહારવા, પુનઃ ચઢી દાદાના દરબારમાં આવવું, પૂજન તથા સ્તવનદ્વારા દ્રવ્યભાવપૂજા કરી અને પાછા ઉતરી ગામ આવવાથી બે યાત્રા ગણાય છે કેમકે એમ કરવાથી બે વાર ચઢવાનું થાય છે.

પૂજ્ય આમ ચઢવા માત્રથી જ સંતોષ માનનો કે એ પાછળ કંઇ ખાસ હેતુ રહેલો છે !

ભાઇ, તીર્થંકર ભગવંતપ્રણીત નાની મોટી દરેક કરણી પાછળ મુખ્ય રીતે આત્મિક ક્રેતનો હેતુ હોય છે. બાહ્ય ફળ તો એમાં ગૌણપણે રહેલું હોય છે. જીવ સ્વરૂપના જાણનાર અને નવતત્વને સમજનાર માનવ એ રહસ્ય ઝટ પિછાની શકે છે. જૈન ધર્મમાં ગતાનુગતિકપણાને જરાપણ સ્થાન નથી. માત્ર ચઢઉતર કરવામાં યાત્રાની સફળતા નથી મનાઈ. આ પવિત્ર ગિરિ ઉપર પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ, પાંચ પચાસ વાર નહીં પણ નવાણુ 'પૂર્વ' વાર પધારેલા છે. વળી આ શાશ્વત ભૂમિ છે કેમકે માત્ર વર્તમાન કાળમાં જ એ ઉપર અનંતા જીવો સિદ્ધિપદને વર્યા છે એટલું જ નહીં પણ ભૂતકાળમાં એને એવું જ ગૌરવ પેદા કર્યું છે અને ભવિષ્યમાં એવી જ ગૌરવ ગાથા એના ભાગમાં અંકિત થયેલી છે. આથી સહજ સમજશે કે આ પ્રદેશના નાનામાં નાના રજકણમાં કોઇ અનોખી પ્રેરણા પાવાની જ્વલંત શક્તિ છુપાયેલી છે. વારંવાર અહીં આવી, આત્માએ એમાં ઊંડું અવગાહન કરવાનું છે. મનરૂપી માંકડું એકદમ સ્થિર થાય તેવું ન હોવાથી એને અભ્યાસદ્વારા કાબૂમાં આણવાનું છે. રાંકડાની જંજાળથી છૂટી, આ પવિત્ર ગિરિના પગથીઆ ચઢી, અહીંના જુદા જુદા સ્થાનો પર બેસી શાંત ચિત્તે સાહિત્યના પ્રસંગો વિચારવાના છે. એ ઉપર ચિંતન કરી અને બરાબર મનન કરી, સ્વજીવનમાં એ અમલથી કેમ બને તે નક્કી

કરવાનું છે. માત્ર ઝટપટ ફરી વળી 'લે દેવ ચોખા તે મૂક મારો છેડો' કરવાની ક્રિયા દ્વારા યાત્રા કર્યાનો સંતોષ માનવાનો નથી.

આજે તો જેટલું વજન બહારની કરણીઓને અપાય છે એથી અર્ધું પણ એ પાછળનો આશય અવધારવામાં નથી અપાતું. એ વેળા રાજવી કુમારપાળવાળો પેલો પ્રચલિત દુહો કે જીણ ઋષિની વાત જવલ્લેજ યાદ કરાય છે. જરૂર તો એ ઉભય વાતોને નેત્રો સામે રમતી રાખવાની છે.

પાંચ કોડીના ફુલડે, જેના સિધ્યાં કાજ,
રાજા કુમારપાળને, મળ્યું અઢારનું રાજ.

અર્થાત માત્ર પાંચ કોડીના અઢાર પુષ્પ લઇ, જે સુંદર ભાવથી નોકર એવા કુમારપાળના જીવે પ્રભુને ચઢાવ્યા, તે ભાવ જરૂરી છે. એના જોરે બીજા ભવમાં નોકરમાંથી એ મહારાજા બની ગયા. લાખોના ફૂલો ચઢાવનારા પૂર્વ ભવના એના શેઠ, ભાવમાં પાછળ પડવાથી માત્ર ઉદાયન મંત્રી બન્યા. જૈન ધર્મમાં દ્રવ્ય કે એની નાની મોટી સંખ્યા પર ફળનો આધાર નથી. વજન તો ભાવના પર અવલંબે છે. તેથી જ પ્રભુના પાત્રમાં જરા માત્ર આહાર વહોરાવવાનું બન્યું નહીં, છતાં ભાવનાના બળે જીરણ શેઠ મોક્ષના કમાડ ખખડાવવાના પંથે પડ્યા.

સાહેબ, આપ શાંતમૂર્તિ તરીકે ઓળખાવ છો એ વાસ્તવિક છે. આપની સાથેની આ સામાન્ય વાતચિતથી મારા અંતરમાં આનંદની છોળો ઉછળી રહી છે. જો કે કાલના અનુભવથી મેં ગણત્રીના દિનો ડુંગર પર ચઢવાના નિયત કરેલાં, પણ આપના સમાગમનો લાભ મળે તેમ હોય તો, આપને એથી કંઇ અગવડ ન પહોંચે તેમ હોય તો, હું રોજ ડુંગર ચઢવા ઇચ્છું છું. યાત્રા સાથે આ જાતની જ્ઞાન-ચર્ચાદ્વારા જૈન ધર્મનું સ્વરૂપ અને તેટલું સમજવા માંગું છું, એમ કરતાં નવાણું યાત્રા કરવાનો લાભ મળે તો સોનું ને સુગંધ મળ્યા જેવું.

મહાનુભાવ, સંતનો ધર્મ સ્વશ્રેય સાથે પરને માર્ગે આણવાનો છે. જિજ્ઞાસુ જોડેના વાર્તાલાપથી એનું જ્ઞાન તાજું રહે છે. આ સ્થાનમાં નિયમિતપણે હાજરી આપશો તો અવશ્ય આપણે સાહિત્યના પ્રસંગો પર સામાયિકના કાળ જેટલો સમય વિચારણા ચલાવશું. નવનો ડંકો થતાં અહીંથી ઉઠીશું. એ પછી ઉપર જે આનંદ આવશે તે કંઇ અનેરો જ હશે. અનુભવનો એ વિષય ગણાય.

ગુરુમહારાજ, આવતી કાલથી નિર્ણિત સમયે હું જરૂર આવી પહોંચીશ.

આલુ

વર્તમાન સમાચાર

૧ આ સભાનાં લાઇફ મેમ્બર શાહ માણેકચંદ પોપટલાલ થાનગઢવાળાનાં પુત્રી ચિ. ઇન્દુમતીનાં શુભલગ્ન પ્રસંગે અને ગૃહમંદિરમાં શ્રી જિનેશ્વરદેવની પ્રતિમાજી પધરાવવા નિમિત્તે તા. ૨૧-૨-૪૭ થી શ્રી અઠ્ઠાઇમહોત્સવ કરવામાં આવ્યો હતો. અને થાન લખતરના ઠાકોર સાહેબનાં પ્રમુખસ્થાને એક ભવ્ય મેળાવડો થયો હતો, જે વખતે શાહ માણેકચંદ પોપટલાલ તરફથી રૂ. ૬૬૨૫) ની જુદા જુદા ખાતાઓમાં સખાવત જાહેર કરવામાં આવી હતી.

૨ અમોને જણાવતાં અત્યંત હર્ષ થાય છે કે-આ સભાનાં પેટ્રન સાહેબ શ્રી ભોગીલાલભાઇ મગનલાલ તાજેતરમાં મુંબઈ જતાં અંધેરી મોહન સ્ટુડીઓમાં તેમને માનપત્ર આપવાનો એક ભવ્ય મેળાવડો થયો હતો. તે પ્રસંગે શેઠ ભોગીલાલ મગનલાલ, શેઠ ગિરધરલાલ દીપચંદ મ્હેતા અને શેઠ જાદવજી નરશીદાસ શ્રી મહાવીર જૈન વિદ્યાલયનાં પેટ્રન થયા હતા.

જૈન શાસનના નભોમણિ

કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે આપેલો પ્રતિબોધ.

મુનિરાજશ્રીઃ—લક્ષ્મીસાગરજી મહારાજ.

ધંધુકા ગામમાં મોઢ જ્ઞાતિમાં ઉત્પન્ન થયેલા ચાંગદેવે દેવચંદ્રસૂરિ પાસે દીક્ષા લીધી. ગુરુએ તેમનું હેમચંદ્રસૂરિ નામ પાડયું. પાટણના રાજા કુમારપાળને રાજા થતાં પહેલાં સિદ્ધરાજના ભયથી નાસભાગની પૂર્વાવસ્થામાં, શ્રી હેમચંદ્રસૂરિએ પ્રાણનું અભયદાન આપી અનેક ઉપકાર કર્યા હતાં. અનુક્રમે પાટણનો રાજા કુમારપાળ થયો. તે સમયે શ્રી હેમચંદ્રસૂરિએ ત્યાં જઇને ઉદયનમંત્રીને પૂછયું કે—"રાજા અમને કોઇવાર યાદ કરે છે?" ઉદયને કહ્યું કે—"સંભારતા નથી." સૂરિએ કહ્યું—"હે મંત્રી! આજે તું રાજાને એકાન્તમાં કહેજે 'આજે તમારે નવી રાણીના મહેલે સૂવા જવું નહીં.' મંત્રીએ તે જ પ્રમાણે કહ્યું. તે રાત્રે નવી રાણીના મહેલ ઉપર એકદમ અકસ્માત વીજળી પડી તેથી મહેલ બળી ગયો ને રાણી મૃત્યુ પામી. તે જોઈ આશ્ચર્ય પામેલા રાજાએ મંત્રીને પૂછયું કે ત્હમને આવી ખબર પ્રથમ ક્યાંથી પડી? આવું ઉત્કૃષ્ટ જ્ઞાન કોનું છે? ત્યારે મંત્રીએ કહ્યું—હેમચંદ્રસૂરિએ તે વાત કહી હતી. તે સાંભળી રાજા તરત જ સૂરિજી પાસે જઇને પ્રણામ કરીને બોલ્યા કે—"હે પૂજ્ય! આપનો મહદ્ ઉપકાર મારા ઉપર છે; માટે આ રાજ્ય લઈ મ્હારા ઉપર કૃપા કરો." સૂરિજી બોલ્યા હે રાજન્! અમારે રાજ્યનો ખપ નથી પરંતુ જો તું કૃતજ્ઞપણાએ કરીને પ્રત્યુપકાર કરવા ઇચ્છતો હો તો આત્માને હિતકારક જૈન ધર્મનો સ્વીકાર કર. તે સાંભળી રાજા બોલ્યો—"હે સ્વામી આપ જેમ કહેશો તેમ હું કરીશ."

એકદા રાજા સૂરિજીને સાથે લઇને સોમેશ્વરની યાત્રાએ ગયો. ત્યાં રાજાએ મહાદેવને વંદના કરી તે વખતે રાજાને બ્રાહ્મણોએ કહ્યું કે—જૈન ધર્મીઓ ત્હેમના તીર્થંકર સિવાય બીજા દેવને નમતા નથી. તે સાંભળીને રાજાએ સૂરિને કહ્યું કે—હે પૂજ્ય! આપ શિવને વંદના કરો. ત્યારે સૂરિ બોલ્યા કે—જેના ભવબીજના અંકુરને ઉત્પન્ન કરનારા રાગાદિક ક્ષય પામેલા છે એવા બ્રહ્મા, વિષ્ણુ, શિવ કે જિન જે હોય ત્હેને મારા નમસ્કાર હો. જે તે સમયે, જે તે પ્રકારે, જે તે નામવડે, જે તે છે તે તું જ છે, સર્વ દોષ અને પાપ રહિત જો કોઇ હોય તો તું એક જ છે, માટે હે ભગવાન્! ત્હમને મારો નમસ્કાર હો. આવી સ્તુતિ સાંભળીને રાજા આશ્ચર્ય પામ્યો. પછી ત્હેણે ગુરુશ્રીને કહ્યું કે—હે પૂજ્ય! મત મતાન્તરનો આગ્રહ મૂકીને ખરૂં તત્વ શું છે તે મ્હને કહો. સૂરિજી બોલ્યા કે—હે રાજા! શાસ્ત્રનો સંવાદ દૂર રહો, પણ આ શિવ જ તમારી પાસે તત્વનું નિરૂપણ કરશે. તે તમે આદરજો. પછી મધ્ય રાત્રીએ સૂરિજીના ધ્યાનથી પ્રત્યક્ષ થઇને શિવે રાજાને કહ્યું કે—હે રાજન્! શ્રી તીર્થંકરોએ પ્રરૂપિત કરેલા સ્યાદ્વાદ તત્વનું

આચરણ કરવાથી તું વાંછિત ફળને પામીશ. તે સાંભળીને રાજા સમકિત પામ્યો, અને જૈન ધર્મનો આદર સત્કાર કર્યો અને સૂરિજીને ભાવપૂર્વક વંદના કરી. અનુક્રમે તે બાર વ્રતધારી શ્રાવક થયો. અનેક ભવ્ય જીવોને પ્રતિબોધી જૈન ધર્મની પ્રભાવના કરી સ્વર્ગે ગયા. આ પ્રમાણે વિદ્યાપ્રભાવક કલિકાલસર્વજ્ઞ આચાર્યશ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે વિદ્યાના પ્રભાવથી અઢાર દેશના મહારાજા શ્રી કુમારપાળને પ્રતિબોધી પરમ જૈન ધર્મી બનાવી જગતમાં દયા ધર્મનો વિજય વાવટો રોપ્યો. શાસનનો ઉદ્યોત કર્યો. આવા સૂરીશ્વરને કોડો વાર વંદણા હો. અને શ્રી હેમચંદ્રસૂરીશ્વર શ્રી સંઘને કલ્યાણને અર્થે થાઓ.

અમદાવાદમાં મળેલી સર્વ ધર્મ પરિષદમાં તા. ૨૮-૪-૪૭ નાં રોજ વિદ્વાન મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે જૈન દર્શન સંબંધી કરેલ ટ્રેક પ્રવચન.

ધર્મ પરિષદ મળે છે. એ નવી વસ્તુ નથી. બૌદ્ધ, વૈદિક, જૈન ગ્રંથો જોતાં આપણને લાગશે કે આપણા ઋષિ મહર્ષિઓને આની માહિતી હતી. પહેલાંના સમયમાં રાજાઓના દરબારમાં ધર્મસાંચવો રાખવામાં આવતા જે રાજધર્મ પ્રજાધર્મની પૂરી ખબર રાખતા. પ્રાચીન કાળના ઉત્સવોમાં પણ અનેક વિદ્વાનો એકત્ર થઇ ધર્મચર્ચા કરતા, ધર્મ નિર્ણય કરતાં. આજે આપણે જુદી જુદી દિશામાં જોઇએ છીએ. રાજક્રાન્તિ સાથે ધર્મક્રાન્તિ પણ જરૂરી છે. ધર્મના સિદ્ધાંતોનો સમન્વય સાધી રાજનીતિ ઘડવામાં આવે તો જ તે સફળ થાય. પ્રાચીન ધર્મગ્રંથોના કેટલાક સિદ્ધાંતો આજે પણ અચલ છે. એ જ સૂક્ષ્મ દૃષ્ટિએ આપણે આગામી રાજનીતિ ઘડીએ તો તે વધુ સંગીન, વધુ ચિરસ્થાયી બનશે, નહિ તો વિસંવાદીતા ઉત્પન્ન થશે.

ધર્મ અને નીતિની વ્યાખ્યા એ છે કે નીતિ એટલે સમપણું, અને ધર્મ ઉદાર તત્વ છે; એ જીવનનું ઘડતર કરે છે, અને એનું મહત્વનું કાર્ય એ જ છે.

ઉદાર તત્વને નહિ કેળવી શકીએ અને કર્તવ્યપરાયણ નહિ બનીએ તો અને માત્ર વ્યાખ્યાનો સાંભળ્યા જ કરીશું તો આવા પ્રસંગો નિષ્ફળ જશે.

સ્યાદ્વાદ એ સમન્વયવાદ છે.

શ્રમણ અને તેના અનુયાયીઓએ જે સિદ્ધાન્તોનું નિરૂપણ કરેલું છે તે અનેકાન્તવાદ-સ્યાદ્વાદ છે, માનવજીવનની વિકાસની ભૂમિકા શરૂ થાય છે ત્યારે ચાર વસ્તુઓ એ ખીલવે છે. મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થવૃત્તિ. એ ચાર વસ્તુઓનો માનવીના જીવનમાં પૂર્ણ વિકાસ આ સ્યાદ્વાદ કરે છે; એને સમન્વયવાદ પણ કહી શકાય. જીવનમાં વ્યવહારનો કેવી રીતે ઉપયોગ થઇ શકે તે અંગે વિચાર કર્યો છે. જૈન આચાર્યોએ અનેકાન્તવાદ સમન્વયવાદ જીવનમાં ઉતારેલો હતો અને આપણે પણ જો એ જીવનમાં ઉતારીએ તો દેશ, જાત, કોમ અને ધર્મની વિસંવાદ છે, તે ટળી શકે. માટે તો છીએ ત્યાં જ ટકીશું. જૈન દર્શનોએ સમન્વયવાદને વધુ મહત્વ આપ્યું છે; અને એ માટે જૈનાચાર્યોએ ભારે જહેમત ઉઠાવી છે. જો સંપ્રદાયિકતા દૂર થાય તો જીવનમાં ક્રમશઃ પ્રગતિ સાધી શકીએ. સ્યાદ્વાદને જૈનોએ જીવનમાં ઉતાર્યો નથી. પરિણામે જૈન સમાજનું પતન થયું. એ પતન રોકવું હોય તો સમન્વયવાદના સિદ્ધાંતોને જીવનમાં ઉતારવાનું શીખજો.

પ્રગતિને પંથે.

શ્રી શકુંતલા કાંતિલાલ ગર્લ્સ હાઇસ્કુલ, મુંબઇ.

શ્રી મુંબઇ અને માંગરોળ જૈન સભા સંચાલિત શ્રી શકુંતલા કાંતિલાલ ઇશ્વરલાલ જૈન ગર્લ્સ હાઇ-સ્કુલ-મુંબઈ. શ્રીમંત, મધ્યમ અને ગરીબ કુટુંબની જૈન વિદ્યાર્થીનીઓ માટે મેટ્રિક પર્યન્ત શિક્ષણ મેળવવા એક આદર્શ અને અનૂપમ વિદ્યાલય છે. ઉચ્ચ ડિગ્રીધારી, અનુભવી, સુશિક્ષિત અને સેવાભાવી બ્હેનોના સ્ટાફથી આ કન્યા મહા વિદ્યાલયનું વાતા-વરણ ગુંજી રહ્યું છે. સરોવર સન્મુખ રહેલા આ સંસ્થાના ભવ્ય મકાનમાં પ્રવેશ કરનાર બાળાઓ છ કલાક શિક્ષણ મેળવી અનહદ આનંદ અનુભવે છે. શિક્ષિકાઓનો પ્રેમ, વાત્સલ્યભાવ અને શિખવવાની અપૂર્વ અને સુરૂચીકર ઢબ બાળિકાઓના મન જીતી લે છે. આ સંસ્થાનો છેલ્લા આઠ વર્ષમાં ખૂબ જ વિકાસ થયો છે. અહર્નિશ સેવા અને દાન ભાવનાથી રંગાયેલા જૈન સમાજના જ્યોતિર્ધરનો સહયોગ આ સંસ્થાને સાંપડતા એની આખી કાયા પલ્ટાઈ ગઇ છે. જૈન સમાજની સ્ત્રી કેળવણીના ક્ષેત્રમાં અજબ ક્રાંતિ લાવનાર સેવાભાવિની શક્તિ કેટલું કાર્ય કરી શકે તે નિહાળવું હોય તો આ સંસ્થાના ઇતિહાસને તપાસો અને જણાશે કે લાખો રૂપીઆની ઢગલા દ્વારા જ્ઞાનગંગાનું નિર્મળ જળ અહિં વહેવડાવવામાં આવ્યું છે. અત્યારે સાતસો બાળાઓ છે. આવક કરતાં ખર્ચ વધુ છે. વીસથી પચીસ હજારની ચાલુ ખોટ આવે તેમ છે છતાં કેળવણીના કાર્યમાં પાછળ હઠવાનું હોય જ નહિં. એમાં તો આગળ ધપવાનું જ હોય. સેંકડોની સંખ્યામાં દાખલ થવા આવતી બાળાઓને ના કેમ પડાય ? સરસ્વતી મંદિરના દ્વાર ખખડાવતી કન્યાઓને તો આવકાર જ હોય. ખર્ચાદિની ગણત્રી જરાયે ન કરતાં લગભગ પોણા બસો જેટલી નવી બાળાઓને દાખલ કરી એટલું જ નહિં પણ એક ડિવીઝન અંગ્રેજી ફર્સ્ટમાં વધારવા નિર્ણય કરવામાં આવ્યો. આ રીતે આશરે સારી સંખ્યામાં બાળાઓ ધાર્મિક અને વ્યવહારિક જ્ઞાન મેળવશે. આટલેથી બસ નથી. કાર્યવાહકોના કોડ ક્રમે ક્રમે ૧૦૦૦–૧૨૦૦ સુધી બાળાઓને શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવાની છે. આ મહત્વાકાંક્ષા ઉચ્ચ અને અનુમોદનીય છે. આવતા વર્ષથી કટિંગ અને સીવવાનું શિખવવા યોજના થઇ રહી છે. ખર્ચના પૈસા તો મળી રહેશે, તેની ખાતર કાંઇ પ્રગતિ અટકા-વાય ? બાળાઓને પાછી કેમ મોકલાય ? મફત શિક્ષણ લેવા આવનારને સૌ પ્રથમ ચાન્સ આપો. આ અને એવા પરોપકારમય વિચારોથી સદૈવ જેના અંતર ઉભરાતા હોય ત્યાં ખોટ શામાટે રહેવી જોઇએ ? અહીં તો પાઇએ પાઇ લેખે લાગે છે, સદ્વ્યય થાય છે, બાલિકાઓના જીવનઘડતરના કાર્ય પાછળ જોઇએ તે માટે માંગણીઓ કરવી પડે એ ન સમજાય તેવી વાત છે. અહિં તો ધનના ઢગલા જ થવા જોઇએ-વિના માંગ્યે સંસ્થાના ચરણે લાખો ખનખનાટ કરવા જોઇએ. આ સંસ્થામાં તો કોમની ભાવિપ્રજાની આશા સમાયેલી છે તેની ધુતિ અનોખી છે. સેવા ભાવનાથી ઓતપ્રોત છે. આપનો ઉદાર ફાળો મંત્રીઓને મોકલી કૃતકૃત્ય થાઓ. એમાં દાન ભાવના કરતાં ફરજ અદા કરવાની આકાંક્ષા રાખો. પછી જુઓ એનાં પરિણામો. શાસનદેવ એને વધુ વિકસાવે અને એનાં ભંડાર ભરપૂર કરે એવી પ્રાર્થના કરીયે છીયે.

શ્રી આનંદઘનજીકૃત

લેખક—શ્રીયુત લાલન.

શ્રી મહાવીરસ્વામીનું સ્તવન.

સૂચના:—શ્રી વીરપ્રભુના આ સ્તવનમાં જે ભાવ ચિત્રિત થયો છે તેને સ્પર્શવાનો પ્રકાર આમાં આપેલો છે.

જૈન દર્શનમાં બે પ્રકારની માન્યતા છે એટલે કે દેવર્ધિગણી ક્ષમાશ્રમણ જેઓશ્રી આગમાનુસાર સમયાન્તરે દર્શન ઉપયોગ અને જ્ઞાનોપયોગ વર્ણવે છે. એ પ્રકારનો ભાવ આમાં ચિત્રેલ છે.

(અને સિદ્ધસેન દિવાકર—જેઓશ્રી દર્શનઉપયોગ અને જ્ઞાનોપયોગ-જૈન તત્ત્વજ્ઞાનની અપેક્ષાએ એક જ સમયે ગણે છે. એ પ્રકારનો ઉપદેશ આ સ્તવનમાં નથી એટલે કે, તેઓ એક જ સમયે (યુગપત્) જ્ઞાન-દર્શન ઉપયોગને ગણે છે.

આ ઉભય પ્રકારની માન્યતા હાલનું જૈન દર્શન અપેક્ષાએ માન્ય રાખે છે અને શિષ્ટ ગ્રંથકારો અને તેના વાચક અભિલાષીઓ બંનેને માન આપી જણાવે છે કે-તત્ત્વ કેવલીગમ્ય.)

ઉત્થાનિકા:—જિજ્ઞાસુ સેવક પ્રભુના ઉભય સ્વરૂપમાંથી કયા સ્વરૂપનું ધ્યાન કરી શકે ? તેનો પ્રકાર આ ગાથામાં આપેલો છે.

ગાથા ૧ લી:—

ચરમ જિણેસર વિગત સ્વરૂપનું રે,
લાવું કેમ સ્વરૂપ;
સાકારી વિણ ધ્યાન ન સંભવે રે,
એ અવિકાર અરૂપ. ચરમ૦ ॥ ૧ ॥

અર્થ:—ચરમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામી આપનું સ્વરૂપ જે વિગત સ્વરૂપનું એટલે અરૂપી છે તેનું ધ્યાન હું જિજ્ઞાસુ સેવક કેમ કરી શકું ? કારણ કે ધ્યાન તો આપના સાકાર સ્વરૂપનું સંભવિત છે અને આપ તો વિકાર રહિત અરૂપી છો.

ભાવોદ્ઘાટન:—આત્મ દ્રવ્ય અને આત્માના ગુણપર્યાય એ બંનેમાંથી જ્યારે આત્મ દ્રવ્યનો અનુભવ કરવો હોય ત્યારે મન, વચન, કાયાના યોગનો નિષેધ કર્યા વિના ધ્યાન થઇ શકે નહિ કારણ કે, એ સ્વરૂપ નિર્વિકલ્પ છે માટે જિજ્ઞાસુ ભક્ત કહે છે કે, આપના ગુણ પર્યાય રહિત રૂપ સ્વરૂપનું મને દર્શન કરાવો કે જેનું ધ્યાન હું કરી શકું.

નોંધ:—સાકાર ઉપયોગ એ જ્ઞાન છે અને નિરાકાર ઉપયોગ એ દર્શન છે. આત્માના અનંત ગુણોમાં આ બંને ગુણો યથાર્થ અનુભવવા એ જૈનધર્મ અને જૈન તત્ત્વજ્ઞાનને સમજવાની કુંચી છે.

ઉત્થાનિકા:—નીચેની ગાથામાં પ્રભુના સાકાર સ્વરૂપની અને નિરાકાર સ્વરૂપની વ્યાખ્યા છે.

ગાથા ૨ જી:—

આપ સ્વરૂપ આતમમાં રમે રે,
તેહના દુર બે ભેદ;
અસંખ ઉછોસે સાકારી પદ રે,
નિરાકારી નિરભેદ. ચરમ૦ ॥ ૨ ॥

અર્થ:—આપ પોતાના સ્વરૂપમાં રમી રહ્યા છો તેના બે પ્રકાર છે. એક તો સાકાર અને બીજો નિરાકાર. આપ જ્યારે જિનેશ્વર તીર્થંકરરૂપ છો ત્યારે આપના આત્મપ્રદેશો ઉત્કૃષ્ટ ભાવે સાકાર છે અને જ્યારે આપ સિદ્ધ પદનો અનુભવ કરી રહ્યા છો ત્યારે ભેદ રહિત નિરાકાર છો.

નોંધઃ—સર્વ સિદ્ધ જીવો પૃથક પૃથક હોવા છતાં ભેદ રહિતપણે સમાન છે.

ઉત્થાનિકાઃ—જૈન શૈલીએ નિરાકાર સાકારનું આ સ્વરૂપ છે.

ગાથા ૩ જીઃ—

સૂખમ નામ કરમ નિરાકાર જે રે,
તેહ ભેદે નહીં અંત;
નિરાકાર જે નરગતિ કર્મથી રે,
તેહ અભેદ અનંત. ચરમ૦ ॥ ૩ ॥

અર્થઃ—સૂક્ષ્મ નામકર્મવાળા જીવો વ્યવહારરાશીમાં નહિ હોવાથી નિરાકાર ગણાય તેમજ કર્મથી રહિત એવા સિદ્ધ જીવો જે અનંત છે તે સ્વરૂપે નિરાકાર ગણાય.

નોંધઃ—આમાં નરગતિ અને નિર્ગતિ એવા બે પાઠ મુદ્રિત પુસ્તકોમાં જોવામાં આવે છે. હવે જો નિર્ગતિ લઇએ તો જેમ નિગોદના જીવો સૂક્ષ્મ નામકર્મથી અત્યંત સૂક્ષ્મ હોવાથી નિરાકાર ગણાય તેમ સિદ્ધના જીવો કર્મ રહિત હોવાથી નિરાકાર ગણાય એટલે જ્યાંસુધી કર્મનું સ્થાન ધર્મ ન લહે ત્યાંસુધી નિરાકારનું સ્વરૂપ સમજાય નહિ. હવે જો નરગતિ એવો પાઠ લઇએ તો નિગોદના જીવો કર્મથી સાકાર છે અને તીર્થંકરના જીવો આત્મધર્મથી સાકાર છે.

ઉત્થાનિકાઃ—નિશ્ચયથી શુદ્ધાત્માનું સ્વરૂપ-આત્મ દ્રવ્યનું સ્વરૂપ નીચલી ગાથામાં દેખાડે છે.

ગાથા ૪ થીઃ—

રૂપ નહીં કઇયે બંધન ઘટયું રે,
બંધન મોક્ષ ન કોય;
બંધ મોક્ષ વિણ સાદિ અનંતનું રે,
ભંગ સંગ કેમ હોય? ચરમ૦ ॥ ૪ ॥

અર્થઃ—જેને રૂપ નથી તેને બંધ ઘટયું કે બંધ વધ્યું એ હવે ન હોય કારણ કે, શુદ્ધાત્મામાં બંધ મોક્ષ નથી, જે સાદિ અનંત એવો આત્મા અભંગ આત્માને બંધ અને મોક્ષ એવા ભંગ ક્યાંથી હોય? અર્થાત્ શુદ્ધ નયે આત્મા અનાદિ અનંત બંધ રહિત છે.

નોંધઃ—ભંગ કર્મના છે. ધર્મ હંમેશાં અભંગ છે. જેમ સૂર્યમાં સદા દિવસ જ છે. રાત્રી દિવસ એવા ભંગ નથી તેમ. સિદ્ધમાં કર્મ-ધર્મ એવા ભેદ નથી પણ ધર્મ જ આત્મધર્મરૂપે છે.

ઉત્થાનિકાઃ—આ ગાથામાં અરૂપી આત્માનું અસ્તિત્વ એટલે હોવાપણું જણાવ્યું છે.

ગાથા ૫ મીઃ—

દ્રવ્ય વિના તેમ સત્તા નવિ લહે રે,
સત્તા વિણ શો રૂપ;
રૂપ વિના કેમ સિદ્ધ અનંતતારે,
ભાવું અકલ સ્વરૂપ. ચરમ૦ ॥ ૫ ॥

અર્થઃ—જેને પુદ્ગલ જેવું રૂપ નથી અર્થાત્ આત્મપ્રદેશે વર્ણ, ગંધાદિનું રૂપ નથી એટલે અરૂપી ગણાય છે પણ સત્તાથી એ દ્રવ્ય છે, પદાર્થ છે અને સત્તા એટલે અસ્તિત્વ વિના દ્રવ્ય ન હોય.

નોંધઃ—જો આત્મા ન હોય તો પછી પોતાને અને પુદ્ગલને જાણનાર કોણ ન હોય? અને જાણનાર તો ઉભયનો છે, તો પછી વર્ણાદિરૂપ વિનાનો પણ સચેતન સ્ફટિકની પેઠે આત્મા પોતાની સત્તાથી એટલે અસ્તિત્વથી છે જ.

ઉત્થાનિકાઃ—જ્યાં સુધી શુદ્ધ આત્મામાં તે તદાત્મપણું ન પામે ત્યાં સુધી જીવનું ભેદાભેદપણું ગણાય.

ગાથા ૬ ઠ્ઠીઃ—

આત્મતા પરિણતિ જે પરિણમ્યા રે,
તે મુજ ભેદાભેદ;
તદાકાર વિણ મારા રૂપનું રે,
ધ્યાવું વિધિ પ્રતિષેધ. ચરમ૦ ॥ ૬ ॥

અર્થ—જે શુદ્ધ આત્માની પરિણતિએ પરિ-

ણુમ્યા છે તે સાથે મારું સ્વરૂપ પણ નિશ્ચયથી તેવું જ છે. પરંતુ વ્યવહારથી એટલે પર્યાયથી તેના જેવું થયું નથી એટલે અમારો અભેદ છતાં ભેદ પણ છે અને જ્યારે દ્રવ્યે અને પર્યાયે, એ ઉભયે, હું શુદ્ધ આત્મા જેવો તદાકાર થાઉં ત્યાં સુધી મારો ભેદ અને અભેદ જણાય જ.

ઉત્થાનિકાઃ—આ અંતિમ ગાથામાં ક્ષાયિક સમકિતથી નિશ્ચય આનંદઘનરૂપ આત્માની જાગૃતિ દેખાડી છે.

ગાથા ૭ મી—

અંતિમ ભવ ગહણે તુજ ભાવનું રે,
ભાવું શું શુદ્ધ સ્વરૂપ;
તદયેં આનંદઘન પદ પામશું રે,
આતમ રૂપ અનૂપ. ચરમ૦ ॥ ૭ ॥

અર્થઃ—જ્યારે શૈલેશીકરણ કરી નવીન ભવનું આગમન અટકાવીશ ત્યારે અંતિમ ભવ મહણમાં તમારા ભાવનું શુદ્ધ સ્વરૂપ હું ભાવીશ અને તે વખતે આત્માનું અનુપમ એવું આનંદઘન પદ અર્થાત્ સિદ્ધપદ પામશું.

"સુધારો."

આત્માનંદ પ્રકાશ પુ૦ ૪૪, અંક ૧૦ અમારા માનવંતા પેટ્રન સાહેબના જીવનચરિત્ર માટે.

(પારેગ્રાફ બીજો.)

૧ શ્રીયુત કેશવલાલભાઇ કેળવણી લીધાબાદ પિતા શ્રી લલ્લુભાઇ સાથે મીલ લાઇનમાં જોડાયા હતા અને ૨ તેઓએ શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક બોર્ડીંગનું અમદાવાદમાં પોતાના જૈન જ્ઞાતિબંધુઓની મદદથી આદ્ય સ્થાપન કર્યું હતું.

(પારેગ્રાફ ત્રીજો.)

૩ શેઠ કેશવલાલભાઇના બાપદાદા(પૂર્વજો)નો વેપાર ઝવેરાતનો હતો, છતાં શ્રીયુત કેશવલાલભાઇએ ઝવેરાતને બદલે પ્રથમથી જ મીલ ઉદ્યોગનો વેપાર શરૂ કરેલો છે, જેથી ઝવેરી એસોસીએસનના પ્રમુખ પોતે નહોતા.

૪ જ્ઞાતિના બાલક બાલિકાઓને સ્કુલ, કોલેજ ફી તથા ભણવાની ચુકો વગેરે આપવામાં લક્ષ્મીનો સદ્વ્યય કરે છે.

ઉપર પ્રમાણે સુધારી જીવનપરિચય વાંચવો.

વર્તમાન સમાચાર.

આ સભાનો ૫૧ મો વાર્ષિક મહોત્સવ અને શ્રી ગુરૂદેવ જયન્તિ.

આ માસના જેઠ શુદી ૭ સોમવારનાં રોજ સભાની વર્ષગાંઠ હોવાથી, અને તે ભાવનમા વર્ષમાં પ્રવેશ કરતી હોવાથી દર વર્ષ મુજબ સભાના મકાનમાં શ્રીયુત ભોગીલાલભાઇ લેકચર હોલમાં સવારનાં ૯ કલાકે પ્રભુ પધરાવી પ્રાતઃસ્મરણીય ગુરૂદેવ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનું સર્વે સભાસદોએ પૂજન કર્યા બાદ, શ્રી નવપદજી મહારાજની પૂજા સુંદર રાગરાગણિથી ભણાવી હતી, અને તે નિમિત્તે વોરા હઠીસંગભાઇ ઝવેરચંદના તરફથી આવતી વ્યાજની રકમમાંથી થતું જમણવાર દરબારશ્રીના ધારા મુજબ બંધ રાખવામાં આવેલ હતું. પરંતુ પ્રભાવના કરવામાં આવી હતી.

બીજે દિવસે મંગળવારના રોજ ગુરૂદેવની સ્વર્ગવાસ તિથિ હોવાથી તેઓશ્રીના સંસ્મરણો સાથે ગુણગ્રામ કરી સ્વર્ગવાસ જયન્તી ઉજવવામાં આવી હતી.

ફાલના વિદ્યાલયની ઉદ્ઘાટન ક્રિયા.

શ્રી પાર્શ્વનાથ ઉમેદ જૈન બાલાશ્રમ જ્યારથી જલપ્રલય પછી ગોડવાલની કમિટીએ તેમની ફાલનામાં એક વિશાલ બાદશાહી ઇમારત તૈયાર કરી

વૈશાખ વદ ૨ ના દિવસે તેની ઉદ્ઘાટન ક્રિયા શેઠ કુલચંદ શામજી ધારીવાલ એજંટના શુભ હસ્તે થઇ. શેઠશ્રીએ સંસ્થાને રૂ. ૨૦૦૦) ત્રણ હજારથી વધુની ભેટ આપી. બાલીવાલા શેઠ સાગરમલજીએ મોટા હોલ પર પોતાનું નામ રાખવા રૂ. ૮૦૦૦) આઠ હજારથી વધુ આપ્યા. આવી રીતે રૂ ૪૨૦૦૦) નું ફંડ તેજ દિવસે થયું.

આ પ્રસંગે આચાર્યશ્રી વિજયલલિતસૂરિજી તથા મુનિરાજશ્રી કર્પૂરવિજયજી તથા મુ. વિબુધ વિ. તથા મુનિશ્રી વિશારદવિજયજી તથા મુનિશ્રી પ્રકાશવિજયજી આદિ બહોળા પ્રમાણમાં મુનિ મહારાજાઓ પધાર્યા હતા. તેમના ઉપદેશથી આ બાદશાહી મદદ સંસ્થાને મળી છે. સાંડેરાવનિવાસી શ્રી સરદારમલજી કેરીંગજીના તરફથી એક નવીન ચાંદરણી કે જેની કીંમત પંદર હજારની અંકાય છે તે રૂ. ૧૦૦૦) સાથે એક હજાર રોકડા સંસ્થાને ભેટ આપ્યા છે.

સ્થળ.
૪૫/૪૭ ધનજી સ્ટ્રીટ
મુંબઇ નાં. ૩

ડાહ્યાભાઈ બાલાભાઈ કોરા નિબંધમાળા

ઈનામી હરિફાઈ.

વિષયઃ—આધુનિક સમયને અનુલક્ષીને જૈન ધર્મ અને સમાજ (ચતુર્વિધ સંઘ) નો ઉત્કર્ષ કેમ થાય ?

ઇનામઃ—આ વિષય ઉપર એકત્ર થયેલા નિબંધોમાંથી સોથી સારો નિબંધ લખી મોકલનારને રૂ. ૧૫૦) નું ઇનામ આપવામાં આવશે.

આ હરીફાઇમાં માત્ર જૈનો જ ભાગ લઇ શકશે. ચાલુ વર્ષનાં ઓગસ્ટ માસની આખરી તારીખ સુધીમાં જે નિબંધ મળ્યા હશે તેટલા નિબંધો જ હરીફાઇમાં સામેલ કરવામાં આવશે.

નિબંધો તપાસવા અને ઇનામો નક્કી કરવા માટે એક સમિતિ નીમવામાં આવી છે. જેનો નિર્ણય છેવટનો ગણાશે.

જૈન સમાજનાં વિદ્વાન અને અનુભવી ભાઇ બહેનોને નિબંધ મોકલવા માટે શ્રી મુંબઇ. જૈન યુવક સંઘનાં મંત્રીઓ તરફથી વિનંતિ.

આ સભા માટેનો હર્ષોદ્‌ગાર.

શ્રી આત્માનંદ પ્રકાશ મોટે ભાગે વિદ્વાન તેમજ શ્રદ્ધાળુ વર્ગમાં સારા પ્રમાણમાં વંચાય છે. તે હેતુથી શાળા અંગેની પ્રવૃત્તિથી વાકેફ કરવા અને નાણા અંગેની અપીલ મોકલાવી છે. શાળામાં આ સાલ સાઠી આઠસો કન્યાઓ લાભ લેશે. આવી મોટી સંખ્યામાં જૈન કોમની કન્યાઓ એક જ ઠેકાણે જ્ઞાનનો લાભ લે એ દૃષ્ટ જ ખૂબ અભિમાન લેવા જેવું છે. આ સાથેની અપીલને જરૂર આત્માનંદ પ્રકાશમાં સ્થાન આપશો.

લી. આપનો

કાન્તિલાલ ઇચ્છરલાલ મુંબઇ

(વિજાપુર) શેઠ રામચંદજી દેવીચંદજી મોટા ખરચે (જલમંદિર) પાવાપુરીનું મંદિર બંધાવે છે તેના ખાતમૂહુર્તને માટે આચાર્ય મહારાજ શ્રીમદ્વિજયલલિતસૂરિજી તથા તેમના શિષ્ય સાથે પંન્યાસજી પૂર્ણાનંદવિજયજી આદિ પધાર્યા હતા.

વડી દીક્ષા.

(વિજાપુર) પૂજ્યપાદ શ્રી આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજીના નવિન શિષ્ય મુનિરાજ શ્રી ભલવંતવિજયજીની મોટી દીક્ષા વિજાપુરમાં થઇ છે.

શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૩. | આષાઢ | પુસ્તક ૪૪ મું.

વિક્રમ સં. ૨૦૦૩. | :: ઇ. સ. ૧૯૪૭ જુલાઈ :: | અંક ૧૨ મો.

श्रीवर्द्धमानजिनस्तवनम् ।

([1]गूर्जररागे प्रतिमण्ठताले अष्टपदीगूर्जरीनिःसृततालाभ्यां गीयते)

सुरनरपतिकृतवन्दन ! त्रिशलानन्दन ए !
पूरितसुजनसमीह ! जय जिन ! शान्तिपते ! ॥ १ ॥
मुकिरमावरमोहन ! मङ्गलदोहन ए !
निर्ममनिभृतनिरीह ! जय जिन- ॥ २ ॥
खञ्जनविततविलोचन ! त्रिभुवनरोचन ए !
कमलसुकोमलकाय ! जय जिन- ॥ ३ ॥
मुनिजनमानसचन्दन ! दुरितनिकन्दन ए !
सरससुगन्धशरीर ! जय जिन- ॥ ४ ॥
जलधरसमगुरुगर्जन ! दुर्जनतर्जन ए !
सागरसमगम्भीर ! जय जिन- ॥ ५ ॥
परिगतपियूषपोषण ! सततसन्तोषण ए !
व्यपगतसकलविकार ! जय जिन- ॥ ६ ॥
लोकालोकविभासन ! निर्मलशासन ए !
निरुपमनिरहंकार ! जय जिन- ॥ ७ ॥
विहितमदनमदमूरण ! गुणपरिपूरण ए !
धर्मधुरन्धरधीर ! जय जिन- ॥ ८ ॥

मुनिराजश्री धुरंधरविजयजी महाराज ।

१ कविश्रीजयदेवकृत-गीतगोविन्दसत्कप्रथमसर्गस्य द्वितीयगीतानुरूपोऽयं रागः ।

શ્રી ભાગવતી દીક્ષા-પદ્ય

(પારેવડા જાજે વીરાના દેશમાં-એ રાહ.)

ઓ આતમા! રૂડા દીક્ષાના પંથમાં,
ચાલજે આજથી આનંદમાં. ઓ આતમા૦ (૧)

દીક્ષા વિના નથી, મોક્ષસુખ ક્યાંયે,
સાચું સુખ દીક્ષા-પંથમાં. ઓ આતમા૦ (૨)

રજોહરણરૂપી, ધર્મધ્વજ સોહે;
મુહપત્તિ રૂડી હાથમાં. ઓ આતમા૦ (૩)

કપડા ઉપર, કાંબળી સોહે;
પાતરાં તરપણી પીઠમાં. ઓ આતમા૦ (૪)

આગળ પોથી ને, સ્થાપનાજી સોહે;
દંડ અખંડ મુનિ-વેશમાં. ઓ આતમા૦ (૫)

દેવતાઓ પણ, ઝંખે છે ક્ષણ ક્ષણ;
મ્હાણવા સંજમ-પંથમાં. ઓ આતમા૦ (૬)

ષટ્ ખંડ નેતા, ચક્રવર્તી લેતા;
દીક્ષા ભિક્ષા માનમાં. ઓ આતમા૦ (૭)

નેમિ-લાવણ્યસૂરિ,—દક્ષ કહે ભૂરિ;
મુક્તિ-ગમન ત્યાગ માર્ગમાં. ઓ આતમા૦ (૮)

મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ.

આ. શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિના ઉપલબ્ધ ગ્રંથોનો ટૂંક-પરિચય

(દ્વાત્રિંશદ્દાત્રિંશિકા—બત્રીશ બત્રીશીઓ)

લે૦-આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ

(ગતાંક પૃષ્ઠ ૧૯૧ થી ચાલુ)

૬ છઠ્ઠી દ્વાત્રિંશિકા—અહીં આપ્તપુરુષનું પરિચયસ્વરૂપ વિવિધ તર્કદૃષ્ટિથી જણાવ્યું છે. દિવાકરજીની આ પદ્ધતિને લક્ષ્યમાં રાખીને દિગંબર મતના સમંતભદ્રે આપ્તમીમાંસા રચી અને વિદ્યાનંદીએ આપ્તપરીક્ષા બનાવી. વચમાં સિદ્ધસેનદિવાકરજી મહારાજ, દરેક તત્ત્વની તર્કથી પરીક્ષા કરી તેને માનવાનું વિવિધ રીતે જણાવે છે. શ્લોકો—વૈતાલીયાદિ છંદોમાં છે.

૭. સાતમી દ્વાત્રિંશિકા—અહીં શરૂઆતના ૩૧ શ્લોકો વસંતતિલકામાં ને છેલ્લો શ્લોક હરિણી છંદમાં છે. કર્તાએ વસ્તુ તરીકે વાદકળાનું ખરૂં રહસ્ય સંક્ષેપમાં જણાવતાં કહ્યું છે કે-વિદ્વાનોની સભામાં વાદ કરવાથી જ સારા ફરમાનો મળે છે. વાદીએ સભામાં શરૂઆતમાં કઇ કઇ બાબતની તપાસ કરવી? ત્યારબાદ કયો કાર્યક્રમ સાચવી કેવી ભાષા બોલવી? તે બાબતનો ખુલાસો કરી ધારણ કરવા લાયક ગુણો, અને વાદ પ્રસંગે ધ્યાન નહિ દેવાલાયક નિરર્થક બાબતો જણાવવા ઉપર વાદ કથાનું રહસ્ય કાવ્યરચનાદ્વારા સ્પષ્ટ સમજાવ્યું છે. આ જ કારણથી આ દ્વાત્રિંશિકા-વાદોપનિષદ્ નામથી ઓળખાય છે.

૮. આઠમી દ્વાત્રિંશિકા—અહીં આર્યા છંદમાં ૨૬ શ્લોકોમાં જલ્પકથાનો વિચાર જણાવ્યો છે. જલ્પકથા પોતાનો વિજય થાય ને સામાનો પરાજય થાય, આવા ઇરાદાથી કરવામાં આવે છે. આવી જલ્પકથા કરનાર સહોદર વાદીઓમાં પણ ઉત્પન્ન થતી શત્રુતા, જલ્પકથા કરનારા જીવોમાં સત્ય અને આવેશનો તથા ત્યાગ અને કુટિલતાનો વિરોધ, આ કથા કરનાર વાદી ચુકાદો આપનાર સભાપતિની આગળ કેવું રમકડું બની શાસ્ત્રોને કઇ સ્થિતિએ પહોંચાડે છે તે બીના, કલ્યાણ અને વાદના માર્ગો એક નથી, શાંતિ કથાની બીજી કથા કરતાં ઉત્તમતા જણાવી વાદીને કેવી રીતે ઉજાગરો કરવો પડે છે, અને હારજીત બંનેમાં કેવી રીતે મર્યાદા ખોઈ બેસે છે, કથા કલહને ધૂર્ત્ત વિદ્વાનોએ મીમાંસા નામ દઇ કેવી રીતે ફેરવ્યો છે? વગેરે જલ્પકથાના દોષોનું સ્પષ્ટ વર્ણન જણાવ્યું છે.

૯. નવમી વેદવાદ દ્વાત્રિંશિકા—અહીં પ્રાચીન પદ્યબદ્ધ ઉપનિષદોની શૈલીમાં એમના જ શબ્દોમાં ઉપનિષદ્‌ના બ્રહ્મ તત્ત્વનું વર્ણન છે. એમ માલૂમ પડે છે કે આની રચના કરવામાં શ્વેતાશ્વર ઉપનિષદ્‌નું આલંબન જરૂર લીધું હોઇ કેટલેક સ્થલે બ્રહ્મ વર્ણનવાળી રૂગ્વેદની ઋચાઓની પણ સંકલના પ્રતીત થાય છે. છેલ્લો શ્લોક શાલિની છંદમાં છે. સંસ્કૃત સાહિત્યમાં આ બત્રીશી ગૂઢ અને ગંભીર અર્થવાળી ગણાય છે, માટે જ સમર્થ દાર્શનિકાદિ વિદ્વાનો પણ આની ખરી વસ્તુ સમજવા નિષ્ફલ નીવડ્યા છે. આ કારણથી પણ આની ઉપર ટીકા ટીપ્પણી આદિ કોઇપણ સાધન જણાતું નથી. અહીં જણાવેલી કેટલીક બીના વેદના મંત્ર, ઉપનિષદ્ ગીતાદિ સાથે મળતી આવે છે. તે અને બીજા ગ્રંથોમાં જણાવેલા વિચારોના આધારે એવો નિર્ણય થયો છે કે દિવાકરજી મહારાજે સાંખ્યયોગના તત્ત્વજ્ઞાનનો ઉપયોગ કરી બ્રહ્મ અથવા ઔપનિષદ પુરુષનું

કાવ્ય દૃષ્ટિએ વર્ણન કરવા આ બત્રીશીની રચના કરી. અને તેમાં પ્રસંગાનુસાર શ્વેતાશ્વતર ઉપનિષદ્ વગેરે શાસ્ત્રોના પણ કેટલાક વિચારો પ્રાયે જણાવ્યા હોય. એમ પણ આની રચનાદિ જોતાં માલૂમ પડે છે. એટલે જેમ બ્રહ્મ શબ્દના અનેક અર્થો શબ્દકોશાદિમાં જણાવ્યા મુજબ થાય છે, તેમ પુરુષ શબ્દના પણ અનેક અર્થો થાય છે. શ્વેતાશ્વતર(૧-૧૨)માં કહ્યું છે કે "त्रिविधं ब्रह्ममेतत्" એટલે બ્રહ્મના ૧ ભોગ્ય બ્રહ્મ (પ્રધાન), ૨ ભોક્તૃબ્રહ્મ (જીવાત્મા) અને ૩ પ્રેરકબ્રહ્મ (ઇશ્વર) આ રીતે ત્રણ ભેદો છે. આ જ ત્રણ ભેદોને ગીતામાં (૧૫-૧૬-૧૭) અનુક્રમે ૧. ક્ષર પુરુષ, ૨. અક્ષર પુરુષ, ૩. પુરુષોત્તમ નામ આપીને વર્ણવ્યા છે. સેશ્વર સાંખ્યમાં પુરુષોત્તમનું નામ 'પુરુષવિશેષ' જણાવ્યું છે. આ બીના અહીં સવિશેષ જણાય છે. કેટલેક સ્થળે પાશુપત સંપ્રદાયના તથા ત્રિમૂર્તિવાદના પણ મુખ્ય મુખ્ય વિચારો ગોઠવ્યા છે. આનું પં. સુખલાલજીકૃત વિવેચન વિ. સં. ૨૦૦૧ માં ભારતીય વિદ્યા ભાગ ત્રીજામાં છપાયું છે. તેની અલગ બુક પણ ભારતીય વિદ્યાભુવને પ્રકાશિત કરી છે. તેમાં પ્રાસ્તાવિક વિભાગમાં આને અંગે જણાવ્યું છે કે-"સિદ્ધસેન શ્વેતાશ્વરનું ઉપજીવન મુખ્યપણે કરતા હોય તેમ લાગે છે, છતાં શ્વેતાશ્વતર કરતાં સિદ્ધસેનની સ્તુતિમાં અદ્વૈત યા સમન્વયની છાંટ કંઇ વધારે છે. જો કે તે પણ પ્રકૃતિ, પુરુષ અને પરમ એમ ત્રણેને સ્વીકારતા લાગે છે. બે વચ્ચેના આ અંતરનું કારણ એ લાગે છે કે-એક સિદ્ધસેનના સમય સુધીમાં અનેક જાતના અદ્વૈત મતો સ્થિર થઇ ગયા હતા. અને બીજું કારણ એ પણ હોય કે સિદ્ધસેન માત્ર પાશુપત સંપ્રદાયમાં બદ્ધ ન રહેતાં ઉપનિષદો, ગીતા અને પુરાણોની સમન્વય પદ્ધતિને જ અનુસર્યા હોય. સિદ્ધસેનના વર્ણનની એક ખાસ વિશેષતા તરફ વાચકોનું ધ્યાન પ્રથમ જ ખેંચવું આવશ્યક છે. તે એ છે કે પુરુષ તત્ત્વની અવ્યક્તથી જૂદી કલ્પના થયા બાદ કોઇ પાકા સંસારાનુભવી રસિક અને તત્ત્વજ્ઞ એવા પ્રતિભાસંપન્ન કવિએ પચ્ચીસ તત્ત્વવાલા સાંખ્યની ભૂમિકામાં અવ્યક્ત અને પુરુષ જૂદા જૂદા કલ્પાયાં પછી મૂલ કારણ અવ્યક્તને પ્રકૃતિ અને કૂટસ્થ ચેતન તત્ત્વને પુરુષ નામ આપ્યું. અને જીવસૃષ્ટિના ઉત્પાદક વિજાતીય (સ્ત્રી-પુરુષ) તત્ત્વોના યુગલનું રૂપક લઇ ચરાચર જગતના ઉત્પાદક બે વિજાતીય તત્ત્વો માની તેના યુગલને પ્રકૃતિપુરુષસ્વરૂપ બે તત્ત્વોનું વિજાતીયત્વ કાયમ રાખી તેના યુગલને 'અજા' અને 'અજન્મા' રૂપકમાં વર્ણવ્યા. તેણે ખૂબી એ કરી છે કે-સંતતિની જન્મ અને સંવર્ધન ક્રિયામાં અનુભવસિદ્ધ પુરુષના તટસ્થપણાની છાયા, સાંખ્યસરણિ પ્રમાણે ચેતન તત્ત્વમાં હતી, તેને, અને માતૃસુલભ સંપૂર્ણ જનન સંવર્ધનની જવાબદારી અને ચિંતાની છાયા પ્રકૃતિમાં હતી તેને અનુક્રમે 'અજ' અને 'અજાના' રૂપકમાં વર્ણવી. અહીં સિદ્ધસેને બત્રીશીમાં કેવળ અજનો જ ઉલ્લેખ કર્યો છે અને અજાનો ઉલ્લેખ છોડી દીધો છે. એટલું જ નહિ પણ તેમણે ઋગ્વેદ અને શુક્લ યજુર્વેદ તેમજ મનુસ્મૃતિ આદિની પેઠે ગર્ભના આધાનસ્થાનનો નિર્દેશ કર્યા વિના જ અજ-ઇશ્વર યા ચેતનને ગર્ભના જનક તરીકે વર્ણવ્યો છે. દિવાકરજી મહારાજે અહીં કયા મુદ્દાથી કઇ બીના ગોઠવી છે? તેનો યથાર્થ ભાવ સમજવો મુશ્કેલ છે. અહીં તેમજ બીજી દ્વાત્રિંશિકાઓમાં રચનાદિની દૃષ્ટિએ અશુદ્ધિ પણ થયેલી છે. વિવેચનથી વિશેષ બીના જાણવી.

—(ચાલુ)

વિચારશ્રેણી

(ગતાંક ૯ ના પૃષ્ઠ ૧૫૮ થી શરૂ)

લેખક—આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

૧૦૧ મર્યાદિત નમ્રતા, વિનય મનુષ્ય જાતિનું ભૂષણ છે.

૧૦૨ અમર્યાદિત નમ્રતા અને વિનય ધૂર્તનું લક્ષણ છે.

૧૦૩ માનવીને અપમાન ગમતું નથી પણ અપમાન મળે તેવી રીતે બીજાની સાથે વર્તવું છે.

૧૦૪ માયાની સહાયતાથી માન મેળવી રાજી થનાર મૂર્ખ છે.

૧૦૫ જેમ અત્યંત ક્ષુધાતુર ભીખારીને સૂકો રોટલો મળી જાય તો મિષ્ટાન્ન મળ્યા જેટલો આનંદ માને છે તેમ માનની અત્યંત ક્ષુધાવાળા ભીખારીને હલકામાં હલકો માણસ પણ માન આપે તો તે ગર્વથી ફૂલાઇ ઘણો જ રાજી થાય છે.

૧૦૬ જીવનની ઉત્તમતા-પવિત્રતા-નિખાલસતા મેળવવાને બીજા કોઇપણ માનવીની જરૂરત પડતી નથી, સ્વતંત્રપણે મેળવી શકાય છે; છતાં માનવીને મેળવવી ગમતી નથી અને બીજાની આપેલી મેળવીને પોતાને કૃતકૃત્ય માનેછે.

૧૦૭ ક્ષુદ્ર વાસના પોષવાના આશયથી જ બીજાના ઉપર દેખીતા ઉપકાર કરવો તે અધમતા છે; કારણ કે પરિણામે બીજાની અનિચ્છાયે પણ તેની કિંમતી વસ્તુથી પોતાની વાસના તૃપ્ત કરાય છે.

૧૦૮ પાપબુદ્ધિવાળો ગુણી બનવાનો અધિકારી નથી.

૧૦૯ પોતાના તુચ્છ સ્વાર્થ માટે અવગુણીને ગુણી ત કે પ્રસિદ્ધ કરનાર પામર છે.

૧૧૦ નમીને ચાલનાર અવગુણીના અવગુણોને ઢાંકી ગુણો ગાનાર અપરાધી છે; કારણ કે તથા સરળ માણસો અવગુણીની ક્ષુદ્ર વાસનાના ભોગ બને છે.

૧૧૧ અધમ આચરણથી પોતાના આત્માનું અહિત કરનાર બહારથી દેખાતી સારી પ્રવૃત્તિથી પણ જગતનું કલ્યાણ કરી શકતો નથી, પણ જનતાને રંજિત કરીને પોતાનો તુચ્છ સ્વાર્થ સાધી શકે છે.

૧૧૨ જનહિતની જાળ પાથરી સદાચારી સરળ આત્માઓને ફસાવીને દુરાચારી બનાવનાર દુર્ગતિનો દાસ છે.

૧૧૩ નિર્મળ પાણી જેવા પવિત્ર પુરુષો પરનો પાપમલ ધોઇ નાંખીને પવિત્ર બનાવે છે.

૧૧૪ પરમ પવિત્ર પ્રભુના આશ્રિતને પાપનો મેલ ચોંટતો નથી.

૧૧૫ સત્યથી સંયમની પ્રાપ્તિ થાય છે અને હૃદય પવિત્ર બની પરમ શાંતિ મેળવે છે.

૧૧૬ નિર્દોષ આનંદથી ચિત્તની પ્રસન્નતા વિકાસ પામે છે.

૧૧૭ શરીરની સુંદરતા વિષયાસક્તને ગમે છે, ત્યારે આત્માની સુંદરતા વિષયવિરક્તને ગમે છે.

૧૧૮ ખોટી પ્રશંસાથી ફૂલાશો નહિ પણ પ્રશંસાનું પાત્ર બનવા પ્રયાસ કરશો.

૧૧૯ વાણી વાવરી જાણનાર દુનિયામાં દેવ તરીકે પૂજાય છે.

ન્યાયરત્નાવલિ.

લેખકઃ—**મુનિરાજશ્રી ધુરંધરવિજયજી મહારાજ**

(અનુસંધાન ગતાંક ૭ ના પૃષ્ઠ ૧૧૬ થી શરૂ)

(૫)

अजाबलिन्यायः ॥ ५ ॥

આ ન્યાય ઘણો પ્રસિદ્ધ છે. પૂર્વના સમયમાં બલિદાનનો વિશેષ પ્રચાર હતો. દેવદેવીઓ સમક્ષ કોઇનો પણ ભોગ અપાતો હતો. હાલમાં પણ કોઈ કોઇ સ્થળે તેવા રિવાજો છે. જીવના જ્યાં ભોગો અપાતા તેમાં મોટેભાગે બકરીઓ જ ઉપયોગમાં લેવાતી.

તિર્યંચોમાં–પશુઓમાં ઓછામાં ઓછા સત્ત્વવાળી બિચારી કોઈ હોય તો તે કેવળ બકરી જ છે. એટલે તેનું આવી બનતું. શાસ્ત્રમાં કોઈ નિર્દુષ્ટ પણ સત્ય–યુક્ત તર્કને બીજો સબળ મિથ્યા તર્ક દબાવે ત્યારે આ ન્યાયનો ઉપયોગ કરાય છે.

ઓછા સામર્થ્યવાળાને બળવાન્ પીડે–રંજાડે ત્યારે આ ન્યાય વ્યવહારમાં લાગુ પડે છે.

આ ન્યાયથી બે સમજણો લેવાની છે. એક તો પોતે હીનસત્ત્વ ન થવું–સત્ત્વશાલી થવું કે જેથી બીજા પીડે નહિં અને બીજી પોતાથી અલ્પ શક્તિવાળાને પીડવા–મારવા નહિં. ઊલટું બીજાઓ તેને મારતા હોય તો તેનું રક્ષણ કરવું–તેને બચાવવા. સાહિત્યમાં આ માટે એક સુન્દર સૂક્ત છે—

व्याघ्रं नैव गजं नैव, सिंहं नैव च नैव च ॥
अजापुत्रं बलिं दद्याद्, देवो दुर्बलघातकः ॥१॥

વાઘને નહિં, હાથીને નહિં અને સિંહને તો નહિં જ, બકરીના બાળકનું બલિદાન દેવાય છે. દેવ દુર્બલનો ઘાત કરનાર છે. આ

---

૧૨૦ માનવી જેટલો ધનવાનને ચહાય છે તેટલો ગુણવાનને ચાહતો નથી તે જ તેની અસાધુતા સૂચવે છે.

૧૨૧ સદાચારીની પાસેથી દુરાચારની માંગણી કરનાર દુર્જનનો અગ્રણી છે.

૧૨૨ આત્મશ્રેય માટે ધન તથા જીવન વાપરતાં કંજુસાઈ કરવી નહિં.

૧૨૩ માન રાખવાની ઇચ્છા હોય તો ભલે રાખો, પણ અપમાન કરાવનાર માનને તો રાખશો જ નહિં.

૧૨૪ બીજું બધુંય માંગતાં શરમ રાખવી પણ સદ્ગુણી બનવા સત્પુરુષો પાસેથી ગુણો માંગતાં જરાયે શરમાવું નહિં.

૧૨૫ ભોળપણ અને સરળતાની પણ મર્યાદા હોવી જોઈયે. તેવું ભોળપણ અને સરળતા શા કામની કે જેનો દુર્જનો દુરુપયોગ કરીને આપણી જીવનનૌકાને આપત્તિના ખડક સાથે અથડાવીને વિપત્તિના સમુદ્રમાં ઊંધી વાળે.

૧૨૬ આખું ય જગત સમજાશે નહિં માટે સમજાય તેટલું સમજો, પણ જીવનમાં ઉપયોગી અને જીવને હિતકારી સમજજો; બાકી ન સમજાય તેવું અને જીવનમાં નિરુપયોગી સમજવા બુદ્ધિ તથા સમયને બગાડશો નહિં.

૧૨૭ સાંભળવાની ઇચ્છા થાય તો ભલે સાંભળો પણ આત્મા ઉન્નતિ અને પવિત્રતાને તેવું સાંભળવા ઉત્સુક રહેશો. (ચાલુ)

સૂક્ત દુર્બલ ન થવા સમજાવે છે. એકંદર આ ન્યાય ત્યાજ્ય છે. ૫

(૬)

अजाकृपाणीयन्यायः ॥ ६ ॥

બકરી અને તરવાર એ બેથી જન્મેલો આ ન્યાય છે. આ ન્યાયમાં થતું અનિષ્ટ કાર્ય અકસ્માત્ થાય છે. તેની ટૂંકી કથા આ છે.

એક બકરી હતી. વનમાં વિચરતી-ચરતી હતી. તેની શોધમાં એક હિંસક-કસાઇ ફરતો હતો. બકરી વારંવાર તેની પાસેથી છટકી જતી હતી એટલે કસાઇને તેના ઉપર ખૂબ ચીડ ચડી હતી. કસાઇને વનમાં તે બકરી મળી ગઇ પણ તે વખતે તેની પાસે તેને મારવાનું કંઇપણ સાધન ન હતું. અકસ્માત્ તે જ વખતે બકરી પોતાના પગવડે ભૂમિને ખોતરવા લાગી. ખોતરેલી જમીનમાંથી કસાઇને તરવાર મળી આવી. કેટલાએક કહે છે કે—

એક થાંભલે એક તરવાર બાંધી હતી. તેનું બન્ધન ઢીલું હતું. એક બિચારી બકરી પોતાની ખજવાળ દૂર કરવા એ થાંભલા સાથે પોતાનું શરીર ઘસવા લાગી. શિથિલ બાંધેલી તરવાર તેના કંઠ પર પડી. આ બન્ને વાતમાં બકરીને પોતાનું વિઘાતક સાધન પોતાના જ પ્રયત્ને અકસ્માત્ ઊભું થયેલ છે. તેમાંથી ઉપર જણાવેલ ન્યાય જન્મ્યો છે.

શાસ્ત્રીય વિષયોમાં જિત મેળવવા માટે જ્યારે વાદ કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે ત્યારે મૂર્ખ વાદી પોતાના મન્તવ્યોની ખંડન યુક્તિઓ પોતે જ ભૂલથી પ્રતિવાદીને જણાવી દે છે ત્યારે તે આ ન્યાયનો ભોગ બને છે.

રાજનીતિમાં પોતાની પાસેથી જ પોતાના પરાજયના સાધનો સામો પક્ષ પામી જાય ત્યારે આ ન્યાય લાગુ પડે છે.

કેટલેક સ્થળે આ ન્યાયને **काकतालीयन्याय** અને **खल्वाटबिल्वीयन्याय** સાથે સરખાવવામાં આવ્યો છે. કાગનું બેસવું ને ડાળનું પડવું. ટાલીયાને માથે તાડફળનું પડવું એ પણ આના જેવું છે. તે બન્ને ન્યાયો આગળ ઉપર વિવેચન કરાશે. ન્યાયખંડનખાદ્ય ગ્રન્થમાં શ્રી હર્ષે આ ન્યાયનો ઉપયોગ જુદી રીતે કર્યો છે. તે આ પ્રમાણે-**पाणौ पञ्चवराटकान् विधाय कश्चित् पृच्छति-कति वराटकाः? इति। पृष्टश्चाजाकृपाणीयन्यायेन ब्रवीति पञ्चेति।** હાથમાં પાંચ કોડીઓ છુપાવીને કોઇ પૂછે કે કેટલી કોડીઓ છે? જેને પૂછ્યું છે તે અજાકૃપાણીય ન્યાયે કહે કે-પાંચ. આ કથનમાં આંધળાની ઇંટની માફક એમ ને એમ પાંચ એવો ઉત્તર સત્ય છે.

જીવનમાં અજાકૃપાણીય ન્યાયનો ભોગ ન બનનાર જ આગળ વધી શકે છે. ૬

(૭)

अजागलस्तनन्यायः ॥ ७ ॥

કેટલીએક બકરીઓને ગળે બે આંચળ જેવા આંગળ જેવડા માંસપિંડ લટકતા હોય છે. તે તદ્દન નિરર્થક છે. કોઇપણ ઉપયોગમાં આવતા નથી. ઉપરના ન્યાયમાં એ હકીકત જણાવેલ છે. ઉપદેશમાં આ ન્યાયનો વિશેષ ઉપયોગ કરાય છે. જેના જીવનમાં કોઇ ઉદ્દેશ નથી-કાંઇ સાધના નથી, તેનું જીવન બકરીના ગળે રહેલ આંચળ જેવું છે. આ વાત સમજાવતું સુભાષિત સવળી રીતે સમજી જીવનમાં મુકવા જેવું છે.

धर्मार्थकाममोक्षाणां, यस्यैकोऽपि न विद्यते।
अजागलस्तनस्येव, तस्य जन्म निरर्थकम्॥

આ સૂક્ત વાંચીને કેવળ અર્થ અને કામની જ સાધના કરતા આત્માઓએ એમ ન સમજી લેવું કે અમારો જન્મ નિરર્થક નથી-સાર્થક છે; કારણ કે એ બન્ને પુરુષાર્થ છે. પુરુષાર્થની સાધના કરવાની રીતો ઓર-જુદી જ હોય છે. અર્થના દાસ બનનારા અને વાસનાના ગુલામ

થનારામાં પુરુષાર્થ નથી હોતું. પુરુષાતન વગરના પુરુષાર્થને શું સાધવાના? પુરુષાર્થ સેવાતો હોય-પૌરુષ ફોરવાતું હોય તો નીતિકારને તેનું જીવન નિરર્થક કહેવાને કંઈ કારણ નથી. જન્મને સાર્થક કરવાની ભાવનાવાળા આ ન્યાયથી બચે ને ક્ષણે ક્ષણે કાંઇક સાધી ઉત્કર્ષ મેળવે. ૭.

(૮)

अजातपुत्रनामोत्कीर्तनन्यायः ॥ ८ ॥

જન્મ્યા પહેલાં પુત્રનું નામ પાડવું એ આ ન્યાયનો અર્થ છે. ભવિષ્યમાં થનાર વસ્તુની સંજ્ઞા પ્રથમથી જ્યાં જણાવવામાં આવે ત્યાં આ ન્યાયનો ઉપયોગ કરાય છે. વ્યાકરણ ગ્રન્થોમાં એ રીતે સંજ્ઞા કરવાની પ્રણાલિ છે. પાણિનિ વ્યાકરણમાં '**इगुयणः सम्प्रसारणम्**'। **१। १। ४४।** એ સૂત્ર સમ્પ્રસારણ સંજ્ઞા કરે છે. ત્યાં ય, વ, ર, ને લ ને સ્થાને ઇ, ઉ, ઋ, ને લૃ હજુ ઉત્પન્ન થયા નથી છતાં તેની સંજ્ઞા બતાવવામાં આવી છે, તે આ ન્યાયને અનુસારે છે. જે માટે પાતંજલ મહાભાષ્યમાં પણ કહ્યું છે-'**भाविनीयं संज्ञा विज्ञास्यते**'। ત્યાં આ ન્યાયને મળતો **सूत्रशाटिका**-ન્યાય છે. તેનો ઉપયોગ કરેલ છે. તેનો ઉપયોગ કેવી રીતે કરાયો છે તે આગળ જણાવાશે.

આ ન્યાયનું વસ્તુ આપણને શ્રી કલ્પસૂત્રમાં મળે છે. શ્રી વર્ધમાનસ્વામીજીનો જન્મ થયો ન હતો ત્યારે પ્રભુના માતાપિતાને એવો સંકલ્પ થયો હતો કે-અમે આ બાળકનું નામ 'વર્ધમાન' એવું રાખીશું. તે પાઠ આ પ્રમાણે છે.

जप्पभिइं च णं अम्हं एस दारए कुच्छिंसि गब्भत्ताए वक्कंते तप्पभिइं च णं अम्हे हिरण्णेणं वड्ढामो, सुवण्णेणं वड्ढामो, धणेणं धन्नेणं वड्ढामो, जाव संतसारसावइज्जेणं पीइसक्करेणं अईव अईव अभिवड्ढामो। तं जयाणं अम्हं एस दारए जाए भविस्सइ तयाणं अम्हे एयस्स दारगस्स एयाणुरूवं गुण्णं गुणनिप्फन्नं नामधिज्जं करिस्सामो 'वद्धमाणु' त्ति ॥९०॥

'ન્યાયમંજરી'માં આ ન્યાયને જુદી રીતે મૂક્યો છે. ત્યાં કહ્યું છે કે-તમે જે આ વ્યાપાર-પ્રવૃત્તિ કરો છો અને કહો છો તે શું પહેલાં કહો છો ને પછી કરો છો? કે પહેલાં કરો છો ને પછી કહો છો? કે બન્ને-કહેવું ને કરવું સાથે થાય છે? તેમાં પ્રવૃત્તિ થયા પહેલાં તેનું કથન થઇ શકે નહિં. કારણ નહિં જન્મેલ પુત્રનું નામ પાડવામાં આવતું નથી. આ રહી ન્યાયમંજરીની એ પંક્તિઓ—

"**यश्चासौ व्यापारः क्रियते चाभिधीयते च, स किं पूर्वमभिधीयते ततः क्रियते पूर्वं वा क्रियते पश्चादभिधीयते युगपदेव वा करणाभिधाने इति। न तावत् पूर्वमभिधीयतेऽनुत्पन्नस्याभिधानानुपपत्तेः। न ह्यजाते पुत्रे नामधेयकरणम्**"। **न्या. मं. पृ. ३४५।**

ન્યાયમંજરીકારે આ ન્યાયનો ઉપયોગ કરતાં એમ સૂચવ્યું છે કે નહિં જન્મેલ પુત્રનું નામ કરવામાં આવતું નથી. વ્યવહારની બહુલતા પણ એમ છે. મોટે ભાગે પુત્ર જન્મ્યા પછીજ નામ પડાય છે પણ પુત્રજન્મ પૂર્વે નામની વિચારણા નહિં થતી હોય એમ મનાય.

આવા ન્યાયો બેધારી તરવાર જેવા હોય છે. તેના ઉપયોગનો આધાર ઉપયોગ કરનારની વિચારધારા ઉપર નિર્ભર રહે છે.

કોઇ સ્થળે **अजात**ને સ્થાને **अज्ञात** એવો પણ પાઠ છે. તેનો અર્થ નહિં જાણેલ એમ થાય, પણ તેથી ભાવમાં ભિન્નતા થતી નથી. સારા કાર્યોના સંકલ્પો અને તેના નામકરણ સંસ્કારો કાર્ય થયા પૂર્વે પણ કરો અને આ ન્યાયને સફલ બનાવો.

ખરાબ કાર્યોના સંકલ્પો પણ ન રાખો, તેના નામની પણ વિચારણા ન કરો અને ન્યાયમંજરીના કથન પ્રમાણે ન્યાયને સાર્થક કરો. ૮.

પાકો આનંદ માણવાની શરત.
Pleasures

જાણી લો કે તમારે આનંદને ખરેખર માણવો તો તેનો ત્યાગ કેવી રીતે કરવો તે તમારે જાણવું જોઇએ.

વ્યવહારની પૌદ્ગલિક ચીજો ન મળી હોય ત્યાં સુધી તેનો મોહ ખૂબ રહે છે. નાના બાળકને ઘડિયાળ લેવાનો, જરા આગળ વધેલા વિદ્યાર્થીને સૂટ(કોટ-પાટલુન)નો, નવોઢા પત્નીને રેશમી સાડીનો ન મળેલ હોય ત્યાં સુધી એટલો બધો મોહ અને શોખ થાય છે કે એને રાતદિવસ એને માટે સપનાં આવે, એની ઝંખના થાય, એ પોતે ઉપયોગમાં લેશે ત્યારે પોતાનું ગૌરવ કેટલું વધી જશે તેનાં કાલ્પનિક ખ્યાલાતો તેનાં ચિતોરાજ્ય પર અથડાયા કરે-પણ એ વસ્તુ **મળ્યા પછી** એનો શોખ ઓસરવા માંડે છે અને પાંચ પંદર દિવસ પછી તો એ વસ્તુની પ્રાપ્તિની મહત્તા તેના દિલ પરથી ઓસરી જાય છે. આનું કારણ શું ?

પૈસા ન હોય ત્યારે પૈસાદારની હવેલી પાસેથી નીકળતાં એના ઘરનો હીંચકો સોનાનો લાગે, એના કચડ કચડ અવાજમાં સંગીત લાગે, એના વિચારમા મોજ લાગે અને પૈસા આવી જાય-મળી જાય કે પેદા થઇ જાય, ત્યાર પછી એનું માધુર્ય સમાય જાય, એની મોજ હીણી થઇ જાય અને એનું તેજ અવરાઇ જાય. આમ થવાનું કારણ શું ?

અને મળેલ ધન ચાલ્યું જાય, એકઠી કરેલ પૂંજી વેડફાઇ જાય, સંઘરેલ ફરનીચર કચડાઇ જાય, મેળવેલ વસ્તુ ચોરાઇ જાય. જાળવી જાળવીને રાખેલ પેન (લેખિની) તૂટી જાય ત્યારે કચવાટનો પાર રહે નહિ, આર્ત્તધ્યાનની પરંપરા ચાલે, એની પાછલ રહસ્ય શું છે ? અને ખાવાના શોખ પૂરા ન થાય, ભાવતી મીઠાઇ ખાવા ડાક્ટર મનાઇ કરે, દાંત પડી જવાથી શેરડી ચૂસાય નહિ ત્યારે મનમાં બળાપો થયા કરે. ઘડપણમાં ગાંઠીઆનો લોટ કરીને પણ ગાંઠીઆ ખાવાનો શોખ પૂરો પાડવો પડે, પાન ન ચવાય તો ચૂડીથી તેને કાપીને ખારણીમાં ખાંડીને તેને ખાવા પડે અને છતાં તૃપ્તિ ન થાય તેનો બળાપો મનનાં થયા કરે તેનો હેતુ શો છે ? આનો જવાબ વિચાર કરતાં બેસી જાય તેવો છે.

પૌદ્ગલિક સર્વ વસ્તુ અસ્થિર છે, પુદ્ગલના સર્વ સંયોગો અલ્પકાલીન છે, તેનો વિયોગ ચોક્કસ થવાનો છે અને થાય ત્યારે કચવાટ થવાનો છે એ વાત સમજીને તેની સાથે કામ લેવામાં આવે તો જરાપણ ખેદ થાય તેવી સ્થિતિ ન થાય. પૌદ્ગલિક સ્થૂળ ભોગોને પોતે વખતસર તજી દે તો **ત્યાગમા આનંદ** થાય છે, લીધેલ નિયમો પાળતાં અંદર સંતોષ થાય છે, પરાણે છોડવા પડે ત્યારે કચવાટ-કકળાટ થાય છે. ભાણામાં દૂધપાક આવે, પણ મારે આજે દૂધનો ત્યાગ છે એ વિચારે દૂધપાકને હાથ ન અડાડાય ત્યારે આનંદ થાય છે, પણ વૈદ્યે કરી કરવાની કહી હોય અને તેને છોડવો પડે ત્યારે મનમાં દુઃખ થાય છે. ઇંદ્રિયના સર્વ સ્થૂળ વિષયો માટે આ સર્વકાલીન સત્ય છે. એ તો સ્વયં **સમજીને ત્યાગ** થાય ત્યારે એ અંદર સુખ આપે છે, પ્રેમ અર્પે છે, શાંતિ નીપજાવે છે, પણ એનો પરાણે કે અનિચ્છાએ ત્યાગ કરવો પડે, વય કે અશક્તિને કારણે એને છોડવા પડે ત્યારે ભારે દુઃખ થાય છે.

માટે જો તમારે સ્થૂળ વસ્તુનો આનંદ ખરેખરો માણવો હોય તો તેના ત્યાગને બરાબર જાણી લેવો જોઇએ, જાણીને એનો સાચો અમલ કરવો અને એમ થશે તો ભર્તૃહરિ કહે છે તેમ ' સ્વયં-ત્યક્તા (પોતે ત્યાગ કરેલા) એ વિષયો અનંત ગમ-સુખ અર્પે છે ' એ સૂત્રની મહત્તા હૃદયમાં જામી જશે; માટે માણવા માટે પણ તેના ત્યાગને બરાબર પીછાની લેવાની અને તેનો વખતસર ત્યાગ કરવાની રીતિને સમજવાની જરૂર છે, માટે સાચી મોજને માણતા શીખો. બાકી ખાઇને રેચ લેવો પડે કે ડાક્તરને ત્યાં આંટા ખાવા પડે એમાં મોજ નથી, માણવાનું નથી, દમ નથી. ચાર દહાડાના ચાંદરડા પાછળ ઘોર અંધારી રાત છે.

Know that to really enjoy pleasures you must know how to leave them.

VOLTAIRE (28-10-46).

(૩૪)

મૃત્યુ–Death.

અરે ભોળા ભાઈ! તું શું મરણથી ડરે છે? અરે ભાઈ! ડરનાર માણસને શું જમરાજા છોડી દે છે? વાત એમ છે કે જમરાજા ન જન્મેલાને કદી પકડતો નથી, માટે જન્મ ન થાય તે માટે પ્રયત્ન કર.

આ દુનિયામાં, આ જીવનમાં, અત્યારના સંયોગોમાં જો એક **વાત ચોક્કસ** હોય તો તે **મરવાની** છે. મોટા માંધાતા હોય કે મોટા દેશી રાજ્યનો દિવાન હોય, તાલીમબાજ હોય કે ગામા હોય, દરરોજ સો બેઠક કરનારા હોય કે પચીશ દંડ કરનાર હોય, પણ એક દિવસ તેને મરવાનું છે એ નિર્ણિત વાત છે. ત્યારે આવી ચોક્કસ વાત હોય, જરૂર હોણહાર હોય, તો પછી **એનાથી ડરવું કેમ બોજે?** એ વાત પાલવે કેમ? અને ડરવાથી યમરાજા કાંઈ છોડી દે છે? એ ગરીબ કે ગભરૂ જાણીને કોઈને જતો કરનાર છે? એણે નમનારને કે ડરનારને, બ્હાવરા બનનારને કે પગે પડનારને–કોઈને છોડ્યા છે? એ છોડે એવું બને એવી જરા પણ આશા છે? ત્યારે નકામા મરણના નામથી ડરીને અરધા શું કામ થવું?

હા, મરણથી **ડરવું નહિ** એ જેટલું જરૂરી છે, તેટલું જ **મરણ ઇચ્છવું નહિ** એ પણ જરૂરી છે. મરવાની હોંશ શા માટે કરવી? ત્યાં કઈ જગ્યાએ તમારા માટે છત્રીપલંગ ઢાળી રાખ્યા છે? અને કયે સ્થાને તમારી રાહ જોઈને તમારું આતિથ્ય કરનાર ખડે પગે ઊભા છે? અહીં જે પાઠ મળ્યો હોય તે બરાબર ભજવવો અને યમરાજ આવે ત્યારે આનંદપૂર્વક વગર વાંધાએ વગર સંકોચે ચાલ્યા જવું, બાકી અહીંથી છૂટકો થાય તો આ બલામાંથી છૂટીએ એવું કદી ઇચ્છવું નહિ. અને જવું **ચોક્કસ** છે માટે હમેશ તેને માટે **તૈયાર રહેવું**. અહીંના હિસાબો એવી રીતે ગોઠવવા કે જતી વખતે ડચકાં ખાવા ન પડે. કેમે કરીને જીવ ન જાય એવો અહીંનો અભ્યાસ થઈ જવો જોઈએ. આ ત્રણ વાત ધ્યાનમાં રહે–મરણથી ડરવું નહિ, મરણ ઇચ્છવું નહિ અને મરણ માટે તૈયાર રહેવું. તો મરણનો આખો ડંખ નીકળી જાય અને મરણનો ભય નીકળી જાય એટલે બાજી અરધો અરધ જીતી જવાય છે.

બાકી જમરાજ (મરણનો રાજા) વગર જન્મેલાને ગ્રહણ કરતો નથી. નામ તેનો નાશ થાય છે, પણ એવું કરવામાં આવે કે જન્મનો ફેરો જ મટી કે અળસાઇ જાય તો પછી જમરાજનું કાંઇ ચાલે નહિ. ત્યારે જમરાજા ઉપર વિજય મેળવવો હોય, એના ડારામાંથી મુક્તિ મેળવવી હોય, એના અધિકારની બહાર જવું હોય તો એક રસ્તો છે: એવી પ્રવૃત્તિ કરવી કે ફરી વાર જન્મમરણના ફેરામાં જ આવવાનું ન થાય, આખો નવો જન્મ જ ન આવે તો જમરાજના સપાટામાંથી બચી જવાય. જમરાજા કોઇને છોડતો નથી, એનો ડર રાખવાથી પણ એ બચાવી લેતો નથી, પણ નહિ જન્મેલા ઉપર તેનો જરા સરખો પણ દોર ચાલતો નથી. એટલે જમરાજથી બચવાનો ઉપાય જન્મવા ઉપર છીણી મૂકવાથી જ પ્રાપ્ત થાય તેમ છે. જન્મના ફેરા ટાળવા હોય તો ચેતનના મૂળ ગુણને બહલાવવા જોઇએ, અહિંસા સંયમ ને તપમાં રત થઇ જવું જોઇએ, પરભાવરમણતા દૂર કરવી જોઇએ, પરિણતિની નિર્મમતા કરવી જોઇએ, અંતરના પ્રેમથી **સદ્ગુણી** જીવન ગાળવું જોઇએ, વૈરવિરોધનો ત્યાગ કરવો અને મનના નિરંકુશ ફાંદાઓ ઉપર કાબૂ લાવવો જોઇએ. ઇંદ્રિય પર સંયમથી, દેહદમનથી, મન પર અંકુશથી અને આત્મગુણમાં એકતાન જગાવવાથી જન્મમરણના ફેરા ટળે; માટે જો યમરાજ પર વિજય મેળવવો હોય તો પરભાવરમણતા દૂર કરવી, સંયમને ઘરનો બનાવી દેવો અને ધ્યાનધારાના રાજમાર્ગે યોગોત્થાન કરવું. જન્મના ફેરા ટળે એટલે જમરાજનો દોર જાય અને પછી તો સ્વાધીનતા આવે એટલે જમરાજ પણ નમી જાય.

मृत्योर्बिभेषि किं मूढ ! भीतं मुञ्चति किं यमः ? अजातं नैव गृह्णाति, कुरु यत्नमजन्मनि ॥

સુ. ૨. ભાડાંગાર વિચાર પ્રકરણ પૃ. ૩૯૨.

(૩૫)

આત્મચિંતવન. Self Retrospect.

મારો કયો દેશ છે? મારાં કોણ મિત્રો છે? અત્યારે કયો કાળ વર્તે છે? કેટલાં આવક અને ખર્ચ છે? હું કોણ છું? મારી શક્તિ કેટલી છે?—આ સર્વ વાતનો વારંવાર વિચાર કરવો.

આત્મચિંતવનનો મહિમા મોટો છે, એનાથી વિચાર કરનાર પ્રાણી પર એક જાતની ચાપણ (brake) રહે છે, એની ઘોડા દોડાવનારી કલ્પનાશક્તિ પર ચાંપ રહે છે, એના અવ્યવસ્થિત કાર્યો પર મર્યાદા રહે છે અને નકામી દોડધામ, અવ્યવસ્થિત શક્તિના ઉપયોગ પર અંકુશ રહે છે. એટલે પ્રત્યેક પ્રાણીએ બહી પ્રભાતે વહેલા ઊઠી વિચાર કરવો ઘટે કે પોતે કોણ છે? ક્યાંથી આવ્યો છે? શામાટે અહીં આવ્યો છે? અહીં રહેવાનો ઉદ્દેશ શો છે? પોતાનું સાધ્ય સાધવા માટે પોતે કેટલાં પગલાં ભર્યાં છે? એ પગલાં સાચાં ભરાયાં છે કે તેમાં મનને મનાવી લેવાની ખાલી ઘેલછા છે? પોતાની સાચી તાકાત કેટલી છે? પોતાના સાચા સ્નેહીઓ કોણ છે? તેઓ ખરી સાચી સલાહ આપનારા છે? કે તને સારી લાગે તેવી મીઠી વાતો જ કરનારા છે? તેં પોતે તારા સ્વભાવને કેટલો ઓળખ્યો છે? તું ગામનું સારું ખોટું બોલે છે, પણ તું પોતે ક્યાં ઊભો છે તેની પારાશીશી કદી મૂકી છે? આવા આવા સવાલો પોતાને પૂછવા જોઇએ અને તેના પ્રમાણિક સાચા જવાબ આપવા જોઇએ.

અને પછી આજુબાજુ કઇ જાતની આબોહવા વર્તે છે? તારો દેશ સ્વતંત્ર છે કે પરતંત્ર છે? તારા દેશના હિતને માટે તેં શો ફાળો આપ્યો છે? તારામાં જેટલી શક્તિ હોય તેને ગોપવ્યા વગર તેં બને તેટલું દેશહિત કર્યું છે? તારી સમાજ તરફ કંઇ ફરજ ખરી? તેં દુનિયાનાં દુઃખદર્દ ઓછાં કરવામાં તારો ફાળો આપ્યો છે? તેં દેખાવ, ધાંધલ અને આડંબરને તારા જીવનમાં સ્થાન આપ્યું છે? આપ્યું હોય તો કેટલું? શા માટે? કઇ અંદરની ઇચ્છાએ? કોની પ્રશંસા માટે? શા માટે એવી બાહ્ય શુષ્ક પ્રશંસામાં મોહાઇ ગયો?

અને તારી આવક કેટલી અને તારો ખરચ કેટલો? તું જમે મુડી વાપરી નાખે છે કે તેમાં વધારો કરે છે? તારું પોતાનું (આત્મિક) ધન તું વધારે છે કે અવસર એળે જવા દે છે? અમાઉ તો તેં ઘણી તકો ગુમાવી છે, પણ આ વખતે જરા પણ ચેત્યો છે કે આવ્યો તેવો ને તેવો પાછો ચાલ્યો જવાનો?

અને તું પોતે કોણ? તારી અંદરની શક્તિ કેટલી? એ શક્તિ તેં શા કામમાં વાપરી? એ શક્તિનો સંગ્રહ કર્યો કે તેને વેડફી નાખી? એ શક્તિ જમાવી કે ઉડાડી દીધી? અને તું જાતે કોણ? તારાં નામ કે ગામ કે કુળ સાથે તારો સંબંધ કેટલો? તેં ઘરબારને ઘરના ઘર માન્યા છે કે આશ્રમસ્થાન કે ભાડાના ઘર તુલ્ય ધર્મશાળા માની છે? અને તારા મનોવિકારો પર તેં વિજય મેળવ્યો કે એને ફાવે તેમ પ્રસાર આપ્યો છે? તું આંતર રાજ્ય પર વિજય મેળવી શક્યો છે કે તું એને તાબે થઇ ગયો છે? અને આ બધાં નાટકમાં તું પાઠ ભજવી રહ્યો છે તેને માત્ર નાટક માન્યું છે કે તારી જાતને આજુબાજુની પરિસ્થિતિને અંગે તન્મય બનાવી દીધી છે? ક્યાં દોડયો જાય છે? કેમ દોડે છે? કોણ દોડાવે છે?

આવા ચિંતવન અને આત્માવલોકનની ટેવ પડે તો પ્રાણી જરૂર માર્ગ પર આવી જાય, એની શક્તિનો નકામો ઉપયોગ થતી અટકાવી શકે અને એ સાધ્યને માર્ગે આવી જાય, આકી સુકાન વગરના વહાણ જેવી સ્થિતિ થાય તો એ ન રહે ઘરનો અને ન રહે ઘાટનો. ઘણાખરા વિચાર કરતા નથી, કરે તો તેમાં વ્યવસ્થા હોતી નથી, વિચારના જવાબોનો ઉપયોગ કરવાની અંદર શક્તિ હોતી નથી. ધર્મ માર્ગમાં કાશલ્ય ધર્યાવનારનું આત્મચિંતવન અનોખું હોય, ભદ્ર હોય, પ્રેરક હોય, પરિણામ નીપજાવનાર હોય અને સાચે રસ્તે પ્રગતિ કરાવનાર હોય, ધર્મ કૌશલ્યનો આદર્શ સંદેશ આત્મચિંતવનનો છે.

को देशः कानि मित्राणि कः कालः को व्ययागमौ ।
कश्चाहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः ॥ સુ. ૨. ભાડાંગાર શાંતરસનિર્દેશ. ૧. (પૃ. ૩૮૩)

(૩૬)

Great Intellectuals.

મહાન બુદ્ધિવૈભવી.

જેમનાં માન અને મદ જતાં રહ્યાં છે, જેમના આશયનું લોકો અનુમોદન કરે છે, જેમની શરીરકાંતિ શરદઋતુના પૂર્ણ ચંદ્ર જેવી છે અને જેઓ પ્રકૃતિથી સારા વ્યવહારમાં વિહરનારા છે–આવા મહાબુદ્ધિશાળી મનુષ્યો આ દુનિયામાં સુખપૂર્વક જીવન જીવી જાય છે.

બુદ્ધિશાળી દુનિયાની ટોચ પર જાય છે. એનાં જીવન અનેરા પ્રકારના હોય છે, એનાં જીવનનો વૈભવ ભાત પાડે તેવો હોય છે, એની **ખુમારી** ઓર પ્રકારની હોય છે, એની હાલચાલ અને **રીતભાત** બીજાથી એને જુદા પાડે તેવી હોય છે, એની બોલીચાલી **સભ્યતા** અને શિષ્ટતા એને બીજાથી જુદા પાડે તેવી હોય છે અને એની આખી વર્તના જગત તરફથી પ્રશંસા, પ્રેમ અને પ્રસાદને આકર્ષી શકે તેવા હોય છે.

આવા પ્રાણીમાં માન કે મદનો છાંટો દેખાતો નથી. હોય તેવા બળ ઐશ્વર્યઋદ્ધિ બુદ્ધિનું અભિમાન '**મદ**'ની કોટિમાં આવે અને ન હોય તેવા ગુણ કે મહત્તા પોતામાં હોવાના દાવાની મગરૂબીને '**માન**' કોટિમાં ગણી શકાય. મતલબ ખરા બુદ્ધિશાળીમાં **મનોવિકાર** હોતા નથી. એનામાં ક્રોધ ન હોય, દંભ ન હોય, લોભ ન હોય, કપટ ન હોય, નિંદા ન હોય, ભય ન હોય. આવા અનેક દુર્ગુણોના પ્રતીકરૂપ માન મદને અહીં અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. એના પેટામાં સર્વ મનોવિકારો, કષાયો અથવા ષડ્રિપુઓને સમજી લેવું. આવા મહાવૈભવશાળીને સુખમય જીવન હોય તેમાં નવાઇ શી? એવા પ્રાણીની હાજરીથી જ આ સંસાર રહેવા લાયક–જીવવા લાયક ગણાય છે.

એવા પ્રાણીઓનો અંદરનો આશય જોયો હોય તો એનાં મનોરાજ્યો જ અનેરાં પ્રકારનાં હોય છે. એ કોઇના ઉત્કર્ષ તરફ આનંદ બતાવે, એ કોઇની સેવા ત્યાગ જોઇ રાજીરાજી થઇ જાય, એ કોઇનાં સુંદર સંભાષણની વાહવા બોલે, એ ધનવાનને જુએ, જ્ઞાનવૃદ્ધને જુએ, વયોવૃદ્ધને જુએ કે સંતપુરુષને જુએ–એટલે એની તારીફ કરે, એના નાના ગુણને બહુ માને મનાવે અને એના સદ્ગુણ તરફ હૃદયથી વારી જાય. એનું મગજ જેવું ઉદાર અને આનંદી હોય, તેવી જ એની શરીરની **કાંતિ** પણ આસો માસના ચંદ્રની યાદ આપે તેવી ભવ્ય, સુંદર અને ખેંચાણકારક હોય. એની માનસિક સરળતા અને એની શારીરિક પવિત્રતા, શુચિતા અને સ્વચ્છતા સામાનાં દીલ પર એકદમ સારી અસર કરે તેવી અને તેને માટે અનુમોદના કરાવે તેવી હોય.

અને એ જે વ્યવહારમાં પડેલા હોય, જે વ્યાપાર નોકરી લાગ કે સેવામાં પડેલા હોય ત્યાં **પ્રકૃતિથી જ સારે માર્ગે** વિહરનારા હોય છે, એને ઢોંગ પસંદ ન હોય, એને દેખાવ કરવાની વૃત્તિ ન હોય, એને ગોટા વાળવાની કલ્પના પણ ન હોય, એને પ્રમાણિક સીધો સાદો વ્યવહાર ધરગતુ થઇ ગયેલો હોય અને એ ગમે તેવા સંયોગોમાં પોતાની જાતને અનુકૂળ બનાવે, કદી અન્ય ઉપર કોપ ન કરે, અન્યનો દ્વેષ ન કરે, અન્ય સાથે સ્પર્ધા ન કરે, અન્ય પર ઉપકાર કરવામાં સંકોચ ન કરે, અન્યનું કામ કરી આપવામાં પોતે કોઇ જાતનો પાડ કરે છે એવો વિચાર પણ ન ધરે–અને આવા માનસિક અને શારીરિક **સ્વાસ્થ્યમાં** રાજી રહી સુખે જીવન ગાળે.

મહાધીમાનનના આ જીવનવર્ણનમાં જ્ઞાન અને ચારિત્રનું અદ્ભુત સંમીલન જોવામાં આવે છે, એમાં વ્યવહાર અને વૈરાગ્યનું અસાધારણ મિશ્રણ જોવામાં આવે છે, એમાં મન, વચન અને કાયાના યોગોનું સમીકરણ અને તેની એકવાક્યતા જોવામાં આવે છે, આ બુદ્ધિવૈભવીનું જીવન છે, બાકી સર્વ ફેરા છે, આંટા છે, ખેપ છે. ધર્મમય જીવન જીવવાની ભાવના સેવનારે ધર્મકૌશલ્યના અભ્યર્થીએ આવા જીવનને બહલાવવું ઘટે. **મૌક્તિક**

विगतमानमदा मुदिताशयाः शरदुपोढशशाङ्कसमत्विषः ।
प्रकृतसंव्यवहारविहारिणस्त्विह सुखं विहरन्ति महाधियः ॥ યોગવાશિષ્ટ

યોગમીમાંસા

(સંમા૦ મુનિ પુણ્યવિજય-સંવિજ્ઞપાક્ષિક.)

(ગતાંક પૃષ્ઠ. ૧૯૨ થી શરૂ)

યોગપ્રાપ્તિની મૂળ ભૂમિકા અપુનર્બંધક દશા છે. યદ્યપિ અપુનર્બંધકાદિને પણ જેઓ મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિનો માત્ર એક જ વાર બંધ કરે તે 'સકૃદ્બંધક' અને ન કરે તે **અપુનર્બંધક** કહેવાય છે. સકૃદ્બંધક જીવ પણ અપુનર્બંધકની યોગ્યતા સંપાદક છે, જેનો સંસાર દોઢ પુદ્ગલપરાવર્ત્ત હોય છે, તે જો કે ચરમાવર્તને પામેલો નથી, કિન્તુ સમીપવર્તી હોવાથી ભાવિમાં પામવાની તેની યોગ્યતા છે. અનંતા પુદ્ગલપરાવર્ત્ત ખપાવી આ સ્થિતિએ-ચરમાવર્તની સામીપ્યમાં પહોંચવું એ પણ વિરલ જીવોમાં સંભવિત છે. જો કે એનું અનુષ્ઠાન તો અપ્રધાન જ છે; છતાં ભગવાન જિનેશ્વરદેવના વ્યવહારવડે અર્થાત્ સદનુષ્ઠાનના અભ્યાસરૂપ ક્રિયાએ કરી અને ગીતાર્થ ગુર્વાદિની પારતંત્ર્યતાએ ભાવિમાં એ અપવર્તનશીલને યોગ્ય થવાથી ક્રમિક શુદ્ધિનું પાત્ર બની શકે છે. એ જીવોને દ્રવ્ય સમ્યક્ત્વ અને દ્રવ્ય દીક્ષાની પ્રાપ્તિ કરાવી મુક્તિમાં મોકલ્યાનો શાસ્ત્રમાં ઉલ્લેખ છે, તથાપિ મુખ્યત્વે યોગની ભૂમિકાનો પ્રારંભકાળ અપુનર્બંધક દશાથી છે અને એ જ મોનીન્દ્ર વ્યવહારમાર્ગને અર્થાત્ માર્ગમાં પ્રવેશને યોગ્ય છે. એ અપુનર્બંધક જૈન પણ હોઇ શકે અને ઇતર પણ હોઇ શકે. શુદ્ધ અનુષ્ઠાનકારી જીવોના નિરીક્ષણથી જેઓના માનસમાં તે સદનુષ્ઠાનકારી જીવો પ્રત્યે આદર અને બહુમાન પ્રગટ થાય, તથા ભવઉદ્વેગ સહિત શુદ્ધાનુષ્ઠાનકરણની ઇચ્છા થાય, તે જીવો અપુનર્બંધક દશાને પ્રાપ્ત થાય છે. એટલે કે એ જીવો લોકોત્તર ધર્મની પ્રાપ્તિ માટે અધિકારી બને છે. કારણ તેઓના મિથ્યાત્વની અત્યંત મંદતા થઇ ગઇ છે. એટલે એમનું મન અંશમાં શુદ્ધ બનેલું છે. તેથી જ ધર્મબીજના વપન માટે યોગ્ય બનેલું છે. ધર્મબીજ ઉપર કથન મુજબ જ છે. "१ आदर २ करणे प्रीति ३ अविघ्न ४ संपदागमः ५ जिज्ञासा (તત્ત્વની જિજ્ઞાસા) तज्ज्ञसेवा च शुद्धानुष्ठानलक्षणम्"

આ ધર્મબીજના ઉપાદાન (ગ્રહણ) સમયે જેમ અપ્રમત્ત સરાગ યતિ તેને વીતરાગ દશાની પ્રાપ્તિમાં જેવો અનુભવસિદ્ધ આનંદ અથવા અતિશયનો લાભ થાય છે; કારણ તથાવિધ વિશિષ્ટ ક્ષયોપશમ થયો છે, તેવી જ રીતીએ અભિન્ન ગ્રન્થિ જીવને પણ ચરમાવર્તમાં ચરમ યથાપ્રવૃત્તિકરણના સામર્થ્યથી મિથ્યાત્વની મંદતા અને સમ્યક્ત્વની સન્મુખતા થવાથી તથાવિધ ક્ષયોપશમના યોગે યોગબીજના ઉપાદાન સમયે કોઇ અપૂર્વ માત્ર સ્વાનુભવસિદ્ધ અતિશયિત આનંદ પ્રાપ્ત થાય છે. ધર્મસંગ્રહમાં 'धर्मबीजस्यापि अनुभवैकगम्यत्वं' ઇત્યાદિ કથનથી પણ સિદ્ધ થાય છે. એટલું વિશેષ કે-આ યોગબીજોનું જિનેશ્વર દેવાદિ પરત્વે પ્રશસ્ત કુશલ ચિત્ત ઇત્યાદિનું ઉપાદાન જૈન દર્શનાભિમત અપુનર્બંધક કરી શકે છે. જ્યારે ઇતર દર્શનાભિમત અપુનર્બંધકમાં તેની યોગ્યતા માત્ર હોય છે તે જ્યારે જૈન દર્શનમાં આવે ત્યારે આનું ઉપાદાન કરી શકે છે. સિવાય બીજા

શ્રીમાન્ યશોવિજયજી.

[ડો. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા, એમ. બી. બી. એસ.]

ભક્તાશિરોમણિ કવિ તરીકે—

હવે શ્રી **યશોવિજયજી** એક ઉત્તમ ભક્તશિરોમણિ કવિ તરીકે કેવા સુપ્રતીત થાય છે તે જોઇએ—

શ્રીમાન્ **યશોવિજયજી**એ ચોવીશી વગેરેની રચના કરી છે, તેમાં પદે પદે અદ્ભુત ભક્તિરસ નિર્ઝરી રહ્યો છે. ઉત્તમ-ભક્તિરસનો ધોધ વહેવડાવનારી કૃતિઓ રચનારા ત્રણ ભક્તરાજો સુપ્રસિદ્ધ છે,—શ્રીમાન્ **આનંદઘનજી**, શ્રી. **દેવચંદ્રજી**, શ્રી. **યશોવિજયજી**. તેઓ પ્રત્યેકની શૈલી કંઇ ને કંઇ વિશિષ્ટતાવાળી છે.

એક તુલના—

શ્રી **આનંદઘનજી**ના સ્તવનોમાં સહજ સ્વયંભૂ અધ્યાત્મરસની ને તેના પરમ પરિપાક સાથે આત્માનુભવના ચમત્કાર દૃષ્ટિગોચર થાય છે. તેમાં પદે પદે ઉત્તમ કવિત્વમય પ્રસાદ ને માધુર્ય ગુણની નિષ્પત્તિ થાય છે; અને તેની ભાષાશૈલી સરલ, સાદી ને પરમ સંસ્કારી છતાં પરમ અર્થગૌરવવંતી ને પરમાર્થ આશય-ગંભીર-'સાગરવરગંભીરા' છે.

"આશય આનંદઘન તણો,
અતિ ગંભીર ઉદાર;
બાલક બાંહ્ય પ્રસરીને,
લહે ઉદધિ વિસ્તાર."

શ્રીમાન્ **દેવચંદ્રજી**ની કૃતિમાં ઉત્તમ તાત્ત્વિક ભક્તિની પ્રધાનતા છે. દ્રવ્યાનુયોગની મુખ્યતાથી પ્રભુનું શુદ્ધ તત્ત્વસ્વરૂપ વિસ્તારથી વર્ણવી, ને તેની ભક્તિના કાર્ય-કારણભાવની

અપુનર્બંધક અપ્રાપ્ત જીવોમાં તો તેની યોગ્યતા જ હોતી નથી.

અપુનર્બંધક દશા પ્રાપ્ત થાય એટલે મુક્તિ પ્રત્યે અચરમાવર્તમાં ગાઢ મિથ્યાત્વના સહકારથી જે દ્વેષ થયો હતો તે નાબૂદ થઇ જાય છે, અને આત્મીય દશાનો અદ્વેષ (સંસાર પ્રત્યે સહજ ઉદ્વેગ અને મોક્ષ પ્રત્યે સાચી રુચિ) આવી જાય છે. તે તે દ્વેષાદિને સંસારની ઇચ્છાથી સેવે નહિ, બલ્કે સંસારનાં કાર્યોમાં નિરસતા હોય અને દેવતત્ત્વાદિના કાર્યમાં વધુ રસ હોય. એ જીવને ત્યારબાદ સાચા તત્ત્વની જિજ્ઞાસા થાય, બાદ સદ્ગુરુનું શોધન, એમની પરીક્ષા, એમનો સ્વીકાર, એમની ઉપાસના આ રીતે કરી એ જીવ ક્રમિક શુદ્ધિ કરે અને વાસ્તવિક '**યોગાવંચક**' બને એટલે કે જિજ્ઞાસા અને અર્થિત્વભાવે પરીક્ષાપૂર્વક સદ્ગુરુનો સમાગમ સાધે તથા તેમની ઉપાસના આદિ કરે; તેનું શ્રવણ કરે અને '**जिनेषु कुशलं चित्तम्**' શ્રી જિનેશ્વર દેવના વિષયમાં નિર્મળ ચિત્ત કરે, તથા એમનો સ્વીકાર કરે અને વિશુદ્ધ ભાવે એમને પ્રણામાદિ કરે. વિશુદ્ધિ એને કહેવાય છે કે-'આ પૂજાદિ અનુષ્ઠાન જ સંસારમાં અત્યંત ઉપાદેય છે, પણ અન્ય ઉપાદેય નથી.' એથી જ એ અનુષ્ઠાનની '**संज्ञा विष्कंभणान्वितम्**' આહારાદિ દશ પ્રકારની સંજ્ઞા રહિત યા તો રોકવાવડે અને પૌદ્ગલિક ફળોની અપેક્ષા વિના જે આચરણા કરવી તે '**વિશુદ્ધિ**' કહેવાય છે.

તલસ્પર્શી સૂક્ષ્મ મીમાંસા કરી, પ્રભુના ગુણાતિશયથી ઉપજતી પરમ પ્રીતિમય ભક્તિ અત્ર મુખ્યપણે ગાવામાં આવી છે. શ્રી. **દેવચંદ્રજી**ની ચોવીશી પ્રથમ દર્શને કંઇક કઠિન, અર્થઘન ને પ્રૌઢ છે, અને તેમાં ઓજસ્ ગુણની પ્રધાનતા છે; છતાં જેમ જેમ અવગાહન કરીએ-ઊંડા ઊતરીએ, તેમ તેમ ઉચ્ચ કવિત્વના ચમત્કાર યુક્ત ઊંડા ભક્તિરસ પ્રવાહવાળી તે પ્રતીત થાય છે. શ્રી. **દેવચંદ્રજી**નો ભવ્ય જનોને ભાવવાહી સંદેશો છે કે—

"નિર્મળ તત્વરુચિ થઇ રે
મન મોહના રે લાલ.
કરજો જિનપતિ ભક્તિ રે,
ભવિ બોહના રે લાલ.
દેવચંદ્ર પદ પામશો રે, મન૦
સુયશ મહોદય યુક્તિ રે. ભવિ"

શ્રી. **યશોવિજયજી**ની સ્તવનાવલીમાં પ્રેમલક્ષણા ભક્તિ મુખ્યપણે વર્ણવી હોઈ, તે પરમ પ્રેમરસ પ્રવાહથી છલકાતી છે. તેની શૈલી આબાલવૃદ્ધ સમજી શકે એવી અત્યંત સરલ મીઠાશવાળી ને સુપ્રસન્ન હોઇ, સાવ સાદી છે, છતાં ઉત્તમ કવિત્વમય પ્રસાદ ને માધુર્ય ગુણથી સંપન્ન છે, ઉત્તમ ભક્તિરસમાં નિમજ્જન કરાવે એવી છે.

આ પરમ ભક્ત-ત્રિમૂર્ત્તિની તુલના માટે એક સ્થૂલ દૃષ્ટાંત યોજીએ તો **શ્રી આનંદઘનજી**ની કૃતિ સાકરના ઘન જેવી-ચોસલા જેવી છે; અર્થાત્ જેમ જેમ ચગળીએ તેમ મીઠાશ આવ્યા જ કરે છે, અને તેમાં પરિશ્રમ પડતો નથી, તેના અમૃતપાનથી તન-મનનો થાક ઉતરી જાય છે.

શ્રી. **દેવચંદ્રજી**ની કૃતિ શેરડીના ટૂકડા જેવી છે. એટલે તેમાં મીઠાશ તો સર્વ પ્રદેશે ભરેલી જ છે, પણ તેમાં ચાવવાની મહેનત કરવી પડે તેમ છે, તો જ તેની અમૃત સમો મીઠાશની ખબર પડે. અર્થાત્ જેમ જેમ શેરડીનું ચર્વણ ઘાય-ચાવવામાં આવે તેમ તેમ તેમાંથી રસ આવે, તેની પેઠે જેમ જેમ આ ભક્તિરસ ભંડાર સ્તવનો ઊંડા ઉતરી અવગાહવામાં આવે, તેમ તેમ તેમાંથી રસનિષ્પત્તિ થયા જ કરે-ઓર ને ઓર મીઠાશ આવ્યા જ કરે.

શ્રીમાન્ **યશોવિજયજી**ની કવિતા શેરડીના તાજા રસ જેવી છે. અને તેનું યથેચ્છ મધુર અમૃતપાન સહુ કોઇ તત્કાળ સુગમતાથી કરી શકે એમ છે, તેમાં તકલીફ પડતી નથી.

ભક્તિરસ જાહ્નવી—

આ જાગતી જ્યોત જેવા આ ત્રણેય સમ્યગ્દૃષ્ટિ ભક્તરાજોએ ઉત્તમ ભક્તિરસની જાહ્નવી વહાવી, આપણને તેમાં નિરંતર નિમજ્જન કરી પાવન થવાની અનુકૂળતા કરી આપીને આપણા પર પરમ ઉપકાર કર્યો છે. ભાગ્યવંત જનો હોય તે જ તેમાં નિમજ્જન કરી અવશ્ય પાવન થાય છે ને યથેચ્છ આત્માનંદ લૂંટે છે.

અત્રે શ્રી **યશોવિજયજી**ના ભક્તિરસમય સ્તવનોમાંથી બે ત્રણ ઉદાહરણ લઇએ, તે પરથી આપણને આ સુપ્રતીત થશે—

"અજિત જિણંદશું પ્રીતડી,
મુજ ન ગમે બીજાનો સંગ કે."

× × ×

"કાળ લબ્ધિ મુજ માત ગણો,
ભાવ લબ્ધિ તુમ હાથે રે;
લડથડતું પણ ગજ બચ્યું,
ગાજે ગજવર સાથે રે."

× × ×

"લઘુ પણ હું તુમ મન નવિ માનું રે,
જગગુરુ તુમને દિલમાં લાવું રે!

કુણને એ દીજે સાબાશી રે?
કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસી રે?"

× × ×

"પ્રભુપદ વલગ્યા તે રહ્યા તાજા,
અલગા અંગ ન સાજા રે;
વાચક યશ કહે અવર ન ધ્યાઉં,
એ પ્રભુના ગુણ ગાઉં રે."

ઇત્યાદિ, ઇત્યાદિ.

ભક્તિ માટેની પ્રેરણા કરતાં ને ભક્તિમાર્ગની ઉત્કૃષ્ટતા ઉપદેશતાં શ્રી **યશોવિજયજી**એ પોતાના અનુભવના નિષ્કર્ષરૂપ-નીચોડરૂપ પરમ મનનીય ઉદ્ગાર કહ્યા છે કે—

"सारमेतन्मया लब्धं श्रुताब्धेरवगाहनात्।
भक्तिर्भागवती बीजं परमानंदसंपदाम्॥"

દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા.

અર્થાત્—મેં જે આ શ્રુતસાગરનું અવગાહન કર્યું, તેમાંથી મને આ આટલો જ સાર મળ્યો છે કે-ભાગવતી ભક્તિ અર્થાત્ ભગવંતની ભક્તિ એ જ પરમાનંદ સંપદાઓનું બીજ છે. બીજમાંથી વૃક્ષ થાય તેમ આ ભક્તિ-બીજમાંથી પરમાનંદ સંપદાના સ્થાનરૂપ મોક્ષ વૃક્ષ ફાલીફૂલીને અવશ્ય મોક્ષફલ આપશે જ. તાત્પર્ય કે ભક્તિ એ મુક્તિનું અમોઘ ને ઉત્તમ કારણ છે. અન્ય જ્ઞાની ભક્તશિરોમણિઓએ પણ આનો પ્રતિધ્વનિ કર્યો છે:—

"જિન પેં ભાવ વિના કબૂ,
છૂટત નહિં દુઃખ દાવ."

"પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસે,
સબ આગમ ભેદ સુઉર ભસે."

—શ્રીમદ્ રાજચંદ્રજી.

"જિનપતિભક્તિ મુક્તિતના મારગ.
અનુપમ શિવસુખ કંદો રે;
જિનવર વિચરંત વંદો."

—શ્રી૦ દેવચંદ્રજી.

"જૈન સમાજને વિનંતી."

તાજેતરમાં શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર બિરાજમાન મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનના પલાંઠી નીચે પાટલીમાં નીચે મુજબના લેખવાળા ફોટાઓ વેચાય છે:—

"प्रतिबिंबमिदं शत्रुंजयतीर्थाधिपतेः श्रीआदीश्वरप्रभोः। प्रतिष्ठितं श्रीमंगलविजय-मेरुविजयसातीर्थ्ययुतैः स्व० विजयदानसूरीशपट्टधरैः सि० श्रीविजयप्रेमसूरीशैः। विक्रम २००१ फा. शु. ३ गुरुवा० ॥"

મૂળનાયક શ્રી આદીશ્વર ભગવાનની પલાંઠી નીચે આવો કોઈ લેખ છે જ નહી તેથી આવા ફોટાઓથી જાહેર જનતાએ ખોટા ભ્રમમાં પડવું નહી. જે કોઇએ આ કાર્ય કરેલ તે ઘણું જ અઘટિત છે અને તે અટકાવવાના કાર્યમાં અમોને સહકાર આપવા જૈન સમાજને અમારી વિનંતિ છે.

આવા ફોટાઓનું વેચાણ તાત્કાલિક બંધ થવું જોઇએ. જૈન સમાજને અમારી આગ્રહભરી વિનંતી છે કે આવા ફોટાઓ કોઇએ ખરીદવા નહી અને ભવિષ્યમાં આવા ફોટાઓનો દુરૂપયોગ થતો અટકે તે માટે જેની પાસે આવા ફોટાઓ અગર નેગેટીવ હોય તે અમોને મોકલી આપવા.

શેઠ આણંદજી કલ્યાણજી,
ઝવેરીવાડા-અમદાવાદ.

શ્રી મહાવીર સ્તવન.

લેખક:-" લાલન "

સૂચના.

[જૈન શાસનમાં આનંદઘનજીની ચોવીસીના શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામીના છેલ્લા બેસ્તવનોનો ગુજરાતી ટબો અનુક્રમે આનંદઘનજી, નામે જ્ઞાનવિમલસૂરિ તથા જ્ઞાનસાર મુનિના રચેલા છે.

પરંતુ ભાઇ દામજી કેશવજીને સુરતના ભંડારમાંથી શ્રી આનંદઘનજીના પોતાના રચેલા શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીરસ્વામીનાં બે સ્તવનો સાંપડ્યાં અને "જૈન યુગ" નામના માસિકમાં પ્રગટ થયા હતા અને એ સ્તવનોનો સંક્ષિપ્ત ભાવ સદ્ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજીએ તેમાં લખ્યો પરંતુ લેખકે તે સૂચવ્યો છે.

શ્રી આનંદઘનજી મહારાજનો આશય લેખકની કક્ષામાં આવેલા અથવા એથી નીચેની કક્ષામાં આવેલા લેખકની ખામી દેખાડે તે દૂર કરવાનો અને ખૂબી દેખાડે તો વિશેષ વિશદ કરાવવાનો આશય રાખ્યો છે, એજ આ સ્તવન વિવેચન સહિત લખી પ્રસિદ્ધ કરવાનું પ્રયોજન છે.]

ભાવોદ્ઘાટન.

શ્રી વીરપ્રભુના સાક્ષાત્ દર્શન કોણે કરાવ્યા એ આ ગાથામાં શ્રી આનંદઘનજી પ્રગટ કરે છે.

વીર જિનેશ્વર પરમેશ્વર જયો,
જગજીવન જિન ભૂપ;
અનુભવ મિતે રે ચિત્તે,
હિતકરી દાખ્યું સ્વરૂપ. ૧

જો કે શ્રી વીરપ્રભુ વિક્રમ સંવત પહેલાં ૬૦૦ વર્ષે તીર્થંકરરૂપે ભારતમાં વિચરતા હતા, તથાપિ ૧૬ મી સદીમાં મને એમના સાક્ષાત્ દર્શન થયા અને એ દર્શન જ્યારે મેં એમના દાખવેલા માર્ગે અનુભવ-ચક્ષુથી જોયું ત્યારે વીરપ્રભુએ મને શાશ્વત જીવન અપાવ્યું એટલુંજ નહિ, પરંતુ જગજીવ અર્થાત્ સર્વ જીવોને સાક્ષાત્ જીવનનો એ જીવે દાખવેલા માર્ગે અનુભવ કરી જુએ તો માલમ પડે કે વીરપ્રભુ સાક્ષાત્ એવા જ છે કે જેવો પોતાનો આત્મા સાક્ષાત્ છે. ફેર એટલો કે પ્રભુને કેવળ દર્શન છે, અને મને અનુભવ-ચક્ષુથી દર્શન છે, એ પ્રભુનો જય છે.

૨ ઉત્થાનિકા.

આ ગાથામાં પ્રભુ વીરે શક્તિરૂપે રહેલો આત્મા પ્રગટરૂપે અનુભવ મિત્રને દાખવ્યો તેનું સ્વરૂપ છે.

જેહ અગોચર માનસ વચનને,
તે અતીંદ્રિય રૂપ;
અનુભવ મિતે રે વ્યક્તિ શક્તિ થું,
ભાખ્યું તારૂં સ્વરૂપ.

ભાવોદ્ઘાટન.

જે મનને અગમ્ય અને ઇંદ્રિયોને અગોચર એવું પ્રભુ મહાવીરનું સ્વરૂપ છે તે મને મારામાં શકિત રૂપે જે હતું, અપ્રગટ રૂપે હતું, તે વ્યકિતથી અર્થાત્ પ્રગટરૂપે મને મારા અનુભવ ચક્ષુએ વીર પ્રભુનું સ્વરૂપ દેખાડયું એ વીરપ્રભુનો જય હો.

૩ ઉત્થાનિકા.

આ ગાથામાં અનુભવરૂપી સૂર્ય નય, નિક્ષેપ અને પ્રમાણથી પણ ન જણાય તે અનુભવરૂપી સૂર્ય જણાવી શકે છે તેનું વર્ણન છે.

નય નિક્ષેપે જે નહિં જાનીએ,
નાવ જીહાં પ્રસરે પ્રમાણ;
શુદ્ધ સ્વરૂપે રે તે બ્રહ્મ દાખવે,
કેવળ અનુભવ જાણ.

ભાવોદ્ઘાટન.

જે સપ્ત નય અને સપ્ત નિક્ષેપથી જણાય નહિ, તેમજ બે ગાથા ત્રણ ચાર છ પ્રમાણોથી પણ ન જણાય તે અનુભવરૂપી સૂર્ય શુદ્ધ બ્રહ્મ સ્વરૂપનું અર્થાત શુદ્ધ સ્વરૂપનું દર્શન કરાવી શકે છે.

નોંધ:—(૧) બે પ્રમાણ એ કહેવાય કે પ્રત્યક્ષ અને પરોક્ષ.

ત્રણ પ્રમાણ એ કહેવાય કે પ્રત્યક્ષ, અનુમાન અને આગમ.

ચાર પ્રમાણ એ કહેવાય કે —

પ્રત્યક્ષ, અનુમાન, આગમ અને ઉપમાન.

છ પ્રમાણ એ કહેવાય કે—પ્રત્યક્ષ, અનુમાન, આગમ, ઉપમાન, ઐતિહાસિક અને અર્થાપત્તી.

નોંધ (૨) ઐતિહાસિક એટલે ઈતિહાસનું પ્રમાણ. પૂર્વે બનેલા બનાવોનું પ્રમાણ અને અર્થાપત્તી એટલે પરોક્ષ રીતે પ્રત્યક્ષને ચીંધવું તે. જેમકે આ માણસ જાડો છે. દિવસે આહાર કરતો નથી.આનો વિચાર કરતાં વિચારકને જણાય કે જ્યારે જાડો છે અને દિવસે ખાતો નથી અને ખાધા વિના તો જાડો થાય નહિ તે છતાં જાડો છે, માટે અવશ્ય રાત્રે ખાય છે જ. એને ન્યાયશાસ્ત્રમાં અર્થાપત્તિ પ્રમાણ કહે છે.

૪ ઉત્થાનિકા.

શાસ્ત્ર જો કે માર્ગદર્શક છે, સાધ્યને દેખાડે છે પરંતુ એ પણ સાધ્ય સુધી લઈ જતા નથી, એનુ વર્ણન આમાં છે, એટલું જ નહિ પરંતુ સાધક જિજ્ઞાસુ તો વિઘ્નોને દૂર કરી સાક્ષાત્ **અનુભવ**–સાધ્યનો ભેટો કરાવે છે.

અગમ અગોચર અનુપમ અર્થનો,
કોણ કરી જાણે રે ભેદ;
સહજ વિશુદ્ધે રે અનુભવ વયણ જે,
શાસ્ત્ર તે સઘળા રે ખેદ.

ભાવોદ્ઘાટન.

આ ગાથામાં અનુભવ વચનમાં આવતો નથી અને શાસ્ત્રો તો વચન છે, માટે શાસ્ત્ર માર્ગદર્શક ખરા, પરંતુ સાધ્યનો ભેટો કરાવનાર નહિ, માટે એ તો જુદા જુદા માર્ગો દેખાડે છે. અર્થાત્ શાસ્ત્રે દેખાડેલા માર્ગે જિજ્ઞાસુએ **પોતે** જવું જોઇએ.

૫ ઉત્થાનિકા.

આ ગાથામાં શાસ્ત્ર ક્યાં સુધી કાર્યસાધક છે, અને અનુભવ વિઘ્નને દૂર કરી કાર્યને સાધકરૂપ થાય છે તેનું વર્ણન આમાં છે.

દિશી દેખાડી રે શાસ્ત્ર સવી રહે,
ન લહે અગોચર વાત;
કારજ સાધક બાધક રહિત જે,
અનુભવ મિત્ત વિખ્યાત.

ભાવોદ્ઘાટન.

શાસ્ત્ર જે દિશાએ ગમન કરવાથી સાધ્યને પહોંચાય તે દિશા દેખાડી ત્યાં રહે, અર્થાત અટકે પરંતુ જે શબ્દથી ન જણાય તે શાસ્ત્ર જણાવી શકે નહિં, પરંતુ અનુભવનો સાધક

જિજ્ઞાસુના માર્ગમાં બાધા કરનાર વિઘ્નોને દૂર કરીને કાર્યની સિદ્ધિ કરાવે.

૬ ઉત્થાનિકા.

Friends do not keep servant. અર્થાત્ સત્ય મિત્ર પોતાના મિત્રોથી છાનું રાખતા નથી.

અહો ચતુરાઇ રે અનુભવ ચિત્તની,
અહો તસ મિત્ત પ્રતિત;
અંતરજામી સ્વામી સમીપને,
રાખી મિત્તમુ રીત.

ભાવોદ્ઘાટન.

મારા આત્મામાં જ પરમાત્મા વીરના સાક્ષાત દર્શન કરાવનાર જે કોઇ હોય તો હે અનુભવ મિત્ર! તું જ છે. ધન્ય છે તારી ચતુરાઇને કે સમીપમાં સમીપ, અર્થાત મારા અંતરાત્મામાંની સમીપમાં સમીપ એવા પરમાત્મા વીરને તેં સાક્ષાત દેખાડ્યા.

૭ ઉત્થાનિકા.

અનુભવે કરાવેલી કાર્યસિદ્ધિ અને તેથી જિજ્ઞાસુ સાધકને ઉદ્ભવેલો આનંદઘન.

અનુભવ અંગે રે રંગે પ્રભુ મળ્યા,
સફળ ફળ્યા સર્વ કાજ;
નિજ પદ સંપદ જે તે અનુભવે,
આનંદઘન મહારાજ.

ભાવોદ્ઘાટન.

અનુભવ અને જેનો અનુભવ કરવો તે બન્નેનો સંગ થતાં નિજપદ એટલે આત્મપદની સંપત્તિ અર્થાત્ અનંતચતુષ્ટય મારામાં છે એ આત્મા તે જ આનંદઘન મહારાજ છે. આમ ક્ષાયિક સમકિતવાનને યથાખ્યાત ચારિત્ર થતાં અનુભવ થાય છે અને અનંત ચતુષ્ટય તો અર્થાત અનંત જ્ઞાન (અથવા ચિદ્ઘન), અનંત દર્શન અર્થાત્ સદ્ઘન, અનંત ચારિત્ર અર્થાત્ આનંદઘન ઉદ્ભવે છે.

શ્રી શત્રુંજય સ્તવન.

રચયિતા–મુનિશ્રીલક્ષ્મીસાગરજી-પ્રાંતિજ

(રાગ–કાલીકમલીવાલે તુમપે લાખો સલામ)

જિનવર જગ આધાર, કરીએ નિત્ય પ્રણામ
ભવિજનોને સુખકાર કરીએ નિત્ય પ્રણામ–ટેક

(સાખી)

નાભિનંદન ભવદુઃખ ભંજન
સન્મતિ આપો અલખનિરંજન
કરજો ભવથી પાર કરીએ નિત્ય પ્રણામ જિન ૧

(સાખી)

તેજો મય તુજ મૂર્ત્તિ સારી
ભવજલ નિધિથી લે ઉદ્ધારી
સફળ કરો અવતાર કરીએ નિત્ય પ્રણામ જિ૦૨

(સાખી)

મુકટ મણિ શત્રુંજયગિરિના
વાર કરો મુજ અંતર અરિના
સઘળે તુજ જયકાર કરીએ નિત્ય પ્રણામ જિ૦૩

(સાખી)

સાધુ સંતને અતિશય ભાવો
આત્મજ્યોતિ ઉજ્વલ પ્રગટાવો
સકલ દોષ હરનાર કરીએ નિત્ય પ્રણામ જિ૦૪

(સાખી)

સાત્વિક બુદ્ધિ સહુને આપો
શિવ લક્ષ્મીસાગરમાં સ્થાપો
અજિત પદ દાતાર કરીએ નિત્ય પ્રણામ જિ૦૫

મનુજ ભવ સફળ કરી લ્યો!

(રાગ–મીઠા લાગ્યા છે મને આજના ઉજાગરા)

બેઠા છો કેમ તમે નવરા થઇને,
નિંદા કરો ન લગાર રે મનુજભવ સફળ કરી લ્યો. ૧

પ્રભુના ધ્યાનમાં–ભજનની ધુનમાં,
સંસાર કાર્ય કરો ત્યાગ રે. મનુજ૦ ૨
કર્યા છે ધંધા દ્રવ્યને ગુમાવી,
કીધો ન પુણ્યનો વિવેક રે. મનુજ૦ ૩
ક્ષમા ને નમ્રતા હેતે સ્વીકારો,
એળે ન કાઢો અવતાર રે. મનુજ૦ ૪
સિનેમા નાટકો અંધ થઈ જોયા,
ચુકયા છો ધર્મનો પંથ રે મનુજ૦ ૫
બંધાવ્યા મ્હેલને બાગ વસાવ્યા,
દિધાં ન દીનને દાન રે. મનુજ૦ ૬
મોજ કેરાં સાધનોમાં માનવતા ભૂલ્યા,
પામ્યા ન ધર્મ કર્મ મર્મ રે. મનુજ૦ ૭
ધર્મના જહાજમાં બેસી ભવિજન,
પામો ગુરૂજી સુકાન રે. મનુજ૦ ૮
બુદ્ધિને જોડો ધર્મના સુપંથમાં,
લક્ષ્મીસાગર ને પમાય રે. મનુજ૦ ૯

રચયિતા–મુનિરાજ **લક્ષ્મીસાગરજી** મહારાજ
પ્રાંતિજ A. P. R.

સુધારો.

ગયા નવમા જ્યેષ્ઠ માસના અંકમાં પા. ૨૦૩ આનંદઘનજીકૃત મહાવીરસ્વામીના સ્તવનની ચોથી લીંટીમાં દેવર્ધિગણી ક્ષમાશ્રમણ છપાયેલ છે તેને બદલે " શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ " એમ વાંચવું

વર્તમાન સમાચાર.

શ્રી સંઘના ભાગ્યોદયે આ વર્ષનું ચાતુર્માસ કરવા શ્રી સંઘની વિનંતિથી પરમકૃપાળુ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્ય શ્રીમાન્ શ્રી વિજયલાવણ્યસૂરિજી મહારાજ સપરિવાર અત્રે પધાર્યા છે. તેઓની વિદ્વત્તાપૂર્ણ ઉપદેશ–વ્યાખ્યાન વાણીનો અનુપમ લાભ અહીંના ચતુર્વિધ સંઘને મળશે. શ્રી ભાવનગર સંઘના સુભાગ્યે આવા વિદ્વાન્ મુનિમહારાજાઓનો યોગ પ્રાપ્ત થયો છે, થાય છે.

પ્રભુ પ્રવેશ મહોત્સવ.

આ સભાના લાઇફ મેમ્બરો ભાઈ **મોહનલાલ** તથા **નંદલાલ જગજીવનદાસ** સલોત, આ શહેરના કાપડના મ્હોટા વેપારી અને સંઘની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ છે. તેઓના સદ્ગત પૂજ્ય પિતાજી સલોત જગજીવનદાસ કુલચંદના આત્મશ્રેયાર્થે શહેર ભાવનગર મ્હોટા જિનમંદિરની ભમતીમાં નૂતન બનાવેલ જિનમંદિરમાં શ્રી **અભિનંદનસ્વામી** તથા શ્રી **શાંતિનાથ** પ્રભુજી તથા અન્ય પ્રભુઓના પ્રવેશ મહોત્સવ ગયા જેઠ વદી ૧૦ ના રોજ હતો, તે નિમિત્તે શ્રી શત્રુંજયની રચના, અઠ્ઠાઇમહોત્સવ અને શાંતિ સ્નાત્ર મહાપૂજા વગેરે માંગલિક કાર્યો કરવા બંને બંધુઓએ રૂ. ૩૧૦૦) શ્રી સંઘને ચરણે ધરી આદેશ લીધો હતો. દરરોજ વિવિધ પૂજા, વાજિંત્રો સાથે સુંદર રાગરાગિણી, ભણાવવામાં આવતી હતી, આંગી રોશની ભાવના પણ થતી હતી. શાંતિસ્નાત્ર જેઠ વદિ ૧૧ ના રોજ હતું. શ્રી સંઘના તમામ ભાઇ બ્હેનોનો ભક્તિભાવ, ઉત્સાહ, આનંદ ઘણો જોવામાં આવતો હતો. એ રીતે ઉત્સાહપૂર્વક બંને બંધુઓએ પરમાત્માની ભક્તિ અને પિતૃભક્તિ કરી હતી. બંને દેવાધિદેવોનો જિનમંદિરમાં પ્રવેશ કરાવવાનો આદેશ શેઠ પરમાણંદદાસ નરશીદાસ અને ડાયાલાલ હરિચંદ વકીલે લીધો હતો. દરેક ક્રિયાઓ કરાવવામાં આચાર્ય મહારાજ અને તેમના વિદ્વાન શિષ્ય શ્રી દક્ષવિજયજી અને સુશીલવિજયજી વગેરે મહારાજની મુખ્યતા હતી.

સ્વ. જગજીવનદાસ નરોત્તમદાસનો સ્વર્ગવાસ.

વૈશાખ સુદી ૧૩ ને શનિવારના રોજ તેઓ પંચત્વ પામ્યા છે. તેઓ મિલનસાર, શ્રદ્ધાળુ અને સરલ હતા. આ સભાના ઘણા વર્ષથી લાઇફ મેમ્બર હતા. તેઓના આત્માને અખંડ અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના કરીયે છીયે.

શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૪ મું

અંક ૧ થી ૧૨ :: સને ૧૯૪૬-૪૭

સંવત ૨૦૦૩

: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

શ્રી આત્માનંદ પ્રકાશ

卐

[પુસ્તક ૪૪ મું]

(સં. ૨૦૦૨ ના શ્રાવણ માસથી સં. ૨૦૦૩ ના આષાઢ માસ સુધીની)

વાર્ષિક વિષયાનુક્રમણિકા

૧. પદ્ય વિભાગ

નંબર	વિષય	લેખક	પૃષ્ઠ
૧.	શ્રી પાર્શ્વનાથ સ્તુતિ	(મુનિરાજશ્રી પૂર્ણાનંદવિજય)	૧
૨.	ગુરુ સ્મરણ	(ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા)	૧
૩.	ઉવસગ્ગહરં સ્તોત્ર : અનુવાદ	(હીરાચંદ ઝવેરચંદ શાહ)	૧૮
૪.	શ્રી પદ્મનાથ સ્તુતિ	(મુનિરાજશ્રી પૂર્ણાનંદવિજયજી)	૨૧
૫.	સેવાધર્મ	(ગોવીંદલાલ ક. પરીખ)	૨૨
૬.	સંતિકરં સ્તોત્ર : અનુવાદ	(હીરાચંદ ઝવેરચંદ શાહ)	૩૯, ૫૯
૭.	શ્રી મહાવીરસ્વામીનું સ્તવન	(મુનિશ્રી લક્ષ્મીસાગરજી)	૪૧
૮.	જ્ઞાનગીતા શતક	(અમરચંદ મોવજી શાહ)	૫૫,૯૯,૧૨૬,૧૪૨,૧૭૮,૧૯૧
૯.	નૂતન વર્ષાભિનંદન	(મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી)	૬૧
૧૦.	શ્રાદ્ધ ભાવના	(મુનિરાજશ્રી પૂર્ણાનંદવિજયજી)	૬૨, ૧૦૭
૧૧.	વર્ષાભિનંદન સ્તુતિ	(મુનિશ્રી વિનયવિજયજી)	૮૧
૧૨.	શ્રી પદ્મપ્રભુ સ્તવન	(મુનિશ્રી હેમેન્દ્રસાગરજી)	૮૨
૧૩.	સામાન્ય જિન સ્તવન	(મુનિશ્રી દક્ષવિજયજી)	૧૦૮
૧૪.	શ્રી નેમિજિન સ્તવન	(મુનિશ્રી જયાનંદવિજયજી)	૧૦૮
૧૫.	શ્રી ધર્મનાથ સ્તવન	(મુનિરાજશ્રી હેમેન્દ્રસાગરજી)	૧૨૭
૧૬.	શ્રી મહાવીર જીવનપ્રસંગ	(,,)	૧૨૮
૧૭.	વીર-વન્દના	(મુનિરાજ પૂર્ણાનંદવિજય)	૧૪૭
૧૮.	શ્રી મહાવીર જન્મ કલ્યાણક સ્તવન	(મુનિરાજ દક્ષવિજયજી)	૧૪૮
૧૯.	શ્રી મહાવીર જન્મ જયંતિ	(,,)	૧૪૮
૨૦.	શ્રી મહાવીર જિન સ્તવન	(,,)	૧૬૭

નંબર	વિષય	લેખક	પૃષ્ઠ
૨૧.	મંદિરિયે ચાલો જિણંદના	(મુનિશ્રી યશોભદ્રવિજયજી)	૧૬૮
૨૨.	મનોવેગ	(ગોવીંદલાલ ક. પરીખ)	૧૬૮
૨૩.	અધ્યાત્મ એકત્વ ગીત	(મુનિરાજશ્રી દક્ષવિજયજી)	૧૮૭
૨૪.	શ્રી વર્દ્ધમાન જિન સ્તવન	(મુનિરાજશ્રી ધુરંધરવિજયજી)	૨૦૭
૨૫.	શ્રી ભાગવંતી દીક્ષા	(મુનિરાજશ્રી દક્ષવિજયજી)	૨૦૮
૨૬.	શ્રી શત્રુંજય સ્તવન	(મુનિશ્રી લક્ષ્મીસાગરજી)	૨૨૫
૨૭.	મનુષ્યભવ સફળ કરી લ્યો	,,	૨૨૫

૨. ગદ્ય વિભાગ

૧.	નૂતન વર્ષનું મંગળમય વિધાન	(શ્રી ફતેહચંદ ઝવેરભાઇ શાહ)	૨
૨.	વિચારશ્રેણી	(આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી)	૮, ૧૫૪, ૨૧૧
૩.	ધર્મ કૌશલ્ય : ૪ (૧–૪)	(મૌક્તિક)	૧૧
	,, ૪ (૫–૮)	,,	૫૦
	,, ૪ (૯–૧૨)	,,	૬૭
	,, ૪ (૧૩–૧૬)	,,	૮૭
	,, ૪ (૧૭–૨૦)	,,	૧૧૮
	,, ૪ (૨૧–૨૪)	,,	૧૫૯
	,, ૪ (૨૫–૨૮)	,,	૧૭૯
	,, ૪ (૨૯–૩૨)	,,	૧૯૩
	,, ૪ (૩૩–૩૬)	,,	૨૧૫
૪.	સેવાનું સ્વરૂપ અને મહત્વ	(અનુ૦ અભ્યાસી)	૧૫
૫.	સાપેક્ષ નિરપેક્ષ દૃષ્ટિ	(સં. પા. મુનિશ્રી પુણ્યવિજયજી)	૧૭
૬.	યુગપ્રધાન શ્રી વિજયાનંદસૂરીશ્વરજી	(મુનિશ્રી લક્ષ્મીસાગરજી)	૧૯
૭.	ભયની સીમા	(આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી)	૨૩
૮.	પરિગ્રહમીમાંસા	(મુનિરાજશ્રી ધુરન્ધરવિજયજી)	૨૭, ૫૭, ૯૫
૯.	તત્ત્વસાર	(સં. પા. મુનિશ્રી પુણ્યવિજયજી)	૩૦, ૫૪, ૭૧
૧૦.	સુક્તમુક્તાવલિ	(મુનિશ્રી લક્ષ્મીસાગરજી)	૩૧
૧૧.	શ્રી હેમચંદ્રાચાર્યની જીવન–ઝરમર	(મુનિરાજશ્રી ન્યાયવિજયજી)	૩૩, ૪૭, ૭૨, ૯૧, ૧૧૬
૧૨.	શોક–મોહની નિવૃત્તિનો ઉપાય	(અનુ૦. અભ્યાસી)	૩૫
૧૩.	નિમિત્તદ્વારા જ્ઞાનપ્રાપ્તિ	(ચોકસી)	૩૭
૧૪.	મરતાં શીખો	(આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી)	૪૨
૧૫.	વિષયસુખ ઘણું જ મોંઘું છે.	(,,)	૬૩
૧૬.	પ્રત્યેક બુદ્ધ	(ચોકસી)	૭૫, ૧૨૨, ૧૪૩, ૧૬૫
૧૭.	શ્રીમાન યશોવિજયજી	(ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા)	૭૭, ૯૭, ૧૮૩, ૨૨૦
૧૮.	સાચી ઓળખાણ	(આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી)	૮૩

નંબર	વિષય	લેખક	પૃષ્ઠ
૧૯.	સોનેરી વચનામૃતો	(મુનિશ્રી લક્ષ્મીસાગરજી)	૧૦૦
૨૦.	શ્રમણોપાસક ધર્મ ભાવના	(આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી)	૧૦૯
૨૧.	ન્યાયરત્નાવલિ	(મુનિરાજશ્રી ધુરંધરવિજયજી)	૧૧૩, ૨૧૨
૨૨.	શ્રી વિજયાનંદસૂરીશ્વરજી પ્રતિ ગુરુભક્તોનું કર્તવ્ય	(મુનિરાજશ્રી સમુદ્રવિજયજી)	૧૨૪
૨૩.	પ. પૂ. શ્રી સિદ્ધસેન દિવાકરજીના ઉપલબ્ધ ગ્રંથોનો ટૂંક પરિચય	(આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી)	૧૨૯, ૧૪૯, ૬૧૯, ૧૮૮, ૨૦૯
૨૪.	આત્મ સન્માન	(આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી)	૧૩૨
૨૫.	દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અનુભાગાદિની આત્મા પર થતી અસર	(સં. પા. મુનિશ્રી પુણ્યવિજયજી)	૧૩૬
૨૬.	શ્રી સીમંધરસ્વામીને વિનતિ	(મુનિરાજશ્રી ધુરંધરવિજયજી)	૧૩૮
૨૭.	સદ્વિચાર રત્ન		૧૪૬
૨૮.	માનવભૂમિનાં પાંચ કલ્પવૃક્ષો	(પંડિત લાલન)	૧૫૮
૨૯.	યોગમીમાંસા	(સં. પા. મુનિ પુણ્યવિજયજી)	૧૬૩, ૧૯૨, ૨૧૯
૩૦.	વ્યાપ્તિમીમાંસા	(આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી)	૧૭૧
૩૧.	યાત્રાના નવાણું દિવસ	(ચોકસી)	૧૯૭
૩૨.	શ્રી હેમચંદ્રાચાર્યે કુમારપાળને કરેલો પ્રતિબોધ	(મુનિશ્રી લક્ષ્મીસાગરજી)	૨૦૦
૩૩.	સાક્ષરવર્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજે સર્વધર્મપરિષદમાં આપેલ વ્યાખ્યાન		૨૦૧
૩૪.	પ્રગતિના પંથે		૨૦૨
૩૫.	શ્રી આનંદઘનજીકૃત મહાવીર સ્તવન	(પંડિત લાલન)	૨૦૩
૩૬.	શ્રી મહાવીર જિન સ્તવન-સાર્થ		૨૨૩

પ્રકીર્ણ

સ્વીકાર અને સમાલોચના ૨૦, ૧૦૪, ૧૪૫, ૧૮૬,
વર્તમાન સમાચાર ૪૦, ૫૬, ૮૦, ૧૦૩, ૧૨૬, ૧૪૫, ૧૯૫, ૧૯૯, ૨૦૫ ૨૨૬,
આત્માનંદ સભાનો ૫૦ મા વર્ષનો રિપોર્ટ પુ. ૧૦૬ પછી
જૈન સમાજને વિનંતિ ૨૨૩
એક સુધારો ૨૨૬